|| શ્રીકૃષ્ણાય નમઃ ||
|| શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

# પ્રાક્કથન

**નૌમિ શ્રીવલ્લભમહં તત્ત્વતસ્ત્રિતયાત્મકમ્ ।**
**નામતોષ્ટાધિકશતસ્વરૂપં રૂપતોષ્ટધા ॥**
**ગુણતઃ સપ્તધા ચૈવં સ્વાત્મજસ્તુતમેવ તમ્ ।**
**પુષ્ટિભક્ત્યબ્જમાર્તંડ કૃષ્ણાનુગ્રહવિગ્રહમ્ ॥**
**સ્તાવકાવાત્મજૌ સર્વાન્ વ્યાખ્યાકારાંશ્ચ ભૂરિશઃ ।**
**કૃપયાધિગતાસ્માભિઃ યેષાં સ્તોત્રચતુષ્ટયી ॥**
**બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।**
**ધ્યાનાસમર્થજીવાનામ્ અસ્માકં સર્વદા સ્વતઃ ॥**

## (૧) ઉપક્રમ :

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણની તત્ત્વતઃ નામતઃ રૂપતઃ અને ગુણતઃ આમ ચાર પ્રકારની સ્તુતિઓ વિવિધ વ્યાખ્યાઓની સાથે અહીં એકકલેવરમાં પ્રકાશિત થઇ રહી છે. આ ખરેખર ઘણા લાંબા સમયથી અન્તઃકરણમાં ચાલી રહેલા મનોરથની કેવલ ભગવત્કૃપાવશ જ થઇ રહેલી સમ્પૂર્તિ છે!

આમાં પ્રથમ સ્તોત્ર એકપદ્યાત્મક છે. એ મહાપ્રભુજીના જયેષ્ઠ આત્મજ ગોસ્વામી શ્રીગોપીનાથપ્રભુચરણની કૃતિ છે અથવા દ્વિતીય આત્મજ ગોસ્વામી શ્રીવિઠ્ઠનાથપ્રભુચરણની આ નિશ્ચિત કરવું અઘરૂં કાર્ય છે. કેમ કે પ્રસ્તુત એકપદ્યાત્મકસ્તુતિના એક વ્યાખ્યાકાર શ્રીગોકુલોત્સવજી (વલ્લભવંશવૃક્ષઃ તૃતીય/૨-સુરત, જન્મ વિ.સં.૧૮૧૬) આ વિષયમાં **''શ્રીમત્પ્રભુચરણાઃ સ્વીયાનાં શ્રીમદાચાર્યસ્વરૂપધ્યાનમ્ ઉપદિશન્તઃ''** માત્ર આટલું જ વિધાન કરે છે. હવે સમ્પ્રદાયમાં 'પ્રભુચરણ' પદનો પ્રયોગ મોટાભાગે લઘુભ્રાતા શ્રીવિઠ્ઠનાથજીના વિષે અધિક પ્રચલિત છે. જ્યારે કે બીજા શ્રીયોગીગોપેશ્વરજી આને ગો.શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણકૃત માને છે. તો

પણ આનુમાનિક નિર્ણય માટે આગળ વધતાં કેટલાક તથ્ય ઉલ્લેખનીય બની જાય છે : સૌ પ્રથમ તો એ કે આ એકપદ્યાત્મક સ્તુતિના ઉપસંહારમાં કર્તાના ઉલ્લેખવાળી કોઇ 'ઇતિશ્રી' ઉપલબ્ધ નથી થતી તેથી શ્લોકકર્તાએ સ્વયં એકશ્લોકમાત્રતયા લખેલ ન હોવું જોઇએ અને બીજું આ જ ગોકુલોત્સવજીની જ એક અન્ય રચના 'શ્રીવલ્લભ (ત્રયસ્ત્રિંશદુત્તર-ત્રિશત) નામાવલી'માં શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણવિરચિત અનેક ગ્રંથોના નામ જે ઉપલબ્ધ થાય છે તેમાં 'સૌન્દર્ય' પદનું નામ મળતું નથી. તેથી આ પદ્યની વ્યાખ્યામાં જે આને પ્રભુચરણવિરચિત માનેલ છે, તેના આ તથ્યને જોડીને જોવાથી આને જ્યેષ્ઠાભ્રાતાની રચના માનવી વધારે સંભવિત લાગે છે.

એક અન્ય સાક્ષ્ય પણ આ વિષયમાં પ્રાપ્ત થાય છે. સુસંશોધિત પુષ્ટિમાર્ગીય સાહિત્ય પ્રકાશનના પથપ્રદર્શક શ્રીમૂલચન્દ્ર તેલીવાલાએ વેદાન્તભટ્ટાચાર્ય શ્રીમાન્ ગોવર્ધનલાલભટ્ટ (ગટ્ટુલાલાજી)ના ગ્રંથાગારમાં સંગૃહિત હસ્તલિખિત પ્રતિના આધાર ઉપર વિ.સં. ૧૯૭૨માં 'પુષ્ટિભક્તિસુધા' નામની માસિકપત્રિકાના અંક ૭-૮માં ''શ્રીમદ્ ગોપીનાથાનાં પદ્યાનિ'' શીર્ષકની સાથે કેટલાક પદ્ય પ્રકાશિત કર્યા હતા. તેમાં પણ આ 'સૌન્દર્ય..' પદ્ય તેમાં પાંચમાશ્લોકરૂપે સંકલિત દ્રષ્ટિગોચર થાય છે. તેથી આને શ્રીગોપીનાથપ્રભુચરણની રચના માનવી જ ઉચિત લાગે છે. હવે આ જો કદાચ સાચું હોય તો સંપ્રદાયમાં એક પ્રચલિત મૂઢ આગ્રહ કે પોતાના પિતૃચરણ મહાપ્રભુજીની જેમ શ્રીગોપીનાથજી શાસ્ત્રીય મયાર્દાઓના અનુરૂપ પુષ્ટિભક્તિનું સ્વરૂપ 'સાધનદીપિકા'માં પ્રતિપાદિત કરવા માગતા હતા પરંતુ શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણોએ શ્રીદામોદરદાસ વગેરે વૈષ્ણવોના તથા શ્રીચૈતન્યમહાપ્રભુના પ્રભાવવશ જ શાસ્ત્રમર્યાદાતિત ભાવ ભાવનાઓને વલ્લભસંપ્રદાયમાં મહત્વ આપ્યું, આ ધારણા ધ્વસ્ત થઇ જાય છે! કેમ કે પ્રસ્તુત 'સૌન્દર્ય..' પદ્ય શ્રીમદાચાર્યચરણની પુષ્ટિમાર્ગીય તાત્ત્વિક સ્વરૂપભાવનાના હેતુથી જ ઉપદિષ્ટ સ્તુતિ છે.

બાકી રહેલા ત્રણેય સ્તોત્ર મહાપ્રભુજીના દ્વિતિયાત્મજ ગોસ્વામી શ્રીવિટ્ઠનાથપ્રભુચરણની કૃતિના રૂપમાં નિર્વિવાદરૂપથી માન્ય છે. મહાપ્રભુજી અને એમના આત્મજ માં એકવદ્ભાવ પ્રતિપાદિત કરવા માટે લખેલી પૂર્વોક્ત નામાવલીમાં પણ આ સ્તોત્રોનો ઉલ્લેખ ઇંગિત થયો છે.

જેમ કે ગોસ્વામી શ્રીવિઠ્ઠનાથપ્રભુચરણના નામોમાં એક **"સ્વ[1] રૂપ[2] ગુણ[3] નામોક્તિ - સ્વીયસૌભાગ્ય વર્ધનઃ"** (શ્રીવલ્લભ. નામા. ૨૩૦) નામ આપવામાં આવેલું છે. એમાં રૂપનિરૂપણ દ્વારા શ્રીવલ્લભાષ્ટક, ગુણનિરૂપણ દ્વારા સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત; તથા નામનિરૂપણ દ્વારા સર્વોત્તમસ્તોત્ર અભિપ્રેત છે. જોકે આ વર્તમાન પ્રચલિત નામ-રૂપ-ગુણ ક્રમથી વિપરીત છે. કેમ કે વર્તમાનપ્રચલિત ક્રમ અનુસાર તો સર્વોત્તમસ્તોત્ર પ્રથમ શ્રીવલ્લભાષ્ટકસ્તોત્ર દ્વિતીય તથા સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્ર તૃતીય ક્રમમાં ઉપલબ્ધ થાય છે અને એટલા માટે અમે પણ આને આ પ્રચલિત ક્રમને અનુસાર સંયોજિત કર્યા છે.

## (૨) પ્રસ્તુત સ્તોત્રચતુષ્ટયીનું મહત્વ :

આમ તો આ ચારેય સ્તોત્ર નિજાચાર્યના તત્ત્વ નામ અને ગુણની માત્ર સ્તુતિ માટે કે કીર્તન માટે ન હોઇને મહાપ્રભુજીના ધર્મ અને દર્શન સંબંધી પણ અનેક દુરૂહ સિદ્ધાન્તોને ઇતરત્ર દુર્લભ એવી વિલક્ષણ રીતિથી પ્રકાશિત કરીએ છીએ.

જેમ કે કહેવામાં આવે છે **"આદૌ જ્ઞાનાપ્તયે પશ્ચાત્ કૃતઘ્નત્વ - નિવૃત્તયે ત્રયશ્ચૈતે સદા વન્ધાઃ ( / ધ્યેયાઃ) વેદાન્તો ગુરૂઃ ઈશ્વરઃ"**, તદ્નુસાર જો 'સૌન્દર્યપદ્ય'ને પુષ્ટિમાર્ગીય આચાર્યધ્યાનાર્થ 'ૐ' કારોપમ માનીને ચાલીએ તો બાકીની સર્વોત્તમ વગેરે સ્તોત્રત્રયી પુષ્ટિમાર્ગીય ગાયત્રીની ત્રણ **'ભુઃ ભુવઃ સ્વઃ'** રૂપ વ્યાહૃતિઓના જેવી સ્તુતિઓ છે. એટલે કે સકલ નામ-રૂપ-કર્મના એકમાત્ર આધારોપાદાનભૂત બ્રહ્મતત્ત્વના સમષ્ટિરૂપનો વાચક જો આ 'ૐ' કાર રૂપ એકાક્ષર હોત તો; એજ બ્રહ્મતત્ત્વના વ્યષ્ટિકાર્યભૂત રૂપોના નામાભિધાનાર્થ ત્રણ વ્યાહૃતિઓ થાય છે. એટલા માટે **"ૐ ભૂર્ભુવસ્વઃ"** જ્યાં સુધી બોલવામાં ન આવે, ત્યાં સુધી ગાયત્રીના ઘટક **"તત્સવિતુઃ વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્"** મન્ત્રગત 'તત્' પદથી પરામૃશ્ય પૂર્વોપાત્ત કોઇપણ પદાર્થનું ભાન નથી થઇ શકતું. એજ રીતે સ્વયં 'સવિતા' પદ પણ આપણા રૂઢ અર્થમાં લોકાત્મક સૂર્યનું વાચક છે કે યૌગિક અર્થમાં સકલસૃષ્ટિની ઉત્પત્તિસ્થિતિલયસમવાયી પ્રસવિતા પરબ્રહ્મનું વાચક, એનું પણ સંદેહરહિત

ભાન થતું નથી. બ્રહ્મસુત્રના જ્યોતિશ્ચરણાધિકરણમાં, એટલા માટે, ભાષ્યકાર કહે છે **"જેમ વસ્ત્રની અંદર સોયના કારણે દોરો પણ પ્રવિષ્ટ થઇ શકે છે, તેજ રીતે ગાયત્રી દ્વારા ગાયત્રીના પ્રતિપાદ્ય તત્ત્વ બ્રહ્મની અંદર પ્રવિષ્ટ થઇ શકે છે."** (બ્રહ્મસૂ.ભા. ૧/૧/૨૪). સ્વભાવતઃ આવી સ્થિતિમાં બુદ્ધિપ્રેરક તથા વરણીય અને ધ્યાતવ્ય દેવતાના સ્વરૂપનો નિર્ણય પણ ત્યારે જ સંભવી શકે છે જ્યારે ગાયત્રી અંતર્ગત 'તત્' પદદ્વારા કયા પૂર્વોપાત્ત અર્થનો પરામર્શ થઇ રહ્યો છે, તેનું સારી રીતનું જ્ઞાન આપણને થઇ શકે. તે સ્પષ્ટ ન થવાથી તો મંત્રપ્રતિપાદ્ય અર્થનુ પણ સંદેહગ્રસ્ત થઇ જવું સ્વાભાવિક જ છે. આ જ રીતે મહાપ્રભુના ભક્ત્યાચારોપદેશાર્થ ગ્રંથોમાં મળતા નાના વાક્ય પણ-કે કેવા પુષ્ટિજીવની, કેવા પુષ્ટિપ્રભુમાં, કેવી પુષ્ટિભક્તિરૂપા ભાવના અને કર્તવ્યબુદ્ધિ હોવી જોઇએ પુષ્ટિભક્તિમયી બુદ્ધિના પ્રેરક ગાયત્રીરૂપ હોવાથી એક સૂચીની જેમ સહાયક બોધહેતુ બને છે. અન્યથા તે દુર્બોધ્ય તત્ત્વ સારી રીતે બુદ્ધિગત નથી થઇ શકતું. તેથી તેને અનુકૂલ ચિત્તશુદ્ધિ માટે આચાર્યસ્તોત્રચતુષ્ટયીના સામ્પ્રદાયિક નિત્યસ્વાધ્યાય કે જપ-પાઠના ગ્રન્થોની પહેલાં ૐ કાર + વ્યાહૃતિરૂપે પ્રારંભમાં સંયોજિત કરવાની રીતિ રહી છે. એટલા માટે જપ-પાઠનો આરંભ પણ આ જ સ્તોત્રોથી કરવાની રીતિ છે.

## (૩) મહાપ્રભુજીના ઉપદેશથી વિપરીત ભાવના રાખવી આના દુરૂપયોગરૂપ છે:

આ ગ્રંથોની આવી અસાધારણ મહત્તાની વાત કરવામાં હાલ એક મોટી બીક જે મને સતાવે છે, તે એ કે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા પ્રવર્તિત પુષ્ટિભક્તિમાર્ગના પ્રત્યે નિગૂઢ દ્વેષ રાખવાવાળા **વર્તમાન પ્રચલિત વલ્લભપંથના લોકો આવા વિધાનોના કયાંક દુરૂપયોગ ન કરવા લાગે ! આ છદ્મદ્વેષીલોકોને, શ્રુતિ આદિ શાસ્ત્ર અભિપ્રેત બ્રહ્મવાદ આશ્રિત પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની પુષ્ટિભક્તિના જે કાંઇ ઉપદેશ મહાપ્રભુજીએ આપ્યા તે માફક નથી આવતા. તેથી એને છિન્ન-ભિન્ન કરવા માટે માત્ર મહાપ્રભુજીના સ્વરૂપની ભૂંડી ભક્તિના ભાવ પ્રચારિત**

**કરીને લોકોને છેતરતા રહે છે! એટલે કે સ્વયં મહાપ્રભુજીને જ હાથો બનાવીને મહાપ્રભુ ઉપદિષ્ટ શ્રીકૃષ્ણભક્તિના વિરોધમાં સ્વયં એમનો જ પ્રયોગ કરવા લાગે છે! મહાપ્રભુજીએ ઉપદેશેલ ભગવત્સેવા વગેરે બધાનો ત્યાગ કરી માત્ર સર્વોત્તમસ્તોત્રના પાઠની મહત્તા સમજાવવા લાગે છે. આમ લોકોને છેતરે છે! તેથી સર્વોત્તમસ્તોત્રમાં ઉપદેશાયેલા ''શ્રીકૃષ્ણાસ્યઃ, અંગીકૃત્યૈવગોપીશવલ્લભીકૃતમાનવઃ, શ્રીકૃષ્ણજ્ઞાનદો, ગુરૂઃ'' જેવા મહાપ્રભુજીના સ્વરૂપ પ્રત્યે એમનો ભક્તિભાવ પ્રગટ થવાને બદલે ''પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ'' જેવા મહાપ્રભુજીના રૂપથી જ પ્રેરિત એમનો ભક્તિભાવ ઉચ્છ્રૃંખલ પ્રવાહિત થતો દ્રષ્ટિગત થાય છે!**

તેથી એમના છલપ્રપંચમાં ન ફસાઇ જવાની પૂરી સાવધાની વર્તવાની ચોકસાઇ રાખવાના અનુરોધની સાથે કહેવા માગીશ કે શ્રુતિ વગેરે શાસ્ત્રોની જેવી એકવાકયતા જે અસાધારણરૂપમાં મહાપ્રભુજીએ પ્રકટ કરી છે, તે અનુસાર એમના ઉપદેશના નિગૂઢ અભિપ્રાયોને બુદ્ધિગમ્ય બનાવવું હોય તો, આ સ્તોત્રચતુષ્ટયીનો નિત્યપાઠ અત્યંત પ્રેરકબલ સિદ્ધ થાય છે. એમાં કોઇ જાતની શંકાને અવકાશ નથી. અસ્તુ.

### (૪) 'સૌન્દર્ય...' પદ્યમાં પ્રતિપાદ્ય ઔપનિષદિક રહસ્ય છે :

ઉપનિષદોના અનુસાર બ્રહ્મને સચ્ચિદાનંદ સ્વરૂપ માનવામાં આવેલ છે. ત્યાં આ પ્રતિપાદન પણ મળે છે કે સર્વવિધ બાહ્યાનુભૂતિના અપરિહાર્ય ઘટક તેમ તેમાં જણાતાં **''નામ રૂપ અને કર્મ હોય છે... બ્રહ્મ જ આ બધા નામોનું... રૂપોનું ... કર્મોનું ભરણ કરે છે. તેથી એના ત્રણ થવાથી પણ એ આત્મા તો એક જ રહે છે. તે રીતે આ આત્મા એક હોવા છતાં પણ આ ત્રણેય રૂપોમાં પ્રકટ થાય છે.''** (બૃહ. ઉપ. ૧/૬/૩) એટલા માટે સિદ્ધ થાય છે કે અનંતવિધ નામ-રૂપ-કર્મોના દ્વૈત બ્રહ્માદ્વૈતમાં એકવદ્‌ભાવાપન્ન થઇને રહે છે અને આ જ રીતે બ્રહ્મની એકમેવાદ્વિતીયતા જ નામ-રૂપ-કર્મોના અનંતવિધ દ્વૈતમાં પોતાને જ પ્રગટ કરે છે. મૂલમાં આ બધા નામ-રૂપ-કર્મ સચ્ચિદાનંદ બ્રહ્મના લીલાવિલાસમાં આત્માનંદના ઉપભોગાર્થ પ્રકટ થયેલા હોવાથી સ્વયં આત્મના-વિભક્ત બ્રહ્મને ભોગ્યભોકતૃભાવાપન્નરૂપે પ્રકટ કરે છે :

**''એને એકલારૂપે રમણ કરવું ન ફાવ્યું.. એટલા માટે તેની અંદર પોતાનાથી અલગ બીજાની અભિલાષા પ્રકટ થઈ.. તેણે પોતે- પોતાને જ બે રૂપમાં વિભાજિત કરી લીધો. તેથી પતિ પણ અને પત્નિ પણ તે પોતે જ બની ગયો... આ જોવામાં આવતું બધું જ પહેલાં અવ્યાકૃત હતું. તેથી તેણે જ પોતાને અનેક નામો અને રૂપોમાં વ્યાકૃત કર્યો. 'તત્તદ્-નામ' અને 'તત્તદ્-રૂપ'ને ધારણ કરી તે જ અહીં વસ્તુમાત્રમાં પ્રવિષ્ટ થયો છે.''**

*(બૃહ.ઉપ.૧/૪/૨-૭)*

તેથી આનંદાત્મક નામ-રૂપ-કર્મોવાળી પરમાનંદાત્મિકા લીલામાં આનંદરૂપ બ્રહ્મ દ્વારા નિજાનંદાત્મક ભોગ જ આ સૃષ્ટિ છે.

સૃષ્ટિનાં અંતર્ગત નામ-રૂપ-કર્માત્મક ભોગ્યરૂપ જડજગત સચ્ચિદાનંદ બ્રહ્મના સદંશમાં પ્રગટ થયેલું માનેલ છે. ભોક્તૃરૂપ જીવજગત બ્રહ્મના ચિદંશમાં પ્રકટ થયેલું માનેલ છે. આ જ રીતે સર્વાન્તરાત્મા સર્વસાક્ષિરૂપ પરમાત્માના સમષ્ટિરૂપ અને અનેકાનેક વ્યષ્ટિરૂપ બ્રહ્મના આનંદાંશમાં પ્રગટ થયેલા મહાપ્રભુજીદ્વારા માનવામાં આવેલ છે :

**''તે અનંતમૂર્તિ બ્રહ્મ સ્વયં અવિભક્ત હોવા છતાં પણ સર્વભવનસામર્થ્ય અને સત્યસંકલ્પ દ્વારા વિભક્ત બની જાય છે. એટલા માટે 'બહુ સ્યાં પ્રજાયેય' શ્રુતિવચનમાં એની ઈચ્છાજ કારણરૂપે ઉપદિષ્ટ થઈ છે. સૃષ્ટિના આરંભમાં કેવલ એની ઈચ્છામાત્રથી તે બ્રહ્મની અંદર પોતાની અંશભૂત આકારરહિત ચેતના વ્યુચ્ચરિત થાય છે. જેમ અગ્નિમાંથી તણખા વ્યુચ્ચરિત થાય છે. તેવી જ રીતે સચ્ચિદાનંદ બ્રહ્મના સદંશમાંથી બધા જડપદાર્થ, ચિદંશમાંથી જીવ પદાર્થ; અને, આનંદાંશમાંથી નિજસૃષ્ટિની ભીતર નિહિત અંતરાત્મા અંતર્યામી રૂપે પ્રગટ થાય છે. આમ જડપદાર્થમાં ચિદંશ અને આનંદાંશ તિરોહિત રહે છે જીવપદાર્થમાં આનંદાંશ તિરોહિત રહે છે. અંતરાત્મારૂપી પદાર્થમાં તત્તત્ આત્મસૃષ્ટ રૂપોની**

**નિયામકતા પ્રકટ થાય છે. એટલા માટે આકારસમર્પક આનંદાંશના અન્તર્લીન થઈ જવાને કારણે સદંશ અને ચિદંશમાં પ્રગટેલી જડ-જીવાત્મિકા સૃષ્ટિ નિરાકાર બની જાય છે. આ જ હેતુને વશ એમાં અનુભૂત થતાં આકાર કાં તો કૃત્રિમ કે ઔપાધિક જ હોય છે. આમ જડ જીવ અંતરાત્માના ત્રિવિધ રૂપોમાં સૃષ્ટિ વ્યવહાર પ્રકટ થાય છે''**

*(ત.દી.નિ.૧/૨૬-૩૦)*

આમ તો વ્યાપિવૈકુંઠમાં નિત્યલીલાવિહારી આત્મરમણશીલ શ્રીકૃષ્ણના સચ્ચિદાનંદૈકરસ સ્વરૂપમાં સદંશના પ્રાધાન્યવશ સાક્ષિભાવ, આનંદાંશના પ્રાધાન્યવશ ભોગ્યભાવ અને ચિદંશના પ્રાધાન્યવશ ભોક્તૃભાવ સ્વીકારવો, વાલ્લભ સિદ્ધાન્તની સાધારણ ચૌખટમાં અત્યંત સંગત થનારી વાત લાગે છે. કેમ કે મહાપ્રભુજી આ નામ-રૂપ-ક્રિડાઓનું ત્રૈવિધ્ય સ્વીકારે છે **''નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાય અદ્ભુતકર્મણે રૂપ-નામવિભેદેન [૧]યઃ ક્રીડતિ [૨]યોજગત્ ભૂત્વાક્રીડતિ [૩]યતો જગત્ ક્રીડતિ''** *(દ્રષ્ટ:ત.દી.ની.૧-૧)* આની વિસ્તૃત વિવેચના આપણે પછી કરીશું. અસ્તુ.

સૃષ્ટિમાં પ્રકટ થવાવાળા બધા નામ-રૂપ-કર્મોના વિષયમાં, આપણને પરંતુ, આવી આનંદની કે ક્રીડાની અનુભૂતિ થતી નથી. આ સ્વયં આપણી સ્વાભાવિક અંતર્નિગૂઢ આનંદાત્મકતા ઉપર આનંદરૂપ ભગવાનની વ્યામોહાત્મિકા અવિદ્યાના ચઢેલા આવરણની પ્રબલતાના કારણથી પ્રકટ થયેલો પ્રભાવ છે. એટલા માટે જીવાત્માની ચેતનામાં પણ આનંદાંશ તિરોહિત રહે છે ; એટલે કે, ન તો સર્વાત્મના અનુભૂત થાય છે અને ન સર્વાત્મના પોતાની અર્થક્રિયાકારિતા પણ પ્રકટ કરે છે. એટલા માટે તે જીવાત્મચેતનામાં અનુભૂત થતાં જડ નામ-રૂપ-કર્મોમાં ચેતનાની અનુભૂતિ ન થવી પણ એનામાં ચિદંશનો તિરોભાવ છે. ફલતઃ જીવચેતનામાં જડપદાર્થોના નામ-રૂપ-કર્મ ભોગ્યતયા ભાસિત થાય છે.

જીવચેતના, પરંતુ આખરે કઇ વિવશતાના કારણે આત્મચેતનામાં સંતુષ્ટ ન રહીને વિષયાનુભૂતિ કે વિષયોપભોગ ને માટે ભોક્ત્રી હોવાનું રૂપ ધારણ કરે છે ? ઉપનિષદ્ આ પ્રશ્નનું સમાધાન આમ આપે છે :

''વ્યક્ત અને ક્ષયિષ્ણુ ભોગ્યરૂપ જડતત્ત્વ તથા અવ્યક્ત અને અવિનાશી ભોક્તૃરૂપ ચેતન તત્ત્વ, આમ ઉભયવિધ વિશ્વનું ભરણ તો એકાકિરૂપે પરમેશ્વર જ કરે છે. એટલા માટે પોતાના ભોક્તૃભાવને કારણે બંધનમાં ફસાઇ જનાર અવિનાશી જીવચેતના જ્યારે એ દેવને જાણી કે સમજી શકે છે ત્યારે જ બંધનમુક્ત થઇ શકે છે. આમ જ્ઞાનરહિત અને જ્ઞાનસહિત જે બે અજ છે, એમની સાથે ભોગ્ય-ભોક્તૃભાવાપાદિકા અજા જોડાયેલી રહે છે. હકીકતમાં તો વિશ્વરૂપ અનંત આત્મા પોતાનાથી બીજા કોઇ તત્ત્વના કર્તા ન હોવાના લીધે અકર્તા માનવામાં આવે છે, આમ આ ત્રણેયને જાણી લેવાથી સંપૂર્ણ રૂપે બ્રહ્મનું સ્વરૂપ સમજમાં આવી જાય છે. આમાં જે ક્ષયિષ્ણુ છે, તેને જડ પ્રકૃતિ કે પ્રધાન સમજવા જોઇએ. જે અવિનાશી છે તેને અમૃતરૂપા ચેતના સમજવી જોઇએ. આ ક્ષર અને અક્ષર બંનેથી પર તેનાઉપર એકાકિતયા પ્રશાસન કરવાવાળા સ્વયં પરમેશ્વર હોય છે તે દેવનું અભિધ્યાન કરવાથી, તે દેવની સાથે યોજીત થવાથી; તથા, તત્ત્વતઃ તદ્રુપ હોવાના કારણે પણ ફરીથી વિશ્વમાયા નિવૃત્ત થઇ જાય છે. તેથી ભોગ્ય ભોક્તા અને પ્રેરક-સાક્ષિ આ ત્રણેયને નિત્ય જ આત્મસંસ્થ જાણવા જોઇએ. આનાથી વધારે જાણવા લાયક બીજું કાંઇ હોતું નથી. આ ત્રિવિધ તત્ત્વોને જાણી લીધા પછી સંપૂર્ણ બ્રહ્મની સમજ મળી જાય છે. દુધમાં જેમ ઘી છુપાયેલું રહે છે, એવી રીતે સર્વવ્યાપી પરમાત્મા સર્વત્ર વિદ્યમાન રહે છે. આ તે આત્મવિદ્યાતપોમૂલ બ્રહ્મનું રહસ્ય છે.''

(શ્વેતા. ઉપ.૧/૬-૧૬)

આ શ્રુતિમાં સચ્ચિદાનંદ બ્રહ્મના સદંશમાંથી આધિભૌતિક જડ તત્ત્વ, ચિદંશમાંથી આધ્યાત્મિક જીવતત્ત્વ અને આનંદાંશમાંથી પ્રેરક-સાક્ષિ આધિદૈવિક અંતર્યામિતત્ત્વ ના પ્રકટ થવાની સંગતિ તો સહજ જ વિચારી

શકાય છે. સાથે સાથે, પરંતુ, આ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક રૂપોના સ્તર ઉપર પણ શું ભોગ્ય-ભોકતૃ-પ્રેરકસાક્ષિત્વરૂપ ત્રૈવિધ્ય થાય છે કે નહીં?

**(૫) ભોગ્ય ભોક્તા અને સાક્ષિના આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક ત્રણેય પ્રકાર સંભવ :**

**ક. ''ઇન્દ્રિયોનાં પોતાના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ વગેરેરૂપ અર્થોમાં રાગદ્વેષાત્મક ભોકતૃભાવ વ્યવસ્થાનુગત રહે છે.''**

**ખ. ''બાહ્ય વિષયસ્પર્શોમાં જે આસક્તિરહિત થઇ શકે છે, તે સ્વયં પોતાના આત્માની ભીતર બ્રહ્મયોગમાં યુકતાત્મા બની શકવાના કારણે અક્ષય સુખનો ઉપભોગ કરે છે.''**

**ગ. ''પોતાના મનને બહારી વિષયોમાં ભટકતું રોકીને જે તેને પોતાના વશમાં કરી શકે છે તે... બ્રહ્મના અત્યન્ત સુખરૂપ સ્પર્શનો ઉપભોગ કરી શકે છે.''**

**ઘ. ''હું બધા યજ્ઞોનો ભોક્તા છું... મને ઓળખી ન શકવાના લીધે મને અવિધિપૂર્વક ભજવાવાળા તત્ત્વથી ચ્યુત થઇ જાય છે.''**

**ઙ. ''પ્રાકૃત જડ શરીરમાં બંધાયેલો ચેતન પુરૂષરૂપ જીવાત્મા સુખદુઃખનો ભોક્તા બનીને કહેલી પ્રકૃતિથી ઉત્પન્ન થનાર ગુણોનો ભોગ કરે છે.. આ જ શરીરની અંદર, પરંતુ જીવાત્મા સિવાય પરમપુરૂષ પણ ઉપદ્રષ્ટા અનુમંતા ભર્તા ભોક્તા મહેશ્વર અને પરમાત્મા હોવાના રૂપમાં બિરાજમાન રહે છે.''**

**ચ. દેહના રૂપમાં પ્રગટ થનાર ત્રણ ગુણોથી ઉપર ઉઠવાથી દેહી જીવાત્મા જન્મ-મૃત્યુ-રોગ વગેરે દુઃખોથી વિમુક્ત થઇને અમૃતત્વનો ભોગ કરે છે.''**

*(ભગ.ગીતાઃ ક.૩/૩૪ ખ.૫/૨૧ ગ.૬/૨૬-૨૮ ઘ.૯/૨૩-૨૪ ઙ.૧૨/૨૦-૨૨ ચ.૧૪/૨૦)*

તેથી ભોગ્ય-ભોક્તૃ-પ્રેરક હોવાના ત્રિકને માત્ર આધિભૌતિકરૂપમાં પરિસીમિત માનવા ઉપપન્ન નથી થતા. સ્પષ્ટ છે કે, આધિભૌતિક ત્રિકમાં

જડ વિષય ભોગ્યભાવાપન્ન બને છે, ત્યારે સ્થૂલશરીરોપેત જીવાત્મા ભોક્તૃભાવાપન્ન બને છે ; અને તેમાં પ્રેરક બને છે પરમાત્મા. આ રીતે બાહ્ય વિષયોપભોગના હેતુભૂત પાંચભૌતિક શરીરના છૂટી જવાથી પણ સુક્ષ્મશરીર દ્વારા જીવાત્મા શરીર દ્વારા કરેલા કર્મોના ફલરૂપ સુખ-દુ:ખોનો જે ભોગ કરે છે તેને આધ્યાત્મિકભોગ માનવામાં આવે છે. અહિં ભોગ્યભાવાપન્ન બને છે ચિદંશભૂત જીવાત્માના સૂક્ષ્મ શરીરના ઘટક કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિય પ્રાણ અને અંત:કરણથી જન્ય વૃત્તિરૂપ અનુભૂતિઓ કે એતદ્ ઔપાધિક ધર્મભૂત ચેતના અને ભોક્તા બને છે ધર્મિભૂત ચિદંશભૂત સ્વયં ચેતનરૂપ જીવાત્મા, જે આમાં બંધાયેલો હોય છે. તેમ વૈષયિક સુખ-દુ:ખોપભોગ કરનાર આ દેહી જીવાત્મા સ્વયં પણ પરમાત્માની નિજાનંદરમણાત્મિકા લીલામાં ભોગ્યભાવાપન્ન બની જતો હોવાથી તેનો ભોક્તા પરમાત્મા જ માનેલ છે. આ વાત **''અત્તા ચરાચરગ્રહણાત્, પ્રકરણાત્ ચ, ગુહાં પ્રવિષ્ટૌ આત્માનૌ હિ તદ્દર્શનાત્''** *(બ્રહ્મસૂત્ર ૧/૨/૯-૧૧)* સદૃશ બ્રહ્મસૂત્રોમાં પ્રતિપાદિત થઇ છે. આ જ ચરાચરના ભોક્તારૂપી પરમાત્માના સ્વરૂપાનંદ અને / અથવા લીલાનંદ કે ભજનાનંદનો ઉપભોગ જ્યારે મુક્તાત્મા કે ભક્તાત્મા કરે છે, ત્યારે તે જ પરમાત્મા પણ ભોગ્યભાવાપન્ન બની જાય છે. આના ઉલ્લિખિત ભગવદ્ગીતાના ખ-ગ વચનો સિવાય તૈત્તિરીયોપનિષદ્ના **''બ્રહ્મવેત્તા પરમફલ ને પ્રાપ્ત કરે છે... બ્રહ્મ સત્ય જ્ઞાન અને અનંતરૂપ હોય છે. એને જે પોતાની હૃદયગુહાની ભીતર પરમવ્યોમમાં અંતર્નિહિત જાણી શકે છે, તે વિપશ્ચિદ્ બ્રહ્મની સાથે પોતાની સઘળી કામનાઓના અનુસાર ભોગ કરવા સમર્થ થઇ જાય છે''** (તૈત્તિ ઉપ.૨/૧) આ વચનમાં પણ પ્રતિપાદિત થતું આપણને મળે છે. તેથી આપણે જોઇ શકીએ છીએ કે જે આનંદમયને પરમાત્મા માનેલ છે, તે આનંદમય પરમાત્માની પ્રાપ્તિ પછી પણ તૈત્તિરીયઉપનિષદ્માં વર્ણન આવ્યું છે કે **''આ આનંદમય પરમાત્માને મેળવી લીધા પછી બધા લોકોમાં પોતાના દિવ્ય કામોનો ઉપભોગ કરતો બ્રહ્મજ્ઞાની અનુસંચરણ કરી શકે છે.''** (તૈત્તિ. ઉપ. ૩/૫) આ કામોપભોગને, તેથી, માત્ર આધિભૌતિક કે માત્ર આધ્યાત્મિક માનવો તે તો બ્રહ્મના સ્વરૂપ અને તેના સાક્ષાત્કારના દિવ્ય રહસ્યના વિશે આપણા

અપરિચયનું દ્યોતન છે.

એટલા માટે સિદ્ધ થાય છે કે ભોગ્યત્વ ભોકતૃત્વ તથા પ્રેરકત્વ/સાક્ષિત્વના આધિભૌતિક, આધ્યાત્મિક કે આધિદૈવિક ત્રણેય રૂપ હોઇ શકે છે.

**(૬) 'સૌન્દર્ય....' પદ્યમાં પ્રતિપાદ્ય રહસ્ય કહેલા ત્રિવિધ ત્રિતયાત્મક સ્વરૂપતયા ભાવનીય છે :**

તેથી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના આવા જ અધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક ભોગ્ય-ભોકતૃ-પ્રેરક/સાક્ષિરૂપોની વિવેચના 'સૌન્દર્ય..' પદ્યનો પ્રતિપાદ્ય વિષય છે.

આમાં તે પરમતત્ત્વના પરબ્રહ્મ હોવાના પાસામાં તે આધિભૌતિક ક્રીડાની અંતર્ગત પોતાના સદંશોથી આધિભૌતિક વેદ્ય-ભોગ્ય-કાર્યભૂત જડરૂપોને પ્રગટ કરે છે. ચિદંશોથી જીવોમાં આધિભૌતિક વેત્તૃ-કતૃ-ભોકતૃભૂત ચેતનારૂપોને પ્રગટ કરે છે. પરમાત્મા હોવાના પાસામાં તે પ્રેરક સાક્ષિભાવ પણ પ્રકટ કરે જ છે. દશમસ્કન્ધીય સુબોધિનીની ટિપ્પણીમાં આવે છે કે **''સ્વયં પોતાના માટે ફલભોગની અપેક્ષાથી રહિત જે બીજાને ફલભોગ સમર્પિત કરવા માટે તેના અધિકાર અનુસાર પ્રવર્તક બને છે તેને 'સાક્ષિ' કહેવો જોઈએ, જેમ પરમાત્મા''** (સુબો.ટિપ્પ.૧૦/૧૮/૧). તેથી પોતાના અવિકારી સચ્ચિદાનંદ રૂપને ખોયા વિના વિરૂદ્ધધર્માશ્રય હોવાના કારણે આનાથી વિપરીત પણ, એટલે કે અવિકૃતપરિણામી હોવાની સામર્થ્યને વશ જ, તે કર્તા-ભોક્તા તથા કાર્ય-ભોગ્ય હોવાના રૂપોને પણ ધારણ કે પ્રગટ કરે છે. ભગવાન્ હોવાના પાસામાં આ બધા જ રૂપોથી અતિત રહીને તે પોતાની પરમેશ્વરતા પણ પ્રગટ કરે છે. આમ મધ્યપાતી પરમાત્મા હોવાના પાસામાં તે પ્રેરક-સાક્ષી હોવાની પણ પોતાની લીલા પ્રગટ કરે છે. આ **''તેણે બધુ જ બનાવ્યું અને બનાવીને તે સ્વયં ત્યાં પ્રવિષ્ટ થઇ ગયો.'' - ''તે બધાની અંદર રહીને બધાનું અંતર્નિયમન કરે છે'' - અને એટલે તેનાથી લિપ્ત નથી થતો''** (તૈત્તિ.ઉપ.૨/૬, બૃહદા.ઉપ. ૩/૭/૧૫, કઠોપ.૨/૨/૧૧). આવા શ્રુતિવચનોમાં તે તે સાક્ષિભાવનું

પ્રતિપાદન સુસ્પષ્ટરૂપે ઉપલબ્ધ થાય જ છે.

તદનુસાર શ્રીમદ્ભાગવત દશમસ્કન્ધની સુબોધિનીના અઢારમાં અધ્યાયમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી ભોગ્યભાવનું સ્ત્રીભાવ ના રૂપમાં તો ભોકતૃભાવનું પુંભાવ ના રૂપમાં પ્રતિપાદન કરે છે. પૂર્વોદાહૃત શ્રુતિવચનમાં પણ આત્મવિભાજન સ્ત્રી-પુરૂષના દ્વૈતમાં પ્રતિપાદિત થયું. ત્યાં આત્મવિભાજનને માત્ર સ્ત્રી-પુરૂષના દ્વૈતમાં સીમિત ન માની શકાય. કેમ કે અનેક જીવયોનિઓ સ્ત્રીપુરૂષના ભેદ વિના પણ સૃષ્ટિમાં પ્રજોત્પાદિકા બને છે એ પ્રમાણિત છે. તેથી સ્ત્રી-પુરૂષાત્મક વિભાજનને આત્મવિભાજનની અન્યાન્ય વિધાઓનું ઉપલક્ષણ માનવું જોઇએ. આમ જડસૃષ્ટિને સ્ત્રીભાવાત્મક અને ચેતનસૃષ્ટિને પુંભાવાત્મક માનવામાં આવેલ છે. **''લોહિત શુકલ તેમજ કૃષ્ણવર્ણવાળી પોતાના સમાન ઘણી બધી પ્રજાનું સર્જન કરનારી એક અજાનો ઉપભોગ અપર અજ કરે છે. તે અતિભોગવશ વિરત થાય ત્યારે તે અજાનો ત્યાગ પણ કરી શકે છે''** (શ્વેતા.ઉપ.૪/૫).

**(૭) ભોગ્યભાવ=સ્ત્રીભાવ, ભોકતૃભાવ = પુંભાવ અને સાક્ષિભાવ = તૃતીયભાવ ત્રણેય પ્રકટ કે ગૂઢ હોઇ શકે છે :**

સુબોધિનીમાં અહીં આ પણ પ્રતિપાદન થયું છે કે, પ્રત્યેક પ્રકટ પુંભાવની અંદર એક ગૂઢસ્ત્રીભાવ નિહિત રહે છે. અને આ જ રીતે પ્રત્યેક પ્રકટ સ્ત્રીભાવની અંદર ગૂઢપુંભાવ નિહિત રહે છે. એટલા માટે આ સંદર્ભમાં મહાપ્રભુજીના આ બંને વચન :

**૧ ''શ્રીકૃષ્ણની અંદર જે સ્ત્રી(=ભોગ્ય) ભાવ નિગૂઢ રહે છે તે જ પુષ્ટિમાર્ગમાં પરમ અભિષ્ટ સ્વરૂપ 'કૃષ્ણ' પદાર્થ છે, જેનું વિવરણ કયારેક - કયાંક પ્રકટ થાય છે''** (સુબો.૧૦/૧૮/૫)

**૨ ''એ જ પરમતત્ત્વ કયારેક પોતાની અંદર રહેલ પરમસૌન્દર્યને પ્રકટ કરવાની ઇચ્છાને વશ જ્યારે સાકાર પ્રાદુર્ભૂત થાય છે ત્યારે 'શ્રીકૃષ્ણ' કહેવામાં આવે છે''** (ત.દી.નિ. ૩/૧/૧).

અહિં આપણે જોઇ શકીએ છીએ કે શ્રીકૃષ્ણના બે પ્રકારના સૌન્દર્યોમાંથી એકને સર્વગોચરરૂપે પ્રગટ અને બીજાને

અધિકારિવિશેષૈકગોચરતયા નિગૂઢ માનવામાં આવે છે. સાથે સાથે પૂર્વોદાહૃત શ્રૂતિવચનમાં જે **''તેણે પોતે પોતાને જ બે પ્રકારથી વિભાજિત કરી લીધો. તેથી પતિ પણ અને પત્નિ પણ તે પોતે જ બની ગયો''** (બૃહદા.ઉપ.૧/૪/૨-૭) આમ પતિ-પત્નિના દ્વૈવિધ્યમાં આત્મવિભાજનના નિરૂપણના કારણે શ્રીકૃષ્ણના આધિદૈવિક સૌન્દર્યને એકાન્તિકરૂપમાં માત્ર શૃંગારરસાત્મક આલમ્બનવિભાવ અથવા સ્થાયિભાવ હોવાના રૂપમાં નિહાળવાનો દૃષ્ટિકોણ તે તે રસિકભક્તોના હૃદગત ભાવોના ઉદ્ગારોના આધારે પ્રસ્તુત કરવામાં આવેલ છે. એટલા માટે ગૂઢપુંભાવ અને ગૂઢસ્ત્રીભાવને પણ કેવલ શૃંગારરસના પરિસીમિત અર્થમાં સ્વીકારવાની અને શ્રીકૃષ્ણને પણ કેવળ શૃંગારરસ નાયકના રૂપમાં પ્રસ્તુત માનવાની પરિપાટિ ચાલતી થઇ ગઇ છે.

## (૮) સ્વરૂપતઃ બ્રહ્મ સર્વરસાત્મક પરન્તુ લીલયા એક વિશેષ રસાત્મક પણ :

આ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનની શ્રીકૃષ્ણાવતારની લીલાના કાલમાં વ્રજગોપિકાઓના સંદર્ભમાં કથંચિત્ ઉચિત કે ઉપપન્ન માની શકાય છે. તો પણ આ જ કૃષ્ણના પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર ક્ષરાક્ષરાતીત પુરૂષોત્તમ ભગવાન્ હોવાના બીજા પક્ષમાં એકાન્તિક તથ્યરૂપે માન્ય નથી થતું. કેમ કે ભાષ્યકાર સુસ્પષ્ટતમ શબ્દોમાં કહે છે **''બ્રહ્મ 'રસો વૈસ' અને 'સર્વરસ' જેવા શ્રુતિવચનોના આધારે સર્વરસાત્મક નિર્ણીત થાય છે. તેથી જે રસના જેવા કે જે પણ વિભાવાનુભાવ વગેરે હોય છે, તેનાથી તે રસ સમ્પન્ન થાય છે. તેથી તાંતણાઓના આતાન - વિતાનવશ જેમ વસ્ત્ર નિષ્પન્ન થાય છે. તેમ જ બધી બાજુ કોઇ પણ રસની અપેક્ષિત બધી સામગ્રીઓ સાથે બ્રહ્મનો અભેદ સ્વીકારવો જ ઉચિત છે''** (બ્ર.સૂ.ભા. ૩/૩/૧૦) એટલા માટે શુદ્ધાદ્વૈતવાદમાં શ્રીકૃષ્ણને કેવલ શ્રૃંગારરસાત્મા નાયક સ્વીકારવાથી કાં તો શુદ્ધાદ્વૈતનું પ્રત્યાખ્યાન થઇ જશે. અન્યથા ઔપનિષદિક બ્રહ્માદ્વૈતની તુલનામાં રસશાસ્ત્રીય માનદંડોને પ્રધાન માનવાથી તો અવતારકાલીન નાયક-નાયિકારૂપ દ્વૈત પ્રગટ થઇ જવાના કારણે જ ભગવાનને શૃંગારાત્મા

માની શકાય છે. અન્યથા અનવતારકાલમાં ભક્તિમયી મનોવૃત્તિ દ્વારા ભગવાનને શૃંગારાત્મકરૂપે ભાવિત કરવા માટે રસશાસ્ત્રીય નિયમોને માન્ય રાખવાથી તો રસાભાસ જ પ્રગટ થશે. એટલા માટે પંડિત જગન્નાથકવિરાજ કહે છે :

> **''હવે પુછવામાં આવે કે આટલા જ રસ કેમ માનવામાં આવે છે? કેમ કે ભગવાનને આલંબન બનાવીને પ્રકટ થતાં રોમાંચ અશ્રુપાત વગેરે દ્વારા, અનુભાવિત હર્ષ વગેરે દ્વારા, પરિપોષિત ભાગવત વગેરે પુરાણોના શ્રવણ કરતી વખતે ભગવદ્ભક્તોને ભક્તિરસની જે અનુભૂતિ થાય છે, તેનો અસ્વિકાર કેવી રીતે શકય બની શકે ? તેથી ભગવદ્અનુરાગરૂપા ભક્તિને સ્થાયિભાવ માનવો જોઈએ... આ વ્યાજબી નથી કેમ કે ભક્તિની મનોવૃત્તિ દેવ વગેરેના વિષયમાં કેવલ ભાવના રૂપમાં પ્રગટ થતી હોવાથી રસના રૂપમાં માન્ય નથી થઈ શકતી... જો કોઈ કહે કે આમ માનવાથી તો કામિનીના વિષે રતિનો ભાવ જ કેમ નથી માની લેવામાં આવતો ? આ વિષયમાં સમાધાન આ રીતે છે કે ભરત વગેરે મુનિઓના વચનોના આધાર ઉપર જ કોને કેવલ ભાવ અને કોને સ્થાયીભાવરૂપ રસ માનવો, આ વિષયની વ્યવસ્થા સુનિર્ધારિત હોવાથી સ્વચ્છન્દકલ્પનાઓને પ્રામાણિક ન માની શકાય(ઉદા.''ઈક્+અચ્=યણ''અને ''અવર્ણ+અચ્= ગુણ'' નો નિયમ વ્યાકરણૈકવૈદ્ય હોવાથી ''ઈક્ +અચ્=ગુણ જેવી સ્વચ્છન્દ કલ્પના સ્વીકાર્ય નથી થઈ શકતી)... તેથી યથા શાસ્ત્ર વ્યવસ્થા માન્ય રાખવી જોઈએ.''**

*(રસગંગા.૧)*

એટલા માટે સિદ્ધ થાય છે કે કૃષ્ણને પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર ક્ષરાક્ષરાતીત પુરૂષોત્તમ ભગવાન્ માનવા હોય એટલે કે કેવલ શૃંગારરસનાયક લૌકિક પુરૂષ નહીં તો મૂલમાં આત્મરતિશીલ પરમાત્માની

આત્મરતિ જ શ્રીકૃષ્ણના ભક્તોની અંદર પ્રગટ થતી માનવી પડશે. કેમ કે શ્રુતિમાં કહેવાયેલું છે કે **''આ જ તો એનો પરમ આનંદ છે. આના જ આનંદની ક્ષુદ્ર માત્રાઓનું અન્ય બધી જીવભૂત ચેતના ઉપજીવન કરે છે'', ''અહિં કાંઈપણ પોતે-પોતાના પ્રિય હોવાના કારણે પ્રિય નથી લાગતું. પરંતુ તે પરમાત્માના પ્રિય હોવાના કારણે પ્રિય લાગે છે''** (બૃહ.ઉપ.૪/૩/૩૨, ૨/૪/૫). આ પારમાત્મિકી પ્રિયતા ન તો શૃંગારરસમાં પરિચ્છિન્ન સ્ત્રીપુંભાવાત્મિકા હોય છે અને ન ભજનીયની આરાધનામાં પર્યવસિત થતી ભક્ત-ભગવદરૂપા ભજનાત્મિકા પણ. આ બધાથી પર આ તો તાત્ત્વિકી પ્રિયતા છે. તેથી આ વચનોથી વિરૂદ્ધ કાંઈપણ માનવાથી તો ભક્તિના આલમ્બનવિભાવની પરબ્રહ્મતા કે પરમાત્મતા જ નિરસ્ત થઈ જશે.

## (૯) રસાત્મકતાના મૂલરૂપની વિવેચના :

તેથી ઉપનિષદ્ અને ભાગવતના અનુરૂપ ભગવાનની રસરૂપતાના મૂલભૂત પક્ષની વિવેચના મહાપ્રભુજી આવી રીતે કરે છે :

> **૧ ''તેથી સ્નેહ તો એક પદાર્થાન્તર જ છે. તે ભગવન્નિષ્ઠ એવં ભગવદ્વિષયક જ હોય છે. જેમ જ્ઞાન કે ઐશ્વર્ય ભગવાનની સાથે સંબંધ જોડાવાથી નિકટતાને લીધે બીજે પણ પ્રગટ થઈ જાય છે. ઉદાહરણરૂપમાં અગ્નિની નિકટતા ના કારણે ગરમી બીજે પણ સંક્રાન્ત થાય છે. જે જેટલો ભગવાનની વધારે નજીક હોય છે એટલો વધુ સ્નેહ એમાં પ્રગટ થવા લાગે છે.''**
>
> **૨. પ્રીતિ તો ભગવાન્‌નો એવો ધર્મ છે જેને ભગવાન બધા જીવાત્માઓની વચ્ચે એને સુખાનુભૂતિ માટે ખંડશઃ વહેંચે છે. તેથી જે જેને ચાહવા લાગે છે તેને ત્યાં સુખ મળવા લાગી જાય છે. હકીકતમાં તો નિજસુખ જ પોતાને મળતું હોય છે.''**

*(સુબો. ૧/૧૯/૧૬, ૨/૨/૭)*

સ્પષ્ટ છે કે અહીં સ્નેહ યા પ્રીતિને પ્રકટ થવાની પ્રક્રિયા રસશાસ્ત્રીય ન હોઇને વેદાન્તશાસ્ત્રીય અથવા ભાગવતશાસ્ત્રીય જ છે.

એટલા માટે મહાપ્રભુજી આ પણ કહે છે કે **''ભગવાન્ જ્યારે સ્વયં જગતમાં ભોક્તા બનીને જગતને ભોગ્યભાવાપન્ન કરવા ઇચ્છે ત્યારે બધું જ લક્ષ્મીરૂપ બની જાય છે. જ્યારે ભગવાન પ્રગટ થવા ઇચ્છે છે, ત્યારે અનંત શક્તિઓની વચ્ચે સૌપહેલાં શ્રીરૂપા શક્તિ જે પહેલાં બળની માફક ભગવાનની અંદર અવસ્થિત રહે છે, તે જ ભગવાનની ભોગ્ય ભાર્યા યા પ્રિયા બનીને પ્રગટ થઇ જાય છે. તે સ્વયં પોતાનામાં સચ્ચિદ્રૂપા હોવા છતાં પણ એનો વિગ્રહ અક્ષરબ્રહ્માનંદરૂપ થાય છે. ભગવદાવતારના વખતે બધા (આવા ગુપ્તાનંદ) ભગવદ્ભોગ્ય યા તો લક્ષ્મીરૂપ થાય યા એમના આવેશવાળા''** *(સુબો. ૨/૯/૧૩-૧૪)*

## (૧૦) ભક્તિ પણ સ્વતન્ત્ર રસ છે :

એટલા માટે આ બધા રહસ્યોને ધ્યાનમાં રાખીને અવતાર વાદાવલીકાર શ્રીપુરૂષોત્તમજી પણ કહે છે :

> **''શૃંગારના સ્થાયીભાવરૂપે અભિમત રતિ પણ સ્નેહનો જ એક પ્રકારવિશેષ હોય છે. તેથી 'શૃંગારાત્મિકા રતિ જ રસરૂપા હોય છે પરંતુ કેવલ સ્નેહ નહીં' એમાં કોઇ જાતની વિનિગમના ન હોવાના કારણે બંનેને અલગ-અલગ રસ માનવા જોઇએ. તેથી નાયિકાની નાયકના વિષે અને નાયકની નાયિકા વિષે રતિ જેમ (ભરત વગેરે મુનિઓના વચનના પ્રામાણ્યના અનુરોધવશ) શૃંગારરૂપા માનવામાં આવે છે, તેવી જ રીતે માતા વગેરેનો પુત્ર વગેરેના વિષે અને પુત્ર વગેરેનો માતા વગેરેના વિષે સ્નેહ વાત્સલ્યરસાત્મક (વિભાવાનુભાવ સંચારી-ભાવોથી નિષ્પન્ન સ્થાયિભાવના પ્રકટ હોવાની પ્રક્રિયામાં અહિં પણ ઉપપન્ન થઇ જવાના કારણે) રસ કેમ ન માની શકાય? આ જ રીતે ભગવદ્વિષયિકા નિરૂપાધિકા રતિને પણ ભલે તે**

**સંયોગાત્મિકા હોય કે વિપ્રયોગાત્મિકા અલૌકિક હોવાને કારણે મુખ્ય રસ (આત્મ-પરમાત્મરતિરૂપા ભક્તિ)ના રૂપમાં સ્વીકારવી જોઈએ, ''રસો વૈ સઃ''** (તૈત્તિ.ઉપ.૨/૭)

આ શ્રુતિના આધારે ભગવાનને રસરૂપ માનવામાં આવેલા હોવાથી. અહીં આ ઉલ્લેખનીય છે કે મૂલતઃ તો લૌકિક રતિ જ ઉપાધિજન્ય હોવાના કારણે સ્વયં રત્યાભાશરૂપ હોય છે''

*(અવ.વાદા. ભક્તિરસ.વા.)*

**(૧૧) શ્રીકૃષ્ણાવતાર વખતે ભગવત્સ્વરૂપ સર્વરસાત્મક જ પ્રગટ થયું :**

શ્રીપુરૂષોત્તમજીનું આ પ્રતિપાદન મહાપ્રભુજીના **''મલ્લાનામ્ અશનિઃ...''** (ભાગ.પુરા.૧૦/૪૦/૧૭)ના સુબોધિનીગત્ **''ભગવાને એવી રીતે રંગમંચ ઉપર પ્રવેશ કર્યો કે બધાને પોત-પોતાના અધિકારોના અનુસાર હૃદયગત રસભાવ પરિપુષ્ટ થઈ ગયા. જોકે શાન્તરસને વિશેષરૂપે અભિનેય નથી માનેલો તો પણ નાટયશાસ્ત્રમાં રસોની સંખ્યાને કોઈ વિશેષ અભિપ્રાયવશ આઠ માં પરિસીમિત રાખેલા છે. અન્યથા ભક્તિરસનો પણ અભિનય રસદ્રષ્ટિમાં અતિ નિપુર્ણોદ્વારા તો શક્ય થાય જ છે''** (સુબો. ૧૦/૪૦/૧૭), આ વચનને સુસંગત લાગે જ છે. એટલા માટે પંડિતરાજની અનુપપત્તિનું પણ સમાધાન અહિં આ રીતે મળી જાય છે કે જ્યાં સાંસારિક રસોનો અભિનય કરવો ઉપયુક્ત હોય ત્યાં ભરત વગેરે મુનિઓ દ્વારા નિર્ધારિત રસોની આઠ સંખ્યાનો કોઈ નાટયશાસ્ત્ર ઔચિત્ય થતો હશે પરંતુ અસાંસારિક દિવ્ય ભગવત્સ્વરૂપનું શ્રવણ-કીર્તન-અભિનય કે ભાવન કરવું હોય તો ઉપનિષદ્ તેમજ ભાગવતપુરાણના આધારે રસોને આઠ સંખ્યામાં પરિસીમિત ન માની શકાય.

એટલા માટે, વિભાવાનુભાવ આદિના ભેદોના અપ્રાસંગિક હોવાના લીધે, પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણના સજાતીય-વિજાતીય-સ્વગતભેદવર્જિત સ્વરૂપને કેવલ શૃંગારરસાત્મક પણ નહીં માની શકાય.

**(૧૨) બ્રહ્મસ્વરૂપ સર્વાત્મક પરંતુ શ્રીકૃષ્ણ સર્વરસાત્મક :**

આ બધા વિભાવ-અનુભાવ વગેરે સદૃશભેદ તો આત્મના આત્માની

ભીતર આત્મરૂપ કરવામાં આવેલા ઐચ્છિક ભેદને લીધે લીલામાં જ પ્રસક્ત બની શકે છે. જો ઉપપત્તિકલ્પ ના સમાશ્રયણ દ્વારા વ્યાપિવૈકુંઠમાં નિત્યલીલાના સંદર્ભમાં આને પ્રસક્ત માનવા હોય ત્યારે પણ રસશાસ્ત્રીય મર્યાદાઓથી બહાર જઇને જ એનું ઉપપાદન શક્ય બની શક્શે, કેમ કે લોકમાં પણ બાહ્ય આલંબનવિભાવ તથા આભ્યન્તર સ્થાયીભાવ, એટલે કે પ્રિય અને પ્રેમ,ની વચ્ચે અભેદ સંભવ નથી જ્યારે કે બ્રહ્મના આભ્યન્તર રસાત્મક હોવાથી પણ બાહ્ય આલંબનવિભાવાત્મક સ્વરૂપની સાથે આત્યન્તિક ભેદ શક્ય નથી હોતો. તેથી રસશાસ્ત્રીય મર્યાદાઓના આત્યન્તિક અનુરોધ કે પ્રામાણ્યની સાથે બંધાવાથી તો બ્રહ્મમાં નાટયશાસ્ત્રીય રસાત્મકતા જ અકલ્પનીય બની જાય છે. એટલે કે શ્રીકૃષ્ણના પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ હોવાના ઔપનિષદિક કે ભાગવતીય પક્ષના અનુરોધવશ જ એમનું સ્વરૂપ રસાત્મક માની શકાય છે, પરંતુ લીલામાં ઐચ્છિક ભેદના પ્રાકટ્યવશ રસાત્મકતા જરૂર ઉપપન્ન થઇ શકે છે. આના સીવાય બ્રહ્મસૂત્રભાષ્યગત બ્રહ્મના સર્વરસાત્મક હોવાના પ્રતિપાદનના જાગરૂક રહેવાના કારણથી પણ આ જ ઉચિત લાગે છે.

### (૧૩) લીલાર્થ શ્રીકૃષ્ણ શૃંગારૈકરસાત્મા હોઇ શકે છે તો પણ સર્વાત્મભાવપૂર્વક ભજનાર્થ તો ભક્તિરસાત્મા જ :

સર્વાધિક મહત્વપૂર્ણ રહસ્ય આ વિષયમાં આ એક વધારે મનનીય છે કે એકત્ર જ નહીં, નિરપવાદરૂપેણ સર્વત્ર, મહાપ્રભુજીએ ભગવાનની પરમ અનુભૂતિ સર્વભાવૈકગમ્ય સ્વીકારી છે. એટલા માટે આપ કહે છે કે **''વ્રજાધિપમાં સર્વભાવ રાખીને સર્વદા ભજન કરવું જોઇએ''** – **''દેહથી પ્રારંભ કરીને ઇશ્વર પર્યંત જે-કોઇ ભાવને અનુસાર જેટલા પણ ભજનીય હોય છે, તે બધા ભાવ ભગવાનમાં જ પર્યવસિત (નિશ્ચિત) કરીને ભગવદ્ભજન કરવું જોઇએ. આ બધા ભાવોને પણ ભક્તિભાવ રાખીને જ ભજનૌપયિક બનાવવા જોઇએ''** *(ચતુ.શ્લો.૧-સુબો.૩/૩૨/૨૨)*. આવી સ્થિતિમાં ભગવાનનું ભજન કેવલ શૃંગારરસાત્મક ભક્તિભાવના રૂપમાં અધિકારીવિશેષને માટે જ અનુમોદનીય સિદ્ધ થાય છે. તો પણ ભક્તિરસાત્મક શૃંગારભાવ કે કેવલ શૃંગારરસાત્મક ભાવ ના રૂપમાં

ભગવદ્‌ભજન અનવતારકાલમાં કે પ્રમેયબલથી સ્વતો-અપ્રાકટ્યકાલમાં અનુમોદનીય નથી રહી જતું. એટલા માટે મહાપ્રભુજી આપ કહે છે **''જ્ઞાનપ્રતિપાદક અને ભક્તિપ્રતિપાદક બંને પ્રકારના શાસ્ત્રોમાં ભગવાનને જ્ઞાન કે ભક્તિરૂપી સાધનથી પ્રાપ્ય માનેલા છે. આ સાધનોની જેમ જ, પરંતુ, સ્વયં ભગવાનનું સ્વરૂપ પણ સ્વપ્રાપ્તિ માં લીલાર્થ સ્વતઃસાધન બની શકે છે. કેમ કે જ્ઞાન કે ભક્તિરૂપી સાધનોની ભગવદ્ આવિર્ભાવ માટે જ ઉપયોગિતા હોય છે. તેથી ભગવાનના સ્વતઃ આવિર્ભૂત થવાથી તો આ બંને સાધન અકિંચિત્કર (નકામા) બની જાય છે. અન્યથા નહીં. વરસાદના સમયમાં જલ બધી જગ્યાએ સુલભ થઇ જાય છે એટલા માટે નદી-કુવા-તળાવ વગેરેને સર્વથા નિરૂપયોગી નથી માની શકાતા''** (સુબો. ૧૦/૨૬/૧૩) એટલા માટે અનવતારકાલમાં મહાપ્રભુજીને ભક્તિનું જે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહાત્મક સ્વરૂપ માન્ય છે, તે તો પારમાત્મિકી આત્મરતિ વિના સર્વથા અશક્ય જ છે. જીવાત્માની ભીતર તત્ત્વતઃ સહજસિદ્ધ જ પરમાત્મરતિ માહાત્મ્યજ્ઞાનથી સંવલિત (મિશ્રિત) કે અનાવૃત (માત્ર સુદ્રઢ સર્વતોધિક સ્નેહરૂપે) થઇને પ્રકટ થવાથી ભક્તિરસરૂપા બની જાય છે. એટલા માટે મૂલમાં તો ભજનીય ભગવાનની શૃંગારરસાત્મક્તા પણ ભક્તિભાવ ના સંચારિભાવ ના વિષયતયા જ અનુમોદનિય થઇ શકશે. એટલા માટે શૃંગારરસાત્મક સ્થાયિભાવ ના સંચારિભાવતયા ભક્તિભાવ પુષ્ટિભક્તિમાર્ગમાં અનુમોદનીય નથી માની શકાતો. ભક્તિના સ્થાયી ભાવ ના અંતર્ગત એટલે કે સંચારિભાવરૂપે શૃંગારાત્મિકારતિ પણ, વિરોધાભાસ ન થવાને કારણે અનુમોદનીય બની જાય છે.

### (૧૪) સર્વરસાત્મા શ્રીકૃષ્ણના ગૂઢ ભાવાત્મક શ્રીવલ્લભ પણ આચાર્યરૂપે પ્રકટ થવાથી ભક્તિરસાત્મા છે :

તેથી સિદ્ધ થાય છે કે પ્રસ્તુત 'સૌન્દર્ય...' પદ્યમાં પણ મૂલભૂત ભગવત્સ્વરૂપનું પરમ સૌન્દર્ય અને એ સૌન્દર્યના વિષયમાં પ્રકટ થતી મૂલભૂત રતિ પણ કેવલ શૃંગારરસાત્મિકા માની નથી શકાતી. કેમ કે મૂલભૂત હોવાથી તો સર્વરસાત્મિકા માનવી જ ઉપપન્ન (યોગ્ય) છે.

આચાર્યચરણના અનુસાર ભગવાનના અક્ષરબ્રહ્માનન્દાત્મક ભાર્યોપમ વિવિધભાવવાળા અક્ષરાંશરૂપ ભક્તોના વિવિધ ભાવો અને તે ભાવોના અંતર્ગત અનુભૂત થતી સંયોગ - વિપ્રયોગાત્મિકા રતિનો પણ એટલા માટે કેવલ શૃંગારરસમાં અન્તર્ભાવ માની ન શકાય. કેમ કે આવી રતિનું સર્વાત્મભાવમાં ઉદાત્તીકરણ જ આચાર્યચરણને વધારે અભિપ્રેત પ્રક્રિયા લાગે છે. કેમ કે શ્રીમદ્આચાર્યચરણ કહે છે **''ભેદને પારમાર્થિક નિરૂપિત કરવાવાળા શાસ્ત્રને મુખ્ય માનીને તમો-રજસ્-સત્વગુણોંના પ્રભેદથી અલગ-અલગ ત્રણ જાતના ભક્તિમાર્ગ; અને અમે જેનું પ્રતિપાદન કરવા માગીએ છીએ, એવો નિર્ગુણભક્તિમાર્ગ આમ કુલ મળીને ચાર પ્રકારના ભક્તિમાર્ગોનું ભગવાને સ્વયં પ્રતિપાદન કર્યું છે''** (સુબો. ૩/૩૨/૩૭). એટલા માટે કોઇ આધિદૈવિક શૃંગારરસાત્મિકા રતિના સ્થાયીભાવ ના સંચારિભાવતયા ભક્તિનું પ્રતિપાદન અવતારલીલામાં માન્ય હોવા છતાં પુષ્ટિભક્તિમાર્ગીય આરાધના પ્રણાલીમાં મહાપ્રભુજીના મતથી વિપરીત કથા છે. એટલા માટે પ્રસ્તુત પદ્યની વ્યાખ્યામાં જે આવી શૃંગારરસાત્મિકા રતિના પ્રકટ અને ગૂઢપુંભાવોની વિવેચના મળે છે તેને દશમસ્કન્ધીયલીલાના સંદર્ભમાં જ ભાવનીય સમજવી જોઇએ. અનુસરણીય પુષ્ટિભક્તિમાર્ગીય ભજનના પ્રકાર રૂપે નહીં.

અહીં અવધેય (લક્ષ આપવા યોગ્ય) છે કે જગત અને જગદીશની વચ્ચે ભેદમૂલક સગુણભક્તિભાવને બદલે અભેદમૂલક નિર્ગુણભક્તિભાવ જ નિરૂપાધિક સર્વાત્મભાવમાં સ્વાભાવિકરૂપે વિકસિત થઇ શકે છે. અન્યથા લૌકિક નાયિકાના વિષયમાં લૌકિક નાયકના શૃંગારાત્મક **''સા સા સા સા જગતિ સકલે કોઽયમ્ અદ્વૈતવાદઃ''** (અમરૂ, શત.૧૦૨) સદૃશ સર્વાત્મભાવથી અલૌકિક શૃંગારરસનાયક ભગવાન્ અને એમના પ્રત્યે પ્રગટ થનાર સર્વાત્મભાવનો શુદ્ધાદ્વૈતવાદમાં કોઇ તુલનાત્મક ઉત્કર્ષ સિદ્ધ નહીં થઇ શકે. તત્ત્વતઃ એકમેવાદ્વિતીય બ્રહ્મ જ અનેક નામ-રૂપ-કર્માત્મના ક્રીડા કરી રહ્યો છે, આવું સ્વિકારી લીધા પછી ભાવતઃ તેનું કેવલ કોઇ એક જ રૂપમાં વિભાવન અથવા કેવળ અનેકવિધ નામ-રૂપ-કર્મોપેતતયા જ વિભાવન, કાં તો લીલા કે પછી સ્વરૂપના અસ્વીકારમાં જ પર્યવસિત બની

જાય છે.

આમ તો લૌકિક નાયકના વિષે પણ આઠેયમાંથી અન્યતમ કોઈપણ સ્થાયિભાવમાં બ્રાહ્મિકી વિરૂદ્ધધર્માશ્રયતા જેવી વિરૂદ્ધધર્માશ્રયતા રસશાસ્ત્રમાં સ્વીકારવામાં આવી જ છે. જેમ કે 'દશરૂપક' કાર કહે છે. **''વિરૂદ્ધ યા અવિરૂદ્ધ ભાવોને કારણે જેનો વિચ્છેદ નથી થઇ શકતો પ્રત્યુત (એનાથી વિપરિત) એને પોતાની ભીતર જે એકવદ્ભાવાપન્ન કરી શકતો હોય એવો સાગરના જેવો સ્થાયીભાવ હોય છે.''** (દશરૂ.૪/૩૪) તો પણ બ્રહ્મગત સર્વભાવાત્મક્તા,સર્વભાવવિભાવનીયતા તેમજ સર્વભાવોના અનુરૂપ સ્વયંના અનુરૂપ પ્રગટ કરવાની સામર્થ્યની તુલના કરવાથી લૌકિક સ્થાયિભાવોનું પણ સર્વાત્મક હોવું તેમજ સર્વભાવોને આત્મલીન કરી શકવાના તથ્યને બ્રહ્મની તુલનામાં તો ક્ષુદ્ર માનવું જ પડે છે, **''જે નિશ્ચિતતયા ભૂમા (દેશ-કાલ-સ્વરૂપતો અપરિચ્છિન્ન) હોય છે તે જ સુખરૂપ હોય છે. અલ્પમાં કોઇ પ્રકારનું સુખ નથી હોતું. ભૂમા જ સુખરૂપ હોય છે.''** (છાન્દો.ઉપ. ૭/૨૩/૧) અને **''આ જ મહાનતત્ત્વની ક્ષુદ્ર માત્રાઓમાં બીજા બધા ઉપજીવન કરે છે''** (બૃહ.ઉપ.૪/૩/૩૨), જેવા શ્રુતિવચનોના આધારે દેશ-કાલ-સ્વરૂપતો અપરિચ્છિન્ન બ્રહ્માનંદની તો ક્ષુદ્રતમ માત્રાઓના જ બધા લૌકિક સ્થાયીભાવ ઉપજીવી હોય છે. બ્રહ્મનો સ્વરૂપાનંદ જ્યારે સ્વપ્રાદુર્ભાવિત ભક્તોના ભાવને અનુરૂપ રસશાસ્ત્રીય વિભાવ અનુભાવ સંચારિભાવોની સહકારિતા મેળવીને કોઇ એક પ્રકારના સ્થાયિભાવના રૂપમાં લીલાપરિકરોના હૃદયમાં રૂઢ થઇ શકે છે, ત્યારે તે રસાત્મકતાના કારણથી તે આનંદરૂપ ભગવાનના વિષે પ્રકટ થતો આનંદાત્મક પ્રેમ, મોદ અને પ્રમોદ બ્રહ્માનુભૂતિમાનને પરમાનંદાત્મિકા બનાવી દે છે. (દ્રષ્ટ. તૈતિ.ઉપ.૨/૬) આમાં જીવાત્માના રસભાવોના અનુકૂલ અધિકારની દ્રષ્ટિથી તારતમ્ય હોવા છતાં પણ ભગવત્સ્વરૂપની દ્રષ્ટિથી ભેદ માનવાથી ભાગવતના જે વચનની સાથે વિરોધાભાવ ઉપસ્થિત થશે તે વચન આમ છે :

> **''પોતાના પ્રાણ મન અને નયનોં ને સંયત કરી દઢયોગ કરવાવાળા યોગી પરમાત્માનું આંતરધ્યાન લગાવ્યા રાખે છે, દ્વેષભાવવશ નિરંતર આંતર સ્મરણ કરવાવાળા શત્રુ પણ તે**

**પરમાત્માને મેળવી લે છે. પરમપ્રમેયરૂપ ચરણસરોજના મકરંદનું પાન કરવાનો આંતરભાવ રાખીને અમે પ્રમાણરૂપ શ્રુતિઓ જે ભગવાનમાં પરાયણ રહીએ છીએ, એમની જ લાંબી-પહોળી ભુજાઓને કામભાવવશ બાહ્યદષ્ટિ રાખી નિરખવાવાળી સ્ત્રીઓ પણ મેળવી લે છે! કેમ કે ભગવાન તો પોતાના બધા ભક્તોને સમદ્રષ્ટિથી જુએ છે.''**

*(ભાગ. પુરા. ૧૦/૮૪/૨૩)*

આની સુબોધિનીજીમાં જે મહાપ્રભુજીએ આ સ્પષ્ટતા કરી છે કે મર્યાદામાર્ગ, નિષિદ્ધમાર્ગ, પુષ્ટિમાર્ગ અને પ્રવર્તકમાર્ગ આમ ચારેયમાંથી કોઈપણ એક માર્ગના અનુસાર ભગવાનનું ભજન કરવાવાળા ભગવાનને માટે સમાન હોવા છતાં પણ, જેવા પ્રકારે ભજન કરવાથી આપણે ભગવાનના આત્મિય બની શકીએ તે પ્રકારે ભજન કરવું શ્રેષ્ઠ હોય છે. આમાં થોડા વખત માટે મર્યાદામાર્ગ અને નિષિદ્ધમાર્ગના વિષયમાં કાંઈપણ કહ્યા-વિચાર્યા વગર કેવલ પુષ્ટિમાર્ગ અને પ્રવર્તકમાર્ગની વિલક્ષણતાનો વિચાર કરવાથી એ સ્પષ્ટ થઇ જાય છે કે શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપિકાઓનાં પણ ભગવાનને બાહ્યદ્રષ્ટિવાળા કામભાવથી ભજવા ભગવાનની તેવી લીલાત્મિકા પુષ્ટિ યા કૃપાના કારણથી અનુમોદનિય હોઇ શકે છે. પરંતુ તે શ્રુતિરૂપા ગોપિકાઓ દ્વારા પ્રવર્તિત ભક્તિમાર્ગની અંદર તો આંતરભાવવાળી ભક્તિ જ અનુમોદનિય હોય છે. અન્યથા આને 'પ્રવર્તકમાર્ગ' કહેવો નિરર્થક સિદ્ધ થશે. આ સંદર્ભમાં ઉદ્ધવજીનાં વચન **''ઉત્તમશ્લોક ભગવાનમાં આપ ગોપીજનોંએ જે ઉત્કૃષ્ટતમ ભક્તિનું પ્રવર્તન કર્યું તે તો મુનિઓને પણ દૂર્લભ છે.''** (ભાગ.પુરા.૧૦/૪૪/૨૫) તથા મહાપ્રભુજીના .**''....ગોપીજન ગુરૂ કહેવામાં આવે છે એમનો ભાવ તેવી ભાવના કરવાથી સિદ્ધ થશે, બીજા કોઇ સાધનની અપેક્ષા નથી''** (સં.નિ.૮) અનુસંધેય છે. અહીં એવી શંકા ન કરવી જોઇએ કે ત્યારે તો શૃંગારભાવ અને એનો આલંબનવિભાવ જ પાછો ગલેપતિત થશે. કેમ કે પ્રભુચરણે આનું સ્પષ્ટીકરણ આપ્યું છે **''આ ગોપીજનોંનો મૂલમાં તો આત્મભાવમૂલક નિરૂપધિ સ્નેહ જ ભગવાનને વિષે હતો, બાહ્ય**

**વસ્તુવિષયક કામભાવમૂલક નહીં. તે તો સ્વયં ભગવાને જ એમની નિરૂપધિ આત્મરતિના ભાવને પોતાના વેણુવાદન તેમજ શૃંગારરસાત્મક સ્વરૂપદ્વારા કામોપાધિક બનાવ્યો હતો''**

*(સુબો.પ્રક્ષે.૧૦/૨૬/૪૩).*

એટલા માટે સિદ્ધ થાય છે કે જીવાત્માની દ્રષ્ટિથી દ્વેષમૂલક સર્વાત્મભાવની તુલનામાં કામભાવાત્મક સર્વાત્મભાવ શ્રેષ્ઠ હોય છે, એવી જ રીતે શાંતરસાત્મક ધ્યાનભાવની તુલનામાં સર્વભાવોને પોતાનામાં સમાવી સકવાવાળો ભક્તિરસાત્મકભાવ શ્રેષ્ઠતમ હોય છે. સ્વરૂપ અને લીલામાં આવી વિરૂદ્ધધર્માશ્રયતા પ્રકટ કરવાવાળા બ્રહ્મને વિષે, એટલા માટે, કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ, જે યા તો લીલાગત ભેદ અથવા સ્વરૂપગત અભેદની મુખ્યતાનું અવલમ્બન કરી પ્રગટ થાય છે, તેના બદલે ભક્તિમાર્ગ અધિક ઉપયુક્ત થાય છે. કેમ કે આ ભક્તિરસ માહાત્મ્યજ્ઞાનવાળા અંશ દ્વારા સર્વવિધ ભેદોમાં અનુગત થતાં બ્રહ્મના સ્વરૂપભેદને જેમ આ બાજુ ઉપપન્ન કરે છે. તેવી જ રીતે પેલી બાજુ સુદઢ - સર્વતોધિક સ્નેહ અંશદ્વારા તે અભેદની પૃષ્ઠભૂમિના પુરોભાગમાં પ્રગટ થતા વિશેષસ્વરૂપ અને વિશેષલીલાના ભેદને પણ ઉપપન્ન કરી દે છે. એટલા માટે કોઇ અધિકારી વિશેષની સર્વવિધ નામ-રૂપ-કર્મોમાં પોતાના ભજનીય સ્વરૂપને નિહાળવાની અરૂચિનો, અથવા પોતાના ભજનીય સ્વરૂપના વિશેષ નામ-રૂપ-કર્મો સીવાય અન્યાન્ય નામ-રૂપ-કર્મોની વિભાવનામાં અરૂચિનો, ભક્તિમાર્ગીય ઔચિત્ય ભાવભેદવશ ઉપપન્ન થવાથી પણ, તત્ત્વતઃ પોતાના ભજનીયને કાંઇ વિશેષ નામ-રૂપ-કર્મોમાં પરિચ્છિન્ન માનવું , તેમ ભગવાનને કેવલ શૃંગારરસાત્મા માનવા મહાપ્રભુજીના સિદ્ધાન્તની ચોખટમાં સંગત થઇ શકતુ નથી. આ જ વાત ભાષ્યકાર સાધનાધ્યાયના ત્રીજાપાદમાં આ સુસૂક્ષ્મ રહસ્યનું વિશ્લેષણ કરતા કહે છે :

**૧. ''ઉપાસનાના વિષય અખિલ સ્વરૂપ, અવિશિષ્ટતયા એક જ બ્રહ્મના અનેક રૂપ હોય છે, આવા જ્ઞાનની સાથે જો કોઇ એકતમ સ્વરૂપની ઉપાસના કરતો હોય તેને માટે પોતાના ઉપાસ્ય સ્વરૂપમાં અખિલ નામ-રૂપ-કર્મોના**

સમાહિત હોવાની વિરાટતાની વિભાવના નિર્દોષ હોય છે *(અર્જુનને પ્રદત્ત દિવ્યદૃષ્ટિવશ મળેલા વિરાટ્‌ના સાક્ષાત્કારની જેમ)* જે ઉપાસક, પરન્તુ ભગવાનના અનંત વિભૂતિરૂપોની વચ્ચે કોઇ એકતમ રૂપની સાથે જ પોતાના ઉપાસ્ય હોવાનો સંબંધ નિભાવવા ઇચ્છતો હોય તેને પોતાના ઉપાસ્ય સ્વરૂપથી અવિરુદ્ધ નામ-રૂપ- કર્મોની વિભાવના કરવી જોઇએ વિરુદ્ધોની નહિં. આ ઉપાસના- માર્ગીય વ્યવસ્થા છે, પરંતુ ભક્તિમાર્ગીય વ્યવસ્થા આગળ બતાવવામાં આવશે.''

૨. ''બ્રહ્મના વ્યાપક હોવાના કારણે તથા લીલાના પણ બ્રહ્મની સાથે અભેદભાવ હોવાના કારણે કોઇ એક ભક્તની સાથે પ્રકટ થયેલી વિશેષલીલામાં બીજી પણ લીલા પ્રકટ થવા લાગશે... વ્યાપક ધર્મીના અનાગન્તુક ધર્મ તો વ્યાપક હોઇ શકે છે. પરન્તુ નિજેચ્છૈકવશ પ્રકટ થવાવાળા બધા ગુણધર્મલીલાઓના સર્વત્ર ધર્મીના પ્રકટ થવાથી સ્વયં પણ પ્રકટ થવું અનિવાર્ય નથી હોતું.''

૩. ''જે જીવાત્માનું ભગવાને ભક્તિમાર્ગાર્થ સ્વીયત્વેન વરણ કર્યું હોય એવા જીવને <u>ભજનાનંદના અનુભવ વગર થતું</u> ભગવાનનું આત્મત્વેન (યા સર્વરૂપત્વેન) ભાન તેની ભક્તિમયી મનોવૃત્તિમાં વ્યવધાનરૂપ બની શકે છે. તેથી આવું ભાન ભગવાન્ પ્રગટ થવા દેતા નથી. તેથી જેમ સ્ત્રી-પુત્ર-ગૃહ-ધનમાં આસક્તિ બ્રહ્માનંદમાં બાધક બને છે, તેવી જ રીતે ભજનાનંદમાં વ્યવધાન પ્રકટ કરવાવાળા ભગવાનના આત્મત્વેન ભાનના વિષે પણ સમજી લેવું જોઇએ.''

*(બ્ર.સૂ.ભા.3/3/૨, બ્ર.સૂ.ભા.3/3/૧૦-૧૧નો ભાવાનુવાદ, બ્ર.સૂ.ભા. 3/3/૩૫-૩૬.)*

આ વચનોનો સાવધાની સાથે વિમર્શ કરવાથી આ નિશ્ચિતતયા સિદ્ધ થઇ જાય છે કે, ભક્તિવિશેષ પોતાના વિશિષ્ટભાવના અનુરોધવશ પોતાના ભજનીયને કેવલ અંતરાત્મા યા બાહ્યાભ્યંતર સર્વનામા સર્વરૂપ યા સર્વકર્મા ન માને તો કોઇ આપત્તિજનક વાત ન હોવા છતાં પણ તત્ત્વતઃ ભગવાનના ઉક્તવિધ હોવાનો અસ્વીકાર શક્ય નથી. આ વિષયની સુવિશદ મીમાંસા અમે પુરૂષોત્તમપ્રતિષ્ઠા પ્રકારના વિવરણમાં કરી છે. વિશેષ જીજ્ઞાશા હોય તો ત્યાં જોઇ શકાય છે. છતાં પણ આટલું સ્પષ્ટીકરણ આવશ્યક લાગે છે કે મૂલાચાર્યોની નિરૂપણરીતિમાં અથવા પરવર્તી વ્યાખ્યાકારોની નિરૂપણરીતિમાં જ્યાં પણ મૂલરૂપમાં યા પરમતત્ત્વહોવાના રૂપમાં ભગવાનના શૃંગારાત્મક હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે, ત્યાં કયાંક તો તેવા લીલાપ્રસંગના અનુરોધવશ કરવામાં આવેલી વ્યાખ્યા છે; અથવા કયાંક તે મહાનુભાવોની પોતાના વિભાવનીય સ્વરૂપ પ્રત્યે પ્રકટ થયેલી એકરૂચિ યા તન્મયતા છે. અમને જે વિવક્ષિત છે તે તે વિધાનોના પ્રામાણ્યનું નિરસન નહીં પરંતુ **'પ્રકૃતૈતાવત્ત્વપ્રતિષેધ'** (બ્ર.સૂ. ૩/૨/૨૨) ન્યાયથી પોતાના ભજનીયના વિશિષ્ટ નામ-રૂપ-કર્મની ભજનીયતાના પ્રામાણ્યની જેમ તદિરતર નામ-રૂપ-કર્મની ભજનીયતાના પ્રામાણ્યની ઉપપત્તિ છે. તેથી આવા કોઇ મૂલ વચન યા વ્યાખ્યાવચનનો દંડ આ અમારા પ્રતિપાદન ઉપર પાતનીય નથી બની શકતો!

છતાં પણ એક આશંકા આ થઇ શકે કે સુબોધિનીમાં ત્રિવિધ સુધાના તારતમ્યનું નિરૂપણ કરતી વખતે સર્વાભોગ્યા સુધાના વિષયમાં મહાપ્રભુજીએ --

> **''દિવ્ય ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ સહિત ભગવાન સરસ શૃંગારાત્મક બનીને વેણુવાદન કરવા લાગ્યા.. આ વેણુવાદનરત ભગવાનની સર્વાભોગ્યા સુધા બધાને ભગવદીય બનાવે છે. આનંદમાંથી જ દ્રવીભૂત થઇને પ્રકટ થાય છે અને બ્રહ્માનંદથી પણ અધિક આનંદસારભૂતા થાય છે... આ સર્વાભોગ્યા સુધારસના અન્તઃપ્રવિષ્ટ થવાથી જીવાત્મા પ્રપંચને ભૂલીને સર્વાત્મના ભગવત્સ્વરૂપના ભજનમાં નિરૂદ્ધ**

**થઈ જાય છે. સૃષ્ટિમાં ઉત્પન્ન થનાર કોઈપણ અધિકારીનો દિવ્યભોગ આનાથી અધિક ન હોઈને આમાં જ સમાપ્ત થવા વાળો હોય છે. પછી સૃષ્ટિથી વિમોચન તથા સ્વાશ્રયભાવમાં પ્રત્યાપત્તિ થાય છે. આ બ્રહ્માનંદના સાક્ષાત્કાર પછી બ્રહ્મભાવાપત્તિરૂપ આધિદૈવિકતાના સમ્પન્ન થવાથી અક્ષરબ્રહ્માનંદાત્મિકા લક્ષ્મીની જેમ મુખ્ય રસભોગ છે જે લક્ષ્મીના અંશભૂત જીવાત્માઓના ઉદાહરણમાં પણ સંભવ છે. એટલા માટે નિરોધને 'મહાફલ' કહેવામાં આવે છે. એટલા માટે ભગવાનના દ્વારા જીવાત્માના ગુપ્તાનંદના ઉપભોગના પછી જ, જીવાત્મા અગણિતાનંદરૂપ ભગવદાનંદનો ભોગ કરવા સમર્થ બની શકે છે. એટલા માટે આ ફલપ્રકરણમાં સ્ત્રીઓનું નિરૂપણ કરવામાં આવેલું છે. કેમ કે પુરૂષરૂપ ભગવાનનો ઉપભોગ તો સ્ત્રીરૂપ દ્વારા જ શક્ય બને છે.''** *(સુબો. ૧૦/૧૮/૨-૫).*

અહિં આ આશંકા થઈ શકે છે, સુબોધિની અનુસાર પ્રમેયરૂપ ભગવાન અને પ્રમાણરૂપ શ્રુતિરૂપા ગોપીકાઓના પ્રમેય-પ્રમાણભાવાત્મક સ્નેહને ભગવાને પોતાના વેણુવાદન દ્વારા શૃંગારાત્મક બનાવ્યો, આ ફલિતાર્થ સ્પષ્ટ હોવાથી રાસલીલા જે મુખ્યરૂપથી શૃંગારરસાત્મિકા જ છે, તેમાં ઋષીરૂપા કુમારિકા ગોપીકાઓની જેમ, આ શ્રુતિરૂપા અન્યવિવાહિતા ગોપીકાઓને પણ સમાનરૂપેણ પ્રવેશ મળ્યો છે. સાથે સાથે ભેદબુદ્ધિ રાખવાવાળી જારભાવવતી ગોપીકાઓને પ્રવેશ ન મળવો, આમ આવા તથ્યોની સરખી રીતે સમીક્ષા કરવાથી એક બીજું રહસ્ય અહીં અનાવૃત થાય છે. તે એ કે નિત્યલીલામાં સાક્ષાત્ લક્ષ્મી યા રાધા વગેરે સ્વામિનીઓના ભોગ્યરૂપ ભગવાનની પણ કોઈ અસાધારણ મહત્તા હોવાના કારણે જ સર્વોત્તમસ્તોત્રમાં પણ **''શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ તત્સારભૂત રાસસ્ત્રીભાવ - પૂરિતવિગ્રહઃ... રાસલીલૈકતાત્પર્યઃ''** (સર્વો. ૧૬-૧૭) આવા મહાપ્રભુજીના નામ એમના આત્મજે પ્રગટ કર્યા છે. તેથી લૌકિક

શૃંગારથી પર આધિદૈવિક શૃંગારરસની પ્રધાનતા, તદનુરૂપ તેવા જ ભગવત્સ્વરૂપની પણ પ્રધાનતા; અને તેના માટે જીવાત્માની ભીતર તેવા ભજન દ્વારા અલૌકિક શૃંગારરસાત્મક ભગવાનના દિવ્ય ઉપભોગની અનન્ય સાધારણ મહત્તાનો અસ્વીકાર શક્ય નથી લાગતો જ્યારે કે પ્રસ્તુત પ્રતિપાદનમાં તેને ગૌણ બનાવી દેવું કેવી રીતે સ્વીકાર્ય બની શકે?

એતદર્થ થોડા - ઘણાં મુદ્દાઓનો વિચાર કર્તવ્યપ્રાપ્ત હોવાથી તેના હેતુથી પ્રવૃત્ત થઇએ છીએ : એમાં સર્વપ્રથમ ભજનીય ભગવાનના સ્વરૂપ અને લીલાનો વિચાર. બીજાું તે લીલામાં પરિકરરૂપ ગોપીજનોના સ્વરૂપ અને ભાવનો વિમર્શ. ત્રીજાું તે લીલાના કારણે આધુનિક પુષ્ટિજીવોને માટે અનુસરણીય ભાવ અને અનુકરણીય ભજનરીતિનું સ્વરૂપ અને આ બધાના આપસી તારતમ્ય.

ભજનીય ભગવાનના સ્વરૂપના વિષયમાં સર્વાધિક મહત્વપૂર્ણ તથ્ય આ છે કે તે વિરૂદ્ધધર્માશ્રય **''ઉભયવ્યપદેશાત્ત્વહિકુંડલવત્ પ્રકાશાશ્રયવદ્વા તેજસ્ત્વાત્''** (બ્ર.સૂ.૩/૨/૨૭-૨૮) ન્યાયથી સાકાર=પરિચ્છિન્ન પુરૂષોત્તમરૂપ તથા નિરાકાર=અપરિચ્છિન્ન અક્ષરબ્રહ્મ ધામરૂપ ઉભયવિધ છે. કેવલ આટલું જ નહીં એથી વિપરિત જેમ તે સજાતીય-વિજાતીય-સ્વગતભેદવર્જિત છે તેવી રીતે જ પોતાની એકમેવાદ્વિતીયતાને નિભાવીને લીલાર્થ સજાતીય-વિજાતીય- સ્વગતભેદોને પ્રકટ પણ કરી શકે છે. એટલા માટે શાસ્ત્રોમાં એકમેવાદ્વિતીય તત્ત્વના અનેકવદ્ભાવાપન્ન થવાની ક્રમિક ઉત્પત્તિક્રિયા જેમ નિરૂપિત થઇ છે તે જ રીતે સત્કાર્ય- સત્કારણવાદ અને તાદાત્મ્યવાદના સમાશ્રયણ દ્વારા જે કાર્યના તેમાંથી કારણાત્મકતયા ઉત્પન્ન થવાની વાત કહેવાય છે તે બધું જ તેનામાં ઉત્ત્પત્તિની પહેલાં પણ અવ્યક્તરૂપથી ત્યાં વિદ્યમાન પણ માનેલું છે. આમ ઉપપત્તિપ્રક્રિયાના અનુસાર સર્વવિધ ધર્મોથી તેને ઉપપન્ન માનવામાં આવેલ છે. એટલા માટે તેને એકરસ અને સર્વરસ એમ ઉભયવિધ શ્રુતિઓમાં સ્વીકારેલું છે. એટલા માટે તે શૃંગારરસાત્મા છે અને નથી પણ, એટલા માટે જે વિશિષ્ટ અધિકારીની સામે તે પોતાનું જેવું સ્વરૂપ પ્રગટ કરે છે તેવું જ તેનું સ્વરૂપ વસ્તુતઃ તે અધિકારી માટેનું બની જાય છે. બીજા માટે બીજા પ્રકારનું પણ હોઇ શકે છે. તેથી તેનું સ્વરૂપ સર્વરસાતીત તેમ જ સર્વરસાત્મક હોવા છતાં

અધિકારીવિશેષના માટે લીલાર્થ એકરસાત્મક પણ હોઇ શકે છે. આ જ કારણ છે કે દેશ-કાલમાં પ્રગટ થયેલી તેની લીલાનું દેશ-કાલાતીત વ્યાપિવૈંકુંઠસ્થ- નિત્યલીલાત્મક રૂપ પણ સ્વીકારવામાં આવેલું જ છે. કેમ કે તેની નિખિલદ્વૈતવર્જિત આત્મરતિ જ પ્રિયા-પ્રિયતમવાળી શૃંગારરતિના દ્વૈતમાં સ્વયં-પોતાને પ્રગટ કરે છે.

એવી જ રીતે વ્રજમાં ગોપાલરૂપથી લીલાના પરિકરરૂપ સ્વયં તેની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું ગોપીજનોના રૂપમાં મૂર્તિમાન હોવું સ્વીકારેલું છે. ક્રિયાશક્તિરૂપા ગોપિકાઓને ઋષીરૂપા કુમારિકા માનેલ છે અને જ્ઞાનશક્તિરૂપા ગોપિકાઓને શ્રુતિરૂપા અન્ય વિવાહિતા માનેલા છે. પહેલાં પ્રકારની ગોપિકાઓ પોતાના પ્રિયતમ ગોપરાજકુમારની સાથે સાધન - ફલભાવ ના સંબંધનું ઉદાહરણ છે. ભગવાનની બહિર્ભાવાપન્ન મૂર્તિમતી શક્તિ જ વિશેષનામ - રૂપ - કર્માત્મના પ્રકટ કાત્યાયની દેવી છે. તેની વ્રત-અર્ચનારૂપ સાધના દ્વારા આ ઋષીરૂપા ગોપિકાઓ મેળવવા તો તન્નામ - રૂપ- કર્માત્મા શ્રીકૃષ્ણને જ ઇચ્છે છે દેવી ને નહીં. બીજા પ્રકારના ગોપિકાઓ ગૌણભાવવશ અન્યાન્ય ગોપજનોથી વિવાહિત કે સંગત હોવા છતાં પણ પોતાના પરમ તાત્પર્યવિષયીભૂત પ્રમેય શ્રીકૃષ્ણની સાથે સંગત થવા ઇચ્છે છે. કેમ કે એક જ પ્રમેયભૂત શ્રીકૃષ્ણતત્ત્વ અનેકવિધ નામ-રૂપ-કર્મોના રૂપમાં અનેકવિધ ગોપજનોના રૂપમાં પ્રકટ હોવાથી પ્રકટાર્થ ગૌણ તથા પ્રાકટયકારી મૂલતત્ત્વ પરમતાત્પર્યવિષયીભૂત રહેલું માનેલ છે. એટલા માટે આત્મરતિ જ શૃંગારરત્યાત્મના રાસલીલામાં પ્રકટ થઇ છે. આ વિષયમાં શ્રીમદ્‌ભાગવતમાં બે મહત્વપૂર્ણ વાતો સ્વયં [૧]ગોપીજનોના વચન તથા [૨]શુકદેવજીના વચન રૂપથી આ રીતે મળે છે :

**૧ ''આપ કેવલ અમારા જ નહીં પરંતુ પ્રત્યેક દેહધારીના ઇશ પ્રેષ્ઠ બંધુ અને આત્મા બધું જ છો. એટલા માટે કુશલ વ્યક્તિ તો આપનામાં જ પોતાની રતિ નિભાવે છે''**

(ભાગ.પુરા.૧૦/૨/૬/૩૨-૩૩).

**૨ ''ગોપિજનોના અને એમના પતિ ગોપજનોના જ નહીં પણ પ્રાણિમાત્રની ભીતર પરમાત્મરૂપથી બિરાજમાન તત્ત્વ જ**

**શ્રીકૃષ્ણરૂપથી લીલા કરવા માટે બહાર પ્રગટ થયું છે. તે તો કેવલ પોતાની અનુગ્રહવર્ષાને વરસાવવા જ માનુષદેહ ધારણ કરી પ્રકટ થયું છે.** (ભાગ.પુરા. ૧૦/૩૦/૩૬-૩૭).

અહીં આપણે જોઇ શકીએ છીએ કે પોતાના નહી ઉલટુ સકલ દેહધારીઓના અંતરાત્મા ભગવાનના હોવાનું ભાન ગોપીજનોને ભગવત્પ્રદત્ત કામભાવમાં વ્યવધાન ન બની શક્યું.

તૃતિયતયા આધુનિક પુષ્ટિજીવોને માટે આવા વ્રજાધિપ પ્રત્યે અનુસરણીય ભાવ અને અનુકરણીય ભજનરીતિમાં ભક્તિરસાત્મકતયા ભગવાનના ભાવોને મુખ્ય માનવા યા શૃંગારરસાત્મકતયા? આનું સમાધાન શોધવું હોય તો મહાપ્રભૂપદિષ્ટ ઉપદેશાત્મક ગ્રંથોના ગંભીર અવગાહન સીવાય કાંઇ સ્પષ્ટ નથી થઇ શકતું. તદનુસાર શ્રીયમુનાષ્ટકની ફલશ્રુતિમાં મહાપ્રભુજી શૃંગારાત્મિકા રતિ ન કહીને સામાન્ય રતિ જ સિદ્ધ થવાનો વરપ્રદાન કરી રહ્યા છે. બાલબોધમાં પણ ભગવાન પ્રત્યે શરણાગતિ અને સમર્પણની એટલેકે અન્યાશ્રય ને અન્યાસક્તિના ત્યાગની વાત કહી રહ્યા છે. સિદ્ધાંતમુક્તાવલીમાં બ્રહ્મવાદના આધારે શ્રીકૃષ્ણમાં પોતાની બુદ્ધિને જોડીને માહાત્મ્યજ્ઞાન અને પોતાના તન-મન-ધનના વિનિયોગરૂપ ભજનની વાત કરી રહ્યા છે. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદમાં પણ ભગવાન પોતાના ગુણ અને /સ્વરૂપના પ્રભેદવશ જેવી રીતે પણ ભૂતલ પર પ્રગટ હોય તેવા ભગવાનને ફલતયા સ્વીકારવાનો ઉપદેશ આપી રહ્યા છે. એટલે કે કેવલ શૃંગારરસાત્મક ભગવાનને નહીં. સિદ્ધાંતરહસ્ય-નવરત્ન-અન્તઃકરણપ્રબોધ- વિવેકધૈયાશ્રય -કૃષ્ણાશ્રયમાં સકલ ચિંતાઓના ત્યાગપૂર્વક સેવકભાવ રાખીને પોતાના આત્માત્મીય સર્વસ્વના સમર્પણ દ્વારા શ્રીકૃષ્ણસેવાને યા શ્રીકૃષ્ણપ્રપત્તિને વિવેક ધૈર્ય તથા અનન્યાશ્રયની સાથે નિભાવવાનો ઉપદેશ આપી રહ્યા છે. ચતુશ્લોકીમાં સર્વભાવ - નહીં કે શૃંગારાત્મિકા રતિના ભાવથી - સર્વસમર્થ પ્રભુને સર્વાત્મના હૃદયમાં ધારણ કરી એમના સ્મરણ- ભજનને નિભાવવાનો ઉપદેશ આપેલો છે. ભક્તિવર્ધિનીમાં ભક્તિરસની અભિવૃદ્ધિના ઉપાયો - નહીં કે શૃંગારાત્મિકા રતિની અભિવૃદ્ધિના ઉપાયો - નો ઉપદેશ છે. જલભેદ - પંચપદ્યાનિમાં ભક્તિરસની અભિવૃદ્ધિના

ઉપાયરૂપે આવશ્યક ભગવાનના સ્વરૂપ-ગુણ-લીલાઓના શ્રવણ-કીર્તન કેવા અધિકારીની સાથે નિભાવવા તેનો ઉપદેશ છે. સંન્યાસનિર્ણયમાં પણ ભક્તિની કેવી અવસ્થામાં ભગવાનના ભક્તિરસીય વિયોગના અનુભવાર્થ - કેવલ ગોપીજનોના ગૃહત્યાગને જ નહીં પણ કૌન્ડિન્યઋષિના - ગૃહત્યાગને પણ આદર્શરૂપે અનુસરવાની વાત છે. આવી ભક્તિની નિરોધાવસ્થામાં પરિપાકને માટે કેવલ શૃંગારભાવવતી ગોપીજનોની ભાવના જ નહીં પણ શ્રીનંદયશોદા વગેરે બધા વ્રજવાસીઓના વિવિધ રસાત્મક ભાવોની ભાવના સેવા અને/અથવા કથામાં અનુસરણીય બતાવેલી છે. વેણુગીતમાં શૃંગારરસાત્મક સર્વ બાહ્યાભ્યન્તર કર્મ-જ્ઞાનેન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ અવશ્ય બતાવ્યો છે પરંતુ પ્રસ્તુત નિરોધલક્ષણમાં ભક્તિરસમાં પણ તે કેમ બની શકે આ જ ઉપદેશ્ય છે. અંતમાં સેવાફલમાં આ પ્રકારની ભક્તિરસાત્મિકા સેવામાં પ્રગટ થતી ફલાનુભૂતિના ત્રણ પ્રભેદ [1]તનુનવત્વ [2]સાયુજ્ય અને [3]નવતનુત્વ ને દર્શાવ્યા છે. કયાંય પણ શૃંગારરસની અપરિહાર્યતા બતાવવામાં આવી નથી. એટલા માટે સિદ્ધ થાય છે કે પ્રેમ-આસક્તિ- વ્યસનદશા- નિરોધ - સર્વાત્મભાવ ના ઉત્તરોત્તર અભિવૃદ્ધ થતા રૂપોમાં જેમ ગોપીજનોની શૃંગારાત્મિકા રતિ વિકસિત થઇ, તેવી જ રીતે શ્રીનંદયશોદાની વાત્સલ્યભાવાત્મિકા રતિ પણ વિકસિત થઇ, તેવી જ રીતે ગોપસખાઓની સખ્યભાવાત્મિકા રતિ પણ વિકસિત થઇ, અન્ય વ્રજના ગૃહદાસદાસીઓની દાસ્યભાવાત્મિકા રતિ પણ વિકસિત થઇ. એમના ભાવોને આપણી ભક્તિભાવાત્મિકા રતિમાં સંચારિભાવતયા ભાવન કરવાથી આપણી ભક્તિ જ સંયોગ- વિપ્રયોગાત્મિકા તેમજ પ્રકટ/ગૂઢ ભોગ્ય-ભોકતૃ-સાક્ષિભાવોમાં પણ વિકસિત થઇ શકશે. આ જ મહાપ્રભુજીને અભિપ્રેત લાગે છે. એથી જ લીલાદષ્ટયા નિરોધની પ્રધાનતા હોવા છતાં પણ સ્વરૂપદષ્ટયા મુક્તિ અને આશ્રયસ્વરૂપમાં પ્રત્યાપત્તિનો અસ્વીકાર શક્ય નથી. તેથી પરમફલ અહીં ચરમફલ નથી રહી જતું અને ચરમફલના પરમફલ હોવાનો ભાવ ભક્તહૃદયમાં દૃઢ નથી થઇ શકતો. એટલા માટે પ્રભુચરણ કહે છે **''ભગવાનની સ્વામિનિઓને એટલે કે ગોપીજનોને તો ભગવાનનું બહાર પ્રકટ રહેવું જ અભિષ્ટ લાગે છે, કેમ કે ત્યારે એને ઇશ્વરવાદ ઉપપન્ન**

**લાગે છે અન્યથા તો શુન્યવાદના પ્રમાણિક હોવાની ભાવના ઉભરાવા લાગે છે''** (સુબો. ૧૦/૨૬/૭) એટલા માટે **''ભગવાનની લીલા બાહ્ય અને આભ્યંતર ઉભયવિધા હોય છે, જેમાં આંતરલીલા પરમફલરૂપા હોય છે''** (સુબો. ૧૦/૨૬. કારિકા ૫) કહેવાવાળા મહાપ્રભુજી જ આ વિધાન પણ નિઃસંકોચ કરે છે કે **''બાહ્ય વિના કેવલ આભ્યન્તર ભગવદનુભૂતિ વ્યર્થ થાય છે''** (સુબો. ૧/૬/૦ કારિ.૨). અસ્તુ

પ્રકૃત વિષયના પુનઃ અનુસન્ધાનાર્થ આ ભાવોના દ્વૈવિધ્યમાં અવિકૃતતયા પરિણત થવાવાળા દેશ-કાલ-સ્વરૂપતઃ અપરિચ્છિન્ન અનંત યા આનંદરૂપી બ્રહ્મનો સાક્ષિભાવ વિલુપ્ત નથી થઇ જતો. બ્રહ્મના સાક્ષિરૂપ યા સાક્ષિભાવનું પ્રતિપાદન ઉપનિષદ્ અને ભગવદ્ગીતાના **''સાક્ષી ચેતા કેવલો નિર્ગુણઃ ચ''- ''ગતિઃ ભર્તા પ્રભુઃ સાક્ષી''** (શ્વેતા.ઉપ.૬/૧૧ - ભગ.ગીતા ૯/૧૮). વચનોમાં પણ ઉપલબ્ધ થાય જ છે. આ સાક્ષિભાવોપયિક સ્વરૂપને જ અંતર્યામી માનેલ છે. આ સાક્ષિભાવ પણ ત્રણેય આધિભૌતિક આધ્યાત્મિક તેમજ આધિદૈવિક રૂપોમાં શક્ય કેમ ન હોઇ શકે?

આ વિષયને સારી રીતે બુદ્ધિગત કરી લેવાથી હવે સુખેથી આ કહી શકાય છે કે ભોગ્ય-ભોકતૃ-સાક્ષિભાવોની ત્રિતયી, સાથે સાથે એના ઇતરેતરનિહિત ગૂઢ સ્ત્રીભાવો અને પ્રગટ પુંભાવો, આમ ગૂઢ-પ્રગટ સાક્ષિભાવોના ષટ્ક થાય છે. તેથી તે કેવલ શૃંગારરસ સીવાય બીજે સંભવ નથી એવા રૂઢાગ્રહનો ત્યાગ પણ કર્તવ્યાપતિત બની જાય છે.

## (૧૫) આ બધા ભાવોની અંદર ગૂઢભાવ પણ ભરેલા રહે છે :

એટલે કે [૧]પ્રગટ ભોકતૃભાવ યા પુંભાવ [૨]પ્રગટ ભોગ્યભાવ યા સ્ત્રીભાવ [૩]ગૂઢ ભોકતૃભાવ યા પુંભાવ [૪]ગૂઢભોગ્યભાવ યા સ્ત્રીભાવ [૫]પ્રગટ સાક્ષિભાવ તથા [૬]ગૂઢ સાક્ષિભાવ આમ છ ભાવ સરલતાથી વિચારી શકાય છે. એટલા માટે પ્રત્યેક પ્રગટ પુંભાવની ભીતર એક ગૂઢ સ્ત્રીભાવ અને ગૂઢ સાક્ષિભાવ રહે છે. પ્રત્યેક પ્રગટ સ્ત્રીભાવની ભીતર એક ગૂઢ પુંભાવ અને ગૂઢ સાક્ષિભાવ રહે છે. આ જ રીતે પ્રત્યેક પ્રગટ સાક્ષિભાવની ભીતર પણ એક ગૂઢ પુંભાવ અને ગૂઢ

સ્ત્રીભાવ પણ રહે જ છે. ભાવોના આ પ્રભેદ સર્વત્ર હોય છે. એટલે જ શૃંગારરસસંબંધી પુંભાવ સ્ત્રીભાવ અને સાક્ષિભાવની ભીતર પણ ગૂઢ પુંભાવ ગૂઢ સ્ત્રીભાવ અને ગૂઢ સાક્ષિભાવ શક્ય બની શકે છે. પ્રત્યેક વ્યવસાયાત્મિકા અનુભૂતિના વિષયમાં ગૂઢ અનુવ્યવસાયાત્મિકા અનુભૂતિ પ્રત્યેક દ્રષ્ટાને પોતાની અનુભૂતિઓના સાક્ષિ પણ સિદ્ધ કરે છે. પ્રત્યેક કર્તાને પણ આ રીતે પોતાના કૃતાકૃત યા અન્યથાકૃતનો અનુવ્યવસાય થાય જ છે જે કર્તાની ભીતર ભરેલા ગૂઢ સાક્ષિભાવની ગવાહી આપે છે. આજ પ્રકારે પ્રત્યેક સુખ-દુ:ખ-ઉપેક્ષાભાવોના ભોક્તા યા રતિ આદિ સ્થાયિભાવોના રસભોક્તાની ભીતર પણ થોડાક પ્રયાસ દ્વારા ગૂઢ સાક્ષી બોલતો સંભળાવા લાગે છે. એટલા માટે તે સ્વયંની આવી ભોગનિયતિ યા આવી ભોગરતિને કારણે જાણી શકે છે.

### (૧૬) બ્રહ્મ પરમાત્મા અને ભગવાન્ હોવાના રૂપોમાં પણ પ્રકટભાવ અને ગૂઢભાવ :

તેથી ઔપનિષદિક પરબ્રહ્મના સ્વરૂપલક્ષણરૂપ 'સચ્ચિદાનન્દત્વ' માં, કાર્યલક્ષણરૂપ **'જગદુત્પત્તિસ્થિતિલયાભિન્નનિમિત્તોપાદાનત્વ'** માં, અંતર્યામીના લક્ષણરૂપ ઉપદ્રષ્ટૃત્વ અનુમન્તૃત્વ ભર્તૃત્વ ભોકતૃત્વ મહેશ્વરત્વ પરમાત્મત્વમાં પણ સુખેથી ઇતરેતરનિહિત પ્રકટ/ગૂઢ સ્ત્રીભાવ/પુંભાવને ઓળખી શકવા અઘરા નથી. આ જ રીતે શ્રીમદ્ભાગવતના પણ સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઉત્તિ-મન્વન્તર-ઇશાનુકથા-નિરોધ- મુક્તિ-આશ્રયરૂપ દશવિધ લીલાઓમાં પણ પ્રકટ/ગૂઢ પુંભાવો/સ્ત્રીભાવોને ઓળખી શકાય છે.

### (૧૭) સચ્ચિદાનંદ બ્રહ્મના પ્રકટ અને ગૂઢ પુંભાવ=ભોક્તૃભાવ, સ્ત્રીભાવ=ભોગ્યભાવ તથા સાક્ષિભાવઃ

સર્વાદ્યતયા બ્રહ્મના સચ્ચિદાનંદના સદંશનો વિચાર કરવાથી શ્રુતિઓમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે **''અસત્માં સત્ પ્રતિષ્ઠિત છે, સત્માં ભૂત પ્રતિષ્ઠિત છે, ભૂત ભાવીમાં આહિત છે; અને ભાવી ભૂતમાં પ્રતિષ્ઠિત હોય છે''** (અથર્વસંહિ. ૧૭/૧/૧૧). તેથી સિદ્ધ થાય છે કે પ્રકટ સત્ની ભીતર એક ગૂઢ અસત્ અંતર્નિહિત રહે છે. એ જ રીતે પ્રકટ અસત્,

એટલે કે ભૂત અને ભવ્યમાં, એક ગૂઢ સત્ અંતર્નિહિત રહે છે. આનાથી બ્રહ્મ અનભિજ્ઞ નથી રહેતું કેમ કે ભાગવતમાં આવે છે કે **"આધિદૈવિક આનંદાંશરૂપ સાક્ષિભૂત અંતર્યામી અને આધ્યાત્મિક ચિદંશરૂપ ભોકતૃભાવાપન્ન જીવાત્માની વચ્ચે આધિભૌતિક સદંશરૂપ ભોગ્યભાવાપન્ન આ દેહ વિભાજક ઉપાધિ બનીને પ્રકટ થાય છે. આમાં મુક્તિવશાત્ ભોક્તાના ન રહી જવાથી; અથવા પ્રલયવસાત્ ભોગ્યના ન રહી જવાથી, ત્રિકની અનુભૂતિ ન તો ભોક્તા અને ન સાક્ષીમાં સંભવ રહી જાય છે. ત્યારે પણ આ ત્રણેયના મૂલસાક્ષિરૂપ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનને ત્રિકની ઉપલબ્ધિ અવિકલ બની રહે છે. એમ તેને 'સ્વાશ્રયાશ્રયાત્મા' કહેવામાં આવે છે."** (દ્રષ્ટઃ ભાગ.પુરા.૨/૧૦/૮-૯)

આજ રીતે સચ્ચિદાનંદગત ચિદંશના વિચારથી પણ શ્રુતિ આપણને એ બતાવે છે **"એણે ઇચ્છા કરી કે 'હું એક અનેક બની જાઉં' ..... એણે આ બધુ રચ્યું... આની રચના કરી તે સ્વયં એમાં અનુપ્રવિષ્ટ થઇ ગયા. અનુપ્રવિષ્ટ થઇને... વિજ્ઞાન અને અવિજ્ઞાન પણ.. તે જ બની ગયા"** (તૈત્તિ.ઉપ.૨/૬). એટલે કે બ્રહ્મના પ્રકટ ચિદંશમાં જ કોઇ પ્રકારનું ગૂઢ અવિજ્ઞાન છુપાયેલું રહે છે અને એમ પ્રકટ અવિજ્ઞાનમાં બ્રહ્મનું ગૂઢ વિજ્ઞાન પણ અંતર્નિહિત રહે છે. એટલા માટે મહાપ્રભુજી કહે છે **"વિદ્યા અને અવિદ્યા બંને હરિની શક્તિઓ છે"** (ત.દી.નિ. ૧/૩૧). આ જ વાત **"તે એવી આ આત્મામાંથી આકાશ બન્યું ... એમાંથી વાયુ... એમાંથી અગ્નિ... એમાંથી જલ... એમાંથી પૃથ્વી... એમાં ઔષધિઓ... એનાથી અન્ન... અને અન્નથી પુરૂષ બન્યો"** (તૈત્તિ.ઉપ.૨/૧). આમ પરમાત્મામાં અંતર્નિહિત આકાશાદિ પુરૂષાંત મહાભૂતોની જડ સૃષ્ટિજ નહિં પણ આ આત્મસૃષ્ટ અન્નમય પુરૂષાદિની ભીતર વ્યુત્ક્રમેણ પ્રાણમય મનોમય વિજ્ઞાનમય અને અંતમાં આનંદમય બ્રહ્મની પણ ઉત્તરોત્તર અંતર્નિગૂઢ સ્થિતિ શ્રુતિમાં વર્ણવેલી છે. (દ્રષ્ટઃ તૈતિ.ઉપ. ૨/૨-૫). એટલા માટે મહાપ્રભુજી કહે છે **"અખંડરૂપમાં જોવાથી અહીં બધું જ શ્રીકૃષ્ણાત્મક જ છે. કેમ કે તે પ્રભુ સ્વયં જ પોતે-પોતાને સૃષ્ટા અને સૃજ્ય બનાવે છે. તે જ વિશ્વાત્મા હોવાથી પોતે-પોતાને ત્રાતા અને ત્રેય બનાવે છે. તે જ પરમેશ્વર હોવાથી**

**પોતે-પોતાને સંહર્તા અને સંહાર્ય બનાવે છે''** (ત.દી.નિ. ૨/૧૮૩).

એટલા માટે પ્રકટ સૃજ્ય વસ્તુમાં ગૂઢ સૃષ્ટા પ્રભુ અંતર્નિહિત હોય છે. પ્રભુમાં જો ગૂઢ પ્રભાવ્ય યા સૃજ્ય અંતર્નિહિત ન હોત તો શ્રુતિ આવું કેમ કહેત કે **''જેમ મકડી (કરોળીયો) પોતાની અંદરથી જાળ કાઢીને બહાર એને વણે છે, તેમજ એ જ આત્માની ભીતરથી બધા પ્રાણ લોક દેવ અને ભૂત વ્યુચ્ચરિત થાય છે''** (બૃહ. ઉપ. ૨/૧/૨૦)? તેથી સિદ્ધ થઇ જાય છે કે એ જ આત્મપ્રગટ બ્રહ્મની ભીતર અંતર્નિગૂઢ પ્રત્યેક સૃજ્ય પદાર્થ પણ રહે જ છે. એટલે જ પ્રત્યેક પ્રકટ ભોગ્યવસ્તુની ભીતર પણ તે ગૂઢ ભોકતૃભાવથી અને સાક્ષિભાવથી અંતર્યામી બનીને બિરાજમાન રહે જ છે **''બધા ભૂતોની અંદર રહીને બધાને પોતાના શરીરની જેમ ધારણ કરે છે''** (બૃહ. ઉપ. ૩/૭/૧૫). આ જ રીતે એ સર્વત્રાતા વિશ્વાત્માની ભીતર સર્વવિધ ત્રેયરૂપ વિશ્વાત્મક શરીર ગૂઢતયા રહે છે. અને એનામાં પાછો ગૂઢતયા વિશ્વાત્મા પણ નિહિત રહે છે. આ જ વાત સંહાર્ય અને સંહર્તાની વચ્ચે પણ પરસ્પર પ્રકટરૂપ અને ગૂઢરૂપોની સરળતાથી સમજી શકાય છે. પ્રકટ સંહાર્યના દુઃખ-મોહ-શોકમાં ગૂઢ સંહર્તાનો આનંદ ભરેલો રહે છે. એ જ રીતે પ્રત્યેક પ્રકટ સંહર્તાની ભીતર ગૂઢ શોકમોહજનક સંહાર્યના વિદ્યમાન હોવાની આનંદાત્મિકા લીલાને વિદ્યમાન માનવામાં આવેલી છે.

સ્વરૂપલક્ષણના પછી બ્રહ્મનાં કાર્યલક્ષણની દ્રષ્ટિએ જોવાથી આ ત્રિક ત્યાં પણ ઓળખી શકાય છે. કેમ કે ઉપનિષદોના અનુસાર સૃષ્ટિ-સ્થિતિ-સંહર્તિની લીલા બ્રહ્મની ભીતર એક ઋજુરેખાની જેમ એકાન્તિક આદ્યન્તભાવ વાળી નથી હોતી. તે તો નિરંતર ચક્રવત્ વર્તુલાકૃતિવાળી હોય છે. તેથી પ્રત્યેક ઉત્પત્તિમાં સ્થિતિ-સંહૃતિ, પ્રત્યેક સ્થિતિમાં ઉત્પત્તિ-સંહૃતિ અને પ્રત્યેક સંહૃતિની ભીતર ઉત્પત્તિ-સ્થિતિ ગૂઢભાવથી નિહિત રહે જ છે. અને આ પ્રક્રિયા કોઈ અચેતન પદાર્થની અંદર ચાલતી માનવામાં આવેલી નથી. આત્મચેતનામાં જ ચાલતી માનવામાં આવેલી હોવાના લીધે એની અંદર સાક્ષી પણ અંતર્નિગૂઢ રહે જ છે.

**(૧૮) સકલ સૃષ્ટ જીવાત્માઓની અંદર શરીરમાં વિદ્યમાન અંતર્યામી :**

આ અંતર્યામીના પણ આવા ઉભયવિધરૂપ નિરૂપિત છેઃ જેમ દ્રષ્ટારૂપી

જીવાત્માની અંદર ઉપદ્રષ્ટા રૂપી અંતરાત્મા અને એ ઉપદ્રષ્ટા અંતરાત્માની અંદર દ્રષ્ટારૂપી જીવાત્મા પરસ્પર ઉપદર્શનના સંબંધમાં અંતર્નિહિત રહે છે. તેવી જ રીતે મન્તાની અંદર અનુમન્તા અને એની અંદર મન્તા નિહિત રહે છે. એટલા માટે **"જે પરમેશ્વરનું ભરણ પોતાની અંદર કરે છે તેનું ભરણ પરમેશ્વર પોતાની અંદર કરે છે"** (તૈત્તિ.આર.૩/૧૪/૧). જેવા શ્રુતિવચનોમાં તે ગૂઢ ભાર્યભૂત ભગવાનને પ્રકટ ભર્તારૂપી જીવાત્માની ભીતર અને ગૂઢ ભર્તુભૂત ભગવાનની ભીતર પ્રકટ ભાર્ય જીવાત્માને માનેલ છે. આને બીજા પણ બધા રૂપોનું ઉપલક્ષણ માનીને જોવાની સૂઝ-બૂઝ રાખીને પ્રયત્ન કરવાથી વાત એકદમ સ્પષ્ટ થઈ શકે છે. ભોગ્યની ભીતર ભોક્તા અને ભોક્તાની ભીતર ભોગ્યનું નિરૂપણ તો આપણે જોઈ લીધું. ઈશિતવ્યની ભીતર ઈશ્વર અને ઈશ્વરની ભીતર ઈશિતવ્ય પણ રહે છે. આને ભગવાનના ભક્તાધિન હોવાના અને ભક્તભાવાનુરોધિ સ્વરૂપધારણ કરવાના નિરૂપણોના આધારે સમજી શકાય છે. આમ તો ભગવાનના વિરાટ સ્વરૂપમાં આ બધું જ કાંઈ તેની અંદર પણ ભરેલું માનેલ છે. એટલા માટે ભગવદ્ગીતામાં **"બધા વ્યક્ત ભૂત મારા અવ્યક્તની અંદર અવસ્થિત છે હું કોઈની અંદર નહીં... આને હું કલ્પની શરૂઆતમાં પ્રકટ અને કલ્પના અંતમાં આત્મલીન કરતો રહું છું પરંતુ અનાસકત અને ઉદાસીનતાની જેમ સાક્ષિભાવથી જ આ સૃષ્ટિ-પ્રલયને નિહારતો હોવાથી આ કર્મ મારા માટે બંધનકારી નથી થઈ શકતા"** (ભ. ગીતા. ૯/૪-૯). આવો નિગૂઢ સાક્ષિભાવ પ્રતિપાદિત થયો છે.

### (૧૯) ભાગવતપ્રતિપાદિત દશવિધ લીલાઓમાં પણ આવા ગૂઢ અને પ્રકટ ભાવ :

બ્રહ્મમાંથી જડજગતની ઉત્પત્તિ-સ્થિતિ-સંહૃતિ અને આવા તે જગતમાં બંધાઈ જવાવાળા જીવની મુક્તિ તે બ્રહ્મના કાર્યતયા તથા શ્રવણ-મનન-નિદિધ્યાસનરૂપ મોક્ષપ્રદ સાધનાના રૂપમાં પણ ઉપદિષ્ટ થઈ છે. શ્રીમદ્ભાગવતપુરાણ, પરંતુ, ઉત્પત્તિને સર્ગ-વિસર્ગલીલાના રૂપમાં, સ્થિતિને સ્થાન-પોષણ-ઉતિ-મન્વન્તર-ઈશાનુકથા અને નિરોધ લીલાઓના રૂપોમાં, મુક્તિ-સંહૃતિને મુક્તિ-આશ્રયભાવાપત્તિની

લીલાઓના રૂપમાં સ્વીકારે છે. આ ભક્તોને માટે ભગવલ્લીલાશ્રવણ ભગવલ્લીલાકીર્તન અને ભગવલ્લીલાસ્મરણ કરાવવાના ભક્તિરૂપ પ્રયોજનવશ પ્રતિપાદિત થયું છે. મહાપ્રભુજી કહે છે **"આ ભાગવતરૂપ શાસ્ત્રનો સાકલ્યેન (સમગ્રતા-સફળતાપૂર્વકનો) પ્રતિપાદ્ય વિષય આનંદરૂપ ભગવાનની પરમાનંદાત્મિકા લીલા છે. એટલા માટે એને ભક્તિ પ્રકટ કરવાવાળી સંહિતા જાણવી જોઈએ. સૃષ્ટિ વગેરેને ભગવાનની લીલાના રૂપમાં જાણવાથી જ ભક્તિ પ્રકટ થઈ શકે છે, જેમ બ્રહ્મના કાર્યરૂપે સૃષ્ટિને જાણવાથી જ્ઞાન પ્રકટ થાય છે"** (સુબો. ૧/૧/૪) મહાપ્રભુજી સુસ્પષ્ટ શબ્દોમાં આ પ્રતિપાદન પણ કરે છે કે **"શ્રીકૃષ્ણ પરમાનંદરૂપ છે, દશવિધ લીલાઓમાં સદાય વિહાર કરતા રહે છે. અને બધા ભક્તોના સમુદ્ધારાર્થ તેઓ વિસ્ફુરિત થાય છે"** (ત.દી.નિ.૩/૧/૧). આ ભગવલ્લીલાવર્ણન ભાગવતમાં બે રીતે કરવામાં આવેલું છેઃ ૧. શ્રીકૃષ્ણના પરબ્રહ્મ હોવાના પાસામાં જે સૃષ્ટિવગેરે લીલા પ્રકટ થાય છે, ૨. સૃષ્ટિમાં પ્રકટ થનારી અવતારી શ્રીકૃષ્ણની અવતારલીલાઓના રૂપમાં. પ્રથમ પ્રકાર ભગવત્પ્રયુક્ત તેમજ ભગવત્સાપેક્ષ સૃષ્ટિલીલાનો છે. બીજો પ્રકાર સૃષ્ટિલીલાપ્રયુક્ત તેમજ સૃષ્ટિલીલાસાપેક્ષ ભગવાનના ગુણ ધર્મ રૂપ તેમજ ચરિત્રનો છે. કેમ કે ધર્મસ્થાપન અધર્મનિરાકરણ સાધુત્રાણ અને અસાધુવિનાશન કે ભક્તમનોરથપૂરણ બધા પ્રકારના ભગવત્પ્રાદુર્ભાવોમાં જીવાત્મા પ્રાર્થનાકર્તા કે આશાવાન્ કર્તા હોવાના રૂપમાં પ્રયોજકકર્તા બને છે. પરમાત્મા પ્રયોજ્યકર્તા બને છે. એટલા માટે સર્ગાદિ લીલાઓમાં ભગવાનમાંથી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ અને એવી સૃષ્ટિમાં પ્રકટેલા પદાર્થ યા પુરૂષોમાંથી ભગવત્પ્રાદુર્ભાવ પણ નિરૂપિત થયો છે. આ ગૂઢભાવની સમજણ જ ભક્તિભાવની જનક બને છે. આ જ રીતે સ્થિતિલીલાના ચરમોત્કર્ષરૂપ નિરોધના પણ બંને જ પ્રકાર : ભગવાનનું જીવાત્માઓની વચ્ચે પ્રગટ થવું સાધનરૂપનિરોધ માનેલો છે. જીવાત્માઓનું પ્રપંચને ભૂલીને ભગવાનમાં તન્મય હોવું ફલરૂપ નિરોધ માનેલો છે. આ જ રીતે મુક્તિ-આશ્રયલીલાઓના અંતર્ગત પણ બંને પ્રકારે ભગવન્મુક્તિ પણ અને જીવમુક્તિ પણ માનેલી છે. આ જ રીતે આશ્રયભાવાપત્તિમાં પણ જીવની

ભગવદ્‌ભાવાપત્તિ અને પ્રકટ સચ્ચિદાનંદાત્મક ભગવત્સ્વરૂપમાં ચાલી રહેલી નિત્યલીલામાં ભગવાનની દિવ્ય જીવભાવાપત્તિ પણ વર્ણિત થઈ છે. આમ જીવાત્માઓની અંદર ગૂઢ પુંભાવ અને પરમાત્માની અંદર ગૂઢ સ્ત્રીભાવ સ્વીકારવામાં આવેલા છે.

મહાપ્રભુજીએ આ પણ સ્પષ્ટીકરણ આપ્યું છે કે

**''વેદાન્તોપનિષદોમાં જે શ્રીકૃષ્ણના બ્રહ્મ હોવાના પાસાની પ્રધાનતા છે, ગીતામાં એના પરમાત્મા હોવાની પ્રધાનતા છે અને ભાગવતમાં એના જ ભગવાન્ હોવાના પાસાની પ્રધાનતા છે. તે અનુસાર હું પણ તે-તે શાસ્ત્રોમાં સિદ્ધ આ ત્રણ પાસાઓનું પ્રતિપાદન મારા ગ્રંથમાં પણ કરીશ.''**

(ત.દી.નિ. ૧/૬)

## (૨૦) પ્રસ્તુત વિમર્શનો ફલિતાર્થ :

આવા શ્રીકૃષ્ણના મુખારવિંદના અવતારરૂપેણ મહાપ્રભુજીને સ્વીકારાયેલ છે. તેથી શ્રીકૃષ્ણના આ ત્રિવિધ સ્વરૂપ અને દશવિધ લીલાઓને ભુલી જવી ઉચિત નથી. આમ લીલાવિશેષમાં પ્રકટ થતાં શ્રી કૃષ્ણના [૧]ગૂઢસ્ત્રીભાવ, લીલાપરિકરોની અંદર પ્રકટ થતા વિશેષ [૨]ગૂઢપુંભાવ; અને, શ્રીકૃષ્ણના વિશેષ પ્રકટપુંભાવ તેમજ લીલાપરિકરોના વિશેષ પ્રકટસ્ત્રીભાવોના વિશેષ [૩]સાક્ષિભાવ ભાવોમાં મહાપ્રભુજીને પરિસીમિત શા માટે માનવા જોઈએ? તેના કરતાં સમગ્રપણે શા માટે ન સ્વીકારી લેવા?

સર્વોત્તમસ્તોત્રમાં **''શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ- તત્સારભૂત રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ''** (સર્વો.સ્તો.૧૬) નામોમાં ભાગવતને પીયૂષસમુદ્ર માનીને, રાસમાં ભગવાનની શૃંગારાત્મિકા રસાનુભૂતિ કરવાવાળી ગોપિકાઓના ભાવને એનો સાર માનવામાં આવે છે. આવી શબ્દાવલીના પ્રયોગના કારણે આપણે ભટકી જઈએ છીએ પરંતુ બીજી જે વાત મહાપ્રભુજીને વિષે એમને 'રાસલીલૈકતાત્પર્ય' (સર્વો. સ્તો. ૧૭) માન્યા પછી પ્રભુચરણ કહે છે કે **'વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ'** (સર્વો. સ્તો. ૧૮) તેના ઉપર ધ્યાન નથી આપતા. આ નામોના આધાર ઉપર નિરૂપિત થતી મહાપ્રભુજીની ઉભયવિધતાને સ્વીકારવા માટે કતરાવું

ઉચિત નથી.

કેમ કે સંપૂર્ણ શ્રીમદ્‌ભાગવતના પરિત્યાગપૂર્વક રાસલીલા પ્રકરણના એકાન્તિક પરિગ્રહ અથવા રાસલીલાપ્રકરણના પરિત્યાગપૂર્વક સંપૂર્ણ ભાગવતના શ્રવણ-કીર્તન-સ્મરણનો આત્યન્તિક દુરાગ્રહ આમ બંને જ મહાપ્રભુજીના મત અને રૂચિથી વિપરીત જનારી કથા છે.

એ તો બરાબર છે જ કે અભિહિતાર્થની તુલનામાં તાત્પર્યવિષયીભૂત અર્થ મુખ્ય હોય છે. પરંતુ તે તાત્પર્યવિષયીભૂત અર્થનું સૌન્દર્ય પણ પ્રકટ હોય છે, અભિધાવૃત્તિ દ્વારા ઇંગિત હોવાથી જ ! એટલે કે શબ્દની અતિમુખર અભિધાવૃત્તિથી પ્રગટ થવાથી નહીં ! કેમ કે તાત્પર્યવિષયીભૂત અર્થનું અભિધાવૃત્તિ દ્વારા નિરૂપણ કરવાથી નિરૂપ્યમાણ અર્થ પોતાનું સઘળું સૌન્દર્ય ખોઈ બેસે છે !! એટલા માટે તાત્પર્યવિષયી ભૂત અર્થ પણ પ્રગટ થાય છે અભિહિતાર્થના પ્રગટ થયા પછી તેના માધ્યમ દ્વારા જ !!! જેમ તાત્પર્ય યા વ્યંજનાથી રહિત અભિધાવૃત્તિ રસાત્મિકા ચમત્કૃતિ પ્રકટ નથી કરી શકતી, તેવી જ રીતે તાત્પર્યવિષયીભૂત વ્યંગ્યાર્થનું અભિધાથી નિરૂપણ પણ કેવલ રસાભાસ જ પ્રકટ કરે છે, રસાત્મક ચમત્કાર નહીં.

તેથી તે એકમેવ અદ્વિતીય પરમ તત્ત્વનું અનેકવદ્‌ભાવાપન્ન હોવું જેમ સૃષ્ટિલીલા છે તેવી જ રીતે આત્મના વિભક્ત અનેકોની વચ્ચે અંતર્યામિરૂપે અનુપ્રવિષ્ટ તે ગૂઢ એકમેવાદ્વિતીયનુ પુનઃ સ્વારસિક એકત્વને નિભાવીને અનેક રૂપોમાં પ્રકટ થઈ જવું જ રાસલીલાનો મુખ્ય તાત્પર્યવિષયીભૂત સ્થાયિભાવ છે. તે દશમસ્કન્ધની પંચાધ્યાયીના શૃંગારાત્મિકા લીલાના અભિધાન દ્વારા નિરૂપિત થયો. એનું પણ પરમતાત્પર્ય તો ઉપનિષદ્‌માં પ્રકટરૂપથી અભિહિત એકમેવાદ્વિતીય તત્ત્વના નામ-રૂપ-કર્મોના અનંતભેદોમાં પ્રકટ થઈ જવાથી તેનામાં નિગૂઢ એકત્વની રસાનુભૂતિ જ છે. એટલા માટે અનેક પરમાત્મા દ્વારા નિજાનંદના ઉપભોગાર્થ અનેક રૂપોને ધારણ કરી સમ્પન્ન કરેલી રાસલીલામાં ભોક્તૃભાવાપન્ન શ્રીકૃષ્ણના સ્વરૂપને બદલે તે અનેક રૂપોના સમક્ષ પોતાના નિગૂઢ ભોગ્યભાવને પ્રગટ કરવાવાળા શ્રીકૃષ્ણને મહાપ્રભુજીએ ધર્મીરૂપ માન્યા છે. એટલા માટે ત્રીશમા અધ્યાયને ધર્મીલીલા પ્રતિપાદક માન્યો છે, જ્યારે કે બત્રીશમાં અધ્યાયમાં પ્રતિપાદિત લીલાને **''આન્તરન્તુ પરં ફલમ્''** (સુબો. ૧૦/૨૬/૦ કા. ૫)ના રૂપમાં

બિરદાવવા છતાં પણ તેને કેવલ જ્ઞાનરૂપ ગુણધર્મ માન્યો છે. એટલા માટે **''જેટલી ગોપિકાઓ હતી એટલા પોતાના રૂપ ધારણ કરીને આત્મારામ ભગવાને એમની સાથે રમણની લીલા કરી''** (ભાગ. પુરા. ૧૦/૩૦/૨૦). આમ ગૂઢસ્ત્રીભાવ એટલે કે ભોગ્યભાવ પ્રકટ કરવાવાળા શ્રીકૃષ્ણને જ મહાપ્રભુજી ધર્મિરૂપ પૂર્ણાનંદ માને છે.

અહિં શંકા થઈ શકે છે કે તો યુગલગીતમાં પ્રતિપાદિત થતી ભગવલ્લીલાની આંતર અનુભૂતિને 'પરમફલ' કેમ માન્યું? આ પ્રસંગમાં આ અવધેય (નિશ્ચય) છે કે તામસફલપ્રકરણના ત્રીશમાં અધ્યાયમાં ધર્મપ્રતિપાદિકા લીલામાં ભગવાનની બાહ્યભોગ્યતા જેમ નિરૂપિત થઈ છે. એવી જ રીતે બત્રીશમાં અધ્યાયમાં આભ્યન્તર ભોગ્યતાનું નિરૂપણ હોવાથી ત્યાં પરમફલતા માનેલી છે. આમ તો આ વાત અહીંથી રોકાઈ નથી જતી. કેમ કે આ તો ભગવાનની કૃપાનું વર્ણન છે. આને પ્રમેયબલ યા ફલબલ માનેલ છે અને તેના કારણે સમ્પન્ન થયેલી લીલા છે. વ્યુત્ક્રમેણ (ઉલ્ટા ક્રમથી) ભગવાને એ જ ગોપિકાઓને પ્રમાણ યા સાધનના બલથી અનુભૂત થનારી લીલાઓનો પણ અનુભવ આગળના રાજસપ્રમેયપ્રકરણમાં કરાવ્યો છે. એટલા માટે સાધનરૂપ વિરહાનુભવાર્થ સર્વફલાનુભાવક સામગ્રીઓના ત્યાગનો ભગવત્પ્રદત્ત ઉપદેશ પણ મહાપ્રભુજીએ સમજાવ્યો છે **''મારી કૃપા દર્શાવવા માટે હું પોતાની પૂર્ણતાને નિભાવતા પ્રાપ્ત થઈ ગયો પરંતુ તો પણ સાધનોની પૂર્ણતા વિના મને પ્રાપ્ત કરી લેવો મારી અપૂર્ણ અનુભૂતિ જ હોવાથી સાધનોની પૂર્ણતા વિરહાનુભૂતિમાં સ્વીકારવી જોઈએ''** (સુબો. ૧૦/૪૪/૩૭) જ્યાં પ્રમાણ અને પ્રમેય અથવા સાધન અને ફલ અલગ થતા હોય તેને મહાપ્રભુજી મર્યાદાની ભગવલ્લીલા માને છે. જ્યાં, પરંતુ, આ બંને ઈતરેતરાત્મક હોય તેને ભગવાનની પુષ્ટિલીલા માનવામાં આવે છે. આવી સ્થિતિમાં પ્રમાણ/પ્રમેય અથવા સાધન/ફલની ચતુષ્ટયીમાંથી કોઈ એકનો દુરાગ્રહ ભગવાનની ઈતરેતરાત્મકતાનો અસ્વીકાર હોવાથી એને પુષ્ટિરૂપથી પ્રચ્યુત કરી દે છે. મહાપ્રભુજી કેવલ રાસલીલૈક્તાત્પર્યવશ રાસલીલાની કથા પ્રદાન કરવાવાળા જ નથી. પરંતુ વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશક પણ છે. એટલા માટે આ વિષયમાં બધા વિસંવાદ અને સંદેહના નિવારણાર્થ જે

વચન સ્વયં ભગવાને ગોપિકાઓના પ્રશ્નોના સમાધાનાર્થે કહ્યા તેની સુબોધિનીના ભાવાનુવાદનું અવલોકન અતીવ ઉપકારક થશેઃ

**''ભજનાર્થ ભગવાનનો ઉપયોગ ચાર પ્રકારથી શક્ય છેઃ'' [1]ભગવાન અમારી કામના પૂર્ણ કરવાવાળા છે આ કારણથી તેમને પોતાના ભોગ્ય માનવા, [2]આપણી કામનાઓની પૂર્તિના અનુબન્ધમાં ભગવાનને બાંધ્યા વિના એટલે કે સ્વતન્ત્ર રાખીને એમને ભોગ્ય માનવા, [3]ભગવાને જે કાંઈ આપણા માટે સુલભ બનાવ્યું હોય, તેને ભક્તિભાવની સાથે ભગવાનને સમર્પિત કરીને એના ભોક્તા ભગવાનને માનવા, [4]જેમ અમે વિષયોના ભોગ કરીએ છીએ, તે જ રીતે ભગવાન પણ અમારો ભોગ યા અમારા વિષયોના ભોગ કરવાવાળા અમારા જેવા ક્ષુદ્ર ભોક્તા છે.**

**[1]પ્રથમ પ્રકાર તો સર્વથા ભજનનો સ્વારસિક ભાવ યા સ્વભાવનો જ વિનાશક થાય છે. કેમ કે ભગવાનનું સ્વરૂપ કેટલુંય દિવ્ય કેમ ન બતાવવામાં આવે પરંતુ વિષયતયા સ્વીકારવાથી એને કાલમાં પરિચ્છિન્ન અલ્પ જ માનવુ પડશે ભૂમા નહીં. [2]ભગવદ્ ઈતર વસ્તુ વિષયક આપણી કામનાઓને ભગવાન પૂર્ણ કરે યા ન કરે પણ આપણે તો ભગવાનનું ભજન કેવલ ભક્તિરસના અનુભવાર્થ જ કરવું હોય, તદર્થ ભગવાનને ભોગ્ય માનવા પડતા હોય તો કોઈ દોષ નથી. [3]આ જ રીતે ભક્તિને વશ નિજ આત્માત્મીયને ભગવાનને સમર્પિત કરીએ છીએ એમના ભોક્તા ભગવાનને માનવામાં પણ કોઈ દોષ નથી. [4]પરંતુ ભક્તિભાવના ભોક્તા માનવાની જગ્યાએ ભગવાનને સ્વયં આપણી જેમ વિષયોના ભોક્તા માનવા ભગવાનના આત્મરમણના સ્વભાવની બાબતમાં નિતાન્ત અપરિચયને ઉજાગર કરવા જેવું થાય છે.**

તેથી આવા અવર્જિત ભાવોના અનુસાર ભગવાનને ભોગ્ય યા ભોક્તા માનવાવાળાઓને પોતાના હૃદયમાં નિરૂઢ ભાવના અનુરોધવશ જ ક્યારેક, ભગવાનને સર્વરસભાવોથી ભોગ્ય અથવા સર્વરસભાવોના ભોક્તા માનવાથી, ભક્તને પોતાના ભક્તિભાવની રસાવર્જનામાં વ્યવધાન અનુભૂત થાય છે. તેથી આવો ભક્ત તો પોતાના ભાવને અનુસાર કોઈ એકતમરીતિની ત્રિતયાત્મકતાનું ભાવન અવશ્ય કરી શકે છે. એમાં કોઈ વિપ્રતિપત્તિ યા આપત્તિજનક વાત નથી. એટલા માટે અહીં પ્રતિપાદિત સર્વરસાત્મક સ્વરૂપનાં અંતર્ગત ઝલકતા આ ગૂઢપુંભાવ ગૂઢસ્ત્રીભાવ અને સાક્ષિભાવનું પ્રત્યાખ્યાન કોઈ પણ પ્રકારે શક્ય નથી.

આમ પુષ્ટિમાર્ગીય ગાયત્રીના બીજરૂપ, બ્રહ્મવાદાશ્રિત પુષ્ટિભક્તિમાર્ગીય ૐ કારોપમ 'સૌન્દર્ય' પદ્યની મીમાંસા થવી જોઈએ. આને આગળના વ્યાહૃતિરૂપ સર્વોત્તમસ્તોત્ર શ્રીવલ્લભાષ્ટક અને સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતના જ નહીં પરંતુ સકલ મહાપ્રભુપદિષ્ટ ગ્રંથરૂપ ગાયત્રીના બીજરૂપેણ સમજી લેવું આવશ્યક છે.

## (૨૧) સર્વોત્તમ, શ્રીવલ્લભાષ્ટક અને સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત સ્તોત્રોના મુખ્ય પ્રતિપાદ્ય વિષય :-

આ ત્રણેય સ્તોત્રોમાં, જેમ કે આપણે જોઇ ગયા, ક્રમશઃ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણના એકસોઆઠ નામ, આઠ પ્રકારના રૂપ તથા છ પ્રકારના ગુણધર્મ અને એકધર્મી મળીને સાત પ્રકારની સ્તુતિ એમના દ્વિતિયઆત્મજ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ દ્વારા પ્રગટ કરવામાં આવેલી છે.

આ બધા સ્તોત્રોમાં મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો પ્રાચિન ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોમાં ઉપદેશાયેલા આદર્શ જ છે. જેમ કે તેમાં પ્રાપ્ત થાય છે :

૧. **"જે પુરૂષ આચાર્યવાન હોય છે તે જ આને જાણી શકે છે."** (છાન્દો. ઉપ. ૬/૧૪/૩).

૨. **"તે દેવ બોલ્યા અમે દેવવિદ્યા અને આત્મવિદ્યાનો ઉપદેશ તો આપ્યો પરંતુ ગતિ તો આચાર્ય જ સમજાવી**

**શકે છે''** (છાન્દો. ઉપ.૪/૧૪/૧).

3. **''આચાર્યના વિષે તેમના દેવ હોવાનો ભાવ રાખવો જોઇએ.''** (તૈત્તિ. ઉપ.૧/૧૧).

૪. **''જેને દેવમાં પરા ભક્તિ હોય અને જેવી દેવમાં હોય તેવી જ ગુરૂમાં પણ હોય ત્યારે આ વાતોને કોઇ સમજી શકે છે''** (શ્વેતા. ૪/૨૩).

૫. **''આચાર્યને સાક્ષાત બ્રહ્મની મૂર્તિ સમજવા જોઇએ''** (ભાગ.પુરા. ૬/૭/૨૯)

૬. **''આચાર્યના ચૈત્યવપુ દ્વારા પરમાત્મા પોતાની ગતિનો અભિપ્રાય જણાવે છે.''** (ભાગ.પુરા. ૧૧/૩૯/૬).

એટલા માટે આ પ્રાચિન આદર્શ મુજબ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ પણ પોતાના જનક આચાર્ય મહાપ્રભુના સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોવાનું પ્રતિપાદન આ ત્રણેય સ્તોત્રોમાં કરે છે. આને કોઇ એક રૂપમાં પરિસીમિત રાખવાને બદલે મહાપ્રભુની ભગવદ્રુપતાનું પ્રતિપાદન અનેક રીતે આ સ્તોત્રોમાં કરવામાં આવેલું છે. આ વાત પણ પાછી સમજવામાં ત્યારે જ આવી શકે છે જ્યારે 'સૌન્દર્ય...' પદ્યમાં પ્રતિપાદિત ગૂઢપુંભાવ, ગૂઢસ્ત્રીભાવ અને સાક્ષિભાવનું રહસ્ય સંપૂર્ણપણે બુદ્ધિગત જ નહીં પરંતુ હૃદયારૂઢ પણ થઇ ગયું હોય.

તેના અનુસાર પ્રત્યેક આરાધ્ય ભગવદરૂપની અંદર એમની આરાધનાના ઉપદેશક આચાર્યનું ગૂઢરૂપ નિહિત (સ્થાપિત) રહે છે. અને આજ રીતે પત્યેક આચાર્યની અંદર તે જે પ્રકારની ભગવદ્ આરાધનાનો ઉપદેશ પ્રદાન કરતા હોય છે તેને અનુરૂપ આરાધ્યદેવનું ગૂઢરૂપ નિહિત હોય છે. પછી તે ભલે જરથ્રૂસ્ટ્ર બુદ્ધ મહાવીર માંજેસ્ ઇસા કે મહમ્મદ પયગમ્બર હોય કે પછી શ્રીશંકર શ્રીઅભિનવ ગુપ્ત શ્રીરામાનુજ શ્રીમધ્વ વગેરે વેદાન્તાચાર્ય હોય અથવા શ્રીકબીર શ્રીનાનક શ્રીતુલસીદાસ

શ્રીજ્ઞાનેશ્વર શ્રીતુકારામ શ્રીસમર્થ રામદાસ જેવા સંત ઉપદેશક હોય.

સર્વોત્તમ સ્તોત્રમાં આપણે જોઇ શકીએ છીએ અહીં ઘણા બધા નામોના જોડકામાં આ પ્રકારના ઇતરેતર અન્તર્નિહિત ઇતરેતરના પ્રગટભાવ અને ગૂઢભાવની પ્રક્રિયા ઉભરતી જોવામાં આવે છે : જેમ સર્વપ્રથમ નામનું જોડકું 'આનંદ-પરમાનંદ'ની જ મીમાંસા કરીએ તો આના સ્વરૂપાનંદ-લીલાનંદના પ્રભેદને અનુસાર તાત્પર્ય અવગાહન કરીએ કે અક્ષરબ્રહ્માનંદ - પુરૂષોત્તમાનંદના પ્રભેદ, અથવા લોકવેદ- પ્રથિત - લોકવેદાતિતપુરૂષોત્તમના પ્રભેદ, અથવા સૃષ્ટિલીલા - અવતારલીલાના પ્રભેદ, અથવા ભગવન્માહાત્મય જ્ઞાન - ભગવદ્ વિષયક સુદૃઢ સ્નેહના પ્રભેદ, અથવા સ્વરૂપાનંદ - ભજનાનંદના પ્રભેદ, અથવા ભગવત્પ્રપત્તિ-ભગવદ્ ભક્તિના પ્રભેદ, અથવા ભગવત્સેવા - ભગવત્કીર્તનના પ્રભેદ, અથવા ભગવાનની સંયોગાનુભૂતિ - વિયોગાનુભૂતિના પ્રભેદ, ભગવદ્ભક્તિ - ભગવન્નિરોધના પ્રભેદ, એહિકતનુનવત્વ - પારલૌકિકનવતનુત્વના પ્રભેદ જેવા જેટલા પણ પ્રભેદ વિચારવામાં આવે તેમા યત્કિંચિત્ અન્તદ્દષ્ટિ હોય તો પ્રકટભાવોની ભીતર ઇતરેતર ગૂઢભાવોને સુખેથી શોધી શકાય છે. એતાવતા સ્વમાર્ગમાં ભાવુકોની વચ્ચે પોત - પોતાની ભાવોની સરસ તન્મયતાને કારણે વિલસિત થતી વિસંમતિ અથવા વિચારકોની વચ્ચે પોત-પોતાની રૂઢ ધારણાઓના નિરસ દુરાગ્રહને કારણે ઉચ્છ્લિત થતા વિવાદ બંનેની વચ્ચે એકવાક્યતા શોધી શકાય છે.

આ પ્રક્રિયા માત્ર આગળના નામોના જોડકાનું જ રહસ્ય છે, એવું ન માની લેવું જોઇએ કેમકે સર્વોત્તમસ્તોત્ર અન્તર્ગત બીજા પણ કેટલાય નામોના જોડકાના સંદર્ભમાં ઇતરેતરમાં નિગૂઢતયા વિદ્યમાન રહેવાની આ પ્રક્રિયાનું નિદર્શન આપણને મળી શકે છે. ઉદાહરણ રૂપે :

**શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન - સાકારબ્રહ્મવાદસ્થાપન**

**વેદપારંગતતા - માયાવાદનિરાકરણ**

**દૈવોદ્ધારપ્રયત્ન - આર્તિનાશકસ્મૃતિ**

**બ્રહ્મવાદસ્થાપન - માયાવાદનિરાકરણ**

**આચાર્યાંગીકૃતિમૂલક ગોપીશવલ્લભીકરણ - સમર્યાદાંગીકૃતિ**

**મહોદારચરિત્ર - પ્રાકૃતાનુકૃતિવ્યાજાસુરમોહન**
**વૈશ્વાનર - વલ્લભ**
**સદ્રૂપતા - સદ્ધિતકૃતિ**
**ભક્તદ્વિટ્રોષદૃકપાતસમ્પ્લવ - ભક્તસેવ્યતા**
**સુખસેવ્યતા - દૂરારાધ્યતા**
**પૂર્ણાનંદતા - પૂર્ણકામતા**
**સ્વવંશાશેષમાહાત્મ્યસ્થાપન - સ્મયનિવારણ**
**ભક્તિમાર્ગે સર્વવૈલક્ષણ્યાનુભૂતિકૃત - પૃથક્શરણમાર્ગોપદેષ્ટા**
**સર્વાનાસકિત - ભકતમાત્રાસક્તિ**
**યજ્ઞભોક્તૃતા - યજ્ઞકર્તૃતા**

આ નામોની આ સંદર્ભમાં વિશદ વિવેચના અહિં શક્ય ન હોવાથી માત્ર સંકેત આપવામાં આવેલ છે. પરન્તુ આને સારી રીતે હૃદયગત રાખવાથી પ્રાચીન વ્યાખ્યાકારો દ્વારા આપેલા બહુવિધ તાત્પર્યવિવેચનમાં મૂલકારના તાત્પર્યને અનઅવગાહ્ય હોવાની કુંઠાથી અવશ્ય બહાર નિકળી શકાય છે.

દોષદ્રષ્ટિ રાખીને ભગવદ્વાણી કે આચાર્યવાણીમાં કોઇ એક વચનની સરખામણીમાં બીજા વચનની ઉત્તમતા વિચારવી કે બતાવવી ચોક્કસ અપરાધ થાય છે, પરંતુ કોઇ વચનમાં પ્રગટ થતાં વિશેષ ગુણને વિશેષ આસક્તિના ભાવની રસાનુભૂતિમાં વિશેષ ચમત્કૃતિ સ્વીકારવી જો દોષ રૂપ ન હોય તો કહેવા માંગીશ કે માત્ર શ્રીમત્પ્રભુચરણની અન્ય-અન્ય કૃતિઓની સરખામણીમાં પરંતુ બધા જ પુષ્ટિમાર્ગીય સ્તોત્રોમાં સર્વોત્તમ સ્તોત્ર ખરેખર સર્વોત્તમસ્તોત્ર છે! કારણ કે જે પ્રકારે આ સ્તોત્રમાં મહાપ્રભુના ધર્મ-દર્શનસંબંધી રહસ્યોને ગૂંથ્યા છે તે ખરેખર અત્યન્ત વિલક્ષણ છે. આને સર્વોત્તમસ્તોત્રના તાત્પર્યનિર્ધારક ઉપક્રમ - ઉપસંહાર અભ્યાસ અપૂર્વતા ફલશ્રુતિ નિંદાસ્તુતિ તથા ઉપપત્તિરૂપી અંગોની વિચારણા કરવાથી સારી રીતે સમજી શકાય છે. એટલા માટે ગ્રંથકાર કહે છે **''મહાપ્રભુજીની વાણી અત્યન્ત દૂર્બોધ હોવા છતાં પણ તે સુબોધ બની શકે**

**એ આશયથી અવબોધાર્થ અસામર્થ્યકારી પાપોને હરવાવાળા મહાપ્રભુજીના એકસો આઠ નામ હું પ્રગટ કરી રહ્યો છું''** *(સર્વો. સ્તો. ૪)*

આપણે જોઇ શકીએ છીએ કે તેથી જ પ્રભુચરણ મંગલાચરણમાં જ મહાપ્રભુજીના દર્શનનો સાર સર્વપ્રથમતયા નિર્દિષ્ટ કરી રહ્યા છે. મહાપ્રભુજીએ પોતાના મતની સંગ્રહકારિકા પોતે એમ કહેવા માગી છેઃ

**સાકારં બ્રહ્મ શુદ્ધં હિ માયા તચ્છક્તિઃ ઉત્તમા ।**
**તયા સર્વત્ર સમ્મોહઃ સાક્ષાદ્ ભક્તિશ્ ચ મોચિકા ।।**

*(સુબો. ૧/૭/૪)*

આ જ વાત પ્રભુચરણે પણ સર્વોત્તમસ્તોત્રનાં મંગલાચરણ તથા અનુબન્ધપ્રતિપાતિપાદક શ્લોકોમાં સમજાવી દીધી છે : **''જેનામાં કોઈપણ પ્રકારનો કોઇ પ્રાકૃતધર્મ હોતો નથી પરંતુ જે સ્વયં અપ્રાકૃત ધર્મરૂપ હોય તેવા વેદવેદાન્તસૂત્રગીતા ભાગવત વગેરે શાસ્ત્રોમાં પ્રતિપાદ્ય સાકાર તત્ત્વની સ્તુતિ કરૂં છું.''** (સર્વો. સ્તો.૧) આપણે જોઇ શકીએ છીએ કે અહિં મહાપ્રભુજીએ કહેલી સંગ્રહકારિકામાં, માયાના ઉત્તમશક્તિ હોવા છતાં પણ મોહિકા હોવાના ઉલ્લેખ સિવાય બાકી બધી વાતો સાકારબ્રહ્મને શુદ્ધ કહીને તથા આવા બ્રહ્મની સ્તુતિરૂપા ભક્તિનો પણ અભિપ્રાય જણાવી દીધો છે. બ્રહ્મને સ્વયં ગુણધર્માત્મક, અર્થાપત્ત્યા ગુણધર્મોના બ્રહ્માત્મક હોવાના ઉલ્લેખ દ્વારા, શક્તિરૂપા માયાનો સ્વયં ગુણધર્મમાં અન્તર્ભાવ સ્વીકારી લીધેલો છે. એટલે અલગરૂપે માયાનો અનુલ્લેખ પણ શક્તિ અને શક્તિમાનની વચ્ચે તાદાત્મ્યની અવધારણા ઉપર અવલમ્બિત ધ્વનિત થયો છે. સાકારબ્રહ્મને શુદ્ધ કહેવામાત્રથી બ્રહ્મના માયિક આકારનું વ્યાવર્તન પણ સિદ્ધ થઇ જવાના કારણે પ્રભુચરણ એનો ઉલ્લેખ કરવાનું આવશ્યક નથી માનતા.

આ જ રીતે 'સૌન્દર્ય' પદ્યમાં પ્રતિપાદ્ય બ્રહ્મના માહાત્મ્યજ્ઞાન પ્રાપ્ત થઇ જવા પર તેના પ્રત્યે સુદઢસર્વતો અધિકસ્નેહના ગૂઢભાવોવાળી ભક્તિના પ્રાદુર્ભાવ કરવા માટે જે અથવા જેવા સૌન્દર્યના રહસ્યનું વિવરણ ઉપદેશાયેલ છે તેને પણ, પ્રભુચરણ કેટલી મનોરમ રીતિની સાથે

**"[1]કલિકાલતમશ્છન્ન દૃષ્ટિત્વાદ્ વિદુષામપિ સમ્પ્રતિ અવિષયઃ તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ, [2]દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ [3]વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ. [4]ઋષિઃ અગ્નિકુમારસ્તુ. ... [5]શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ [6]બીજં કારૂણિકઃ પ્રભુઃ [7]વિનિયોગો ભકિતયોગ પ્રતિબન્ધવિનાશને. [8]કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિઃ અત્ર ન સંશયઃ"**

*(સર્વો. સ્તો. ૩-૬)*

અહિં પ્રસ્તુત સ્તોત્રના અધિકારી વિષય સંબંધ અને પ્રયોજન રૂપી અનુબંધચતુષ્ટયના પ્રતિપાદનને બહાને કેટલી અદ્ભુત રીતિથી પ્રભુચરણોએ શું-કાંઇ જણાવી નથી દીધું!

સૌથી પહેલાં અધિકારી વિષય સંબંધ અને પ્રયોજનની જીજ્ઞાસાના સમાધાન માટે આપણે જોઇ શકીએ છીએ કે જેમ કે મહાપ્રભુજીનો સિદ્ધાન્ત છે **"આ માર્ગમાં બધાનો ફલમુખ અધિકાર હોઇ નથી સકતો. કેમ કે જેના ઉપર ભગવત્કૃપા વરસી હોય, જેમનું પૂર્વવદ્ અનુમાન પુષ્ટિભક્તિમાર્ગના વિષે રૂચિસાતત્યની સરિતાને વશ હોય છે, એમનો ફલમુખ અધિકાર હોય છે"** (દ્રષ્ટ.: ત.દી.નિ.પ્ર.૨/૨૨૬) તેને અનુરૂપ પ્રભુચરણ પણ [૨-૩]**હરિઃ દયયા નિજમાહાત્મ્યં વાણ્યા પ્રકટીકરિષ્યન્ સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર'** પ્રતિપાદન દ્વારા ભગવાનની કૃપા જેના ઉપર વરસી હોય તેમને જ અધિકારી માની રહ્યા છે.

બીજા અનુબંધ વિષયના સંદર્ભમાં મહાપ્રભુજી કહે છે **"શાસ્ત્રોમાં બ્રહ્મમાંથી સૃષ્ટિની ઉત્પત્તિનું નિરૂપણ અનેક પ્રકારે જે કરેલું છે તેનો અભિપ્રાય આજ છે કે કથંચિત બ્રહ્મના માહાત્મ્યના નિરૂપણ દ્વારા જીવની અંદર માહાત્મ્યજ્ઞાન પ્રગટ કરવું. આવા માહાત્મ્યની અંદર બ્રહ્મનું પારમાત્મ્ય પણ ગુઢભાવથી નિહિત રહેતું હોવાથી બીજભાવના રૂપમાં પરમાસક્તિપણ નિગુઢ રહે છે. આનું ભાન થવાથી જીવાત્માની અંદર અનૌપાધિક પારમાત્મિક સ્નેહ અંકુરિત થવા લાગે છે. આને શાસ્ત્રોમાં**

**જીવાત્મ- પરમાત્માની વચ્ચે અભેદ ઉપદેશ દ્વારા સમ્પન્ન કરવામાં આવે છે. આમ ભક્તિના બે અંશ માહાત્મ્યજ્ઞાન અને અનૌપાધિક સ્નેહના પ્રાદુર્ભાવ માટે સમગ્ર શાસ્ત્રોની એકવાક્યતા મળી શકે છે. પ્રભુચરણ પણ, તેથી વિષય સુચનાર્થ કહે છે' ''વિનિયોગો ભક્તિયોગો પ્રતિબંધ વિનાશને''** એટલે કે પ્રતિબન્ધરહિત ભગવદ્ભક્તિ જ આ સ્તોત્રનો પ્રધાન વિષય છે.

ત્રીજા અનુબંધના સંબંધના સંદર્ભમાં મહાપ્રભુજી કહે છે **''આ ભગવત્કૃપાને કારણે મળતા માર્ગના આદિમ (પ્રથમ) સાધન શ્રીકૃષ્ણસેવાપર, દંભાદિરહિત અને શ્રીભાગવતતત્ત્વજ્ઞ પુરૂષનું ગુરૂભાવથી ભજન જ છે''** (ત.દી.નિ.પ્ર. ૨/૨૨૭). તેને અનુરૂપ પ્રભુચરણ પણ આગળ પ્રગટ થવા વાળા 'જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્' 'સર્વલક્ષણસમ્પન્ન' 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' 'ગુરૂ' નામોના અભિધેય મહાપ્રભુનું અહિં [૨-૩-૫-૬]**''નિજમાહાત્મ્યં વાણ્યા પ્રકટી કરિષ્યન્ હરિઃ સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર. દેવતા કૃષ્ણાસ્યં, કારૂણિકઃ પ્રભુઃ બીજમ્''** કહી રહ્યા છે.

ચોથા અનુબન્ધ પ્રયોજનના વિષે સ્વયં મહાપ્રભુજી જેમ કહે છે **''હમણાં કલિયુગને લીધે બીજા બધા માર્ગોનું અનુસરણ કરવાના અધિકાર નિવૃત્ત થઇ જવા છતાં પણ કોઇ ભક્તિ સહિત કૃષ્ણસેવા કરતો હોય તો આ જ કલિયુગ ફલ આપવાવાળો પણ થઇ શકે છે.. બધા શ્રુતિવચન અને ગીતા ભાગવત વગેરેનો મુખ્ય અર્થ તો આ જ છે.. તેથી સાત્વિક લોકો પણ મતાન્તરો તરફ મોહિત થઇને શ્રીકૃષ્ણભજનથી કયાંક વિમુખ ન થઇ જાય તે પ્રયોજનવશ મારો આ પ્રયાસ છે.''** (ત.દી.નિ. ૧/૧૯-૨૨) તેને અનુરૂપ પ્રભુચરણ પણ [૧,૮]**''સમ્પ્રતિ વિદુષામપિ કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વાત્ તસ્ય માહાત્યમ્ અવિષયઃ સમભૂદ્... અત્રકૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિઃ ન સંશયઃ''** આમ શબ્દાન્તરમાં એ જ વાત કહી રહ્યા છે.

મહાપ્રભુજીના મતની વિશિષ્ટ કઇ એવી વાત છે કે, જે પ્રભુચરણોએ અહિંયા કહી ન દીધી હોય! સૌપહેલાં તો ભક્તિનું મહાપ્રભુજીને અભિપ્રેત સ્વરૂપ કે તે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢસર્વતોધિકસ્નેહરૂપ છે તે. બીજું આવી ભક્તિના સાધનને બદલે કૃપાલભ્ય હોવાનો સિદ્ધાન્ત. ત્રીજું ભક્તિ પોતાની ફલાવસ્થામાં ભગવાનમાં રહેલાં ગૂઢ ભોગ્યભાવને પ્રગટ કરવાવાળી બની

જાય છે. ચોથું મહાપ્રભુજીની વાણીમાં ભગવન્મુખારવિન્દરૂપ વૈશ્વાનરના પ્રગટ થઇ જવાની વ્યાખ્યા. પાંચમું પોતાના વિષે 'અગ્નિકુમાર' હોવાના ઉલ્લેખ દ્વારા પુષ્ટિભક્તિમાર્ગમાં ગૂઢ ભોક્તૃભાવવાળા ઋષીગણ જે શ્રીરામના રસરૂપ દર્શન પછી બધી સાધનાઓની ચરમનિષ્પત્તિને ભગવદ્રસાનુભૂતિમાં ગૂઢભાવોના આવિષ્કરણ માટે સ્વીકારી લેવા પ્રેરિત થઇ ગયા! એનું અનુકરણ કરતાં બધા આધિભૌતિક આધ્યાત્મિક કે આધિદૈવિક ઉપાયોના અનુષ્ઠાન કૃષ્ણભક્ત્યર્થ કરવાનો સિદ્ધાન્ત. છઠ્ઠુ શ્રીકૃષ્ણમાં રહેલો ગૂઢ ભોગ્યભાવ, જે ભગવાને તામસપ્રમેયપ્રકરણમાં પોતાના વેણુવાદન દ્વારા શ્રુતિરૂપા ગોપીઓમાં જગાવ્યો, તેને આ સ્તોત્રની સિદ્ધિના રૂપમાં બિરદાવીને પ્રગટ કરવામાં આવેલ છે. સાતમું આ સિદ્ધિને પ્રાપ્ત કરવાવાળા અધિકારીના વિશેષણ રૂપે **'સ તદેકમના'** (સર્વો. ૩૫) પદના પ્રયોગ દ્વારા મહાપ્રભુના દ્વારા પ્રશસ્ત ભક્તિના ક્રિયાત્મક સ્વરૂપ ભગવત્સેવાના માનસી થવાના રૂપમાં અભિષ્ટ હોવાની વાત તથા ભક્તિના ભાવાત્મક સ્નેહની વ્યસન અવસ્થામાં વિકાસની વાત પણ પ્રભુચરણોએ સ્થાપિત કરી દીધી છે. કારણ કે ભક્તના તદેકમના થવા સિવાય ન તો માનસી સિદ્ધ થઇ શકે છે અને ન વ્યસનાવસ્થા પણ. 'વ્યસન' પદ દ્વારા જે પ્રિય લાગતું હોય તેના વગર રહી ન શકાતુ હોય તે સ્નેહની વ્યસનાવસ્થા કહેવાય છે. આમ મહાપ્રભુજીને અભિપ્રેત શું કાંઇ પ્રભુચરણોએ કહી નથી દીધું! મંગલાચરણમાં સ્તુતિવિષયના નિર્દેશમાં જ મહાપ્રભુજીના દાર્શનિક મતને તથા અવશિષ્ટ ઉપક્રમાંગ શ્લોકોમાં મહાપ્રભુજીની ધર્મસાધનાની બાબતમાં બધી મહત્ત્વપૂર્ણ વાતોને કેવી વિલક્ષણ રીતથી પ્રભુચરણોએ ગુંથી લીધી, આ જોઇને ચકિત જ થઇ જવું પડે છે!

આ જ રીતે એકસોહઆઠ નામોના પ્રતિપાદનમાં સ્તોત્રના ઉપસંહારમાં પણ જ્યાં પ્રભુચરણ આ વિધાન કરે છે કે **"આ સ્તોત્રમાં નિરૂપણ થયેલા આચાર્યનામો દ્વારા પ્રગટ થતાં મહાપ્રભુના વાસ્તવિક સ્વરૂપ ચરિત્ર અને સિદ્ધાન્તના વિષયમાં સાચી શ્રદ્ધાને કારણે જેની બુદ્ધિ વિશુદ્ધ બની ગઇ હોય એવા તદેકમના થઇને આ સ્તોત્રનો નિયમતઃ પાઠ કરવાવાળાને ગ્રંથની શરૂઆતમાં કહેલી સિદ્ધિ મળી જશે કે જે મળી જાય**

**પછી મુક્તિ અર્થહીન પ્રતીત થાય છે તથા જેના ન મળવાથી પણ મુક્તિ અર્થહીન લાગવા માંડે છે!''** (સર્વો. સ્તો. ૩૪-૩૫). આ વિધાનનો વાસ્તવિક અભિપ્રાય એમને જ સમજમાં આવી શકે છે જે મહાપ્રભુજીના **''હવે અમે પુષ્ટિજીવોનું ફલ નિરૂપણ કરીએ છીએ : પુષ્ટિજીવો માટે ફલ તો આ ભૂતલ ઉપર પોતાના ગુણોને અથવા પોતાના સ્વરૂપને પ્રકટ કરવાવાળા સ્વયં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ જ હોય છે.''** (અથવા થાય છે) (પુ.પ્ર.મ. ૧૬-૧૭) આ વચનનો ભાવ તથા ફલિતાર્થને જે સારી રીતે પોતાના અંતઃકરણમાં સ્થિર કરી શક્યો હોય. એટલે કે જે સૃષ્ટિ ભગવાને પોતાના સ્વરૂપાનંદ અને ભજનાનંદના પ્રદાનાર્થ પ્રકટ કરી હોય તેની ફલાનુભૂતિ ભગવત્સ્વરૂપની હૃદયની અંદર ધારણા અને બહાર ભગવત્સ્વરૂપના ભજન સિવાય બીજી તો કાંઈ હોય જ નથી શકતી. (દ્રષ્ટ. ચતુશ્લોકી ૩-૪) તેથી આ ભગવત્સ્વરૂપાનંદ અને ભગવદ્ભજનાનંદના ભૂતલ ઉપર પ્રાપ્ત થવાથી મુક્તિની નિરર્થકતા અને ન ઉપલબ્ધ થાય તો પણ મુક્તિની નિરર્થકતા, આ જ પુષ્ટિપ્રવાહમર્યાદા = ચતુઃશ્લોકી અને સર્વોત્તમ સ્તોત્રની પરસ્પર એકવાક્યતા દ્વારા પ્રાપ્ત થતો અભિપ્રાય છે.

આમ ઉપક્રમ ઉપસંહાર પછી તાત્પર્યનિર્ધારક અવશિષ્ટ અંગ અભ્યાસ છે. તે જેમ કે મહાપ્રભુજી **''તેથી જ બ્રહ્મવાદના અનુસાર શ્રીકૃષ્ણમાં પોતાની બુદ્ધિ જોડવી જોઈએ''** (સિદ્ધા મુક્તાવલી.૧૨) કહે છે તદ્નુસાર પ્રભુચરણોએ સર્વાધિક પુનઃ પુનરાવર્તન - 'હરિ' 'શ્રીકૃષ્ણાસ્યં દેવતા' 'કૃષ્ણાધરામૃતાસ્વાદ'.. 'શ્રીકૃષ્ણાસ્ય' 'ગોપીશવલ્લભ' 'કૃષ્ણભક્તિકૃત્' 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' '...શ્રીકૃષ્ણપ્રેમા' 'કૃષ્ણનામ...' 'શ્રીકૃષ્ણહાર્દ...' 'વ્રજપ્રિય' 'પ્રિયવ્રજસ્થિતિ' 'ગોવર્ધનસ્થિતિ...' 'કૃષ્ણરસાર્થીભિઃ' - પદોના પ્રયોગમાં 'શ્રીકૃષ્ણ' કે એમના પર્યાય કે સંબંધી પદોના અભ્યાસ દ્વારા કર્યું છે. આજ રીતે 'બ્રહ્મવાદ' અને 'ભક્તિ'નો પણ પુનઃ પુનરાવર્તનરૂપ અભ્યાસ - 'સાકારબ્રહ્મવાદ..' 'બ્રહ્મવાદનિરૂપકઃ' 'ભક્તિમાર્ગાબ્જ'' 'ભક્તિકૃદ્ ..''ભક્ત્યાચારોપદેષ્ટા''ભક્તિમાર્ગૈક.' 'ભક્ત્યાચારોપદેશાર્થ..' 'ભૂવિ ભક્તિપ્રચારૈકકૃતે..' 'અનન્યભક્તેષુ..' 'ભક્તિમાર્ગે...' 'ભક્તેચ્છાપૂરકઃ' પદોના પ્રયોગ દ્વારા કર્યો છે.

અપૂર્વતા રૂપી અંગની જીજ્ઞાસા થાય ત્યારે જોઇ શકાય છે કે તે (અપૂર્વતા) આ ગ્રંથની આ જ છે કે માર્ગપ્રવર્તક આચાર્યના નામો દ્વારા નામપાઠ કરનારાઓની અંદર સ્વમાર્ગીય આચાર્ય દ્વારા ઉપદિષ્ટ સિદ્ધાન્તમાં માર્ગના અનુગામીને સન્નિષ્ઠ બનાવવા માટે એમના (આચાર્યજીના) બોધ ભાવ તથા અનુસરણને સંદેહરહિત અને સુદઢ કરવા.

ફલશ્રુતિના વિષયમાં મહાપ્રભુજીના સુસ્પષ્ટ અભિપ્રાય ભક્તિવર્ધિની અને વિવેકધૈર્યાશ્રયમાં પ્રકટ થયા છે : **''ભક્તિ જે પ્રકારે વૃદ્ધિંગત થાય તેવા ઉપાય કહું છું.... ભગવત્સેવા કે ભગવત્કથામાં જેમની આસક્તિ સુદઢ થશે તેમનો કયારેય નાશ નહિં થાય'', ''આ પ્રકારથી ભગવદાશ્રય સર્વદા હિતકારી સાબિત થાય છે, કેમ કે કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગ દુઃસાધ્ય બની ગયા છે''** (ભ.વ. ૧-૯ વિ.ધૈ.આ.૧૭) તે મુજબ પ્રભુચરણ પણ શ્રીકૃષ્ણમાં ગૂઢ ભોગ્યભાવ શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદનરૂપા ભક્તિની સિદ્ધિ માટે આચાર્યનામોને આશ્રય બનાવીને તેને જ ફલરૂપે સમજાવી રહ્યા છે.

નિંદાસ્તુતિ રૂપ અર્થવાદ પણ આ સ્તોત્રમાં **''ભગવન્માહાત્મ્યનું અજ્ઞાન, માયાવાદનિરાકરણ, સર્વવાદિનિરસન માયાવાદદાહન''** પદોના દ્વારા શ્રીકૃષ્ણ પ્રત્યે અભક્તિ અથવા ભક્તિવિરોધી ભાવો અને તેવા સિદ્ધાન્તોની પ્રગટ કરવામાં આવેલી નિંદા છે. સ્તુતિ પણ સાકારબ્રહ્મવાદના સ્થાપન દ્વારા અન્ય બધા માર્ગોની સરખામણીમાં શ્રીકૃષ્ણની ભક્તિના માર્ગમાં વૈલક્ષણ્યના ઉલ્લેખ દ્વારા પ્રકટ કરવામાં આવેલી છે.

તાત્પર્યનિર્ધારક અંતિમ અંગ ઉપપત્તિના વિષયમાં મહાપ્રભુજી કહે છે, **''વૃથૈવ જીવનં લોકે ભક્તિજ્ઞાનોત્સવૈઃ વિના કૃષ્ણૈકતાનચિત્તત્વં મુક્તેરપિ અધિકં મતમ્''** (સુબો ૧/૧૦/૭). આ જ વાત પ્રભુચરણ પણ ઉલ્લિખિત ગ્રંથઉપસંહારાત્મિકા કારિકાઓમાં કહી રહ્યા છે.

આમ મહાપ્રભુજીના નામોના ઉપદેશ દ્વારા સર્વોત્તમ ગ્રંથ મહાપ્રભુજીના વિવિધ ગ્રંથોના વાસ્તવિક સ્વારસ્યને સમજવામાં અત્યન્ત ઉપકારી બની જાય છે. આ ફલિત થયું.

આ રીતે પ્રસ્તુત સર્વોત્તમની સર્વોત્તમતા જ આપના પ્રાદુર્ભાવના

સમયથી આજ સુધી બધા પુષ્ટિમાર્ગના અનુગામિઓ માટે અનેક પ્રકારના આધિદૈવિક પ્રયોજનોના પૂરણાર્થ અતિશય આદર શ્રદ્ધા વિશ્વાસ અને નિષ્ઠાથી પણ આગળ જઇને સ્વમાર્ગની સાક્ષાત્ દિવ્ય અનુભૂતિની સાક્ષિ આપતી રહી છે!

એટલા માટે જ આ સ્તોત્ર ઉપર જેટલું વૈવિધ્યપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ થાય છે તેટલું અન્ય કોઇ સ્તોત્ર ઉપર નથી થતું. આ સ્તોત્ર ઉપર સંસ્કૃત ભાષામાં લખાયેલી પ્રકાશ્યમાન સાત વ્યાખ્યાઓ ઉપરાંત વ્રજભાષામાં પણ વ્યાખ્યા ઉપલબ્ધ થાય છે. માત્ર ગદ્યાત્મક વ્યાખ્યા જ નહિં પરંતુ પદ્યાત્મક વ્યાખ્યા પણ વ્રજભાષામાં તથા ગુજરાતીભાષામાં ઘોળપદના રૂપમાં ઉપલબ્ધ થાય છે. આ પરંપરા સ્તોત્રના પ્રાદુર્ભાવકાલથી લઇને હાલના સમય સુધી અવિચ્છિન્ન પ્રવાહમાં રૂપમાં વહેતી રહી છે. અત્યારના કાલમાં પણ નિ.લી.ગો. શ્રીમાધવરાયજી (પોરબંદર)એ સર્વોત્તમસ્તોત્રોનો પદ્ય અનુવાદ કરેલો છે. શ્રીતુલસીરામાયણની તર્જ ઉપર દોહા-ચોપાઇમાં લખેલા ‘શ્રીવિઠ્ઠલાયન’ ગ્રંથમાં શ્રીરૂપચંદ ખંડેલવાલ (જબલપુર) એમણે પણ આ ગ્રંથની અંદર સર્વોત્તમના એકસોહ આઠ નામોનો મિશ્રિત અવધિભાષામાં અનુવાદ કર્યો છે. એજ રીતે ગુજરાતી ભાષામાં અત્યાર સુધી ગેયપદોના રૂપમાં તથા દોહા-છંદના રૂપમાં ઘણા બધા અનુવાદ પ્રકટ થતા રહ્યા છે. આના સિવાય આ સ્તોત્રની રંગીન મનોરમ ચિત્રાત્મક વ્યાખ્યા પણ નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી (તૃતિયપીઠાધીશ) એ તથા પરમભગવદીય શ્રીદ્વારકાદાસ પરીખે મળીને પ્રત્યેક નામની મહાપ્રભુજીના ચરિત્રની સાથે સંગતિ પ્રદર્શિત કરવાવાળી વ્યાખ્યા પ્રકટ કરી છે. એકમેવાદ્વિતિયની અનેકવદ્‌ભાવાપત્તિ પ્રકટ કરવાવાળા એટલે કે બધા નામોની એકકલેવરમાં વ્યાખ્યા પ્રદર્શિત કરતા ચિત્ર પણ બનાવ્યા છે. આ ચિત્ર તૃતિયપીઠના કુશળ ચિત્રકાર શ્રીદામોદરદાસ શર્મા દ્વારા નિર્મિત કરાવેલ છે.

અહિં એક વાત સવિશેષરૂપે ઉલ્લેખનીય લાગે છે કે સર્વોત્તમ સ્તોત્રના નામોની હિન્દી તથા ગુજરાતી ભાષાઓમાં મહાપ્રભુજીના ખોજપૂર્ણ ચરિત્રના નયનાભિરામ ચિત્રાત્મક વિવરણની સાથે સંગતિ બતાવનાર આ વિલક્ષણ પ્રયાસ દરેક રીતે અભિનંદનીય છે. તો પણ

**''સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ માયાવાદનિરાકર્તા સર્વવાદિ નિરાસકૃદ્''** (સર્વો. સ્તો. ૮-૯) નામોની જે ચરિત્રસંગતિ બતાવેલી છે તે ઐતિહાસિક દ્રષ્ટિથી ઉપપન્ન નથી. કેમ કે મહાપ્રભુજી અને કૃષ્ણદેવરાયના સમકાલિન હોવા છતાં પણ જ્યારે મહાપ્રભુજી અગીયાર વર્ષની અવસ્થામાં વિદ્યાનગર પધાર્યા હતા તેમ માનવામાં આવે છે ત્યારે કૃષ્ણદેવરાય ત્યાં શાસક નહોતા બન્યા; અને જ્યારે તે શાસક થયા ત્યારે મહાપ્રભુજીની દક્ષિણયાત્રાનું વૃતાંત મળતું નથી. ઉંમરના અગિયારમાં વર્ષે એટલે કે શક સંવત-૧૪૧૧માં મહાપ્રભુજી દ્વારા કૃષ્ણદેવરાયને વૈષ્ણવધર્મમાં દીક્ષિત થયાની કિવદન્તી સંપ્રદાયમાં બહુપ્રચારિત છે. જ્યારે કે શકસંવત્ ૧૪૫૦ સુધી કૃષ્ણદેવરાય **''શકાબ્દે શાલિવાહસ્ય સહસ્રેણ ચતુઃશતૈઃ પ્રસંખ્યાતે વિરોધ્યશબ્દે... પરમહંસપરિવ્રાજકાચાર્યમુમુક્ષવે ભસ્મધૂલિગાત્રાય રૂદ્રાક્ષાવલિધારિણે... સદાશિવસરસ્વત્યૈ ગુરવે શિવરૂપિણે''** (કાંચિકામકોટિપીઠાધીશને કૃષ્ણદેવરાય દ્વારા પ્રદત્તતામ્રપત્રની પંક્તિઃ ૬૭-૮૬) પોતાના ગુરૂના રૂપમાં કાંચીપીઠના શ્રીશંકરાચાર્યને જ સ્વીકારી રહ્યા છે.

જો ખરેખર આવા કોઇ શાસ્ત્રાર્થમાં વિજય મેળવવાને કારણે મહાપ્રભુજીને આચાર્યપદવી મળી હોત તો આ ત્રણેમાંથી કોઇ ન કોઇ સ્તોત્રમાં એનો ઉલ્લેખ મળવો ઉચિત હતો. પછીથી ચાલી પડેલા કિંવદન્તીના આધારે જેમ મૂલપુરૂષકાર શ્રીદ્વારકેશજી **''સુલભર્તે દક્ષિણ પધારે ગ્યારે બરસકો વપુ ધરે, દેખ મામા હરખકે આદર કિયો આવો ઘરે. વિદ્યાનગર કૃષ્ણદેવ રાજા બહુત મત હી જહાં મિલે... કનકાભિષેક કરાવહી... બાંટ દીનો કરિ વિનતિ મોહિ શરણજી લીજિયે કૃપા કરકે શરણ લીનો... તહાં તે પંઢરપુર જી સિધારે... ભીમરથીકે પાર મિલે જબ''** (મૂ.પુ.૬-૯) કહે છે. અથવા શ્રીહરિરાયજી પણ **''.. ભગવાન્ વામનઃ... તથૈવ શ્રીલક્ષ્મણરાજકુમારઃ... પંડિતસમૂહં વિજિત્ય આચાર્યપદવીં ચ પ્રાપ્ય વિદ્યાનગરાધીશ્વરમ્ અનુગ્રહ્ય... કનકાભિષેકાપ્તયશઃ પ્રસારેણ... ઈતિવામનસામ્યમ્''** (શ્રીમદ્ આચાર્યસકલાવતાર સામ્યંઃ ૪૦) તથા ગો.શ્રી ગોકુલોત્સવજી પણ શ્રીવલ્ભનામાવલિમાં **''ભક્તિમાર્ગપ્રચારાર્થવિદ્યાન -**

**ગરપાવનઃ 'કૃષ્ણદેવા'ખ્યસદ્રાજસભાચરણધારકઃ.. અનેકભૂતિ-શોભાઢયઃ ચરાચરનમસ્કૃતઃ''** (શ્રીવલ્લ.નામા.૧૧-૧૪) કહે છે. આવો જ માર્ગ ના આરંભના સમયથી જ આ ઇતિવૃત પ્રક્ટ થવો આવશ્યક હતો.

આ ત્રણેય સ્તોત્રોની વાત જવા દઈએ તો પણ મહાપ્રભુજીના સેવક ભક્તકવિઓના અથવા પ્રભુચરણના સેવક ભક્તકવિઓ દ્વારા વિરચિત મહાપ્રભુજીની વધાઇ યા ગુણગાનના પદોમાં પણ એવી કોઇ ઘટનાનો ઉલ્લેખ મળતો નથી.

મહાપ્રભુજીના ચરિત્રગ્રંથોમાં પ્રાચિનતમ માની શકાય તેવા શ્રીગદાધરદાસવિરચિત 'સમ્પ્રદાયપ્રદીપ'ની પણ બસ્સો વર્ષથી પ્રાચિન માતૃકાઓમાં તુલાપુરૂષદાનનો પ્રસંગ મળત પરંતુ પરવર્તી હસ્તપ્રતિઓમાં આ તુલાપુરૂષના દાનના પ્રસંગની જગ્યાએ કનકાભિષેકનું વૃત્તાન્ત પ્રક્ષિપ્ત થઇ ગયેલું લાગે છે. બીજો ચરિત્ર નિરૂપક ગ્રંથ'શ્રીવલ્લભાખ્યાન' જે પ્રભુચરણના સેવકે લખ્યો. તે શ્રીગોપાલદાસજી કહે છે **''કનકસ્નાન શતમણ સુવર્ણે કરાવ્યું મહિપાળ તે મૂકિ વેગે ચાલિયા રાય દ્રષ્ટિ ન પાછી વાળ. ત્યાંથી દક્ષિણ પાઉ ધારિયા પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ''** (શ્રીવલ્લભ. ૨/૧૪) જ્યારે કે વિદ્યાનગરથી પંઢરપુર તો ઉત્તર દિશામાં છે દક્ષિણ દિશામાં નહીં! ત્રીજો ચરિત્રગ્રંથશ્રીયદુનાથજી વિરચિત માનવામાં આવે છે. 'શ્રી વલ્લભદિગ્વિજય' આ ગ્રંથમાં આ ઉલ્લેખ મળતો હોવા છતાં પણ તે કઇ હસ્તલિખિત પ્રત ના આધાર ઉપર પ્રકાશિત થયો હતો, તેનું સ્પષ્ટીકરણ ન તો ત્યારે પ્રકાશન વખતે આપવામાં આવ્યું હતું; અને ન તો હાલમાં પણ જાણી શકાય છે. પ્રભુચરણની દ્વિતિયાત્મજા શ્રીયમુનાના પ્રપૌત્ર શ્રીવિઠ્ઠલનાથરેહીના નામ સાથે જોડાયેલ પુષ્ટિમાર્ગીય વિશ્વકોશોપમ 'સમ્પ્રદાયકલ્પદ્રુમ' નામનો ચરિત્રગ્રંથ જે તૃતિયપીઠના વિદ્યાવિભાગ દ્વારા સચિત્ર - ચરિત્રસંગતિ વ્યાખ્યામાં આધારભુત માનેલો છે, તે સમ્પ્રદાયકલ્પદ્રુમ સ્વયં ગ્રંથકારના અનુસાર સંવત ૧૭૨૯માં વિરચિત (દ્રષ્ટઃ સમ્પ્ર. કલ્પ.૧૨/૩૯) બતાવેલો છે. ગ્રંથકાર કહે છે **''શ્રવણ સુન્યો હરિરાયમુખ, કરન લિખ્યો નૃપ માન''** (સમ્પ્ર. કલ્પ. ૧૨/૩૧) પરંતુ આ જ ગ્રંથમાં **''ભક્તિભાનુ સેવા જુ વિધિ આત્મવાદ સુખદાન, ભક્તિરત્ન**

**ટીકાજુ યુત કીન નવાર્થી માન''** (સમ્પ્ર. કલ્પ. ૧૧/૭૫) દોહામાં જે શ્રીગોપેશ્વરજીના દ્વારા વિરચિત ગ્રંથોનો ઉલ્લેખ કરેલો છે તે તો સંવત ૧૮૩૫ માં જન્મેલા શ્રીગોકુલોત્સવસુત યોગી ગોપેશ્વરજી વિરચિત છે! એતાવતા આ ગ્રંથની પ્રામાણિકતા ઉપર ન માત્ર પ્રાચિન હસ્તપ્રતિ ઉપલબ્ધ ન હોવાના કારણે પરંતુ આ આંતરિક વિરોધાભાસને કારણે પણ પ્રશ્નચિન્હ લાગી જાય છે. શ્રીમુરલીધરદાસ લિખિત ''શ્રીમદ્‌વલ્લભાચાર્યચરિતમ્'' માં તો મહાપ્રભુજીના રાજ્યના દાનાધ્યક્ષ પોતાના મામાને ત્યાં અપ્રસન્ન થવું પછી સ્વતઃ રાજસભામાં પધારવું અને શાસ્ત્રાર્થમાં વિજયી થવાના ઉલ્લેખ મળતા હોવા છતાં પણ વિદ્યાનગરને બદલે ત્યાં વિશાખાનગર (વિશાખાપટ્ટનમ્!)માં બનેલી ઘટના માનેલી છે. શ્રીદ્વારકાદાસ પરીખ દ્વારા સંપાદિત 'શ્રીમહાપ્રભુજીકી પ્રાક્ટ્યવાર્તા'માં જ્યાં શાસ્ત્રાર્થ અને કનકાભિષેકનું વર્ણન વિદ્યાનગરના કૃષ્ણદેવરાયની રાજસભાની ઘટનાના રૂપમાં વર્ણિત છે, તેમાં પણ વિદ્યાનગર રાજ્યના વૃત્તાન્તના ઉપસંહારમાં અકસ્માત્ **''સો રાજા રામચંદ્રને હુકમ કિયો... યા બાતતેં ઓરછા દેશમેં બહોત માયાવાદકો ખંડન ભયો''** આવી પંક્તિઓનું ઓચિંતાનું પ્રગટ થવું સર્વથા અસમંજસ (દૂવિધા) લાગે છે.

મને જે મનોવૃત્તિ સર્વથા અપ્રિય લાગે છે, એટલે કે આ સંદર્ભમાં ખટકે છે, તે એ કે શ્રીશંકરાચાર્ય શ્રીરામાનુજાચાર્ય શ્રીમધ્વાચાર્ય વગેરે કોઈપણ આચાર્યને રાજાઓ દ્વારા કે અન્ય મતના વિદ્વાનો દ્વારા પ્રદત્ આચાર્યપદવીભાગ નથી માનવામાં આવેલો. એમની આચાર્યતા રાજ્યાશ્રિત નથી સ્વીકારમાં આવેલી. તો પછી કયા કારણથી આપણા મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યચરણના વિષે જે આપણે આવી રાજ્યાશ્રિત આચાર્યતાની હીન કલ્પના કરવી જોઈએ અથવા કરીએ છીએ!

જો કે મારી પોતાની સમજણથી, જે ખોટી પણ હોઈ શકે છે પરન્તુ પ્રબલ પ્રમાણના અભાવમાં લાગતી તો નથી, એ અનુસાર શ્રદ્ધાતિરેકવશ આચાર્યચરણ સાથે જોડાયેલ બધી જ માન્યતાઓને ઐતિહાસિક દ્રષ્ટિથી પ્રામાણિક માની લેવાની આપણી આ ગતાનુગતિકતા છે. આ અપવાદને બાદ કરતાં આ સચિત્ર-ચરિત્ર સંગતિરૂપા સર્વોત્તમવ્યાખ્યા અતિશય

અભિનન્દનીય કૃતિ છે.

અહિં પ્રસંગોપાત એ કહી દેવું પણ ઉચિત જ ગણાશે કે મહાપ્રભુજીના જન્મ સ્થળ વિશે પણ આવી રીતની જ અનૈતિહાસિક કપોલકલ્પના સમ્પ્રદાયમાં ચાલી નીકળી છે. હાલમાં બનેલા છત્તીસગઢ રાજ્યના રાયપુર નગરની નજીક ચમ્પારણ્યને (જન્મ સ્થળ) માની લેવામાં આવેલું છે. આ પણ પ્રાચિન પ્રાપ્ત થતી બધી જ ઇતિવૃત્તોમાં મળતા ઉલ્લેખ (જેમ કે ''ચમ્પારણ્યહી જબ આયે... નગર ચૌડા મેં બસે'' મૂ.પુ.૨-૩) કે જન્મ સ્થળ ભીમારથી નદીના તટ પર હતું. જ્યારે ખરેખર ભીમારથી મહાબળેશ્વર પર્વતમાળાથી નિકળીને પંઢરપુર થઇને મહાપ્રભુજીના પૂર્વજોના નિવાસદેશમાં વહી રહેલી કૃષ્ણા નદીમાં આંધ્રપ્રદેશમાં મળી જાય છે. તે કથન પ્રમાણે અત્યારના ચમ્પારણ્યથી બસ્સો- ત્રણસો માઇલ દક્ષિણમાં છે. એના તટ ઉપર એક દિવસમાં જઇને પાછું આવી શકાય એટલી દૂર કયાંય નજીકમાં જ ચૌડાનગર હોવું જોઇએ. ઉલ્લેખનિય છે કે આંધ્રપ્રદેશના રાજા 'ચૌડા/ચોળા' નામ વાળા થતા હતા. પાંચસો ગામવાળુ મંડલ ચૌડામંડલ માનવામાં આવતું હતુંઃ

"of the place-names mentioned in the grant of kulottunga cholamandlam and uttamchola velnadu were the administrative divisions." (History of Medical Andhra page 5, by M.Krishnakumari)

"The temple is constructed...is named after the velnati chief Rajendra choda I as Choda Narayan temple" (ibd.85)

"A record of the velnadu king... kulottunga choda Gonkaraja." (Inscription of the Madras Presidency by V.Rangacharya. 522 page 810)

તેથી લાગે છે કે મહાપ્રભુજીના પૂર્વજોનું મૂલસ્થાન ગુંટુર તાલુકામાં કયાંય ચૌડાનગર હશે. જે ભીમારથી નદીના કૃષ્ણાનદીમાં સંગમના સ્થળથી વધારે દૂર હોઇ નથી શકતું. એટલા માટે જ અત્યારના જન્મ સ્થળના રૂપમાં પ્રચારિત સ્થળ (ચંપારણ્ય) સર્વથા સ્વીકારવા યોગ્ય જ નથી લાગતું. ચૌડાનગરમાં શ્રીલક્ષ્મણભટ્ટજીના સગા-સંબંધીઓના મહાપ્રભુજીના પ્રાકટ્યના વૃત્તાન્તથી રાજી થયા હોવાના ઉલ્લેખ પણ કેટલાક ગ્રંથોમાં

મળતા હોવાથી તેમનું હાલના છત્તીસગઢમાં હોવું સંભવ નથી લાગતું.

અસ્તુ.

પ્રસ્તુત વિષયના અનુસંધાનમાં તૃતીયપીઠના વિદ્યાવિભાગ દ્વારા પ્રકાશિત 'શુદ્ધાદ્વૈત- પુષ્ટિમાર્ગીય સંસ્કૃત વાંગમયઃ સાહિત્ય અને વિશ્લેષણાત્મક પરિચય' (પ્રકા. વર્ષ. વિ.સં.૨૦૨૦) ગ્રન્થરત્નકાર પ્રો. શ્રી કંઠમણિ શાસ્ત્રીજીએ પૃષ્ઠ ૨૦૭-૨૧૯ ઉપર આ સ્તોત્ર ઉપર ઉપલબ્ધ - અનુપલબ્ધ પ્રકાશિત - અપ્રકાશિત સાહિત્યનો ખોજપૂર્ણ પરિચય પ્રદાન કર્યો છે. એમાંથી કેટલાંક તો અહિં પુનઃ પ્રકાશિત થઇ રહ્યા છે કેટલીક વ્યાખ્યા ત્યારે અપ્રકાશિત હોવાથી પણ અત્યારે અહિં ઇદમ્પ્રથમતયા પ્રકાશિત થઇ રહી છે.

કાલિક ક્રમના આકલનાર્થ ન તો પૂર્ણ સામગ્રીનું અન્વેષણ થઇ શક્યું છે અને ન તે પ્રસ્તૃત લેખનમાં અભિષ્ટ પણ છે. પરન્તુ વ્યાખ્યાકાર વ્યક્તિઓના ક્રમના વિષયમાં કાંઇ કહેવું હોય તો એટલું તો કહી જ શકાય છે કે પ્રભુચરણની ખવાસીની સેવા કરવાવાળા શ્રીગોવિન્દદાસજીએ આ નામો ઉપર સર્વપ્રથમ ગેયપદ લખ્યા. આ બસ્સો બાવન વૈષ્ણવોની વાર્તામાં ૩૩મી વાર્તાના ગો.શ્રીહરિરાયજીકૃત ભાવપ્રકાશમાં ઉલ્લેખ મળે છે કે **''તબ ગોવિન્દદાસ શ્રીઆચાર્યજીકે પદ કરનલાગે સો સુનિકે શ્રીગુસાંઇજી બહોત પ્રસન્ન ભયે''** એક વ્યાખ્યા પ્રભુચરણના તૃતીયાત્મજ શ્રીબાલકૃષ્ણજીની પણ કહેવાય છે પરન્તુ તે ઉપલબ્ધ થતી નથી. તેથી ચર્તુથાત્મજ શ્રીગોકુલનાથજી વ્યાખ્યાકારોના ક્રમમાં પ્રથમ આવે છે. એમના નામ ઉપર એક વિસ્તૃત ટીકા અને વ્રજભાષામાં તથા ભ્રષ્ટસંસ્કૃતભાષામાં પણ મળે છે. મને લાગે છે કે વ્રજભાષાવાળી મોટીટીકા કદાચિત્ પ્રામાણિક પણ હોય પરન્તુ એનું સંસ્કૃત રૂપાન્તર તો શુદ્ધ ઉપદ્રવ જ છે, ''લોકનાથશાસ્ત્રી'' નામના વ્યક્તિનું પણ કહેલું - માનવામાં આવે છે. દ્વિતિય ટીકા શ્રીરઘુનાથજીની છે, જેઓ પ્રભુચરણના પંચમાત્મજ છે. તૃતીય ચાચા ગોપેશજી પ્રભુચરણના સપ્તમાત્મજ શ્રીઘનશ્યામજીના પુત્ર માનવામાં આવે છે. ચતુર્થ ટીકાકાર શ્રીહરિરાયજીએ ચાર પ્રકારથી પ્રસ્તુત સ્તોત્ર ઉપર સાહિત્ય પ્રગટ કર્યું છે : [૧]વિસ્તૃત વિવૃત્તિ [૨]નામયોજના તથા [૩]સર્વોત્તમ

સ્તોત્રના નામોના આધાર ઉપર મહાપ્રભુજીના ભગવાનના સકલ ભાગવતોક્ત અવતારોની સાથે સામ્ય [૪]આ સર્વોત્તમસ્તોત્રના નામોને જ કયાંક શબ્દાન્તર દ્વારા તો કયાંક નૂતનનામોની ઉદ્ભાવના પણ. એમાંથી અહિં આગળની ત્રણ વ્યાખ્યાઓને અહિં પ્રકાશિત કરવામાં આવી રહી છે. પાંચમી ટીકા લેખકાર શ્રીવલ્લભજીની છે. છટ્ઠી વ્યાખ્યા શ્રીવલ્લભજી 'વદનાનલદાસ' દ્વારા વિરચિત છે. સાતમી વ્યાખ્યા શ્રીમથુરાનાથાત્મજ શ્રીદ્વારકેશજી 'ધન્નુજી'ની છે. એમણે પણ સર્વોત્તમસ્તોત્ર ઉપર વ્યાખ્યા [૧]મહાપ્રભુજીના નામોના માધ્યમથી શ્રીભાગવતના દશમ અને એકાદશ સ્કન્ધવર્ણિત લીલાઓના અનુસન્ધાનાર્થ લખી છે. [૨]વ્રજભાષાના પ્રાંજલ દોહામાં પણ બીજી વ્યાખ્યા લખી છે. [૩]'સર્વોત્તમનામોદ્ધાર' છે, આ વ્યાખ્યામાં ભાગવતના કયા-કયા શ્લોકોમાં આ એકસો આઠ નામોને શોધી શકાય છે એ બતાવ્યું છે. સુબોધિનીના સમ્પાદનકાર્યમાં મારા સહયોગી શ્રીઅસિત જ. શાહ એમણે પણ સર્વોત્તમસ્તોત્રમાં પ્રમાણાદિચતુષ્ટય તથા ઐશ્વર્યાદિસપ્તકના વર્ગીકરણ દર્શાવ્યા છે, જેને અહિં સમાવિષ્ટ કરેલા છે. આના સિવાય શ્રીગિરધરજીકૃત વધાઈ, શ્રીવ્રજભૂષણજી કૃત ધમાર, ઉલ્લિખિત શ્રીગોવિન્દદાસજીના ૧૦૮ પદ, ઉલ્લિખિત શ્રીદ્વારકેશજીના દોહા, શ્રીવ્રજભૂષણજી કૃત સર્વોત્તમધોળ તથા ભારતેન્દુ બાબુ શ્રીહરિશ્ચન્દ્રકૃત સર્વોત્તમના નામોનો ભાષાનુવાદ, આમ આ બધું સાહિત્ય પરિશિષ્ટમાં યોજીત કર્યું છે. મૂલમાં અધિકાંશમાં આ સંકલન તૃતીયપીઠના વિદ્યાવિભાગ દ્વારા પ્રકાશિત ઉલ્લિખિત સચિત્ર- ચરિત્ર સંગતિ વ્યાખ્યામાં ઉપલબ્ધ છે, જ્યાંથી મારી હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરીને અમે પણ અહિં સમાવિષ્ટ કરી રહ્યા છીએ.

**શ્રીવલ્લભાષ્ટકસ્તોત્ર :** જેમ કે પહેલાં આપણે જોઇ ગયા કે શ્રીવલ્લભાષ્ટકના આઠેય શ્લોક મહાપ્રભુજીના રૂપવર્ણનાર્થ છે. આ રૂપ વેષભૂષા વર્ણ આકૃતિના આશયથી નહીં પરન્તુ આરાધના ઉપદેશક અને આરાધ્ય ભગવદ્ રૂપથી જોડાયેલ 'સૌન્દર્ય' પદ્યમાં પ્રતિપાદિત પ્રકટ/ગૂઢ અથવા પુંભાવ/સ્ત્રીભાવ ના જ આઠ પ્રકારના રૂપ છેઃ

[૧]તે અનુસાર પ્રથમ શ્લોકમાં એ બતાવવામાં આવેલું છે કે ભૂતલ ઉપર

પ્રકટ થવા વાળા સન્મનુષ્યાકૃતિવાળા રૂપની અંદર મહાપ્રભુજીનું એક નિગૂઢ રૂપ પણ છે. અને તે છે ભગવાનની ભીતર અવસ્થિત ગૂઢ ભોગ્યભાવ અથવા ગૂઢ સ્ત્રી ભાવનું અનુભાવક રૂપ, જે શ્રીકૃષ્ણાવતારના સમયે વૃંદાવનમાં કરેલી રાસલીલા વખતે કથંચિત્ બહાર પ્રકટ થયું હતું. મહાપ્રભુજીના આ પ્રકટ સન્મનુષ્યાકૃતિવાળા રૂપની ભીતર પણ તે જ નિગૂઢરૂપે અવસ્થિત છે અને સ્વયં મનુષ્યાકૃતિવાળુ રૂપ પણ એનો એક તેવો જ અનુભાવ છે.

[2]તેથી પરમાનંદાત્મક ભગવાનના તે ગૂઢભાવ ના અનુભવના અધિકારી જે દૈવીજીવ હોય એમનામાં ગૂઢભોકતૃભાવ રહે છે, પરન્તુ મહાપ્રભુ શ્રીવલ્લભ જેવા ઉદ્ભાવક વિના તે, જીવાત્મા અને પરમાત્માની વચ્ચે આત્યન્તિક કેવલાદ્વૈતની ઝોંકને કારણે બિન્દુ જેમ સાગરમાં વિલીન થઇ જાય તેમ, બ્રહ્માત્મ્યૈક્યમાં વિલીન થઇ જાય છે. અથવા આત્યન્તિક દ્વૈતવાદના બોજાથી પિસાઇને એવી રીતે દબાઇ જાય છે કે પ્રકટ ભોગ્યભાવથી ઉપર ઉઠવાનું સાહસ જ મેળવી ન શકે. તેથી આ બંને અવસ્થાઓમાં દૈવી જીવાત્માઓની ભીતર ભરેલા બ્રહ્મના સ્વરૂપાનંદ અને ભજનાનંદના રસાસ્વાદન કરાવવા સમર્થ ગૂઢ ભોકતૃભાવ નિરર્થક થઇ જાત જો મહાપ્રભુજીનું ભૂતલ ઉપર પ્રાકટ્ય ન થાત તો. આ જ વાત સ્તુતિમુખથી બીજા શ્લોકમાં પ્રતિપાદિત થઇ છે.

[3]શ્રુતિરૂપા પ્રકટ વાણીના અભિહિતાર્થની ભીતર ગૂઢતયા અવસ્થિત તાત્પર્યવિષયીભૂત અર્થ તો એ છે કે જીવાત્માની ક્રિયાશક્તિ જ્ઞાનશક્તિ અને ભાવશક્તિ આમ ત્રણેય, તે સચ્ચિદાનંદ બ્રહ્મનો આપણા સચ્ચિદંશમાં પ્રકટ થયેલ આંશિક અનુભાવ છે.

આની અનુભૂતિ, પરન્તુ, વેદના પૂર્વકાંડની શ્રુતિવિધિઓ દ્વારા કર્તવ્યત્વેન અનુષ્ઠેય કર્મોના અનનુષ્ઠાન અથવા સાધનાભિમાન સાથે કરવામાં આવતા અનુષ્ઠાન દ્વારા પણ શકય નથી. તે સકલ નામ-રૂપ-કર્મોને કેવલ સદ્રૂપ યા કેવલ અસદ્રૂપ માનવાથી પણ શક્ય નથી બનતું. આપણી ક્રિયાશક્તિની ભીતર પ્રકટ થઇ શકવાવાળા બ્રહ્મના ગૂઢ કર્મરૂપનો જ અનુભાવ આપણા દ્વારા અનુષ્ઠિત કર્મોમાં પ્રકટ થાય છે, એવું માનીને નિઃસાધનભાવપૂર્વક કર્મસાધનાના અનુષ્ઠાન દ્વારા કર્મોમાં પણ બ્રહ્માનુભાવ

પ્રકટ થઇ શકે છે. આને સકલ નામ-રૂપ-કર્મોના ઉપાદાન ભૂત બ્રાહ્મિક સદ્રવ્યને કારણે જ સ્વીકારવાથી એટલે કે અબ્રહ્માત્મક કર્મની બ્રહ્મતયા કેવળ ઉપાસના જ **''બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ કર્મકર્તાદ્વારા બ્રહ્મરૂપ હવિની બ્રહ્મરૂપા આહુતિ બ્રહ્મરૂપ દેવને પહોંચી શકે છે, આ કર્માનુષ્ઠાનમાં ગૂઢરૂપે અવસ્થિત બ્રહ્મસમાધિ છે''** (ભગ.ગીતા. ૪/૨૪). આ ભગવદવચનમાં કહેવાયેલી છે, એવું માનવાથી નહીં. આ કેવલ **''કર્મ તે વેદથી પ્રકટ થયા છે જે સ્વયં અક્ષરબ્રહ્મથી પ્રકટ થયા છે, તેથી સર્વગત નિત્ય બ્રહ્મ યજ્ઞાત્મક કર્મમાં પ્રતિષ્ઠિત રહે છે.''** (ભગ. ગીતા. ૩/૧૫) આ વચનના આધાર ઉપર વાક્પતિ મહાપ્રભુ દ્વારા શ્રુતિરૂપા વાક્ના **''યજ્ઞરૂપો હરિઃ પૂર્વકાંડે''** (ત.દી.નિ.૧/૧૧) રૂપ બ્રહ્મની ક્રિયાશક્તિના ગૂઢઆશયનું પ્રકાશન છે.

આ જ રીતે વેદના ઉત્તરકાંડરૂપ ઉપનિષદોમાં ઉપદેશાયેલ બ્રહ્મની જ્ઞાનશક્તિના વિષયમાં કહી શકાય છે. કેમ કે સુખ-દુઃખ- મોહાત્મિકા સકલવિધ અનુભૂતિઓમાં અનુસ્યૂત તે સર્વસાક્ષિભૂત ચૈતન્યની અનુભૂતિ પણ કેવલ બાહ્યવિષયને પારમાર્થિક માનીને અથવા કેવલ આંતરચેતનનાને જ પારમાર્થિક માનવાથી શક્ય નથી. તે તો બાહ્યાભ્યંતર ઉભયત્ર (બંને પ્રકાર) **''આ દેખાઇ રહેલું બધું જ આ બ્રહ્મની સાથે તાદાત્મ્યભાવાપન્ન છે.. તે જ તું પણ છો''**(છાન્દો ઉપ.૬/૮/૭) શ્રુતિવચન મુજબ સ્વીકારવાથી જ શક્ય બને છે. આ પ્રકારના સર્વવિધ દ્વૈતોમાં અનુસ્યૂત બ્રહ્મના એકત્વના અનુદર્શન કરવાથી જ શ્રુતિવચનોમાં કહેવામાં આવ્યું છે કે, **''તે જ બધાની ભીતર અને તે જ બહાર છે... આમ તેના એકત્વને બધામાં અનુગતતયા જાણી લેવાથી કોઇ પણ શોક કે મોહ પેદા થઇ શકતો નથી''** (કેનોપ. ૫-૭) મહાપ્રભુના શ્રુતિની આવી વાણીના પતિ હોવાને લીધે જ આ આશય સ્વયં શ્રુતિવચનોએ જણાવ્યો. એટલા માટે વેદના ઉત્તરકાંડમાં ઉપદિષ્ટ બ્રહ્મની જ્ઞાનશક્તિનો અનુભાવ જ જીવાત્માની ભીતર બ્રહ્મજ્ઞાનના રૂપમાં પ્રકટતો હોવાથી બ્રહ્મની અપરિચ્છિન્નતાને આપણા પરિચ્છિન્ન ક્ષુદ્ર અહંકારની પરિધિ (મર્યાદા)માં સમાવાને બદલે આપણા ઇદમાસ્પદ સકલ પદાર્થોની જેમ અહમાસ્પદની અંદર-બહાર પણ અનુસ્યૂત માનવા જોઇએ. આ જ અર્થમાં ''હું બ્રહ્મ છું'' સદશ વચન બ્રાહ્મિક અહંકારના અનુભવતયા

સાર્થક થઇ શકે છે.

એના પછી ક્રિયા-જ્ઞાન રૂપિણી ઉભયવિધ શક્તિઓથી વિશિષ્ટ બ્રહ્મ ધર્મી સ્વરૂપના પ્રત્યે શ્રુતિના નિગૂઢાશયરૂપ ભક્તિભાવના ઉપદેશાર્થ મહાપ્રભુજી કહે છે **"આ શ્રુતિવચનના પ્રથમભાગમાં બધી જડ વસ્તુઓની બ્રહ્માત્મકતા સમજાવીને, જડવસ્તુઓની જડતાના કારણે અનુભવ થતાં દોષનો પરિહાર કરી,બીજા ભાગમાં જીવને પણ તે જ બ્રહ્મના ચિદંશરૂપ દેખાડેલ છે."** (ત.દી.નિ. ૧/૬૧) બધે જ આ પ્રકારે બ્રહ્મની તાદાત્મ્ય અનુભૂતિ શક્ય થઇ જવાથી **"તત્ ત્વમ્ અસિ"** (છાન્દો.ઉપ. ૬/૮/૭) વચન મુક્તિઅર્થ ન હોઇને ભક્તિઅર્થ છે, ખરેખર તો મુક્તિ પણ ભક્ત્યર્થ હોઇ શકે છે. આ **"બ્રહ્મભાવ સિદ્ધ થઇ જવાથી બીજા કોઇ વિષયની ઇચ્છા બાકી નથી રહી જતી અને ન તો કોઇ પ્રકારનો શોક પણ. બધામાં બ્રાહ્મિકી સમતાને જોઇ શકવાને લીધે જીવ જગદીશની પરાભક્તિને પ્રાપ્ત કરી લે છે."** (દ્રષ્ટઃ ભગ. ગીતા ૧૮/૫૪) આ શ્રુતિના સારરૂપ ભગવાનની વાણીએ પોતાનો નિગૂઢ આશય મહાપ્રભુજીની સમક્ષ પ્રકટ કર્યો. એટલે જ મહાપ્રભુજી કહે છે **"બ્રહ્મમાંથી અનેકવિધ પ્રકારોથી સૃષ્ટિની ઉત્પત્તિના નિરૂપણ દ્વારા વેદ અંતે તો બ્રહ્મનું માહાત્મ્ય જ પ્રતિપાદિત કરવા માગે છે. આવા બ્રહ્મની સાથે ફરીથી જીવના અભેદના ઉપદેશ દ્વારા તે બ્રહ્મના વિષે આત્મભાવમૂલક સ્નેહ જ વેદ વધારવા માંગે છે."** (ત.દી.નિ.પ્ર. ૧/૪૧) એટલા માટે આ સૃષ્ટિ તે દેશ-કાલાદિના પરિચ્છેદથી રહિત બ્રહ્મની દેશ-કાલાદિમાં પરિચ્છિન્ન આકૃતિઓમાં આવિર્ભાવ થવાથી બ્રહ્મ સાકાર પણ છે અને અપરિચ્છિન્ન (વ્યાપક, નિરાકાર) પણ. તેથી જ્યારે આવા બ્રહ્મના આનંદાકારની કોઇ ભક્તિ કરવા લાગે છે ત્યારે જાગતિક રાગ-દ્વેષ મોહ વગેરેના દુઃખપ્રદ ભાવોને લીલારૂપે પ્રકટ કરવાવાળા ભૂમાસુખરૂપ પરમાનંદની અનુભૂતિ શક્ય બની શકે છે. નિષ્કર્ષતઃ ભગવદ્ભક્તિ ભગવાનના સ્વરૂપાનંદનો જ ભક્તની અંદર પ્રકટ થતો અનુભાવ હોવાથી તેને 'પુષ્ટિભક્તિ' કે 'નિઃસાધનભાવરૂપા ભક્તિ' કહેવામાં આવે છે. આ જ આશયનું સ્તુતિમુખેન નિરૂપણ આ ત્રીજા શ્લોકમાં કરવામાં આવેલું છે.

[૪]ત્રીજા શ્લોકમાં શ્રુતિવાણીએ પોતાના બંને ભાગરૂપ પૂર્વ-ઉત્તરકાંડ

અને સમગ્ર અંશિરૂપ અલૌકિકશબ્દરાશિના રૂપમાં પોતાનો નિગૂઢઆશય મહાપ્રભુજીને જે પ્રકારે જણાવ્યો તેના આધાર ઉપર શ્રુતિવાણીની પત્નીરૂપતા અને મહાપ્રભુજીના વાણીના પતિરૂપ હોવાના, એટલા માટે ભગવન્મુખારવિંદરૂપ પણ હોવાના, તથ્યને પ્રભુચરણે ઉપપન્ન કર્યું. હવે આ ચોથા શ્લોકમાં ભગવદ્ભજનના પ્રકટ ઉપદેશદક રૂપ મહાપ્રભુજીના મુખારવિંદમાં ભજનીય શ્રીકૃષ્ણનું મુખારવિંદ કેવી રીતે ગૂઢભાવની સાથે અવસ્થિત છે, આ સ્તુતિમુખેન સમજાવેલું છે. મહાપ્રભુજીના ઉપદિષ્ટ પ્રકારથી ભજન (સેવા) કરવાવાળો ભક્ત જે પણ સ્વભોગ્ય સ્રગ્ ગન્ધ વસન આભૂષણ નૈવેદ્ય વગેરે ભગવાનને ભાવ સહિત સમર્પિત કરે છે, તેનો ભગવાન પોતાના સાક્ષિભાવમાં નિગૂઢતયા અવસ્થિત ભોકતૃભાવના પ્રાક્ટ્ય દ્વારા સાક્ષાદ્ ઉપભોગ કરે છે. એથી એવું લાગે છે કે સ્વયં ભગવાને જ મહાપ્રભુજીના મુખારવિંદથી પોતાનો નિગૂઢ ભોકતૃભાવ પ્રગટ કર્યો હોવાથી સ્વયં મહાપ્રભુજી આપના જ મુખારવિંદથી ભક્તો દ્વારા સમર્પિત ભોગના ભોક્તા હોવાનું બંધન સ્વીકારી રહ્યા છે!

[૫]પાંચમા શ્લોકમાં પ્રભુચરણ એ સમજાવી રહ્યા છે કે જ્યારે ભગવદ્લીલાના ઉપદેશ માટે મહાપ્રભુજીની વાણી પ્રવૃત્ત થાય છે ત્યારે તે અતિશય શીતલતા પ્રદાન કરનારી વૃષ્ટિ જેવી (દ્રષ્ટઃ ''મુખાદ્ ઇન્દ્રઃ'' પુરૂ. સૂ.૬) એટલે કે અપ્યાયક હોવા છતાં પણ ભગવાન્ પ્રત્યે ભક્તિભાવના વિરોધીઓને માટે અત્યંત પ્રદાહિકા બની જાય છે. એટલા માટે મહાપ્રભુજી દ્વારા સ્વયંસ્વીકૃત પોતાની અગ્નિરૂપતા (દ્રષ્ટઃ ''અગ્નિઃ ચકાર તત્ત્વાર્થદીપં ભાગવતે'' ત.દી.નિ.પ્ર. ૧/૦/૩) પ્રકટ ભૌતિક અગ્નિના અર્થમાં ન હોઇને શ્રુતિ-સ્મૃતિ-પુરાણોમાં પ્રતિપાદિત **''મુખાદ્... અગ્નિઃ''** (પુરૂ. સૂ.૬) **''અહમ્... અગ્નિઃ''** (ભગ. ગીતા.૯/૧૬), **''લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તાત્ લોકાન્ સમગ્રાન વદનૈઃ જ્વલદ્ભિઃ''** (ભગ.ગીતા. ૧૧/૩૦), **''મુખમ્ અગ્નિઃ ઇદ્ધઃ''** (ભાગ.પુરા. ૨/૧/૨૯), **''અથો અનન્તસ્ય મુખાનલેન દંદહ્યમાનં સ નિરિક્ષ્ય વિશ્વમ્''** (ભાગ.પુરા. ૨/૨/૨૬) આમ ભગવન્મુખારવિંદરૂપ અગ્નિના નિગૂઢાશયમાં લેવી આવશ્યક છે. પ્રભુચરણ કહે છે કે અન્યથા શ્રીકૃષ્ણના મુખના દર્શન ન થાય ત્યારે વૃજભક્તોની

અંદર પ્રજ્વલિત થતા વિપ્રયોગના તાપને હરવાની મુખારવિંદની લીલા અને ભગવાનના સહજ યશોરૂપ ગુણથી અપરિચિત જાગતિક વિષયોના આકર્ષણ રૂપ દાવાનલના તથા ભગવાનના સ્વરૂપને જાણી ન શકવાના અજ્ઞાનરૂપ દાવાનલના પણ પાન કરવાની લીલા ભગવાન પોતાના મુખારવિંદમાં શા માટે પ્રગટ કરત! તેથી મહાપ્રભુજીને ભગવન્મુખારવિંદરૂપ વિરૂદ્ધધર્માશ્રય અગ્નિ માનવા જોઇએ!

[૬]પાંચમા શ્લોકમાં કહેવાયેલી ભગવન્મુખારવિંદરૂપ એટલે કે આનંદાત્મક અગ્નિના નિગૂઢાશયવશ જો મહાપ્રભુજીએ પોતાનું કવિતાત્મક નિરૂપણ ન કરેલું માનીએ તો ન તો 'તત્ત્વાર્થદીપ' નામનો ગ્રંથ, શબ્દાત્મક હોવાને લીધે, ભૌતિક અગ્નિદ્વારા પ્રગટ થયેલો માની શકાય છે અને ન ભૌતિક અગ્નિ શબ્દ પ્રગટ પણ હોય છે.. તેથી સ્વીકારવું પડે છે કે મહાપ્રભુજી આનંદાત્મક ભગવન્મુખારવિંદસ્થિત આનંદાત્મક અગ્નિરૂપ છે. એટલા માટે સૃષ્ટિની ઉત્પત્તિના નિરૂપણમાં જ્યાં ભૌતિક જલતત્ત્વ ભૌતિક અગ્નિમાંથી પ્રગટ થયેલું બતાવેલું છે કાર્ય-કારણમાં વૈજાત્ય અનુભૂતિ થાય છે. મહાપ્રભુજીરૂપ અગ્નિમાંથી પ્રગટ થનાર શ્રીકૃષ્ણની સેવાનો રસાત્મક સાગર પોતાના ઉપાદાનરૂપ આનંદાત્મક અગ્નિથી વિજાતીય ન હોઇને સજાતીય જ છે.

[૭]આ શ્લોકમાં પ્રકટ સંયોગમાં ગૂઢ વિપ્રયોગ અને પ્રકટ વિપ્રયોગમાં ગૂઢ સંયોગના ઇતરેતરનિહિત હોવાની વાત ખૂબજ સારી રીતથી ઉભરીને બહાર આવી છે. ભગવન્મુખારવિંદના પ્રકટ મૂર્તિમાન અનુભાવના રૂપમાં મહાપ્રભુજીના મુખારવિંદને નિહાળવાવાળો એક વખત પણ ભાવપૂર્વક જો એમના દર્શન કરી લે છે કે પછી મુખારવિંદથી ભાવપૂર્વક ઉપદેશગ્રહણ કરી લે છે તો ભગવાન શ્રીકૃષ્ણના વ્રજમાં પ્રકટ થયેલા રૂપના વિષે તેની અંદર તીવ્ર વિપ્રયોગ પ્રકટ થઇ જાય છે. આ, પરંતુ બહુ મોટી આશ્ચર્યની વાત નથી જેટલી કે તેનામાં અધિકાધિક દર્શન કે ઉપદેશ શ્રવણ કરવાવાળાની અંદર વ્રજાધિપ ભગવાનના અત્યધિક વિપ્રયોગનું વધી જવું આશ્ચર્યકારક છે.

એટલા માટે પ્રભુચરણે આ સુસ્પષ્ટ કરી દીધું છે કે મહાપ્રભુજીના સાક્ષાત્ પુરૂષોત્તમ હોવાનો ભાવ એમના પ્રત્યે કૃતજ્ઞ પુષ્ટિજીવમાં તો

શ્રીકૃષ્ણાસક્તિને વધારે છે, કૃતઘ્ન અપુષ્ટિજીવોમાં નહીં. કેમ કે મહાપ્રભુજી સ્વયં આજ્ઞા કરે છે **"આ જ તો મહામોહ છે કે શાસ્ત્રવચનોને સ્વયં સાંભળ્યા – જાણ્યા પછી પણ કોઇનું શ્રીકૃષ્ણભજનમાં પ્રવૃત્ત ન થવું! આ ચોક્કસ જ અતિશય નિષ્ઠુર છલના એટલે કે વંચના છે કોઇ શાસ્ત્રાભ્યાસી કોઇ અશાસ્ત્રજ્ઞને શ્રીકૃષ્ણના ભજનથી વિમુખ કરે"** (ત.દી.નિ. ૧/૧૬). પ્રકટ પુષ્ટિભક્તિના ઉપદેશક આચાર્ય બનવું, સ્વયં પોતાની ભક્તિના પ્રવર્તનાર્થ નહીં બલ્કે શ્રીકૃષ્ણની ભક્તિના પ્રવર્તનાર્થ છે. એટલા માટે ત્રિતયાત્મકરૂપના ગૂઢ હોવાનું પ્રયોજન પણ આ જ છે. પોતાના આત્માનુભાવાર્થને પ્રકટ કરવા માટે પ્રકટતયા ભજનીય ભગવાનની અંદર ગૂઢ આચાર્યભાવ પણ એટલા માટે નિહિત હોય જ છે. તે કેવલ ભકત્યુપદેશગ્રહણાર્થ ન હોઇને મન-વચન-તનથી ભક્તિ કરવા માટે જીવને સમર્થ બનાવે છે. શરીર ઉપર ચામડીનું આવરણ એક જ હોય છે પરંતુ તે પગના તળીયામાં સ્થૂલ તેમજ કઠોર હોય છે. એ પૃથ્વી ઉપર ચરણવિન્યાસ માટે આપણને સક્ષમ બનાવે છે. આંખ-કાન વગેરે ઇન્દ્રિયો ઉપર પાતળુ તેમજ કોમલતમ ત્વચાનું આવરણ હોય છે. આ આપણને જોવા- સાંભળવા માટે સક્ષમ બનાવે છે. એજ રીતે આચાર્યરૂપમાં પુરૂષોત્તમનું પ્રાકટ્ય ભજનાર્થ ન હોઇને ભજનોપદેશાર્થ હોય છે અને ભજનીયરૂપનું કોઇ અધિકારી વિશેષને ઉપદેશાર્થ પ્રવૃત્ત થવું કેવલ ભજનોપદેશાર્થ ન હોઇને શુદ્ધ ભજનાર્થ જ હોય છે.

'એટલા માટે ભક્તોને પ્રિય લીલા કરવાવાળા અપ્રગટ ભગવાનને આલંબન બનાવીને જીવાત્માની ભીતર પ્રકટ થતાં પ્રેમના સ્થાયીભાવની ભીતર આલંબનવિભાવાત્મા ભગવાનનું રૂપ ગૂઢતયા અંતર્નિહિત રહે છે. આ જ રીતે આવા પ્રેમાત્મક સ્થાયિભાવ પ્રકટ થયાં પહેલાં પણ મહાપ્રભુજીના પુષ્ટિભક્તિમાર્ગીય ઉપદેશોને અનુસરતા જે પોતાના ભજનીય ભગવદ્રુપને મહાપ્રભુજીના ભાવાત્મક માનીને, પ્રેમપ્રાક્ટ્યાર્થ ભગવદ્રુચિના પણ દઢ થયા પહેલાં, એટલે કે કેવલ માહાત્મ્યજ્ઞાનને વશ કે માહાત્મ્યજ્ઞાનજનિકા ભજનક્રિયાના રૂપમાં જો ભજનમાં પ્રવૃત્ત થાય છે, તે માહાત્મ્યજ્ઞાન અને ભજનક્રિયાની અંદર તેનું આલંબન બનવાવાળુ ભગવદ્રૂપ અન્તર્નિગૂઢ હોય

છે. આ જ રીતે ભક્તિભાવના આલંબનવિભાવરૂપ ભજનીય સ્વરૂપમાં ભગવત્પ્રેમ ભગવદાસક્તિ અને ભગવદ્વ્યસનભાવમાં પરિપકવ થનારી ભક્તિનો સ્થાયિભાવ પણ ગૂઢતયા અંતર્નિહિત રહે છે. ભગવાનના માહાત્મ્યના અજ્ઞાનને પ્રશમિત કરનારી એવી પટુતા (ચતુરાઇ) ના કારણે મહાપ્રભુજીનું અગ્નિના  રૂપમાં વર્ણન ઉપપન્ન જ છે. તો પણ આવા ભગવદ્ભજનના ઉપદેશક આચાર્યની ભીતર ગૂઢતયા ભગવત્સ્વરૂપ અન્તર્નિહિત હોય છે તથા આચાર્યચરણના ભક્તિભાવસંબંધી ભાવોને અનુરૂપ ભાવાત્મક હોવાથી તે સ્વરૂપની ભીતર મહાપ્રભુજી અન્તર્નિગૂઢ હોય છે. આ કારણ છે કે પ્રત્યેક પુષ્ટિજીવની ભીતર ગૂઢતયા અવસ્થિત મહાપ્રભુજીનું ભજન એમને સાક્ષાત્ ગોકુલેશ શ્રીકૃષ્ણ માનીને કરવું જ સાચી પુષ્ટિમાર્ગીય બુદ્ધિમત્તા છે.

આ રીતે આપણે જોઇ શકીએ છીએ 'સૌન્દર્ય...' પદ્યમાં ઉપદિષ્ટ બીજરૂપભાવ શ્રીવલ્લભાષ્ટકના આઠ શ્લોકોમાં કેવી રીતે અંકુરિત થયો. તે બીજરૂપમાંથી અંકુરિત થનાર આઠ પ્રકારના રૂપોનું જ વર્ણન શ્રીવલ્લભાષ્ટકમાં કરેલું છે.

આ સ્તુતિરૂપ ગ્રંથઉપર સૌથી પહેલી વ્યાખ્યા પ્રભુચરણના ચતુર્થ આત્મજ શ્રીગોકુલનાથજીદ્વારા વિરચિત છે. એમની વ્યાખ્યા ઉપર પુનઃ શ્રીપુરૂષોત્તમજીએ પણ વ્યાખ્યા લખી છે. બીજી વ્યાખ્યા શ્રીરઘુનાથજી દ્વારા વિરચિત છે. આ બધી પૂર્વપ્રકાશિત જ છે અને તે સંસ્મરણોના સમ્પાદક – પ્રકાશકો પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરીને જ અમે અહીં તેને પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ.

**સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્ર :** જેમ કે આપણે જોઇ ગયા કે આ સ્તોત્ર ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય અને સાતમા આ ગુણધર્મોના ધર્મીરૂપના રૂપમાં મહાપ્રભુજીની સ્તુતિના રૂપમાં પ્રકટ થયેલ ગ્રંથ છે. એટલા માટે આચાર્યના રૂપમાં પ્રાદુર્ભૂત થયેલા મહાપ્રભુજીના ઐશ્વર્ય વગેરે છ ગુણધર્મ આચાર્યોચિત ઐશ્વર્ય, આચાર્યોચિત વીર્ય, આચાર્યોચિત યશ, આચાર્યોચિત શ્રી, આચાર્યોચિત જ્ઞાન અને આચાર્યોચિત વૈરાગ્ય, પ્રકટતયા આચાર્યના ગુણગાનાર્થ વર્ણિત હોવા છતાં પણ ગૂઢભાવની દ્રષ્ટિથી પુષ્ટિમાર્ગીયજીવોની અંદર કૃષ્ણભક્તિના દ્રઢીકરણાર્થ જ છે. મહાપ્રભુજીએ એટલા માટે જ

સર્વનિર્ણય નિબંધમાં આ સમજાવ્યું છે :

> **"વેદના પૂર્વોત્તરકાંડ ભગવાનની ક્રિયા સામર્થ્ય અને જ્ઞાન સામર્થ્યના ઉપદેશાર્થ પ્રકટ થયા છે. જ્યારે કે તેવા ઉભયવિધ ક્રિયા અને જ્ઞાનના સામર્થ્યવાળા સ્વયં ભગવાનનું નિરૂપણ તો ગીતા અને ભાગવતમાં થયું છે. આ બંને શાસ્ત્રોની અપૂર્વતા ક્રિયાશક્તિ - જ્ઞાનશક્તિવિશિષ્ટ પુરૂષોત્તમની શરણાગતિ અને ભક્તિના ઉપદેશોમાં પ્રકટ થઇ છે. આ શ્રીકૃષ્ણની પ્રપત્તિ અને ભક્તિનો માર્ગ બીજા બધા જ માર્ગોની સરખામણીમાં ઉત્તમ છે... જેમના ઉપર શ્રીકૃષ્ણની કૃપાવૃષ્ટિ વરસી હોય તે જ આ માર્ગ ને શોધી શકે છે. જે આ સર્વોત્તમ માર્ગને શોધી રહ્યો હોય તેમના માટે પ્રાથમીક સાધન છે : કૃષ્ણસેવાપર દંભાદિરહિત ભાગવતતત્ત્વજ્ઞ પુરૂષને શોધીને તેમના દ્વારા મળતા ઉપદેશ અનુસાર ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં તત્પર થઇ જવું."** *(ત.દી.નિ.પ્ર. ૨/૨૨૦-૨૨૭)*

એટલા માટે આ સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત ગ્રંથમાં આપણે જોઇ શકીએ છીએ કે મહાપ્રભુજીએ કહેલાં આ ગુરૂલક્ષણને મહાપ્રભુજીના ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્યરૂપી ગુણધર્મોના રૂપમાં બિરદાવવામાં આવેલા છેઃ

[૧]આ સ્તોત્રના પહેલા શ્લોકમાં મહાપ્રભુજીએ ઉપદેશેલા ગુરૂના લક્ષણ અંતર્ગત પહેલો ગુણધર્મ કૃષ્ણસેવાપરતા જે મહાપ્રભુજીમાં આચાર્યોચિત ઐશ્વર્યના રૂપમાં પ્રકટ થાય છે તેનું વર્ણન છે. કેવી રીતે મહાપ્રભુજી દ્વારા અનુષ્ઠિત ભગવાન વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા શુષ્ક ક્રિયાનુષ્ઠાન કે કર્મકાંડ ન બની ને ભગવાનની વ્રજલીલાઓના સાગરના હિલોળામાં સતત લહેરાતા રહેવાનો આનંદ છે. પુષ્ટિમાર્ગમાં ભગવલ્લીલાની કથાના શ્રવણ કીર્તન અને સ્મરણ જો ભક્તની અંદર પોતાના ઘર-પરિવારમાં બિરાજતા ભગવત્સ્વરૂપની સેવાના રૂપમાં જીવનમાં ક્રિયાન્વિત ન થઇ શકતા હોય તો પુષ્ટિપ્રભુએ આવા પુષ્ટિજીવના આત્મા

અને અંતઃકરણને અંશરૂપે જ વરણ કરેલા માનવા જોઇએ. સંપૂર્ણઅંશમાં નહીં. કેમ કે સંપૂર્ણઅંશથી પુષ્ટિભક્તિ માટે વરણ કર્યું હોય તો મહાપ્રભુજી કહી રહ્યા છે

**''સ્વતન્ત્ર ગૂઢ ભોક્તૃભાવોપેત વ્રજગોપિકાઓના જેવા ભક્તોની બધી બાહ્ય કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય, આંતર મનો-બુદ્ધિ-અહંકાર-ચિત્તરૂપી કરણ (અંતઃકરણ) તથા આત્મસ્વરૂપથી જ માત્ર નહિં પરંતુ ઘરમાં રહેલા મમતાસ્પદ પરિજનોના સહિત પણ, ભજનાનંદના અનુભવના સુલભ બની જવાને કારણે, જીવન્મુક્તિથી પણ અધિક સ્પૃહણીય ફલ પ્રાપ્ત થઈ જાય છે''** (ત.દી.નિ.પ્ર.૧/૫૧)

[૨]પહેલાના શ્લોકમાં પુષ્ટિભક્તિમાર્ગીય આચાર્યનું વાસ્તવિક ઐશ્વર્ય લૌકિક ધન-વૈભવ કે તેના માટેના **શ્રીકૃષ્ણસેવાનું ધંધાદારી પ્રદર્શન નહીં** પરંતુ પોતાના ઘરમાં પોતાના તનુવિત્ત- પરિવારજનોની સાથે ભગવત્સેવાનો નિર્વાહ જ તેમનું વાસ્તવિક ઐશ્વર્ય હોય છે. આ બતાવીને હવે બીજા શ્લોકમાં ગુરૂલક્ષણ અંતર્ગત બીજું લક્ષણ શ્રીભાગવતતત્ત્વજ્ઞને પ્રભુચરણ મહાપ્રભુજીના આચાર્ય ઉચિત વીર્યગુણના રૂપમાં બિરદાવી રહ્યા છે. કેવી રીતે મહાપ્રભુજી ભગવત્સેવામાં ભાગવતની દશમસ્કન્ધમાં વર્ણવાયેલી લીલાઓમાં નિરંતર વિહાર કરતા રહેવા છતાં પણ સેવાના અનવસરમાં તો શ્રીભાગવત ઉપદિષ્ટ ભગવાનની દશપ્રકારની લીલાઓનું એટલી તન્મયતાની સાથે અવગાહન કરતા રહે છે કે આપના શ્રીઅંગ શ્રીમદ્ભાગવતના પ્રત્યેક પદોના આભૂષણોથી વિભૂષિત રહે છે! કોઇપણ ધર્મ-સંપ્રદાયના ધર્માચાર્ય પોતાના ધર્મના ઉપદેશરૂપ શાસ્ત્રોના નિરંતર અવગાહનથી પોતાને મંડિત રાખવા તે તેના પોતાના જ નહીં પરંતુ તે સંપ્રદાયના અનુગામિજનોના પણ સૌભાગ્યરૂપી બની જાય છે. પરંતુ **પોતાના ધર્મના ઉપદેશરૂપ શાસ્ત્રોના મૌલિક તત્ત્વોથી અજાણ હોવું તે તો ન માત્ર ધર્મગુરૂનું પોતાનું દુર્ભાગ્ય છે પરંતુ તે સંપ્રદાયના અનુગામિઓના પણ દુર્ભાગ્યરૂપ હોય છે!**

[૩]ગુરૂલક્ષણ અંતર્ગત ત્રીજો ગુણ બીજાને છેતરવા માટે દંભ, વિષયના

સુખોના કામવશ ભગવત્સેવા કે ભગવત્કથામાં પ્રવૃત્તિ, આર્થિક લોભવશ આજીવિકાના ઉપાયરૂપે ભગવત્સેવા કે ભગવત્કથાનું અનુષ્ઠાન, કે સુપ્રતિષ્ઠિત બીજા ધર્માચાર્યોની સાથે પ્રતિસ્પર્ધાવશ પ્રતિષ્ઠા માટે ભગવત્સેવા કે ભગવત્કથાનું અનુષ્ઠાન, આવા દુર્ગુણ અત્યારના જઘન્યકોટિના ધર્માચાર્યોમાં પ્રકટ થઇ રહેલા મહાપ્રભુજીમાં તો પ્રસકત જ ન હોવાથી તેનો પ્રતિષેધ પણ અપ્રાસંગિક બની જાય છે. એટલા માટે આચાર્યભાવ ઉચિત પ્રપન્ન અનુગામી જનના પ્રત્યે કરૂણા, સ્વધર્મના દૃઢ અનુરાગ; તથા ભગવાનના પ્રત્યે ભક્તિભાવના દિવ્ય સંમોહને વશ, મહાપ્રભુજી ભગવત્સેવા માટે પુષ્ટિજીવોની શ્રદ્ધા વિશ્વાસ તત્પરતા કે નિષ્ઠાનું ખંડન કરવાવાળા મતવાદોનું નિરાકરણ કરે છે. આમ કેવા અદ્‌ભુત શ્રીકૃષ્ણસેવાના માર્ગનું પ્રવર્તન તથા ઉપદેશ મહાપ્રભુજીએ આપ્યા કે જે દુષ્પ્રાપ્ય હતું તે તેમના બધા જ અનુગામિઓને સ્વયં તેમના સાંસારિક ઘર-પરિવારોમાં પણ સુલભ થઇ ગયું ! એથી જ ભક્તકવિઓએ ગુણગાનમાં મહાપ્રભુજીના આ અદ્‌ભુત ગુણને બિરદાવતા કહ્યું છે **''કૌન રસ ભૂતલ પ્રકટ ભયો! જો રસ નિગમ-અગમ હુ અગોચર સો સબ સઘ લહ્યો. ઘર-ઘર નંદસુવનફલ ફૂલ્યો સેવાવિધિ સિખયો!''**

[૪]પુષ્ટિમાર્ગીય ગુરૂપદને યોગ્ય પુરૂષની યોગ્યતાનું નિરૂપણ કરતી વખતે સૌથી પહેલો ગુણ જે શ્રીમહાપ્રભુજીને સ્ફૂરિત થયો તે તો ગુરૂનું કૃષ્ણસેવામાં પરાયણ હોવું જ છે અને એટલે જ મહાપ્રભુજી કહે છે **''જે ગુરૂ શ્રીકૃષ્ણસેવાનો ઉપદેશ આપે છે તે પોતે તેને ઉત્તમ માનતો હોય તો ઉપદેશ દેતા પહેલાં પોતે જ શા માટે શ્રીકૃષ્ણની સેવામાં તત્પર નથી થઇ શકતો? તેથી શ્રીકૃષ્ણની સેવામાં તત્પર હોવું ગુરૂ થવા માટેની સૌથી પહેલી અનિવાર્યતા છે.''** (તત્રૈવ). આ જ વાતને પ્રભુચરણ પણ કહી રહ્યા છે કે ગુરૂનું વિદ્વાન હોવું આવશ્યક હોવા છતાં પણ ઘણા બધા વિદ્વાન પોતાની વિદ્વતા છતાં વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન યથાર્થ રૂપે નથી કરી શકતા. બીજા કેટલાક વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોવા છતાં તેને અનુસાર પોતાના આચરણોને સુધારી નથી શકતા. આમાં પણ બીજા કેટલાક પોતાના આચરણોને વેદાદિ શાસ્ત્રોના અનુસાર સુધારી શક્યા હોવા છતાં વૈષ્ણવ

સંપ્રદાયના નથી હોતા. કેટલાક એમાં વૈષ્ણવ હોવા છતાં વ્રજાધિપ પ્રત્યે હૃદયમાં ભરેલી રતિના અનુભાવના રૂપમાં ભગવત્સેવા નથી કરતા હોતા. તેથી આ બધા ગુણોથી પરિપૂર્ણ મહાપ્રભુજી જેવી શોભા કે શ્રી અન્યત્ર દુર્લભ છે. આમ આચાર્યોચિત શ્રીગુણનું નિરૂપણ આ શ્લોકમાં પ્રતિપાદિત થયું!

[૫]આ શ્લોકમાં પ્રભુચરણ મહાપ્રભુજીના ધર્મિરૂપનું વર્ણન કરી રહ્યા હોવાથી ગુરૂલક્ષણાન્તર્ગત ત્રણેય કે ચારેય વાતોને એક સાથે અહિં સંકલિત કરે છે. સૌપ્રથમ ભગવત્સેવાના મનોભાવમાં પ્રતિબન્ધક મતવાદોના નિરાકરણમાં અસામર્થ્યરૂપ દુર્ગુણથી રહિત હોવું. બીજું વેદપારંગામી પાંડિત્યનું શ્રીભાગવતનાગૂઢાર્થના પ્રકાશનમાં વિનિયોગ કરી શકવાનું સામર્થ્ય. ત્રીજું નિરૂપાધિક ભક્તિભાવની સાથે શ્રીકૃષ્ણની સેવામાં તત્પર રહીને બીજા પણ જે પુષ્ટિજીવ હોય, તેમને **શ્રીકૃષ્ણની સેવા તેઓ નિભાવી શકે એવો ઉપદેશ આપી શકવાનું સામર્થ્ય,** શ્રીમદ્‌વલ્લભ મહાપ્રભુજીમાં અનિતરસાધારણ જ છે! આમ અહીં બધા ગુણોના સમાહારના પ્રતિપાદન દ્વારા ધર્મીનું નિરૂપણ જ પ્રભુચરણ કરવા માગે છે. રાસલીલૈકતાત્પર્ય મહાપ્રભુજીના અનુસાર તામસફલ પ્રકરણમાં પણ પાંચમો અધ્યાય ધર્મીનો બોધક માનેલો છે. આ અદ્‌ભૂત સમાનપણું આ (પાંચમા) શ્લોકમાં ધર્મીનું પ્રતિપાદન સ્વીકારવાથી જ સમજમાં આવી શકે છે.

[૬]આમ ગુરૂલક્ષણ ઉપદેશ બાદ **''આવા ગુરૂની સમક્ષ જીજ્ઞાસુ જન આદરસહિત પ્રપન્ન થઇને, એમના ઉપદેશના અનુસાર પોતે પણ ભગવત્સેવામાં તત્પર થઇ જવા માટે, એવા ગુરૂની આદર સાથે અનુવૃત્તિ કરે''** (ત.દી.નિ.પ્ર.૨૨૭) આ વાત મહાપ્રભુજીએ સમજાવી છે. તદ્‌નુસાર છઠ્ઠા શ્લોકમાં પ્રભુચરણ પણ મહાપ્રભુજીના આચાર્યોચિત વૈરાગ્ય ગુણનું પ્રતિપાદન કરતાં કહે છે કે **ભગવન્માહાત્મ્યબોધના પ્રાદુર્ભાવ માટે પોતાના મસ્તક ઉપર, તથા ભગવાન શ્રીકૃષ્ણમાં સુદ્રઢ સર્વતોધિકસ્નેહના પ્રાદુર્ભાવ માટે પોતાના હૃદય ઉપર, કોઇ મહાપ્રભુજીના ચરણકમલના ચરણામૃતનું લેપન કરતો હોય તેને કલિયુગથી ભયભીત થવાની આવશ્યકતા નથી રહી જતી.** એમાં તો લક્ષ્મી વગેરે બધાના ઉપાસ્ય વ્રજાધિપતિને પ્રસન્ન કરી

શકવાનું સામર્થ્ય પ્રકટ થઇ જાય છે. એટલે કે સ્વરૂપાનંદ તથા ભજનાનંદના પ્રદાન કરવાવાળા ભગવાનમાં ભોગ્યભાવને પ્રગટ કરાવનારી ભગવાનની ભક્તપરાધિનતા પણ પ્રકટ થઇ શકે છે. મહાપ્રભુજી કલિયુગના દુષ્પ્રભાવથી પુષ્ટિજીવને મુક્ત કરી સ્વયં પોતાની સેવામાં નહીં પરંતુ શ્રી કૃષ્ણની સેવામાં પરાયણ બનાવવા ઇચ્છે છે. એટલા માટે સ્વયં પણ શ્રીકૃષ્ણની સેવામાં તત્પર રહે છે. કેમ કે મહાપ્રભુજીએ પોતે એ સ્વીકાર્યું છે કે શ્રીહરિની ભક્તિભાવથી સેવા દ્વારા એમને (શ્રીહરિને) સુખ-સંતોષ પ્રદાન કરવાની મનોવૃત્તિ વૈરાગ્યનો ઉત્કર્ષ છે. આ જ તો પુષ્ટિમાર્ગીય વૈરાગ્યનો ઉત્કર્ષ મહાપ્રભુજીમાં સર્વાતિશાયી (તીવ્ર) હોવાથી પ્રભુચરણ પણ મહાપ્રભુજીની અનુગતિ કે અનુવૃત્તિની મનોભિલાષા પ્રકટ કરી રહ્યા છે. **''તદનુગત્વમેવ મે અસ્તુ !''**

[૭]આ અંતિમ શ્લોકમાં આચાર્યોચિત જ્ઞાનરૂપ ગુણનું નિરૂપણ છે. વૃંદાવનવિહારીની પરોક્ષમાં પણ એમની લીલાની વ્રજસ્થભક્તોને થયેલી અપરોક્ષાનુભૂતિના જેવું જ્ઞાન અહીં વિવક્ષિત છે (ઇચ્છિત છે) તે અનુસાર પોતાના સર્વજનગોચર પ્રાક્ટ્યકાલમાં ભગવદ્ભક્તિમય પોતાનારૂપ ગુણધર્મ અને ચરિત્રના નિર્વાહ દ્વારા મહાપ્રભુજી શ્રીકૃષ્ણભક્તિના ભાવથી સ્વરૂપેણ પુષ્ટિજીવને ભરપૂર બનાવે છે. સર્વજનગોચર ન હોવા વાળા અપ્રાકટ્યકાલમાં પોતાની વાણી દ્વારા પણ મહાપ્રભુજી પુષ્ટિજીવોની અંદર શ્રીકૃષ્ણભક્તિના ભાવોની તેવી જ વૃષ્ટિ કરતા હોય છે. તેથી વીક્ષણરૂપ જ્ઞાનગુણનું નિરૂપણ અહીં વિવક્ષિત છે. આ વાત સ્વયં મહાપ્રભુજીએ પણ

> **''કલિયુગના બલવાન હોવાથી આવા લક્ષણવાળા ગુરૂ કયારેય ન મળતા હોય ત્યારે પણ જાતે જ શ્રીકૃષ્ણની મનોભિલષિત મૂર્તિને પોતાનું ભજનીય સ્વરૂપ બનાવીને ભગવત્સેવા તો કરવી જ જોઇએ''** (ત.દી.નિ. ૨/૨૨૮)

કેમ કે સાકારબ્રહ્મવાદ અવલમ્બિત પુષ્ટિભક્તિ કરવા માટે સર્વવ્યાપી સર્વોપાદાન સર્વનામ-રૂપ- કર્માધાર હોવાના રૂપમાં ભજનીય સ્વરૂપ પુષ્ટિભક્તની પાસે બ્રહ્માત્મના આલંબન વિભાવના રૂપમાં ઉપલબ્ધ જ છે. પુષ્ટિજીવની અંદર ભગવદ્રૂચિ ભગવત્સ્નેહ ભગવદાસક્તિ અને

ભગવદ્વ્યસન પર્યંત ઉત્તરોત્તર અધિકાધિક આસ્વાદનીય ભક્તિના સ્થાયિભાવાત્મક રૂપમાં પણ પરમાત્મા આપમેળે ઉપલબ્ધ થતા જાય છે. વ્રજભક્તોની વચ્ચે જેમ ભગવાન્ પ્રગટ થયા એમની તેવી લીલાઓના અનુભવાર્થ એમના નામાત્મક અપરરૂપથી શ્રીભાગવતાત્મના પણ ભગવાન ઉપલબ્ધ છે જ. તે ભાગવતના નિગૂઢ આશયથી આપણી કૃતિ મતિ અને રતિને સાચી દિશામાં અગ્રગામી બનાવવા માટે સ્વયં વાક્પતિ પણ પોતાની ગ્રંથાત્મિકા વાણીના રૂપમાં ઉપલબ્ધ છે જ. (દ્રષ્ટ. : ત.દી.નિ.પ્ર. ૨/૨૨૮)

તો પણ મહાપ્રભુજીના સ્વરૂપ અને વાણીની વચ્ચે ભેદભાવ કરવાથી તો ન કેવલ ભગવાન અને ભાગવતની વચ્ચે પણ તે પ્રતિબંધક બનવા લાગ્યું પરંતુ શ્રીમદાચાર્યચરણ અને એમના વંશજોની વચ્ચે પણ તે ભેદભાવ પુષ્ટિપ્રભુની પુષ્ટિભક્તિભાવાત્મિકા સેવા-કથામાં પુષ્ટિજીવની પુષ્ટિમાર્ગીય અંગીકૃતિમાં પણ પ્રતિબંધ બનીને ઉભું રહેશે! તેથી પુષ્ટિપ્રભુ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણના સાર્વદેશિક-સાર્વકાલિક બધા પુષ્ટિજીવોના વરણના રૂપમાં પુષ્ટિમાર્ગને માન્ય કરવો સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃતના પાન દ્વારા પોતાના વિષે અમૃત હોવાનું મહાપ્રભુદત્ત આશ્વાસન છે.

**''બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દઢં યદ્ નાપિ નશ્યતિ...**
**સેવાયાં વા કથાયાં વા યસ્ય આસક્તિઃ દઢા ભવેદ્**
**યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપિ ઈતિ મતિઃ મમ''**

(ભક્તિવર્ધિની ૪-૯)

ઉદ્ધૃતઃ
**''શ્રીમદ્વલ્લભમહાપ્રભુસ્તોત્રાણિ''** પ્રાક્કથન
**ગો.શ્રી શ્યામમનોહરજી**
(પાર્લા-મુંબઇ- કિશનગઢ)
*(ગુજરાતી અનુવાદ)*

# || મંગલાચરણમ્ ||

(આચાર્યચરણ[૧] પ્રભુચરણ[૨] સ્વમાર્ગીયજ્ઞાનોપદેશક ગુરૂ[૩] અને ભાગવતદશમસ્કન્ધાર્થરૂપ ભગવાન[૪] ને વંદન)

**ચિન્તા-સન્તાન-હન્તારો યત્પાદામ્બુજ-રેણવઃ ।**
**સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુ[૧]ઃ ।।૧।।**
**યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખા-તિગો ભવેત્ ।।**
**તમહં સર્વદા વન્દે શ્રીમદ્- વલ્લભ-નન્દનમ્[૨] ।।૨।।**
**અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન-શલાકયા ।**
**ચક્ષુરૂન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ[૩] ।।૩।।**
**નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।**
**લક્ષ્મી-સહસ્ત્ર-લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।**
**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।**
**ષડ્ભિર્ વિરાજતે યોડસૌ પંચધા હૃદયે મમ[૪] ।।૪।।**

(મહાપ્રભુપ્રાદુર્ભાવિત૧-૮ તથા શ્રીપ્રભુચરણ પ્રાદુર્ભાવિત ૯-૧૦ ભગવત્સ્વરૂપોનું ધ્યાન)

**[૧]શ્રીગોવર્ધનનાથ-પાદ-યુગલં [૨]હૈયંગવીન-પ્રિયં ।**
**નિત્યં [૩]શ્રીમથુરાધિપં સુખકરં [૪]શ્રીવિઠ્ઠલેશં મુદા ।।**
**[૫]શ્રીમદ્દ્વારવતીશ-[૬]ગોકુલપતિ-[૭]શ્રીગોકુલેન્દું વિભું ।**
**[૮]શ્રીમન્મન્મથ-મોહનં [૯]નટવરં [૧૦]શ્રીબાલકૃષ્ણં ભજે ।।૫।।**

(શ્રીમહાપ્રભુ - શ્રીપ્રભુચરણ[૧] સાત બાલકો અને તેમના વંશજ[૨] શ્રીયમુનાજી[૩] બ્રહ્મસંબંધદાતા ગુરૂ[૪] શ્રીગિરિરાજજી[૫] પોતાના ગુરૂના સેવ્ય[૬]

તથા પોતાની ઉપર બિરાજતા સેવ્યપ્રભુ[૭] નું ધ્યાન)

**શ્રીમદ્વલ્લભ-વિઠ્ઠલૌ[૧] ગિરિધરં ગોવિન્દરાયાભિધં ।**
**શ્રીમદ્ બાલકકૃષ્ણ-ગોકુલપતી નાથં રઘૂણાંસ્તથા ॥**
**એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્[૨] ।**
**કાલિન્દીં[૩] સ્વગુરૂં[૪] ગિરિં[૫] ગુરૂવિભું[૬] સ્વીયપ્રભૂં[૭] શ્ચસ્મરેત્ ॥૬॥**

(શ્રીમદ્ભાગવતદશમસ્કન્ધના પ્રમેયપ્રકરણમાં નિરૂપિત પ્રમેયરૂપ ભગવાનનું ધ્યાન)

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં।**
**બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયંતીં ચ માલામ્ ॥**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ ।**
**વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥૭॥**

(શ્રીમદાચાર્યચરણના ત્રિતયાત્મક સ્વરૂપનું ધ્યાન)

**સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં।**
**પુંરૂપં ચ પુનસ્તદન્તર્ગતં પ્રાવીવિશદ્ સ્વપ્રિયે ॥**
**સંશ્લિષ્ટાવુભયોર્ બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકં**
**રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥૮॥**

(શ્રીગોપીનાથપ્રભુચરણનું ધ્યાન)

**શ્રીવલ્લભ-પ્રતિનિધિં તેજો-રાશીં દયાર્ણવમ્ ।**
**ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમ્ આશ્રયે ॥૯॥**

(શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણનું ધ્યાન)

**સાયં કુંજાલયસ્થાસનમ્ ઉપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં**
**રાજદ્-યજ્ઞોપવીતં પરિતનુ-વસનં ગૌરમ્ અમ્ભોજ વકત્રમ્ ।**
**પ્રાણાનાયમ્ય નાસા-પુટ-નિહિત-કરં કર્ણ-રાજદ્-વિમુક્તં**
**વન્દેઽર્ધોન્મીલિતાક્ષં મૃગમદ-તિલકં વિઠ્ઠલેશં સુકેશમ્ ॥૧૦॥**

# || મંગલાચરણમ્ ||

## (૧)

**ચિન્તા-સન્તાન-હન્તારો યત્પાદામ્બુજ-રેણવઃ ।**
**સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ।।૧।।**

**ભાવાર્થ :** પુષ્ટિમાર્ગીય જીવોની ભગવદ્ભક્તિ કે પછી ભગવદ્શરણાગતિ સંબંધી એક ચિંતામાંથી પેદા થતી બીજી ચિંતા આવી રીતે ચિંતાઓની સંતતીનો નાશ કરવાવાળી જેમના ચરણકમલની રજ છે એવા પુષ્ટિમાર્ગના આચાર્ય શ્રીમહાપ્રભુજીને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૧

**ટીકા :** આપણો પુષ્ટિમાર્ગ કાંઇ વિશ્વધર્મ તો છે નહિં. કેમ કે જે પુષ્ટિજીવ છે તેમનો જ ધર્મ છે. તેથી પુષ્ટિજીવોની જ ભક્તિ- શરણાગતિ સંબંધી ચિંતાઓનું શ્રીમહાપ્રભુજી નિવારણ કરે છે. તેથી જ આ શ્લોકમાં ''નિજાચાર્ય'' એટલે કે પુષ્ટિજીવોને માટે ભૂતલ ઉપર આચાર્યરૂપ ધારણ કરીને પ્રગટ થયેલા ભગવન્મુખારવિન્દરૂપ શ્રીમહાપ્રભુજીની વંદનરૂપ શરણાગતિ કરે છે. તે શા માટે તો તેના વગર પુષ્ટિપ્રભુની પુષ્ટિભક્તિ કરવા માટે પુષ્ટિજીવ નિશ્ચિંત થઇ શકતો નથી. તેથી મંગલાચરણ દ્વારા શ્રીઆચાર્યશરણાગતિ પ્રથમ ઉપાય છે તેમ શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ સમજાવી રહ્યા છે. || ૧ ||

## (૨)

**યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખા- તિગો ભવેત્ ।।**
**તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભ-નન્દનમ્ ।।૨।।**

**ભાવાર્થ :** જન્મ લઇને સાંસારિક દુઃખોના સાગરમાં ડૂબી રહેલો જીવ જેમના અનુગ્રહથી બધા દુઃખોથી બચી જાય છે. એવા શ્રીમદ્વલ્લભાચાર્ય

મહાપ્રભુના આત્મજને હું હંમેશા વંદન કરૂં છું. ૨

**ટીકા :** આ શ્લોક શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણોએ પોતાના મોટા ભાઇ શ્રીગોપીનાથપ્રભુચરણને વંદન કરતા લખ્યો છે, પરંતુ અત્યારના પુષ્ટિજીવોએ બંને ભાઇઓમાં અભેદભાવ રાખીને શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજી એમ બંનેનું સ્મરણ કરીને વંદન કરવું. ૨

**(૩)**

**અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન-શલાકયા ।**
**ચક્ષુરૂન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।૩।।**

**ભાવાર્થ :** અજ્ઞાનરૂપી અન્ધકારથી આંધળા બનેલા મારા જેવાઓની આંખોને જ્ઞાનાંજનની ઉપદેશ- શલાકાથી જેમણે ખોલી દીધી છે. તેવા ગુરૂને હું નમસ્કાર કરૂં છું ! ।। ૩ ।।

**ટીકા :** આ પુષ્ટિસમ્પ્રદાયમાં સમસ્ત પુષ્ટિજીવોના આદ્યગુરૂ મૂલ આચાર્ય પિતા-પુત્રોને નમન કરીને તે તે પુષ્ટિજીવોના પુષ્ટિમાર્ગના ઉપદેશક ગુરૂ હોય તેમના સ્વરૂપનું હૃદયમાં ધ્યાન ધરવા માટે તથા તેમને વંદન કરવાનો આ શ્લોક છે.

પુષ્ટિમાર્ગના ઉપદેશક ગુરૂની ફલમુખયોગ્યતાનું લક્ષણ છેઃ **''શ્રીકૃષ્ણની સેવામાં તત્પર હોવું, અને દંભ વગેરેથી રહિત હોવું; અને શ્રીભાગવતના ભક્તિમાર્ગીય ગૂઢ રહસ્યોના જાણકાર હોવું''** આમ શ્રીમહાપ્રભુજીએ સર્વનિર્ણયનિબંધમાં સમજાવ્યું છે. પુષ્ટિમાર્ગના ઉપદેશ અંતર્ગત અષ્ટાક્ષરમન્ત્ર અને ગદ્યમંત્ર - પંચાક્ષરમંત્રની દીક્ષા આપવા માટે અધિકારનું સ્વરૂપલક્ષણ **''ભૂવિભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત''** નામ દ્વારા શ્રીપ્રભુચરણે શ્રીમદ્વલ્લભવંશજનોમાં માન્ય અને સ્થાપિત કર્યું છે. તેથી વિવાહિત કે પછી અવિવાહિત પુત્રી, દૌહિત્ર, શાસ્ત્રી અને પ.ભ. બાપા માજી વિગેરે સ્વરૂપલક્ષણના અધિકારથી રહિત જાણવા. શ્રીમદ્વલ્લભવંશજ પુત્રોમાં પણ ફલમુખયોગ્યતાના લક્ષણથી વિપરિતતા દેખાય તો તેવી સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીમાં જ ગુરૂબુદ્ધિ રાખવી. ૩

(૪)

**નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।**
**લક્ષ્મી-સહસ્ર-લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।**
**[૧]ચતુર્ભિશ્ચ [૨]ચતુર્ભિશ્ચ [૩]ચતુર્ભિશ્ચ [૪]ત્રિભિસ્તથા ।**
**[૫]ષડ્ભિર્ વિરાજતે યોડસૌ [૬]પંચધા હૃદયે મમ ।।૪।।**

**ભાવાર્થ :** શેષશય્યા ઉપર અને હૃદયમાં ; અથવા શેષરૂપ હૃદયમાં, લક્ષ્મીની અપરિગણિત લીલાઓથી સેવ્યમાન; અથવા હજારો લક્ષ્મીરૂપ પુષ્ટિભક્તોના દ્વારા કરવામાં આવતી લીલાઓથી સેવ્યમાન, લીલામાં અને ક્ષીરસાગરમાં બિરાજમાન; અથવા લીલારૂપ ક્ષીરસમુદ્રમાં બિરાજમાન, ચોસઠ કલાઓના નિધિ એવા દશમસ્કન્ધોકત- લીલાવિહારી પ્રભુને નમન કરૂં છું. તેમાં દશમસ્કન્ધના આરંભમાં ચાર અધ્યાયોને પ્રથમ 'જન્મપ્રકરણ' કહેવાય છે. / પાંચમાં અધ્યાયથી લઇને પાંત્રીસમાં અધ્યાય સુધી બીજા પ્રકરણમાં તામસપ્રમાણ, તામસપ્રમેય, તામસસાધન અને તામસફલના ચાર ઉપ-પ્રકરણ છે. / છત્રીસમા અધ્યાયથી લઇને ત્રેંશઠમાં અધ્યાય સુધી ત્રીજા પ્રકરણમાં રાજસપ્રમાણ, રાજસપ્રમેય, રાજસસાધન અને રાજસફલના ચાર ઉપ-પ્રકરણ છે. / ચોસઠમા અધ્યાયથી લઇને ચોરાસી અધ્યાય સુધી ચોથા પ્રકરણમાં સાત્વિકપ્રમેય, સાત્વિકસાધન અને સાત્વિકફલના ત્રણ ઉપપ્રકરણ છે. / પંચ્યાસીમાં અધ્યાયથી લઇને નેવું અધ્યાય સુધી પાંચમું ગુણપ્રકરણ છે. આવી રીતે પાંચ પ્રકરણોમાં વર્ણવાયેલી લીલાઓને કરવાવાળા પ્રભુ મારા હૃદયમાં બિરાજે છે, તેમને હું નમન કરૂં છું. ૪

**૧ ચતુર્ભિઃ =** **(નિરોધલીલા રૂપ દશમસ્કન્ધમાં પહેલાં જન્મપ્રકરણના) ચાર (અધ્યાયો) વડે અ.૧ થી ૪**

**૨ ચતુર્ભિઃ =** **(તામસ-પ્રકરણનાં પ્રમાણ, પ્રમેય, સાધન, ફલ રૂપ) ચાર (પેટા પ્રકરણો) વડે અ. ૫ થી ૩૫**

**૩ ચતુર્ભિઃ =** **(રાજસ-પ્રકરણનાં પ્રમાણ,પ્રમેય,સાધન, ફલ રૂપ) ચાર (પેટા પ્રકરણો) વડે અ.૩૬ થી ૬૩**

**૪ ત્રિભિઃ =** **(સાત્વિક - પ્રકરણનાં પ્રમેય, સાધન, ફલ રૂપ) ત્રણ**

(પેટા પ્રકરણો) વડે અ.૬૪ થી ૮૪
૫ ષડ્ભિઃ = (ગુણ-પ્રકરણના) છ (અધ્યાયો) વડે અ.૮૫ થી ૯૦
૬ પંચધાઃ = (આમ, કુલ પાંચ પ્રકરણોથી) પાંચ પ્રકારે

(૫)

**[૧]શ્રીગોવર્ધનનાથ-પાદ-યુગલં [૨]હૈયંગવીન-પ્રિયં ।**
**નિત્યં [૩]શ્રીમથુરાધિપં સુખકરં [૪]શ્રીવિઠ્ઠલેશં મુદા ।।**
**[૫]શ્રીમદ્દ્વારવતીશ-[૬]ગોકુલપતિ-[૭]શ્રીગોકુલેન્દું વિભું ।**
**[૮]શ્રીમન્મન્મથ-મોહનં [૯]નટવરં [૧૦]શ્રીબાલકૃષ્ણં ભજે ।।૫।।**

**ભાવાર્થ :** ૧.શ્રીગોવર્ધનનાથજી ૨.શ્રીનવનીતપ્રિયજી ૩.શ્રી મથુરાનાથજી ૪.શ્રીવિઠ્ઠલનાથજી ૫.શ્રીદ્વારકાધીશજી ૬.શ્રીગોકુલનાથજી ૭.શ્રીગોકુલચંદ્રમાજી ૮.શ્રીમદનમોહનજી ૯.શ્રીનટવરલાલજી ૧૦.શ્રીબાલકૃષ્ણલાલજી આટલા સ્વરૂપોએ પ્રભુચરણ શ્રીગુસાંઇજીના ઘરમાં એક સાથે બિરાજીને સાતેય બાલક-બેટીજી-વહુજી સહિત શ્રીપ્રભુચરણોને અલૌકિક સેવાસુખ આપ્યું હતું. તેથી હું પણ આનંદીત થઇ નિત્ય આ સ્વરૂપોનું ધ્યાનાત્મક ભજન કરૂં છું ।।૫।।

**ટીકા :** આ સ્વરૂપોનું વર્ણન ક્રમ પ્રમાણે કર્યું હોવાથી કેટલાક અજ્ઞાની જીવ આ સ્વરૂપોમાં પણ ભેદ-ભાવ (ઉચ્ચ-નીચ, ઉત્તમ-મધ્યમ, નિધિ-પ્રતીનિધિ વિ.) સમજાવતા હોય છે. આને તો માત્ર અજ્ઞાન જ સમજવું કેમ કે શ્રીગુસાંઇજીના વચનામૃત છે **''જો સ્વરૂપમેં છોટો-બડો કહા?''** (શ્રીવલ્લભજી વચનામૃત. ૨૦.) તેથી શ્રીમહાપ્રભુજીના સેવ્ય (૧-૮) તથા શ્રીપ્રભુચરણના સેવ્ય (૯-૧૦) આ બધા ભગવદ્સ્વરૂપોમાં લૌકિક બુદ્ધિથી તારતમ્ય ન જાણવું (શ્રીવલ્લભજી વચના.૨૦)

અહિં શંકા થાય છે કે શ્રીમહાપ્રભુજીના અને શ્રીપ્રભુચરણના બીજા પણ અનેક નિધિસ્વરૂપ બિરાજે છે તેમના નામોનો ઉલ્લેખ ન કરીને માત્ર આટલા જ સ્વરૂપોનો નામોલ્લેખ કર્યો તેનું કારણ શું? તેમાં આ સમાધાન છે કે બીજા પણ શ્રીમહાપ્રભુના અને શ્રીપ્રભુચરણના નિધિ સ્વરૂપોમાં ન્યુનતા બુદ્ધિ ન લાવવી. કેમ કે અન્ય સ્વરૂપોમાં પુષ્ટિપુરૂષોત્તમતા અથવા

પૂર્ણપુરૂષોત્તમતાનો ભેદ જો થાય તો મહાબાધક અન્યાશ્રયનો અપરાધ પડે. અને બધા જ સેવ્ય સ્વરૂપોમાં પુષ્ટિપુરૂષોત્તમતા એક સરખી હોવાથી કોઇ સ્વરૂપની સેવા સાત બાલકના વંશમાં વારસદારો કરતા હોય (વર્તમાન શ્રીવલ્લભવંશજો) કે પછી કોઇ વૈષ્ણવ કરતા હોય તેનાથી સ્વરૂપના માહાત્મ્યમાં કાંઇ ફરક પડતો નથી. શ્રીહરિરાયજીએ તો એટલા માટે જ શ્રીમહાપ્રભુજી વગેરેના સેવ્ય તથા વર્તમાન વલ્લભવંશજ તથા વાલ્લભ વૈષ્ણવોના જે સેવ્ય પ્રભુ છે તેમનામાં પણ ભેદ-ભાવ ન જાણવો એવું પ્રતિપાદન 'સ્વરૂપતારતમ્યવિમર્શ' ગ્રન્થમાં કર્યું છે. તેથી પુષ્ટિસ્વરૂપોમાં લૌકિક બુદ્ધિથી ભેદ-ભાવ કરવાવાળા ભગવત્સ્વરૂપના અપરાધી, આચાર્યજીના અપરાધી તથા આ માર્ગના અપરાધી બને છે. ।।૫।।

(૬)

**શ્રીમદ્વલ્લભ-વિઠ્ઠલૌ ગિરિધરં ગોવિન્દરાયાભિધં ।**
**શ્રીમદ્બાલકકૃષ્ણ-ગોકુલપતી નાથં રઘૂણાંસ્તથા ।।**
**એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્।**
**કાલિન્દીં સ્વગુરૂં ગિરિં ગુરૂવિભું સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્ ।।૬।।**

**ભાવાર્થ :** શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુ, શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ, શ્રીગિરિધરજી, શ્રીગોવિન્દરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી ; તેમજ એમના વંશજ, શ્રીયમુનાજી, અષ્ટાક્ષરમંત્ર તથા બ્રહ્મસંબંધમંત્રનું દાન કરવાવાળા ગુરૂ, શ્રીગોવર્ધનગિરિ, પોતાના દીક્ષાદાતા ગુરૂના સેવ્યસ્વરૂપ તથા પોતાના સેવ્ય સ્વરૂપનું સ્મરણ કરવું ।।૬।।

**ટીકા :** કેટલાક માર્ગ પ્રત્યે દ્વેષ રાખનારા સ્વાર્થી અજ્ઞાની જીવ એવું કહે છે કે આ પહેલાના શ્લોક-૫માં વર્ણવેલા ભગવત્સ્વરૂપોમાં પૂર્ણ પુરૂષોત્તમનો ભાવ હોવાથી તે સ્વરૂપોની ગણત્રી એક સાથે કરી છે. પરંતુ વૈષ્ણવોને માથે બિરાજતા સેવ્ય સ્વરૂપોમાં પુરૂષોત્તમભાવ ન હોવાથી અથવા તો ગુરૂભાવ મિશ્રિત પુરૂષોત્તમભાવ હોવાથી એ ભગવદ્ સ્વરૂપનું સ્મરણ ગુરૂદેવની સાથે કર્યું છે. પરંતુ આ વાત સ્વાર્થ-અજ્ઞાન-મૂલક મોહમાત્ર છે.

કેમ કે આ સૂચિમાં વૈષ્ણવોને માથે બિરાજતા સેવ્યસ્વરૂપનો જેમ ઉલ્લેખ છે. તેવી જ રીતે પોતાના દીક્ષાદાતા ગુરૂના માથે બિરાજતા ભગવત્સ્વરૂપનો પણ ઉલ્લેખ છે. તેથી તે પણ પુરૂષોત્તમભાવાત્મક નહીં રહીજાય. અને પૂર્વશ્લોકમાં વર્ણવેલા નિધિસ્વરૂપોમાંથી કોઇ સ્વરૂપ કયાંક ગુરૂના માથે બિરાજતા હોય તો તે નિધિસ્વરૂપ પણ પુરૂષોત્તમભાવાત્મક ન રહીને ગુરૂભાવાત્મક થઇ જશે. અને કેટલાક લોકો કહે છે કે પોતાના ગુરૂને મનુષ્ય બુદ્ધિથી જોવા શાસ્ત્રનિંદિત હોવાથી વર્તમાન ગુરૂઓમાં પણ પુરૂષોત્તમભાવ રાખવો. ત્યારે તો પોતાના માથે બિરાજતા સેવ્યપ્રભુમાં ગુરૂભાવ રાખવાથી પણ પુરૂષોત્તમભાવ કાંઇ નિવૃત્ત નથી થતો તેથી વૈષ્ણવોને માથે બિરાજતા સ્વરૂપની પૂર્ણપુરૂષોત્તમતામાં લેશ માત્ર ન્યુનતા ન સમજવી.

અને સ્વમાર્ગીય દીક્ષા આપવાવાળા આધુનિકોમાં **''કૃષ્ણસેવા પરતા, દમ્ભાદિરહિતતા, ભાગવતતત્ત્વજ્ઞતા''** આ લક્ષણ સંપૂર્ણપણે દેખાતા હોય તો ગુરૂભાવ અને તેવા લક્ષણથી જ પુરૂષોત્તમભાવ એટલે કે ભગવત્સેવા સમ્બન્ધી તેમની આજ્ઞાને સાક્ષાત્ પુરૂષોત્તમવચનના બરાબર પ્રામાણ્ય જાણવું. પરંતુ આવા લક્ષણ સંપૂર્ણપણે ન દેખાતા હોય તો ગુરૂભાવ માત્ર શ્રીમહાપ્રભુ-પ્રભુચરણમાં સીમિત રાખીને આધુનિકોમાં ગુરૂદ્વારપણું જ માત્ર જાણવું. તેથી ગુરૂદ્વારપણાને હિસાબે તેમનામાં પુરૂષોત્તમભાવ રાખવાની અનિવાર્યતા પણ રહેતી નથી. ।।૬।।

## (૭)

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં ।**
**બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયંતીંચ માલામ્ ।।**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ ।**
**વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ।।૭।।**

**ભાવાર્થ :** શ્રીમસ્તક ઉપર મોરપિચ્છનો સ્તબક (સમુહ, જોડ) ધારણ કરીને, નટનો અને વરનો વેષ ધારણ કરીને, કાન ઉપર કનેરના પુષ્પોને ધારણ કરીને, કનકરંગના (પીળાં) વસ્ત્ર ધારણ કરીને અને વૈજયંતી વનમાલા (ચરણાવિંદ સુધીની) ધારણ કરીને, પોતાના અધર ઉપર

બિરાજમાન સુધા (અમૃત)થી વેણુના છીદ્રોને પુરતા-પુરતા સંગ-સાથી ગોપબાલક જેમની કીર્તિનું ગાન કરે છે એવા પ્રભુ પોતાના ભક્તિરૂપ ચરણકમલોથી વૃંદાવનને રમણીય (રમણ યોગ્ય) બનાવતા ત્યાં વૃંદાવનમાં પ્રવિષ્ટ થયા. ।।૭।।

**ટીકા :** ભાગવતના દશમસ્કન્ધમાં તામસ-પ્રમેય પ્રકરણના અંતર્ગત પ્રભુના પ્રમેયરૂપનું વર્ણન આ શ્લોકમાં છે. આમાં વર્ણવેલ પ્રભુનું રૂપ, ગુણ અને લીલા વ્રજસ્થભક્તોને અલૌકિક પ્રકારથી દ્રષ્ટિ-શ્રુતિગોચર થયા. તે કયા પ્રકારે તો બ્રહ્મવિદ્યા રૂપ વેણુનાદ દ્વારા હૃદયમાં સ્ફૂરિત થયા. તેથી જે એકમાત્ર શ્રુતિ દ્વારા જ સારી રીતે સમજાય તેવા બ્રહ્મનું શ્રોત સ્વરૂપ જેમ શ્રુતિવચનોથી હૃદયંગત થાય છે તેમ વૃન્દાવનસ્થિત ભગવાનના મધુર રૂપ-ગુણ-લીલાનો સાક્ષાત્કાર વેણુનાદ દ્વારા વ્રજસ્થભક્તોના હૃદય અને ઈન્દ્રિયોમાં થયો તે અહીં વર્ણવેલ છે. તેથી આ વર્ણનને દિવ્ય પ્રમેયનું નિરૂપણ સમજવું.

મોર પોતાની મસ્તીમાં આવે ત્યારે પોતાની પુચ્છને ફેલાવીને સ્તબક જેવું બનાવે છે, તેજ રીતે પ્રભુએ પણ પોતાના શ્રીમસ્તક ઉપર મોરપિચ્છ સ્તબક ધારણ કરેલ છે. તેથી ભગવાનનું આ સ્વરૂપ પણ મસ્તીના આવેશવાળુ રસાત્મક છે એમ જાણવું.

કુશલ નટ જેવી રીતે શૃંગારરસનું નાટન કરે છે અને વર (પતિ) જેમ સાક્ષાત ભોગ કરે છે તેવી રીતે ભગવાનના પણ બંને પ્રકારના રૂપ છે. જ્ઞાનીને પોતાની અંદર જેમ પરમાત્માની અનુભૂતિ થાય છે તેમ આ બંને પ્રકારના રૂપની અનુભૂતિ થાય છે એમ ન જાણવું. કેમ કે ભક્તોના સુખદાન માટે તો પ્રભુ બાહ્ય વપુ (દેહ) ધારણ કરીને પ્રગટ થાય છે.

બંને કાનમાં ધારણ કરેલા કનેરના પુષ્પોના શૃંગારને પણ રસને જ જગાવવા વાળા જાણવાં. શૃંગારરસ જેમ સંયોગ-વિપ્રયોગના ભેદથી બે પ્રકારનો હોય છે તેવી જ રીતે પ્રભુના બંને કાન છે. તેથી સંયોગની જેમ વિપ્રયોગમાં પણ ભક્તોના ભાવ ઉદ્ગાર પ્રભુ સાંભળી શકે છે.

રસ તો ગુપ્ત રહેવાથી જ રસરૂપ થાય છે અન્યથા (બીજા કોઈપણ પ્રકારે) રસાભાસ. એટલા માટે પ્રભુએ પોતાનું રસાત્મક સ્વરૂપ ગુપ્ત રાખવા માટે પીતામ્બર ધારણ કર્યું છે. પીતામ્બર પણ પાછું સોના જેવી વ્યામોહિકા

માયાના આવરણ જેવું હોય છે.

અને કીર્તિમયી વનમાલા એટલે કે વૈજયંતીમાલા પણ આપે ધારણ કરી છે.

ભગવાનના લોભાત્મક અધરો ઉપર સ્થિત હોવાથી આ અધરસુધા સર્વાભોગ્યા (સર્વ+અભોગ્યા=દરેકને પ્રાપ્ત ન થાય તેવી) છે. તેથી વેણુનાદના શ્રવણ દ્વારા જ આ સુધાનું પાન થઇ શકે છે બીજા કોઇપણ પ્રકારે નહિં. તે શા માટે? ત્યાં એમ જાણવું કે જે રીતે વેણુવાદન દ્વારા ભગવત્સ્વરૂપાનંદના ઉપભોગને લાયક ભોક્તૃભાવ ભગવાને વ્રજભક્તોમાં પ્રગટ કર્યો તે બીજા પ્રકારે સંભવ નથી. તેથી એકમાત્ર આત્મરમણના સ્વભાવવાળા ભગવાન્ જેના માટે આત્મભોગ્યતા પ્રગટ કરે છે તેમાં સ્વરૂપાનંદ ભોકતૃતાનો ભાવ પ્રગટ થાય છે. તેથી ભગવાને કરેલા વેણુનાદના સ્વર કાન દ્વારા હૃદયમાં પ્રવિષ્ટ થઇને ભગવત્સ્વરૂપાનંદની ભોકતૃતાનો ભાવ પ્રગટ કરે છે. વિષયાનંદના ભોક્તા અથવા મોક્ષાનંદના ભોક્તાનું ભોકતૃત્વ ભગવત્સ્વરૂપાનંદના ભોકતૃત્વની આગળ તો અતિ તુચ્છ અને અતિ ક્ષુદ્ર છે એમ જાણવું. ભગવત્સ્વરૂપાનંદનો ઉપભોક્તા પ્રપંચ (જગત) અને પ્રાપંચિક (જાગતિક, પ્રકૃતિજન્ય) વિષયોને ભૂલીને ભગવત્સ્વરૂપમાં આસક્ત એટલે કે નિરૂદ્ધ થઇ જાય છે. તેથી વેણુનાદ દ્વારા આપે વ્રજભક્તોને પોતાના સ્વરૂપાનંદના ઉપભોગ લાયક ભોકતૃભાવનું દાન કર્યું.

ભગવાનના ચરણારવિન્દ ભક્તિરૂપ હોવાથી સૌથી પહેલાં ચરણ કે પછી ભક્તિની સ્થાપનાથી વૃંદારણ્ય કે પછી વૃંદાવૃંદને ભગવત્સ્વરૂપાનંદમાં નિરૂદ્ધ થવાનો અધિકાર પ્રાપ્ત થયો જાણવો. તે કેવી રીતે તો નિરૂદ્ધ (પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવત્સ્વરૂપાસક્ત) જીવ જ ભગવત્સ્વરૂપાનંદના સ્વચ્છન્દ ઉપભોગ માટે ભોકતૃભાવ વાળા થાય છે. એમ ભક્તોને આધિન થઇને ભગવાન પોતાની અંદર ગૂઢભાવરૂપે અવસ્થિત (સ્થિરભુત, રોકાયેલો, વિદ્યમાન) ભોગ્યભાવ પ્રગટ કરે છે. તેથી આ શ્લોકમાં પ્રમેયરૂપ ભગવાનનું પરમકાષ્ઠાપન્ન (સર્વોચ્ચ) વર્ણન અહીં થયેલું જાણવું. ॥૭॥

## (૮)

**સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રી ગૂઢ ભાવાત્મકં।**
**પુંરૂપંચ પુનસ્તદન્તર્ગતં પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।।**
**સંશ્લિષ્ટાવુભયોર્ બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકં**
**રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ।।૮।।**

**ભાવાર્થ :** સર્વ રસભોકતા શ્રીકૃષ્ણની અંદર પોતાના સ્વરૂપાનંદના દાનાર્થ એક ગૂઢ ભોગ્યભાવાત્મક સૌન્દર્ય પણ છે – તે જ પ્રકારથી પોતાના સ્વરૂપાનંદના ઉપભોગાર્થ પ્રકટ કરેલા સ્વામિની રૂપમાં પણ ભગવત્સ્વરૂપાનંદનો ઉપભોગ કરવાના ભાવવાળુ એક ગૂઢ ભોક્તૃભાવાત્મક સૌન્દર્ય પણ છે. આ ભગવાનમાં રહેલું ગૂઢ ભોગ્યભાવાત્મક સૌન્દર્ય અને સ્વામિનીમાં રહેલું ગૂઢ ભોક્તૃભાવાત્મક સૌન્દર્ય આત્યન્તિક રસોદ્બોધનની અવસ્થામાં ક્યારેક પ્રકટ (ઉચ્છલિત) થઇ જાય છે. અન્યથા ગૂઢ જ રહે છે. તે ઉભયત્ર સ્થિત ગૂઢ સૌન્દર્ય ક્યારેક ઉચ્છલિત થઇને પોતાની એવી રસાત્મક લીલાના પરિકર એવા સાક્ષીભૂત સ્વરૂપનું પાત્રતયા અવલમ્બન કરે છે. તો આ રસલીલામાં ઉચ્છલિત ગૂઢ ભાવાત્મક, ભગવત્સૌન્દર્ય તથા સ્વામિનીસૌદર્ન્યના મિશ્રણથી પ્રકટ રસાત્મક કૃષ્ણના પ્રિયપાત્ર બનવાને કારણે

**(૧) ગૂઢ સ્ત્રી (ભોગ્ય) ભાવ**
**(૨) ગૂઢ પું (ભોક્તૃ) ભાવ**
**(૩) સાક્ષિભાવ**

આમ ત્રિતયાત્મક રૂપ સર્વદા જ પુષ્ટિજીવોને નિરતિશય પ્રિય હોવાથી સર્વોત્કૃષ્ટતયા અભિધ્યાન કરવા યોગ્ય છે. ।। ૮ ।।

**ટીકા : ''બર્હાપીડં નટવરવપુઃ......''** શ્લોકમાં ભગવાનનું જેવું પ્રમેયરૂપ નિરૂપિત કર્યું તેના પ્રમાણ રૂપે (સાક્ષિરૂપ) સ્વયમેવ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ છે. આ શ્લોકમાં મહાપ્રભુના આવા સ્વરૂપનું વર્ણન શ્રીગોપીનાથપ્રભુચરણોએ કર્યું છે. કેમ કે પ્રમાણ વિના પ્રમેય સિદ્ધ થાય નહિં. તેવી રીતે મહાપ્રભુ જો પ્રકટ ન થયા હોત તો પુષ્ટિભક્તિભાવનું અવલમ્બન બનવાવાળા શ્રીકૃષ્ણનું આવું ગૂઢ સૌન્દર્ય પણ પુષ્ટિજીવોને માટે પ્રકટ ન થાત.

કેટલાક પાખંડી લોકો આ શ્લોકમાં વર્ણવેલ મહાપ્રભુની ત્રિતયાત્મકતાના બહાને શ્રીકૃષ્ણની અનન્યભક્તિના મહાપ્રભુજીના ઉપદેશ સાથે પોતાનો છુપાયેલો દ્વેષ પ્રગટ કરે છે : કે શ્રીકૃષ્ણનું મૂલરૂપ તો એકાત્મક છે અને ત્રિતયાત્મક હોવાથી ભજનાર્થ (સેવાર્થ) ઉત્કૃષ્ટતર સ્વરૂપ તો શ્રીમહાપ્રભુજીનું છે. તો આવા શ્રી મહાપ્રભુજીના આંતરદ્વેષી લોકોના પાખંડનું ખંડન આ જ શ્લોક દ્વારા થઇ જાય છે કે ત્રિતયાત્મક રૂપ તો કેવલ ધ્યાન કરવા માટે છે સેવા કરવા માટે નહિં !

લોકમાં જેમ કોઇ કાંઇક ધર્માચરણ કે પછી અધર્માચરણ કરતો હોય ત્યાં જે સાક્ષી તરીકે ઉભો રહે તેને પણ ધર્મ અથવા અધર્મનું કાંઇક ફલ મળે છે. પરંતુ મુખ્ય ફલ તો ધર્મકરનાર અથવા અધર્મકરનારને જ મળે છે. પરંતુ તેના ધર્માચરણ કે પછી અધર્માચરણનો જે સાક્ષી બને છે તેને પ્રમાણ તો માનવામાં આવે જ છે. તેવી જ રીતે સ્વામિનીજીમાં પ્રકટ-ભોગ્યભાવ અને ગૂઢ-ભોક્તૃભાવ અંશીભૂત છે. તેના અંશભૂત પ્રકટ-ભોગ્યભાવ અને ગૂઢ-ભોક્તૃભાવ દરેક પુષ્ટિજીવોને પ્રભુએ પ્રદાન કર્યા છે. તેને પ્રમાણિત કરવા માટે લીલા પરિકરમાં સાક્ષીભૂત પ્રમાણસ્વરૂપને પ્રભુએ ભૂતલ ઉપર પુષ્ટિભક્તિમાર્ગના આચાર્ય તરીકે પ્રકટ કર્યા છે. તે પ્રકટ થઇને આપે જ પ્રકટમાં ભોક્તૃભાવાત્મક પરંતુ ગૂઢતયા ભોગ્યભાવાત્મક શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદનું દાન કરવાવાળા પુષ્ટિભક્તિમાર્ગનો ઉપદેશ કર્યો.

ત્યારે શ્રીકૃષ્ણની પુષ્ટિભક્તિના આપના ઉપદેશથી દ્વેષ કરાવાવાળાની બીજી તો કાંઇ કારી ન ફાવી ત્યારે શ્રીકૃષ્ણના ભજનથી (સેવાથી) પુષ્ટિજીવને વિમુખ કરવા માટે શ્રીમહાપ્રભુજીની ત્રિતયાત્મકતાની વાતનું વિપરિત અર્થઘટન કર્યું અને ત્રિતયાત્મકરૂપ ધારણ કરવાવાળા શ્રીમહાપ્રભુજીની સેવા કરવી, મૂલરૂપ શ્રીકૃષ્ણની સેવા ન કરવી - આવો પાખંડનો પ્રચાર કરે છે. તે તો રૂપદર્શનાર્થ વિધાતાએ આંખો આપી છે પણ તે આંખોથી રૂપદર્શન કરવાને બદલે અરીસામાં પોતાની આંખો નું જ દર્શન કરતા રહેવા જેવી મૂઢતા જ સમજવી. તેથી સિદ્ધ થાય છે કે ગૂઢ - ભોગ્ય - ભોક્તૃ રૂપોથી ઉભય-ભાવાત્મક રસમય શ્રીકૃષ્ણતો પોતાના પાત્રસ્થાનીય મહાપ્રભુજીના હૃદયમાં પણ ગૂઢભાવતયા જ બિરાજે છે. અને પ્રકટમાં તો

આપ તે ગૂઢભાવોના સાક્ષીરૂપ-પ્રમાણરૂપ જ છે. - આપ કાંઇ અર્ધનરનારી જેવા રૂપથી પ્રકટ નથી થયા. તે **"દૈવોદ્ધારપ્રયત્નાત્મા.... ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ... અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ..... સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા... ભકત્યાચારોપદેષ્ટા... ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્..... તત્કથાક્ષિપ્તચિત્તઃ તદ્વિસ્મૃતાન્યઃ"** વિ. નામોથી સિદ્ધ થાય છે. કે **આપ પુષ્ટિભક્તિમાર્ગાચાર્ય છે. તેથી જે જીવ આપના ઉપદેશ અનુસાર શ્રીકૃષ્ણભક્તિ નથી કરતો તેને દૈવી ન જાણવો.** તે શા માટે ? કેમ કે સુર્યોદયનો પ્રકાશ થતાં જ કમળનું ફુલ તો ખીલી જાય છે. પરંતુ રાત્રિના અંધકારમાં ખીલતાં ફુલ મુરઝાવા લાગે છે. તેમ મહાપ્રભુજીના ઉપદેશ દ્વારા દૈવીજીવોના હૃદયકમલ તો શ્રીકૃષ્ણભક્તિના રૂપમાં ખીલી જાય છે. પરંતુ આસુરીઓના અન્ધકારી ફુલ મુરઝાવા લાગે છે. તે કેવી રીતે તો આપ જે જીવનો અંગીકાર કરે છે તેને તો આપનું સાન્નિધ્ય મળે છે. અને જેને આપનું સાચું સાન્નિધ્ય મળે છે તેમાં અવિલમ્બ જ શ્રીકૃષ્ણપ્રેમ પ્રગટ થઇ જાય છે. તો તે જ જીવ ગોપીપતિ શ્રીકૃષ્ણને વલ્લભસમ લાગે છે. આ જ પ્રયોજનથી તો આપે પોતાની વાણી અને વંશજ પણ પ્રગટ કર્યા. જેથી પુષ્ટિજીવ પુષ્ટિપ્રભુના સ્વરૂપાનંદના અનુભવમાં સેવા-કથાની પ્રણાલી દ્વારા આક્ષિપ્તચિત્ત થઇને અન્ય બધુંજ વિસ્મૃત કરી દે. તેથી જે જીવ આપના ઉપદેશ અનુસાર પુષ્ટિ ભક્તિ માર્ગ ઉપર ચાલતો નથી તેને શ્રીમહાપ્રભજી જ ભુલાવી દે છે, આ નિશ્ચય જાણવો. આમાં નાદસૃષ્ટિ અથવા બિન્દુસૃષ્ટિનો કોઇ ભેદભાવ નથી. ।।૮।।

## (૯)

**શ્રીવલ્લભ-પ્રતિનિધિં તેજો-રાશીં દયાર્ણવમ્ ।**
**ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમ્ આશ્રયે ।।૯।।**

**ભાવાર્થ :** અલૌકિક પુષ્ટિભક્તિના કમળને ખિલવવા માટે શ્રીમહાપ્રભુજીની જેમ શ્રીગોપીનાથજી પણ તેજોરાશી ભક્તિમાર્ગાબ્જમાર્તંડ છે. આપ દયાના સમુદ્ર પણ હોવાથી ભક્તિકમલને ખિલવવા પ્રગટ થવામાં પણ આધાર બને છે. પ્રાકૃત ગુણોથી અતિત- અસ્પૃષ્ટ અને અલૌકિક

પુષ્ટિભક્તિમાર્ગીય ગુણોના ભંડાર રૂપ પણ છે. આમ વિરૂદ્ધધર્મના આશ્રય છે તે શા માટે? ત્યાં કહે છે કે શ્રીવલ્લભના પ્રતિનિધિ **''આત્મા વૈ જાયતે પુત્રઃ''** હોવાથી એવા છે. આવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય કરૂં છું. ।।૯।।

**ટીકા :** પ્રાચીન ભાષાસાહિત્યમાં કયાંક-કયાંક શ્રીગોપીનાથજીના મર્યાદામાર્ગીય હોવાના ઉલ્લેખ મળે છે. પરંતુ શ્રીમહાપ્રભુજી પણ તો **''અંગીકૃતૌ સમર્યાદ''** છે! તેથી આ મર્યાદાને પુષ્ટિથી બહાર મર્યાદા ન સમજીને પુષ્ટિમાર્ગની અંદર રહેલી મર્યાદા સમજવી. તેથી શ્રીપુરૂષોત્તમજીએ આ સ્તુતિશ્લોક પ્રગટ કર્યો છે. શ્રીગોપીનાથજીએ રચેલા 'સેવાશ્લોક' અને 'સાધનદીપિકા' ગ્રન્થોમાં પુષ્ટિભક્તિનું નિરૂપણ મળે છે, કાંઇ મર્યાદાભક્તિનું નહિં. તેથી અન્યથા ભાવ ન રાખવો. ।।૯।।

## (૧૦)

**સાયં કુંજાલયસ્થાસનમ્ ઉપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં**
**રાજદ્-યજ્ઞોપવીતં પરિતનુ-વસનં ગૌરમ્, અમ્ભોજવક્ત્રમ્ ।**
**પ્રાણાનાયમ્ય નાસા-પુટ-નિહિત-કરં કર્ણ-રાજદ્-વિમુક્તં**
**વન્દેઽર્ધોન્મીલિતાક્ષં મૃગમદ-તિલકં વિઠ્ઠલેશં સુકેશમ્ ।।૧૦।।**

**ભાવાર્થ :** સાંજના સમયે કુંજભવનમાં આસન ઉપર બિરાજતા, સન્ધ્યાવંદન માટે સોનાના પાત્રો જેમની આગળ સાજેલા છે, કેડમાં સુંદર ધોતી ધારણ કરેલી છે, યજ્ઞોપવીત પણ શ્રીઅંગ ઉપર શોભાયમાન થઇ રહી છે, ઉપરણો પણ આપે ઓઢેલો છે, આપનું મુખારવિન્દ ગૌરવર્ણ છે, પ્રાણાયામને માટે નાસાપુટ (નાકના ફણા) ઉપર શ્રીહસ્ત ધરેલો છે, કાનમાં વિશિષ્ટ મોતી શોભાયમાન થઇ રહ્યા છે, આપના નેત્ર ધ્યાન મુદ્રા માટે અર્ધામિંચેલા છે. લલાટ (કપાળ) ઉપર મૃગમદ (કસ્તૂરી)નું તિલક ધારણ કરેલું છે, શ્રીમસ્તક ઉપર સુન્દર કેશાવલી બિરાજમાન છે, એવા શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણને હું વંદન કરૂં છું. ।।૧૦।।

**ટીકા :** આ શ્લોક દ્વારા શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઇજીના આચાર્યભાવ ઉચિત સ્વરૂપને જ ધ્યાનાત્મક વંદન કર્યું છે, જેમ ''સૌન્દર્યં...'' પદ્યમાં શ્રીગોપીનાથજીએ શ્રીમહાપ્રભુજીના ગૂઢ રસમયભાવાત્મક પરંતુ પ્રગટ

સાક્ષિભાવાત્મક આચાર્યભાવ ઉચિત રૂપનું જ ધ્યાન બતાવ્યું તેમ.

તેથી જેમ ગૂઢ પુંભાવાત્મિકા શ્રીસ્વામિનીજી અને ગૂઢ સ્ત્રીભાવાત્મક શ્રીપ્રભુના સ્વરૂપમાં કાંઇ ભેદ નથી તો પણ શ્રીસ્વામિનીજીને માત્ર તનિયો ધરાવીને કોઇ  દર્શન ખોલતા નથી અને શ્રીઠાકોરજીના પણ લહેંગા ચોલી અને સાડીમાં દર્શન થતા નથી તેવી જ રીતે શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણમાં ગૂઢ પુરૂષોત્તમભાવને પ્રગટ કરીને ભક્તિરીતિમાં રસાભાસ કરવાવાળી બેઠકજીઓમાં ગેંદ-છડી-ચોપડ ધરિને પ્રદર્શન કરવું તે પણ ઉચિત નથી. આચાર્યભાવથી જ્યારે આપ બેઉ પ્રગટ થયા છે ત્યારે આચાર્યભાવ ઉચિત વસ્ત્ર આભૂષણ સાજ સેવા જ ઉચિત છે. તેથી તુલસીની કંઠી, તિલક, ગોમુખી, સન્ધ્યાનો સાજ, શ્રીમદ્ભાગવતજીના પોથીજી, ધોતી-ઉપરણાના


॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શું પુષ્ટિમાર્ગમાં ફલ હોઈ શકે ? શું ? કેટલા પ્રકારના ફળનો વિચાર કરી શકાય ? વગેરે
પુષ્ટિફળને સંલગ્ન સંગોષ્ઠી જેમાં આપને આપના મનમાં ઉઠતા પ્રશ્નોનું યોગ્ય સમાધાન મળશે...

**પુષ્ટિફલમીમાંસા**
**(સંગોષ્ઠી)**

પુષ્ટિભક્તિ તથા પ્રપત્તિ માં ફલ વિષયને લઈ શ્રીવલ્લભસુખધામ, કાંદીવલી-મુંબઈમાં
આયોજીત ચર્ચાસંગોષ્ઠી અંતર્ગત પ્રસ્તુત આલેખપત્ર તથા તેની ચર્ચાનું સંકલન

**ચર્ચા સંગોષ્ઠીના મુખ્ય વિષયો**

* 'મુક્તિતારતમ્યનિર્ણય' ગ્રંથમાં પ્રતિપાદિત ફલનું સ્વરૂપ
* બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં પુષ્ટિફલ
* શ્રીસુબોધિનીજીમાં પુષ્ટિભક્તિના પરમફલનું નિરૂપણ
* શ્રીયમુનાષ્ટકમ્‌માં પુષ્ટિફલ
* પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થમાં પુષ્ટિફલ
* સિદ્ધાન્તરહસ્યગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* વિવેકધૈર્યાશ્રય ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* ષોડશગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* નિરોધલક્ષણ ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* ભક્તિવર્ધિની ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* પંચપદ્યાનિ ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* સંન્યાસનિર્ણય ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* શિક્ષાશ્લોકી ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* શાસ્ત્રાર્થપ્રકરણ તથા સાધનપ્રકરણના સંદર્ભમાં પુષ્ટિફલ
* સેવાફલ ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* ન્યાસાદેશ ગ્રન્થ, વાર્તા સાહિત્ય તેમજ કીર્તન સાહિત્યના સંદર્ભમાં પુષ્ટિફલ

:: પ્રકાશક ::
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત.
ફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩

વસ્ત્રાભૂષણ અને સાજને જ આચાર્યભાવ ઉચિત જાણવા. ।।૧૦।।

*।। ગોસ્વામી શ્રીદીક્ષિતાત્મજ શ્યામમનોહર દ્વારા વિરચિત મંગલાચરણની વ્યાખ્યા સંપૂર્ણ થઈ ।।*

**કરિયે શ્રીસર્વોત્તમ રસપાન ।**
**પ્રશંસા કરિ સકે કૌન એસૌ, શ્રીમુખ કરત બખાન ।। ૧ ।।**

**અતિશય કરૂના કરિ યા કલિમૈ, દિયો દૈવી જીવન કોં દાન ।**
**એક એક અક્ષર હૈ અધરામૃત, ગુપ્ત રહસ્ય ગુનગાન ।।૨।।**

**અર્ધ નિમેષ વિલમ્બ નહિં કરિયે, અબ આઇ સુખખાન ।**
**'રસીક પ્રીતમ' જાકે રંગ રંગ્યો, સો હે ભક્ત નિધાન ।।૩।।**

**નિત્ય સર્વોત્તામ જપ કરીયે ।**
**વ્હે નિશંક ત્રિલોકી વિચરત, કાલ કર્મ તે ન ડરીયે ।। ૧।।**

**લાખ કોટિ જપ કરો કેતે હી, ઇનકી નહીં સરવરીયે ।**
**કરિ વિશ્વાસ ચાતક કી નાંઇ, ચોંચ સ્વાતિ જલ ભરીયે ।। ૨।।**

**અધરસુધારસ યાતે પૈયત, જો અનુદિન ચિત્ત ધરીયે ।**
**'રસીકદાસ' જન જીવન મુરી, સકલ મનોરથ સરીયે ।।૩।।**

***

**શ્રીસવોત્તમ જપ નિત્ય કરના હો ।**
**સકલ શાસ્ત્ર કો સાર યહી હૈ, ત્રિવિધ તાપ સબ અઘ હરના હો ।।૧।।**

પુષ્ટિ પદારથયાહી તે પૈયત, યાહી તૈ ભવસાગર તરના હો
રંગીલે 'ત્રીકમ' જાઉં બલિહારી, કાલદંડ સે ના ડરના હો ।। ૨।।

## ।। શ્રીસર્વોત્તમ સ્તોત્રમ્ ।।

પ્રાકૃત-ધર્માનાશ્રયમ્ અપાકૃત-નિખિલ-ધર્મરૂપમિતિ ।।
નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ।।૧।।

કલિકાલ-તમશ્છન્ન-દૃષ્ટિત્વાદ્ વિદુષામપિ ।।
સમ્પ્રત્યવિષયસ્ તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ।।૨।।

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ।।૩।।

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્ યથા તથા ।।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહત ।।૪।।

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારૂણિકઃ પ્રભુઃ ।।૫।।

વિનિયોગો ભક્તિયોગ- પ્રતિબન્ધ- વિનાશને ।।
કૃષ્ણાધરામૃતાસ્વાદ- સિદ્ધિરત્ર ન સંશયઃ ।।૬।।

[૧]આનન્દઃ [૨]પરમાન્દઃ [૩]શ્રીકૃષ્ણાસ્યં [૪]કૃપાનિધિઃ ।।
[૫]દૈવોદ્ધારપ્રયત્નાત્મા [૬]સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ।।૭।।

[૭]શ્રીભાગવત-ગૂઢાર્થ-પ્રકાશન-પરાયણઃ ।।
[૮]સાકાર-બ્રહ્મવાદૈક-સ્થાપકો [૯]વેદપારગઃ ।।૮।।

[૧૦]માયાવાદનિરાકર્તા [૧૧]સર્વવાદિનિરાસકૃત્ ।।
[૧૨]ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ।।૯।।

[૧૪]અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃત-માનવઃ ।।
[૧૫]અંગીકૃતૌ સમર્યાદો [૧૬]મહાકારૂણિકો [૧૭]વિભુઃ ।।૧૦।।

[18]અદેય-દાન-દક્ષશ્ચ [19]મહોદાર-ચરિત્રવાન્ ||
[20]પ્રાકૃતાનુકૃતિ વ્યાજ - મોહિતાસુર- માનુષઃ ||૧૧||
[21]વૈશ્વાનરો [22]વલ્લભાખ્યઃ [23]સદ્રૂપો [24]હિતકૃત્ સતામ્ ||
[25]જન-શિક્ષા-કૃતે કૃષ્ણ-ભક્તિ-કૃન્ [26]નિખિલેષ્ટદઃ ||૧૨||
[27]સર્વલક્ષણ-સમ્પન્નઃ [28]શ્રીકૃષ્ણજ્ઞાનદો [29]ગુરૂઃ ||
[30]સ્વાનન્દતુન્દિલઃ [31]પદ્મદલાયત વિલોચનઃ ||૧૩||
[32]કૃપા-દગ-વૃષ્ટિ-સંહૃષ્ટ-દાસદાસીપ્રિયઃ [33]પતિઃ ||
[34]રોષદૃક્પાત-સમ્પ્લુષ્ટ-ભક્તદ્વિટ્ [35]ભક્તસેવિતઃ ||૧૪||
[36]સુખસેવ્યો [37]દુરારાધ્યો [38]દુર્લભાંઘ્રિસરોરુહઃ ||
[39]ઉગ્રપ્રતાપો [40]વાકસીધુ-પૂરિતાશેષ-સેવકઃ ||૧૫||
[41]શ્રીભાગવત - પીયૂષ - સમુદ્ર-મથન-ક્ષમઃ ||
[42]તત્સારભૂત- રાસ-સ્ત્રી-ભાવ-પૂરિત-વિગ્રહઃ ||૧૬||
[43]સાન્નિધ્ય-માત્ર-દત્ત-શ્રીકૃષ્ણ-પ્રેમા [44]વિમુક્તિદઃ ||
[45]રાસલીલૈક-તાત્પર્યઃ [46]કૃપયૈતત્-કથા-પ્રદઃ ||૧૭||
[47]વિરહાનુભવૈકાર્થ - સર્વત્યાગોપદેશકઃ||
[48]ભક્ત્યાચારોપદેષ્ટા ચ [49]કર્મમાર્ગ પ્રવર્તકઃ ||૧૮||
[50]યાગાદૌ ભક્તિમાર્ગૈક-સાધનત્વોપદેશકઃ ||
[51]પૂર્ણાનંદઃ [52]પૂર્ણકામો [53]વાક્પતિર્ [54]વિબુધેશ્વરઃ ||૧૯||
[55]કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા [56]ભક્તપરાયણઃ ||
[57]ભક્ત્યાચારોપદેશાર્થ- નાનાવાક્ય નિરૂપકઃ ||૨૦||
[58]સ્વાર્થોજ્ઝિતાઽખિલપ્રાણ-પ્રિયસ્ [59]તાદૃશવેષ્ટિતઃ ||
[60]સ્વદાસાર્થકૃતાશેષ સાધનઃ [61]સર્વશક્તિધૃક્ ||૨૧||
[62]ભુવિ ભક્તિ-પ્રચારૈક-કૃતેસ્વાન્વય-કૃત્ [63]પિતા ||
[64]સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ [65]સ્મયાપહઃ ||૨૨||

[૬૬]પતિવ્રતાપતિઃ [૬૭]પારલૌકિકૈ હિકદાનકૃત્ ||
[૬૮]નિગૂઢહૃદયોઽનન્યભકતેષુ જ્ઞાપિતાશયઃ[૬૯] ||૨૩||
[૭૦]ઉપાસનાદિ-માર્ગાતિ-મુગ્ધ-મોહ-નિવારકઃ ||
[૭૧]ભક્તિમાર્ગે સર્વમાર્ગ-વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ||૨૪||
[૭૨]પૃથક્-શરણ-માર્ગોપદેષ્ટા [૭૩]શ્રીકૃષ્ણ-હાર્દવિત્ ||
[૭૪]પ્રતિક્ષણ-નિકુંજસ્થ-લીલા-રસ- સુપૂરિતઃ ||૨૫||
[૭૫]તત્કથાક્ષિપ્તચિત્તસ્ [૭૬]તદ્-વિસ્મૃતાન્યો [૭૭]વ્રજપ્રિયઃ ||
[૭૮]પ્રિયવ્રજસ્થિતિઃ [૭૯]પુષ્ટિ-લીલાકર્તા [૮૦]રહઃ પ્રિયઃ ||૨૬||
[૮૧]ભકતેચ્છાપૂરકઃ [૮૨]સર્વા-જ્ઞાતલીલોઽતિમોહનઃ[૮૩] ||
[૮૪]સર્વાસકતો [૮૪]ભક્તમાત્રાસકતઃ [૮૬]પતિતપાવનઃ ||૨૭||
[૮૭]સ્વયશોગાનસંહૃષ્ટ - હૃદયામ્ભોજ - વિષ્ટરઃ ||
[૮૮]યશઃ પીયૂષલહરી - પ્લાવિતાન્યરસઃ [૮૯]પરઃ ||૨૮||
[૯૦]લીલામૃત - રસાર્દ્રાર્દ્રી - કૃતાખિલ - શરીરભૃત્ ||
[૯૧]ગોવર્ધન-સ્થિત્યુત્સાહઃ [૯૨]તલ્લીલા-પ્રેમ-પૂરિતઃ ||૨૯||
[૯૩]યજ્ઞભોકતા [૯૪]યજ્ઞકર્તા [૯૫]ચતુર્વર્ગવિશારદઃ ||
[૯૬]સત્યપ્રતિજ્ઞઃ [૯૭]ત્રિગુણાતીતો [૯૮]નયવિશારદઃ ||૩૦||
[૯૯]સ્વકીર્તિવર્ધનઃ [૧૦૦]તત્ત્વ-સૂત્રભાષ્ય પ્રદર્શકઃ ||
[૧૦૧]માયાવાદાખ્યતૂલાગ્નિઃ [૧૦૨]બ્રહ્મવાદ નિરૂપકઃ ||૩૧||
[૧૦૩]અપ્રાકૃતાખિલા-કલ્પ-ભૂષિતઃ [૧૦૪]સહજસ્મિતઃ ||
[૧૦૫]ત્રિલોકીભૂષણં [૧૦૬]ભૂમિ-ભાગ્યં [૧૦૭]સહજસુન્દરઃ ||૩૨||
[૧૦૮]અશેષ-ભક્ત-સમ્પ્રાર્થ્ય-ચરણાબ્જ-રજો-ધનઃ ||
ઈત્યાનન્દ-નિધેઃ પ્રોક્તં નામ્નામ્-અષ્ટોતરં શતમ્ ||૩૩||
શ્રદ્ધા-વિશુદ્ધ-બુદ્ધિર્ યઃ પઠત્યનુદિનં જનઃ ||
સ તદેક -મના સિદ્ધિમ્ ઉકતાં પ્રાપ્નોત્ય સંશયમ્ ||૩૪||
તદ્પ્રાપ્તૌ વૃથા મોક્ષઃ તદાપ્તૌ તદ્ગતાર્થતા ||
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ||૩૫||

*॥ ઈતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં સર્વોત્તમસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥*

# ॥ શ્રીસર્વોત્તમ સ્તોત્રમ્ ॥

શ્રી ગોકુલનાથજી કૃત વિવૃતિના સંક્ષિપ્ત વ્રજભાષાનુવાદનો ગુજરાતી અનુવાદ

શ્રીગુસાંઈજી, શ્રીમહાપ્રભુજીના એકસોહઆઠ નામ જેની અંદર છે. એવા સર્વોત્તમસ્ત્રોત્રનું નિરૂપણ કરે છે. તેની ટીકા શ્રી ગુસાંઈજીના પુત્ર શ્રીગોકુલનાથજી કરે છે.

**નત્વા પિતૃપદામ્ભોજં સર્વાભીષ્ટપ્રદાયકમ્ ।**
**તત્પ્રોક્તાચાર્યનામાનિ વિવરિષ્યે યથામતિઃ ॥**

શ્રીગોકુલનાથજી કહે છે : અમે શ્રીગુસાંઈજીના ચરણારવિન્દને નમસ્કાર કરીએ છીએ. આપના ચરણારવિંદ કેવા છે? ભક્તોને ભગવદ્ભક્તિમાં ઉપયોગી, આલોકસમ્બન્ધી વસ્તુ, દેહ સમ્બન્ધી વસ્તુ જે સ્ત્રી-પુત્ર- ધનવિગેરે ; અને પરલોકસમ્બન્ધી વસ્તુ જેથી પરલોક સિદ્ધ થાય, તે બધાના આપવાવાળા ચરણારવિન્દને અમે નમસ્કાર કરીએ છીએ. તો શ્રીમહાપ્રભુજીના નામોની ટીકા જેવી બુદ્ધિ છે તે રીતે અમે કરીએ છીએ.

**યદ્યપ્યયોગ્યએવાહં તન્નામવિવૃત્તૌ સ્વતઃ ।**
**સ્વીયત્વેનૈવ કૃપયા યોગ્યતામપિ દાસ્યતિ ॥**
**ઈતિ વિશ્વાસતો નૂનં વર્તેઽહં નચ અન્યથા ।**
**અતસ્તએવ શરણં નમઃ સર્વાર્થસિદ્ધયે ॥**

શ્રીગોકુલનાથજી કહે છે : જોકે શ્રીમહાપ્રભુજીના નામોની ટીકા કરવાની મારામાં તો યોગ્યતા નથી પરંતુ શ્રીમહાપ્રભુ મને પોતાનો જાણીને કૃપા કરીને આપના નામોની ટીકા કરવાની યોગ્યતા આપશે, આવા વિશ્વાસથી ટીકા કરવા માટે પ્રવૃત્ત થયો છું. અન્યથા નહિં. તેથી શ્રીમહાપ્રભુજીના ચરણારવિન્દ જ મારી ગતિ છે. તો વસ્તુની સિદ્ધિ થવાના વિષે હવે કહે છે.

શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ અને સ્વરૂપના પ્રાકટ્યને વિષે

કારણ કહેવા માટે પ્રથમ શ્રીપુરાણપુરૂષોત્તમ સ્વરૂપની સ્તુતિ ત્રણ શ્લોકો વડે કરે છે, મંગલ માટે.

**પ્રાકૃત-ધર્માનાશ્રયમ્ અપ્રાકૃત-નિખિલ-ધર્મરૂપમિતિ ।।**
**નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ।।૧।।**

**ભાવાર્થ :** જેમનામાં કોઇ પ્રાકૃતધર્મ નથી પરંતુ સંપૂર્ણ અપ્રાકૃતધર્મ જ છે,એવું પ્રતિપાદન વેદવિગેરે શાસ્ત્ર કરે છે, આવા માયાવિગેરેનાદોષવિનાના, શુદ્ધ આકારવાળા શ્રીકૃષ્ણની હું સ્તુતિ કરૂં છું ।।૧।।

***

**રાગ : ભૈરવ**

**પ્રાકૃત ધર્મરહિત અપ્રાકૃત નિખિલ ધર્મસહિત સાકાર ।।**
**નિગમ નિરુપિત શુદ્ધ પુરુષોત્તમ વદનાનલ શ્રીવલ્લભ અવતાર ।।૧।।**
**સ્તુતિ કરોં સદાનન્દપદ સેવોં સુજસ સ્રવન કરોં ગુનગાન ।।**
**ચિત્તમેં ચિંતન કરોં રૈનદિન સુબોધિની અરૂ વચનામૃતપાન ।।૨।।**
**કરુના કરિ કલિ પ્રકટ ભએ બિન હોત ન દૈવી જન - ઉદ્ધાર ।।**
**શ્રીવિઠ્ઠલ નિજપદનૌકા દૈ 'ગોવિન્દ' ઉતારો (કરો!) ભવસાગરપાર ।।૩।।**

**ટીકા :** શ્રીઠાકોરજી કેવા છે? પ્રાકૃત ધર્મ જેવા કે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ તેનાથી રહિત છે. કદાચ કોઇ કહે કે ત્યારે તો શ્રીઠાકોરજી નિરાકાર થઇ ગયા! ત્યાં કહે છે, નહીં ! શ્રીઠાકોરજી અપ્રાકૃત છે. અલૌકિક આનંદમય દેહ-ઇન્દ્રિયો વિગેરેથી સહિત છે. અને આજ પ્રકારે વેદ પણ નિરૂપણ કરે છે. તો આવા આનંદમાત્ર- કર-પાદ-મુખોદરાદિ સાકાર શ્રી પુરણપુરૂષોત્તમની અમે સ્તુતિ કરીએ છીએ. ।।૧।।

ત્યાં એવી શંકા થાયકે આવું સ્વરૂપ તમે કહો છો તે સાચું હોયતો શાસ્ત્રોના જાણકાર પંડિતોએ કેમ ન બતાવ્યું? ત્યાં પંડિતોના અજ્ઞાન વિષે કારણ કહે છે.

***

**કલિકાલ-તમશ્છન્ન-દૃષ્ટિત્વાદ્ વિદુષામપિ ।।**

**સમ્પ્રત્યવિષયસ્ તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ||૨||**

**ભાવાર્થ :** આવા શુદ્ધ સાકાર પરબ્રહ્મનું માહાત્મ્ય કલિકાલના અંધકારથી આંધળા થઇ જવાના કારણે, પૃથ્વી ઉપર હાલના સમયમાં, વિદ્વાન પણ કોઇ જાણી શકતા નથી ||૨||

**રાગ : બિભાસ**

**વિદુષજનદૃષ્ટિ કલિકાલ મહાતિમિરતેં**
**નિગમનવનીતકો હાર્દ નાહિં લહ્યો ।।**
**બ્રહ્મ સાકારકો ભેદ જાને બિના**
**આસુરાવેશ – તેં વિરૂદ્ધ હિ કહ્યો ।।૧।।**

**ભૂમિકે જીવ મતિહીન વૈકુંઠકી**
**બાતકોં કહો કૈસે મંદ જાનૈ।।**
**બ્રહ્મ સાકારકો રૂપ જાને બિના**
**મુઢ અતિ અજ્ઞાન ક્યોં જુ માનૈ ।।૨।।**

**તસ્ય સંપ્રતીતિ તાતેં નહિં હોત હૈ**
**ઉગ્ર માહાત્મ્ય કૌન પાર પાવૈ ।।**
**શ્રીવિઠ્ઠલ – પદ – કમલ – રજધન 'ગોવિન્દ'**
**જન હરિ – વદન – વહ્નિ – ગુન ગાવૈ ।।૩।।**

**ટીકા :** કલિકાલના કારણે અજ્ઞાનરૂપી અંધકારથી પંડિતોની બુદ્ધિ ઢંકાઇ ગઇ છે. તેથી પંડિતોને શ્રીભાગવત-વેદ ના દ્વારા જેમનું નિરૂપણ કરાયેલ છે તે પૂરણ પુરૂષોત્તમનું સ્વરૂપ જાણવામાં આવતું નથી. તે કેવી રીતે? જેમ અંધકાર વડે ઢંકાયેલી દ્રષ્ટિથી વસ્તુનું જ્ઞાન થતું નથી, તે શા માટે? તો પંડિતોને જ્ઞાન નથી તે એથી કે તેઓની તો પૃથ્વી ઉપર સ્થિતિ છે અને પુરૂષોત્તમનું સ્વરૂપ તો વૈકુંઠમાં સ્થિત છે. તો તેથી પંડિતોને શ્રીપુરૂષોત્તમના સ્વરૂપનું એવું જ્ઞાન નથી થતું જેવું વૈકુંઠવાસીઓને જ્ઞાન હોય છે. ||૨||

ત્યાં શંકા થાય કે આપનું પણ પ્રાકટ્ય તો ભૂલોકમાં જ છે તેથી

આપને કેમ માહાત્મ્યનું જ્ઞાન છે? તો ત્યાં પ્રકાર કહે છે :

**દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ||**
**વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ||૩||**

**ભાવાર્થ :** જ્યારે હરિએ પોતાનું માહાત્મ્ય વાણી દ્વારા પ્રકટ કરવાની ઇચ્છા કરી ત્યારે પોતાના મુખારવિંદને જ પ્રગટ કર્યું. ||૩||

**(રાગ : રામકલી)**

**જબ શ્રીહરિ ભઇ યહ ઇચ્છા નિજ મહિમા પ્રગટાવે કાજ ||**
**વ્રજપતિ વદન - અનલ આનન્દમય પ્રગટ કિએ વાક્પતિ દ્વિજરાજ ||૧||**
**સો સ્વરૂપ પ્રગટ્યો ભૂતલપે વિદ્યાનિધિ વિદુષન્ સિરતાજ ||**
**દરસ પરસ ઉપજ્યૌ ઉર આનન્દ તીનોં ભુવન રહે સબ ગાજ ||૨||**
**દૈવીજન સબ કરત બધાઇ ચિંતા ગઇ સબનકી ભાજ ||**
**કહત 'ગોવિન્દ' યહ ગાન કરૌ નિત બાલ વૃદ્ધ સબ જોરિ સમાજ ||૩||**

**ટીકા :** શ્રીઠાકોરજી કયારેક દયા કરીને આપનું માહાત્મ્ય કહે છે. આવું માહાત્મ્ય પોતાના વચન દ્વારા સેવકોના માટે પ્રગટ કરવાની ઇચ્છા થઇ ત્યારે પોતાના મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુ તેમની અંદર પોતાના બધા ધર્મો રાખીને પ્રગટ થયા. તે જો શ્રીમહાપ્રભુજીની અંદર આપ પ્રાકટ્ય ન કરત તો આપના સ્વરૂપનું જ્ઞાન કોઇને ન થાત. ત્યારે બધા સેવકોને દુઃખ રહેત કે અમને પુષ્ટિમાર્ગીય ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી. તો ત્યારે ઠાકોરજી 'હરિ' જ ન કહેવાત!તેથી આપ જે પ્રકારે હરિ કહેવાય તેના માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય કર્યું. તેથી શ્રીમહાપ્રભુજીએ જતાવ્યું તેથી શ્રીઠાકોરજીના સ્વરૂપનું જ્ઞાન અમને થયું. તેથી આ રીતે પોતાના જ્ઞાન બાબતે કારણ બતાવ્યું.

હવે બીજો અર્થ કહીએ છીએ. શ્રીઆચાર્યજી સત્વગુણ-રજોગુણ-તમોગુણ તેમનાથી રહિત છે. તથા વેદ પણ આ પ્રકારે વર્ણન કરે છે. સકલ વેદ શ્રીપુરૂષોત્તમનું વર્ણન કરે છે તે આપના મુખારવિંદરૂપ શ્રીઆચાર્યજીનું જ વર્ણન કરે છે. તેથી આવા સાકાર આનંદમાત્ર-કર-પાદ-મુખોદરાદિરૂપ જે

શ્રીમહાપ્રભુ તેમની અમે સ્તુતિ કરીએ છીએ.

ત્યાં આવી શંકા થાય કે શ્રીમહાપ્રભુજીને તમે જે રીતે કહો છે તે રીતે કોઇ બીજા કેમ નથી જાણતા? તો ત્યાં કહે છે, કલિકાલમાં અજ્ઞાનરૂપ જે અંધકાર તેના વડે બધાની બુદ્ધિ=દૃષ્ટિ ઢંકાયેલી છે. તેથી બીજાઓને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન નથી થતું. તે શા માટે? કે તેઓ લોકમાં રહેલાં છે અને શ્રીમહાપ્રભુ વૈકુંઠલોકમાં સ્થિત છે જે પૂર્ણપુરૂષોત્તમના મુખારવિંદરૂપ છે, તો તેથી તેઓને (પંડિતોને) જ્ઞાન નથી.

ત્યાં શંકા થાય કે તમને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન કેમ છે? તો ત્યાં કહે છે કે અમને તો પૂર્ણપુરૂષોત્તમે કૃપા કરીને પોતાના વચન દ્વારા પોતાનું માહાત્મ્ય જણાવવા માટે શ્રીમહાપ્રભુજીને પ્રગટ કર્યા ત્યારે શ્રીઆચાર્યજીએ આપે પોતાનું સ્વરૂપ જતાવ્યું ત્યારે અમે જાણ્યું ।।૩।।

***

**તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્ યથા તથા ।।**
**તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત ।।૪।।**

**ભાવાર્થ :** શ્રીમહાપ્રભુજીના વચનોનો ગૂઢાશય તો જાણી શકવો સરળ નથી પરંતુ આ એકસોઆઠ નામનો પાઠ કરવાથી દુર્બોધ વચન પણ સુબોધ થઇ જાય છે ।।૪।।

**(રાગ : બિલાવલ )**

**અતિ તદુક્ત દુર્બોધ જાનિ જિય કિયૌ સુબોધ શ્રીવિઠ્ઠલેસ ।।**
**શત - અષ્ટોત્તર નામ દાન દૈ મહા અઘ હર્યો મિટ્યો કલેસ ।।૧।।**

**પઢૌ સુનૌ ચિતમેં ચિંતન કરિ કછુ મતિ ધરો ચિંતાકો લેસ ।।**
**એકૈ રસના કહૌ કહા બરનોં થકી શારદા સહસ્રમુખ શેષ ।।૨।।**

**યહ અવતાર ન કાહૂ બરન્યો શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર પુરાન વિશેષ ।।**
**દૈવીજન - ઉદ્ધરનકૌં પ્રગટે ભૂતલ 'ગોવિન્દ' પ્રભુ શ્રીવ્રજેશ ।।૩।।**

**ટીકા :** ત્યાં કહે છે કે શ્રીમહાપ્રભુજી નું કહેલું બીજા કોઇ શા માટે માને? ત્યાં કહે છે : શ્રીભાગવત નામાત્મક ભગવત્સ્વરૂપ છે, તેથી ભગવત્સ્વરૂપનું જ્ઞાન તો શ્રી ઠાકોરજીને જ હોય. શ્રીમહાપ્રભુજી જે છે તે પુરૂષોત્તમ જે શ્રીભાગવત તેનું નિરૂપણ કરવાવાળા છે. નિરૂપણ તો વચન રૂપી જ, તેના કરવાવાળા શ્રીમહાપ્રભુ પ્રગટ થઇને શ્રીસુબોધિનીજી વગેરે ગ્રન્થ પ્રગટ કર્યા. તે પણ અતિ ગૂઢાર્થ, તેનું જ્ઞાન બીજા કોને થાય! તેથી સેવકોને પણ દુર્બોધ છે. અને સેવકોને જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી કૃતાર્થતા નથી. એટલા માટે બધાને જે રીતે જ્ઞાનસિદ્ધિ થાય તેના માટે બીજા ઉપાય ન હોવાથી શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામોનું નિરૂપણ કરે છે.

તે શ્રીમહાપ્રભુજીના નામ છે તે નિત્ય છે. પ્રાકટ્યના પહેલાંથી જ છે, જેમ પુર્ણપુરૂષોત્તમના નામ પહેલાંથી જ છે તે રીતે. તેથી તે નામોને માત્ર પ્રગટ કરે છે. આ નામ સુબોધિનીજી વગેરે ગ્રન્થોને જાણવામાં પ્રતિબન્ધ રૂપ પાપને દુર કરવાવાળા છે. તે અષ્ટોત્તરશત નામોને પ્રગટ કરે છે ।।૪।।

હવે શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામોનું અલૌકિક આનંદમયત્વ કહે છે. કે બધે ઠેકાણે જ્યાં નામોનું પ્રાગટ્ય કહ્યું છે ત્યાં મંત્ર, ઋષિ, છંદ, દેવતા આ હોય છે. તો શ્રીમહાપ્રભુજીના નામ છે તે તો અલૌકિક આનંદમય છે. તેથી એમના પ્રગટ કરવાવાળા ઋષિનું નિરૂપણ કરે છે :

***

**ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।।**
**શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારૂણિકઃ પ્રભુઃ ।।૫।।**

**ભાવાર્થ :** મન્ત્રરૂપ આ અષ્ટોત્તરશત નામોના ભૂતલઉપર મન્ત્રદ્રષ્ટા ઋષિ તો અગ્નિકુમાર શ્રીપ્રભુચરણ છે, છંદ તો પદ્યમાં પ્રયુક્ત (અનુષ્ટુપ) છંદ છે, દેવતા શ્રીકૃષ્ણનું મુખારવિંદ અને બીજ મહાકારૂણિક પ્રભુ છે ।।૫।।

**(રાગ : આસાવરી)**

**ઋષિમેં ઋષિરાજ શ્રીમદ્ અગ્નિકુમાર ।।**
**આનન્દમય નખસિખપર લેહૌં - વારૌં કોટિક માર ।।૧।।**
**નામ્નાં છન્દો જગત્યસૌ સો મન વચ ક્રમ નિરધાર ।।**

**શ્રીકૃષ્ણાસ્ય દેવતા શ્રીમદ્ ધૃત દ્વિજ – અવતાર ાારાા**
**કરુણા બીજ પ્રભુ પ્રમેયબલ કિયો જગત ઉધ્ધાર ાા**
**ષટ ગુન પૂરન શ્રીવલ્લભકે અગનિત ગુન ‘ગોવિન્દ’ અપાર ાા૩ાા**

**ટીકા :** આ સર્વોત્તમ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર છે ત્યાં શંકા થાય છે કે જે સહસ્ત્રનામાદિકને પ્રગટ કરવાવાળા વૈષમ્પાયન વગેરે જે ઋષિ છે તો એમના સમાન હશે! તો આ આશંકા દુર કરવા માટે ‘તુ’ શબ્દ કહ્યો. તેનાથી એ જણાવે છે કે એકસો આઠ નામોને પ્રગટ કરવાવાળાને બીજા ઋષિઓની ગણનામાં અલૌકિક જાણવા. તે કેમ? શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામ વેદ–પુરાણોમાં પ્રસિદ્ધ નથી અને અત્યાર સુધીમાં કોઇએ જાણ્યા પણ નથી. તેથી તેના જાણવાવાળા જે ઋષિ છે – શ્રીગુસાંઇજી તેઓ બધા ઋષિઓથી અધિક છે, અલૌકિક છે. તો આટલા માટે એમનું નામ ‘અગ્નિકુમાર’ છે.

શ્રીગુસાંઇજીએ પ્રગટ કરેલા આ નામ તેનો જે કોઇ પાઠ કરે તેને પહેલાં તો સેવાની સિદ્ધિ થાય. આગળ શ્રીઠાકોરજીના અધરામૃતનું આસ્વાદન મળે. આ ફલ સિદ્ધ થાય. જેમ રાસક્રીડામાં અગ્નિકુમાર ગુણાતીત તેના ભીતર શ્રીસ્વામિનીજીને રાખીને એમને શ્રીપૂર્ણપુરૂષોત્તમ આપ લઇને પધાર્યા ત્યારે તે વખતે અગ્નિકુમાર સ્વામિનીજી રૂપ થયા. તો ઉપર અગ્નિકુમારિકા રૂપ અને ભીતર શ્રીસ્વામિનીજીરૂપ છે. તો પ્રગટ અર્થ આ છે કે ભક્તિમાર્ગના વિસ્તારાર્થ બ્રાહ્મણવેષથી અગ્નિરૂપ શ્રીઆચાર્યજી તેમના પુત્રરૂપી આપ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી છે તેથી ‘અગ્નિકુમાર’ કહ્યા. અને ભીતર અગ્નિકુમાર સદૃશ શ્રીસ્વામિનીજીરૂપ છે. તો આ રીતે ઋષિનું રૂપ કહીને છંદનું નિરૂપણ કરે છે.

છંદ તો બીજે પણ સહસ્ત્રનામનો અને અષ્ટોત્તરશતનામોનો જે જગતમાં પ્રસિદ્ધ છે તે (અનુષ્ટુપ) સર્વોત્તમ સ્તોત્રનો પણ છંદ છે. આમ નિરૂપણ કરીને હવે દેવતાનું નિરૂપણ કરે છે.

સર્વોત્તમસ્તોત્રના દેવતા–ફલદાતા તો પ્રત્યક્ષ દર્શન આપવાવાળા શ્રીમહાપ્રભુજી છે. તેઓ ફલના દાતા અને પુષ્ટિમાર્ગીય ફલનો ભોગ કરવાવાળા પણ છે.

ત્યાં હવે શંકા થાય કે પુષ્ટિમાર્ગીય ફલ તો શ્રીઠાકોરજીના અધરામૃતનું આસ્વાદન છે તે તો બ્રહ્મા વિગેરેને પણ દુર્લભ છે. તેનું દાન પોતાના સેવકોને કેમ કરે છે? તો ત્યાં બીજસ્વરૂપ કહે છે કે શ્રીમહાપ્રભુજી કારૂણિક છે. તેથી પોતાના સેવકો ઉપર મહા દયાવન્ત છે. તે કયા પ્રકારથી? ત્યાં કહે છે કે બીજા આચાર્યોની જેમ પોતાના સેવકોને મુક્તિનું દાન કરે તો પુષ્ટિમાર્ગનું ફલ કોઇને મળે નહીં, તો તો કોઇ 'પુષ્ટિમાર્ગી' પણ ન કહેવાતા. તેથી પોતાના સેવકોને શ્રીમહાપ્રભુજી બધા જીવોથી અલગ કરી પોતે પ્રગટ કરેલો જે પુષ્ટિમાર્ગ તેનું ફલદાન કરી બધા જીવોથી મોટા કર્યા. તો આવા દયાવન્ત શ્રીમહાપ્રભુજી છે.

ત્યાં શંકા થાય કે પુષ્ટિમાર્ગનું ફલ તો કોઇ જાણતું નથી. અને શ્રીઠાકોરજીએ પણ આ ફલને પોતાના અંતરંગ ભક્તોમાં જ પ્રગટ કર્યું છે. તો તેને આપવાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં કેવી રીતે સંભવે? ત્યાં કહે છે કે આપ 'પ્રભુ' છે. આપ પ્રભુ છે તેથી અત્યન્ત અસાધારણ સામર્થ્યવાળા છે. જે ફલ શ્રીઠાકોરજી દાન કરે તે જ ફલ શ્રીઆચાર્યજી પણ દાન કરે છે ।।૫।।

તો આ પ્રકારે શ્રીસર્વોત્તમસ્તોત્રનું બીજ વગેરેનું ઉપપાદન કરીને હવે આ સ્તોત્રનો વિનિયોગ કહે છે :

***

**વિનિયોગો ભક્તિયોગ- પ્રતિબન્ધ- વિનાશને ।।**
**કૃષ્ણાધરામૃતાસ્વાદ- સિદ્ધિરત્ર ન સંશયઃ ।।૬।।**

**ભાવાર્થ :** આ અષ્ટોત્તરશત નામોના પાઠનો વિનિયોગ ભક્તિયોગમાં આવતા પ્રતિબન્ધોનો વિનાશ કરવામાં છે. તેથી શ્રીકૃષ્ણના અધરામૃતાસ્વાદ (સ્વરૂપાનંદનો ભોકતૃભાવ)ની સિદ્ધિ થાય છે તેમાં સંશય નથી ।।૬।।

**(રાગ : ટોડી)**

**ભક્તિયોગ – પ્રતિબંધ નિવારન કારન સર્વોત્તમ વિનિયોગ ।।**
**સિદ્ધિઃ શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદ ફલ નિઃસંશય યહ આસ્ય ઉપયોગ ।।૧।।**

**જો રસ શિવ ચતુરાનન દુર્લભ ધનપતિ જલપતિ ગનપતિ ભાવૈ ।।**
**સુરપતિ દિનપતિ અરુ રાકાપતિ દરસન કરિ સમાધિ નિત ધ્યાવૈ ।।૨।।**

**યહ નિત નિયમ કરૌ જિય અપને પઢૌ સુનૌ ચિત ચિંતન કીજૈ ।**
**શ્રીવિઠ્ઠલ કરૂણા કરિકૈ 'ગોવિન્દ' કોં સર્વોત્તમ દીજૈ ॥૩॥**

**ટીકા :** શ્રીઠાકોરજીની સેવામાં આવતા જેટલા પ્રતિબંધ છે તેને દૂર કરવામાં સર્વોત્તમસ્તોત્રનું પ્રયોજન છે. અને પરમફલ તો શ્રીઠાકોરજીના અધરામૃતનું આસ્વાદન છે. તે કયા પ્રકારથી? તો જેનો જેવો અધિકાર હશે તે પ્રકારે ફલનો અનુભવ થશે. જેમ જ્યારે શ્રીઠાકોરજીએ વેણુનાદ કર્યો ત્યારે વેણુનાદદ્વારા વૃક્ષ લતા બધાને તે પ્રકારનો અનુભવ કરાવ્યો. તો જેનો જેવો અધિકાર તેને તેજ રીતે સર્વોત્તમસ્તોત્રના પાઠથી ફલ મળશે ॥૬॥

***

**[૧]આનન્દઃ [૨]પરમાનન્દઃ [૩]શ્રીકૃષ્ણાસ્યં [૪]કૃપાનિધિઃ ॥**
**[૫]દૈવોદ્ધારપ્રયત્નાત્મા [૬]સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥**

## ૧. આનન્દઃ

**(રાગ : બિલાવલ)**

**આનંદરૂપ શ્રીવલ્લભકોં અપને જિય જાનો ।**
**ઔર સબૈ તુમ છાંડિકે ઇનહિકો માનો ॥૧॥**

**તીન લોકમેં કોઉ નાહિ પટતર કો આવૈ ।**
**દેવ કોટી તેંતીસમેં કોઉ પાર ન પાવૈ ॥૨॥**

**આનન્દ નામ રટો રસનાતેં કરિ-કરિ અર્થ વિચાર ।**
**પૈયે 'ગોવિન્દ' જન જપ કિએ પુષ્ટિપદારથચાર ॥૩॥**

***

શ્રીઆચાર્યજી આનંદ સ્વરૂપ છે.

આનન્દનું મૂર્તિમાન સ્વરૂપ સ્વયં કૃષ્ણ જ આનન્દમાત્ર કરપાદમુખોદરાદિ સ્વરુપે શાસ્ત્રોમાં સર્વત્ર પ્રસિદ્ધ છે.

**આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્** (તૈત્તિ.ઉપ. ૩-૬)

**એષ એવ આનંદયાતિ**

**તસ્માદ્વા એતસ્માદ્ વિજ્ઞાનમયાત્ અન્યોન્તર આત્માનન્દમયઃ**

(તૈત્તિ.ઉપ. ૨-૫)

આ રીતે અનેક શ્રુતિઓમાં પણ બ્રહ્મને આનંદમય કહેવામાં આવ્યું છે અને તેથી આ 'આનંદ' નામથી શ્રીઆચાર્યજીનું સ્વરૂપ કૃષ્ણ સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

**આનંદરૂપ સ્વરૂપ**

વિયોગ અવસ્થામાં સર્વલીલા સામગ્રી પ્રભુના સ્વરૂપથી જુદી રહેતી નથી, પરંતુ પ્રભુના સ્વરૂપમાં અંતરનિષ્ઠ રૂપે બિરાજતી હોવાથી લીલા સામગ્રીનાં પ્રકટ દર્શન નહિ થવાના કારણે ભગવાન્ જે સ્થિતિમાં બિરાજે છે, તે કેવલ ભગવાનની સ્થિતિ છે. આ સ્થિતિવાળા કેવલ ભગવાન આનંદરૂપ ભગવાનની સંજ્ઞાથી ઓળખાય છે.

**આનંદમય સ્વરૂપ**

સંયોગ અવસ્થામાં પ્રભુ સર્વલીલા સામગ્રી સહિત પ્રગટ થાય છે, ત્યારે લીલા સામગ્રી આનંદરૂપ હોવાના કારણે, ભગવાન સ્વયં બાહ્યાભ્યાંતર આનંદમય થાય છે. આ આનંદસ્વરૂપ બ્રહ્મને કૃષ્ણ કહેવામાં આવે છે. અને તેથી

**કૃષિર્ભૂવાચકઃ શબ્દોણશ્ચ નિર્વૃત્તિ વાચકઃ ।**
**તયોરૈક્યં પરંબ્રહ્મ કૃષ્ણ ઇત્યભિધીયતે ॥** (શ્રુતિ)

'કૃષિ ભૂ' સત્તાવાચક શબ્દ છે અને 'ણ' નિર્વૃત્તિ વાચક આનંદ વાચક શબ્દ છે. સત્તા આનંદનું ઐક્ય જે પરબ્રહ્મ છે તેને કૃષ્ણ શબ્દથી ઓળખવામાં આવે છે,

સૌન્દર્યવતી મૂર્તિ રાધિકા સત્તા, એ આ સત્તા રસ ધર્મી પ્રભુના હૃદયમાં નિત્ય સ્થિત સ્વરૂપે બિરાજે છે.

**નિરસ્તસામ્યાતિશયેન રાધસા સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતેનમઃ** (ભાગવત ૨-૪-૧૪)

વ્રજ સિમંતિનિઓના ગૂઢ ભાવોનું સમૂહ સત્તાત્મક સમષ્ટિ સ્વરૂપ શ્રીરાધિકા પ્રભુના હૃદયમાં સ્ત્રીભાવાત્મક ગૂઢ રૂપે સદા બિરાજે છે.

**સ્રીભાવો ગૂઢઃ પુષ્ટિમાર્ગે તત્ત્વમ્ ।** (સુબોધિની)

કૃષ્ણ આનંદરૂપ છે. આ સ્વરૂપ જ પુષ્ટિમાર્ગમાં સેવા અને ભજન કરવા યોગ્ય છે. અને તેથી આ સ્વરૂપની સેવા સ્રીભાવ પ્રાપ્ત કરીને ભગવદ્ સુખાર્થના ભાવમાં ભાવિત થઈને કરવાની છે.

લીલા સામગ્રી અંતર્હિત્ આ વિયોગ અવસ્થાવાળું કેવલ ધર્મીસ્વરૂપ એજ આનંદરૂપ પરબ્રહ્મ કૃષ્ણ છે. અને આજ સ્વરૂપ તે શ્રીઆચાર્યજીનું અલૌકિક સ્વરૂપ છે.

આનું સમર્થન વલ્લભાષ્ટકમાં ''વસ્તુતઃ કૃષ્ણ એવ''થી અર્થાત્ શ્રી આચાર્યજી ''વસ્તુતઃ કૃષ્ણ જ'' છે. વલ્લભાખ્યાનમાં ''પૂરણ બ્રહ્મ શ્રીલક્ષ્મણ સુત'' અને નારદપંચરાત્રમાં ''પુનરાચાર્ય રૂપેણ ભવામ્યાનન્દવિગ્રહઃ''થી થાય છે અને તેથી અહિં સર્વ પ્રથમ શ્રીઆચાર્યજીનું નામ 'આનંદ' કહીને આધિદૈવિક કૃષ્ણથી વર્ણવે છે.

શ્રીઆચાર્યજીના તિરોધાન બાદ સર્વોત્તમસ્તોત્ર પ્રગટ કરવા માટે શ્રી ગુસાંઈજીએ શ્રીગોપીજનવલ્લભ સ્વરૂપ કૃષ્ણ શ્રીઆચાર્યજીનું એકાગ્રચિત્તે હૃદયમાં ધ્યાન ધર્યું, ત્યારે આપના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો, અને શ્રીઆચાર્યજીનાં આનંદ સ્વરૂપનાં દર્શન કરી સર્વ પ્રથમ 'આનંદ' નામ પ્રગટ કર્યું.

***

**શ્રીઆચાર્યજી આનંદસ્વરૂપ છે.**

આ રીતે ફલ સુધીનું નિરૂપણ કરી જ્યારે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના નામોનું નિરૂપણ કરવા લાગ્યા ત્યારે સ્વરૂપનું સ્મરણ થયું ત્યારે પહેલા આ અનુભવ્યું કે શ્રીમહાપ્રભુજી આનંદરૂપ છે તેથી આપને 'આનન્દ' કહ્યા.

***

## [૨]પરમાનન્દ : **પરમ+આનંદ** = પરમાનંદ

**(રાગઃ બિભાસ)**

**તન મન ધન મમ યહ મેરૌ સર્વસ પરમાનન્દ ॥**

શ્રીવલ્લભ ભજહુ નિસિ -દિન ગાન કરહુ સુછન્દ ।।૧।।
નિરખિ -નિરખી મેરે નૈનનિ સિરાઉ શ્રીહરિ વદન મુખચંદ ।
આનન્દ મગન સદા રહૂં રવિદરસન માનહું અરવિંદ ।।૨।।

સુભગ મૂરતિ જિનિ નૈનનિ નિરખે સો જન પરે પ્રેમકે ફંદ ।
યહ મહાનિધિ મેરે હૃદૈ કમલતૈં છિન મતિ ટારૌ કહત 'ગોવિન્દ' ।।૩।।

***

**શ્રીઆચાર્યજી પરમાનંદ-સ્વરૂપ છે.**

આનંદના ત્રણ પ્રકાર છે- વિષયાનંદ, બ્રહ્માનંદ, ભજનાનંદ. આમાં શ્રીઆચાર્યજીનું સ્વરૂપ ક્યું છે? તો કહે છે કે પરમાનંદ (ભજનાનંદ) રૂપ છે.

**વિષયાનંદ**

ભૌતિક ઈન્દ્રિયોના વિષયમાં રહેલો આનંદ તેને વિષયાનંદ કહેવામાં આવે છે. કર્મોનું આ ફળ હોવાથી કર્મસાધ્ય છે. પૂર્ણકર્મોથી જીવ સ્વર્ગની પ્રાપ્તિ કરી ઈન્દ્રાસન પ્રાપ્ત કરે, ત્યારે જ પૂર્ણ વિષયાનંદનો ઉપભોગ કરી શકે છે. પુણ્ય ક્ષિણ થયે જીવ ફરીથી મૃત્યુલોકમાં આવવાથી વિષયાનંદથી અલગ થઈ જાય છે. મનુષ્યનો ભૌતિક આનંદ એ તો વિષયાનંદનો આભાસ માત્ર છે. વાસ્તવિક વિષયાનંદ પણ નથી વિષયાનંદનું ભૌતિક રૂપ છે.

**બ્રહ્માનંદ**

બ્રહ્માનંદ અર્થાત્ અક્ષરાનંદ, જે જ્ઞાનથી મેળવી શકાય છે. આનું પર્યાવસાયી ફળ બ્રહ્મમાં સાયુજ્ય મુક્તિ છે. આ બ્રહ્માનંદ જ્ઞાનદ્વારા અનુભવમાં આવે છે. પરંતુ આમાં આંતર-બાહ્ય પૂર્ણતા આવતી નથી. આ બ્રહ્માનંદ બ્રહ્મની ઈચ્છાને આધીન હોવાથી ભક્તનું સ્વાતંત્ર્યપણું હોતું નથી. આ આનંદ કેવળ નિરૂપધિ અને ચિરકાલિક હોવા છતાં ભક્તિ રહિત હોવાથી સ્પર્શાદિક અમર્યાદિત સુખ વિનાનો છે અને તેથી અપૂર્ણ છે. આ આનંદનું આધ્યાત્મિક રૂપ છે.

**ભજનાનંદ**

આ ભક્તિથી પ્રાપ્ત થાય છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદ્રઢ અને સર્વતોધિક

સ્નેહમયી આધિદૈવિક પ્રકારવાળી આ ભક્તિ છે. અહીં જે માહાત્મ્યજ્ઞાન કહેવામાં આવ્યું છે તે ''રસો વૈ સઃ'' રસમય કૃષ્ણની પરમકાષ્ઠાપન્ન સ્વરૂપની વિશેષતાઓનું જ્ઞાન છે. સુદ્રઢ અને સર્વતોધિક સ્નેહમાં સર્વાત્મભાવવાળી સ્વાધીના અવસ્થા છે અને તેથી આ આનંદ ભજનાનંદ-પરમાનંદ સ્વાધીના ભક્તિનું સ્વરૂપ છે. જેમાં જીવ રસમય બની આ દેહથીજ નવીન તનુ ધારણ કરી રસમય કૃષ્ણની સાથે મન, ઈન્દ્રિયોથી સ્વજનિત મનોરથોથી વિલસે છે. રસમય કૃષ્ણ રસવિભોર ગોપીભાવ સંપન્ન જીવોમાં ઓતપ્રોત બનેલો આ આનંદ પરમાનંદરૂપ ધારણ કરે છે. આવા પરમકાષ્ઠાપન્ન ભજનાનંદની પ્રાપ્તિ જીવના સાધનબળથી સર્વથા અપ્રાપ્ય છે. કેવળ પરમ કૃપાથી જ લભ્ય બને છે, આ પરમાનંદનું શુદ્ધ સ્વરૂપ રાસલીલા છે. રાસલીલા એજ ભજનાનંદ સ્વરૂપ છે. આ ભજનાનંદ આનંદનું અંતિમ ફળ પરમાનંદ સ્વરૂપ છે. આ પરમાનંદ ભક્તિમાર્ગીય સંન્યાસ મોક્ષસ્વરૂપ છે.

ભક્તિમાર્ગીયસંન્યાસસ્તુ સાક્ષાત્ પુષ્ટિપુષ્ટિ શ્રુતિરૂપાણાં રાસમંડલમંડનાનાં, સ્વયમેવોક્તં- ''સન્ત્યજ્ય સર્વવિષયાંસ્તવ પાદમૂલં પ્રાપ્ત'' ઇત્યાદિ. - ગાયત્રીભાષ્યે

શ્રી આચાર્યજી આ રાસલીલારૂપ ભજનાનંદથી પરિપૂર્ણ છે અને તેથી પરમાનંદ સ્વરૂપ છે. આ લીલામાં આપનો નિરોધ છે. તે આપના વચનામૃતોથી સિદ્ધ થાય છે.

**''અહં નિરૂદ્ધોરોધેન નિરોધપદવીં ગતઃ,**
**નિરૂદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ''**

(નિરોધ લક્ષણ)

**નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્,**
**લક્ષ્મીસહસ્ત્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ''**

પહેલા શ્લોકમાં શ્રીઆચાર્યજી પોતાને ભગવદ્સ્વરૂપમાં રોધદ્વારા નિરોધ કરવાથી નિરોધ પદવી પ્રાપ્ત કર્યાનું કહે છે.

બીજા શ્લોકમાં પોતાના હૃદયરૂપી શેષશય્યા ઉપર લીલા રૂપી

ક્ષીરસાગરમાં સહસ્ત્રાવધી લક્ષ્મીઓ સહિત લીલાથી સેવાતા કલાનિધિ સ્વરૂપને નમન કરે છે.

આ બંને આપશ્રીના વચનામૃતોથી આપ ભજનાનંદરૂપી પરમાનંદનું સાક્ષાત્ સ્વરૂપ હોવાનું સિદ્ધ થાય છે.

શ્રુતિ પ્રતિપાદિત આનંદ સ્વરૂપનું વર્ણન પહેલાં આનંદ નામમાં આવી ગયું છે, શ્રુતિપ્રતિપાદિત આનંદમય સ્વરૂપ જ પરમાનંદ છે.

**વ્રજ વૃંદાવન ગિરિ નદી પશુપંછી સબસંગ**
**ઇનસોં કહા દુરાઈએ પ્યારી યે સબ મેરો અંગ**

આનંદરૂપ કૃષ્ણ જ્યારે પોતાના અંતઃસ્થિત ગૂઢસ્ત્રીભાવ- વૃંદાવન- ગોલોક ગિરિરાજ યમુનાજી પશુપક્ષી આદિ અનેક આનંદરૂપ સામગ્રીને બહાર પ્રગટ કરે છે ત્યારે આ આનંદરૂપ કૃષ્ણ જ આનંદમય- પરમાનંદ રૂપ થાય છે.

**(૧) ''સ એકાકી ન રમતે...''**
**(૨) ''પતિશ્ચ પત્ની ચાભવતામ્...''**
**(૩) ''એકોહં બહુસ્યામ્...''** (શ્રુતિઃ)

આ સમગ્ર શ્રુતિઓનું તાત્પર્ય એ છે કે પહેલાં બ્રહ્મ એક અને અદ્વિતિય છે. આ બ્રહ્મને પોતાના અંતર્ગત આનંદના અનુભવની ઈચ્છા થઈ ત્યારે બીજા રૂપની ઈચ્છા કરી, પોતે પતિ-પત્ની (ભોક્તૃ-ભોગ્ય) રૂપ થયાં. ફરી બહુરૂપ થયા. પોતાના આનંદરૂપ સ્વરૂપમાં આંતરનિષ્ઠ અનેક સ્ત્રીભાવોને બહાર પ્રગટ કર્યા અને સ્વયં પોતે જ વૃંદાવન આદિ ધામરૂપ બની સંપૂર્ણ ઉદ્દીપન લીલાસામગ્રીરૂપ બન્યા. આ પ્રકારનું બાહ્યપ્રગટ લીલા સામગ્રી સહિત સ્વરૂપ સંયોગાત્મક આનંદમય છે. અને તે જ સ્વરૂપ પરમાનંદ છે. બ્રહ્મનું આ આનંદમય પરમાનંદસ્વરૂપ શ્રીઆચાર્યજી છે, કારણ કે શ્રીઆચાર્યજી પૂર્ણબ્રહ્મ, પરબ્રહ્મસ્વરૂપ શાસ્ત્ર (શ્રુતિ રહસ્ય) અને અનુભવથી (કૃષ્ણદાસ મેઘનની વાર્તા) પ્રમાણિત છે.

**સંયોગાત્મક સ્વરૂપ**

''રસાનાં સમૂહઃ રાસ'' સર્વ રસોના સમૂહને રાસ કહેવામાં આવે છે, અને તેથી રાસલીલા સર્વશ્રેષ્ઠ છે. રસશાસ્ત્ર, શ્રૃંગારરસમાં સર્વ રસો સંમિલિત છે એવું માને છે અને શ્રૃંગારરસની વિપ્રયોગાત્મક અને સંયોગાત્મક એવા બે દલોમાં વહેંચણી કરવામાં આવી છે. પહેલાં વિપ્રયોગાત્મક દલનું ''આનંદ'' સંજ્ઞાથી અને બીજા સંયોગાત્મક દલનું ''પરમાનંદ'' સંજ્ઞાથી વર્ણન કરવામાં આવે છે.

રાસલીલામાં સંપૂર્ણ રસોનો સમાવેશ હોવાના કારણે આ લીલાને 'રાસ' કહેવામાં આવે છે. અને રસોની પ્રાપ્તિ વિના આનંદ પ્રાપ્ત થતો નથી.

**''રસં હ્યેવાયં લબ્ધ્વાનંદી ભવતિ'' (શ્રુતિ)**

શ્રી આચાર્યજી સર્વ રસમય રાસલીલાનાં આનંદમાં નિરંતર નિમગ્ન રહે છે અને તેથી પરમાનંદ સ્વરૂપ આપ છે.

પહેલાં વર્ણન કરવામાં આવેલું ''આનંદ'' નામ સંપૂર્ણ ઐશ્વર્યની મહાનતાવાળા અશેષ માહાત્મ્યદ્યોતક ઈશ્વર ધર્મનું નિરૂપણ કરે છે. આ વિયોગાત્મક છે. જ્યારે ''પરમાનંદ'' નામ શેષમાહાત્મ્યવાળું વ્રજભક્તોના દાસત્વરૂપ જીવધર્મનું નિરૂપણ કરે છે.

આવા પ્રકારનું ભજનાનંદરૂપ પરમાનંદનું સ્વરૂપ વ્રજસ્ત્રિઓનાં ઉચ્ચતમ દાસ્યપ્રકારવાળું છે. વ્રજસ્ત્રિયોમાં પણ શ્રીસ્વામિનીજી સર્વોપરિ છે. અને તેમનો દાસત્વનો પ્રકાર વ્રજસ્ત્રિઓના દાસત્વ પ્રકાર કરતા મહાન વિશેષ અને વિલક્ષણ છે.

**''યદ્યપિ સકલ વ્રજસુંદરી, તઊ ન મન અરૂઝ ાય''**
**દાસકુંભન સ્વામિની સુ નખશિખ અંગ અદભુત સુઠાન કહાં લો સઁભારોં ।**
**લાલગિરિધરન કહત, મોહિ તહાંલો સુખ જહાંલો, યહ રૂપ છિન છિન નિહારોં ।**

આ કથનની સંગતિથી પ્રતિત થાય છે કે પ્રભુની અભિરૂચિ શ્રીસ્વામિનીજી સિવાય બીજે ક્યાંય નથી અને આપ અન્ય કોઈના બંધનમાં આવે તેમ નથી. શ્રી સ્વામિનીજીનું આધિદૈવિક દાસત્વ, દેહ ઈન્દ્રિય વિગેરેનું સાક્ષાત્ સમર્પણરૂપ છે. એમાં તદીયત્વ-સર્વાત્મભાવની પૂર્ણ સ્થિતિ છે. આ પ્રમાણેનું શ્રીઆચાર્યજીનું સ્વરૂપ છે. શ્રીઆચાર્યજી સ્વામિનીભાવ સંયુક્ત છે. શ્રીસુબોધિનીજીમાં આપે પોતાના આ ગૂઢ ભાવયુક્ત સ્વામિની સ્વરૂપનો

નીચે જણાવેલ વાક્યોમાં સંકેત કર્યો છે.

**''કૃષ્ણાવતારઃ પતિઃ''** ૧-૧-૧
**''દાસીનાં સર્વરક્ષાર્થ આવિર્ભૂતો મમ સ્વામી''** ૧૦-૩-૮

ઈશ્વર ધર્મ અને જીવધર્મ બન્ને પરસ્પર વિરૂદ્ધ હોવાથી તેમાં એકતા થવી અસંભવ છે. આ રીતે સંયોગ અને વિપ્રયોગની પણ એકજ સમયે એકજ સ્થાનમાં સ્થિતિ બનવી અસંભવ છે. તો એક પ્રશ્ન ઉપસ્થીત થાય છે કે શ્રીઆચાર્યજીમાં આ બન્ને ધર્મો એક કાલાવચ્છિન્ન વિદ્યમાન છે કે નહિં?

ભગવાનનું ઐશ્વર્ય તો પ્રત્યક્ષ છે જ.

**નાહં તુ સખ્યો ભજેતોડપિ જંતૂન્- માં ઈશ્વરધર્મ તથા**
**મયા પરોક્ષં ભજતા તિરોહિતં - માં દાસત્વધર્મનું**
**''ન પારયેડહં નિરવદ્યસંયુજાં સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ''**
(શ્રીમદ્ભાગવત, ૧૦।૩૨।૨૦-૨૧-૨૨)

રાસમાં ભગવાને ભક્તોનું અધિનત્વ સ્વીકારી નિદર્શન કરાવ્યું.

આ રીતે ભગવાનમાં ઈશ્વરત્વ અને દાસત્વ બન્ને એક સાથે વિરૂદ્ધધર્માશ્રયરૂપમાં બિરાજે છે. જેવી રીતે ભગવાનમાં વિરૂદ્ધર્માશ્રયપણું છે તેવી રીતે શ્રીઆચાર્યજીમાં ઈશ્વરત્વ અને દાસત્વ સિદ્ધ છે. સ્વયં શ્રીઆચાર્યચરણ પોતાના સ્વરૂપમાં બંનેની સ્થિતિ હોવાનું જણાવેલ વચનોથી સ્પષ્ટ કરે છે.

**''અર્થ તસ્ય વિવેચિતું ન હિ વિભુવૈશ્વાનરાદ્વાક્પતેઃ ''**
**''ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ''**

ઉપરની લીટીમાં વૈશ્વાનર-વાક્પતિ વચનથી પોતાનું ''ભગવદ્ત્ત્વ'' અને બીજીથી દાસત્વ હોવાનું સ્પષ્ટ જણાવે છે અને તેથી શ્રીઆચાર્યજીમાં ભગવદ્ધર્મ સમાન વિરૂદ્ધ ધર્માશ્રયપણું સિદ્ધ થાય છે.

આ રીતે ઈશ્વરત્વવાળું અશેષમાહાત્મ્ય અને દાસત્વવાળું શેષમાહાત્મ્ય આવાં બન્ને માહાત્મ્યો કેવળ પૂર્ણપુરૂષોત્તમમાં જ હોઈ શકે.

અંશ-કળા-વિભૂતિ આદિ અન્ય અવતારોમાં નથી હોતું.

અશેષ (સંપૂર્ણ-સામૂહિક) માહાત્મ્ય

શરણમાં આવવાવાળા જીવોના દોષો ભસ્મ કરી જીવને નિર્દોષ કરી શુદ્ધ નિર્દોષ પરબ્રહ્મ સાથે જીવનો સંબંધ કરાવે છે, જેથી જીવનો ઉદ્ધાર સહજમાં થઈ જાય છે. જીવોના દોષો ભસ્મ કરવાના સામર્થ્યને જણાવવા પોતે 'વૈશ્વાનર' શબ્દથી પોતાને સંબોધે છે. જીવ જ્યારે ગુરૂના શરણમાં આવે છે ત્યારે જીવના તમામ દોષો ગુરૂ પ્રતિગૃહણ કરે છે. એવું શાસ્ત્રોમાં વિદિત છે. ગુરૂ સમર્થ ન હોય તો જીવના દોષો ગુરૂને બાધા કરે છે. શ્રીઆચાર્યજી પોતાના વૈશ્વાનર સ્વરૂપથી જીવોને શરણે લઈ તેના દોષો ભસ્મ કરે છે. શરણે આવેલ જીવ શુદ્ધ બની ભગવત્સેવાનો અધિકારી બને છે, આ આપનું અશેષમાહાત્મ્ય.

**શેષ (અપૂર્ણ ગણિત) માહાત્મ્ય**

વ્રજભક્તો સદ્રશ્ય દાસત્વ શ્રીઆચાર્યજીમાં છે. દાસત્વનો ઉત્કર્ષ સેવાથી સિદ્ધ થાય છે. સર્વોત્કૃષ્ટ વ્રજભક્તોના આધિદૈવિક સ્નેહરૂપ દાસત્વપૂર્ણ સેવા કરવાથી ભગવાન કૃષ્ણ ભક્તોને આધીન બને છે.

આવા પ્રકારનું સ્નેહપૂર્ણ દાસત્વ સર્વશ્રેષ્ઠ શ્રીસ્વામિનીજીમાં સ્પષ્ટ છે અને તેવું સ્વામિનીપ્રકારવાળું દાસત્વ શ્રીઆચાર્યજીમાં છે. અને તેથી આપ શ્રી સ્વામિનીભાવ વિશિષ્ટ પરમાનંદસ્વરૂપ છે.

**ભાવતનૌ ભાવાત્માસ્થિતા સ્વભાવેન ભાવિતા સતતમ્**
**શ્રીવલ્લભાભિધાને તદ્રુપા વા સદાજયતિ** (શ્રીહરિરાયજી)

સ્વભાવથી સદાય ભાવિત, ભાવ તનું પ્રભુમાં જે ભાવાત્મારૂપે બિરાજે છે અને જે સ્વરૂપ શ્રીવલ્લભમાં વિદ્યમાન છે એ (શ્રીરાધિકાજી) સદા જયને પ્રાપ્ત થાય છે.

**સ્વામિની ભાવ સંયુક્ત ભગવદ્‌ભાવ ભાવિતઃ ।**
**અત્યલૌકિકઃ મૂર્તિઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥**

ભગવદ્‌રૂપ અને શ્રીસ્વામિનીરૂપ બન્નેનો એકી સાથે શ્રીગુસાંઈજીને

શ્રીઆચાર્યજીના પરમાનંદ સ્વરૂપમાં અનુભવ થવાથી આપના હૃદયમાં પરમ આનંદલીલા વિશિષ્ટ યુગલ ભાવસ્વરૂપનાં દર્શન થયાં જેનું વર્ણન આપે સપ્ત શ્લોકીમાં

**સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતરસભરેણાતિભરિતા**
**વિહારાનકુર્વાણા વ્રજપતિવિહારાબ્ધિષુ સદા ।**
**પ્રિયા ગોપી ભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ**
**પ્રથાવત્યસ્માકંહૃદિ સુભગમૂર્તિઃ સકરૂણા ।।**

અને વલ્લભાષ્ટકમાં

**''શ્રીમદ્ વૃન્દાવનેંદુપ્રકટિતરસિકાનંદસંદોહરૂપ**
**સ્ફૂર્જદ્રાસાદિલીલામૃતજલધિભરાક્રાંતસર્વોડપિ શશ્વત્ ।।''**

થી વર્ણન કર્યું છે.

ભાવાત્મક આધિદૈવિક સાક્ષાત્ સ્વરૂપોવાળો સેવા પ્રકાર સ્ત્રીભાવથી જ રસની અનુભૂતિ કરાવે છે.

સૂરદાસજી કહે છે

**''ભજ સખિ ભાવ ભાવિક દેવ**
**પુરૂષ તેં તિય ભાવ ઉપજ્યો સબૈ ઉલટી રીત.''**

શ્રીઆચાર્યજીએ ભુતલ ઉપર સેવા ક્રમ પણ

**''સેવા રીત પ્રીત બ્રજજન કી જન હિત જગ પ્રગટાઈ.''**

શ્રીવિઠ્ઠલેશચરણે આ રીતે ભાવ સંયુક્ત સેવા કરી અનુભવ કર્યો ફલ સ્વરૂપે શ્રી આચાર્યજીનો ભજનાનંદ રૂપ પરમાનંદમાં અનુભવ કરી આ નામ 'પરમાનંદ' કહ્યું

ભાગવત દશમસ્કંધ સુબોધિની કારિકામાં - ''નમામિ હૃદયે શેષે....'' ના વર્ણનમાં :-

હૃદયરૂપી શેષ પર સ્થિતિ કરવાવાળા લીલારૂપી ક્ષીર સાગરમાં

સહસ્ત્રાવધિ લક્ષ્મીઓની લીલાથી સેવાતા કલાનિધિને નમન કરવાનું કહે છે.

આવા પ્રકારના લીલા વિશિષ્ટ પરમાનંદ સ્વરૂપની આપનામાં સદા સ્થિતિ છે, અને તે જ હૃદ્સ્થિત લીલા વિશિષ્ટ સ્વરૂપને પોતે પુષ્ટિમાર્ગીય સેવા રૂપમાં બહાર પ્રગટ કરે છે, અને તેથી આપ પરમાનંદ સ્વરૂપ છે.

**શ્રીઆચાર્યજી પરમાનંદસ્વરૂપ છે.**

ત્યાર પછી આગળનું નામ વિચારવા લાગ્યા. તો ત્યારે મનમાં વિચાર્યું કે આનંદ તો અક્ષરમાં છે અને પૂર્ણપુરૂષોત્તમમાં પણ છે તેથી સન્દેહ થાય કે શ્રીમહાપ્રભુજી શું અક્ષરના આનંદરૂપ હશે? તો આ સંદેહ દૂર કરવા માટે નામ કહે છે 'પરમાનંદ'

જોકે શ્રીઆચાર્યજી શ્રીપૂર્ણ પુરૂષોત્તમાનન્દરૂપ છે તો પણ ભૂતલ ઉપર પ્રગટ થવાથી તદ્ રૂપ કેવી રીતે કહી શકાય તેના સમાધાન માટે કહે છે :

***

## [૩] શ્રીકૃષ્ણાસ્યમ્

**શ્રીકૃષ્ણ+આસ્ય** = શ્રીકૃષ્ણાસ્ય

**(રાગ : ધનાશ્રી)**

**મેરો સર્વસ શ્રીકૃષ્ણાસ્ય ।।**
**માયાવાદ -નિવારન- કારન કીનૌ હૈ અણુભાષ્ય ।।૧।।**
**સુર નર મુનિ દેવ કોટિ તૈંતીસોં કરત હૈં સદા ઉપાસ્ય ।।**
**યહ તજિ ઔર તત્ત્વ કાહૈ રે માને હોહિ લોક- ઉપહાસ ।।૨।।**
**શ્રીવલ્લભ-ચરનકમલ -સેવક જન સબતેં રહત ઉદાસ ।।**
**શ્રીવિઠ્ઠલ પદરજ 'ગોવિન્દ' કરત બહિર્મુખકોં હાસ ।।૩।।**

**શ્રીઆચાર્યજી શ્રીકૃષ્ણના મુખ-સ્વરૂપ છે.**

શ્રી કૃષ્ણ અર્થાત્ '''શ્રી' સહિત ''કૃષ્ણ'' આ શબ્દના ઉલ્લેખથી સંયોગ વિપ્રયોગ દ્વિદલાત્મક શ્રૃંગાર સ્વરૂપના (આસ્ય) મુખારવિન્દ સ્વરૂપ શ્રીઆચાર્યજી છે. ભગવાનમાં આ બન્ને પ્રકારના રસો એકકાલાવચ્છિન્ન નિત્ય રહે છે.

**''બર્હાપીડં નટવરવપુઃ''** (વેણુ ગીત)

''નટવરવપુઃ''માં નટવત્ અને વરવત્ એકજ સમયમાં વ્રજસ્થસ્ત્રીઓ માટે નટવત્ અને વનસ્થાઓ માટે વરવત્ વપુ શ્રીઠાકુરજીએ ધારણ કર્યું છે.

ભગવાન્ પોતાના રસપણાથી રસાત્મક સ્વરૂપ ધારણ કરે છે. રસ અને રસવાન બન્નેનું એક કાલમાં એકત્વજ હોય છે, તેવી રીતે આપના મુખારવિન્દ સ્વરૂપમાં પણ રસ અને રસવાન એક સમયાવચ્છિન્ન એકજ સ્વરૂપમાં રહે છે. લૌકિકમાં ફલ રસવાન રસવાળું હોય છે પરંતુ રસ રૂપ હોતું નથી કારણ કે તેમાં ગોટલી રેસા છોડાં વિગેરે પણ હોય છે જે રસરૂપ હોતાં નથી, પરંતુ પ્રભુનું મુખારવિન્દ લાવાણ્યામૃત આદિથી રસરૂપ અને સુધા આદિથી રસવાન પણ છે.

અશેષ ઐશ્વર્ય ભગવદ્ભાવ પુંભાવરૂપ સંયોગ તથા શેષમાહાત્મ્ય શ્રીસ્વામિની ભાવ સ્ત્રીભાવરૂપ વિપ્રયોગ, આ બન્ને સંયોગ વિપ્રયોગ ભાવનું એકિકરણ શ્રીઆચાર્યજીમાં છે. આપશ્રીનું સ્વરૂપ સ્વામિની અને કૃષ્ણસ્વરૂપ ભગવાન્ બન્નેના મુખારવિન્દ સ્વરૂપ છે અને તેથી આપ ઉભય દલાત્મક છે.

આજ સ્વરૂપ વ્રજભક્તોનું 'શ્રૃંગાર કલ્પદ્રુમ' છે.

**ભાવૈંરકુરિતં મહીમૃગદષામાકલ્પમાસિજ્જિતં,**
**પ્રેમ્ણાકન્દલિતં મનોરથમયૈઃ શાખાશતૈઃ સમ્ભૃતમ્ ।**
**લૌલ્યૈઃ પલ્લવિતં મુદા કુસુમિતં પ્રત્યાશયા પુષ્પિતં,**
**લીલાભિઃ ફલિતં ભજે વ્રજવની શ્રૃંગાર કલ્પદ્રુમમ્ ।।**

ના વર્ણનમાં વ્રજવનીમાં ફલિત શ્રૃંગાર રસ સ્વરૂપ કલ્પદ્રુમના ભજન સેવન કરવાની શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે.

વ્રજભુમિમાં મૃગનયની ગોપાંગનાઓના કલ્પ પર્યંત સિંચન કરેલ ભાવોથી અંકુરિત થયેલ આ કલ્પવૃક્ષ છે. બૃહદ્વામનપુરાણમાં વર્ણન છે કે એક સમય વેદશ્રુતિઓને આર્તિ થઈ કે એક માત્ર ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે તેવું મનવાણીથી અગોચર રસાત્મક સાકાર આનંદઘન વિરૃદ્ધધર્માશ્રયી સ્વરૂપનું અમો નિત્ય વર્ણન કરીએ છીએ તે સ્વરૂપનાં અમો એક ભક્તિમાત્રથી દર્શન કરીએ, ત્યારે અક્ષરબ્રહ્મરૂપ વ્યાપી વૈકુંઠ નિવાસી

શ્રીકૃષ્ણ ભગવાને સકલ લીલા સામગ્રી સહિત કોટિકંદર્પલાવણ્ય ત્રિભંગ લલિત સ્વરૂપે વેણુનાદ કરતા સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. દર્શન કરતા માત્રમાં જ શ્રુતિઓએ પોતે અમૂર્ત હોવા છતાં સ્ત્રીરૂપાત્મક મૂર્ત સ્વરૂપે રમણની પ્રાર્થના કરી, ત્યારે પ્રભુએ કૃપા કરી વરદાન આપ્યું કે-

**કલ્પં સારસ્વતંપ્રાપ્યઃ વ્રજેગોપ્યોભવિષ્યથઃ**

સારસ્વતકલ્પમાં હું તમારા મનોરથો પૂર્ણ કરીશ. તમો વ્રજમાં સ્ત્રી રૂપે પ્રગટ થશો અને હું નંદાલયમાં પ્રગટ થઈશ.

ત્યારથી વરદાનરૂપ અમૃતરસથી કલ્પ પર્યંત સિંચન કરતાં રહેલા શ્રુતિઓ માટે ભગવાન સારસ્વત કલ્પમાં પ્રગટ થવાથી અંકુરનાં દર્શન થયાં.

વિપ્રયોગ અવસ્થામાં શ્રુતિઓમાં તાપાદિ પ્રગટ હોવા છતાં અમૃત દ્વારા સિંચન કેમ સંભવે? તેનું સમાધાન શ્રુતિઓ દ્વારા અગ્નેરોપઃ અને ફલ પ્રકરણમાં ગોપીજનો **સિન્ચાંગ નસ્તવધરામૃતપૂરકેણ** થી ભગવાનને પ્રતિઉત્તર આપે છે કે આપે વેણુનાદ દ્વારા અમારા હૃદયમાં કામાગ્નિ પ્રગટ કર્યો છે તેનું શમન આપ આપના અધરામૃતના સિંચનથી કરો, આ રીતે થાય છે.

સ્વરૂપ દર્શનમાત્રથી ગોપાંગનાઓને અસાધારણ પ્રેમ અનુરાગ સંયુક્ત દ્રઢ વિશ્વાસ થયો કે હવે અમારા મનોરથો પૂર્ણ થશે. તેથી અંકુરભાવનું મૂલ દ્રઢ કન્દલિત થયું. સર્વે ગોપાંગનાઓ પોતપોતાના જુદા જુદા મનોરથો કરવા લાગ્યા. પ્રભુપણ મુગ્ધ બાલ ભાવમાં પ્રૌઢભાવ સૂચક ભાવો પ્રગટ કરતા રહ્યા, જેથી અનેક મનોરથો સ્વરૂપ સહસ્ત્રાવધિ શાખા પ્રતિશાખાઓનો વિસ્તાર થયો. શ્રીમદ્ગોપીજનો મનોરથવિવશ અનેકધા ઉદ્યમ પ્રકાર કરવા લાગ્યાં. ભગવાન્ તદનુરૂપ ક્રીડા કરવા લાગ્યા. આ ક્રીડાઓ શાખા પ્રશાખામાં પત્રરૂપે દર્શન દેવા લાગી અને લીલા પ્રાપ્ત જે મોદ-હર્ષ તે આ કલ્પવૃક્ષના કુસુમ બન્યાં. અને કુંજ નિકુંજ આદિ સ્વગત્ મનોરથોની પૂર્તિની પ્રતિક્ષા રૂપ ભાવો પુષ્પો બની વિકસ્યા. અંતમાં ભક્તજનોની ભાવનાનુસાર અનેક પ્રકારની લીલાઓથી આ શ્રૃંગારકલ્પદ્રુમ મહારાસમાં ફલિત થઈ તમામ મનોરથોની પૂર્તિ થઈ.

**તદ્દર્શનાહ્લાદ વિધૂતહૃદ્રુજો, મનોરથાન્તં શ્રુતયો યથા યયુઃ ।**

*ભાગવત ૧૦-૨૯/૩૩-૧૩*

આ પ્રકારના રસાત્મક ભાવાત્મક શ્રૃંગાર કલ્પદ્રુમનું શ્રીગુસાંઈજી સેવન કરે છે. પુષ્ટિસ્થ તમામ ભક્તો પણ યથાધિકારે આ કલ્પદ્રૂમનું સેવન કરે છે.

શ્રીકૃષ્ણાસ્યસ્વરૂપમાં શ્રીઆચાર્યજી સ્ત્રીભાવરૂપે, પુંભાવરૂપે અને ઉભયાત્મકરૂપના સાક્ષીભાવરૂપે, એ રીતે આપનું ત્રિતયાત્મક સ્વરૂપ છે.

**સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં,**
**પુંરૂપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવિવિશત્સ્વપ્રિયે ॥**

**સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકમ્**
**રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥**

આ ત્રિયાત્મક ત્રણે સ્વરૂપો નિત્ય લીલામાં ભોક્તા, ભોગ્ય અને અનુભવકર્તા રૂપ મૂળમાં પ્રવર્તક અને આધાર હોવાથી આ સર્વોત્તમસ્તોત્રમાં બીજ મુખ્યરૂપમાં ભોક્તા (આનંદઃ) ભોગ્ય (પરમાનંદઃ) અને અનુભવકર્તા (શ્રીકૃષ્ણાસ્યં)નું વર્ણન કરવામાં આવ્યું છે. આ ત્રણેય બીજરૂપ નામોથી એક એકના પાંત્રીસ પાંત્રીસ પુરક નામો બની બીજા એકસો પાંચ નામ આગળ કહેવામાં આવશે.

***

**શ્રીઆચાર્યજી શ્રીકૃષ્ણના શ્રીમુખસ્વરૂપ છે.**

શ્રીસ્વામિનીજી તથા વ્રજભક્ત તેમના સહિત શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ ફલરૂપ શુદ્ધપુષ્ટિમાર્ગીય પરમાત્મ વસ્તુ શ્રીપુર્ણપુરૂષોત્તમ તેમના શ્રીમુખસ્વરૂપ આપ છે.

ત્યાં આ શંકા થાય કે શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના મુખારવિન્દરૂપ છે તેથી શ્રીપુર્ણપુરૂષોત્તમના સમાન થયા. એમ શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય એવા સ્થળમાં હોવું જોઇએ કે જેમ શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય અલૌકિક વ્રજમાં થયું હતું. પરંતુ આપનું પ્રાગટ્ય તો અન્યત્ર થયું. તો તેનું શું કારણ? તો આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## [4]કૃપા-નિધિઃ

**(રાગ : ભૈરવ)**

**કૃપાનિધિ કૃપા કીની દરસ દિખાયો ।।**
**ભટકિ ભટકિ સબ તીન લોકમેં અબ યહ નિધિ પાયો ।।૧।।**
**શ્રુતિ-સ્મૃતિ-સૂત્ર- પુરાન-અગોચર સુર નર મુનિ કોઉ પાર ન પાયો ।।**
**શ્રીહરિવદન વહ્નિ કરુના કરિ નિજસ્વરૂપ- મહિમા બતાયો ।।૨।।**
**ષટ્ -સાધન-અધિકાર નષ્ટ ભએ કલિમેં કૃષ્ણ ભજન સુ સિખાયો ।।**
**યહ વિવેક જાનિ જિય અપને જન 'ગોવિન્દ' વિમલ જસ ગાયો ।।૩।।**

***

પોતાનામાં કૃપાશક્તિ રૂપ શ્રીયમુનાજી, ઇચ્છા શક્તિ રૂપ શ્રી સ્વામિનીજી અને ઠાકોરજી ત્રણેયની આંતર સ્થિતિ હોવાથી આપ કૃપાના નિધિ છે. આ માટે નિત્યલીલામાંથી છુટા પડી ભુતલ ઉપર જન્મેલા દૈવીજીવોના ઉદ્ધારાર્થે આપ ભૂતલ પ્રગટ થયા, અને પ્રગટ થઇને કોઇ જીવ સાધ્ય સાધન વિના પોતાના પ્રમેયબળના સામર્થ્યે, જીવો ઉપર કૃપાદ્રષ્ટિ કરવા માત્રથી તેઓને ભગવદ્પ્રાપ્તિ કરાવે છે. આ આપનું કૃપાનિધિપણું છે.

***

**શ્રીઆચાર્યજી કૃપાના નિધિ છે.**

શ્રીમહાપ્રભુજી અલૌકિક કૃપા - સહિત છે તેથી જે જીવો ઉપર કૃપા કરવા ઇચ્છે છે તેઓ તો આ લોકમાં પ્રગટ્યા છે. તેથી આપ પણ અહિં પ્રગટ ન થયા હોત તો તેમનો ઉદ્ધાર ન થાત. તો ત્યારે તો શ્રીમહાપ્રભુજી આપ 'કૃપાનિધિ' ન કહેવાત. તેથી આપ પણ આ લોકમાં પ્રગટ થયા. નિધિ તો અગાધ હોવાથી બધાને પરિપૂર્ણ કરે છે. તેથી શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રકટાવેલા ભક્તિમાર્ગમાં અંગીકાર થયેલા બધાને પોતપોતાના અધિકાર મુજબ ભજનાન્દ (રૂપ ફલ) થશે જ.

ત્યાં શંકા થાય છે કે તેઓ કયા જીવ છે કે, જેમને માટે શ્રીમહાપ્રભુજીને ભૂતલ ઉપર પ્રગટ થવું પડયું? તે આગળના નામથી જણાવે

છે.

***

## [५]દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા

**દૈવ + ઉદ્ધાર + પ્રયત્ન + આત્મા** = દૈવોદ્ધાર પ્રયત્નાત્મા

**(રાગઃ બસન્ત)**

**દૈવોદ્ધારપ્રયત્નાત્માકોં આધી નિમિષ ન બિસરાઉ ।।**
**ચિતમેં ચિંતન કરૌં અહર્નિસિ ઉર આનન્દ ઉપજાઉ ।।૧।।**

**ઔર દ્વન્દ જિય જાનિ છાંડિ દૈ શ્રીવલ્લભ -ગુન ગાઉ ।।**
**મેરૌ સર્વસ સુભગ મૂરતિ બિનુ કહૂં ન સીસ નવાઉ ।।૨।।**

**વચનામૃત સુબોધિની સુનિકે શ્રીવલ્લભ ઉર લાઉં ।।**
**ગોદ પસારિ માંગત 'ગોવિન્દ' જન ચરનકમલ -રજ પાઉ ।।૩।।**

***

શાસ્ત્ર રચનાઓ દ્વારા આપશ્રીએ માયાવાદનું નિરાકરણ, અન્ય વાદોનો નિરાસ, બ્રહ્મવાદની સ્થાપના, નિર્ગુણ ભક્તિવાળા પૃથક્શરણમાર્ગની સ્થાપના અને આ ભક્તિ - માર્ગની સુસ્થિરતા માટે સેવનીય સ્વરૂપોને પ્રગટ કરી સેવામાર્ગનું નિર્માણ કર્યું છે. માનસી સેવાની સિદ્ધિ અર્થે તનુજા-વિત્તજાના સેવા પ્રકારનો ઉપદેશ કર્યો.

જાુદાજાુદા સ્થળે રહેતાં દૈવીજીવોના ઉદ્ધાર માટે તે તે દેશ, કાળ અને પ્રકૃતિના અધ્યયનનો મહાન પ્રયત્ન કેવળ અગિયાર વર્ષની લઘુવયમાં કર્યો. ત્રણ ત્રણ વખત ખુલ્લા ચરણારવિંદે ભારત પરિભ્રમણમાં આપશ્રીએ દેશ-કાળ- મંત્ર વિગેરેના સ્વરૂપ જ્ઞાન સાથે જીવોના પ્રકૃતિજન્ય સત્વ-રજ અને તમ ધર્મોને પણ આપે નિહાળ્યા.

આ રીતે સદોષ જીવોને નિર્દોષ કરી આપે તેઓનો ઉદ્ધાર કર્યો.

***

દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રયત્નયુક્ત છે અન્તઃકરણ જેમનું એવા શ્રીમહાપ્રભુજી છે.

તેમાં દૈવી સૃષ્ટિના જીવ બે પ્રકારના છે. તો કેટલાક તો એવા છે કે જેમનો સાધન રીતિથી ઉદ્ધાર છે. જો સાધન કરે તો ઉદ્ધાર થાય. તેઓ તો વેદ-પુરાણમાં જે સાધન કહેલાં છે તે સાધનો કરવાથી કૃતાર્થ થશે. તેમના માટે તો શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય નથી. દૈવીજીવોમાં બીજા પુષ્ટિમાર્ગીય જીવ છે તેમનો ઉદ્ધાર શ્રીઠાકોરજી મર્યાદા માર્ગના સાધન (કરાવ્યા) વગર જ કરશે. તો તેવા જીવોનો તો સાક્ષાત્ શ્રીઠાકોરજી સાથે સ્વરૂપસમ્બન્ધ જ ફલ છે. તે ફલના સાધન વેદ-પુરાણોમાં તો છે નહિં. તે (સાધન) તો શુદ્ધપુષ્ટિમાર્ગીય હોય તેને જ જ્ઞાન થાય, બીજાઓને ન થાય. જો શ્રીમહાપ્રભુજી આપ પ્રગટ ન થયા હોત તો પુષ્ટિમાર્ગ વૃથા બની જાત. તેના માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય છે તો આ બતાવવા માટે 'દૈવોદ્ધારપ્રયત્નાત્મા' આ નામ કહ્યું.

હવે કહે છે કે પુષ્ટિમાર્ગીય જીવોના મનમાં બીજા માર્ગનું ફલ તો આવે નહિં. અને પોતાના પુષ્ટિમાર્ગીય સાધન-ફલ એનું જ્ઞાન નથી. તેથી શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યની પહેલાં સેવકોનો ઉદ્ધાર કેવી રીતે થયો હશે? તે શા માટે કે પુષ્ટિમાર્ગના સાધન-ફલ તો જાણતા નહોતા. તેથી જયારે શ્રીમહાપ્રભુજી આપ પ્રગટ થયા ત્યારે ઉદ્ધાર થયો. આરતિ -કલેશ દૂર થયા. તો આ બતાવવા માટે કહે છે કે શ્રીમહાપ્રભુજી આપ કેવા છે?

***

## [૬]સ્મૃતિ-માત્રાર્તિ- નાશનઃ

**સ્મૃતિ+માત્ર+ આર્તિ +નાશનઃ** = સ્મૃતિ - માત્રાર્તિનાશનઃ

**(રાગઃ ઈમન)**

**સ્મૃતિમાત્રાર્તિનાશન સુમિરે બઢત આનન્દ ॥**
**આનિ ઉપાય ઉપાધિ જાનિ જિય**
**તજિ ચિત ભજિ શ્રીવલ્લભ મુખચંદ ॥૧॥**
**રસના રટત નેંકુ નહિં છાંડત**
**ફૂલિ રહે નિજજન અરવિંદ ॥**

**હંસત પરસ્પર કરત કુલાહલ સબ હી પરે પ્રેમકે ફંદ ॥૨॥**

**ભૂતલ ફિરત મહારસ ભીને**
**નિજજન અતિ -મદમત્ત ગયંદ ॥**
**શ્રીવિઠ્ઠલ પદરજ-પ્રતાપ -બલ**
**નિર્ભય ફિરત સદા 'ગોવિન્દ' ॥ ૩॥**

***

શ્રીઆચાર્યજી આનંદ સ્વરૂપ હોવાથી આપના સ્મરણ માત્રથી જ ત્રિવિધ તાપ સંસાર કલેશ વિગેરે સહજમાં દુર થાય છે, કેમ કે જ્યાં આનંદનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર હોય ત્યાં આર્તિ પોતાની મેળે જ દુર થઇ જાય છે.

ધનલાલસાના ત્યાગથી આધિભૌતિક આર્તિનો નાશ, વિરહવ્યથાના શમનથી આધ્યાત્મિક આર્તિનો નાશ અને આપની ભૂતલ સ્થિતિ સમયમાં અને ભૂતલ સ્થિતિ બાદ સ્મરણ માત્રથી પ્રત્યક્ષ દર્શને આધિદૈવિક આર્તિનો નાશ આ રીતે દામોદરદાસ હરસાનીની ત્રિવિધ આર્તિઓ નિર્મૂળ કરી.

***

આપનું સ્મરણ માત્ર કરે છે તે સેવકોની આપ આરતિ દૂર કરવાવાળા છે.

તો ત્યાં જે કોઇ અન્યમારગી પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું માહાત્મ્ય જાણીને સ્મરણ કરે તો તેની પણ આરતિ દૂર થઇ જાય છે. તો આવું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ છે ।।૭।।

હવે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ જેઓ જાણે છે તેઓ તો પુષ્ટિમારગને પ્રમાણ માને, પરંતુ જે પંડિતજન આપનું સ્વરૂપ નથી જાણતા તેમના મનમાં સંદેહ થાય છે કે, પુષ્ટિમારગમાં મૂલ શું. તેમનો સંદેહ દૂર કરવા માટે શ્રી આચાર્યજી મહાપ્રભુજીનું નામ કહે છે :

**[૭]શ્રીભાગવત-ગૂઢાર્થ-પ્રકાશન-પરાયણઃ**
**[૮]સાકાર-બ્રહ્મવાદૈક-સ્થાપકો [૯]વેદપારગઃ ।।૮।।**

## [૭]શ્રીભાગવત-ગૂઢાર્થ-પ્રકાશન-પરાયણઃ

**ગૂઢ+અર્થ**=ગુઢાર્થ **પર+અયન**=પરાયણ

**(રાગ : શ્રી)**

**શ્રીભાગવત-ગૂઢાર્થપ્રકાશન -પરાયણકોં**
**મહિમા મૈં જાનિ તાર્તે મેરૌ મન અટકયો ।।**
**જબલોં શ્રીવલ્લભકી મહિમા મૈં જાની નહીં**
**તૌલોં હોં યાચત ઠૌર-ઠૌર ભટક્યો ।।૧।**
**ચર્ષણીકી સંગતિતૈં મેરૌ મન ભ્રષ્ટ ભયૌ**
**કછુ વિવેક સમુઝે બિનુ રહ્યો બીચ પટક્યો ।।**
**શ્રીવલ્લભસંગતિતૈં મેરે હૃદૈ ઉપજ્યો જ્ઞાન**
**સાધુસંગ કીનોં મૈં ઔર સબૈ લટક્યો ।।૨।।**

**અબ જિયમેં જાનત હૌં આયુષ તૌ વૃથા જાત**
**કામ ક્રોધ લોભ મોહ મત્સર તૈં સટક્યો ।।**
**અબહુ કછુ ચેત મૂઢ સુભગ મૂર્તિ હૃદૈ ધરિ**
**ઔર સબ પરિહરૌ તુમ 'ગોવિન્દ'જન સંગ ગટક્યો ।।૩।।**

***

સ્કન્ધ, પ્રકરણ, અધ્યાય વિગેરે અર્થ સંબંધી એકરૂપતા સિધ્ધ કરવા આપે શ્રી ભાગવતના ગૂઢ અર્થોનું પ્રકાશન સંવત ૧૫૪૮ (સને ૧૪૯૨) ના અરસામાં 'ભાગવતાર્થ નિબંધ' નામના ગ્રન્થમાં કર્યું. શ્લોક - વાકય- પદ અને અક્ષર એવા ચાર પ્રકારે અર્થો શ્રીસુબોધિનીજીમાં વર્ણવી શ્રીભાગવતના સાત પ્રકારે અર્થો કરી પોતાની ગૂઢાર્થ પ્રકાશન પરાયણતા સિદ્ધ કરી બતાવી. આ પ્રમાણે ભગવદાજ્ઞાનું શ્રીઆચાર્યજીએ સાંગોપાંગ પાલન કર્યુ હતું. વર્ણન શ્રી હરિરાયજી આ પ્રમાણે કરે છે.

**શ્રી ભાગવત ભાવાર્થા વિર્ભાવાર્થાવતારિત :**
**સ્વામિસંતોષહેતુ : શ્રીવલ્લભઃ શરણં મમ ।।**

***

શ્રીભાગવતના ગૂઢ-ગુપ્ત બીજા કોઇપણને જેનું જ્ઞાન નથી એવા અર્થને પ્રગટ કરવામાં આપ પરાયણ-તત્પર છે.

આ નામમાં બીજા શાસ્ત્રોના નામ નથી કહ્યા, માત્ર શ્રીભાગવતનું નામ કહ્યું છે તેથી આ પુષ્ટિમારગનું મૂલ શ્રીભાગવત જ છે. કેમ કે તેમાં પુષ્ટિમારગ કહેલો છે. ત્યાં આ શંકા થાય કે શ્રીભાગવતનું તો સહુ કોઇ વ્યાખ્યાન કરે છે. જો તેમાં પુષ્ટિમારગ હોય તો બીજા પણ કોઇ જાણે! ત્યાં હવે વધુ આગળ કહે છે કે બધા જ શ્રીભાગવતનું વ્યાખ્યાન કરે છે પરંતુ તેમાં ગુપ્ત ફલરૂપ જે પુષ્ટિમારગ છે તે આપે પ્રગટ કર્યો. ત્યાં આ શંકા થાય કે શ્રીભાગવતમાં તો મુક્તિને ફલરૂપ કહેલી છે, પુષ્ટિમારગનું ફલ ક્યાં કહ્યું છે? ત્યાં હવે કહે છે કે શ્રીભાગવતમાં મુક્તિનું ફલ ભક્તિરસ જ કહ્યો છે. અને એમ કહેલું છે કે ભક્તિરસની આગળ મુક્તિ વગેરે બધાં તુચ્છ છે. આ બધું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ આપે કર્યું છે તેથી જ આ નામ કહે છે. શ્રીભાગવતનો ગૂઢાર્થ તેનો પ્રકાશ કરવા માટેના વિચારયુક્ત શ્રીમહાપ્રભુજી આપ છે.

તો હવે આ શંકા થાય કે પુષ્ટિમાર્ગનું ફલ તો શ્રીઠાકોરજીના સ્વરૂપનો અનુભવ છે. શ્રીઠાકોરજીનું સ્વરૂપ તો 'નિરાકાર' કહ્યું છે, તેનો અનુભવ કેવી રીતે થાય? આ શંકા દૂર કરવા માટે હવે શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીનું આ નામ કહે છે:

***

## ^૮સાકાર-બ્રહ્મવાદૈક-સ્થાપકઃ

**સ+આકાર+બ્રહ્મવાદ+એક** = સાકાર-બ્રહ્મવાદૈક

**(રાગઃ આસાવરી)**

**સાકાર-બ્રહ્મવાદૈક-સ્થાપક પ્રગટ ભયે ।।**
**સુનિ સ્રવનનિ નિજ દૈવી સૃષ્ટિ સબકે દુખ દૂર ગયે ।।૧।।**

**હરિવદનાનલ પ્રગટે બિન સબ જગત હુ જાત બહ્યો ।।**
**શ્રુતિ - સ્મૃતિ- સૂત્ર- પુરાનન હારદ સુર-નર-મુનિ ન લહ્યો ।।૨।।**

**કરુના કરિ કૃષ્ણપદસેવા કલિયુગમેં સિખયે ।**
**જન 'ગોવિન્દ' સોઇ બડભાગી જિનિ યહ તતી નિભયે ।।૩।।**

*

માતૃચરણ યશોદાજીને સ્વમુખમાં સમસ્ત બ્રહ્માંડના દર્શન કરાવીને અને અર્જુનને વિરાટ સ્વરૂપના દર્શન કરાવીને શ્રીકૃષ્ણે પોતાની પરબ્રહ્મતા વ્યક્ત કરી, તેવી રીતે પરબ્રહ્મ સ્વરૂપના ''આનંદમાત્રકરપાદમુખોદરાદિ'' બ્રહ્મનું સાકાર સ્વરૂપ, અને આ સાકાર સ્વરૂપની લીલાઓ, સર્વે પરબ્રહ્મસ્વરૂપમાં શ્રીઆચાર્યજી સિદ્ધ કરી બતાવે છે.

શ્રીમહાપ્રભુજી આપ કેવા છે? તો સાકાર = બધી ઇન્દ્રિયો વડે અનુભવ કરવા યોગ્ય અને આનન્દમાત્ર - કરપાદમુખોદરાદિ એવા જે શ્રીપૂર્ણપુરૂષોત્તમ તેમનું યુક્તિ સહિત સ્થાપન કરવાવાળા છે. તેથી પુષ્ટિમાર્ગીય ફલનો અનુભવ સારી રીતથી થશે એમ જાણવું.

હવે આ શંકા થાય કે બીજા આચાર્યોએ પણ બ્રહ્મને સાકાર તો કહેલું જ છે તેમાં શ્રીમહાપ્રભુજીનું વૈશિષ્ટય શું? આ શંકાનું સમાધાન કરવા માટે આગળનું શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીનું નામ કહે છે :

## [૯] વેદ-પારગ :

**(રાગ : રામગિરિ)**

**કરહુ વેદપારગ સુખદ ચરનસેવા ।।**
**અન્ય આલાપ તજિ વહ્નિ પદકમલ ભજિ**
**શ્રી વલ્લભ સકલ દેવાધિદેવા ।।૧।।**

**કલિકલ્મષાપહં સકલદુખદારણમ્**
**ભવસિંધુ તારણં પરમમમલમ્ ।।**
**સાધન સબહી તજૌ નિસિદિના વલ્લભ ભજૌ**
**અતિસુખદ સુવહ્નિપદયુગલકમલમ્ ।।૨।।**

**પરમસુખદાયિની ભક્તિરનપાયિની**
**દેત હૈં હરિ-વદન વહ્નિ દાતા ।।**
**તીનહુ લોકમેં બિના શ્રીવલ્લભભવર**
**'ગોવિન્દ' સુને ન અન્ય કોઉ ભયત્રાતા ।।૩।।**

*

સિદ્ધાન્તનું પ્રતિપાદન દૃષ્ટાન્તથી સરળ બને છે. વૈદિક સિદ્ધાન્તોનું દૃષ્ટાન્ત ભાગવત છે અને તેથી વેદ-ગીતા-બ્રહ્મસુત્ર અને ભાગવત આ ચારેયમાં આપ પરમ નિષ્ણાત હોવાના કારણે આપ ''વેદપારગઃ'' છે.

આપે મંગલપ્રસ્થમાં ઢુંડી દીક્ષિતને વેદના અનુલોમ- વિલોમ (સવળા-અવળા) પાઠોથી પરાજીત કર્યા.

વેણી નદી પાસે રવિનાથવૈદિકે શ્રીઆચાર્યજીની પરીક્ષા માટે એક-એક પદ છોડી સો પદો આપશ્રીને પુછ્યા. શ્રીવલ્લભાધીશે રવિનાથપંડિતના છોડેલા સોએ પદોનો વિલોમ (અવળેથી ગણી શકાય તે રીત)થી ઉત્તર આપી આપની વેદપરત્વેની પારંગતતા સિદ્ધ કરી બતાવી.

***

આચાર્યજી સમ્પૂર્ણ વેદને જાણવાવાળા છે.

શ્રીઠાકોરજીનું સ્વરૂપ (આકાર) લૌકિક આંખોથી તો જોઇ ન શકાય. તેથી વેદમાં જે પ્રકારે કહેલું છે તે જ પ્રકારે જાણવું. અને નિરાકાર સ્વરૂપ, તે પણ વેદ જ કહે છે. પરંતુ સંપૂર્ણ વેદનું જ્ઞાન બીજાઓને નથી, એથી જ અમુક શ્રુતિઓના -જ્ઞાન દ્વારા પોતાના મનનાં આગ્રહથી નિરાકાર સ્વરૂપનું નિરૂપણ કરે છે. તેથી એમનું કહેલું પ્રમાણ ન માનવું અને શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીને તો વેદની બધી જ શાખાઓનું અને ઉપનિષદ્નું જ્ઞાન છે, તેથી વિચાર વડે જે સાકાર-નિરાકાર ઉભય સ્વરૂપનો નિશ્ચય કર્યો તે નિરૂપણ કર્યું. તેથી પ્રમાણ માનવું. તેથી આ નામ કહ્યું 'વેદપારગઃ' ।।૮।।

***

**[૧૦]માયાવાદનિરાકર્તા [૧૧]સર્વવાદિનિરાસકૃત્ ।।**
**[૧૨]ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ।।૯।।**

## [૧૦]માયા-વાદ-નિરાકર્તા

**(રાગ : ટોડી)**

**માયાવાદનિરાકર્તા પ્રકટે શ્રીવલ્લભદ્વિજરાજ ।।**

**શ્રીહરિ પ્રગટ કિએ મુખમૂરતિ પુષ્ટિ પ્રગટવે કાજ ॥૧॥**

**મહિમા સ્રવન સુનત કુમુદ્ધિનિસે ફૂલે ભક્તસમાજ ॥**
**અબ ઉદ્ધાર વિષયિની ચિંતા ગઈ સબનિકી ભાજ ॥૨॥**

**જયજયકાર ભયૌ ત્રિભુવનમેં રહે ભુવન સબ ગાજ ॥**
**સુમિરનતેં આનન્દ હોત હૈ 'ગોવિન્દ' જન શિરતાજ ॥૩॥**

***

**સનૈવ રેમે । સ ઈક્ષાંચક્ર પ્ર. ૬-૩ તસ્માદેકાકીન રમતે । સ દ્વિતિયમૈચ્છત્ સ હૈતાવાનાસેતિ** (બૃહ.ઉપ. ૧-૪-૩)

આવા પ્રકારના અલૌકિકઆકારને શ્રુતિઓ નિષેધ ન કરતાં બ્રહ્મનું સાકારત્વ અને સદ્ધર્મકત્વ સિદ્ધ કરે છે. બ્રહ્મનું સર્વરીતે નિરાકાર પણું છે. એવો શ્રુતિઓનો જો અભિપ્રાય હોત તો ''સદેવે ઈક્ષાંચક્રે''થી આકાર પ્રતિપાદન ન કરત. વ્યાસસૂત્રમાં પણ કહ્યું છે કે –

**પ્રકૃતૈતાવત્યં હિ પ્રતિષેધતિ તતો બ્રવીતિ ચ ભૂયઃ** ૩-૨-૨૨

બ્રહ્મના પ્રાકૃત આકારનો શ્રુતિઓ નિષેધ કરે છે પણ અલૌકિક આનંદ આકારનો નિષેધ કરતી નથી. અને સાકારપણું સિદ્ધ કરે છે.

બ્રહ્મને નિરાકાર વર્ણવતી શ્રુતિઓનો આશય **''અસ્થૂલમન-બહ્સ્વમ''** વિગેરેથી બ્રહ્મ લૌકિક દૈહાદિ પ્રાકૃત આકારવાળું નથી પરંતુ **''આનંદમાત્રકરપાદમુખોદરાદિ''** આવા અલૌકિક આકારવાળું બ્રહ્મ હોવાનો છે.

સંપૂર્ણ શ્રુતિઓનો સમન્વય અને યથાર્થ હાર્દ ત્યારે જ બની શકે જો બ્રહ્મમાં સર્વકતૃત્વ અને વિરૂદ્ધર્માશ્રયત્વ છે તેવું માનવામાં આવે. શ્રુતિઓના એકદેશી અર્થો કરી બ્રહ્મને નિર્ધર્મક અને માયાનું સર્વકર્તાપણું માનવાથી શ્રુતિઓનો સમન્વય સાધી ન શકાય. અને તેથી જ બ્રહ્મની શ્રી - પુષ્ટિ - ગિરા - કાન્તા આદિ અનંત શક્તિમાંથી એક શક્તિને માયા માની બ્રહ્મનુંજ સર્વકર્તાપણું સ્વીકારી આચાર્યશ્રીએ માયાવાદને તુચ્છીકૃત આલેખ્યો.

પ્રભુને સ્વભોગાર્થ અને દૈત્યોને વ્યામોહ કરવા માટે માયા ઉપયોગી છે. સાકાર બ્રહ્મ જાુદુ અને નિરાકાર બ્રહ્મ જાુદુ એવો મિથ્યાભાસ માયાથી

ભ્રાન્ત થયેલા કહે છે અને જીવોને ઉલ્ટે રસ્તે લઇ જતા હોવાથી શ્રીઆચાર્યજીએ આવા કલ્પિત વેદ વિરૂદ્ધ માયાવાદને નિરાસ કર્યો.

***

બધું જ કાંઇ મિથ્યા - માયિક છે એવું નિરૂપણ કરવાવાળો જે માયાવાદ તેનું આપ નિવારણ કરવાવાળા છે.

જોકે, આગળ જે બે નામ કહ્યા છે કે આપ સાકારબ્રહ્મવાદનું સ્થાપન કરવાવાળા છે અને આપ વેદપારગ છે તે નામથી જ માયાવાદનું નિરાકરણ તો થઇ ગયું છતાં પણ ફરીથી આ નામ કહેવાનો આશય એ છે કે માયાવાદ સર્વથા (દરેક પ્રકારે) વેદથી વિરૂદ્ધ છે. તેથી તેનું નિરાકરણ ચોક્કસ કરવું જોઇએ. તેથી અલગ નામ કહ્યું. માયાવાદી કહે છે કે, માયા દ્વારા પ્રકટ થયેલું હોવાથી બધું જ કાંઇ મિથ્યા છે. તો આ વાદ વેદવિરૂદ્ધ છે. તે શા માટે? તો વેદમાં દરેક વસ્તુને સત્ય કહેલી છે, તેથી આ વેદવિરૂદ્ધ વાદ છે. તેને જ દૂર કર્યો. તો શ્રીમહાપ્રભુજી આપ એવા છે એમ જણાવવા માટે આ નામ કહ્યું.

***

## [૧૧]સર્વ-વાદિ-નિરાસ-કૃત્

(રાગ : ટોડી)

**સર્વવાદિનિરાસકૃત્‌કો કો જન પાવત પાર ।।**
**શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર પુરાન અગોચર પુરુષોત્તમ નિરધાર ।।૧।।**
**ધરનીતલમેં પ્રકટ ભએ બિનુ બસુધા બૂડત ભાર ।।**
**પ્રાકૃતરૂપ અસુર મોહનકોં અપ્રાકૃત પ્રાન અધાર ।।૨।।**
**બિનુ સાધન ઉદ્ધરત નિજજનકોં પ્રગટ કૃષ્ણ અવતાર ।।**
**જો સર્વસુ શ્રીવ્રજજનકો દૈ સો 'ગોવિન્દ' કો હૈ રખવાર ।।૩।।**

***

સવંત ૧૫૪૬માં આપશ્રી ઉજ્જૈન પધાર્યા ત્યાં સાંદિપનિ ઋષીના આશ્રમ નજીક આપનો મુકામ હતો. તે સમયે એક પીપળાનું પાન આપની

પાસે ઉડીને આવ્યું. આપશ્રીએ તે પાનને જમીનમાં રોપ્યું જે એકજ રાત્રિમાં વૃક્ષ બની ગયું. આ ચમત્કાર જોઇ ઉજ્જૈન ના અન્ય મતમતાંતર વાદીઓ આપની સાથે શાસ્ત્રાર્થ કરવા આવી શક્યા નહીં. પરંતુ જ્યારે આપશ્રીએ ભાગવત પ્રવચનનો પ્રારંભ કર્યો ત્યારે શ્રીમહાદેવજી સાંભળવા પધાર્યા શ્રીઆચાર્યજીએ શ્રીમહાદેવને કહ્યું કે અમો તો અહિં બ્રહ્મવાદનું સ્થાપન કરવા આવ્યા છીએ અને અમારી સામે કોઇ વાદી શાસ્ત્રાર્થ કરવા આવતા નથી, તો આપ તેઓને પ્રેરણા કરી શાસ્ત્રાર્થ કરવા મોકલો. ત્યારે શ્રી મહાદેવજીની પ્રેરણાથી અન્ય વાદીઓ શાસ્ત્રાર્થ કરવા શ્રીઆચાર્યજી પાસે આવ્યા. આપશ્રીએ સર્વવાદીઓને નિરૂત્તર કરી બ્રહ્મવાદ સ્થાપન કર્યો. આવી રીતે ઉજ્જૈન વગેરે સ્થાનો ઉપર આપે સર્વવાદીઓને નિરાશ કર્યા.

***

વેદવિરૂદ્ધ અર્થ કરવાવાળા બધા વાદિઓનું ખંડન કરવાવાળા શ્રીઆચાર્યજી છે.

હવે કહે છે કે માયાવાદથી (સદશ) બીજા પણ જે વેદવિરૂદ્ધ વાદ છે. તે કયા પ્રકારથી? તો તે શાસ્ત્રો (વાદો)માં કહેલું છે કે જ્ઞાન-ઇચ્છા-પ્રયત્ન આ ધર્મ ઇશ્વરમાં છે. પરંતુ આનન્દસ્વરૂપ નથી કહ્યા. તો તેથી ન્યાયશાસ્ત્રનો મત વેદવિરૂદ્ધ છે અને કર્મમાર્ગી કર્મને જ મુખ્ય કરીને માને છે, ઇશ્વરને માનતા જ નથી. સાંખ્યવાદી પ્રકૃતિ-પુરૂષને જ મુખ્ય માને છે. તો તેથી બીજા ઘણા મત વેદથી વિરૂદ્ધ છે તે બધા મતોને શ્રીમહાપ્રભુજી આપે નિરાસ કર્યા છે.

હવે કહે છે કે આપે બધા વાદોને નિરાસ કર્યા છે, ત્યારે કયા ધર્મનું આચરણ કરે છે? તો આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## [૧૨] ભક્તિ-માર્ગાબ્જ-માર્તંડઃ

**માર્ગ+અબ્જ** = માર્ગાબ્જ

**રાગ : ટોડી**

**ભક્તિમાર્ગાબ્જમાર્તંડ અવનિ ઉદય જાનિ જિય દૈવીજનકમલ ફૂલે ।।**

**શ્રીવલ્લભ પ્રાકૃતરૂપ દેખિ આસુરસૃષ્ટિ મોહિતઅતિ વિદુષવૃન્દ ભૂલે ॥૧॥**
**કલિકલુષહરન હરિ આપુ અપનો વદન વહ્નિ હ્વૈ નિજદાસ દરસ દીન્હોં ॥**
**દ્વિજવર અવતાર ધરિ પ્રેમસોં ભક્તિ કરિ,**
**સિખાએ નિજદાસ સબ ગુનપ્રબીનોં ॥ ૨॥**
**શ્રુતિપથભયો પ્રકાસ માયાવાદતિમિર ગયો,**
**સુભગમૂરતિ નિરખિ ઉપજ્યો આનન્દ ॥**
**મન વચ કર્મ કરિ કહત 'ગોવિન્દ' જપ કિએ ,**
**સહજસોં પેહૈ સુખદ આનન્દ ॥૩॥**

સાકાર બ્રહ્મવાદ - રસાત્મક બ્રહ્મ શ્રીકૃષ્ણ અને તેની આનંદમયી લીલા વિગેરેનું વિશેષ પ્રકારે પ્રતિપાદન એ પુષ્ટિભક્તિના વિકાસનું રૂપ છે.

'ભક્તિયોગો બહુવિધો' હોવાથી ભક્તિમાર્ગની અનેક શાખાઓ પ્રસરેલી છે અને તેથી ભક્તિમાર્ગીય શુદ્ધશરણાગતિનો માર્ગ સમજવો, દૈવીજીવો માટે દુષ્કર બનવાના કારણે સંવત-૧૫૪૯માં શ્રીગોકુલમાં ગોવિંદઘાટ ઉપર શ્રાવણસુદ એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમે પ્રગટ થઇ શ્રીઆચાર્યજીને બ્રહ્મસંબંધનો ઉપદેશ કર્યો. તદ્અનુસાર આપે ભક્તિમાર્ગનો વિકાસ કર્યો.

***

ભક્તિમારગરૂપ જે કમલ તેના 'માર્તંડ' તે સૂર્યરૂપ=પ્રકાશને કરવાવાળા છે.

આના વડે એ જતાવ્યું કે ભક્તિશાસ્ત્ર જે શ્રીભાગવત-ગીતામાં જે ધર્મ કહ્યા છે તેમનું આચરણ કરવાવાળા છે. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ભક્તિ શાસ્ત્ર સ્વિકાર્યું છે. અને ભક્તિમારગને 'કમલ' કહ્યો તેથી કમલ જેમ મહાસુખ દેવાવાળુ છે તે પ્રકારે ભક્તિમારગને બીજા મારગની સરખામણીમાં મહાસુખરૂપ જાણવો. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને સૂર્યરૂપ કહ્યા તે એટલા માટે કે કમલનું પ્રકાશન (ખીલવવું) જેમ સૂર્ય કરે છે તેમ ભક્તિમારગને પ્રકાશન કરવાવાળા આપ શ્રીમહાપ્રભુજી છે ; બીજો કોઇ નથી અને સૂર્ય વડે પ્રકાશિત જે કમલ તેના રસનો ભોગ કરનારા ભ્રમરો છે, તેઓ તે પ્રકારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી દ્વારા પ્રગટ કરેલો જે ભક્તિમારગ

તેમાં રસનો ભોગ કરવાવાળા (આ જીવ) તે જેમનો શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીએ અંગિકાર કર્યો છે તે જીવ જ છે બીજા કોઇ નથી. જેમ સૂર્ય બીજાઓને તાપનું કારણ છે પરંતુ કમલની અંદર જે ભ્રમર છે તેને આનંદ ઉપજાવનારો છે, આ પ્રકારે શ્રીમહાપ્રભુજી છે. તેથી અન્યમારગીઓને તાપ ઉપજાવનારા છે. તો આ બતાવવા માટે 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડ' આ નામ કહ્યું.

હવે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પ્રાગટ્યના પહેલાં મર્યાદામાર્ગ હતો, બીજો કોઇ માર્ગ હતો નહીં. એટલા માટે જ શ્રીઠાકોરજીના પ્રત્યક્ષ દર્શનથી પણ મુચુકુંદરાજાને મુક્તિ ન મળી. શા માટે ? તો તે ક્ષત્રિય હતો. તેનાથી આગળ જઇને રાજા બ્રાહ્મણનો જન્મ મેળવીને કૃતાર્થ થયો. તેથી મર્યાદામાર્ગમાં બ્રાહ્મણને જ મુક્તિ મળે છે, બીજાને નહિં. શ્રીમહાપ્રભુજી બ્રાહ્મણ- ક્ષત્રિય- વૈશ્ય- શુદ્ર- સ્ત્રી બધાનો પુષ્ટિમાર્ગ પ્રગટ કરીને તેમાં અંગીકાર કર્યો અને બધાનો ઉદ્ધાર કર્યો. અને મુક્તિથી પણ અધિક ફલનું દાન કર્યું. તો આવા શ્રીમહાપ્રભુજી છે. તો આ બતાવવા માટે આ નામ કહે છે :

***

## [૧૩] સ્ત્રી-શુદ્રાદ્યુદ્ધૃતિ-ક્ષમઃ

**સ્ત્રી શુદ્ર + આદિ** = સ્ત્રીશુદ્રાદિ /**શુદ્રાદિ+ઉદ્ધૃતિ** = શુદ્રાદ્યુદ્ધૃતિ

**રાગઃ ટોડી**

**સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમકો જસ વ્યાપિ રહ્યો ત્રૈલોક્ય માંહિ ။**
**બિન સાધન બ્રજપતિકોં સોંપત શ્રીવલ્લભવર દ્દઢ કરિ ગહિ બાંહિ ။૧။**

**ઉર આનન્દ ન સમાત પુષ્ટિજન કરત અહર્નિસિ વહી ગુનગાન ။**
**પટતર તનક ન પાવત કોઉ સૂર નર મુનિ જન કરત બખાન ။૨။**

**ભૂત ભવિષ્ય સ્રવન નહિં સુનિયત કરિ કરુના અબ દરસ દિખાયો ။**
**યહ નિધિ સાધનતે નહિં પૈયત શ્રીવિઠ્ઠલપદરજ 'ગોવિન્દ' ။૩။**

***

અન્ય ભક્તિમાર્ગીય સિદ્ધાન્તોમાં પણ કેવળ ત્રણ વર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના જ ઉદ્ધારનું વર્ણન મળી આવે છે. શ્રીઆચાર્યજીએ પુષ્ટિભક્તિ દ્વારા આ ત્રણેય વર્ણનો ઉદ્ધાર તો કર્યો, પરંતુ તેથીએ આગળ વધીને સ્ત્રી, શુદ્ર અને અન્ય હિન પ્રાણી માત્ર જેઓ વેદાદિ કર્મોના અનધિકારી છે, તેમનો પણ આપે શાસ્ત્રોક્ત ઉદ્ધાર કર્યો.

આવા પ્રકારની અંગીકૃતિનો શાસ્ત્રીય આધાર શ્રીમદ્ ભગવદ્ગીતામાં સ્પષ્ટ છે.

**માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિસ્યુઃ પાપયોનયઃ ।**
**સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ।।**
**કિં પૂનર્બ્રાહ્મણાઃ પુણ્યા ભકતા રાજર્ષયસ્તથા ।**
**અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ।।**

*(૯-૩૨/૩૩)*

***

શ્રી આચાર્યજી સ્ત્રી-શૂદ્રાદિક સકલ જીવોના ઉદ્ધાર કરવાવાળા છે.

પોતાના સામર્થ્ય વડે બધા જીવોનો ઉદ્ધાર કરવામાં શ્રીમહાપ્રભુજી જ સમર્થ છે. તેથી સ્ત્રી - શૂદ્ર વિગેરે બધાનો ઉદ્ધાર કર્યો છે. ।।૯।।

***

**[૧૪]અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃત-માનવઃ ।।**
**[૧૫]અંગીકૃતૌ સમર્યાદો [૧૬]મહાકારૂણિકો [૧૭]વિભુઃ ।।૧૦।।**

ત્યાં આ શંકા થાય કે પુષ્ટિમારગનું ફલ તો વ્રજભક્તોને સિદ્ધ થયું છે. ત્યાં પણ સાધન જોવામાં આવે છે. તે કયા? તો ઘરના પરિત્યાગ વડે સર્વરૂપ શ્રીઠાકોરજીને જાણ્યા ત્યારે ફલની સિદ્ધિ થઇ. તો તે પ્રકારે તમે તો અહિં કહો છે કે શ્રીમહાપ્રભુજી આપ જે જીવનો અંગીકાર કરે તેને પુષ્ટિપુરૂષોત્તમનું દાન કરે છે તો સાધન વિના આ કેમ સંભવે છે? તો આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## [૧૪]અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃત-માનવઃ

**અંગીકૃત્ય+એવ+ગોપી+ઈશ =** અંગીકૃત્યૈવગોપીશ

**(રાગઃ આસાવરી)**

**અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃત-માનવ નામ ।।**
**કરિ કરુના કલિકાલમેં નિજજનકે પૂરે કામ ।।૧।।**

**અવનિતલમેં આનન્દ ભયો ઘર - ઘર આઠૌં જામ ।।**
**સુભગમૂરત શ્રીવલ્લભ હૈં. દેખે નખશિખ અભિરામ ।।૨।।**

**અબ ચિન્તા સબ મિટ ગઈ પ્રગટ ભયો સુખકૌ ધામ ।**
**ફૂલ્યો ફિરત 'ગોવિન્દ' સદા પાયો નિજપદ ગોકુલ ગામ ।।૩।।**

બ્રહ્માદિક દેવતા, મુનિ આદિના ધ્યાનમાં પણ ન આવી શકે તેવા શ્રીગોપીજનવલ્લભ શ્રીગોપીશ, શ્રીઆચાર્યજી દ્વારા અંગીકૃત જીવના એટલા બધા પ્રિય બની જાય છે કે જીવ સદોષ હોવા છતાં તેના દોષ ન જોતાં પ્રિય કરીને રાખે છે.

આ પ્રકારે જીવનો સ્વીકાર રામાનંદપંડિતની વાર્તામાં સ્પષ્ટ છે **'સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ'** ની પ્રતીતિ અર્થે અપરાધનું નિમિત્ત બનાવી શ્રીઆચાર્યજીએ રામાનંદપંડિતનો ત્યાગ કર્યો હોવા છતાં શ્રીગોપીજનવલ્લભ શ્રીનાથજીએ રામાનંદ દ્વારા સમર્પેલી બજારની જલેબી આરોગી અંગીકૃત જીવો ઉપરનું પોતાનું પ્રિયત્વ પ્રદર્શિત કર્યું.

***

અંગીકાર માત્રથી સાક્ષાત્ શ્રીઠાકોરજીને પ્રિય બનાવ્યા છે જીવ જેમણે એવા શ્રીઆચાર્યજી છે.

વ્રજભક્તોને સર્વાત્મભાવ વગેરે સાધન વડે શ્રીઠાકોરજીએ આપે જે-જે ફલદાન કર્યા છે તેમાં શ્રીઠાકોરજીની કૃપા જ કારણ છે. અને અહિં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના અંગીકારમાત્રથી શ્રીઠાકોરજી પ્રસન્ન થઈને ફલદાન કરે છે ત્યારે બીજા સાધન શા માટે કરવા!

ત્યાં આ શંકા થાય કે શ્રીઆચાર્યજી મહાપ્રભુના અંગીકારમાત્રથી શ્રીઠાકોરજી પ્રસન્ન શા માટે થાય? ત્યાં કહે છે કે શ્રીઠાકોરજી આપ જેમ વ્રજભક્તો સાથે લીલા કરતાં પરવશ થયા છે તે જ પ્રકારથી લીલા ભીતરના

(જે જીવોનો) શ્રીમહાપ્રભુજી આપે અંગીકાર કર્યા છે તે જીવ પણ શ્રી ઠાકોરજીને ખૂબજ પ્રિય થાય છે. તેથી ઠાકોરજી તેમને ફલદાન કરવામાં સાધન નથી જોતાં, સાધન વિના જ ફલદાન કરે છે.

હવે કહે છે કે, શ્રીમહાપ્રભુજી આપ અંગીકાર કરે છે ત્યારે શ્રીઠાકોરજી ફલદાન કરે છે. તો શ્રીમહાપ્રભુજી આપ કયા પ્રકારથી અંગીકાર કરે છે? ત્યાં કહે છેઃ

***

## [૧૫]અંગીકૃતૌ સમર્યાદો

(રાગઃ સારંગ)

**અંગીકૃતૌ સમર્યાદો પુરુષોત્તમ પ્રગટ ભએ**
**સ્રવન સુનત નિજજન ઉપજયો આનન્દ ।।**
**કરિ કરુના હરિવદનાનલ શ્રીવલ્લભદાસ દિયો**
**બિછુર્યો મન-વચ-કર્મ કરિ પ્રગટ ગોકુલચન્દ ।।૧ ।।**

**નખસિખ સબ અતિ અનુપમ પ્રગટ ભએ ધર્મયૂપરૂપ**
**વસુધા પાન કરત સબૈ વિદુષવૃન્દ ।।**
**સુર નર મુનિ કરિ સમાધિ એકચિત્ત હ્વૈ ધ્યાન ધરત**
**પાવત નહિં પાર કછુ માયાવાદી મત્તગયંદ ।।૨।।**

**દેખિયત પ્રાકૃતરૂપ નિશ્ચય હૈ અપ્રાકૃત**
**માનુષાકૃતિ દેખિ પરે ફંદ ।।**
**પુષ્ટિસૃષ્ટિ ઉદ્ધરનકોં દ્વિજવર અવતાર ધર્યૌ**
**માયામતખંડનકોં પ્રગટ 'ગોવિન્દ।। ૩।।**

***

જીવને ભક્તિમાર્ગમાં સ્વીકાર કરવા માટે અનેક માર્ગ છે, પરંતુ શ્રીઆચાર્યજી પુષ્ટિ એટલે અનુગ્રહની મર્યાદાથી, પરિસ્થિતિ અને જીવની

યોગ્યતા જોઇ, કોઇને મંત્રોપદેશ દ્વારા, યા તો કોઇને દ્રષ્ટિ દ્વારા અંગીકાર કરે છે.

આ રીતે આપશ્રીએ વાંસવાડાના ગોપાલદાસનો કેવળ જળની અંજલી છાંટીને તથા એક સોદાગરનો ઘોડો જે દૈવીજીવ હતો તેને નંદગામમાં પાન સરોવર ઉપર દ્રષ્ટિમાત્રથી અનુગ્રહ દ્વારા અંગીકાર કર્યો.

***

શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગની મર્યાદા સાથે જીવનો અંગીકાર કરવાવાળા છે.

તો અંગીકાર બાબતમાં ભક્તિમાર્ગની મર્યાદા કેવી છે? તે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના અંગીકારની પહેલાં જીવ એમ જાણે કે શું હું મુક્તિથી પણ અધિક શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સાક્ષાત્ સંબંધ પ્રાપ્ત કરીને કૃતાર્થ થઇશ! અને શું મારો આવો મનોરથસિદ્ધ થશે! તો આવું મનમાં જાણીને પહેલાં આપને પ્રાર્થના કરે કે (શ્રીમહાપ્રભુજી એ જીવ ઉપર પોતાના પ્રમેય બલ દ્વારા મનમાં અનુભવ કરાવે છે) ''આપ મને આપનો કરો'' તો આ પ્રકારે પ્રાર્થના વડે જ્યારે આપને શરણે આવે ત્યારે આપ કૃપા કરી આપની નિકટ બોલાવીને શ્રીઠાકોરજીની સન્મુખ બેસાડીને મારગની રીતિથી ઉપદેશ કરી પછી શ્રીઠાકોરજીને સોંપિને પછી પોતાનો જાણીને સ્વિકાર કરે છે કે ''આ મારો છે'' ત્યારે શ્રીઠાકોરજી આપ ફલદાન કરે. તો આ રીતિથી અંગીકાર કરે છે.

હવે કહે છે કે જીવ તો પોતાના ઉદ્ધાર માટે અનેકાનેક જતન કરે છે અને કરશે પણ આપ મુક્તિથી પણ અધિક ફલનું દાન શા માટે કરે છે? ત્યાં કહે છે :

***

## [૧૬] મહાકારૂણિક :

(રાગ : દેવગંધાર)

**અબકે મહાકારુણિક કહિયત ||**
**તજિ નિજધામ અવનિતલ પ્રગટે ભએ સબકે મન ભાએ || ૧ ||**

**અપની પ્રતિજ્ઞા સત્ય કરિ તુમ નિજજન નેહ નિબાહે ||**
**સબ પરિકર લૈ સરન ભયો સો તવ પદ-સરોજ-રજ પાએ || ૨ ||**
**જિન નહિં જાને શ્રીહરિ-મુખ-મૂરતિ તિનનેં વૃથા જનમ ગંવાએ ||**
**સર્વસુ શ્રીવલ્લભ નિજજનકોં સો 'ગોવિન્દ' જન જસ ગાએ || ૩ ||**

શ્રીઆચાર્યજી કૃપાના નિધિ હોવાના કારણે અત્યંત કરૂણાવાન છે. આમાં કોઇ આશ્ચર્ય નથી. કારણ કૃપાનું બીજું રૂપ કરૂણા છે. કરૂણા વિના કૃપા થઇ શકતી નથી. શ્રીવલ્લભાધીશ મહાકરૂણાવાન હોવાથી સ્ત્રી, શુદ્ર, પતિત અશ્પૃશ્ય આદિ જીવોને કરૂણા ધર્મથી જ અનુગ્રહ દ્વારા અંગીકાર કરે છે, આવો અંગીકાર કરૂણા સિવાય થઇ શકતો નથી.

આપ ભક્તોને કરૂણા કરી ભગવદ્‌લીલાના આનંદનું દાન કરે છે. આવા આપ અત્યંત કરૂણાવાન છે, એટલું જ નહિં,પરંતુ આપની અંગીકૃતિની નિઃસીમ કરૂણા તો આપે અડેલમાં પોતાની જ્ઞાતિની બ્રાહ્મણીના અક્ષમ્ય અપરાધ યુક્ત ચરિત્ર ન જોતાં કેવળ આપના કરૂણાધર્મથી અંગીકાર કરી પુષ્ટિમાર્ગીય સેવાનું ફલ પ્રદાન કર્યું.

***

જેટલાં વૈષ્ણવાચાર્ય છે તેમણે પોતાના સેવકોને મર્યાદાભક્તિના ઉપદેશ વડે મુક્તિનું દાન કર્યુ. તેથી તેઓ બધા કારૂણિક દયાશીલ કહેવાય, તે પ્રકારે જો શ્રીમહાપ્રભુજી આપ પણ દાન કરતાં તો તેઓની જેમ આપ પણ 'કારૂણિક'કહેવાતા. પરંતુ આપ તો મુક્તિથી પણ અધિક સાક્ષાત્ પુષ્ટિભક્તિમાર્ગ સાથે સમબન્ધ કરાવે છે તેથી 'મહાકારૂણિક' કહ્યા છે.

હવે આ શંકા થાય કે પુષ્ટિમાર્ગનું ફલ સિદ્ધ કરી આપવાવાળા હજુ સુધી નથી કોઇ જોયા કે નથી સાંભળ્યા. તો એવું ફલદાન આપ કેવી રીતે કરી શકે છે? તો આગળ આપનું આ નામ કહે છેઃ

***

## [૧૭]વિભુઃ

**(રાગ : રામગિરિ-દેવગંધાર)**

**વિભુ તુમ અબકે મોહિ ઉદ્ધારૌ ||**

**અતિ હિ સમર્થ સ્રવન સુનિયત હૈ શ્રીવલ્લભ નામ તિહારૌ ।। ૧ ।।**

**ઉધરે અધમ અનેક સાધન બિનુ અપને જિય વિચારૌ ।**
**કોટિ જનમકૌ મહા અપરાધી મેરે ઔગુન સબૈ બિસારૌ ।। ૨ ।।**

**નિઃસાધન હોં રંક જાનિ જિય દુસ્તર ભવસાગર તારૌ ।**
**વિનતિ સુનહુ રંક 'ગોવિન્દ' કી અપની પ્રતિજ્ઞા પારૌ ।। ૩ ।।**

***

શ્રીઆચાર્યજીએ પદ્મારાવલ આદિને ઈશ્વર રૂપમાં દર્શન આપ્યા. પદ્મારાવલ, માવજી પટેલ અને વિરજોને શ્રીરણછોડજીના સ્વરૂપમાં આસક્તિ હોવાથી આપશ્રીએ શ્રીરણછોડજીનું સ્વરૂપ ધારણ કરી તેઓને દર્શન આપી શરણે લીધા.

મહારાસમાં ભગવાને જેટલા ગોપીજનો હતાં. તેટલાં સ્વરૂપો ધારણ કર્યા તે પ્રમાણે વડનગરમાં આપશ્રી જ્યારે પધાર્યા ત્યારે ત્યાંના બ્રાહ્મણોમાં શરણે આવવાની સ્પર્ધા જાગી, અને દરેકે પોતાને પહેલાં એવા આગ્રહને કારણે આપશ્રીએ જેટલા બ્રાહ્મણો હતા તેટલા સ્વરૂપ ધારણ કરી એક સમયાવચ્છિન્ન દરેકને શરણે લીધા.

આપશ્રી દક્ષિણયાત્રામાં વરદરાયજીના દર્શનાર્થે પધાર્યા હતા, પરંતુ સીડીના પગથીયાઓમાં જયદેવજીની અષ્ટપદીઓ લખેલી હોવાથી અને આ અષ્ટપદીઓ ભગવત્સ્વરૂપ હોવાથી આપશ્રી ઉપર ન પધાર્યા. શ્રી વરદરાયજીને શ્રીઆચાર્યજીના દર્શન કરવાની અભિલાષા થવાથી શ્રીવરદરાયજી નીચે પધાર્યા અને શ્રીઆચાર્યજીના દર્શન કર્યા.

આ પ્રમાણે આપશ્રી વિભુ હોવાથી વિભુતિઓ આપને વંદના કરે છે.

***

શ્રીમહાપ્રભુ સર્વસમર્થ છે.

હવે કહે છે કે પુષ્ટિમાર્ગનું ફલ બીજું કોઇ નથી આપી શકતા. તેને આપવામાં તો માત્ર શ્રીમહાપ્રભુજી સમર્થ છે. બીજા જે આચાર્યો છે તેઓએ મર્યાદાભક્તિમાર્ગના સાધન અને ફલનો જ વિચાર કર્યો છે, તેથી તેવા ફલનું જ દાન કરે છે. તેમણે બીજા કોઇ પ્રકારે તો વિચાર કર્યો નથી તો આપવાનું

સામર્થ્ય ક્યાંથી હોય? શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું બધાથી અધિક સામર્થ્ય છે તે બતાવવા માટે 'વિભુ' નામ કહ્યું ||૧૦||

***

**[૧૮]અદેય-દાન-દક્ષશ્ચ [૧૯]મહોદાર-ચરિત્રવાન્ ||**
**[૨૦]પ્રાકૃતાનુકૃતિવ્યાજ - મોહિતાસુર- માનુષઃ ||૧૧||**

હવે કહે છે કે આ પુષ્ટિમાર્ગનું ફ્લ તો વેદોને પણ દૂર્લભ છે. તો તેનું દાન શ્રીમહાપ્રભુજી આપ કેવી રીતે કરે છે? તો આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## [૧૮]અદેયદાનદક્ષઃ

**(રાગ : નટ)**

**અદેયદાનદક્ષ સ્રવન સુનિકે હૌં સરન આયો ||**
**શિવ વિરંચિ સુર નર મુનિ કોઉ પાર ન પાયો || ૧ ||**

**હૈ અપ્રાકૃત રૂપ આપુનૌ પ્રાકૃત રુપ દિખાયો ||**
**દૈવી જીવ બિના અસુર સબકોં મોહ ઉપજાયો || ૨ ||**

**તિહારી મહિમા સ્રવન ભયી મેરો મન ભાયો ||**
**શ્રીવલ્લભ-પદ-રજધન 'ગોવિન્દ' પ્રેમ સહિત ગુન ગાયો || ૩ ||**

***

શ્રીઆચાર્યજી આધિદૈવિક પ્રેમલક્ષણા ભક્તિ અને 'ચ' શબ્દથી અદેય એવું રસાત્મક ભગવત્સ્વરૂપનું પણ દાન સ્વસામર્થ્યે કરે છે.

શ્રીઆચાર્યજી સ્વયં ભગવાન્ હોવાથી જીવને પોતાને શરણે લેવા માત્રમાં ભજનાનંદરૂપ રાસલીલાની પ્રાપ્તિના અધિકારી બનાવે છે. આપશ્રી આ પ્રકારના દાનમાં અતિચતુર હોવાથી ભજનાનંદ પરમાનંદ વાળા જીવોને વિશેષ દાન આપી ઉત્તમ અધિકારી બનાવે છે. મધ્યમજીવોને સામાન્ય દાન આપી દ્વારકાલીલા આદિના ફલ આપે છે 'ચ' એ સમુચ્ચયાર્થ એટલે અન્ય મર્યાદામાર્ગીય સાધન સાધ્ય સર્વફળ, કેવળ આપના શરણમાત્રે આપવાનું સામર્થ્ય પણ આપશ્રીમાં છે. જીવોને યથા અધિકારે દાન આપી તેઓના

અધિકાર પરત્વે ફળ પ્રદાન કરવામાં આપ દક્ષ-મહાનિપૂણ છે.

***

શ્રીઠાકોરજી સિવાય બીજું કોઇ ન આપી શકે એવું દાન આપવાવાળા શ્રીઆચાર્યજી છે.

મર્યાદામાર્ગના સાધન શ્રવણ-મનન વગેરેનું ફલ મુક્તિ સુધી હોય છે. તે તો બીજા આચાર્યોએ પણ દાન કર્યું છે. તે જ પ્રકારે શ્રીમહાપ્રભુજી પણ મુક્તિનું દાન કરે ત્યારે તો બીજા બધા આચાર્યોની બરાબર આપ પણ થયા! ત્યારે તો આપનું પ્રાકટ્ય નકામું થઇ જાય! તેથી આપ કેવા છે કે શ્રીઠાકોરજી સિવાય બીજા કોઇથી ફલદાન ન કરી શકાય તેને આપવામાં સામર્થ્યવાન છે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે જે દાતા હોય તે તો પાત્ર જોઇને દાન કરે. શ્રીઆચાર્યજી જો જીવોની યોગ્યતાનો વિચાર કરે ત્યારે તો જીવોનું ક્યાંથી ઠેકાણું પડે! (જીવોની કોઇ યોગ્યતા જ નથી) તે શંકા દૂર કરવા માટે કહે છેઃ

***

## [૧૯]મહોદારચરિત્રવાન્

**મહા+ઉદ્+અર** = મહોદાર

**(રાગ : બિભાસ)**

**મહોદારચરિત્રવાનકી પદરજ હૌં પાઊં ||**
**અસદાલાપ અસત્સંગતિ ઔર સબૈ બિસરાઊં || ૧ ||**

**સુભગ મૂરતિ શ્રીવલ્લભ બિન કહું ના સીસ નવાઉં ||**
**હરિસેવા હરિકથા છાંડિકે અનત કહૂં નહિં જાઊં || ૨ ||**

**નિસિદિન ગુનગાન કરૌં નૈનનિ હૃદૈ સિરાઉં ||**
**‘ગોવિન્દ’ જન ઇતનૌ ચાહત દાસ તિહારૌ કહાઊં || ૩ ||**

***

ભગવદ્પ્રાપ્તિના સાધન ક્રમમાં માનસીભક્તિ પરામતા સિદ્ધભક્તિ

ગણવામાં આવે છે. માનસીભક્તિની સિદ્ધિ માટે તનુજા-વિત્તજા એ સાધનરૂપા ભક્તિ છે એના દ્વારા જ માનસીભક્તિ સિદ્ધ થાય છે તેવો સંપ્રદાયમાં અલૌકિક સાધનક્રમ બતાવવામાં આવ્યો છે. પરંતુ આપશ્રી પોતાની મહોદારતાના કારણે સાધન વિના જ અંતિમ લક્ષ્ય સિદ્ધિ પ્રદાન કરે છે.

ત્રિપુરદાસ કાયસ્થને આપે માનસીનું દાન કર્યું અને આ દાનના પ્રતાપે ત્રિપુરદાસની ઇચ્છાનુસાર તેમની દ્રષ્ટિ સમિપે સદાએ શ્રીનાથજીના સ્વરૂપનાં દર્શન થતા હતા. આ પ્રકારની ત્રિપુરદાસની ઇચ્છાપૂર્તિમાં આપશ્રીના મહાન ઉદાર ચરિત્રનાં દર્શન થાય છે.

***

શ્રીઆચાર્યજી મહાન ઉદાર ચરિત્રવાળા છે.

શ્રીમહાપ્રભુજી માત્ર દાતા હોય ત્યારે તો પાત્ર જોઇને દાન કરે, પરંતુ આપ તો ઉદારતા વાળા દાતા છે. માત્ર દાતા અને ઉદાર-દાતા માં આટલું અંતર છે કે માત્ર દાતા હોય તે તો દાન દેવામાં તીર્થનો વિચાર કરે, ફલનો વિચાર કરે, પાત્ર-અપાત્રનો વિચાર કરે; અને ઉદારદાતા તો પોતાના સહજ ઉદારતાના ધર્મ વડે પાત્રનો વિચાર કર્યા વિના દાન કરે. (તો આપ એવા સામર્થ્યવાળા છે કે જેને દાન કરે તે જ પાત્ર બની જાય) આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે તમે એમ કહ્યું કે ઉદારતાને લીધે આપ તો પાત્ર-અપાત્ર વિચાર્યા વગર દાન કરે છે, તો આ સામર્થ્ય તો શ્રીપૂર્ણપુરૂષોત્તમમાં સંભવે અને શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય તો લૌકિક પ્રપંચમાં (જગતમાં) છે. અને લૌકિક ધર્મપણ બધા દેખાય છે. તો કહે છે કે આપ શ્રીપૂર્ણપુરૂષોત્તમ છે. તો આ બતાવવા માટે આ નામ કહે છે :

***

## [૨૦] પ્રાકૃતાનુકૃતિ-વ્યાજ-મોહિતાસુર-માનુષઃ

**પ્રાકૃત+અનુ**=પ્રાકૃતાનું,

**વિ+આજ=વ્યાજ, મોહિત+અસુર**= મોહિતાસુર

**(રાગ : સારંગ)**

**પ્રાકૃતાનુકૃતિ-વ્યાજ-મોહિતાસુરમાનુષ પ્રભુ**
**સુર નર મુનિ ધ્યાન ધરત પાર કછુ ન પાવૈ ||**
**દિવિ ભુવિ પાતાલમેં કોઉ પટતર નાહિં**
**પ્રાકૃત રૂપ દિખાય આસુર મોહ ઉપજાવૈ || ૧ ||**

**કોટિ જનમ ભટકિ-ભટકિ અબ મનમેં હાર માનિ**
**સાધન કરિ વૃથા ક્યોંહિ જનમ યહ ગમાવૈ ||**
**ઔર સબ ઉપાધિ છાંડિ અસત્સંગકોં નિવારિ**
**સંશય સબ મનકૌ કાઢ્યો અપને જિય આવૈ || ૨ ||**

**વચનામૃત સ્રવન સુનૌ હરિસેવા હિતસોં કરૌ**
**દુસ્તર ભવસિંધુ તરૌ વલ્લભ ઉર લાવૈ ||**
**કહત 'ગોવિન્દ' કલિજુગમેં ઔર કછુ ઉપાય નાહિં**
**મન વચન કર્મ કરિ શ્રીવલ્લભ ગુન ગાવૈ || ૩ ||**

***

ભગવાનના વિરૂદ્ધધર્માશ્રયત્વનું સામ્ય શ્રીઆચાર્યજીમાં વિદ્યમાન છે, અને તેથી આપના અલૌકિક ચરિત્રો નહિં સમજવાથી આસુરી અને અન્ય અધિકારી જીવો આપને પ્રાકૃત મનુષ્યરૂપે, યા તો વિદ્વાન પુરૂષ તરીકે ઓળખે છે. આવી રીતે પ્રાકૃત મનુષ્ય જાણી મોહિત થવામાં સોરમજીના કેશવાનંદ યોગીનું દ્રષ્ટાન્ત પ્રસિદ્ધ છે. સંવત ૧૫૩૫ના વૈશાખવદી ૧૧ના દિને પોતાની યોગ સિદ્ધિના બળે કયાંક ઇશ્વરાવતાર થયાનું તેમણે કૃષ્ણદાસ મેઘનને કહ્યું. કૃષ્ણદાસ મેઘન દૈવીજીવ હોવાથી શ્રીઆચાર્યજીનું શરણ સ્વીકારી આપશ્રીની સન્નિધિમાં જ સદા રહેતા હતા. શ્રીઆચાર્યજીની સાથે કૃષ્ણદાસ સોરમજી આવ્યા ત્યારે કેશવાનંદ યોગીજીને મળવા ગયા હતા. શ્રીઆચાર્યજીના ઇશ્વરત્વનો પરચો કૃષ્ણદાસજીએ પોતાના હાથમાં અગ્નિ રાખીને કરાવવા છતાં યોગીજી આસુરત્વ સ્વભાવે મોહિત થવાથી શ્રીઆચાર્યજીને ઇશ્વર તરીકે ઓળખી ન શક્યા. આ પ્રકારનું પ્રાકૃતની અનુકૃતિનું નિમિત્ત, ફક્ત આસુરી તેમજ અન્ય જીવોને મોહ કરવા માટે છે.

***

શ્રીઆચાર્યજી લૌકિક માણસ જેવા આચરણ વડે આસુરી જીવોને મોહ ઉપજાવે છે.

શ્રીમહાપ્રભુજી કેવા છે? કે સાધારણ લૌકિક જીવોની જેમ આચરણ કરે છે. તેના વડે આસુરી જીવોને મોહ (ભ્રમ) પેદા કરે છે. તેથી તેઓ એમ જાણે છે કે આપ સાધારણ મનુષ્ય છે.

ત્યાં આ શંકા થાય કે લૌકિક ના જેવું આચરણ જોઇને દૈવીજીવોને પણ કેમ મોહ ન થાય? ત્યાં કહે છે કે આસુરી અથવા આસુરાવેશી જીવોને જ મોહ થાય છે. તે કયા પ્રકારથી? જેમ જ્યારે શ્રીઠાકોરજી શ્રીદેવકીજીના ગર્ભમાં પધાર્યા ત્યારે આ જોઇને કંશે જાણ્યું કે મને મારવા માટે શ્રીપૂર્ણપુરૂષોત્તમ ગર્ભમાં આવ્યા છે ત્યાર પછી પૂતનાને મોકલી. પૂતનાએ ત્યાં જઇને લૌકિક બાળકની જેમ જાણીને સ્તનપાન કરાવ્યું. તો આ બધો મોહ આસુરી જીવોને થયો અને દૈવી જીવ તો શ્રીઠાકોરજીને ગર્ભમાં જોઇને એ જાણ્યું કે આ તો શ્રીપૂર્ણપુરૂષોત્તમ છે, ગર્ભમાં આવ્યા તેથી શું થયું! આ તો એમની લીલા છે અને આ તો અમારા રક્ષક છે એમ જાણીને સ્તુતિ પણ કરી છે. તેવી જ રીતે દૈવી જીવ જાણે છે કે, શ્રીમહાપ્રભુજી શ્રીપૂર્ણપુરૂષોત્તમ છે અને અમારો ઉદ્ધાર કરવાવાળા છે. અને જે અસુર છે તે આપનું લૌકિક જેવું આચરણ જોઇને મોહિત થાય છે. તેથી એમ કહે છે કે આપ બીજા બધા લોકોની જેમ લૌકિક છે. જે આવી રીતે જ જાણે છે. આ બતાવવા માટે આ નામ કહ્યું ।।૧૨।।

***

**[૨૧]વૈશ્વાનરો [૨૨]વલ્લભાખ્યઃ [૨૩]સદ્રૂપો [૨૪]હિતકૃત્ સતામ્ ।।**
**[૨૫]જન-શિક્ષા-કૃતે કૃષ્ણ-ભક્તિ-કૃત્ [૨૬]નિખિલેષ્ટદઃ ।।૧૨।।**

હવે એ શંકા થાય છે કે દોષોથી પ્રચૂરજીવોનો ઉદ્ધાર આપ કેવી રીતે કરે છે? ત્યાં આ કહે છે :

***

## [૨૧]વૈશ્વાનરઃ

**(રાગ : ભૈરવ)**

**'વૈશ્વાનર' નામ સુનત આસુર જીવ જરિ મરેં ||**
**માયાવાદિ મત્ત ગયંદ સુનત ઉપજ્યો ત્રાસ**
**અતિ ઉજાસ દેખિ આકાસ આઈ સબૈ પાંયનિ પરે || ૧ ||**

**જો અપને જિય જાનિ શરનાગત હોઈ રહે**
**બિન સાધન કરુના કરિ કલિજુગમેં ઉદ્ધરે ||**
**મન વચન કર્મ કરિ અન્ય સબ ઉપાય તજૌ**
**'ગોવિન્દ' પ્રભુચરન ભજૌ ભવસાગરતેં તરે || ૨ ||**

***

છાંદોગ્ય ઉપનિષદ્માં **''આત્માનં વૈશ્વાનરં ઉપાસ્તે''** વૈશ્વાનર આત્મા છે. વ્યાપક છે. પુરૂષોત્તમ છે. સ્વરૂપ જ્ઞાનનિષ્ઠ ભગવદીય તે વૈશ્વાનરની સેવા કરે છે. વેદ પરોક્ષ પ્રિય હોવાથી પરોક્ષ રીતિથી જ વૈશ્વાનર શબ્દ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રતિપાદન કરે છે. વેદ સાક્ષાત્ પ્રતિપાદન કરે છે. **''ઇન્દિરાયાં નલિની મન્દિરાયા વલ્લભો વાસુદેવઃ''** ઇત્યાદિ ઉપનિષદ્ વાક્યમાં વાસુદેવ વલ્લભરૂપે પ્રકટયા છે એવું સ્પષ્ટ છે.

અગ્નિમાં **'અક્'** ધાતુ છે. **'અક્'** ધાતુ ગતિવાચક છે. ભગવત્પ્રાપ્તિ કરાવે તે અગ્નિ. અર્થાત્ જીવને બ્રહ્મ પર્યંત પરમફલદશામાં ગતિ કરાવીને ફલપ્રાપ્તિ કરાવવી એ કાર્ય અગ્નિ વિના બીજા કોઇમાં નથી.

**અજ્ઞાનાદ્યન્ધકાર – પ્રશમનપટુતા – ખ્યાપનાય ત્રિલોકયામ્**
**અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપી સદા વસ્તુતઃ કૃષ્ણએવ ।।**
**પ્રાદુર્ભૂતો ભવાનિત્યનુભવ–નિગમાદ્યુક્ત–માનૈરવેત્ય**
**ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે ।।૮।।**

*(શ્રીવલ્લભાષ્ટક)*

આ પ્રકારનું આપનું આધિદૈવિક અગ્નિત્વ ત્રણેયલોકમાં પ્રસિદ્ધ છે, એવું કવિઓ વર્ણન કરે છે. આપના અગ્નિસ્વરૂપના દર્શન આપશ્રીએ પ્રાકટ્ય સમયે ચંપારણ્યમાં અગ્નિકુંડમાં, ભુતલ સ્થિતિ સમયે દામોદરદાસ હરસાનીના ભાઇને, ગુજરાતના મહમદ બેગડાને તથા નિજધામ પધારતી સમયે કાશીમાં ગંગાજીની મધ્ય ધારામાં અગ્નિતેજપૂંજથી કરાવ્યા છે.

એક સમય ઉદર વ્યાધિનું નિમિત્ત બનાવી કોઇ એક વૈષ્ણવની લાવેલી ઔષધી આપે અગ્નિમાં નાખી, જેથી આપની ઉદર વ્યાધિ દૂર થયાનું જણાવી પોતાના અગ્નિસ્વરૂપની પ્રતીતિ નિજજનોને કરાવી.

***

શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિરૂપ છે.

શ્રીઠાકોરજીનું મુખ છે તે અગ્નિરૂપ છે. અને શ્રીમહાપ્રભુજી આપ તે અલૌકિક મુખારવિન્દનો અવતાર છે, તેથી અલૌકિક અગ્નિરૂપ છે. તેથી દોષવાળા જીવોના બધા દોષોને આપ અલૌકિક અગ્નિથી ભસ્મ કરી નાખે છે. તેથી આ નામ કહ્યું.

હવે શંકા થાય છે કે શ્રીમહાપ્રભુજી આપ અલૌકિક અગ્નિસ્વરૂપ છે તો એમનું તેજ ભક્તોથી કેમ સહન થતું હશે? તેથી ભક્તોથી સેવા પણ સારી રીતે નહીં કરી સકાતી હોય! આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે.

***

## [૨૨] વલ્લભાખ્યઃ     **વલ્લભ+આખ્ય** = વલ્લભાખ્યઃ

**(રાગ : ગોડી)**

**વલ્લભાખ્ય મોકોં લાગે વલ્લભ અતિ ||**
**રસના દિનરૈન કરહોં રટન લગન લાગિ રહે સુનહું પ્રાનપતિ || ૧ ||**

**તિહારે દરસ બિન દુખ પાવત હોં કરહુ કૃપા રંકપર દ્વિજપતિ ||**
**મહાલક્ષ્મીપતિ સુનહુ વિનંતિ સદા રહૌ ઐસી મેરી મતિ || ૨ ||**

**દુર્લભાંઘ્રિ સદા હોં સુનહું સુબોધિની વચનામૃત નિતિ ||**
**ઔર સબૈ તજિ સરન ભયૌ હોં તુમ બિન 'ગોવિન્દ' કી ન ઔર ગતિ || ૩ ||**

***

આપશ્રીમાં અગ્નિસ્વરૂપ અને પ્રિયસ્વરૂપ બન્નેની સ્થિતિ સદા વિદ્યમાન હોવાથી બન્ને વિરૂધ્ધગુણો એક જ સાથે રહે છે એજ આપના વિરૂદ્ધધર્માશ્રયનું લક્ષણ છે.

માધવભટ્ટ કાશ્મીરી જ્યારે પોતાના ગુરૂ નિમ્બાર્કાચાર્ય કેશવ ભટ્ટ

સાથે વૃંદાવનમાં શ્રીઆચાર્યજીની કથા સાંભળવા આવ્યા ત્યારે આપશ્રીએ માધવભટ્ટને અત્યંત મનોહર પ્રિય સ્વરૂપનાં દર્શન આપ્યા, કેશવ ભટ્ટની આજ્ઞાથી માધવભટ્ટ શ્રીઆચાર્યજી પાસે જ આજીવન રહ્યા.

***

શ્રીઆચાર્યજી ભક્તોને પ્રિય છે.

લૌકિક અગ્નિના તેજમાં વધારો - ઘટાડો થાય છે. તો તેથી શીયાળામાં સુખરૂપ લાગે છે પણ ઉનાળામાં સહન થતી નથી. પરંતુ શ્રીમહાપ્રભુજી તો અલૌકિક અગ્નિરૂપ, શ્રીપુર્ણપુરૂષોત્તમના મુખારવિન્દરૂપ, આનંદરૂપ છે તેથી હંમેશા પ્રિય છે, કયારેય અપ્રિય નથી. આપ અલૌકિક અગ્નિરૂપ હોવા છતાં પણ હંમેશા પ્રિય થાય છે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે શંકા થાય છે કે લોકમાં જે પ્રિય પદાર્થ છે તે કયારેય કોઇ નિમિત્તે અપ્રિય થાય છે. તો આ શંકા દૂર કરવા માટે કહે છેઃ

***

## [૨૩] સદ્રૂપ :

**(રાગ : દેવગંધાર)**

**'સદ્રૂપ' શ્રીવલ્લભ ! નામ તિહારૌ ||**
**કરિ કરુના કરુનાનિધાન પ્રભુ અપની પ્રતીજ્ઞા આપુ પ્રતિપારૌ || ૧ ||**

**તિહારે ચરનકમલ આશ્રય બિન ભય ઉપજત હૈ ભારૌ ||**
**સેવા કથા બિના મોહિ લાગત વિષસમ સબ સંસારૌ || ૨ ||**

**ચિતમેં ચિન્તન કરત અહર્નિસિ કટત કોટિ જંજારૌ ||**
**''શ્રીવલ્લભ-વલ્લભ'' કરિ 'ગોવિન્દ' મન વચન ક્રમ નિરધારૌ || ૩ ||**

***

આપશ્રી સત્ અર્થાત સુંદર સ્વરૂપવાળા છે. સચ્ચિદાનંદ સ્વરૂપવાળા ભગવાનનું 'સત્' સ્વરૂપ પણ આપ છે. આપનો વિગ્રહ એટલે દશ્યમાન દેહ લૌકિક પંચભૂતોથી બનેલો નથી, પરંતુ સત્ અર્થાત્ અલૌકિક પંચભૂતોનો

છે. લૌકિક પંચભૂત કાર્યરૂપ હોય છે. જ્યારે અલૌકિક પંચભૂત કારણરૂપ હોય. તો શ્રીઆચાર્યજીનું આ સત્‌રૂપ, કારણરૂપ-અલૌકિક અને નિત્ય છે. આવું સન્મનુષ્યાકૃતિ રૂપ, શ્રીઆચાર્યજીનું સ્વરૂપ છે.

આ ત્રણેય નામો વૈશ્વાનર, વલ્લભાખ્ય : અને સદ્રુપની પરસ્પર સંગતિ છે. આ નામો આપનું સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટ કરે છે. વૈશ્વાનરથી ચિત્-સ્વરૂપ; વલ્લભાખ્યઃ થી આનંદ સ્વરૂપ અને સદ્રુપ તો સત્ સ્વરૂપ છે જ.

***

લોકમાં પ્રિય તો સુખ છે અને સ્ત્રી-પુત્ર વિગેરે જે પ્રિય હોય છે. તે કયારેક કયારેક સુખ ઉપજાવે છે તેથી જ પ્રિય હોયછે. પરંતુ સુખરૂપ તો નથી. તેથી કયારેક અપ્રિય પણ બને છે. અને શ્રીમહાપ્રભુજી તો શ્રીઠાકોરજીના મુખારવિન્દરૂપ સચ્ચિદાનંદ સુખરૂપ છે. તેથી જ શ્રીમહાપ્રભુજી આપ હંમેશા પ્રિય છે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે, સેવકોને પોતપોતાના ભાવ વડે જુદા-જુદા મનોરથ થતા હશે, ત્યારે જે સેવકનો મનોરથપૂર્ણ થયો નહીં હોય તે સેવકને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં પ્રીતિ ઘટતી હશે? આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## ૨૪ હિતકૃત્ સતાં

**(રાગ : ઈમન)**

**હિતકૃત્સતાં વિનતી સુનહુ હમારી ||**
**કાલવ્યાલકી સત્વર ગતિ દેખિ ભય ઉપજત હૈ ભારી || ૧ ||**
**બિન સાધન ઉદ્ધરે અનેક જન મન વચન કર્મ નિરધારી ||**
**તજિ નિજ ધામ અવનિતલ પ્રગટે અપની પ્રતિજ્ઞા પારી || ૨ ||**
**તિહારૌ નામ ઉચ્ચાર કિયેતૈ કટત કોટિ જંજારી ||**
**'ગોવિન્દ' જન માંગત હૈ અંઘ્રિરજ નહિં ચાહત સંસારી || ૩ ||**

***

મથુરામાં સુલતાનના યવન અધિકારીઓના વિશ્રાન્ત ઘાટ ઉપર

બાંધેલા યંત્રથી સત્‌પુરૂષોને યમુનાસ્નાન બંધ થયું. તે યંત્રને નિષ્ક્રિય બનાવી સત્‌પુરૂષોનું હિત કર્યું.

જગન્નાથજી પાસે પિપરીગામના માધવદાસની પીરમાં આસક્તિ હતી. માધવદાસ સત્પુરૂષ હોવાથી તેનું હિત કરવા આપશ્રી માધવદાસને ઘેર પધાર્યા. ભૂતના રૂપમાં આવી બધું ખાઇ જનાર પીરને ભષ્મ કરી માધવદાસને શરણે લીધા.

**''શ્રીયો હિ પરમ કાષ્ટા સેવકાસ્તાદશા યદિ''** આપશ્રી સદ્રુપ હોવાથી આપના સેવકોને પણ અલૌકિક સામર્થ્યનું દાન આપી તાદશ કરે છે. પ્રભુદાસ જલોટાએ આહિરણીને મુક્તિ આપી. ગદાધરદાસે માધવદાસને ભક્તિ આપી. બુલામિશ્રે લાહોરના શ્રીમંતક્ષત્રિયની રૂતુધર્મ વટાવી ગયેલ સ્રીને પુત્રદાન કર્યું. માધવભટ્ટ કાશ્મીરીએ તે ગામના ધનિકના મૃતપુત્રને સજીવન કર્યો. આદિ ચરિત્રોથી પ્રત્યક્ષ થાય છે. આ રીતે પોતાના સેવકો દ્વારા પણ અન્યનું હિત કરે છે. આપશ્રી સત્ પુરૂષોનું આ પ્રમાણે અનેક રીતે હિત કરવાવાળા છે.

***

શ્રીઆચાર્યજી બધા જ ભક્તોનું હિત કરવાવાળા છે.

આપના જેટલા સેવક છે તેઓ જે-જે ભાવથી જેવા-જેવા મનોરથથી સેવા કરે છે. તેઓના સઘળાં મનોરથસિદ્ધ કરી એમની સેવાનો અંગીકાર કરે છે. અને એમના મનોરથપૂર્ણ કરવામાં કયારેય વિલમ્બ સહન નથી કરી શકતા. તેથી બધાને પ્રિતી જ થાય છે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે શ્રીમહાપ્રભુજીએ આપનું સ્વરૂપ, પુષ્ટિમાર્ગનું ફલ વગેરે બધું જ કહી બતાવ્યું પરંતુ શ્રીઠાકોરજીની સેવાનું સ્વરૂપ ન બતાવ્યું તે કેમ? તો તે તો વાણી દ્વારા બતાવી ન શકાય. તેથી જ આપ શ્રીઠાકોરજીની સેવા દ્વારા સેવકોને શીખવાડે છે તે નામ કહે છે :

## [૨૫]જન-શિક્ષા-કૃતે કૃષ્ણ-ભક્તિ-કૃત્

**(રાગ : ભૈરવ)**

**જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃદ્ ગુન ગાઇયે ।।**

**સાધનતૈં અતિ દુર્લભ સો સહજ હી પાઈચે ।। ૧ ।।**

**યા સમાન ઔર કછુ અબલૌં હમ સુન્યો નાહિ**
**શ્રીવલ્લભ બિના કોઉ અભય દાન દીનોં ।।**
**તાતૈં સબ સાધન તજિ સરનાગત હોઈ રહોં**
**હરિવદનાનલ શ્રીવલ્લભ સબૈ ગુન પ્રબીનો ।। ૨ ।।**

**રાસરસિક લીલામૃત ઉદધિ નિસિવાસર**
**રહઃપ્રિય શ્રીવલ્લભવર રહત હૈ રસભીનોં ।।**
**કહત 'ગોવિન્દ' ઔર સબ સાધન તજિ ચરન ભજૌ**
**સો તો સજ્ઞાન જાને એહી લૂટિ લીનોં ।। ૩ ।।**

આપ સેવા કરી શિખવે શ્રી હરિ ભક્તિ પક્ષ વૈભવ સુદ્રઢ કીધો (શ્રી વલ્લભાખ્યાન)

સ્વકીયજનોને ભક્તિના સાધનો બતાવવા માટે શ્રીઆચાર્યજી સ્વયં ભક્તિનું આધિદૈવિક સ્વરૂપ હોવા છતાં સાધનોનું આચરણ કરે છે, કારણ કે ભક્તિ વિના જીવોનું સ્થાયી હિત બની ન શકે, અને તેથી જે રીતે ભક્તિ દૃઢ થાય તેવી શિક્ષા આપે છે. પુષ્ટિમાર્ગીય ભક્તોને વ્રજસીમન્તિનીઓની સ્નેહમયી ભક્તિ સરળતાથી પ્રાપ્ત બને એટલા માટે ભક્તિમાર્ગીય સેવાક્રમના સાધનો આપ કરો છો, અને તે દ્વારા નિજજનોને શીખવાડે છે.

દામોદરદાસ સંભલવાળાને કનોજમાં તેમને ઘેર રહી આપશ્રીએ શ્રીદ્વારકાધીશની સેવા સ્વયં કરી સેવાની રીત શીખવાડી.

***

જો કે પુરાણ - આગમમાં સેવા પ્રકાર કહેલો છે પરંતુ ત્યાં તો પૂજામાર્ગની રીતિથી શ્રીપૂર્ણપુરૂષોત્તમના અંશ  વિભૂતિની સેવાનો પ્રકાર કહેલો છે. તે કયા પ્રકારે?જે ત્યાં જે દેવતા છે તે તો મંત્રને આધિન છે. અને પૂર્ણ પુરૂષોત્તમ તો મંત્રને આધિન નથી, માત્ર ભક્તિને આધિન છે. તેથી જ તે શાસ્ત્રોમાં શ્રીપૂર્ણપુરૂષોત્તમની સેવાનો પ્રકાર નથી કહેલો. તેથી જો શ્રીમહાપ્રભુજી આપ સેવા કરીને પુષ્ટિભક્તિમાર્ગીય સેવાનો પ્રકાર ન સીખવાડે તો સેવકોને પુષ્ટિમાર્ગની સેવાનું જ્ઞાન થાત નહીં. ત્યારે સેવકો

પૂજામાર્ગની રીતિથી સેવા કરત, ત્યારે 'પુષ્ટિમાર્ગીય' ન કહેવાત, પૂજામાર્ગીય થઈ જાત. તેથી જ આપે સેવા કરીને બતાવી, અને પૂજામાર્ગથી ત્યારે અલગ રીતિ બતાવી. તેનો પ્રકાર સેવકોને બતાવ્યો ત્યારે પુષ્ટિમાર્ગીય થયા છે. તો આ બતાવવા માટે આ નામ કહ્યું.

આપે સેવાદ્વારા બધાને સીખવ્યું તો એમાં આપનું શું પ્રયોજન હતું?તે શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## [૨૬] નિખિલેષ્ટદ : નિખિલ + ઈષ્ટ = નિખિલેષ્ટ

**(રાગ : બિભાસ)**

**'નિખિલેષ્ટદ' નામહિ સુનત સુખ ઉપજત**
**મન સુભગ મૂરતિ નિરખિ મેરે નૈન સિરાઊં ||**
**શ્રીવલ્લભ મહાઉદાર શરનાગત રક્ષપાલ**
**મહિમા અપાર જાનિ સદા સીસ નાઊં || ૧ ||**

**દુર્લભ દરસ દિયો મોહિ વિનતી કહા કરૌં તોહિ**
**પર્યો રહૌં તિહારી પૌરિ નિસિ-દિન ગુન ગાઊં ||**
**ઔર સબૈ છાંડિ દેહું સર્વ જિય જાનિ મેરે જિયમેં લાઊં || ૨ ||**

**તિહારે ગુન સુનૌં સુનાઊં અસત્સંગ વિરમાઊં**
**અસદાલાપ અન્યાશ્રય ઔર સબૈ બિસરાઊં ||**
**તિહારી બાત સબૈ સુહાત ઔર વિષ સી**
**લાગત ઔર કહા કહૂં બેર-બેર લજાઊં || ૩ ||**

**રંક દીન જાનિ પ્રભુ કલિયુગમેં કૃપા કીનિ**
**અબ ઇતનોં ચાહત 'ગોવિન્દ' તિહારો દાસ કહાઊં ||**
**તીન ભુવનમેં તુમ સમાન દૂજૌ કોઉ આવત નાહીં**
**નિજજન-હિત જાનિ દેહુ ચરન-રેનુ પાઊં || ૪ ||**

***

પ્રત્યેક સેવકને શરણે લીધા બાદ લૌકિક-અલૌકિક ભગવદ્ સંબંધી નાનામાં નાની પ્રાપ્તિથી આરંભી સદેહે નિત્યલીલા પ્રાપ્તિ પર્યંતનું નિખિલ ઇષ્ટ શ્રીઆચાર્યજી દાન કરે છે.

શ્રીઆચાર્યજીએ દામોદરદાસ સંભલવાળાની દાસીને શ્રીયમુનાજીમાં પધરાવી સદેહે નિત્ય લીલામાં પ્રવેશ કરાવ્યો.

***

શ્રીઆચાર્યજી સકલ ઇષ્ટ - વાંછિતના દેવાવાળા છે.

જો આપ આટલો શ્રમ કરીને સેવાપ્રકાર ન સિખવાડત તો કોઇ જાણત નહીં. અને આ માર્ગમાં શ્રીઠાકોરજીનો સમ્બન્ધ જ ફલરૂપ છે તે સિદ્ધ ન થાત, ત્યારે 'નિખિલેષ્ટદઃ' ન કહેવાત. તેથી આટલા માટે આપે આટલો શ્રમ કર્યો છે. આ નામ બતાવવા માટે 'નિખિલેષ્ટદઃ' આ નામ કહ્યું છે ||૧૨||

***

**[૨૭] સર્વલક્ષણ-સમ્પન્નઃ [૨૮]શ્રીકૃષ્ણજ્ઞાનદો [૨૯]ગુરૂઃ ||**
**[૩૦]સ્વાનન્દતુન્દિલઃ [૩૧]પદ્મદલાયત વિલોચનઃ ||૧૩||**

ભક્તિમાર્ગ તો સેવાનો માર્ગ છે. તેમાં અનેક ભાવોથી સેવા છે. તો જ્યાં સુધી બધા ભાવો સાથે ભક્તિનું દાન ન કરે ત્યાં સુધી 'નિખિલેષ્ટદઃ' ન કહેવાય તે કહે છે :

## [૨૭]સર્વલક્ષણસમ્પન્નઃ

**(રાગ : બિભાસ)**

**સર્વલક્ષણસમ્પન્ન સુમિરેતેં પરમ સુખ હોત ||**
**બિન સાધન કિએ ઉદ્ધારત હૈં કુલ એકોત્તર ગોત || ૧ ||**

**ઐસી નિધિ બહુરચો નહિં પાવત શ્રીવલ્લભ-ચરન-સરોજ ||**
**શિવ વિરંચિ સચિપતિ સુર નર મુનિ હારે કરિ-કરિ ખોજ || ૨ ||**

**દૈવીજન-હિતકારન પ્રગટે દ્વિજવર અવતાર ।।**
**કહત 'ગોવિન્દ' શ્રીવલ્લભ સુમિરે બિન હોત નાહિં નિસ્તાર ।। ૩ ।।**

***

સમસ્ત ઈષ્ટ આપવાનું સામર્થ્ય હરિ-ગુરૂ અને ભક્ત એ ત્રણેયમાં હોય છે. સર્વોત્તમસ્તોત્રમાં આપશ્રીના ૧૦૮ નામોમાં કેટલાંક નામ આપનાં હરિરૂપ લક્ષણ, કેટલાંક નામો ગુરૂરૂપ લક્ષણ અને કેટલાંક નામો ભક્તરૂપ લક્ષણનું નિરૂપણ કરે છે. 'વિમુક્તિદઃ', ''યજ્ઞભોક્તા'' આદિનામો આપનું હરિરૂપ, ''દૈવોદ્ધાર પ્રયત્નાત્મા'', ''શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણ'' અને ''શ્રીકૃષ્ણ જ્ઞાનદોઃ'' ''ગુરૂઃ'' આદિનામો આપનું ગુરૂરૂપ તથા ''જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃત્'' આદિનામો આપશ્રીના ભક્તરૂપ લક્ષણના નામો છે.

''નિબંધ''માં ગુરૂના ૪ મુખ્ય લક્ષણોનું વર્ણન છે. (૧) કૃષ્ણની સેવામાં પરાયણતા (૨) દંભ વગેરેનો ત્યાગ (૩) શ્રી ભાગવતના મર્મનું જ્ઞાન (૪) પુરૂષ રૂપ નરપણું. (સર્વ નિર્ણય ૨૨૭)

શ્રીઆચાર્યજીએ આધિદૈવિક, આધ્યાત્મિક, અને આધિભૌતિક ત્રણેય રૂપમાં સેવા પ્રગટ કરી છે. શ્રીસ્વામિનીજીના માન મનાવવાની આધિદૈવિક સેવા રાધા કુંડના ચરિત્રોથી, આધ્યાત્મિક સેવા ગ્રન્થોના નિર્માણથી અને ગિરિરાજજી ઉપર શ્રીનાથજીના સેવા પ્રકારથી તેમજ આપશ્રીના અડેલ નિવાસમાં શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમુકુન્દરાયજી, શ્રીમદનમોહનજી,, શ્રીદ્વારકાનાથજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજીની પોતે જાતે જ સેવા કરી આધિભૌતિક સેવા પ્રગટ કરી છે.

**અર્થ તસ્ય વિવેચિતું ન હિ વિભુર્વૈશ્વાનરાદ્વાક્પતે ।**
**રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતિઃ ।।**
**દત્ત્વાડડજ્ઞાં ચ કૃપાવલોકનપટુર્યસ્માદત્તોડહં મુદા ।**
**ગૂઢાર્થ પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ।।**

*(શ્રીસુબોધિનીજી પ્રથમ સ્કંધ કારિકા)*

આપનું વૈશ્વાનર રૂપ અને દાસરૂપ હોવાનું આપના જ સ્પષ્ટ કથનથી

જણાય છે. જે વડે આપનું દંભરહિતપણું સ્પષ્ટ જ છે. શ્રીસુબોધિનીજી-નિબંધ-પુરૂષોત્તમસહસ્ત્રનામ-ત્રિવિધનામાવલી આદિ ગ્રન્થોની રચના આપશ્રીના ભાગવત તત્ત્વજ્ઞતાનું બોધક છે. નર રૂપ એટલે પુરુષરૂપ, અર્થાત્ પોતે ભક્તિપુરૂષાર્થ સાધે એટલું જ નહિં, પરંતુ તેની સાથે નિજ શરણાગત જીવોને પણ ભક્તિપુરૂષાર્થ સિદ્ધ કરાવે તેવું આપશ્રીનું સ્વરૂપ પ્રગટ છે.

***

શ્રીઆચાર્યજી સર્વ દાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છે.

તે ભાવોનું દાન તો જ્યારે શ્રીઠાકોરજીના જેટલા લક્ષણ છે તે બધાં લક્ષણ હોય ત્યારે થઇ શકે. શ્રી મહાપ્રભુજીમાં તે બધા શ્રીઠાકોરજીના લક્ષણ છે આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે શ્રીમહાપ્રભુજી જે દાન કરે છે તે કહે છેઃ

## ૨૮ શ્રીકૃષ્ણ-જ્ઞાનદઃ

**રાગ : ભૈરવ**

**શ્રીકૃષ્ણજ્ઞાનદ સો મેરે મન ભાએ ||**
**કરિ કરૂના કલિજુગમેં નિજ ધામ તજિ**
**કૃપાનિધિ દૈવીજન ઉદ્ધરનકોં અવનીતલ આએ || ૧ ||**

**અન્યભજન અસદાલાપ અસત્સંગ અસમર્પિત**
**કામ ક્રોધ લોભ મોહ મત્સર મિટાએ ||**
**અપને જીવ જાનિ દયા કરિ શરનાગતવત્સલ**
**સિદ્ધાન્ત-વચનામૃત સુબોધિની સુનાએ || ૨ ||**

**નિજ સ્વરૂપ ગુપ્તરૂપ જાનત હૈ કોઊ નહિં**
**કરૂના કરિ શ્રીવલ્લભ આપ સબ બતાએ ||**
**શ્રીવિઠ્ઠલવર સરોજ રજ ધન 'ગોવિન્દ' પૈ**
**અદ્‌ભુત અતિ મહિમા સુજસ સબ ગવાએ || ૩ ||**

***

શ્રીઆચાર્યજી શ્રી સહિત કૃષ્ણનું જ્ઞાન આપે છે. **''રસોવૈસઃ''** શ્રુતિ

અનુસાર લીલા રસયુક્ત શ્રી સહિત રસાત્મા યુગલ સ્વરૂપ કૃષ્ણનું જ્ઞાન આપશ્રી નિજજનોને આપે છે. ઉપરાંત તેઓને સ્વરૂપ-લીલા-ભાવવાળી ભક્તિનો બોધ પણ કરાવે છે.

સંવત ૧૫૬૭માં અડેલથી આપશ્રી વ્રજમાં પધારતાં માર્ગમાં રૂનકતા ગામ પાસે યમુના કિનારે ગૌઘાટ પર સુરદાસજી આપના શરણે આવ્યા. સેવક થયા બાદ શ્રીઆચાર્યજીએ સુબોધિની દશમસ્કન્ધની કારિકા **''નમામિ હૃદયે શેષે....''** સંભળાવી જેથી સુરદાસજીને રસાત્મક લીલા વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન થયું અને તેમણે ગાયું. **''ચકઈ રી, ચલ ચરન સરોવર જહાં નહિં પ્રેમ વિયોગ''** એ પદની છેલ્લી તૂકમાં **''જહાં શ્રી સહસ્ત્ર સહિત નિત ક્રીડત શોભિત સુરજદાસ | અબ ન સુહાત વિષય-રસ છિલ્લર વા સમુદ્ર કી આસ ||''**

આ પ્રમાણે ગાઈને આવા રસાત્મક સ્વરૂપનું જ્ઞાન થયાની પ્રતીતિ કરાવી, આ રીતે પરમાનંદદાસ આદિ અન્ય સેવકોને પણ આપશ્રીએ શ્રીકૃષ્ણનું લીલાવિશિષ્ટ જ્ઞાન આપી ભગવદ્ સાક્ષાત્કાર કરાવ્યો હતો.

***

રસરૂપ વ્રજભક્તો સહિત પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપુર્ણપુરૂષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા છે.

ત્યાં આ શંકા થાય કે શ્રીઠાકોરજીના જ્ઞાનના પ્રકાર તો શ્રીગીતા ભાગવત વિગેરેમાં કહેલા છે, તેના દ્વારા જ્ઞાન મળે છે, તેથી શ્રીમહાપ્રભુજી આપ કેવું જ્ઞાન આપે છે? ત્યાં કહે છે કે ગીતા-ભાગવતમાં જે જ્ઞાન પ્રગટ કહ્યુ છે તેમાં કયાંક ''શ્રીઠાકોરજી જગતમાં વ્યાપી રહેલા છે, જ્ઞાનરૂપ છે'' આવી રીતે કહ્યું છે, પણ 'રસરૂપ' પ્રગટ નથી કહેલું. તેથી જ શ્રી મહાપ્રભુજીના સેવક છે તેમનાં મનમાં તે વાતો આવતી નથી.

ત્યાં આ શંકા થાય કે શ્રીશુકદેવજી, શ્રીકપિલદેવજી, શ્રીનારદજી વગેરે જ્ઞાન આપવાવાળા છે તો શ્રીમહાપ્રભુજીમાં શું વિશેષ છે? ત્યાં કહે છે કે, તે તો મર્યાદામાર્ગીય છે ; અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તો પુષ્ટિમારગીય છે. તો એમનું આપેલું જ્ઞાન તે પુષ્ટિમારગીય છે. આ બતાવવા માટે આ નામ કહે છે.

ત્યાં આ સંદેહ થાય છે કે, શ્રીમહાપ્રભુજી જ્ઞાન આપે છે ત્યાં કારણ શું? તો કહે છે :

## [૨૯]ગુરૂઃ

(રાગ : બિભાસ)

**ગુરૂ તૌ શ્રીવલ્લભ મહારાજ ||**
**ઔર ગુરૂ કહાવૈં મિથ્યા હરિવિમુખ કરનકે કાજ || ૧ ||**

**ચૌદહ વિદ્યા-નિધિ શ્રીવલ્લભ વિદુષવૃન્દ-સિરતાજ ||**
**મારગ પુષ્ટિ કિયૌ પ્રગટ ભૂતલ રહ્યૌ ભુવન સબ ગાજ || ૨ ||**

**શ્રીવલ્લભ ભાનુ દરસતૈં કમલસે ફૂલે ભક્ત સમાજ ||**
**આસા પરિપૂરન ભયી 'ગોવિન્દ' ગએ સકલ દુખ ભાજ || ૩ ||**

શ્રીઆચાર્યજીએ જગતમાં બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. અને શ્રીકૃષ્ણની ભક્તિનો માર્ગ પ્રગટ કર્યો. શ્રીકૃષ્ણના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન જગતને આપ્યું. અને તેથી આપ ગુરૂ સ્વરૂપ છે.

***

શ્રીઆચાર્યજી પુષ્ટિભક્તિમાર્ગના ગુરૂ છે.

માર્ગના જે ઉપદેશ કરવાવાળા હોય, માર્ગનું જે ફલ દેવાવાળા હોય તે માર્ગના 'ગુરૂ' કહેવાય. જેમ કપિલદેવજી સાંખ્ય માર્ગના ગુરૂ છે. તે જ પ્રકારથી શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરવાવાળા છે અને ફલ દેવાવાળા છે તેથી જ આ પુષ્ટિમાર્ગના ગુરૂ શ્રીમહાપ્રભુજી આપ છે આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે શ્રીકપિલદેવજીએ પોતાના માતૃચરણને યોગમાર્ગનો ઉપદેશ કરતી વખતે મર્યાદા ભકિતમાર્ગનો જ ઉપદેશ કર્યો પરંતુ શ્રીઆચાર્યજીએ તો એક પુષ્ટિભક્તિમાર્ગ સિવાય બીજા ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું નથી ! તે કહે છે :

***

## [૩૦]સ્વાનન્દતુન્દિલઃ **સ્વ+આનંદ** = સ્વાનન્દ

(રાગ : ગૌડી)

**સ્વાનન્દતુન્દિલ સ્વાનન્દ નિજ જન હી દેત ||**
**બિન સાધન કલિકાલ ઘોરમેં નિજ સુત ગૃહિની સમેત || ૧ ||**

**વ્રજપતિ વહિન આનન્દમયાદિ દુર્ગમ સકેત ||**
**માયાવાદ નિવારિ અવનીતલ બાંધિ ભક્તિ દૃઢ સેત || ૨ ||**

**માનુષ દેહધારી સમુઝે બિન જીવત જૈસે પ્રેત ||**
**શ્રીવિઠ્ઠલપદરજ 'ગોવિન્દ' જન નિરખિ બલૈયાં લેત || ૩ ||**

***

શ્રીઆચાર્યજી નિર્ગુણભક્તિમાર્ગના ગુરૂ હોવાથી નિરપેક્ષ છે. આ સમજાવવા માટે આપશ્રી આપના આનંદમાં જ પરિપુષ્ટ છે.

નારાયણદાસ ઠઠ્ઠાવાળાના પિતા બહિર્મુખ હોવાથી તેની મોકલેલી એક હજાર રૂપિયાની ભેટ આપે પાછી મોકલાવી.

આવી રીતે કૃષ્ણદેવ રાજાની વિદ્યાનગરની સભામાં કનકાભિષેક સંબંધી સુવર્ણ આદિ આવેલા તમામ દ્રવ્યમાંથી પોતે કંઈપણ ન લેતાં હાજર રહેલાં બ્રાહ્મણો ગરીબો, યાચકો વિગેરેમાં સર્વ દ્રવ્ય વહેંચી આપ્યું હતું. આ આપની પૂર્ણ નિરપેક્ષતા અને પોતાના જ આનંદમાં પરિપુષ્ટ છે. તે જણાવે છે.

***

શ્રીમહાપ્રભુજી અગણિત આનંદથી પુષ્ટ છે.

શ્રીમહાપ્રભુજી આપ કેવા છે? જે શ્રીપુર્ણપુરૂષોત્તમ જે અગણિતાનંદ તેનાથી પુષ્ટ છે. તેથી અન્ય મારગનું ફલ અને વાત બધું આપને તુચ્છ લાગે છે. અને આપનામાં જે આનંદ છે તે બધી વસ્તુઓને ભુલાવવા વાળો છે, તેથી જ બીજી વસ્તુનું સ્મરણ આપને થતું નથી. તેથી જ પુષ્ટિમાર્ગ સિવાય બીજા ભક્તિમાર્ગનું નિરૂપણ આપે નથી કર્યું. આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે તેથી પણ આગળ કહે છે કે શ્રીમહાપ્રભુજી આપ આનંદથી પુષ્ટ છે એ કેમ જાણી શકાય? ત્યાં કહે છે.

***

## [31]પદ્મ-દલાયત-વિલોચનઃ

**પદ્મદલ + આયત** = પદ્મદલાયત.

**(રાગ : બિહાગ)**

**સેવક-સુખદાયી પદ્મદલાયતવિલોચન ||**
**નિજજન-ઉદ્ધરન હેત અવનીતલ દરસ દિયો**
**શ્રીભાગવત કરિ પ્રકાશ સંતન દુઃખમોચન || ૧ ||**

**માયાવાદ તિમિર ટારિ પુષ્ટિભક્તિ કિયો પ્રચાર**
**હરિસેવા દઈ દિખાય અભયદાન દીનોં ||**
**દિવિ ભુવિ પાતાલમેં કોઉ સુર નર મુનિ શ્રીવલ્લભ**
**પટતર કોઉ પાવત નાહિં બડૌ સાખી કીનોં || ૨ ||**

**દેશ કાલ દ્રવ્ય કર્તા કર્મ મન્ત્ર નષ્ટ ભયે**
**તાતેં કછુ હોત નાહીં કૃષ્ણાશ્રય કીજૈ ||**
**શ્રીવિઠ્ઠલ પદરજ 'ગોવિન્દ'જન એહી કહત**
**મન વચન કર્મ કરિ સદા વચનામૃત પીજૈ || ૩ ||**

***

શ્રીઆચાર્યજીના હૃદયમાં જે આનંદ બિરાજે છે તેનો અનુભવ આપના વિશાળ કમલ સદ્રશ નેત્રો દ્વારા થાય છે. કહેવત છે કે :-

**''મન-મહિપ કે આચરન દગ-દિવાન કહિ દેત''**

હૃદયમાં જો ક્રોધ હોય તો નેત્ર લાલ અને ભયાનક બની જાય છે. હૃદયમાં શાંતિ હોય તો નેત્ર શાન્ત અને આકર્ષક દેખાય છે. તેવી રીતે અહિં શ્રીઆચાર્યજીના નેત્ર વિશાલ અને કમલ સદ્રશ કહેવાથી કમલ જેવી શીતલતા, પ્રફુલ્લતા અને અનુરાગમયતાના ભક્તોને દર્શન થવાથી ભક્તો શ્રીઆચાર્યજીના હૃદય સ્થિત આનંદનો અનુભવ કરે છે.

શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીઆચાર્યજી શ્રીનાથજીને મળવા શ્રીગિરિરાજ ઉપર પધાર્યા. આ પ્રથમ મિલને નેત્રોમાં જે પ્રફુલ્લતા અને અનુરાગ પ્રગટ

થયો છે. તે અનિવર્ચનીય છે.

***

કમલની પાંખડીના જેવા મોટા છે નેત્ર જેમના એવા શ્રીમહાપ્રભુજી છે.

નેત્રોને કમળની ઉપમા આપી તેથી એમ જાણવું કે જેમ કમળને જોવા વાળાને કમળ સુખરૂપ બને, સીતલ બને, લાલરેખાઓવાળું બને અને સુગન્ધયુક્ત બને. તેજ પ્રકારે શ્રીમહાપ્રભુજીના નેત્રોના જે ભક્ત દર્શન કરે છે તેને પરમ સુખ આપવાવાળા છે, તે સીતલ અને લાલરેખાઓ વાળા છે અને આપના હૃદયમાં જે આનંદ છે તે નેત્રકમલમાં જણાઇ આવે છે. એ જણાવવા માટે આ નામ કહ્યું. ।।૧૩।।

***

**[૩૨]કૃપા-દગ-વૃષ્ટિ-સંહૃષ્ટ-દાસદાસીપ્રિયઃ [૩૩]પતિઃ ।।**
**[૩૪]રોષદ્રક્પાતસમ્પ્લુષ્ટ-ભક્તદ્વિટ્ [૩૫]ભક્તસેવિતઃ ।।૧૪।।**

હવે કહે છે કે શ્રીમહાપ્રભુજીના કટાક્ષોનું ભક્તોમાં કયું કાર્ય છે? ત્યારે કહે છે :

## [૩૨]કૃપા-દગ-વૃષ્ટિ-સંહૃષ્ટ-દાસ-દાસી-પ્રિયઃ

**(રાગ : આસાવરી)**

**કૃપાદ્દગ્-વૃષ્ટિ-સંહૃષ્ટ-દાસદાસી-પ્રિય સુનૌ બાત ।।**
**તિહારે દરસકે કારન મેં તજે માત અરૂ તાત ।। ૧ ।।**

**ઔર ન કછુ સુહાત હૈ મોહે અષ્ટપ્રહર નિસિ પ્રાત ।।**
**યે હી ધ્યાન હિરદે ધરૌં મોપૈ રહ્યો નાહિન જાત ।। ૨ ।।**

**રંક મોહિ જિય જાનિકૈ પ્રભુ દેહુ દરસકૌ દાન ।।**
**કીજૈ 'ગોવિન્દ'કોં કૃપા કરિ કરૈ તિહારે ગુનગાન ।। ૩ ।।**

***

શ્રીઆચાર્યજી પોતાના વિશાળ કમળનેત્રોથી દાસદાસીઓ પર કૃપાની દષ્ટિ કરી તેઓને આનંદ પ્રદાન કરે છે. આવા ઉત્તમ પ્રસન્નતા પામેલા દાસદાસીઓના આપ પ્રિય છે.

**દાસ :** એક સમય શ્રીગિરિરાજજી સમીપે શ્રીઆચાર્યજી દામોદરદાસની ગોદમાં મસ્તક મુકી પોઢ્યા હતા. તે વખતે શ્રીનાથજી ત્યાં પધાર્યા. શ્રીનાથજીના નુપુરના અવાજથી શ્રીઆચાર્યજી જાગી ન જાય તે માટે શ્રીનાથજીને દામોદરદાસે દૂરથી જ હાથનો સંકેત કરી રોક્યા. શ્રીઆચાર્યજીના સુખાર્થે શ્રીઠાકોરજીને પણ રોકવામાં, દાસનું શ્રીઆચાર્યજી પરત્વે વિશેષ પ્રિયત્વ છે. તે પ્રગટ થાય છે.

**દાસી :** શ્રીઆચાર્યજીની પ્રસન્નતા માટે રજોબાઇ આપશ્રીને ભોજન કરાવતા હતા. આ પણ આપ પ્રત્યેનું પ્રિયત્વ જણાવે છે.

***

તો કહે છે કે શ્રીમહાપ્રભુજી આપ કેવા છે? કે પોતાના સેવકોની ઉપર કૃપા-કટાક્ષોની વર્ષા કરે છે. તેનાથી જે અતિ આનંદિત દાસ-દાસી છે. તેમને આપ અતિ પ્રિય છે.

## [૩૩]પતિઃ

**(રાગ : રામગિરિ)**

**પતિ તૌ તુમ હી હો મહારાજ ! ||**
**લોકવેદ-મરજાદ તજી હમ શ્રીમુખ-દરસન કાજ || ૧ ||**

**તીન ભુવનમેં તિહારી પટુતા પાવત નાહિંન કોઈ ||**
**તિહારી કૃપાકટાક્ષ-વૃષ્ટિતેં સો વ્રજપતિ પ્રિય હોઈ || ૨ ||**

**ગોદ પસારિ કરત હૌં વિનતી અબકેં મોહિ ઉદ્ધારૌ ||**
**એક બેરિ કરૂના કરિકેં કહૌ 'ગોવિન્દ' રંક હમારૌ || ૩ ||**

***

**પતિ :** શ્રી આચાર્યજી સ્વકીયજનોનાં અલૌકિક પતિ છે. પોતે નિર્ભય હોય અને ભયભીતજનોની સર્વ રીતે રક્ષા કરવામાં સમર્થ હોય તે પતિ કહેવાય છે.

**સ વૈ પતિઃ સ્યાદકુતોભયઃ સ્વયં સમન્તતઃ પાતિ ભયાતુરં જનમ્ ।**

*(શ્રીભાગવત-૫/૧૮/૨૦)*

**''અભયં સર્વભૂતભ્યો દદામ્તેદવ્રતં મમ
મમેકમેવ શરણમાત્માનં સર્વદેહિનાં યાહિ
સર્વાત્મભાવેન યાસ્યસે હ્યકુતોભયમ્''**

આપશ્રી અલૌકિક પતિ હોવાથી નિર્ભય છે. અને આપશ્રીને સર્વાત્મભાવે શરણે આવેલા તમામ જીવોને રક્ષા કરી અભય બનાવી દો છો.

ગુજરાતમાં કપડવંજ પાસે ચોયલા ગામમાં એક કૃષ્ણદાસ બ્રાહ્મણની સ્ત્રી માટી ખોદતી હતી તેવામાં ભેખડ તુટી પડવાથી તે માટીના ઢગલામાં દબાઇને મરી ગઇ. શ્રીઆચાર્યજીએ વેદમંત્રોથી તેને સજીવન કરી તેની પ્રાણ રક્ષા કરી. આ પ્રકારે મૃત્યુભયથી પણ રક્ષા કરાવાવાળા આપ અલૌકિક પતિ-વાસ્તવિક પતિ સ્વરૂપ છો.

***

પતિ તેને કહેવામાં આવે છે કે પોતે નિર્ભય હોય અને પોતાના શરણાગતને પણ નિર્ભય કરી શકે તો આવા પતિ શ્રીઆચાર્યજી છે. આપ પોતે કાલ-કર્મ-સ્વભાવ વગેરેના ભયથી રહિત છે અને પોતાના શરણાગત શિષ્યોને પણ કાલ વગેરેના ભયથી મુક્ત કરવાવાળા છે તેથી આ નામ કહ્યું છે.

હવે કહે છે કે લોકમાં આસુરી જીવ છે તેઓ દૈવીજીવોના શત્રુ છે. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવકોનો દ્વેષ કરે છે. તેથી આ અસુરોથી સેવકોને ભય છે. તે શ્રીમહાપ્રભુજી આપ આવો ભય દૂર કરવાવાળા છે તે કહે છે.

***

## [૩૪] રોષ-દક્પાત-સમ્પ્લુષ્ટ-ભક્ત-દ્વિટ્

**(રાગ : નટનારાયની)**

**રોષદ્દક્પાત-સંપ્લુષ્ટ-ભક્તદ્વિટ્ મેરે મન બસૌ ||
કામ તજ્યૌ ક્રોધ તજ્યૌ લોભ તજ્યૌ મોહ તજ્યૌ
મત્સર તજિ સરન આયો અબ ઈત ઉત મત રાખો || ૧ ||**

**હૌં સબસાધન-હીન તુમ સબકલા-પ્રવીન**

**રંક જાનિ મોહિ કછુક કૃપા કીજૈ ||**
**કલિયુગમેં સુનિયત હૈં ષટ્ સાધન નષ્ટ ભએ**
**તાતેં કછુ હોત નહીં અભયદાન દીજૈ || ૨ ||**

**તુમ તો હો મહાઉદાર શરનાગત રક્ષપાલ**
**કરૂનાકર કલિજુગમેં બડૌ સાખૌ કીનોં ||**
**નિસિવાસર સજ્જન સંગ કરિ સમાજ સુજસગાન**
**કરત 'ગોવિન્દ' પ્રભુ જનમન રહત હૈ રસભીનોં || ૩ ||**

***

ભક્તોના દ્વેષ કરાવાવાળા આસુરી જીવોને શ્રી આચાર્યજી રોષ દ્રષ્ટિ માત્રથી બાળે છે કે જેથી તેઓ ફરી ઉભા જ ન થઇ શકે.

શ્રીઆચાર્યજીએ સિંહનંદના પ્રભુદાસભાટના દ્વૈષી કીરતચૌધરીને આપે વિષ્ણુદૂતો દ્વારા સજા કરી એટલે કીરતચૌધરીએ ભક્તોની નિંદા કરવાનું બંધ કર્યું.

આ રીતે ત્રિપુરદાસના વિરોધી તુરકને વિષ્ણુદુતો દ્વારા શિક્ષા કરી હતી.

***

શ્રીમહાપ્રભુજી આપ કેવા છે કે ભક્તોના જે દ્વેષી છે તેના ઉપર ક્રોધ સાથે કટાક્ષ કરી, તેના વડે ભસ્મ કરે છે. તો તેથી એ બતાવ્યું કે જેઓ ભક્તોનો દ્વેષ કરે છે તેને આપ ભસ્મ કરે છે.

***

## [૩૫]ભક્ત-સેવિતઃ

**(રાગ : મલ્હાર)**

**હૌં કૈસેં કરિ ભક્તસેવિત પદ પાઊં ||**
**સર્વસ્વ સમર્પન કરિકૈં લેહોં તિહારે સરન હૌં જાઊં || ૧ ||**

**ઔર ઉપાય કછુ સૂઝત નાહીં કહા દિન વૃથા ગવાઊં ||**
**તિહારી સેવા-કથા કરૌં-સુનૌં સબ પ્રપંચ બિસરાઊં || ૨ ||**

**કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર તાકે ઢિંગ નહિં જાઊં ||**
**ચિતમેં ચિંતન કરૌં તુમ્હારૌ તિહારે હી ગુન ગાઊં || ૩ ||**
**કાલબ્યાલ ડર ઉપજત ભારી નિર્ભય પદ ઉર લાઊં ||**
**કરત 'ગોવિન્દ' કર જોરિ વિનંતી તવ પ્રસાદ હૌં પાઊં || ૪ ||**

***

મહાવનની એક ક્ષત્રાણીને આપશ્રીની સેવાનો મનોરથ થયો, ક્ષત્રાણીએ પોતાનો મનોરથ આપશ્રીને જણાવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ એક વસ્ત્ર ઉપર પોતાના ચરણારવિન્દ કંકુથી છાપી તેને પધરાવી આપ્યા. ક્ષત્રાણીએ ભગવત્સ્વરૂપ જેવી જ નિષ્ઠાથી આ ચરણારવિન્દની સેવા કરી. આ ક્ષત્રાણી શ્રીઠાકોરજીની સેવાને સાધન સેવા તથા શ્રીઆચાર્યજીની સેવાને ફલ સેવા માનતી હતી. શ્રીઆચાર્યજી તેને ફલાત્મક અનુભવ કરાવતા હતા. આ રીતે આપ ભક્તોથી સેવ્ય છે.

હવે કહે છે કે જ્યારે શ્રીમહાપ્રભુજી ભક્તના અલૌકિક કાર્ય સિદ્ધ કરે છે ત્યારે ભક્તોને જે આનંદ થાય છે તેથી ભક્ત શ્રીઆચાર્યજીની સેવામાં એક ક્ષણનો પણ વિલમ્બ સહન કરી શકતા નથી, નિરંતર સેવા કરે છે. આ બતાવવા માટે નામ કહ્યું છે 'ભક્તસેવિતઃ' ||૧૪||

***

**[૩૬]સુખસેવ્યો [૩૭]દુરારાધ્યો [૩૮]દુર્લભાંઘ્રિસરોરુહઃ ||**
**[૩૯]ઉગ્રપ્રતાપો [૪૦]વાક્સીધુ-પૂરિતાશેષ-સેવકઃ ||૧૫||**

હવે કહે છે કે આપના સેવક તો ઘણા છે અને તેમના ભાવો વડે મનોરથ પણ ઘણા છે. તો જે સેવકનો મનોરથ આપ પૂર્ણ નહીં કરતા હોય તો તે સેવક સારી રીતે આપની સેવા નહીં કરતા હોય! તે કહે છે કેઃ

## [૩૬]સુખસેવ્યઃ

**(રાગ : સારંગ)**

**સુખસેવ્ય સ્રવન સુનત ઉપજ્યો મન આનન્દ ||**
**પ્રગટ ભયૌ ધર્મયૂપ નખશિખ આનન્દ રૂપ**

અવનિ ભૂપ શરન ગએ નિરખિ શ્રીમુખચંદ્ર ॥ ૧ ॥
દ્વિજરાજ ઉદય ભયૌ માયામત તિમિર ગયૌ
ચહુંદિસિ ઉડુગનસે લપટિ રહે વિદુષવૃંદ ॥
પાનિ ઉદર આનન પદ આનન્દમય સકલ અંગ
નિરખત સબ દૈવીજન ફૂલે મુખારવિંદ ॥ ૨ ॥
મંદ અતિ મંદભાગ્ય અતિ ઉપદ્રવ દેખિ કલિમેં
અલ્પાયુષ જીવ સબ ઉપજે મતિમંદ ॥
કરૂના કરિ બિનુ સાધન ઉદ્ધરનકોં
અપને જિય જાનિ શ્રીવલ્લભ પ્રગટે 'ગોવિન્દ' ॥ ૩ ॥

***

ભક્તો બહુ છે, અને દરેક ભક્તોનો ભાવ પૃથક્ પૃથક્ હોય છે. છતાં જે ભક્ત જે ભાવથી શ્રીઆચાર્યજીની સેવા કરવાની ઇચ્છા કરે છે તે સર્વ ભાવો ભક્તોના પૂર્ણ થાય છે. એ કારણે આપશ્રી સુખ સેવ્ય છો.

શ્રીઆચાર્યજીના સેવક મોરબીના બાદરાયણદાસ અને તેમની સ્ત્રી દ્વારકામાં તેર માસ સુધી આપની સેવા માટે રહ્યા. ત્યાં તે બન્નેએ પોતાની ઇચ્છાનુસાર જલ ભરવાની, રસોઇની પરચારગી, શ્રીઆચાર્યજીનાં ધોતી ઊપરણા ધોવા વિગેરેની સઘળી સેવા કરી. આ રીતે શ્રીઆચાર્યજીએ તેમના ભાવો પૂર્ણ કર્યા.

***

જોકે શ્રીમહાપ્રભુજીના સેવક ઘણા છે પરંતુ ભક્ત જે ભાવ વડે જે રીતિથી સેવા કરવાની ઇચ્છા કરે છે તે પ્રકારથી આપ તેના સર્વમનોરથપૂર્ણ કરી તેનો અંગીકાર કરે છે. તો એવા આપ પરમ દયાલ છે. એટલા માટે જ બધા ભક્તો વડે સુખથી સેવવા યોગ્ય છે. તેથી આ નામ કહ્યું.

હવે કહે છે કે જેમ ભક્તોને સુખથી સેવવા યોગ્ય છે તે જ પ્રકારથી બીજાઓને સેવવા યોગ્ય હશે! ત્યાં હવે આપનું આગળનું નામ કહે છે.

***

## [૩૭]દુરારાધ્ય :

(રાગ : બસન્ત)

**દુરારાધ્ય સ્રવન નામ સુનિકૈ અસુરન ઉપજ્યો ત્રાસ ||**
**સૂર શ્રીવલ્લભ પ્રગટકે કીનોં માયાવાદ વિનાસ || ૧ ||**
**શ્રીવલ્લભ ભાનુ ઉદયો અવનિતલ શ્રુતિપથભયો પ્રકાસ ||**
**બિન સાધન અનેક ઉદ્ધારે દૈવીજન પૂરી આસ || ૨ ||**
**જયજયકાર ભયો ભૂતલમેં જસ પ્રસર્યો આકાસ ||**
**શ્રીવિઠ્ઠલ પદરજ જન પ્રમુદિત ગુન ગાવત 'ગોવિન્દદાસ' || ૩ ||**

***

શ્રીઆચાર્યજી સેવકો દ્વારા તો સુખ સેવ્ય છે પરંતુ જે જીવો શરણે આવ્યા નથી તેવાઓ માટે દુરારાધ્ય છે. આપશ્રીની આરાધના એટલે સેવા સ્મરણ દુષ્કર છે, આપશ્રીના સેવકોને આપશ્રીની સેવા કરવામાં વાસ્તવિક સુખનો અનુભવ થાય છે, જ્યારે અન્યમાર્ગીઓ સ્નેહાત્મક સેવાનું રૂપ જાણતા નહિં હોવાથી માત્ર ક્રિયાત્મક સેવાના કારણે સ્વલ્પ સંતોષ સિવાય બીજું કંઇ પ્રાપ્ત કરી શકતા નથી.

જગન્નાથજીથી પાછાં ફરતા શ્રીઆચાર્યજી પીપરી ગામમાં પધાર્યા. તળાવની પાળે આપ બિરાજ્યા. તે ગામમાં ગંગાપુત્ર સુંદરદાસ રહેતા હતા. તેઓ આ ગામમાં આવતા અન્ય સંતોની ચરણ સેવા કરતા હતાં તેમ શ્રીઆચાર્યજીને પણ સંત પુરૂષ સમજી ચરણની સેવા કરવા આવ્યા ત્યારે કૃષ્ણદાસમેઘને શ્રીઆચાર્યજીના ચરણારવિન્દને અડકવા માટે મના કરી. સુંદરદાસના પુછવાથી કૃષ્ણદાસે ઉત્તર આપ્યો કે શ્રીઆચાર્યજી પોતાના સેવકો પાસે સેવા કરાવે છે. બીજાઓનો આપશ્રી સ્પર્શ પણ કરતા નથી.

આ રીતે અનન્ય સેવકો સિવાય બીજાઓ માટે સર્વથા દુરારાધ્ય છે.

***

ભક્ત-સેવકોની દેખાદેખી શ્રીમહાપ્રભુજીની બડાઇ સાંભળીને જે સેવા કરે છે તેને આપ કયારેક સંતોષ માત્ર ઉપજાવે છે; પરંતુ સારી રીતથી તેનો નિર્વાહ નથી થતો. આ બતાવવા માટે આ નામ કહ્યું છે. 'દુરારાધ્યઃ'

ત્યાં આ શંકા થાય કે તમે ભક્તને 'સુખસેવ્ય' કહો છો જ્યારે

બીજાઓને કષ્ટથી પણ સન્તોષમાત્ર ઉપજે પરંતુ સેવી ન શકાય, તે કેમ? ત્યાં હવે કહે છે :

***

## [૩૮] દુર્લભાંઘ્રિ-સરોરૂહ : દુર્લભ + અન્ઘ્રિ = દુર્લભાન્ઘ્રિ

**(રાગ : બસન્ત)**

**દુર્લભાંઘ્રિસરોરૂહ પદયુગ લાલચ લાગિ રહી ।।**
**ઉર અંતરકી વિરહ-વેદના જાત ન કાહુ કહી ।। ૧ ।।**
**પ્રીતિકી રીતિ અનિત્ય જાનત જે તિનસોં ન જાત ન કહી ।।**
**ખાનપાન સુખ બિસરિ ગયો વિરહાનલ દેહ દહી ।। ૨ ।।**
**અતિ દુર્લભ આયુકી ઘટિકા જાત હૈ સબ બહી ।।**
**યહ જિય જાનિ સમર્પ્યો સર્વસુ તબ 'ગોવિન્દ' નિબહી ।। ૩ ।।**

જ્યાં સુધી આપના સ્વરૂપનું જ્ઞાન ન થાય, આપશ્રીમાં અને ભગવત્સ્વરૂપ શ્રીઠાકોરજીમાં અભેદનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી આપશ્રીના ચરણોની પ્રાપ્તિ અત્યંત દુર્લભ અને દુષ્કર છે.

શ્રીવિષ્ણુસ્વામીના સેવક બિલ્વમંગળને આપશ્રીના સ્વરૂપનું જ્ઞાન થવાથી આપશ્રીને સંપ્રદાયના આચાર્યપદે વિભુષિત કર્યા, પરંતુ જે વિદ્વાનો આપશ્રીથી પરાજિત થાય છે. આપશ્રીનો પ્રતાપબળ નજરે જુએ છે, છતાં આપશ્રીના સ્વરૂપ અજ્ઞાને શરણે આવ્યા નહિ.

***

અભક્તને દુઃખ વડે પ્રાપ્ત કરવા યોગ્ય છે ચરણકમલ જેમના એવા શ્રીમહાપ્રભુજી આપ છે.

હવે કહે છે કે ભક્તોને પણ આપના ચરણારવિન્દની પ્રાપ્તિ આર્તિરૂપ દુઃખ વડે થાય છે ત્યાં અભક્તોને આપના ચરણારવિન્દની પ્રાપ્તિ ક્યાંથી થાય! આ બતાવવા માટે આ નામ કહ્યું કે અભક્તોને કષ્ટવડે મેળવવા યોગ્ય છે ચરણકમલ જેમના એવા શ્રીમહાપ્રભુજી આપ છે. તેથી અભક્તોને પ્રાપ્તિ થતી નથી.

***

## [૩૯]ઉગ્ર-પ્ર-તાપ :

(રાગ : ભૈરવ)

**ઉગ્રપ્રતાપ અવનિતલ પ્રગટ ભએ સ્રવનનિ સુનિ દૈવીજન**
**ઘર-ઘર સબ કરત હૈં બધાઈ ||**
**હરિવદનાનલ શ્રીવલ્લભ કરૂના કરિ કલિજુગમેં**
**દ્વિજવપુ ધરિ બહુર્‌યો દઈ દિખાઈ || ૧ ||**

**અગનિત મહિમા કહાંલૌં ઇક રસના કરૌં બખાન બડભાગી**
**દૈવીસૃષ્ટિ રંક મહાનિધિ પાઈ ||**
**ચૌસઠ કલા પ્રવીન વિદ્યાનિધિ વલ્લભવર પ્રાકૃત વપુ દેખિ**
**મોહે કછુક પાર ન પાઈ || ૨ ||**

**અબલૌં ઐસૌ સ્વરૂપ દેખ્યો નહીં સ્રવન સુન્યો નિજજન ઉદ્ધરન**
**યહ બાનિક બનિ આઈ ||**
**કહત 'ગોવિન્દ' સુમિરૌ સદા નિસિબાસર આઠૌ જામ**
**આદરસોં જીવ હૌં ગુન ગાઈ || ૩ ||**

***

આપનો પ્રતાપ એટલો તેજોમય છે કે જેની સામે કોઇ ઉભુ રહી શકતું નથી. અને તેથી પુષ્ટિજીવ વિના અન્ય કોઇને આપશ્રીના ચરણકમની પ્રાપ્તિ થઇ શકતી નથી. આપના તેજ સામે અન્ય કોઇ પણ તેજ શાન્ત થઇ જાય છે.

પાલમકોટના રાજાએ પોતાના રોગ નિવારણ (મૃત્યુથી બચવા) માટે પુરોહિતને સુવર્ણ કાળપુરૂષની મૂર્તિ દાનમાં આપી, આ કાળ મૂર્તિ લેવા જ્યારે પુરોહિત ગયો ત્યારે આ કાળ પુરૂષે એક આંગળી ઉચી કરી. આ ચમત્કાર જોઇ પુરોહિત ડર્યો અને દાન ન લઇ શક્યો. અને તેથી રાજાએ પુરોહિતને કાઢી મૂક્યો. પહેલી જ વાર જ્યારે શ્રીઆચાર્યજીએ વિદ્યાનગર પધારી ત્યાં વિદ્વત્‌ સભામાં વિજય પ્રાપ્ત કરેલો ત્યારે આ પુરોહિત આપશ્રીને શરણે આવ્યો હતો. તેના સદ્‌ભાગ્યે શ્રીઆચાર્યજી ત્યાં જ તામ્રપર્ણા નદીના

તીરે બીરાજતા હતાં. દુઃખનો માર્યો પુરોહિત શ્રીઆચાર્યજી પાસે આવ્યો અને આ બધા સમાચાર કહ્યા. વિપ્રદારિદ્રદાવાગ્નિ શ્રીઆચાર્યજીએ એક બ્રાહ્મણ વૈષ્ણવને ગાયત્રી ઉપદેશથી પ્રજ્વલિત અગ્નિ જેવો તેજસ્વી બનાવી તેને સાથે લઇ તે કાળપુરૂષનું દાન લેવા પુરોહિતને મોકલ્યો. અને તે દ્વારા કાળપુરૂષનું દાન પુરોહિતના લેવાથી રાજા નિરોગી બન્યો.

આ રીતે પરોક્ષમાં રહીને પણ કાળને શાંત કર્યો આવો આપનો ઉગ્ર પ્રતાપ છે.

***

અભક્તોથી સહન ન થઇ શકે તેવું તેજ છે જેમનું એવા શ્રીમહાપ્રભુજી આપ છે. તો અભક્તોથી નજીક રહી જ ન શકાય તો સમ્બન્ધ ક્યાંથી થાય!

આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે આપના તેજને અસહ્ય કહ્યું તો ભક્તોને પણ અસહ્ય હશે! આ સંદેહ દૂર કરવા માટે આ નામ કહે છે :

***

## [૪૦] વાક્સીધુ-પૂરિતાશેષ-સેવકઃ

**પુરિત + અશેષ** = પૂરિતાશેષ

**(રાગ : જૈતશ્રી)**

**વાક્સીધુપૂરિતાશેષસેવક વિનતી સુનૌ ||**
**કોટિ જનમકે મેરે અવગુન કછુ મતિ ગિનૌ || ૧ ||**

**તુમસે મહા ઉદાર ન કોઉ આગે દેખે ન પાછે સુને**
**અબ યહ વિધિ બની સબૈ દૈવીજન કાજ ||**
**કરિ કરૂના સબ પરિકર સહિત પ્રગટે ભૂતલમેં**
**સુરનર મુનિ દેખિ કહત જય-જય મહારાજ || ૨ ||**

**ઉગ્ર પ્રતાપ દેખિ કહત બહુર્યો પ્રગટ ગોકુલેશ**
**વપુ ધરિકૈં કીનૌં કલિજુગમેં સાખૌ ||**
**કહત 'ગોવિન્દ' સબ સમર્પિ શ્રીવલ્લભકે શરન જાઊં**

સુનિયત હૈં બિનુ સાધન પૂરત મન ઇચ્છા અભિલાખૌ ।। ૩ ।।

***

આપશ્રી દ્વારકામાં શ્રીમદ્ભાગવતની કથા કહેતા હતા. શ્રોતાવર્ગમાં દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ, ગોવિંદ દૂબે, રાણાવ્યાસ, રામદાસ આદિ અનેક ભાવુક વૈષ્ણવ પ્રભૃતિ હતા. આ સમસ્ત ભક્તો આપશ્રીની વચનસુધાનું પાન કરી ભગવદ્ રસાવિષ્ટ થઇ જતા હતા. એક વખત કથા સમયે આકાશમાં વાદળો ઘેરાયા અને વરસાદ પડવો શરૂ થયો. શ્રીઆચાર્યજીએ વિચાર્યું કે જો અત્યારે વરસાદ પડશે અને શ્રોતાવર્ગ ઉઠી ચાલવા માંડશે તો આપના હૃદયમાં ઉમગેલા ભગવદ્રસથી વંચિત બનશે અને તેથી કથા ચાલે ત્યાં સુધી આપે વરસાદને રોક્યો. આ પ્રમાણે આપશ્રીની ઉગ્રતાનો તાપ જ્યાં અન્યોને અવરોધ ઉભા કરે છે. એ જ પ્રતાપ આપશ્રીના ભકતોના પ્રતિબંધો દૂર કરી સહાયક બને છે.

***

શ્રીમહાપ્રભુજી આપના વચનામૃત વડે અંદર-બહારથી પોતાના સેવકોને પૂર્ણ કરે છે એવા આપ પરમ દયાલ છે.

વચનને અમૃત જે કહ્યું તેના વડે જેમ અમૃત બધી ઇન્દ્રિયોને સુખ આપનારૂં બને, બધા તાપ દૂર કરે તે પ્રકારે શ્રીમહાપ્રભુજીના વચન પણ બધાને સુખ ઉપજાવવા વાળા હોવાથી તાપ દૂર કરવાવાળા છે. તેથી જ સેવકોથી શ્રીમહાપ્રભુજીનું તેજ સહન થઇ શકે છે. કેમ કે વચનામૃતથી પૂર્ણ છે. બીજાઓથી સહન નથી થઇ શકતું ।।૧૫।।

***

**[૪૧]શ્રીભાગવત-પીયૂષ- સમુદ્ર-મથન-ક્ષમઃ ।।**
**[૪૨]તત્સારભૂત- રાસ-સ્ત્રી-ભાવ-પૂરિત-વિગ્રહઃ ।।૧૬।।**

હવે આગળ કહે છે, શ્રીમહાપ્રભુજી આપ શ્રીભાગવતના અર્થના નિરૂપણ વડે પોતાના સેવકોના તાપ દૂર કરવાવાળા છે. આ બતાવવા માટે આગળનું નામ કહે છે :

## [૪૧]શ્રીભાગવત-પીયૂષ-સમુદ્ર-મથન-ક્ષમઃ

(રાગ : બિભાસ)

**શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમ**
**શ્રીવલ્લભકે નામપૈ કોટિ નામ વારૂં ||**
**ઔર ઉપાય સબૈ તજૌં શ્રીવલ્લભ પદકમલ ભજૌં**
**સુભગ મૂરતિ મમ હ્રદયમેં આનિ નિમિષ ન બિસારૂં || ૧ ||**

**જાગત સોવત રૈંનદિન રસનાતૈં છાંડૂ નાહિં**
**લગન લાગિ રહી મન વચ કર્મ નિરધારૌ ||**
**પુનિ પ્રકટે શ્રીવલ્લભાધીશ વદનવહ્નિ આનન્દમય**
**શ્રીવલ્લભ દિનમનિ કિયો જગત ઉજારૌ || ૨ ||**

**માયાવાદ તિમિર ગયો શ્રુતિપથ પ્રગટ ભયો**
**માયાવાદી મત્ત ગયંદકૌ ઉપજ્યૌ સિંઘ ભારૌ ||**
**કહત 'ગોવિન્દ' અન્ય સબૈ ઉપાય ઉપાધિ જાનિ તજ્યૌ**
**હાનિ હોત જાતૈં કહ્યૌ સુનૌ હમારૌ || ૩ ||**

શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એ રીતે શ્રી આચાર્યજીએ અમૃતના સમુદ્રરૂપી શ્રીભાગવતના સાત પ્રકારે અર્થો કર્યા છે. સાત પ્રકારે અર્થો કરવા છતાં આપશ્રીએ શ્રીભાગવતની સાતે અર્થોની એક-વાક્યતાનું પ્રતિપાદન કર્યું છે. ગ્રન્થના લેખન કાર્યનો આપશ્રીએ સંવત ૧૫૬૫ ના અરસામાં માધવભટ્ટ કાશ્મીરી દ્વારા શ્રીવૃંદાવનમાં પ્રારંભ કર્યો.

**''ત્યાંથી કેશીઘાટ પાઉ ધારિયા કહિ કથા તત્ત્વ સમાધિ''**

*(શ્રી વલ્લભાખ્યાન)*

'તત્ત્વ' શબ્દથી તત્ત્વદીપનિબંધ અને 'સમાધિ' શબ્દથી સમાધિભાષા, 'શ્રીભાગવત'ના અર્થો નો ઉલ્લેખ થાય છે.

માધવભટ્ટ જ્યાં સુધી આપની પાસે રહ્યા ત્યાં સુધીના જીવનકાળ સુધી શ્રીસુબોધિનીજીનું લેખન કાર્ય ચાલુ રહ્યું. તેમના દેહવિલય બાદ આ કાર્ય બંધ પડવાથી શ્રીસુબોધિનીજી અપૂર્ણ રહયા.

***

શ્રીમહાપ્રભુજી આપ શ્રીભાગવતરૂપી અમૃતસમુદ્રની અંદર જે સાર છે તેને મથવામાં સમર્થ છે.

આપના સેવકોને જે તાપ હતો કે આ માર્ગમાં આવીને પણ શ્રીભાગવતનો અર્થ ન જણાયો. તો તેથી શ્રીસુબોધિનીજી વગેરેના વચનામૃત આપે કર્યા. તેના દ્વારા બધાને શ્રીભાગવતના અર્થ બતાવી તાપ દૂર કર્યો.

***

## [૪૨] તત્સારભૂત- રાસ-સ્ત્રી-ભાવ-પૂરિત-વિગ્રહ :

**(રાગ : જેતશ્રી)**

**તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ પ્રભુ**
**રાસરસિક લીલામૃત રહત સદા ભીનૌં ॥**
**નિજ પ્રમેયબલ કરિકૈ વિન સાધન કલિજુગમેં**
**ઉદ્ધરે અનેક જીવ ભૂમિસોં જસ લીનો ॥ ૧ ॥**

**મારગ પુષ્ટિ શ્રુતિ સ્મૃતિ પુરાન શાસ્ત્ર અતિ અગોચર**
**માયાવાદ ખંડન કરિ સો તૌ પ્રગટ કીનોં ॥**
**હરિ સેવા વિધિ વિવેક કરૂનાકર દૈવી જીવનકૌં સિખાઈ**
**વિબુધ જનનમેં બડૌ સાખૌ કીનો ॥ ૨ ॥**

**શ્રીવલ્લભ સ્વરૂપ મહિમા કોઊ જાનત નહીં**
**સદાનન્દ વદનવહ્નિ સબ કલા પ્રવીનો ॥**
**આનન્દનિધિ અગનિત જસ લીલામૃત સાગરમેં**
**નિસિવાસર ક્રીડત તહાં 'ગોવિન્દ' જન ભીનો ॥ ૩ ॥**

***

ક્ષીરસમુદ્ર સામાન્ય જળરૂપ છે અને તેથી તેના મંથનમાં અમૃત સિવાય પણ અન્ય કોઇ પદાર્થોની ઉત્પતિ થઇ જ્યારે શ્રીભાગવત તો કેવળ અમૃતનો સમુદ્ર હોવાથી, તેના મંથનમાં-આનંદ-રાસસ્ત્રીભાવ સ્વામિનીભાવ સિવાય અન્ય કોઇ પદાર્થોની સ્થિતિ નહિં હોવાના કારણે ફક્ત વિશિષ્ટ અદ્વિતિય

અમૃતના પ્રાકટ્ય સિવાય બીજી કોઇ ઉત્પત્તિની સંભાવનાજ નથી.

શ્રીઆચાર્યજી આવા પ્રકારના ગૂઢસ્વામિનીભાવનું મૂર્તિમંત સ્વરૂપ હોવાથી એક સમય શ્રીનવનીતપ્રિયાજીને સાથે લઇ એક શય્યા ઉપર પોઢયા હતા. તેનો ઉલ્લેખ ''સુખદ સેજ પોઢે શ્રીવલ્લભ સંગલિયે નવનીતપ્રિયા' કિર્તનમાં સ્પષ્ટ છે.

આપનું રાસસ્ત્રીભાવ સૂચક સ્વરૂપ આપશ્રીનાં સુબોધિનીજીમાંથી પણ ઉપલબ્ધ છે.

**''કૃષ્ણાવતારઃ પતિઃ''** (૧-૧-૧)

**દાસીનાં સર્વરક્ષાર્થં નિમિત્તીકૃત્ય તાદૃશમ્ ।**
**પ્રાદુર્ભૂતો મમ સ્વામી નૈશ્ચિન્ત્યં વાચિ પૂર્વવત્** (૧૦-૩-૮)

***

શ્રીભાગવતરૂપી સમુદ્રમાં સારરૂપી વ્રજભક્તોના જે ભાવો તેનાથી પૂરિત છે સ્વરૂપ જેમનું એવા શ્રીમહાપ્રભુજી આપ છે.

દુધથી અમૃત ઉત્તમ છે તેથી જ દુધના સમુદ્રમાં મંથન કરતાં અમૃત નિકળ્યું છે. અહિં તો શ્રીભાગવત છે તે અમૃતસમુદ્રરૂપ છે. તો ભાગવતરૂપી અમૃતસમુદ્રનો સાર વ્રજભક્તોનો ભાવ છે. દુધના સમુદ્રમાંથી પ્રગટેલા અમૃતનો ભોગ કરવાવાળા જેમ દેવતા છે તે જ પ્રકારથી શ્રીભાગવતરૂપી અમૃતસમુદ્રમાંથી પ્રગટેલ વ્રજભક્તોના ભાવનો અનુભવ કરવાવાળા આપ શ્રીમહાપ્રભુજી છે. બીજું કોઇ એવું નથી અને દેવતાઓને અમૃત અંદર જ રહ્યું છે અને શ્રીમહાપ્રભુજી આપ તો બહાર અને અંદર સમ્પૂર્ણ છે. આ બતાવવા માટે આ નામ કહ્યું ।।૧૬।।

***

**[૪૩]સાન્નિધ્ય-માત્ર-દત્ત-શ્રીકૃષ્ણ-પ્રેમા [૪૪]વિમુક્તિદઃ ।।**
**[૪૫]રાસલીલૈક-તાત્પર્યઃ [૪૬]કૃપયૈતત્-કથા-પ્રદઃ ।।૧૭।।**

હવે કહે છે કે ભાવ સંપૂર્ણ છે તે કેમ જાણી શકાય! ત્યાં આગળ બીજું પણ આપનું નામ કહે છે :

## [43]સાન્નિધ્ય-માત્ર-દત્ત-શ્રીકૃષ્ણ-પ્રેમા

**રાગ : જૈતશ્રી**

**સાંનિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમ સો શ્રીવલ્લભ કહાયે ||**
**નખશિખ સુન્દર દેખિ ચકિત ભએ લોક સબ**
**છાંડિ દઈ રહત હૈં શિર નાયે || ૧ ||**

**જોગ યજ્ઞ તીરથદાન વ્રત જ્ઞાન ઈન સમાન આવત નહીં**
**ઈનૈં જાનિ જીય સબતૈં બિરમાયે ||**
**કહત 'ગોવિન્દ' સબૈ તજૌ શ્રીવલ્લભચરન ભજૌ**
**સુરનર મુનિ ધ્યાન ધરત કછુ પાર નાયે || ૨ ||**

**ભ્રમત ભએ કોટિજનમ ફલ પાયૌ નાહીં**
**ન કછુ યહ બાતન કૈસેં લોગ મહાપદ પાયે ||**
**સત્સંગતિ કરૌ મિત્ર પ્રભુ પ્રસન્નતા નિમિત્ત**
**દૈવીજન શરન ભએ સો સબૈ ફલ પાયે || ૩ ||**

આપશ્રીનું બ્રાહ્યાભ્યાંતર સ્વરૂપ એકરસભાવ પરિપૂર્ણ છે, તેની ઓળખ તો એ છે કે, આપશ્રીની સમિપે જે કોઇ જીવ આવે તેને આવા ઉચ્ચરસની પ્રાપ્તિ કરાવો છો.

અત્રે શ્રીઆચાર્યજીના સાન્નિધ્ય માત્રથી ભક્તોનો શ્રીકૃષ્ણમાં પ્રેમલક્ષણા ભક્તિ ભાવ જાગૃત થાય છે તે આપશ્રીનું રાસસ્ત્રીભાવ પરિપૂર્ણ શ્રીઅંગ છે તે સિદ્ધ કરી બતાવે છે.

બે તપસ્વીઓ અનેક જન્મોથી બદરિકાશ્રમમાં તપ કરતા હતા. જ્યારે શ્રીઆચાર્યજી બદરિકાશ્રમ પધાર્યા ત્યારે આ તપસ્વીઓને આપશ્રીના દર્શન થયા. આપશ્રીની કૃપાથી આ બન્ને તપસ્વીઓ વ્રજમાં આન્યોર ગામમાં જન્મ્યા અને જ્યારે તેઓ પાંચ વર્ષની વયના થયા ત્યારે શ્રીઆચાર્યજીના આન્યોરમાં દર્શન કરતાં માત્રમાં જ તેઓને શ્રીકૃષ્ણમાં પ્રેમ ઉત્પન્ન થયો. અને લીલાપ્રાપ્તિનો મનોરથ જાગૃત થયો. આપશ્રીએ આ બંને બાળકોને શરણે લઇ તત્કાલ લીલાપ્રાપ્તિ કરાવી. અને તેઓ લીલામાં ભ્રમર રૂપને

પ્રાપ્ત થયા.

***

શ્રીઆચાર્યજી આપના સાન્નિધ્ય માત્રથી શ્રીકૃષ્ણપ્રેમનું દાન કરવાવાળા છે.

જે વસ્તુ સ્વયં સંપૂર્ણ હોય તે વસ્તુ બીજાઓને આપ દઇ શકે. શ્રીમહાપ્રભુજી આપ તો ભાવરસથી પૂર્ણ છે તેથી બીજાઓને પણ આપના સાન્નિધ્ય માત્ર વડે શ્રીઠાકોરજીના પ્રેમનું દાન કરે છે, નહિતર ન થાય. તો આ બતાવવા માટે આ નામ કહ્યું જે વ્રજભક્તો સહિત ફલરૂપ શ્રીપૂર્ણપુરૂષોત્તમ છે તેમનામાં પ્રેમરસનું દાન કરે છે.

ત્યાં કહે છે કે શ્રીકૃષ્ણના પ્રેમરસનું દાન કરે છે તેમાં શું કારણ છે? આ સન્દેહ દૂર કરવા માટે આ નામ કહે છે :

## 44 વિમુક્તિદઃ

**(રાગ : ધન્યાશ્રી)**

**વિમુક્તદ નિર્ભયપદ સુખદાઈ ||**
**જો પદરજ દુર્લભ સુરનર મુનિ સો સુલભ કરિ પાઈ || ૧ ||**

**સાધનતૈં પૈયત નહિં કબહૂં મન વચન નિર્ધાર ||**
**બિન શ્રીવલ્લભપદ નૌકા ક્યોં પાવૈ ભવસાગર પાર || ૨ ||**

**નામોચ્ચારણમાત્રતૈં નિશ્ચય કટત કોટિ જંજાર ||**
**શ્રીવિઠ્ઠલ પદરજ 'ગોવિન્દ'કૌ શ્રીવલ્લભ પ્રાન આધાર || ૩ ||**

***

શ્રીઆચાર્યજી દ્વારા પ્રગટિત પુષ્ટિભક્તિમાર્ગમાં મુક્તિનું સ્વરૂપ આપશ્રીએ શિક્ષાશ્લોકમાં **''મુકિત હિત્વાન્યથા સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ''** આ પ્રમાણે વર્ણવ્યુ છે.

પુરૂષોત્તમ સહસ્રનામમાં

**''શાસ્ત્રાનપેક્ષ કામૈક મુક્તિદ્વાર વિબર્ધનઃ''**

અને પરમાનંદદાસજી કહે છે ''કૌન રસ ગોપીન લીનો ઘૂંટ,

મદનગોપાલ નિકટ કર રાખે પ્રેમ કામ કી લૂંટ''

આ રીતની કૃષ્ણની આનંદમયી નિત્યલીલામાં પ્રવેશ એ જ મુક્તિ છે. શ્રીઆચાર્યજી પોતાના સાન્નિધ્ય માત્રથી શરણાગત જીવોને શ્રીકૃષ્ણની સેવા દ્વારા શ્રીકૃષ્ણની નિત્યલીલામાં પ્રવેશ કરાવે છે. આ પુષ્ટિમાર્ગનો મહાન ઉત્કર્ષ છે.

આગરાના જીયદાસસૂરી વૈષ્ણવને શ્રીઆચાર્યજીએ શરણે લઇ શ્રી લાડલેશજીની ભગવત્સેવા પધરાવી આપી. જીયદાસ તનુજા-વિત્તજા અને માનસીમાં મગ્ન થઇ ફક્ત ચાર પ્રહર જ સેવા કરી અને અનોસર પછી ભગવદ્ વિરહ થવાથી દેહત્યાગ કરી નિત્યલીલામાં પ્રાપ્ત થયા.

આ રીતે શ્રીઆચાર્યજી પોતાના સેવકોને શ્રીકૃષ્ણ પ્રેમનું દાન કરી વિમુક્તિ એટલે દૈહિક પ્રાપંચિક-દેહથી જીવને મુક્ત કરી અલૌકિક નૂતન આત્મીય દેહ પ્રદાન કરી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવે છે. અથવા તો જ્ઞાનમાર્ગીઓ ને પ્રાપ્ત થતી ચતુર્થ પુરૂષાર્થવાળી અક્ષરબ્રહ્મની મુક્તિથી વિમુક્ત કરી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવે છે.

***

શ્રીઠાકોરજીનો સાક્ષાત્ સમ્બન્ધ, જે પુષ્ટિમાર્ગીય મુક્તિ છે, તેના દેવાવાળા છે.

ત્યાં કહે છે કે જેમ મર્યાદામારગમાં સાયુજ્ય મુખ્ય ફલ છે તે પ્રકારે પુષ્ટિમારગમાં શ્રીઠાકોરજીનો સમ્બન્ધ મુખ્ય છે. અને જે મુક્ત થયા તેને પાછો સંસાર ન થાય તે જ રીતે સાક્ષાત્ સમ્બન્ધ જેમણે મેળવ્યો તેને ફરી સંસાર કયારેય નથી થતો આ બતાવ્યું.

હવે કહે છે કે શ્રીઆચાર્યજીએ પુષ્ટિમાર્ગના ફલને બધા માર્ગોના ફલથી અધિક પ્રમાણપૂર્વક નિરૂપણ કર્યું છે તે કહે છેઃ

***

## [૪૫] રાસ-લીલૈક-તાત્પર્યઃ **લીલા + એક** = લીલૈક

**(રાગ : પૂર્વી)**

**રાસલીલૈકતાત્પર્ય હારદ હૈ અતિ દુર્લભ ।।**

**અતિકર્મ જનમ કરમ પ્રવીન તાતેં હોત નહીં બિના કૃપા શ્રીવલ્લભ ।। ૧ ।।**

**યદ્યપિ રૂપ ગુન સીલ સુઘરતા ઈનિ બાતનિસોં જનમ સિરાઈયે ।।**
**સમુઝિ વિવેક સબૈ સર્વસ લૈ સરન ભએ સબ પાઈએ ।। ૨ ।।**

**યહ સુખ અતિ દુર્લભ સુર નર મુનિ સબ પચિહારે ।।**
**'ગોવિન્દ'સો સુખ લૂટિ લિયૌ મન વચન કર્મ નિરધારે ।। ૩ ।।**

***

શ્રીઆચાર્યજીના સિદ્ધાન્તે સમસ્ત શ્રુતિ, શાસ્ત્ર આદિમાં જે કંઇ ઉત્તમ ફળો બતાવવામાં આવ્યા છે, તે સર્વફળોમાં ઉત્તમોત્તમ સર્વોત્તમ ફળ શ્રીકૃષ્ણની રાસલીલા છે. એટલા માટે શ્રીઆચાર્યજી શ્રીભાગવતમાંના રાસપંચાધ્યાયી વાળા અધ્યાયોને ''ફલ પ્રકરણ'' કહી નિરૂપણ કરે છે. દશ ઈન્દ્રિય અને અગિયારમાં મનથી ભગવાનના સ્વરૂપાનંદનો ઉપભોગ થાય એ જ ઇન્દ્રિયધારીઓનું સર્વોત્કૃષ્ટ ફળ છે. આના અતિરિક્ત બીજું કોઇ ફલ નથી. અને આ ફલ રાસલીલામાં જ પ્રાપ્ત થઇ શકે છે. શ્રીગોપીજનોએ વેણુગીતમાં આ પરમફલ **''અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામઃ''** કહીને વર્ણન કર્યું છે.

શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં **''અક્ષણ્વતામિન્દ્રિયવતાં ચક્ષુષ્મતાં વા''** કહી વર્ણવે છે. કારિકામાં વિશેષ ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે.

**ભગવતા સહ સંલાપો દર્શનં મિલિતસ્ય ચ ।। ૩ ।।**

**આશ્લેપઃ સેવનં ચાપિ સ્પર્શશ્ચાપિ તથાવિધઃ ।**
**અધરામૃતપાનં ચ ભોગો રોમોગ્દ્રમસ્તથા ।। ૪ ।।**

**તત્કૂર્જિતાનાં શ્રવણમાન્ઘ્રાણં ચાપિ સર્વતઃ ।**
**તદન્તિકગતિર્નિત્યમેણં તદભાવનં સદા ।। ૫ ।।**

**ઈદમેવેન્દ્રિયવતાં ફલં મોક્ષોપિ નાન્યથા ।**

*(શ્રીવિષ્ણુગીતમ્)*

અને તેથી દેહધારીઓને રાસલીલામાં જ પરમફલરૂપ હોવાથી આ મહાન દાન આપશ્રી વિમુક્તિ-પુષ્ટિમુક્તિમાં આપે છે.

શ્રીઆચાર્યજીએ ચંદ્રસરોવર ઉપર પોતાના સેવકોની પ્રાર્થનાથી આ

દેહે જ તેઓને રાસલીલાનાં દર્શન કરાવી પુષ્ટિમુક્તિના સુખનો અનુભવ કરાવ્યો હતો.

***

રાસલીલામાં જ મુખ્ય અભિપ્રાય છે એવા શ્રીઆચાર્યજી છે.

જો મુક્તિ પુષ્ટિમારગના ફલથી અધિક હોય તો શ્રીઠાકોરજી પહેલાં રાસક્રીડા કરી પછી બ્રહ્માનંદનો અનુભવ કરાવત અને ભાગવતમાં પણ તેવું જ વર્ણન કરત પરંતુ એમ નથી કર્યું. તેથી સ્વરૂપાનંદનો અનુભવ કરવો બ્રહ્માનંદ અને મુક્તિથી પણ અધિક છે. તેથી આ જ મુખ્ય અધિક ફલ છે તેથી રાસલીલામાં જ શ્રીમહાપ્રભુજીનો મુખ્ય અભિપ્રાય છે એ બતાવવા માટે આ નામ કહ્યું

હવે શ્રીઆચાર્યજી બીજા પ્રકારથી પણ પુષ્ટિમાર્ગનું ફલ અધિક જતાવે છે તેના માટે આગળનું નામ કહે છે :

## ૪૬ કૃપયા એતત્-કથા-પ્રદઃ

(રાગ : ભૈરવ)

**કૃપયૈતત્કથાપ્રદ પ્રભુ બડી કૃપા તુમ કીનીં ||**
**સન્મનુષ્યાકૃતિ દ્વિજવરવપુ ધરિ અધિધરનીતલ**
**દૈવીજનોદ્ધરનકોં હરિસેવા દીનીં || ૧ ||**

**વિદ્યા તપ જ્ઞાન હીન સબ સાધન રહિત દીન**
**અપને જિય જાનિ કરૂના કરિ દરસ દાસ દીજૈ ||**
**તુમ હૌ સબ કલાપ્રવીન મહોદાર ચરિત્રવાન**
**અદેય દાનદક્ષ સો તૌ નામ સત્ય કીજૈ || ૨ ||**

**ઔર કછુ કરિ સકત નાહીં વિનતી સુનૌ શ્રીવલ્લભ**
**તવ પદરજ અતિ દુર્લભ સો પ્રસાદ પાઊં ||**
**રંક 'ગોવિન્દદાસ' તિહારૌ**
**નિર્ભય નિઃસંક વ્હૈકૈ તિહારે ગુન ગાઊં || ૩ ||**

***

શ્રીઆચાર્યજી ભગવદ્‌લીલાની કથાનું દાન અન્ય સર્વેને કરે છે, પરંતુ નિજજનોને રસના સમૂહવાળી રાસલીલા સંબંધી કથાનું દાન ઉત્તમ પ્રકારે વિશેષ રૂપમાં કરે છે જે આપશ્રીની વિશેષ કૃપાનું કારણ છે. રાસલીલાની સર્વોત્તમતા આથી સિદ્ધ થાય છે. સેવકોની યોગ્યતા પાત્રતા આદિનો વિચાર કરી કૃપાયુક્ત સ્વરૂપે શ્રીઆચાર્યજી રાસલીલાની કથાનું દાન સામાન્ય જનો ને કરે છે **''પ્રદઃ પ્રકર્ષેણ દદાતિ''** અંતરંગ સ્વકીયોને આ રાસલીલાની કથા સ્વરૂપાત્મક બનાવી પ્રત્યક્ષ દર્શન કરાવે છે.

''વેણુગીત પુન યુગલગીત કી રસ બરખા બરખાઇ'' આ રીતે કથાનું દાન અન્ય સેવકોને આપશ્રી કરતા હતાં, પરંતુ અનન્ય ભક્તો પરમાનંદદાસ આદિને સુબોધિની કથાનો પ્રસંગ જે આપશ્રી સંભળાવતા હતા તે જ લીલાપ્રસંગના કીર્તનો પરમાનંદદાસ ગાઇ સંભળાવતા હતા. શેઠ દિનકરદાસ આદિને રસાત્મક કથાઓ **''શ્રુતોક્ષિતપથો નનુ નાથપુંસામ્''** (ભાગવત૩-૯-૧૧) કર્ણ અને નેત્રો દ્વારા પ્રવેશ કરાવી તેમના દૈહિક ધર્મો છોડાવી દીધા.

કૃપા કરીને આપ રાસલીલાની વાર્તાનો અનુભવ કરાવવા વાળા છે.

જે સેવકના ઉપર કૃપા કરી આપ રાસલીલાની વાર્તાનો અનુભવ કરાવે છે તેને અનુભવ થાય. અને જ્યાં કૃપા વગર કહે ત્યાં અર્થનો અનુભવ નથી થતો. તો સેવકોને જ્યારે રાસલીલાનો અનુભવ કહે છે ત્યારે એમ જાણે છે કે પુષ્ટિમારગનું ફલ મોટું છે. ત્યારે સેવકોને સંયોગ અને વિયોગ બેઉ રસનો અનુભવ થાય છે ।।૧૭।।

***

### [૪૭]વિરહાનુભવૈકાર્થ-સર્વત્યાગોપદેશકઃ।। [૪૮]ભક્ત્યાચારોપદેષ્ટા ચ [૪૯]કર્મમાર્ગ પ્રવર્તકઃ ।।૧૮।।

રાસલીલાના અનુભવના દાનથી જોકે ભક્તોને સંયોગ-વિયોગ બેઉ રસનો અનુભવ થાય છે તો પણ ફક્ત વિપ્રયોગમાં તેની અલગ-અલગ અવસ્થા જે કયારેક વિકલતા થાય, કયારેક ભગવદ્રુપ થઇ વિલાપ કરે વિગેરેનો અનુભવ ભક્તોને કરાવવા માટે ''બધી વસ્તુઓનો ત્યાગ કરો''

એમ ઉપદેશ કરે છે :

## [47]વિરહાનુભવૈકાર્થ-સર્વત્યાગોપદેશકઃ ||

**વિરહ + અનુભવ + એક + અર્થ** = વિરહાનુભવૈકાર્થ
**સર્વત્યાગ + ઉપદેશકઃ** = સર્વત્યાગોપદેશકઃ

**(રાગ : બિહાગ)**

**વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશક પ્રભુ ||**
**તિહારે ચરનરજ પાવત સ્રવન સુનિ**
**તિહારે સરન આયો મોહિ રાખિ લેહુ વિભુ || ૧ ||**

**તુમ તૌ મારગ પુષ્ટિ પ્રગટ કિયૌ**
**ભુવિ ભક્તિ પ્રચાર કારન કીનોં હૈ કૃપા કરિ ||**
**બ્રહ્મસમ્બન્ધ કરવાય કીને દોષ પંચ પરિહાર**
**સદાનન્દ સેવાકે નિમિત્ત સત્ય નામ કીનોં શ્રીહરિ || ૨ ||**

**યહ નિત્ય ધ્યાન ધરૌં ઔર સંગ પરિહરૌ**
**સંસારસાગર તરૌ તિહારે ગુન ગાઊં ||**
**અવગુન સબૈ બિસારો અબકૈ મોહિ ઉદ્ધારૌ**
**જન 'ગોવિન્દ' કહત નિર્ભય તબ પદ પાઊં || ૩ ||**

***

સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક એ રીતે રસનું સ્વરૂપ દ્વિદલાત્મક છે. શ્રીઆચાર્યજી નિજજનોને રાસલીલાની કથા દ્વારા વિપ્રયોગરસનું એ રીતે પૂર્ણદાન કરે છે. સર્વત્યાગનો ઉપદેશ વિપ્રયોગરસની પ્રાપ્તિ માટે છે. કેવળ ભગવદ્‌રસના અનુભવ સિવાય આપશ્રીનો બીજો કોઇ અભિપ્રાય નથી. આવો ઉચ્ચતર ઉપદેશ આપ કેવળ વાણી દ્વારા જ નહીં, પરંતુ બાહ્યાભ્યંતર વિપ્રયોગ અવસ્થાનો અનુભવ, આપશ્રીના સ્વરૂપમાં ચરિત્રોથી ભક્તોને કરાવે છે. કેવળ ધોતી ઉપરણા ધારણ કરવા, ખુલ્લા ચરણારવિંદે પૃથ્વી પરિક્રમા કરવી. ગૃહસ્થાશ્રમ હોવા છતાં પોતાના સ્થાનમાં ત્યાગપૂર્વક

નિવાસ આદિ ત્યાગાત્મક ચરિત્રોથી બાહ્ય વિપ્રયોગના દર્શન કરાવે છે. આંતરવિરહના દર્શન પરમાનંદદાસ આદિ સ્વકીય અંતરંગજનોને કરાવ્યા છે.

આપશ્રી જ્યારે અડેલથી વ્રજમાં પધારતાં પરમાનંદદાસને ઘેર કન્નોજમાં બિરાજતા હતા ત્યારે પરમાનંદદાસને આપે આજ્ઞા કરી કે કંઇ ભગવદ્યશનું વર્ણન કરોઃ

પરમાનંદદાસજીએ ગાયું કે–

**''હરિ તેરી લીલાકી સુધિ આવે....''**

આ પદ સાંભળતા જ શ્રીઆચાર્યજીને મુર્છા આવી અને આપશ્રી લીલારસમાં મગ્ન થઇ ગયા. આ આપશ્રીનું આંતરવિરહ સ્વરૂપવર્ણન છે.

આ રીતે આપશ્રી પોતાના સ્વરૂપમાં સંયોગ વિપ્રયોગ બંને રસનો અનુભવ કરાવી નિજજનોને ઉપદેશ આપે છે.

***

જે પુષ્ટિમાર્ગીયથી ઘરમાં ભગવત્સેવા નથી થઇ શકતી તેને ભગવદ્ વિપ્રયોગ અનુભવમાં પ્રતિબન્ધક એવા ઘર વગેરેનો ત્યાગ કરવાનો ઉપદેશ કરવાવાળા શ્રીઆચાર્યજી છે.

તે શા માટે? જો (પ્રતિબન્ધ કરવાવાળા) ઘરમાં રહે તો તે અવસ્થા પ્રાપ્ત નહીં થાય. તેથી જ ત્યાગનો ઉપદેશ કરે છે અને શ્રીમહાપ્રભુજીએ આપે જે મર્યાદા બાંધી છે તે જ રીત મુજબ જે રહે તો આવો ભાવ પ્રાપ્ત થાય એ પણ જતાવ્યું.

હવે ભક્તિમાર્ગના સેવકોમાં સ્થિરતા આવે તેના માટે ભક્તિમાર્ગનો ઉપદેશ આપે છે આ બતાવવા માટે આ નામ કહે છે :

***

## ૪૮ભક્ત્યાચારોપદેષ્ટા

**ભક્તિ + આચાર + ઉપદેષ્ટ।** = ભક્ત્યાચારોપદષ્ટા

**(રાગ : વસંત)**

**ભક્ત્યાચારોપદેષ્ટા ચરનનિમેં મન લાગિ રહ્યો ||**

**કહા કરૌ કિત જાઊં કૃપાનિધિ જાત ન મોપૈ કહ્યો || ૧ ||**
**આધી નિમિષ કલ્પ સમ વીતત બિરહાનલ દેહ દહ્યો ||**
**તિહારે દરસ બિના મોપૈ નાહિંન જાત રહ્યો || ૨ ||**
**તિહારે જન સંગતિ કરને બિનુ મૈં કછુ નાહીં લહ્યો ||**
**બાંહ ગહે બિનુ ભવસાગરમેં 'ગોવિન્દ' જાત બહ્યો || ૩ ||**

***

પુષ્ટિભક્તિની સંયોગ વિપ્રયોગ અવસ્થાનું જ્ઞાન કરાવી, તેની સ્થિરતા માટે શ્રીઆચાર્યજી સ્વકીયજનોને, આ ભક્તિના આચરણનો ઉપદેશ કરે છે. પોતે પણ એવું શીખવવા ભક્તિનો આચાર પાળે છે. તે જણાવવા 'ચ' કાર વાપર્યો છે. અન્યાશ્રય રહિત બનીને અત્યંત ભાવપૂર્વક ભગવદ્સેવા એ જ ભક્તિના આચારનું સ્વરૂપ છે. સેવાને જ ફલરૂપ માને તો આવા પ્રકારની ભાવનાની સંભાવના છે. અને તેથી આપ સ્વયં ભાવસમ્પન્ન સેવા કરી સેવકોને સમજાવે છે. આવી ભાવપૂર્ણ સેવામાં જ સંયોગ વિપ્રયોગ રસાનુભાવવાળી સર્વોત્તમ પુષ્ટિભક્તિનો અનુભવ થાય છે. આપશ્રીએ અડેલમાં આવી રચનાત્મક સેવા કરી ભક્તોને ભગવત્સેવાનો (ગૃહ સેવાનો) પ્રકાર બતાવ્યો છે.

***

ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ કરવાવાળા આપ છે.

ભક્તિમાર્ગનો આચાર કયો? કે શ્રીઠાકોરજી પાસેથી કાંઇપણ ફલની ઇચ્છા ન કરવી અને શ્રીઠાકોરજીને જ ફલરૂપ જાણીને સેવા કરવી વિગેરે જે ભક્તિમાર્ગના આચાર છે તેનો ઉપદેશ કરવાવાળા છે. અને ઉપદેશ પણ આપ પોતે આચરણ કરીને કરવાવાળા છે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

***

## [૪૯]કર્મ-માર્ગ-પ્રવર્તકઃ

**(રાગ : વસંત)**

**કર્મમાર્ગપ્રવર્તક સુનિકૈ મો મન ભયૌ આનન્દ ||**

ચલહુ વેગિ દેખનકોં જૈસે શ્રીવલ્લભ મુખચંદ ।। ૧ ।।

યજ્ઞપુરૂષ પુરૂષોત્તમ પ્રગટે સુનિ મોહે જનવૃંદ ।।
કોટિ કામ વારૌ યહ છબિ પર શ્રીવલ્લભ આનન્દકન્દ ।। ૨ ।।

શિવ વિરંચિ સુરનર મુનિ નિસદિન ગાવત ગીત સુછન્દ ।।
દૈવી જીવ ઉદ્ધારન પ્રગટે પૂરન પરમાનન્દ ।। ૩ ।।

***

શ્રીઆચાર્યજી ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ કરે છે. ભક્તિમાર્ગની દઢતા માટે સહાય બને તેવા કર્મોનો આપશ્રી અનુરોધ કરે છે. ચિત્તની પ્રસન્નતા તેમજ શુદ્ધિ માટે કર્મની નિષ્ઠા આવશ્યક છે. પ્રસન્ન ચિત્ત ભગવત્સેવારૂપ ભક્તિના આચારમાં ઉપયોગી હોવાથી શ્રીઆચાર્યજી સ્વયં પાલન કરીને આની મહત્તા સમજાવે છે. શ્રીજગદીશમાં આપશ્રીએ એકાદશી વ્રત કર્યું હતું. આપશ્રીની પરિક્ષાર્થે જગદીશજીના સેવકોએ આપશ્રીને મહાપ્રસાદ આપ્યો. આપે સળંગ રાત્રિ પર્યંત મહાપ્રસાદનું વર્ણન કર્યું. આપશ્રીએ દાન-યજ્ઞ શૌચ આદિ સર્વે કર્મોને પુષ્ટિમાર્ગમાં ગ્રાહ્ય માન્યા છે. પુષ્ટિમાર્ગમાં મુખ્ય કર્મ તો **''કર્મોપ્યેકંતસ્ય દેવસ્ય સેવા''** નો સ્વિકાર છે. પરંતુ ભગવત્સેવાનું સ્વરૂપ **''ચેતસ્તત્પ્રવણં સેવા''** હોવાથી ચિત્તની પ્રવૃત્તિ માટે વર્ણાશ્રમ, શૌચાદિ, દેહધર્મનું કર્મ ભગવત્સેવામાં અંગરૂપ સહાયક હોવાથી આવશ્યક છે.

મણુંદના રાજાદુબે અને માધવદુબે બંને ભાઇઓએ દ્વારકામાં શ્રીઆચાર્યજીની કથા સાંભળી શરણે લેવા વિનંતી કરી. પરંતુ તેઓ સુતકી હોવાથી તે વખતે શરણે ન લીધા. અને આશૌચ નિવૃત્તિ બાદ આપશ્રીએ તે બંને ભાઇઓને શરણે લીધા. આપશ્રી કર્મમાર્ગ પ્રવર્તક હોવાથી આ બંને ભાઇઓને સુતક ઉતર્યું નહીં ત્યાં સુધી દ્વારકામાં બીરાજ્યા. આપશ્રી કર્મમાર્ગનું પણ રક્ષણ કરે છે. તે આ પ્રસંગથી સમજાય છે.

***

શ્રીઆચાર્યજી કર્મમાર્ગના પણ પ્રવર્તક છે.

અભિપ્રાય એ છે કે જો આપ આપના સેવકોને માત્ર ભક્તિમાર્ગનો જ

ઉપદેશ કરતા, વર્ણાશ્રમ ધર્મ છોડાવીને, તો સેવકોને તો ફલ મળી જાત પરંતુ જેઓ બહિમુર્ખ છે તેમને આ માર્ગમાં દોષબુદ્ધિ આવત કે ''બ્રાહ્મણ આ માર્ગમાં આવવાથી પોતાનો ધર્મ છોડીને શુદ્ર બની જાય છે'' - આ રીતથી બહિર્મુખોને દોષબુદ્ધિ થાત. પરંતુ ભક્તિમાર્ગ તો નિર્દોષ છે. પરંતુ જેથી કોઈને દોષબુદ્ધિ ન આવે તેથી કર્મમાર્ગનો પણ આપે ઉપદેશ કર્યો કે બધા જ પોતાના કર્મ કરો; અને છોડો નહીં. આ બતાવવા માટે આ નામ કહ્યું. ||૧૮||

***

**[૫૦]યાગાદૌ ભક્તિમાર્ગૈક-સાધનત્વોપદેશકઃ ||**

**[૫૧]પૂર્ણાનંદઃ [૫૨]પૂર્ણકામો [૫૩]વાક્પતિર્ [૫૪]વિબુધેશ્વરઃ ||૧૯||**

હવે કહે છે કે શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોના ભક્તિમાર્ગ સમ્બન્ધી બધા અપરાધ દૂર કરવા માટે અને પોતાના સેવકોને યાગાદિના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે યજ્ઞ કર્યા. તે નામ કહે છે.

## [૫૦]યાગાદૌ ભક્તિમાર્ગૈક-સાધનત્વોપદેશકઃ ||

**યાગ+આદૌ** = યાગાદૌ, **માર્ગ + એક** = માર્ગૈક

**સાધનત્વ + ઉપદેશક** = સાધનત્વોપદેશક

**(રાગ : બિહાગ)**

**યાગાદૌભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશક પ્રભુ ||**
**તિહારી કૃપા બિન મર્યાદા-પુષ્ટિકો**
**ભેદ ના જાનત કોઉ બિનતી સુનિહો પ્રભુ || ૧ ||**

**પ્રતારકશાસ્ત્ર સ્ત્રવન સુનિ ભ્રષ્ટ ભયૌ લહત ના**
**શ્રુતિપથકોં ભય ઉપજત હૈ ભારો ||**
**તુમ બિન દૈવીજનકૌ ત્રિલોકમેં ઢૂંઢ દેખ્યો**
**નાહિંન કોઊ રખવારો || ૨ ||**

**ધર્મ અર્થ કામ મોક્ષ સબહિ તુમહિ હૌ**
**તિહારે ચરન બિન કછુ હમ ન જાન્યો ||**

**કહત 'ગોવિન્દ' જન મન વચન કર્મ કરિ**
**હરિવદનાનલ શ્રીવલ્લભ મન માન્યો ।। ૩ ।।**

***

ભક્તિનો ઉત્કર્ષ યજ્ઞયાગ આદિ કર્મોથી સિદ્ધથાય છે, તેવું શાસ્ત્રોમાં વિધાન છે. આ યાગાદિક કર્મોનો ઉપયોગ સ્વર્ગાદિક અનિત્ય (લૌકિક )ફળ પ્રાપ્તિ માટે નથી, પરંતુ ભક્તિની પ્રાપ્તિના સહાયક તરીકે હોવાના સિદ્ધાન્તનો શ્રીઆચાર્યજી નિજજનો ને ઉપદેશ કરે છે. અને તેથી આપશ્રી સ્વયં યજ્ઞાદિ કર્મો કરી આ કર્મો ભક્તિ માર્ગમાં સહાયક અને આવશ્યક છે તેવું સમજાવે છે.

યાગમાં આપશ્રીએ સોમયજ્ઞ કરી ભક્તિમાર્ગમાં આવા કર્મો અનાવશ્યક નથી તે બતાવ્યું છે.

***

યજ્ઞ વગેરે કર્મ ભક્તિમાર્ગમાં આવતાં પ્રતિબન્ધોને દૂર કરવાવાળા છે.

ભક્તિમાર્ગમાં બે મોટા અપરાધ છે : એક તો શ્રીઠાકોરજીને છોડીને બીજા દેવતાઓનો સમ્બન્ધ અને ૨. પુષ્ટિમાર્ગનું ફલ પ્રાપ્ત કરવામાં આવતાં પ્રતિબન્ધ જેનાથી ફલસિદ્ધિ થતી નથી. તો શ્રીમહાપ્રભુજીએ આપે યજ્ઞ કર્યા તે કયા પ્રકારે તો યજ્ઞમાં બધા દેવતાઓને શ્રીઠાકોરજીની વિભૂતિ જાણીને અને અંશ-સેવક જાણીને યજ્ઞભાગ આપ્યો છે. તેથી આગળ પણ જો કોઇ યજ્ઞ કરે તો ઇન્દ્ર વિગેરે જે યજ્ઞમાં દેવતા છે તેને શ્રીઠાકોરજીની વિભૂતિ અંશ સેવક જાણીને આદર, સન્માન કરે, પરંતુ સ્વતન્ત્ર ન જાણે. આના વડે અન્યાશ્રય દૂર કર્યો. અને આપે યજ્ઞ વગેરેનું ફલ આજ વિચાર્યું કે ભક્તિમાર્ગને પ્રાપ્ત કરવામાં જેટલા પ્રતિબન્ધ છે તે બધા દૂર થશે. તેનાથી સેવકોને પણ શિક્ષા આપી કે તમે યજ્ઞ દાન વિગેરે કરવામાં બીજું ફલ વિચારો જ નહીં. આ જ વિચાર્યા કરો કે ભક્તિમાર્ગનું ફલ મેળવવા માટે આનાથી પ્રતિબન્ધ દૂર થશે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

જોકે શ્રીઆચાર્યજીએ યજ્ઞ વિગેરે કર્મ પોતાના શિષ્યોને શિક્ષા દેવા માટે કર્યા તો પણ કોઇ બહિર્મુખને એવી શંકા થાય કે વેદમાં યજ્ઞનું ફલ તો

સ્વર્ગલોકની પ્રાપ્તિ કહેલી છે તેથી આપે જે યજ્ઞ કર્યા તે સ્વર્ગલોકને મેળવવા માટે કર્યા હશે? તો આવી શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

## [૫૧]પૂર્ણાનંદઃ પૂર્ણ + આનંદ = પૂર્ણાનંદ

**(રાગ : રામકલી)**

**પૂર્ણાનન્દ યથારથનામ ||**
**આનન્દ પૂરન કિએ નિજજન સબ શ્રીવલ્લભરૂપ પરમ અભિરામ || ૧ ||**
**મનવાંચ્છિત ફલ દેત કૃપાનિધિ ઐહિક આમુષ્મિક સબ કામ ||**
**જો બડભાગી સોઈ સમુઝૈ યહ છાંડત નાહીં આઠૌ જામ || ૨ ||**
**જાકે હિયે લગન લાગી રહે શ્રીવલ્લભ સુખકૌ ધામ ||**
**'ગોવિન્દ' સદા વિમલ જસ ગાવત ડોલત ફિરત શ્રીગોકુલધામ || ૩ ||**

***

શ્રીઆચાર્યજીમાં આંતરબાહ્ય પરિપૂર્ણ આનંદ છે. આવા પ્રબળ પૂર્ણાનંદ શ્રીઆચાર્યજીમાં સ્વર્ગાદિક તુચ્છ કામનાઓની સંભાવના જે અશક્ય છે. તેથી નિશ્ચય થાય છે કે શ્રીઆચાર્યજી જે કંઇ યાગાદી કર્મો કરે છે, તે ભક્તિમાર્ગના સાધનરૂપમાં અને ભક્તિયોગના પ્રતિબંધોની નિવૃત્તિ માટે જ કરે છે.

સ્વધામ પધારવા માટેની બીજી ભગવદ્આજ્ઞા મધુવનમાં શ્રીઆચાર્યજીને થઇ તેનો આપશ્રીએ સ્વીકાર ન કર્યો. કારણ કે પહેલી ગંગાસાગરે થયેલી આજ્ઞા **'સત્'** સ્વરૂપે અને આ બીજી મધુવનની **''ચિત્''** સ્વરૂપથી થઇ હોવાથી અને આપનું સ્વરૂપ પૂર્ણઆનંદમયી હોવાથી, આપને જ્યાં ભગવાનના ચિત્ સ્વરૂપમાં પધારવાની કામના નથી, તો સ્વર્ગાદિક સ્વલ્પ ફલની પ્રાપ્તિની કામના હોવી તે તો કેવળ અસંભવ અને અસંગત જ છે.

***

આપ પૂર્ણ–અગણિત આનંદવાળા છે.

આપ તો પૂર્ણપુરૂષોત્તમના આનંદથી સમ્પૂર્ણ છે. તો સ્વર્ગ વિગેરેમાં જે

આનંદ છે તે તો પુરૂષોત્તમના આનંદનો માત્ર અંશ છે. તેથી આપને તેની વાંછના નથી. તેથી આપે યજ્ઞ વિગેરે સ્વર્ગલોક મેળવવા નથી કર્યા.

ત્યાં કોઇ કહે કે સ્ત્રી-પુત્ર વિગેરે મેળવવા યજ્ઞ વિગેરે કર્યા હશે? આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

## [૫૨]પૂર્ણકામઃ

**(રાગ : ધન્યાશ્રી)**

**પૂરનકામ શ્રીવલ્લભ નામ ||**
**નખસિખ સુંદર સુભગ મૂરતિકોં નિરખહું આઠોં જામ || ૧ ||**
**સુરનર મુનિજન દિવિ ભુવિ પાતાલમેં ન આવૈ કોઉ સમાન ||**
**દૈવી સૃષ્ટિ ઉદ્ધારન પ્રગટે નિર્ભય દીને દાન || ૨ ||**
**બિનુ સાધન ઉદ્ધરે અનેક જન શ્રીવલ્લભ મહા ઉદાર ||**
**દ્વિજવર વ્હૈ પ્રગટે 'ગોવિન્દ' પ્રભુ નિજજન પ્રાન અધાર || ૩ ||**

***

શ્રીઆચાર્યજી જે રીતે પૂર્ણાનંદ છે. તે જ રીતે પૂર્ણકામ પણ આપ છો. જેથી આપશ્રીને કોઇ કામનાની અપેક્ષા નથી.

ભાગવતમાં મહારાસ ફલપ્રકરણના અંતે **''સત્યકામોઽનુરતબલાંગણઃ''** નું વર્ણન આવે છે. કુમારિકા-શ્રુતિરૂપા-અંતર્ગ્રહગતા ગોપીજનોના અભિલાષો કામ પ્રકારક હતા. પરંતુ આ મનોરથ સત્ય હોવાથી તે ભગવાને સત્યકામ પૂર્ણકામ બની તેઓ સાથે રમણ કર્યું. ભગવાનના ધર્મો હોવાથી ભગવાનનો કામ ક્ષીણ થતો નથી. ભગવાનના ધર્મો અસ્તિત્વમાં હોય છે એટલે વિષયની દૃષ્ટિએ ભગવાનના કામનો સંબંધ અસત્-અવિદ્યમાન ખરાબ પદાર્થ સાથે થતો નથી. **'અનુરતાબલાંગણઃ'** ગોપીજનો ભગવાનના સર્વથા શરણે ગયેલાં હોવાથી અનુરતત્વ પ્રાપ્ત ભક્તો માટે ભગવાને સત્યકામ બની મનોરથ પૂર્ણ કર્યા. તેવી જ રીતે શ્રીઆચાર્યજી પોતે પૂર્ણાનંદ હોવાથી આપના ધર્મોનું નિત્યત્વ અને અસ્તિત્વ હોવાના કારણે આપનો સંબંધ અસત્-અવિદ્યમાન ખરાબ પદાર્થ સાથે થતો નથી.

દામોદરદાસ, પદ્મનાભદાસ, રજોબાઇ, આદિ અનુરત સર્વથા શરણે આવેલા સ્ત્રીભાવ પ્રાપ્ત ભક્તોના અવિષયક સત્યકામ મનોરથો આપ પૂર્ણકામ હોવાથી પૂર્ણ કર્યા.

આપશ્રીના પ્રાકટ્ય સમયમાં માધ્વસંપ્રદાય અત્યંત સમૃદ્ધ અને વિશ્વવ્યાપી હતો. માધ્વસંપ્રદાયના આચાર્યોએ આપશ્રીને તે સંપ્રદાયની આચાર્યપીઠ સ્વિકારવા વિનંતી કરી. જે આપે નામંજુર કરી ! ભક્તિમાર્ગની વૃદ્ધિ માટે જો આપને કામના હોત તો આપશ્રીએ અવશ્ય સ્વીકાર કર્યો હોત. પરંતુ ભક્તિ-માર્ગનો પ્રચાર અને પ્રસાર **''અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ''**ના આપશ્રીના સિદ્ધાન્તને નિર્ભર હોવાથી અને ભક્તિમાર્ગની સ્થિતિ કેવળ ભગવદ્ ઇચ્છા અનુસાર અવલંબન હોવાથી કોઇ અન્ય પીઠાધિપતિના સ્થાનની કામના ન હોય તે નિર્ણયાત્મક સત્ય છે. આથીઆપ પૂર્ણકામ છે તે સિદ્ધ થાય છે.

***

લોકમાં વાંછિત જે પુત્ર વિગેરેનું સુખ તે પણ શ્રીમહાપ્રભુજીને બધાથી અધિક પ્રાપ્ત છે.

તે કયા પ્રકારે? તો શ્રીઅક્કાજી સરખા પત્નિ અને શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજી જેવા આપના પુત્ર છે. તેથી લૌકિક સુખને માટે યજ્ઞ-યાગાદિ નથી કર્યા પરંતુ ભકતોને શિક્ષા આપવા માટે યજ્ઞ-યાગાદિ કર્યા છે. શિક્ષા કઇ?તો યજ્ઞાદિ તો કરો પરંતુ ભક્તિમાર્ગના ફલમાં આવતાં પ્રતિબન્ધ છે તેમને દૂર કરવા માટે કરો.

શ્રીઆચાર્યજી જ્યારે બીજાઓની પણ કામના પૂરણ કરવાવાળા છે તો આપ પોતે પૂર્ણકામ હશે જ તેમાં શું કહેવાનું હોય! આ બતાવવા માટે આ નામ કહ્યું.

## [૫૩] વાક્પતિઃ

**(રાગ : ધન્યાશ્રી)**

**કૃપા કરિ વાક્પતિ રૂપ ન ધરતે ||**
**યા કલિકાલ ઘોરમેં તબ કૈસે નિજજન નિસ્તરતે || ૧ ||**

**વહ્નિવદન પ્રગટે બિનુ સબ કોઉ ધર્મરાજ બસ પરતે ||**
**અતિ આવર્ત સહિત ભવસાગરતેં કહૌ કૈસે ઉતરતે || ૨ ||**
**કોટિ કામ લાવન્ય શ્રીમુખછબિ બિન દેખેં સબ મરતે ||**
**અષ્ટમહાસિદ્ધિ સો સબ પાયે જો 'ગોવિન્દ' પ્રભુ વરતે || ૩ ||**

***

જ્યારે ભગવાનને ભૂતલ ઉપર પોતાનું માહાત્મ્ય વિસ્તાર કરવાની ઇચ્છા થઇ ત્યારે આપે આ મહાનકાર્ય 'વાક્પતિ' શ્રીઆચાર્યજીને સોંપ્યુ. કારણ કે ભગવાનના અનંત માહાત્મ્યનું નિરૂપણ ભગવાન સિવાય બીજા કોઇ કરવા સમર્થ નથી, અને તેથી ભગવાને પોતાના વાક્પતિરૂપ શ્રીઆચાર્યજીને આજ્ઞા કરી. શ્રીઆચાર્યજીએ ભગવાનનું રસાત્મક અને ઐશ્વર્યાત્ક બંને માહાત્મ્ય શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિભક્તિ દ્વારા જગતમાં પૂર્ણ રૂપે પ્રગટ કર્યું.

શ્રીઆચાર્યજી સ્વયં પોતાને 'વાક્પતિઃ' હોવાનું સુબોધિનીજીના મંગલાચરણમાં **''અર્થં તસ્ય વિવેડચિત્તુ ન હિ વિભુવૈશ્વાનરાદ્વાક્પતેઃ''** ના કથનથી પુરવાર કરે છે.

થાનેશ્વર અને સિંહનંદ વચ્ચે સરસ્વતી નદી આવે છે. આપ સરસ્વતીના પતિ હોવાથી તેનું ઉલ્લંઘન કરતા નહીં જેથી સિંહનંદ ના વૈષ્ણવો થાનેશ્વર આપના દર્શન કરી જતા હતા. પરંતુ આપ સિંહનંદ ક્યારેય પધાર્યા નથી.

સ્વયં સરસ્વતી પણ આપના આપાન વાક્પતિત્વનો સ્વીકાર કરે છે. ઓરછા રાજ્યના રાજા રામભદ્રની સભામાં પંડિતો સાથેના શાસ્ત્રાર્થમાં ઘટસરસ્વતીએ આપશ્રીનું વાક્પતિત્વ હોવાનું સ્વીકાર્યું છે.

***

શ્રીમહાપ્રભુજીના સેવક બે પ્રકારના છે. કેટલાંક સેવા-કથા કરતાં કરતાં કર્મમાં પણ મનવાળા છે અને કેટલાક એવા છે કે તેમને માત્ર સેવા-કથામાં જ મન છે. શ્રીમહાપ્રભુજી તે બધાના મનોરથ પૂર્ણ કરે છે. જે સેવક યજ્ઞાદિ કરે છે ત્યારે બધા હોમેલા દ્રવ્યનો અંગીકાર આપ કરીને સેવકના

મનોરથ સિદ્ધ કરે છે. શા માટે? તો આપ પ્રભુના મુખારવિન્દસ્થાનિય અગ્નિસ્વરૂપ છે. એથી જ જ્યારે બીજાઓના મનોરથપૂર્ણ કરે છે ત્યારે આપ પોતે પૂર્ણ મનોરથ હશે તેમાં શું કહેવું !

ત્યાં હવે એથી પણ આગળ કહે છે કે જે સેવકોને જ્ઞાનમાં મન છે તેને પણ ફલ આપ જ આપે છે.એ બતાવવા માટે આ નામ કહે છે :

## [૫૪] વિબુધેશ્વરઃ

**વિબુધ + ઇશ્વર** = વિબુધેશ્વર

**(રાગ : બિલાવલ)**

**વિબુધેશ્વરકી બાત અટપટી ||**
**જૌલોં સ્ત્રવન પરી નહિં મેરે તૌલોં નાહીં હોત ચટપટી || ૧ ||**

**ભોગ સિંગાર રીતિ સેવાકી મન વચન કર્મ સર્વ લટપટી ||**
**યહ વિવેક બૂઝત નહિં કોઊ કરત હૈં સબ અપની જુ અરભટી || ૨ ||**

**કરિકૈ સિખવત હૈ સબૈ નિજ દાસનકોં જ્યોં સમુઝે સબ વેગિ ઝટપટી ||**
**શ્રીવિઠ્ઠલપદરજ 'ગોવિન્દ'કી અસુરનસોં નિત હોત ખટપટી || ૩ ||**

***

શ્રીઆચાર્યજી વાક્પતિ હોવાથી વિબુધો એટલે વિશેષ બુદ્ધિવાળા પંડિતોમાં, આચાર્યોમાં શિરોમણી છે.

આપશ્રીએ વિદ્યાનગરની પંડિતસભામાં, ઓરછાની રાજસભામાં અને જગદીશપુરીની રાજસભામાં પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી, પોતાના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરી વિબુધેશ્વર હોવાનું સિદ્ધ કરી બતાવ્યું.

જગદીશપુરીના શાસ્ત્રાર્થમાં ત્યાંના રાજા અને પંડિતોની હાજરીમાં આપશ્રીના સિદ્ધાન્તો સત્ય હોવાનું સાક્ષાત્ જગદીશજીએ પોતાના હસ્તાક્ષરથી નીચે જણાવેલ શ્લોક લખી સિદ્ધ કરી બતાવ્યું.

**એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતં એકો દેવો દેવકીપુત્ર એવ |**
**મન્ત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્મોપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ||**

તે વખતે જગદીશપુરીના રાજાએ શ્રીઆચાર્યજીને ભક્તિમાર્ગના

આચાર્ય શ્રીવલ્લભાચાર્યજી કહી તિલક કર્યું હતું.

***

ભક્તિમાર્ગીય જે જ્ઞાની છે તેમને શ્રીઠાકોરજીના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા શ્રીમહાપ્રભુજી છે એ બતાવવા માટે આ નામ કહ્યું ।।૧૯।।

***

**[૫૫]કૃષ્ણનામસહસ્ત્રસ્ય વક્તા [૫૬]ભક્તપરાયણઃ ।।**
**[૫૭]ભક્ત્યાચારોપદેશાર્થ- નાનાવાક્ય નિરૂપકઃ ।।૨૦।।**

હવે કહે છે કે શ્રીઠાકોરજીના સ્વરૂપનું જ્ઞાન શ્રીઆચાર્યજી કયા પ્રકારે આપે છે? તે કહે છે :

## [૫૫]કૃષ્ણનામસહસ્ત્રસ્ય વક્તા

**(રાગ : ભૈરવ)**

**કૃષ્ણનામસહસ્ત્રસ્ય વક્તાકે ગુન ગાઈયે ।।**
**બિનુ સાધન યા કલિયુગમેં અષ્ટમહાસિદ્ધિ પાઈયે ।। ૧ ।।**
**અન્ય ધ્યાન સબ છાંડિ શ્રીવલ્લભકૌં ઉર લાઈયે ।।**
**હરિવદનાનલકી મહિમા કાહૂસોં ન જનાઈયે ।। ૨ ।।**
**સુભગ મૂરતિ પદસરોજસોં અપની લગન લગાઇયે ।।**
**કહત 'ગોવિન્દ' કર જોરિ વિનંતી ઈનહિંકૌં જુ સુનાઈયે ।। ૩ ।।**

***

પુષ્ટિમાર્ગમાં એકમાત્ર શ્રીકૃષ્ણ જ ફલરૂપ છે. શ્રીઆચાર્યજીએ શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે શ્રીમદ્‌ભાગવતમાંથી એક હજાર નામ સંક્ષિપ્ત રૂપે પ્રગટ કર્યા. આ નામોના પ્રકાશ કરી આપે પુષ્ટિમાર્ગની ફલાત્મક ભક્તિનું જ્ઞાન સ્વકીયજનોને કરાવ્યું. આવા ફલરૂપ ભગવન્નામનો ઉલ્લેખ આજ પર્યંત કોઇ પંડિત અથવા તો અન્ય આચાર્યોએ કર્યો નથી. જો કે વૈશંપાયન આદિ મહાપુરુષોએ ભગવાનના એકહજાર નામો કહ્યા છે. પરંતુ આ નામોની અન્ય પુરાણોમાંથી સંકલના કરી છે. સ્વયં ભગવદ્‌સ્વરૂપ

શ્રીભાગવતમાનાં નામો તો કેવળ શ્રીઆચાર્યજીએ જ પ્રગટ કર્યા છે. આ નામો ભાગવતમાં વર્ણવેલી ભગવાનની દશવિધ લીલાયુક્ત હોવાથી ફલસ્વરૂપ છે. આનાથી આપનું ભાગવત સ્વરૂપના જ્ઞાન સંબંધી પાંડિત્ય પણ પ્રગટ થાય છે. એટલા માટે જ આપને વિબુદ્ધેશ્વર કહેવામાં આવે છે.

શ્રીઆચાર્યજીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજી માટે આ ''પુરુષોત્તમ સહસ્ત્રનામ'' પ્રગટ કર્યા છે. કેમ કે શ્રી ગોપીનાથજીનો એવો નિયમ હતો કે સંપૂર્ણ ભાગવતનો પાઠ કર્યા સિવાય આપ ભોજન કરતા નહિં, અને આમ કરવામાં આપને ભોજનમાં બહુ જ વિલંબ થતો હતો. તેથી શ્રીઆચાર્યજીએ ભાગવતના ફલસ્વરૂપ પુરુષોત્તમસહસ્ત્રનામ નિર્માણ કર્યા જેમાં ભાગવતમાં નિરૂપણ કરવામાં આવેલ ભગવાનના તમામ સ્વરૂપો અને લીલાઓનો સાર નિર્માણ કરવામાં આવ્યો છે.

શ્રીકૃષ્ણનું જ્ઞાન એ જ વાસ્તવિક ફલ છે. અને આ ફલ ભાગવતથી જ પ્રાપ્ત થાય છે. આ ભાગવતનું સુક્ષ્મરૂપ પુરુષોત્તમસહસ્ત્રનામમાં બિરાજે છે.

આ ભગવદ્‌લીલાનું સુક્ષ્મરૂપ આપશ્રીએ સુરદાસ આદિ સેવકોને પણ સમજાવ્યું. જે સાંભળવાથી સુરદાસ સુરસાગર નિર્માણ કરી શક્યા.

***

કૃષ્ણ જે મૂલરૂપ પૂર્ણપુરૂષોત્તમ તેમના એક હજાર નામ પ્રગટ કરવાવાળા આપ છે.

ત્યાં આ શંકા થાય કે શ્રીઠાકોરજીના હજાર નામ તો વૈશમ્પાયન વગેરે એ પણ કર્યા છે? ત્યાં કહે છે; અને આપે તો ફલરૂપ, શ્રીભાગવતમાં જેમનું નિરૂપણ છે એવા, પૂરણપુરૂષોત્તમના લીલા સહિત નામોનું નિરૂપણ કર્યું છે; બીજા કોઇ નથી કહ્યા. તેથી આ નામ કહ્યું.

દશ પ્રકારની લીલાઓથી વિશિષ્ટ શ્રીકૃષ્ણના હજાર નામોનું કથન કેમ આવશ્યક હતું તે કહે છે :

## [૫૬] ભક્તપરાયણઃ **પર + અયન** = પરાયણ

**(રાગ : કલ્યાન)**

**ભક્તપરાયણ ભૂતલ પ્રગટે ।।**

**નિજજનકે કલિકાલ ઘોરમેં બિનુ સાધન અબ મહા-અઘ કટે ॥ ૧ ॥**
**યહ છબિ અબહિ બનિ આઈ ભરિ ભરિ નૈનન નિરખૌં ॥**
**સુભગ મૂરતિકૌ રૂપસુધામૃત પાન કરૌં હૃદયમેં રખૌં ॥ ૨ ॥**
**સુજસ સુનૌં નામ કીર્તનકૌ સુમરહુ આઠૌં જામ ॥**
**'ગોવિન્દ' શ્રીવલ્લભ પર લૈ વારૌં કોટિક કામ ॥ ૩ ॥**

***

ભક્તોમાં શ્રીકૃષ્ણની ફલાત્મક ભક્તિ કેમ વધે તેના પ્રયત્નમાં શ્રીઆચાર્યજી નિરંતર તત્પર રહે છે. અને તેથી ભક્તોનું હિત કરવામાં આપ પરાયણ છે. આપે જે ગ્રંથો નિર્માણ કર્યા તેનું તાત્પર્ય **''રૂપનામભિવેદેન જગત્ ક્રીડતી ચોયતઃ ।''** (નિબંધ) છે. ભગવત્સ્વરૂપ અને ભગવન્નામ બંને એક જ રૂપ છે. આમાં કોઇ જાતની ન્યુનાધિકયતા નથી. અને તેથી રૂપની સાથે સેવાનું નિરૂપણ અને નામની સાથે ગ્રન્થોનું નિર્માણ આપશ્રી કર્યું.

**''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દ્રઢા ભવેત્''** સેવા અથવા કથા આપના બન્ને પ્રકારથી ભગવદ્આસક્તિ દ્રઢ કરવા માટે સેવકોને ઉપદેશ કર્યો. સેવા માર્ગ પ્રગટ કરી, સેવકોને ભગવદ્સ્વરૂપની સેવામાં જોડયા અને ગ્રંથોની રચના કરી. જેમ કે શ્રીગોપીનાથજી માટે પુરુષોત્તમસહસ્ત્રનામ, સુરદાસજી માટે ભાગવતઅનુક્રમણિકા વિગેરે.

આવી જ રીતે અન્ય વૈષ્ણવો માટે પણ અનેક ગ્રંથોની રચના કરી છે. તેઓને ફલરૂપ કૃષ્ણનું સ્વરૂપ લીલા-વિગેરેનું જ્ઞાન કરાવ્યું છે. જેમ કે ગડુ સ્વામી માટે આપે ભાગવતદશમસ્કન્ધ લીલાઓ ના ચિન્તવન માટે **''ત્રિવિધનામાવલી''** ની રચના, રાણાવ્યાસ માટે પુષ્ટિભક્તિના ચતુર્વિધ પુરુષાર્થનું સ્વરૂપ સમજાવવા **''ચતુઃશ્લોકી''** ગ્રન્થની રચના કરી.

***

જો શ્રીઆચાર્યજીએ શ્રીકૃષ્ણના એક હજાર નામ પ્રગટ ન કર્યા હોત તો સેવકોને શ્રીભાગવતના અર્થનું જ્ઞાન ન થાત! ત્યારે આપ જીવોનું હિત કરવાવાળા પણ ન કહેવાત. અને જ્યારે આ હજાર નામ પ્રગટ કર્યા ત્યારે બધા સેવકોએ શ્રીભાગવતનો અર્થ જાણ્યો. ત્યાર પછી ભક્તોને જ્ઞાન થયું

અને ફલ સિદ્ધ થયું છે. આ બતાવવા માટે આ નામ કહ્યું.

ત્યાં હવે તેથી પણ આગળ પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગનું આચરણ બતાવવા માટે આપનું નામ કહે છે :

## [૫૭]ભક્ત્યાચારોપદેશાર્થ- નાના-વાક્ય નિરૂપકઃ

**ભક્તિ + આચાર + ઉપદેશ + અર્થ** = ભકત્યાચારોપદેશાર્થ

**(રાગ : કેદારો)**

**ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપક**
**વચનામૃત સ્રવન સુનત મૃત જિવાએ નિજજન ||**
**અંઘ્રિસરોરૂહ હૃદય ધરૌં ઔર સબ પરિહરૌં**
**ચિત ચિન્તન કરૌં સુજસ સુનૌં સ્રવન || ૧ ||**

**જૈસી તુમ કૃપા કરી વૈસી કોઉ કરૈ નાંહી**
**બિન સાધન કલિમેં ઉદ્ધારે અધમન ||**
**સુભગ મૂરતિ બિન ઔર ન સુહાત કછુ**
**પ્રેમ ઉદધિ મધ્ય મગન ભયો મન || ૨ ||**

**મનુષ્ય દેહ પાઈકૈ શ્રીવલ્લભકે શરણ બિના**
**કોટિક સાધન કીને વૃથા હોત આયુષધન ||**
**દૈવીજન જીવન શ્રીવલ્લભપદરજધન**
**શ્રી વિઠ્ઠલ કરૂણાતૈં રાખહુ 'ગોવિન્દ' પ્રન || ૩ ||**

***

પહેલા કહી આવ્યા છીએ કે શ્રીઆચાર્યજી પોતાના ભક્તિમાર્ગના આચારરૂપ સેવાના ઉપદેશ માટે આપશ્રી અનેક પ્રકારના વાક્યો, ગ્રન્થોનું નિરૂપણ સેવકો માટે કરે છે. આ ગ્રન્થોમાં સેવાના અંગરૂપ સમર્પણથી માંડી તમામ તત્ત્વોનું નિરૂપણ આપશ્રીએ કર્યું છે.

શ્રીઆચાર્યજીએ દામોદરદાસ હરસાનીને **''સિદ્ધાન્ત રહસ્ય''** નો

ઉપદેશ કર્યો. ગોવિંદદુબેને **''નવરત્ન''** તથા પદ્મનાભદાસને **''ભાગવતાર્થ નિબંધ''** સમજાવ્યો.

***

ભક્તિમાર્ગનું આચરણ જે સેવા વિગેરે તેના ઉપદેશ માટે નવરત્ન, ભક્તિવર્ધિની વિગેરે ગ્રન્થ પ્રગટ કર્યા છે એવા શ્રીમહાપ્રભુજી આપ છે.

પહેલાં જોકે ''ભકત્યાચારોપદેષ્ટા'' નામ કહ્યું છે પણ ત્યાં માત્ર આચારનો ઉપદેશ કરવાવાળા કહ્યા છે. આ નામમાં તેથી અધિક આચારનું નિરૂપણ કરવાવાળા ગ્રન્થોના ઉપદેશક આપને કહ્યા છે. તેથી પુનરૂક્તિ દોષ ન વિચારવો ।।૨૦।।

***

**[૫૮]સ્વાર્થોજ્જિઝતાઽખિલપ્રાણ-પ્રિયસ્ [૫૯]તાદ્રૃશવેષ્ટિતઃ ।।**
**[૬૦]સ્વદાસાર્થકૃતાશેષ સાધનઃ [૬૧]સર્વશક્તિધૃક્ ।।૨૧।।**

હવે કહે છે આપના સેવકોએ ભક્તિમારગના આચાર જાણીને, આનંદયુક્ત થઈને શું કર્યુ? તે કહે છે :

## [૫૮]સ્વાર્થોજ્જિઝતાઽખિલપ્રાણ-પ્રિયઃ

**સ્વ + અર્થ + ઉજ્જિઝત + અખિલ** = સ્વાર્થોજ્જિઝતાખિલ

**(રાગ : સામેરી)**

**સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિય તુમ કરિ કૃષ્ણ સેવાફલ દીનોં ।।**
**સાધનતેં સુપને જાનૈ સો સબ નિજ પ્રમેયબલ કીનોં ।। ૧ ।।**

**યહ બિધિ અબહિ બની આઈ સો સબ દૈવી સૃષ્ટિ મનભાઈ ।।**
**સેવા કરિકૈ આપ સિખાઈ જો નિગમ પુરાનમે કહૂં ન બતાઈ ।। ૨ ।।**

**શિવ સનકાદિ સુરેશ ચતુરાનન કરિ સમાધિ કછુ ન પાયે ।।**
**સો શ્રીવિઠ્ઠલ કરૂણાતૈં 'ગોવિન્દ' આનન્દ મગન હવે સદા ગુન ગાએ ।। ૩ ।।**

***

જે સેવકોએ લોક-વેદ-આલોક-પરલોક આદિ સમસ્ત સ્વાર્થોનો વાસના સહિત પરિત્યાગ કર્યો છે, એવા સેવકો શ્રીઆચાર્યજીને પ્રાણથી પણ વધારે પ્રિય છે. એટલા માટે નિજજનોના હિતાર્થે આપશ્રી આટલો પરિશ્રમ લઇ ગ્રન્થો નિર્માણ કરો છો. જેના દ્વારા પુષ્ટિભક્તિના પરમફલ સેવા આચારનું જ્ઞાન કરાવી શ્રીઆચાર્યજી સેવકોને શ્રીકૃષ્ણાનંદનો અનુભવ કરાવે છે.

એક વખત શ્રીઆચાર્યજી ગોકુલથી અડેલ પધારતા હતા. રસ્તામાં એક વેપારી આપશ્રીનો સંગાથ સમજી ચાલતો હતો. પણ પાછળ રહી જવાથી માર્ગમાં ચોરલોકોએ તેને લૂંટી લીધો. આપશ્રી રસ્તામાં કન્નોજમાં રોકાયા. તે દરમ્યાન તે વેપારી રોતો રોતો આપશ્રીના મુકામે આવ્યો. શ્રીઆચાર્યજી ભોજન કરવા પધાર્યા હતા. પદ્મનાભદાસજીએ આપશ્રીના ભોજનમાં વિલંબ અને અંતરાય ન થાય તે હેતુથી એક શાહુકારને ખતપત્રમાં પોતાનો ધર્મ ઘરાણે લખી દ્રવ્યનું કરજ લઇ તે વેપારીને ચુકવીને વિદાય કર્યો.

આ પ્રકારે ધર્મી-સ્વરૂપ શ્રીઆચાર્યજી માટે ધર્મને ઘરાણે મૂકી પોતાના સ્વાર્થનો ત્યાગ કરી કેવલ શ્રીઆચાર્યજીના સુખનો જે વિચાર કરે છે તે ભક્તો આપને પ્રાણથી વધારે પ્રિય છે. આવા ભક્તો માટે આપ ઉપદેશનો પરિશ્રમ કરે તે સાર્થક છે.

નિજ અંતરંગ સેવકોના ઉદ્ધારાર્થે આપશ્રી પ્રાણપ્રેષ્ઠ શ્રીઠાકોરજીનો વિપ્રયોગ સહન કરીને ભુતલ ઉપર પધાર્યા. લીલા સૃષ્ટિમાં પધારવા ભગવાનની બે વખતની આજ્ઞાનું પાલન ન કર્યું. સર્વોત્તમજીના ધોળમાં વર્ણન છે.

**જેને પામવાને છોડયા પ્રાણથી પ્રિયે**
**એવા ભક્ત સમાજ બિરાજે શ્રીયે**

આપશ્રીનો પણ અંતરંગ સેવકો માટે આ મહાત્યાગ છે.

***

શ્રીઆચાર્યજીની સેવાને માટે અને પોતાના ઉદ્ધાર માટે ભક્તિમાર્ગથી વિરોધી બધી વસ્તુઓ જેમણે છોડી છે એવા સેવકોને આપ પ્રાણથી પણ પ્રિય છે.

શ્રીઆચાર્યજી પોતાના સેવકોને પ્રાણપ્રિય છે તે કેમ જાણી શકાય? તે બતાવવા માટે આ નામ કહે છે :

## [૫૯] તાદ્રૃશ-વેષ્ટિત :

(રાગ : ગૌડી)

**હે તાદ્રૃશવેષ્ટિત ! હૌં જન તિહારૌ ।।**
**સાધનહીન બલહીન જાનિ જિય ભય ઉપજત હૈ ભારૌ ।। ૧ ।।**
**તપ સ્વાધ્યાય વૈરાગ્ય જોગ-જ્ઞાન બલ ભક્તિ રહિત પર નૈક તિહારૌ ।।**
**તજિ નિજધામ અવનીતલ પ્રગટે અપની પ્રતિજ્ઞા આપુ પ્રતિપારૌ ।। ૨ ।।**
**ઐસી કબહુ ભઈ સુનિયત નહિં બિન સાધન સબ જગત ઉદ્ધારૌ ।।**
**યહ સુનિ સરન તિહારે આયો રંક 'ગોવિન્દ'કોં કહૌ હમારૌ ।। ૩ ।।**

***

પોતાના સમસ્ત સ્વાર્થનો ત્યાગ કરવાવાળા સેવકોથી શ્રીઆચાર્યજી સદા વિટંળાયેલા રહે છે. આવા સેવકો શ્રીઆચાર્યજીની નિકટ રહી આપશ્રીના મુખચંદ્રના ચકોરવત્ દર્શન કરે છે. અને કથા રૂપી સુધાનું પાન કરે છે. અને સદા આપશ્રીની સેવામાં પ્રવૃત રહે છે.

શ્રીઆચાર્યજીની સેવામાં સદા રહેવાવાળાઓમાં દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, માધવભટ્ટ કાશ્મીરી, યાદવેન્દ્રદાસ કુંભાર, વાસુદેવદાસ છકડા વિગેરે.

***

શ્રીઆચાર્યજીની સેવાને માટે બધી વસ્તુ છોડી છે એવા જે સેવક છે તેમનાથી આપ હંમેશા ઘેરાયેલા જ રહે છે એવા આપ છે.

હવે કહે છે કે બ્રાહ્મણ વગેરે સેવક જ્યારે આસક્તિથી પ્રભુ સેવા કરે છે ત્યારે તેમને કર્મ કરવાનો સમય તો નહીં મળતો હોય! ત્યાં કહે છે તે દોષો આપ જ દૂર કરે છે. આ બતાવવા કહે છે :

## [૬૦]સ્વ-દાસાર્થ-કૃતાઽશેષ-સાધન :

**દાસ + અર્થ** = દાસાર્થ **કૃત + અશેષ** = કૃતાઽશેષ

**(રાગ : મલ્હાર)**

**સ્વદાસાર્થકૃતાશેષસાધન તુમપર લૈ સર્વસ્વ વારિ ડારૌં ॥**
**તીનહું લોકમેં તિહારી બાતકો**
**મરમ કો જાનત યહ મન બચન કર્મ નિર્ધારૌ ॥ ૧ ॥**

**તિહારી ચરનરજ હૈ અતિ પાવન**
**પરસત તનકૌ કટત અઘ ભારૌ ॥**
**મંદમતિ મંદભાગ્ય કોટિ ઉપદ્રવ હૈં કલિમેં**
**સાધન ષટ્ નષ્ટ ભએ સબ પાવત નહિં ભવપારૌ ॥ ૨ ॥**

**મહિમામૃત પાન જિન સબ સાધન તજિ કિયો**
**શરનાગતનકી પલકનિસૌં મગ ઝારૌં ॥**
**'ગોવિન્દ' પ્રભુ નવઘન વરષા કરિ**
**અંતર તાપ મિટાઈ અપની પ્રતિજ્ઞા પારૌ ॥ ૩ ॥**

***

જે સેવકો આપના શરણમાં આવે છે તેઓના અશેષ એટલે કે લૌકિક, વૈદિક, અલૌકિક તમામ સાધનોમાં દેહ સંબંધી લૌકિક કાર્યો ધર્મ સંબંધી વૈદિક કાર્યો અને સેવા સંબંધી અલૌકિક કાર્યો સર્વે આપ જ પૂર્ણ કરો છો.

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥** *(ભ.ગીતા. ૯/૨૨)*

શ્રીઆચાર્યજી ભગવાનના મુખારવિન્દનો અવતાર હોવાથી ભગવાનની આ પ્રતિજ્ઞા પોતેજ પૂર્ણ કરે છે. સિહનંદના એક સ્ત્રી પુરુષ બાલ્યકાળથી જ વૈરાગ્ય દશામાં રહેતા હતાં. તેઓ બન્ને દેહત્યાગ માટે ભૂમિ ઉપર સુવે, ફલાહાર કરે, કોઇ વાર એકલા જલ ઉપર રહે, નિર્જલા એકાદશી કરે. આવા કષ્ટસાધ્ય વ્રતો કરતા હતા. તેઓનો મનોરથ આદેહથી જ, આ જન્મમાં શ્રીઠાકોરજી બોલે અને અનુભવ જતાવે એવો હતો. આ બન્ને વૈષ્ણવોને આપશ્રીએ શરણે લઇ

લૌકિક અને અલૌકિક સકલ મનોરથો પૂર્ણ કર્યા.

***

જે સેવક પ્રભુસેવામાં આસક્ત થઇને સેવા કરે છે તેને પોતાના (વર્ણાશ્રમના) કર્મનો સમય તો નથી મળતો, ત્યારે દોષ લાગે છે, તેથી આપ જ કર્મનો સમય મેળવે છે. તેના વડે તે દોષ દૂર કરે છે.

હવે કહે છે કે ભગવદ્ભક્તને કર્મ કરવાનું શું કામ? કર્મ શા માટે ન છોડી દેવા?તો આ સંદેહ દૂર કરવા માટે કહે છે કે આપ કર્મ કરે છે તેના વડે એ બતાવ્યું કે હું પણ કર્મ કરૂં છું. તેથી કોઇએ કર્મને છોડવા નહિં, સેવા કરીને જ્યારે અવકાશ મળે ત્યારે કર્મ કરો, આ ઉપદેશ આપે છે.

ત્યાં આ શંકા થાય કે શ્રીઆચાર્યજી કર્મનો સમય સાંચવીને જીવોના દોષ કેવી રીતે દૂર કરતાં હશે? ત્યાં કહે છે :

## [૬૧]સર્વ-શક્તિ-ધૃક્

(રાગ : ગૌડી)

**સર્વશક્તિધૃક્ શ્રીવલ્લભ ગતિ પરત ન જાની ||**
**શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર પુરાનમેં અતિ ગોપ્ય કોઉ જાનત નહીં**
**શ્રીહરિ સ્વાસ્ય પ્રગટ કરિ કલિમેં બખાની || ૧ ||**

**આસુર જીવ પ્રતારનકોં કીનોં**
**માયાવાદ મારગ ભૂતનાથદ્વારા તામેં મોહે અજ્ઞાની ||**
**જૌલૌં ઉદયો વલ્લભ ભાનુ તૌલૌં ભૂતલ તિમિર બાઢૌ**
**અબ ઉજાસ શ્રુતિ પ્રકાસ કિએ કૃતારથપ્રાની || ૨ ||**

**માયાવાદ મત્તગયંદ વલ્લભ સિંહ પ્રગટ સુનિકેં**
**ઉપજ્યૌ ત્રાસ ભયૌ ઉપહાસ ભાગે અતિ અભિમાની ||**
**શ્રીવિઠ્ઠલ પ્રતાપબલતૈં ગુન ગાવત 'ગોવિન્દ' જન**
**પુષ્ટિપ્રભુકી ગતિ સબહિં મન માની || ૩ ||**

***

જેવી રીતે પ્રભુમાં અનંત શક્તિઓ મૂર્ત રૂપે બિરાજેછે તેવી રીતે શ્રી આચાર્યજીમાં પણ સર્વશક્તિઓ અખંડ વિદ્યમાન છે. શ્રીઆચાર્યજી

ભગવાનના શ્રીમુખનો અવતાર હોવાથી જેટલા ધર્મ અને શક્તિઓ પ્રભુમાં છે. તે તમામ ધર્મ અને શક્તિઓ આપશ્રીમાં છે. આ શક્તિઓમાં શ્રી, પુષ્ટિ, ગિરા, કાન્તા, આદિ મુખ્ય બાર શક્તિઓ છે. જેમાં 'શ્રી' ઇચ્છા સ્વરૂપ છે, 'પુષ્ટિ' પોષણ શક્તિ રૂપ છે. 'ગિરા' વાણી શક્તિરૂપ છે. આ રીતે તમામ શક્તિઓ ધારણ કરવાવાળા શ્રીઆચાર્યજી છે. તેથી આપશ્રી પોતાના ભક્તોને લૌકિક, વૈદિક અલૌકિક સકલ સાધનોની સિદ્ધિ કરાવી દે તો તેમાં આશ્ચર્ય જેવું કંઇ નથી.

આપશ્રી જ્યાં તિર્થો, દેવાલયોમાં પધારતા હતા, ત્યાંના દેવતાઓ આપના સન્મુખ થતાંમાં જ આધિદૈવિક રૂપમાં પ્રગટ થતા હતા. શ્રીરંગ, વરદરાજ સ્વામી, વ્યંક્ટેશ, રામ, નૃસિંહ, ગંગા, નર્મદા,મહાકાલેશ્વર વિગેરે સર્વ ભગવદ્ વિભુતીઓ સાક્ષાત્ દેહ ધારણ કરી આપને મલ્યા છે. આપશ્રીની કથાનું પણ આ દેવતાઓએ શ્રવણ કર્યું છે.

આપશ્રીને ઇચ્છાશક્તિરૂપ શ્રીસ્વામિનીજીનો સાક્ષાત્કાર રાધાકુંડ ઉપર થયો હતો. પુષ્ટિશક્તિરૂપ શ્રીયમુનાજીનો ગોકુલમાં અને ગિરા શક્તિરૂપ સરસ્વતી તથા ગંગાજી વિગેરેનો સાક્ષાત્કાર તે તે સ્થાનોમાં થયો હતો. આ આપશ્રીનું સર્વશક્તિ સમ્પન્ન રૂપ છે.

***

શ્રીઆચાર્યજી સર્વશક્તિમાન છે તેથી સર્વ શક્તિઓનો નિગ્રહ કરવા માટે સમર્થ છે.

આપ સાધન વડે સેવકોના દોષ કેવી રીતે નિવૃત્ત કરતાં હશે એવી શંકા ન કરવી. કેમ?તો આપ સર્વશક્તિમાન છે તેથી સર્વશક્તિઓનો નિગ્રહ કરવામાં સમર્થ છે ।।૨૧।।

***

**[૬૨]ભુવિ ભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત [૬૩]પિતા ।।**
**[૬૪]સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ [૬૫]સ્મયાપહઃ ।।૨૨।।**

હવે કહે છે કે આપે વિચાર્યું કે પોતાની પ્રાકટ્ય અવસ્થામાં બધાને ઉપદેશ દ્વારા ભક્તિમાર્ગનો પ્રચાર તો કર્યો છે પરંતુ આગળ મારી પરોક્ષ

સ્થિતિમાં ભક્તિમાર્ગનો પ્રચાર જીવોમાં કેવી રીતે થશે? આમ વિચારીને શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઇજીને પ્રગટ કર્યા. તે કહે છે :

## [૬૨] ભુવિ ભક્તિ-પ્રચારૈક-કૃતે સ્વાન્વય-કૃત્

**પ્રચાર + એક** = પ્રચારૈક **સ્વ + અનુ + અય**= સ્વાન્વય

**(રાગ : ઈમન)**

**ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ ||**
**દૈવીજન ઉદ્ધારનકોં દ્વિજવર-વપુધૃત્ || ૧ ||**

**બ્રહ્મસમ્બન્ધ કરાઇ કીનોં પંચદોષ-નિવર્તન ||**
**સ્વસિદ્ધાન્ત સુનાઈકેં કીનોં પુષ્ટિભક્તિ પ્રવર્તન || ૨ ||**

**કલિમેં બહુ કૃતારથકીનેં દીની હરિકી સેવા ||**
**'ગોવિન્દ' પ્રભુ શ્રીવલ્લભ સબ દેવનકૌ દેવા || ૩ ||**

***

ભૂતલમાં ભક્તિનો પ્રચાર (વિસ્તાર) કરવા માટે જ ભગવદાજ્ઞાથી આપશ્રીએ પૃથ્વી ઉપર પોતાના વંશનો વિસ્તાર કર્યો.

જ્યારે શ્રીઆચાર્યજી બીજી પૃથ્વી પરિક્રમા કરતા પંઢરપુર પધાર્યા ત્યારે ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીએ આપને લગ્ન કરવાની આજ્ઞા કરી.

**''કરી વિવાહ બહુરૂપ દિખાવો, મેરો નામ સુવન કો ધરાવો''**

*(મૂલ પુરુષ)*

**''દક્ષિણ પ્રભુ પાઉ ધારીયા પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ**
**અમને તો ઈચ્છા એહ છે જે હું નંદન તમે તાત''**

*(શ્રીવલ્લભાખ્યાન)*

અને કહ્યું કે હું પુત્રરૂપે આપને ત્યાં અવતરીશ. જો કે શ્રીઆચાર્યજી મહાત્યાગી છે, છતાં ભગવદ્આજ્ઞાનું ઉલ્લંઘન ન થઇ શકે તેટલા માટે આજ્ઞાના પાલનાર્થે સંવત ૧૫૫૯માં કાશીમાં આત્રેય ગોત્રી દેવભટ્ટની સુપુત્રી શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન કર્યું. જેનાથી સંવત ૧૫૬૮ના

આસોવદી-૧૨ના રોજ પ્રથમપુત્ર શ્રીગોપીનાથજીનો અડેલમાં જન્મ થયો. આપશ્રીએ શ્રીગોપીનાથજીને આચાર્ય અભિષેક પોતાની આજ્ઞાથી કરાવ્યો હતો. સંવત ૧૫૭૨ પોષ વદી-૯ ના દિવસે બીજા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય ચરણાટમાં થયું. શ્રીગોપીનાથજી પછી આચાર્યપદે શ્રીવિઠ્ઠલનાથજી બિરાજ્યા.

આ રીતે ભક્તિના વિસ્તાર માટે આપે આપના વંશનો વિસ્તાર કર્યો.

***

આગળ ભૂમિ ઉપર ભક્તિમાર્ગના પ્રચાર માટે આપના પુત્ર શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઇજીને પ્રગટ કરવાવાળા છે તેથી એવા આપ પરમ દયાળું છે.

વિદ્યાદાતા, આશ્રયદાતા, ભયમુક્ત કરવાવાળા પણ પિતાતુલ્ય કહેવાય છે તો આવા પ્રકારાન્તરના પિતૃત્વનું વારણ કરવા માટે આગળનું નામ કહે છે :

## [૬૩] પિતા

(રાગ : કલ્યાન)

**દૈવી જીવનકો શ્રીવલ્લભ બિન ઔર ન કોઉ પિતા ||**
**તીનિ લોકમેં સુર નર મુનિ જન નહિં પાવત કછુ સમતા || ૧ ||**

**પુષ્ટિસૃષ્ટિ ઉદ્ધરનકોં કલ્પતરૂ પ્રસરી પ્રેમલતા ||**
**યહ વિવેક સમુઝે બિનુ મનકી મિટત નહીં ભ્રમતા || ૨ ||**

**શિવ વિરંચિ સચિપતિ મન લાજત દેખિ સબૈ પ્રભુતા ||**
**કહત 'ગોવિન્દ' શ્રીવલ્લભ-પદ બિન કહૂં ન નિર્ભયતા || ૩ ||**

***

જેને પુત્ર હોય તે પિતા બની શકે માટે 'પિતા' નામ કહેવામાં પુત્રોની સ્થિતિ અવશ્ય હોવી જોઇએ. જેથી શ્રીઆચાર્યજીએ પોતાના ઓરસ પુત્ર રૂપ અન્વય-વંશની ભૂતલ ઉપર એકમાત્ર ભક્તિના પ્રચાર માટે ઉત્પતિ કરી. આ ભક્તિના પ્રચારની જવાબદારી આપના વંશને સોંપી.

શ્રીઆચાર્યજીએ ફલાત્મક પુષ્ટિ ભક્તિના પ્રચારાર્થે પુત્રોત્પતિ માટે, પદ્મનાભદાસને શ્રીમહાલક્ષ્મીજીને પધરાવવા અડેલથી પ્રયાગ મોકલ્યા રાત્રિનો સમય હોવાથી ઘાટ ઉપર કોઇ નાવિક હતા નહિં જેથી ઠાકોરજી નાવિકનું રૂપ ધારણ કરી પદ્મનાભદાસને નાવમાં પ્રયાગ લઇ ગયા અને પાછા મહાલક્ષ્મીજીને અડેલ પધરાવી લાવ્યા. આ રીતે ભક્તિના ભાવિ પ્રચારમાં ભગવાનનો પૂર્ણ સહકાર છે અને તેથી શ્રીઆચાર્યજી, શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજી ના પિતા બન્યા.

***

શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઇજી- શ્રી ગોપીનાથજીના જનક પિતા છે.

ત્યાં આ શંકા થાય કે પિતાના સમાન જો પુત્ર ન થાય તો પિતાનું કાર્ય પુત્રથી કેવી રીતે થઇ શકે? તેથી શ્રીગુસાંઇજી આપ પિતાના જેવા ન થાય તો આગળ ભક્તિમાર્ગનો પ્રચાર કેમ થાય? તેથી હવે કહે છે :

## ૬૪ સ્વ-વંશે સ્થાપિતાશેષ-સ્વ-માહાત્મ્યઃ

**સ્થાપિત + અશેષ** = સ્થાપિતાશેષ

**(રાગ : બિભાસ)**

**સ્વવંશે સ્થાપિતાશેષમાહાત્મ્ય કરિકૈ જુ પ્રભુ**
**વસુધાતલ સુખ દૈ પુષ્ટિમારગ પ્રગટ કીનોં ।।**
**દ્વિજવર અવતાર ધર્યૌ બિનુ સાધન જગત ઉદ્ધર્યૌ**
**હરિસેવા કરિ સિખાઇ અભયદાન દીનોં ।। ૧ ।।**

**રાસરસિક મૂરતિ શ્રીવ્રજપતિકી લીલા સુજસ**
**નિસિ-વાસર ધ્યાન ધરત રહત હૃદય ભીનોં ।।**
**ચૌદહ વિદ્યા-નિધાન દ્વાવિંશત લક્ષન-જુત**
**ષડ્ગુન-સહિત ચતુહુ-ષષ્ટિ કલા-પ્રવીનોં ।। ૨ ।।**

**ઔર સબ ધ્યાન છાંડિ સરન ભયો મન વચન**
**કર્મ કરિ અપનૌ કરિ લૈ મન તાકે મિટ્યો અભિમાનોં ।।**
**'ગોવિન્દ'કોં સર્વસ શ્રીવિઠ્ઠલ-પદરજધન**

**વલ્લભવરતેં સબૈ જગત લાગત હૈ હીનોં ।। ૩ ।।**

***

શ્રીઆચાર્યજીએ પોતાના વંશમાં અશેષમાહાત્મ્ય, સંપૂર્ણ મહાનતા ઐશ્વર્ય આદિની સ્થાપના કરી. જો આ પ્રમાણે પોતાનાવંશમાં, આવું અશેષમાહાત્મ્ય સ્થાપન ન કર્યું હોત તો પુષ્ટિભક્તિના પ્રચારનું સામર્થ્ય કાર્ય બન્યું ન હોત.

આ માટે શ્રીઆચાર્યજીએ પોતાના હાથે જ પોતાના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીને આચાર્યપદ આપ્યું. અને પોતાની સમક્ષજ બીજા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીને, નાગજીભટ્ટને નામનિવેદન દિક્ષા આપી સેવક કરવાની આજ્ઞા કરી. આ પ્રકારે પોતાના વંશ દ્વારા અશેષમાહાત્મયનું સ્થાપન આપશ્રીએ કર્યું.

***

શ્રીઆચાર્યજી આપ કેવા છે? તો પોતાનું બધું માહાત્મ્ય - બધા ધર્મો પોતાના પુત્રમાં રાખ્યા છે.તેથી જેવા શ્રીઆચાર્યજી આપ છે તેવા જ આપના પુત્ર છે. તેમનામાં ભેદ જાણવો નહિં.

હવે કહે છે કે શ્રીઆચાર્યજીએ આપે આપના પુત્રોમાં પોતાના બધા ધર્મ રાખ્યા આ ખૂબ આશ્ચર્ય છે! આ સંદેહ દૂર કરવા માટે કહે છે:

## [૬૫] સ્મયાપહઃ      **સમય + અપહ** = સ્મયાપહઃ

**(રાગ : ભૈરવ)**

**શ્રીસ્મયાપહકી ચરનરેંનુ પલકની કરિ ઝારોં ।।**
**મનભાવિની સુભગ મૂરતિ નૈંનનિતેં નિહારોં ।। ૧ ।।**

**આનન્દમય અનલવદન હૃદયસરોજ લાઊં ।।**
**અસદાલાપ અસત્સંગ ઔર સબે બિસરાઊં ।। ૨ ।।**

**તિહારે ચરનકમલ છાંડિ ઔર કહૂઁ ન જાઊં ।।**

**કહત 'ગોવિન્દ' તિહારૌ સુજસ જનમ ગાઊં ॥ ૩ ॥**

***

સ્મય એટલે કે વિસ્મય-આશ્ચર્ય; સ્મય એટલે જ્ઞાન માન-અભિમાન સ્મય એટલે ગર્વ, આ બધાનો શ્રીઆચાર્યજી નાશ કરે છે.

**''આત્મા વૈ જાયતે પુત્રઃ''** આ પ્રભાવને શ્રીઆચાર્યજીએ સંપૂર્ણરૂપે પોતાના વંશમાં કાર્યાન્વિત કરી બતાવ્યો. આપશ્રીએ પોતાના આત્માને જ પોતાના પુત્ર રૂપમાં પ્રગટ કરી પોતાનું અશેષમાહાત્મ્ય પુત્રમાં સ્થાપન કર્યું અને આ પ્રકારે ઉત્તરોત્તર શ્રીઆચાર્યજીનું માહાત્મ્ય સ્વવંશમાં ચાલ્યુ. તેમાં કોઇ આશ્ચર્યને સ્થાન નથી. શ્રીઆચાર્યજીના અશેષમાહાત્મ્યના કારણે સ્વવંશ પ્રત્યેનો ઇશ્વરભાવ જળવાઇ રહે તેટલા માટે પુષ્ટિદાસરૂપ શેષમાહાત્મ્ય દામોદરદાસ આદિ સેવકોમાં સ્થાપન કર્યું શ્રીઆચાર્યજીના સ્વધામ પધાર્યા બાદ શ્રીવિઠ્ઠલનાથજીમાં, યદ્યપિ શ્રીઆચાર્યજીનું સ્થાપિત માહાત્મ્ય હોવા છતાં સેવા-ભાવ-પ્રણાલિકા સમજવા માટે પોતે શ્રીઅક્કાજીને પુછ્યું. ત્યારે પોતાના કુળમાં ઐશ્વર્યનું અભિમાન ન આવે તે હેતુથી શ્રીઅક્કાજીએ કહ્યું કે આ બધો પ્રકાર શ્રીઆચાર્યજીએ દામોદરદાસને સમજાવ્યો છે. અને ગ્રન્થાદિનું જ્ઞાન આગ્રાના કનૈયાશાલ ક્ષત્રિયને દાન કર્યું છે. તમો તેમની પાસે જઇ સમજી લો. શ્રીગુસાંઇજી દામોદરદાસ પાસે પધારી સેવા-ભાવ-પ્રણાલિકા શીખી આવ્યા.

સેવકોમાં પણ શેષમાહાત્મ્યના દાસત્વનું અભિમાન અને આશ્ચર્ય દૂર કરવા શ્રીઆચાર્યજીના સ્વધામ પધાર્યા બાદ દામોદરદાસજી શ્રીગુસાંઇજી ના ચરણસ્પર્શ ચરણામૃત આદિ લેતા નહિં. તેથી દામોદરદાસને શ્રીઆચાર્યજીનો નિત્ય સાનુભાવ હોવાથી આપશ્રીએ પૂછ્યું કે ''તમો શ્રીવિઠ્ઠલનાથજીને કેવા સ્વરૂપે માનો છો ?' દામોદરદાસે કહ્યું કે ''આપના પુત્ર તરીકે'' ત્યારે આપશ્રીએ એ આજ્ઞા કરી કે ''શ્રીવિઠ્ઠલનાથજીને મારું સ્વરૂપ જાણજો'' ત્યાર બાદ દામોદરદાસ શ્રીગુસાંઇજીના ચરણ સ્પર્શ આદિ કરતા હતા.

આ રીતે આશ્ચર્ય અને અભિમાન બન્નેનું નિવારણ શ્રીઆચાર્યજી કરે છે.

મહારાસમાં ભગવાન પ્રગટ થયા ત્યારે આપના આખા મુખારવિંદનું વર્ણન ભાગવતમાં **''સ્મયમાનમુખામ્બુજઃ''** થી કરવામાં આવ્યું છે **''ભક્તાનાં દોષઃ ભક્તભ્યો નિર્ગતઃ ભક્તૌ સમાયાતી''** ભક્તોના દોષ તેમનામાંથી નીકળીને ભક્તિરૂપ મુખારવિન્દમાં જાય છે. શ્રીઆચાર્યજી શ્રીકૃષ્ણાસ્યં હોવાથી ભક્તોના દોષોનું આ રીતે અપહરણ કરે છે.

***

બધા આશ્ચર્યને દૂર કરવાવાળા શ્રીઆચાર્યજી આપ છે. તેથી આશ્ચર્ય ન કરવું. તેથી આ નામ કહ્યું ॥૨૨॥

**[૬૬]પતિવ્રતાપતિઃ [૬૭]પારલૌકિકૈ હિકદાનકૃત્ ॥**
**[૬૮]નિગૂઢહૃદયોડનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ[૬૯] ॥૨૩॥**

## [૬૬]પતિવ્રતાપતિઃ

**(રાગ : ઈમન)**

**પતિવ્રતાપતિ તુમ હૌ ॥**
**હૌં પતિવ્રતા દાસી તિહારી તુમ પતિવ્રત નિબહૌ ॥ ૧ ॥**

**સ્વર્ગ મૃત્યુ પાતાલ કે તુમ પતિ મતિ કોઊ ઔર કહૌ ॥**
**શ્રીવલ્લભ તુમ હૌ જુ જગતપતિ સદા મમ હિરદૈ રહૌ ॥ ૨ ॥**

**પરમ મહાનિધિ પાયે પુષ્ટિજન મતિ કોઊ આનિ લહૌ ॥**
**ભવસાગર બૂડત અપનોં કરિ 'ગોવિન્દ' બાંહ ગહૌ ॥ ૩ ॥**

વ્રત-નિયમ આદિ જે કંઇ છે તે સર્વસ્વ પતિમાં જ માને અને આચરણ કરે તે પતિવ્રતા કહેવાય. શ્રીઆચાર્યજીના પત્નિ શ્રીઆચાર્યજીનું સંપૂર્ણ રીતે પતિરૂપમાં જ સેવા ભજન કરવાવાળા છે. અને આવા પતિવ્રતાસ્ત્રીના આપ પતિ છે. વંશમાં ભિન્નતાની સંભાવના તો ત્યારે બને કે જ્યારે પતિ પત્નિના વિચારો, સ્વભાવમાં જુદા પણું હોય. જો સ્ત્રી પુરુષમાં ઐક્યની અસંભાવના હોય તો સંતતિમાં ભિન્નતા આવવી સહજ છે. જેવા શ્રીઆચાર્યજી શ્રીપુરુષોત્તમના મુખરૂપ આનંદરૂપ પૂર્ણ ઐશ્વર્ય સંપન્ન છે તેવા

જ આપના પત્નિ પરમાનંદરૂપ હોવાના કારણે પુત્રમાં પણ તેવી જ પૂર્ણતા ઉતરવી તે સ્વાભાવિક છે. ''પતિવ્રતાપતિઃ'' નામ કહેવાથી શ્રીઆચાર્યજીના સ્મયાપહઃ નામની પુષ્ટિ થાય છે. જેવી રીતે આપ શ્રીમહાલક્ષ્મીજીના પતિ છે તેવી રીતે આપશ્રી આપના અનન્ય સેવકોના પણ પતિ રક્ષક છે. **''સ વૈ પતિસ્યાદ્દકુતોભયઃ । સ્વયં સમન્તતઃ પાતિ ભયાતુરં જનમ્''** (શ્રીભાગવત)

આ રીતે ભક્તોની રક્ષા કરવાને કારણે આપશ્રી અનન્ય ભક્તોના પણ પતિ છે. સિહનંદના જીવણદાસ ક્ષત્રિ અને ઠઠ્ઠાના નારાયણદાસ લુહાણા બન્ને શ્રીઆચાર્યજીના અનન્ય સેવક હોવાથી આપશ્રીએ બંદીખાનેથી છોડાવી રક્ષા કરી. શ્રીઆચાર્યજી મહાલક્ષ્મીજીના પતિ તેમજ ભક્તોના અલૌકિક પતિ સ્વરૂપ છે.

સંત તુલસીદાસ કહે છે, **'પતિવ્રતા કે લક્ષણ આહિ, આન પુરુષ જગ સપને નાહિં'** શ્રીઆચાર્યજીની સર્વાત્મ દૃષ્ટિએ 'આગે કૃષ્ણ પીછે કૃષ્ણ ઈત કૃષ્ણ ઉતકૃષ્ણ જિતદેખું તિત કૃષ્ણમયીરી, અખંડ કૃષ્ણવત્ સર્વ આ એક જ આપની દૃષ્ટિ અને ભાવનાનો સ્થાયી વિષય હતો. આપશ્રીની દૃષ્ટિમાં શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈનું સ્થાન નથી. તેથી જ ત્રણેય વખતની પૃથ્વી પરિક્રમાના સકલ તિર્થોના દેવતાનું પુજન શ્રીકૃષ્ણના સ્વરૂપના જ દર્શન કરી કર્યું છે.

***

ત્યાં સંદેહ થાય કે આશ્ચર્ય ન કરવું અહિં કારણ કયું?ત્યાં કહે છે કે લોકમાં પુત્રના ગુણોમાં પિતા-માતાથી જે ઓછા દેખાય છે તે પિતા-માતા ના દોષથી. કયારેક પિતા નિર્દુષ્ટ હોય પરંતુ માતા દુષ્ટ હોય તેથી પણ પુત્રમાં દોષ આવે છે. પરંતુ અહિં તો શ્રીઆચાર્યજી આપ શ્રીઠાકોરજીના મુખારવિંદ રૂપ છે. અને આનંદરૂપ પણ છે. તેજ રીતે શ્રીઅક્કાજી પણ આનંદરૂપ છે. તેથી એમનાથી પ્રગટ થયેલાં શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી પણ શ્રીઆચાર્યજીના સમાન છે. આ જાણવું. અને લૌકિક માં પિતા-માતા ઉત્તમ હોવા છતાં પણ કયારેક પુત્ર ખરાબ થાય એવું જોવામાં આવે છે. ત્યાં જીવનું અદ્રષ્ટ નિમિત્ત જાણવું. તે તો શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીમાં સંભવે નહિં. તે શા માટે? તો અદ્રષ્ટ જીવને લાગે છે પણ

ઈશ્વરને ન લાગે. શ્રીગોપીનાથજી અને શ્રીગુંસાઈજી તો ઈશ્વર છે. તેથી જ શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી પિતાના સમાન છે, તેમનામાં ભેદ નથી.

હવે કહે છે જેમ લોકમાં પતિવ્રતા પત્નિનો પતિ પોતાની પત્નિ ઉપર અનુરાગ રાખે છે તેવી જ રીતે શ્રીમહાપ્રભુજી આપ ભક્તિમારગનું આચરણ કરવાવાળા પતિવ્રતાના પતિ છે અને તેમના ઉપર અનુરાગ રાખે છે.

આ રીતે શ્રીઆચાર્યજીના વંશની શ્રીઆચાર્યજી સાથે તુલ્યતાનું નિરૂપણ કરીને પોતાના જનોના ઐહિક-પારલૌકિક બધા ફલ આપવાવાળા પણ આપ જ છે તે કહે છે :

## [૬૭]પારલૌકિકૈહિક-દાન-કૃત્

**પારલૌકિક +ઐહિક** = પારલૌકિકૈહિક

**(રાગ : નટ)**

**પારલૌકિકૈહિકદાનકૃત્ ચિત્ત ધરૌ ||**
**અન્ય આલાપ સબ વૃથા જિય જાનિકેં**
**સુભગ મૂરતિ સુજસ ગુનગાન કરૌ || ૧ ||**

**સુખદ સેવા કરૌ ઔર સબ પરિહરૌ**
**સ્ત્રવન કીર્તન કરૌ આઠૌ જામ ||**
**ચિત્ત ચિંતન કરૌ હોત હૈ પરમસુખ**
**સુનત હૈં શ્રીવલ્લભ પૂરનકામ || ૨ ||**

**નામમહિમા નહીં પ્રકટ ભૂલોકમેં**
**શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર પુરાન ગૂઢ ||**
**કહત 'ગોવિન્દ' જન સૃષ્ટિ દૈવી બિના**
**ઔર જાનત નહીં અસુર મૂઢ || ૩ ||**

***

આપશ્રીએ જગદીશપુર પાસે રહેતા નરહરિદાસ ગોડીયા બ્રાહ્મણને ઐહિક અને પારલૌકિક બન્નેનું દાન કર્યું હતું. સમુદ્રમાંથી દ્રવ્ય અપાવીને

લૌકિક દાન કર્યું હતું. સમુદ્રમાંથી મદનમોહનજીનું સ્વરૂપ પ્રાપ્ત કરાવી પારલૌકિક દાન કરી આપશ્રીએ પોતાનું સામર્થ્ય જણાવ્યું હતું. કાશીના શેઠ પુરૂષોત્તમદાસને તેઓ ઘરનો પાયો ખોદતાં કરોડો રૂપિયાની સંપત્તિ, વૃદ્ધાવસ્થા થવા છતાં નવયૌવનનું ઐહિક, ભૌતિકદાન, મહાદેવજી તેઓને ઘેર પધારી મહાપ્રસાદની યાચના કરે તે ઐહિક આધ્યાત્મિક દાન, અને નંદમહોત્સવના ઉત્સવમાં નંદરાયજી જશોદાજી, ગોપીગ્વાલ સાક્ષાત્ સ્વરૂપાત્મક પધાર્યા એ ઐહિક આધિદૈવિક દાન શ્રીઆચાર્યજીએ કર્યું હતું. અને પારલૌકિક દાનમાં તો શેઠના સેવ્યસ્વરૂપ શ્રીમદનમોહનજીની સેવામાં શેઠને શ્રીમહાપ્રભુજીના રસાત્મક સ્વરૂપનો નિરંતર અનુભવ થતો હતો. અન્ય ભક્તોને પણ આપશ્રીએ બન્ને પ્રકારના દાન કર્યા છે.

***

ભગવત્સમ્બન્ધ જેથી સિદ્ધ થાય એવા ઐહિક અને પારલૌકિક ફલનું દાન કરવાવાળા શ્રીઆચાર્યજી છે.

અદષ્ટ વિગેરેથી (અથવા ભગવત્સંબંધ રહિત લૌકિક વિચારથી કરવામાં આવતાં ધર્મ વગેરે પુરૂષાર્થથી) જે સ્ત્રી - પુત્ર - ધન વિગેરે પ્રાપ્ત થાયછે તે શ્રીઠાકોરજીના સંબંધી નથી હોતા. અને શ્રીમહાપ્રભુજી આપ (ભક્તિમાર્ગીય પુરૂષાર્થનું ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની, નિરોધલક્ષણ, નિબંધ વિગેરે ગ્રંથદ્વારા ઉપદેશ આપીને અલૌકિક ભગવત્સંબંધી ધર્મ વગેરે પુરૂષાર્થથી) જે દાન કરે છે તો તેનો વિનિયોગ શ્રીઠાકોરજીમાં થાય છે, તે ભગવદીય બને છે. અને જો કોઇ એમ કહે છે કે ઉત્તમ અદૃષ્ટ (પુણ્ય)થી તીર્થવાસ થાય અને તે તીર્થમાં જ મરણ થાય ત્યારે ઉત્તમ પારલૌકિક ફલ મળે છે, એવી જ રીતે ઉત્તમ અદૃષ્ટથી પશુ-પુત્રાદિરૂપ એહિક ફલ પણ મળે છે. તો તેનું સમાધાન એમ જાણવું કે ભગવત્સંબંધ જેનાથી સિદ્ધ થાય એવું એહિક અને પારલૌકિક ફલ તો શ્રીઆચાર્યજી જ આપી શકે છે.

આવું ફલ શ્રીઆચાર્યજી કયારે આપશે? અને કેવા પ્રકારે આપશે? આ સંદેહ દૂર કરવા માટે કહે છે :

### [૬૮] નિગૂઢ-હૃદય :

**(રાગ : રામશ્રી)**

**નિગૂઢ હૃદય શ્રીવલ્લભ વ્રજેશ ||**
**સુજસ શ્રવણ સુનત હોત આનન્દ અતિ**
**જનમ કોટિ કૌ હરત ક્લેશ || ૧ ||**

**ચરન-રજ ધરત સિર કોટિ તૈંતીસ સુર**
**પાર પાવત ન બ્રહ્મા મહેશ ||**
**અન્ય અવતારમેં મુખ્ય અવતાર યહ શ્રીહરિ વિશેષ || ૨ ||**

**અન્ય આલાપ તજિ ધ્યાન હિરદૈ ધરૌ**
**પ્રગટ શ્રીવલ્લભ અવનિતલ પરેશ ||**
**કહત 'ગોવિન્દ' જન બહુ દરસન દિયૌ**
**ઘોષપતિ વિદિત દ્વિજરાજ-વેશ || ૩ ||**

***

શ્રીઆચાર્યજી ભક્તોને ઐહિક પારલૌકિક આદિનું દાન કયારે અને કેવું કરશે તે આપના હૃદયની વાત કોઇ જાણવા સમર્થ નથી. જેવી રીતે ઇશ્વરની ઇચ્છા સ્વતંત્ર અને અનિયંત્રિત હોવાથી જાણી શકાતી નથી. તેવી રીતે શ્રીઆચાર્યજીની ઇચ્છા સ્વતંત્ર છે અને કોઇ નિયમના બંધનમાં આવતી નથી.

શ્રીઆચાર્યજી બદ્રિકાશ્રમ અને વ્યાસાશ્રમ પધાર્યા ત્યારે કૃષ્ણદાસની દાસત્વ ભક્તિથી પ્રસન્ન થઇ આપે વરદાન આપ્યું હતું અને વ્યાસજીને યુગલગીતનો શ્લોક **''વામબાહુકૃતવામકપોલો વલ્ગિતભ્રૂરધરાર્પિત વેણુમ્''**ની વ્યાખ્યા ત્રણ દીવસ સુધી કરી. જેમાં આપશ્રીએ પોતાના હૃદયના નિગૂઢભાવોનું નિરૂપણ કર્યું. આ આપનું નિગૂઢ હૃદય હોવાનું સૂચન કરે છે.

***

શ્રીઆચાર્યજીનું હૃદય અતિશય ગૂઢ છે.

શ્રીઆચાર્યજી આપ ઇશ્વર છે. તેથી જ એમનું હૃદય જાણવું અશકય છે. પરંતુ આપ પરમદયાલ છે. તેથી ફલદાનમાં સંદેહ કરવો નહિં. પરંતુ ફલ કયારે આપશે એ જાણી શકાતું નથી.

ત્યાં આ સંદેહ થાય કે શ્રીઆચાર્યજી આપની ઇચ્છા કોઇ સેવકને

નથી જણાવતાં કે કોઈને જણાવે છે? ત્યાં કહે છે :

## [૬૯]અનન્ય-ભક્તેષુ જ્ઞાપિતાશયઃ

**જ્ઞાપિત + આશય** = જ્ઞાપિતાશય

**(રાગ : સારંગ)**

**અનન્યભક્તેષુ જ્ઞાપિતાશય ||**
**શ્રુતિ-હારદકોં શ્રીવલ્લભ બિનુ સમુઝત નહીં સુર આશય || ૧ ||**
**પતિવ્રતા અપને પતિ આગેં સ્વહારદ સબ વિનતી કરૈ ||**
**સોં પતિ શ્રીહરિ વદનાનલ બિનુ ભવસાગરકોં પરિહરૈ || ૨ ||**
**સોં બડભાગિ ભરતખંડ પ્રગટે, બિન સાધન ભવસાગર તરૈ ||**
**યહ વિવેક સમજ્યો જન 'ગોવિન્દ' શ્રીવલ્લભ હૃદે ધરૈ || ૩ ||**

***

શ્રીઆચાર્યજી જ્યારે અનન્ય ભક્તો ઉપર ખાસ કૃપા કરવા ઇચ્છે છે ત્યારે પોતાના હૃદયનો આશય તેઓને જણાવે છે.

આવો આશય એક વખત આપશ્રી એક રાતે પોઢયા હતા. તે વખતે આપશ્રીને મનમાં વિચાર આવ્યો કે અત્યારે જો મમરા મળી આવે તો શ્રીઠાકોરજીને ભોગ ધરીએ. શ્રીઆચાર્યજીએ કૃપા કરી કૃષ્ણદાસના હૃદયમાં જતાવ્યું. કૃષ્ણદાસે રાત્રિના સમયમાં જ ગંગાસાગર તરીને એક ખેતરવાળા પાસે તે જ વખતે લીલી ડાંગર સેકાવીને મમરા તૈયાર કરાવ્યા. પાછા તરીને કૃષ્ણદાસ આ પાર આવ્યા. શ્રીઆચાર્યજીને જગાડી શ્રીઠાકોરજીને ભોગ ધરાવવા માટે મમરા આપશ્રીની સન્મુખ મૂક્યા. આ જોઈ શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થયા.

આ પ્રકારે આપના નિગૂઢ હૃદયના આશયનું જ્ઞાન અનન્ય ભક્તોને અને ગૂઢ હૃદયના આશયનું જ્ઞાન અન્ય ભક્તોને જણાવે છે.

***

પદ્મનાભદાસ વગેરે જેવા અનન્ય અંતરંગ ભક્તોમાં પોતાનું અંતઃકરણ જેમણે જતાવ્યું છે એવા શ્રીઆચાર્યજી આપ છે ||૨૩||

***

**[७०]ઉપાસનાદિ-માર્ગાતિ-મુગ્ધ-મોહ-નિવારકઃ।।**
**[७१]ભક્તિમાર્ગે સર્વમાર્ગ-વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ।।૨૪।।**

હવે કહે છે કે કયારેક શ્રીઆચાર્યજીના સેવક પૂજામાર્ગીયોના સંગ દ્વારા એમ સમજે કે પૂજામાર્ગ અને ભક્તિમાર્ગ એક છે. તે શા માટે ? તો સેવા બંને જગ્યાએ છે. તો તેથી પૂજામાર્ગમાં ભ્રમિત થયેલાં જીવને આપ પોતાના માર્ગનું નિરૂપણ કરીને તે માર્ગમાંથી પાછાં પોતાના માર્ગમાં લાવે છે. તે કહે છે :

## [७०]ઉપાસનાદિ-માર્ગાતિ-મુગ્ધ-મોહ-નિવારકઃ ।।

**ઉપ + આસના + આદિ** = ઉપાસનાદિ **માર્ગ + અતિ** = માર્ગાતિ

**(રાગ : સારંગ)**

**ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારક પ્રભુ**
**પ્રગટ હોઇ કીને હૈં નિગમ-પથ-પરકાસ ।।**
**શિવ વિરંચિ સચિપતિ દેવકોટિ તૈંતિસ ભયૌ આનન્દ**
**સુરસુન્દરી ચઢિ વિમાન છાયો આકાસ ।। ૧ ।।**

**સુર નર મુનિ પ્રફુલિત મન સુજસ વિમલ કરત ગાન**
**માયાવાદી વિદુષવૃન્દ ઉપજ્યૌ મન ત્રાસ ।।**
**શ્રીવલ્લભ ભાનુ દરસ સબ દૈવીજન કમલ ફૂલે દેખત અણુભાષ્ય ।। ૨ ।।**

**ચૌદહ વિદ્યા-નિધાન ષટ્ ગુન પ્રભુ પૂરનકામ**
**ચતુઃષષ્ટિ કલા-સહિત સ્વ-આસ્ય ।।**
**શ્રીવિઠ્ઠલ પદરજ-ધન 'ગોવિન્દ'કૌં મન વચ ક્રમ**
**ઔર કછુ નાહીં શ્રીવલ્લભ-પદ ઉપાસ્ય ।। ૩ ।।**

***

કેટલાંક દૈવીજીવો અતિભોળપણથી, અજ્ઞાનથી અથવા દુઃસંગ દોષથી દોરવાઇ જઇ ઉપાસના, પુજામાર્ગની કૃતિઓ જોઇ તેમાં જ ભક્તિમાર્ગની ભ્રાન્તિ કરે છે. તેવા જીવોનો આપશ્રી મોહ દૂર કરી ભક્તિમાર્ગનો સાચો ઉપદેશ આપી શરણે લે છે.

ગુજરાતના સાંચોરા બ્રાહ્મણ પુરૂષોત્તમજોષી પહેલાં ઉપાસના પુજામાર્ગમાં પ્રવૃત્ત હતા. તેમનો આપશ્રીએ મોહ દૂર કરી શરણે લીધા અને ''ભક્તિવર્ધિની'' ગ્રંથસંભળાવી સેવામાર્ગમાં જોડયા.

***

પૂજામાર્ગ વગેરે માર્ગોને તે માર્ગના લોકોના સંગથી ભક્તિમાર્ગ સમજીને જે સ્વમાર્ગીય શિષ્ય તે માર્ગમાં પ્રવૃત્ત થાય છે તેમને આપ ભક્તિમાર્ગનું નિરૂપણ કરી પાછા આપના માર્ગમાં લાવે છે.

ત્યાં શંકા થાય કે ભક્તિમાર્ગના નિરૂપણ માત્રથી સેવકોનું અજ્ઞાન કેવી રીતે દૂર થાય છે? ત્યાં કહે છે :

## ૭૧ ભક્તિમાર્ગે સર્વમાર્ગ-વૈલક્ષણ્યાનુભૂતિકૃત્

**વૈલક્ષણ્ય + અનુભૂતિ** = વૈલક્ષણ્યાનુભૂતિ.

**(રાગ : સામેરી)**

**શ્રીવલ્લભ સ્વવદનાનલકોં કરિ કરૂના હરિ પ્રગટ કિયે ||**
**દ્વિવિધ પુષ્ટિમરજાદ ભક્તિકો ભેદ પ્રગટકોં આજ્ઞા કિયે || ૧ ||**

**સો શ્રીવલ્લભ પ્રભુઆજ્ઞાતૈં ભુવિ સન્મનુષ્યાકૃતિ દ્વિજવપુ બિભ્રત્ ||**
**ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ || ૨ ||**

**મરજાદામેં મંત્ર કરિ હરિ વિભૂતિ કરિકે ભજૌ ||**
**પુષ્ટિમેં એક સ્નેહકોં કારન કહૈ**
**'ગોવિન્દ' વહિન બિન સબ તજૌ || ૩ ||**

આપશ્રીએ ગદાધરદાસ કપિલને શરણે લઇને અવ્યાવૃત્ત ભાવવાળી પુષ્ટિભક્તિનો ઉપદેશ આપી ગીતાજીમાં ભગવાને કહેલ **''પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભકત્યા પ્રયચ્છતિ | તદહં ભકત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ||''** (૯-૨૬)નો પુષ્ટિભક્તિ અનુસાર વિલક્ષણ અનુભવ ગદાધરદાસને કરાવ્યો.

***

શ્રીઆચાર્યજી પોતાના સેવકોને ભક્તિમાર્ગનું નિરૂપણ કરે છે અને

બીજા માર્ગોની સરખામણીમાં ભક્તિમારગની ન્યારી રીતે અને ઉત્તમતાનો અનુભવ કરાવે છે.

તે કયા પ્રકારે? જે પૂજામાર્ગમાં જે દેવતાની પૂજા કરવામાં આવે છે તે દેવતા મન્ત્રને આધિન હોય છે. તે શ્રીઠાકોરજીની વિભૂતિ છે, પૂર્ણપુરૂષોત્તમ નથી. અને ભક્તિમાર્ગમાં સેવ્ય શ્રીપુરૂષોત્તમ છે તે મન્ત્રને આધિન નથી કેવળ ભક્તિને આધિન છે. તેથી **''તૂ ભક્તિમારગ છાંડિકે પૂજામારગમેં કર્યો ગયો? ફેરી ભક્તિ-મારગમેં આઉ!''** તો આ પ્રકારે સેવકોને પોતાના મારગમાં લાવે છે. તો આ બતાવવા માટે આ નામ કહ્યું ।।૨૪।।

***

**[૭૨]પૃથક્-શરણ-માર્ગોપદેષ્ટા [૭૩]શ્રીકૃષ્ણ-હાર્દવિત્ ।।**
**[૭૪]પ્રતિક્ષણ-નિકુંજસ્થ-લીલા-રસ- સુપૂરિતઃ ।।૨૫।।**

હવે કહે છે જે શરણમાર્ગનું પર્યવસાન પણ પુરૂષોત્તમમાં બતાવેલું છે તો શું શરણમાર્ગ અને ભક્તિમાર્ગ એકજ છે? તે કહે છે :

## [૭૨]પૃથક્-શરણ-માર્ગોપદેષ્ટા

**માર્ગ + ઉપદેષ્ટા** = માર્ગોપદેષ્ટા

**(રાગ : બિભાસ)**

**પૃથક્શરણમાર્ગોપદેષ્ટા સુખદ પદકમલ**
**અન્ય આલાપ તજિ હિરદે રાખૌ ।।**

**ચિત્ત ચિંતન કરૌ ઔર સબ પરિહરૌ**
**સુજસ શ્રવણ કરૌ વદન ભાખૌ ।। ૧ ।।**
**સકલ સાધન તજિ શ્રીવલ્લભપદ ભજૌ**
**અસત્સંગ છાંડિકૈ ગતિ દાખૌ ।।**
**દેવ દુર્લભ દરસ સોં સુલભ હોત હૈ**
**મનુષદેહ પાઈ યહ સાખૌ ।। ૨ ।।**

**અવનિતલ પ્રગટે નિજ દાસ હિત જાની**
**જીય પૂરત હૈં સબનિકે મન અભિલાખૌ ॥**
**કહત 'ગોવિન્દ' જન તીનહિ લોકમેં**
**તુમહિ બિન મોહિ નહીં ઔર પાખૌ ॥ ૩ ॥**

***

ભક્તિમાર્ગના શરણમાર્ગનો અને પુષ્ટિભક્તિમાર્ગના જુદા પ્રકારના વિશિષ્ટ શરણમાર્ગનો ભેદ સમજાવતો ઉપદેશ આપશ્રી કરો છો. ભક્તિમાર્ગમાં શરણના બે ભેદ છે (૧) મર્યાદા શરણ (૨) પુષ્ટિશરણ. જીવ ભગવાનને શરણે જાય એ મર્યાદા શરણ છે. ભગવાન જીવને શરણે લે તે પુષ્ટિશરણ છે. મર્યાદા શરણમાર્ગમાં પાપોથી મુક્ત થવાની કામના વાળા જીવો ભગવાનનું શરણ લે છે.

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

*(ભ. ગીતા. ૧૮/૬૬)*

આ શ્લોકમાં પ્રથમ પંક્તિમાં સર્વધર્મોનો પરિત્યાગ કરી એકમાત્ર ભગવાનને શરણે જવાનો ઉલ્લેખ છે. તે 'પુષ્ટિશરણ'નો છે તે બીજી પંક્તિમાં પુષ્ટિશરણનું સ્વરૂપ, શ્રીઆચાર્યજી ભાગવત દશમસ્કન્ધ ગોવર્ધનધારણ લીલા પ્રસંગે ભગવાનના વચનોથી બતાવે છે.

**તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્ ।**
**ગોપાયેસ્ત્વાત્મયોગેન સોડયં મે વ્રત આહિતઃ ॥**

**(ભાગવત. ૧૦।૨૫।૧૮)**

આમાં શરણાગત જીવોની પાપમુક્તિનો ઉલ્લેખ હોતો નથી પરંતુ આ જીવોની સર્વપ્રકારે રક્ષાનો ભાર ઉપાડવાની પ્રતિજ્ઞા, એ પૃથક્શરણમાર્ગના લક્ષણનો આપશ્રી ઉપદેશ કરે છે. મર્યાદાશરણ અને પુષ્ટિશરણનો આવો સૂક્ષ્મભેદ શ્રીઆચાર્યજીએ સમજાવ્યો છે.

આગ્રાના વિષ્ણુદાસ છીપાને શરણે લેતી વખતે આપશ્રીએ આજ્ઞા કરી કે ''તારા જેવા વૈષ્ણવો માટે તો અમો લીલામાંથી ભૂતલ ઉપર આવ્યા

છીએ. જીવોને શોધી કાઢી શરણે લેવા પરિક્રમા કરીએ છીએ માયાવાદનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કરીએ છીએ.''

આ પ્રકારે આપશ્રી પુષ્ટિશરણનો વિશેષ ઉપદેશ આપવા વાળા છે.

***

ન્યાસાદેશ વગેરે ગ્રન્થદ્વારા ભક્તિમાર્ગથી અલગ શરણમાર્ગનો ઉપદેશ કરવાવાળા શ્રીઆચાર્યજી છે

શરણમાર્ગ પણ બે પ્રકારનો છે : એક પુષ્ટિમારગીય અને બીજો મર્યાદામારગીય. ત્યારે પુષ્ટિમારગીય કયો? તો કહે છે જે ઇન્દ્રે વ્રજમાં વર્ષા કરી ત્યારે વ્રજવાસી શ્રીઠાકોરજીના શરણે આવ્યા તો તે શરણમાર્ગ પુષ્ટિમાર્ગીય છે ત્યારે જે શરણે આવ્યા તેનો આપે અંગીકાર કરી શ્રીગોવર્ધન ધારણ કરીને રક્ષા કરી અને સાત દિવસ સુધી સ્વરૂપાન્દનો અનુભવ ક્રાવ્યો. અને જે શરણમાર્ગનું ફ્લ મુક્તિ મળે છે તે મર્યાદામાર્ગીય શરણમાર્ગ કહેવામાં આવે છે. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુ આ પ્રકારે અલગ-અલગ શરણમાર્ગનો ઉપદેશ કરે છે એ બતાવવા માટે આ નામ કહ્યુંઃ

શરણમાર્ગ પુરૂષોત્તમ પર્યવસાયી હોવા છતાં પણ તેનું ભક્તિમાર્ગથી અલગ નિરૂપણ શા માટે કર્યું? તે કહે છે :

## ૭૩ શ્રીકૃષ્ણ-હાર્દવિત્

**(રાગ : ભૈરવ)**

**દિવિ ભુવિ પાતાલમેં કોઉ નાંહી શ્રીકૃષ્ણહાર્દવિત્ ।।**
**પુષ્ટિસૃષ્ટિ ઉદ્ધરનકોં કરૂના કરિ કલિજુગમેં,**
**શ્રીહરિ નિજવદન વહ્નિ પ્રગટે હૈ નિજજન હિત ।।૧।।**

**સો સ્વરૂપ શ્રીવલ્લભ શ્રીભાગવતગૂઢાર્થ કરિ પ્રકાસ,**
**સદાનંદ સેવાવિધિ સબ સિખવત ।।**
**તીરથવ્રત ધર્મ કર્મ દાન દેહદમન સબે છાંડિ,**
**ભજો શ્રીવલ્લભ જિનિ ભૂતલ દ્વિજદેહ વિભ્રત ।।૨।।**

**બ્રહ્મ સાકાર સ્થાપન કરિ દૈવીજન કિયે કૃતારથ,**

**શ્રૂતિ વિરોધ ટારિ સબૈ બહ્નિ માયાવાદ ભિત્ ||**
**બ્રજપતિ મુનિ દરશ ભયો ભૂતલ આનંદ ભયો,**
**કુંજ નિકુંજ ડોલત હૈ વ્રજપ્રિય 'ગોવિન્દ' સહિત ||૩||**

***

શ્રીકૃષ્ણના વાક્યો, ગીતામાં હોય કે ભાગવતમાં હોય અથવા તો ગમે તે ગ્રન્થમાં હોય પરંતુ આ વાક્યોનો ભાવ, તેનો ઉદ્દેશ આપશ્રી સમજીને બીજાઓને તેવા જ રૂપમાં સમજાવે છે. આ પ્રકારનું સામર્થ્ય અન્ય કોઇમાં નથી. નિત્યલીલા સ્થળમાં બિરાજતા ભગવાનની જે ઇચ્છા પ્રગટ થાય છે તે આપશ્રી તરત સમજી લે છે.

એકવાર રાધાકુંડ ઉપર શ્રીકૃષ્ણની ઇચ્છા જાણીને શ્રીઆચાર્યજી રાધાકુંડમાં થઇને ઠાકોરજી પાસે પધાર્યા. એક વૈષ્ણવને શ્રીઆચાર્યજી પધારતા હતા તે દર્શન થયા. દર્શન માત્રમાં મૂર્છા આવી. ત્રીજે દિવસે આપ લીલામાંથી બહાર પધાર્યા અને સર્વ લીલાનો વૃતાંત દામોદરદાસ હરસાનીને કહ્યો. આ વૃતાંત આપે વર્ણન કર્યું કે રાધાકુંડની અંદર એક દિવ્ય અલૌકિક રત્નજડિત મહેલ છે. ત્યાં સ્વામિનીજી શ્રીઠાકોરજી સાથે નિત્ય વિહાર કરે છે. શ્રીસ્વામિનીજીએ માન કર્યું હોવાથી ઠાકોરજીના હૃદયનો અભિપ્રાય જાણી શ્રીસ્વામિનીજીને મનાવી તેમનું માનપણું મેં દૂર કર્યું અને મને યુગલ સ્વરૂપના દર્શન થયા.

આ પ્રકારે શ્રીઆચાર્યજી સર્વત્ર, સર્વ રીતે શ્રીકૃષ્ણના હાર્દને જાણવા વાળા છે.

***

ફલાત્મક એવા શ્રીકૃષ્ણના અભિપ્રાયને જાણવાવાળા શ્રીઆચાર્યજી છે.

શ્રીઠાકોરજી જીવનો અધિકાર જોઇને મારગનો ઉપદેશ કરે છે.જેમ કે અર્જુનનો મર્યાદાપુષ્ટિમાં અધિકાર હતો તેથી ઉપદેશ પણ તેવો કર્યો. તે કયા પ્રકારે?જે અર્જુનને એમ કહ્યું ''તું મારા શરણે આવ, હું તારા પાપોને દૂર કરીશ'' તો આ મર્યાદામારગનો અંશ છે. તે કેમ? જે શરણે આવે તેનું કાંઇ (અધિક) ફલ નથી, કેવળ પાપ દૂર થશે, તેથી મર્યાદાનો અંશ. અને આ

પાપનું ફલ જે શોક; તેને દૂર કરવામાં સાધન આપ જ બનશે એમ કહી પોતાના શરણે બોલાવ્યો તેથી આ પુષ્ટિમાર્ગનો અંશ છે. તેથી અર્જુનનો જેવો અધિકાર જોયો તેવો ઉપદેશ કર્યો. અને વ્રજવાસીઓનો ઉત્તમ અધિકાર જોઈને તેમને પોતાના શરણે બોલાવી સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો અને અર્જુનને યુદ્ધ કરવાની પ્રેરણા આપી. આ બધા શ્રીઠાકોરજીના અભિપ્રાયને જાણવાવાળા શ્રીમહાપ્રભુજી છે તેથી આ નામ કહ્યું.

શ્રીમહાપ્રભુજીએ એ જાણ્યું કે શ્રીપૂર્ણપુરૂષોત્તમનું મન તો વ્રજભક્તો સાથે લીલારસમાં મગ્ન રહે છે તેથી આપ પણ લીલારસમાં મગ્ન રહે છે. આ બતાવવા માટે આ નામ કહે છે :

## [૭૪]પ્રતિ-ક્ષણ-નિકુંજ-સ્થ-લીલા-રસ-સુપૂરિતઃ

**(રાગ : ભૈરવ)**

**પ્રતિક્ષણ નિકુંજલીલાસ્થલરસસુપૂરિત કૌ સ્વરૂપ હૃદયમેં ધારે ।।**
**તિનકે ભાગ્ય કહાંલોં બરનૌ લીલારસ**
**અગાધ સાગર શ્રીવલ્લભ હૃદયતેં ન ટારે ।।૧।।**
**છિન છિન પ્રતિ રોમરોમ લીલારસ ઉચ્છલત**
**હોત જો નિસિદિન ઐસો રૂપ વિચારે ।।**
**વૃંદાવન નિકુંજ લીલાસહિત વ્રજપતિ તિનતેં કબ હૂં હોત ન ન્યારે ।।૨।।**
**તિનકો પાવન પદરજ પરસ તૈ દરશન માત્ર તૈ કટત હૈ અઘ ભારે ।।**
**કહત 'ગોવિન્દ' એસેન કી સંગતિ તિનકો**
**મિલૈ જાપૈ શ્રીવિઠ્ઠલ હોંહિ કૃપારે ।।૩।।**

***

એક વખત માનસરોવર ઉપર શ્રીસ્વામિનીજી વિહાર લીલા બાદ આપ જે માન કરે છે તે માનની ભાવના કરતાં માનમાં બિરાજતા હતા. આ વાત શ્રીઆચાર્યજીએ જાણી ત્યારે આપ નિકુંજમાં પધારી શ્રીસ્વામિનીજીને મનાવી ઠાકોરજી પાસે અર્ધરાત્રિએ પધરાવી આવ્યા. ત્યાંથી આપશ્રી દામોદરદાસ હરસાની પાસે પધાર્યા. દામોદરદાસે આપને અર્ધરાત્રીએ પધારવાનું કારણ

પુછતાં માનસરોવરનો પ્રસંગ કહી સંભળાવ્યો.

***

એક એક ક્ષણ નિકુંજમાં સ્થિત જે શ્રીપૂર્ણપુરૂષોત્તમ તેમની જે વ્રજભક્તોની સાથે લીલા તેના રસથી બહાર-અંદરથી જે પૂર્ણ છે એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે ।।૨૫।।

***

**[૭૫]તત્કથાક્ષિપ્તચિત્તસ્ [૭૬]તદ્-વિસ્મૃતાન્યો [૭૭]વ્રજપ્રિયઃ ।।**
**[૭૮]પ્રિયવ્રજસ્થિતિઃ [૭૯]પુષ્ટિ-લીલાકર્તા [૮૦]રહઃ પ્રિયઃ ।।૨૬।।**

ત્યાં એમ શંકા થાય કે રસ જો હૃદયમાં પૂરણ હશે તો ભક્તો બહાર કેવી રીતે જાણી શક્સે? આ સન્દેહ દૂર કરવા માટે આ નામ કહ્યું :

## [૭૫]તત્-કથાક્ષિપ્ત-ચિત્તઃ કથા + આક્ષિપ્ત = કથાક્ષિપ્ત

**(રાગ : ભૈરવ)**

**તત્કથાક્ષિપ્તચિત્તસ્ય પદસરોજ પાઉ ।**
**આનિ આલાપ સબ તજૌ શ્રીવલ્લભશરણ જાઉ ।।૧।।**
**સેવા અરૂ કથા છાંડિ નહીં કયહું લલચાઉ ।**
**વિમલ સુજસ છાંડિ કબહું ઔર ન ગાઉ ।।૨।।**
**સુભગ મૂરતિ છાંડિ નહીં ઔર રસ લાઉ ।**
**'ગોવિન્દ 'ઇતનૌ માંગત તિહારૌ દાસ કહાઉ ।।૩।।**

***

**વિશોકા અહની ચિન્યુર્ગાયન્ત્યઃ પ્રિય ચેષ્ટિતમ્** ભગવાન શ્રીગોકુલથી મથુરા પધાર્યા ત્યારે ગોપીજનોએ ભગવાનના ચરિત્રના ગુણગાન શોક રહિત થઇ દિવસ તથા રાત્રિ ગાયા, આવું ભગવાનનું વાક્ય છે.

ભગવાનના ગુણો ભગવાનના ધર્મરૂપ છે. ભગવાન પ્રત્યક્ષ ન બીરાજે ત્યારે અધિક વિરહ થાય છે. આ દશામાં જીવન ભગવદ્કથાથી ટકે છે. **"તવ કથામૃતં તપ્તજીવનમ્"** માં નિરૂપણ છે. ભગવાન ગુણી છે. તેમની

કથા ગુણ છે. બંનેમાં અભેદ છે. શ્રીમદ્‌ભાગવત એકાદશસ્કન્ધમાં કહ્યું છે કે **''યદ્રચ્છયા મત્કથાદૌ જાતશ્રદ્ધસ્તુયઃ પુમાન્ ભક્તિયોગોઽસ્ય સિદ્ધિદઃ''** આ પ્રમાણે ભગવદ્ ધર્મ અને ભગવાન બંનેનું સામર્થ્ય સમાન છે. ભગવદ્‌રૂપ છે. ભાષ્યમાં **''પ્રકાશ્રયવદ્ વા તેજસ્ત્વાત્''** સુર્યના પ્રકાશથી જેમ સુર્ય અલગ નથી. તેમ બ્રહ્મના ધર્મો બ્રહ્મથી જુદા નથી. સન્યાસ નિર્ણયમાં કહ્યું છે કે **''ગુણાસ્તુ સંગરાહિત્યાત્ જીવનાર્થ ભવન્તિ હિ''** પ્રભુની વિરહ અવસ્થામાં પ્રભુની કથા જીવન ધારણ માટે ઉપયોગી થાય છે.

એક વખતે નંદગામ પાસે ઉદ્ધવક્યારીમાં જ્યારે આપશ્રીને ઉદ્ધવજીનો સાક્ષાત્કાર થયો ત્યારે આપશ્રીને ભ્રમરગીતના એક શ્લોકની વ્યાખ્યા ત્રણ દિવસ સુધી સંભળાવી. આપશ્રીનું ભગવદ્‌લીલા-કથામાં નિત્ય નિમગ્ન ચિત્ત છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે.

***

રાસલીલાની રસવાર્તામાં સારી રીતે પરોવાયેલું છે મન જેમનું એવા શ્રીઆચાર્યજી આપ છે.

આવી ભગવત્કથામાં ચિત્તવાળા હોવાથી નિરન્તર પોતાના નિજ સેવકોને રસવાર્તા કહે છે. તેથી સેવક જાણે છે કે આપ લીલારસથી પૂરણ છે. વિશેષમાં કહે છે જે પૂર્ણપુરૂષોત્તમની એક સંયોગલીલા છે અને એક વિયોગલીલા છે. તેથી જ્યારે આપ સંયોગથી પૂર્ણ હોય છે ત્યારે બહાર-અંદર સંપૂર્ણ છે. અને લીલાનો અનુભવ કરતાં ચૈનથી બેસી રહે છે. અને વિયોગલીલારસથી જ્યારે પૂર્ણ હોય છે ત્યારે રહી સકાતું નથી. તેથી રસવાર્તા બધાને કહી સમયનિર્વાહ કરે છે ત્યારે સેવક જાણે છે કે આપ વિયોગરસથી પૂર્ણ કેવલ આનંદરૂપ છે.

હવે કહે છે કે આપ રસની કથા કહે છે તો શું બીજી વાત કરતા નથી? તો આ સન્દેહ દૂર કરવા માટે આ નામ કહે છે.

## ૭૬ તદ્‌વિસ્મૃતાન્યઃ **તદ્ + વિસ્મૃત + અન્યઃ** = તદ્‌વિસ્મૃતાન્ય :

**(રાગ : ઈમન કલ્યાણ)**

**વિસ્મૃતાન્યરસ કે ચરનકમલ તૈ સબ સુખ પૈયે ।**

**અન્ય આલાપ કરો જિનકોઉ અતિ**
**સુખદાયક શ્રીવલ્લભકો વિમલ સદા જશ ગૈયે ||૧||**
**અતિ દુર્લભ શ્રીવલ્લભ દરશ કોં, ત્રિવિધ મહાદુઃખ સબ તે સહિયે |**
**સાધન કોટિ કરો જિન કોઉ કાયાકોં,**
**વૃથા ભટકિ દિન ખોવત સરનાગત વ્હે રહિયૈ ||૨||**
**યહ નિધિ એક ઉપાય તેં પૈયત સર્વસ,**
**લૈ સમર્પન કરે તુમ શ્રીવલ્લભ ધૈર્ય |**
**સેવા કથા સાધુ સંગતિ કરિ નિસિદિન**
**સુભગ મૂરતિ ચિત્તમેં ધરિકે 'ગોવિન્દ' નેહ નિબહૈયે ||૩||**

***

જે વાતમાં ભગવત્ સંબંધ ન હોય તે વાત શ્રીઆચાર્યજી પોતે જ ભુલી જાય છે. અને ભગવદ્રસની કથા કહી બીજી અન્ય વાતોની વિસ્મૃતિ કરાવે છે. અથવા તો જ્યારે જ્યારે ભગવદ્લીલા રસાવિષ્ટ ચિત્ત બની જાય છે ત્યારે ત્યારે આપશ્રીને અન્ય યાવત્ દેહાદિ ધર્મોની પણ વિસ્મૃતિ થાય છે. કનૌજમાં પરમાનંદદાસજીએ **''હરિ તેરી લીલાકી સુધી આવે''** એ પદ ગાયું ત્યારે સાંભળતા માત્રમાં જ આપશ્રી મૂર્છિત થયા હતા. તેવી રીતે દ્વારકામાં શ્રીઆચાર્યજી ગોવિંદદુબેને એક વખત કથા સંભળાવતા હતા ત્યાં શ્રી રણછોડજી પધારી ગોવિંદ દુબે સાથે વાતો કરવા લાગ્યા. આપની રસમય કથામાં વિક્ષેપ થયો જાણી ગોવિંદ દુબે ઉપર અપ્રસન્ન થયાં. અને કથા બંધ કરી.

શ્રીઆચાર્યજી બદરિકાશ્રમ થઈ વ્યાસાશ્રમ પધાર્યા. ત્યાં શ્રીવ્યાસજીને જ કહ્યું કે પ્રભુની આજ્ઞાનુસાર શ્રીભાગવત ટીકાનું કાર્ય મેં કર્યું છે. પરંતુ ભ્રમર ગીતના પ્રસંગમાં **''ભવતિનાં વિયોગો મે ન હિ સર્વાત્મના ક્વચિત્''** પછીનો ખૂટતો અડધો શ્લોક **''આત્મત્વાત્ ભક્તવશ્યત્વાત્ સ્વભાવત્''** નો મેં ઉમેરો કરી પુરો કર્યો છે અને તેના ઉપર વિવરણ પણ કર્યું છે. આપ આપની અનુમતિ જણાવો. શ્રીવ્યાસજીએ બહુ પ્રસન્ન થઈ કહ્યું કે મારા અધુરા રહી ગયેલા શ્લોકને આપે પૂર્ણ કર્યો તે બરાબર છે.

આ પ્રકારે આપશ્રી નિરંતર કેવલ ભગવદ્લીલાના અનુસંધાનમાં રહે

છે અને તેથી બીજું બધું જ વિસ્મરણ તેઓને થાય છે.

***

રાસલીલાની રસવાર્તા વડે ભુલાવ્યા છે રસવિરૂદ્ધ સર્વ પદાર્થ જેમણે એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે.

આના વડે એમ જતાવ્યું કે જે વસ્તુઓથી લીલાની સુધિ ન આવે તે વસ્તુ આપને પ્રિય નથી.

તે કેવી રીતે જાણી શકાય તો કહે છે :

## [૭૭]વ્રજપ્રિયઃ

**(રાગ : વસંત)**

**વ્રજપ્રિય પ્રિય નિજધામ બતાયો ।**
**ચતુરાનન અપને સુત ભૃગુકો, શ્રુતિરૂપા ભાવ જનાયો ।।૧।।**

**સુર નર મુનિ સમાધિ કિયે પે, પાર કછુ ન પાયો ।**
**રાસ રસિક મૂરતિ કિશોરાકૃતિ, ગોધન કે સંગ ધાયો ।।૨।।**

**વ્રજ વ્રજજન પતિ પદરજ ધન, નિગમ નિરૂઢ બતાયો ।**
**સો સબ સર્વસ 'ગોવિન્દ ' જન કો, સો અબહિ ભયો મન ભાયો ।।૩।।**

***

શ્રીઆચાર્યજીને વ્રજ અત્યંત પ્રિય હોવાના કારણે વ્રજસંબંધી નિકુંજ લીલા વાળી કથામાં ઓતપ્રોત થવાથી આપશ્રી અન્ય વાર્તાઓ ભુલી જાવ છો. લીલાકથાથી વ્રજના નિઃસાધન ફલાત્મક સ્વરૂપનું આપશ્રીને સદા ચિન્તવન રહે છે.

કાલપ્રભાવે વ્રજના અલૌકિક સ્થળો અપ્રગટ હતા તે સ્થળોને આપશ્રી એ પુનઃ પ્રગટ કર્યા. આપશ્રીએ ગોકુલ, ગોપાલપુર ગામોનું નિર્માણ કર્યું. મથુરા અને વ્રજમંડલની પરિક્રમા કરી આપશ્રીએ પૃથ્વિ પરિક્રમા તો ત્રણ વખત કરી છે, પરંતુ વ્રજપરિભ્રમણ કેટલીએ વાર કર્યું છે. અને તેમાં પ્રભુદાસ જલોટા જેવા ભક્તોને સ્વરૂપાત્મક વ્રજના દર્શન કરાવ્યા છે. **''વૃક્ષે વૃક્ષે વેણુધારી પત્રે પત્રે ચતુર્ભુજઃ''** એવા સ્વરૂપાત્મક વ્રજના પ્રભુદાસ

જલોટાને દર્શન કરાવ્યા.

***

વ્રજ છે પ્રિય જેમને એવા આપ છે. આનાથી એમ જતાવ્યું કે વ્રજને જોઇને લીલાની અતિશય સુધિ આવે છે. તેથી પ્રિય લાગે છે.

હવે કહે છે જે વ્રજ પ્રિય છે તે કેમ જાણી શકાય? તે કહે છે :

## [૭૮] પ્રિય-વ્રજ-સ્થિતિ :

**(રાગ : ઈમન કલ્યાણ)**

**તબલોં પ્રિય વ્રજસ્થિતિ કો હારદ કછુ ન લહ્યો ।**
**જો લોં વદન વહિન શ્રીવલ્લભ, આપુન નાંહિ કહ્યો ।।૧।।**

**સાધન કરિ પચહારિ મૂઢમતિ, કારજ કછૂ ન ભયો ।**
**સર્વસ કિયો સમર્પન પ્રભુકો, તબ યહ નિબહયો ।।૨।।**

**શ્રી વલ્લભ પદરજ મહિમા બિનુ જાને, ભવસિંધુ મેં જાત બહ્યો ।**
**શ્રીવિઠ્ઠલ પદરજ ધન 'ગોવિન્દ', એહિ ઉપાય કહ્યો ।।૩।।**

***

આપને સંપૂર્ણ વ્રજ પ્રિય હોવાથી વ્રજના જુદા જુદા સ્થળો ઉપર બિરાજી શ્રીભાગવતપારાયણ કરી આપશ્રીનો વિશેષ મુકામ તો ગોકુલમાં બડી બેઠકમાં રહેતો હતો. દૈવી જીવોના સરળ ઉદ્ધાર માટેની શ્રીઠાકોરજીએ સાક્ષાત્ પ્રગટ થઇ બ્રહ્મસંબંધની આજ્ઞા ગોકુલમાં જ આપને કરી હોવાથી ગોકુલ આપને અત્યંત પ્રિય છે.

ગોકુલ બડી બેઠકમાં એક વાર આપશ્રીએ એક શાલિગ્રામના અનેક શાલિગ્રામોના સ્વરૂપોના એક વેરાગીને દર્શન કરાવ્યા હતા.

ગજ્જનધાવનની વ્યસન અવસ્થા સિદ્ધ થવાથી શ્રીનવનીતપ્રિયાજી એ ગજ્જનધાવનને શ્રીઆચાર્યજીને ત્યાં પોતાને પધરાવવાની આજ્ઞા કરી શ્રીનવનીતપ્રિયાજી પધારવાથી શ્રીઆચાર્યજી પોતાની સાથે લઇને પોઢયા આ પ્રમાણે નિત્ય પોઢવાની શ્રીઠાકોરજીની ઇચ્છા હોવા છતાં લોક મર્યાદા સાંચવવા શ્રીઆચાર્યજીએ કહ્યું કે **''મુઢાનો સર્વ સાજ રાખીને**

**શ્રીસ્વામિનીજી સ્વરૂપથી હું પાસે જ છું''** આ પ્રકારે આપની સદાએ પ્રિય વ્રજમાં સ્થિતિ છે.

***

પ્રિય છે વ્રજમાં સ્થિતિ જેમને એવા આપ છે.

વ્રજ જો પ્રિય ન હોય તો ત્યાં સ્થિતિ ન કરેં. આનાથી એમ જતાવ્યું જે વ્રજ ખૂબજ પ્રિય છે.

ત્યાં એ સંદેહ થાય જે વ્રજ પ્રિય છે પરંતુ ત્યાં સ્થિતિ કરવાનું પ્રયોજન શું છે? આ સંદેહ દૂર કરવા માટે આપનું આ નામ કહે છે :

## ૭૯ પુષ્ટિ-લીલા-કર્તા

***

**પુષ્ટિલીલાકર્તા દુર્લભ દરસ તિહારો ।**
**સાધન તેં કછુ હોત નાંહી, મન વચન ક્રમ તિહારો ।।૧।।**

**જે જન સર્વસ લે સરન ભયો, પદનૌકા દે ભવસાગર પાર ઉતારો ।**
**જો જન વિમુખ શ્રીવલ્લભચરનનતે સોં તો સર્વસ હારો ।।૨।।**

**અબ તો આય બનિ જિય મેરે, તુમ બિન ઔર ન કોઉ રખવારો ।**
**સત્યપ્રતિજ્ઞ ચરનરજ 'ગોવિન્દ' રંક જાનિકે કહો હમારો ।।૩।।**

***

શ્રીઆચાર્યજી ગોકુલમાં બિરાજી પુષ્ટિલીલા પ્રગટ કરી તેનું અનુસરણ કરે છે. પુષ્ટિલીલામાં પ્રથમ લીલા જન્માષ્ટમીનો ઉત્સવ છે.

શ્રીઆચાર્યજીએ એક વખત જન્માષ્ટમી ઉત્સવ ઉપર ગોકુલ બડી બેઠકમાં શ્રીનવનીતપ્રિયાજીને પલના ઝુલાવવાનો ઉત્સવ કર્યો. શ્રીનવનીતપ્રિયાજીને એક વસ્ત્રમાં પધરાવ્યા. વસ્ત્રનો એક છેડો દામોદરદાસ હરસાનીએ પકડયો, બીજો છેડો કૃષ્ણદાસ મેઘને ઝાલ્યો, આ રીતમાં સુવર્ણ સુષ્ઠુ સુંદર ભાવાત્મક વર્ણના વસ્ત્રમાં શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયાજીને ઝુલાવ્યા, ગજજનધાવને સન્મુખ નૃત્ય કર્યું. ત્યાં હાજર રહેલા તમામ સેવકોને આપે આ વખત દર્શન કરાવી શ્રીનવનીતપ્રિયાજી ગોપી ગ્વાલ વિગેરે

સર્વ નંદમહોત્સવ કરી રહ્યા છે તેવો અનુભવ આપશ્રીએ કરાવ્યો.

***

શ્રીઠાકોરજીએ જે રાસલીલા કરી તે વ્રજમાં જ કરી. આ જાણીને શ્રીઆચાર્યજી મહાપ્રભુ વ્રજમાં જ રહ્યા. આપ પણ રાસલીલાનો અનુભવ કરે છે અને સેવકોને પણ રાસલીલાનો પ્રકાર જણાવે છે. આ જણાવવા માટે આ નામ કહ્યું :

## ૮૦ રહઃ- પ્રિય :

**(રાગ : બિલાવલ)**

**રહપ્રિય સદા એકાન્ત હી ભાવે ।**
**લીલાસદા દ્વિવિધ વ્રજપતિકી, અનુભવ કરત ન ઔર સુહાવે ।।૧।।**
**દૈવીજન નિજપદ નૌકા દે, બિન સાધન ભવસાગર તારૌ ।**
**મહા કલિકાલ વ્યાલ દુઃસહ, ભય ટારિ અપની પ્રતિજ્ઞા પારો ।।૨।।**
**અબ નિર્ભય સો ભજિ શ્રીવલ્લભ, પદકમલ સુપરિમલ પીજે ।**
**કહત 'ગોવિન્દ' તજો સબ સાધન અબ,**
**મનવચન ક્રમ કરિ લૂંટિ યહ રસ લીજે ।।૩।।**

***

શ્રીઆચાર્યજીને પુષ્ટિલીલાના અનુભવ માટે નિરંતર એકાંત વધારે પ્રિય છે. એટલા માટે પૃથ્વી પરિક્રમામાં જ્યાં જ્યાં બિરાજ્યા છે, આપશ્રીની બેઠકો છે તે કાં તો વનમાં છે, નદી-કુવા અથવા સરોવરની પાળે છે, અથવા ગામથી દૂર એકાંતમાં હોય છે.

પૃથ્વી પરિક્રમા કરતાં માર્ગમાં શ્રીકૃષ્ણચૈતન્ય સાથેના વાર્તાલાપમાં શ્રીઆચાર્યજીએ પોતાના સિદ્ધાન્તની વિશેષતા જણાવતા કહ્યું હતું કે **''ક્ષણભર પણ જો ભગવદ્નામથી વિમુખ બને તો તેનામાં આસુરાવેશ આવી જાય.''** કૃષ્ણદાસ મેઘને પણ આ સાંભળ્યું અને વિચાર્યું કે આવા ભગવદીયો છે ? કે જેઓ ક્ષણમાત્ર ભગવદ્નામ છોડતા નથી. માટે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસ મેઘનના મનની વાત જાણી.

આગળ પધારતાં એક સરોવર ઉપર સઘન વૃક્ષલતા આચ્છાદિત

સ્થળમાં આપશ્રીએ રસોઇ કરવા મુકામ કર્યો. કૃષ્ણદાસ મેઘનને પાતળ બનાવવા પાંદડા લેવા મોકલ્યા. તેઓએ સઘન વનરાજીમાંથી બહાર નીકળી સરોવર કિનારે બેઠેલા એક સિંહને જોયો. કૃષ્ણદાસે ડરીને ભગવદ્ ઇચ્છાએ જે થવાનું હોય તે થાય એમ સમજી ભગવદ્નામ લેવા માંડયુ ભગવદ્નામ સિંહને કાને પડતાં સિંહે સરોવરમાંથી પાણી પીધું.

પાંદડા લઇ કૃષ્ણદાસમેઘન શ્રીઆચાર્યજી પાસે આવ્યા ત્યારે આપશ્રીએ તેઓને કહ્યું કે હવે તમારો સંદેહ દૂર થયો કે નહિં. કૃષ્ણદાસમેઘન સમજી ન શક્યા. ત્યારે આપે આ સર્વ વૃતાંત કહી સંભળાવ્યો કે આ સિંહ ભગવદ્લીલા સંબંધી છે. અને નિરંતર ભગવદ્નામ લે છે. તરસ્યો થવા છતાં ભગવદ્નામમાં વિક્ષેપ પડે એ ડરથી પાણી પીતો ન હતો, પરંતુ જ્યારે તમોએ ભગવદ્નામ લીધું તે તેણે સાંભયું ત્યારે પાણી પીધું. આપશ્રીના આ વચનો સાંભળી કૃષ્ણદાસમેઘનનો સંશય દૂર થયો.

**મધુવન સઘન સ્વરસપૂરિત ભ્રકુટીભાવ સંકુલિત નેહવર**

**સહજ સુગંધ અદ્ભૂત અખંડિત નિબિડતમ ઉભય વિલાસ રાસ લલિત**

**લતાનકૃત ગહવત દિનકર દશન પ્રભા દુહું દિશતે વાગધીશ રહેવે કો રહ ઘર**

સર્વકાળ ભ્રકુટીભાવ પરિપૂર્ણ ઉત્તમોત્તમ સ્નેહ વડે રસઘન રસાત્મા ભગવાન્ મધુવનને, વેણુનાદ દ્વારા સ્વરસ (એકાંતિક રમણ માટેનો સ્થાયી ભાવ) સદા સ્થિત રાખવા સિંચન કરી સદા પોષણ કરે છે. આ મધુવનમાં લલિત લતાઓથી લપટાયેલી સઘન વૃક્ષઘટાઓ સુશોભિત છે. અલૌકિક સહજ સુગંધીની લપટ છાઇ રહી છે. ત્યાં અદ્ભૂત અલૌકિક અખંડિત રીતે શ્રીવ્રજભક્તો સાથે યુગલ સ્વરૂપ રાસાદિક લીલાઓ કરી રહ્યા છે.ભગવાન અને ભક્તોના પરસ્પર વાણી વિલાસજનિત હાસ્યાદિક અનેક વલ્ગુમંત્રરાસગોષ્ટિ **''તસ્યાનુરાગ લલિતસ્મિત વલ્ગુમંત્ર લીલાવલોક પરિરંભણ રાસગોષ્ટયામ્''** આદિ ભાવોન્દ્રમાં ઉદિત દંતાવલીની પ્રભારૂપ દિનકર સુર્યનો જ્યાં પ્રકાશ છે, એવું વાગ્ધીશ શ્રીઆચાર્યજીનું **રહઃ** એકાન્ત ઘર છે.

***

એકાંત છે પ્રિય જેમને એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે.

શા માટે? જે રાસલીલાનો અનુભવ એકાન્તમાં જ થાય. તેથી એકાંત ખૂબજ ગમેછે. ।।૨૬।।

**[૮૧]ભક્તેચ્છાપૂરકઃ [૮૨]સર્વા-જ્ઞાતલીલોડ તિમોહનઃ[૮૩] ।।**
**[૮૪]સર્વાસકતો [૮૪]ભક્તમાત્રાસકતઃ [૮૬]પતિતપાવનઃ ।।૨૭।।**

હવે કહે છે જે સેવકોને કયારેક શ્રીઠાકોરજીની પુષ્ટિલીલા જાણવાની આર્તિ જોઇને આપ જ એમને પુષ્ટિલીલા સંભળાવીને એમની આર્તિ દૂર કરે છે. આ બતાવવા માટે આ નામ કહે છે :

## [૮૧]ભક્તેચ્છા-પૂરકઃ **ભક્ત + ઇચ્છા** = ભક્તેચ્છા

**(ક) (રાગ : ધનાશ્રી)**

**ભકતેચ્છાપૂરક દરશન દીજે ।।**
**તુમ તો મહાઉદાર સુનિયત હૈ, કૃપા મોંપે કિજે ।।૧।।**
**તુમ બિન ઔર નાંહિ કછુ સમુજે, મોહિ અપનોં કરિ લીજે ।।**
**નિઃસાધન રંક તિહારો, નિજચરણાશ્રય દીજે ।।૨।।**
**તિહારે નિજ સંગ બિના મેરો, નહિં ઉર અંતર ભીંજે ।।**
**કહત 'ગોવિન્દ ' ચરણામૃત તજિકે, કહા સમર્પિત જલ પીજે ।।૩।।**

**(ખ) (રાગ : સારંગ)**

**ભક્તેચ્છાપૂરક નામ શ્રીવલ્લભ ।।**
**તીનિ લોકમેં સુર નર મુનિ કોં પદરજ અતિ દુર્લભ ।।૧।।**

**બિન સાધન કલિકાલ ઘોરમેં શ્રીવલ્લભ મહા ઉદાર ।।**
**નિજપદ નૌકા દઇ સ્વકીયનકોં ભવસિંધુ ઉતારે પાર ।।૨।।**

**શેષ શારદા કહાં લૌં બરનૈ અગનિત ગુન જુ અપાર ।।**
**પ્રગટે વ્રજપતિ વન્હિ 'ગોવિન્દ' દાસકે પ્રાન અધાર ।।૩।।**

***

શ્રીઆચાર્યજી એકાંતમાં રહેવા છતાં, પોતાના ભક્તોના મનોરથો પૂર્ણ કરે છે.

શ્રીઆચાર્યજી ગિરિરાજની તળેટીમાં ગોવિંદકુંડ ઉપર બિરાજતા હતા. ત્યારે કૃષ્ણદાસમેઘનને ભગવદ્‌લીલા સામગ્રીના દર્શનની ઇચ્છા થઇ. શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસના મનની વાતજાણી તેમને કહ્યું કે તમો ગિરિરાજજીની પેલી શિલા ખસેડી અંદર જાઓ, તમોને ત્યાં વ્યાપીવૈકુંઠ અને ત્યાંની લીલાસામગ્રીના દર્શન થશે. આપશ્રીની આજ્ઞા અનુસાર કૃષ્ણદાસે ગિરિરાજજીમાં પ્રવેશ કરી દર્શન કર્યા.

***

ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવાવાળા શ્રીઆચાર્યજી મહાપ્રભુ છે.

હવે કહે છે જે પુષ્ટિલીલા જાણવાની ભક્તની આરતિને જોઇને જેમ પુષ્ટિલીલા કહીને તેમની આરતિ દૂર કરે છે તે રીતે આપને થતો રસનો અનુભવ પણ સેવકોને કહેતા હશે? ત્યા ંકહે છે :

## [૮૨]સર્વાઙજ્ઞાત-લીલ : **સર્વ + અજ્ઞાતઃ** = સર્વાઙજ્ઞાત

**(રાગ : દેશ)**

**સર્વાજ્ઞાતલીલા સોં પટતર કોઉ ન આવે ||**
**તીન લોકમેં સુર નર મુનિ, કોઉ પાર ન પાવે ||૧||**

**અદ્‌ભુત સુજસ વિમલકોં, શેષ સહસ્ત્ર મુખ ગાવે ||**
**તાત માત ભ્રાત ભગિની, ગ્રહિની ન સુહાવે ||૨||**

**યહ મહિમા સ્ત્રવનન સુનિ, અબ કછુ ઔર ન ભાવે ||**
**સબ સાધન તજિ 'ગોવિન્દ', નિશદિન શ્રીવલ્લભ ઉર લાવે ||૩||**

શ્રીઆચાર્યજી કોઇપણ કાર્ય કરી રહ્યા છે અથવા શું કરવાના છે તેનું શું રહસ્ય છે ? આ બધું ભક્તો પણ પોતાની ઇચ્છાથી જાણી શકતા નથી.

આપશ્રીના ચરિત્રમાં આપશ્રીના કાર્યનો અભાવ, ઉદેશ્ય સામાન્ય ભક્તોને સમજવો તો અતિકઠણ છે. પરંતુ અંતરંગ ભક્તો પણ આપ જતાવે

નહિં ત્યાં સુધી સમજી ન શકે.

શ્રીઆચાર્યજીએ ચિત્રકુટમાં કાન્તાનાથપર્વત ઉપર પોતાના ઠાકોરજીને માટે સિદ્ધ કરી રાખેલ ફળ, કેળા, ગુલાબજલ વિગેરે શ્રીરામચન્દ્રજીને આરોગાવ્યુ. દામોદરદાસજીને સંદેહ થતાં આમ કરવાનો પ્રકાર પુછતાં આપશ્રીએ કહ્યું કે શ્રીરામચન્દ્રજી પણ મર્યાદાસ્થિત લીલાઓ કરવાવાળા પૂર્ણપુરુષોત્તમનું જ સ્વરૂપ છે.

આ પ્રકારે આપશ્રીના ચરિત્ર તથા સિદ્ધાન્તમાં કેવી વિશેષતાઓ છે તે કોઇ ભક્ત જાણી શકતા નથી.

***

બધા ભક્તો દ્વારા પણ ન જાણી શકાય એવી લીલા છે જેમની એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે.

આથી એમ જાણવું કે આપને જે રસનો અનુભવ થાય છે તે પોતાના સેવકોને પણ નથી કહેતા, બીજા પ્રકારથી કહે છે.

હવે કહે છે કે કોઇ સેવકને ભાગ્ય વડે આ મનોરથ થાય કે આપ જે રસનો અનુભવ કરે છે તે હું પણ જાણું ત્યારે તે સેવકનો પણ મનોરથ પૂર્ણ કરે છે. આ બતાવવા માટે આ નામ કહે છે :

## ૮૩ અતિમોહનઃ

**(રાગ : બિલાવલ)**

**અતિમોહન કી અટપટી રીતિ ।।**
**તિન ભુવન મેં સ્ત્રવનન સુનિયત, દેખત લગત સબે વિપરીતિ ।।૧।।**

**સાધન કિયે હોત નાહિન કછુ, મિટત નાંહિ કાલ કી નીતિ। ।।**
**શ્રીવલ્લભ કરૂના કટાચ્છતે, હોત હે સદાનંદ પદ પ્રીતિ ।।૨।।**

**યહ વિવેક જાને બિન સબકોઉ, કરત હૈ ક્રિયા સબે જૂ અનીતિ ।।**
**મહિમા જિન જાન્યો સો 'ગોવિન્દ' સો જન ગયો સબનસોં જીતિ ।।૩।।**

***

શ્રીઆચાર્યજીના સ્વરૂપને જોઇને જીવ મોહિત થઇ જાય છે. અને

તેથી આપની લીલાનું જ્ઞાન થતું નથી. આપના અત્યંત મોહન સ્વરૂપની જીવ ઉપર દૃષ્ટિ પડે છે, ત્યારે તે જીવ મુગ્ધ મોહિત બની જાય છે. અને મૂર્તિ સ્વરૂપની સામે જ્યારે આપશ્રીની દૃષ્ટિ પડે છે ત્યારે મૂર્તિ સ્વરૂપોમાં ભગવદ્આવિર્ભાવ થઇ જાય છે.

એકવાર મથુરાની બજારમાં થઇને શ્રીઆચાર્યજી વિશ્રાંતઘાટ ઉપર પધારતાં હતાં. ત્યારે એક કંસારાની દુકાનમાં ઘણી બધી ઠાકોરજીની મૂર્તિઓ હતી. આ મૂર્તિઓ ઉપર જ્યારે આપની દૃષ્ટિ પડી ત્યારે આ મૂર્તિઓમાં ભગવદ્ આવિર્ભાવ પ્રાપ્ત થયો. અને આ બધા સ્વરૂપો દોડીને શ્રીઆચાર્યજી પાસે પધાર્યા. શ્રીઆચાર્યજીએ બધા સ્વરૂપોને પોતાને ત્યાં રાખ્યા અને સમયાનુસાર સેવકોને એક એક સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું.

***

સેવકને કહેવા યોગ્ય જે શ્રીઠાકોરજીની લીલા હોય તે તેવા પ્રકારથી કહે છે કે સાંભળતા માત્રમાં રસનો આવેશ થાય છે. તેથી એવા મોહયુક્ત થાય છે કે તે એમ જાણે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ વાર્તા કહીને મારો મનોરથ પૂર્ણ કર્યો. તો આ પ્રકારથી સેવકોને અનુભવ કરાવે છે.

ત્યાં એમ શંકા થાય છે કે પુષ્ટિભક્તોને રસાનુભવ કરાવે છે બીજાને નથી કરાવતાં તેમાં હેતુ કયો? ત્યાં કહે છે :

## ૮૪ સર્વાસક્ત : **સર્વ + અસક્તઃ** = સર્વાસક્તઃ

**(રાગ : સારંગ)**

**સર્વાસક્ત સોં મન માન્યો ||**
**ઐસો ઓર નહીં ત્રિભુવનમેં, મન બચન ક્રમ કરિ જાન્યો ||૧||**

**અબકછુ ઓર સુહાત નાંહી, તજ્યો ખાન અરૂ પાની ||**
**મન અટક્યો ફેરયો ન ફિરત હે, સુદ્રઢ પ્રેમસોં સાની ||૨||**

**યહ મહિમા જાને બિન ભૂતલ, બડી હોત હૈ હાની ||**
**શ્રીવિઠ્ઠલ કરૂના તેં 'ગોવિન્દ' જન સરવસ કરિ છાની ||૩||**

***

શ્રીઆચાર્યજીને પુષ્ટિમાર્ગીય ભક્તો સિવાય અન્યત્ર અપેક્ષા નથી. આપશ્રી કરૂણાવંત હોવાથી તમામ જીવો ઉપર સમદૃષ્ટિ રાખે છે. ગીતાજીમાં ભગવાન કહે છે - **સમોડહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ** છતાં **મય્યાર્પિત મનોબુદ્ધિર્યોમદ્ભક્ત સ મે પ્રિયઃ** આવા અનન્ય ભક્તો પ્રત્યે આસક્તિ રાખે છે.

પૃથ્વી પરિક્રમા કરતા જ્યારે શ્રીઆચાર્યજી નગરઠઠ્ઠા પધાર્યા ત્યારે એક ધનિક લુહાણા શેઠ કોઇના કહેવાથી પોતાના રોગગ્રસ્ત પાંચ વર્ષના પુત્રને પાલખીમાં બેસાડી શ્રીઆચાર્યજી પાસે નિરોગી કરવા લઇ આવ્યો. શેઠે એક હજાર રૂપીયા ભેટ કરી પુત્રને રોગમુક્ત કરવા વિનંતી કરી. આ શેઠ શ્રીઆચાર્યજીનો સેવક નહિં હોવાથી પોતાનું સર્વાસક્ત સ્વરૂપ જણાવવા આપશ્રીએ ક્રોધ કરી કહ્યું કે **''અમો કાંઇ વૈદ્ય છીએ કે રોગીઓને સારા કરતા ફરીએ અમે તો દ્રવ્યાદિ ભેટ પણ અમારા સેવકો સિવાય બીજા કોઇની લેતા નથી. માટે આ રૂપીયા પાછા લઇ જાવ''** આ પ્રકારે પોતાના ભક્તો સિવાય અન્યો ઉપર આપશ્રીએ ઉપેક્ષા બતાવી. પરંતુ આ રોગીપુત્ર દૈવીજીવ હોવાથી તેના પિતાની ફરી વિનંતી અને અત્યંત આગ્રહ જોઇ આપશ્રીએ તે બાળકના માથા ઉપર પોતાના બંને ચરણારવિંદનો સ્પર્શ કરાવ્યો, તેને નિરોગી બનાવ્યો. અને પાલખી ઢાંકીને ઘેર મોકલ્યો. આ બાળક ઘેરથી પાછો આપશ્રીને મુકામે આવી શરણે આવ્યો. આગળ જતાં બાદશાહના દિવાન નારાયણદાસના નામથી તે બાળક વિખ્યાત થયા. કારણવશાત્ બાદશાહે નારાયણદાસને જેલમાં પૂર્યા તો પણ તેઓએ પોતાની ટેક જાળવી વૈષ્ણવતા છોડી નહિં અને તેથી બાદશાહે પ્રસન્ન થઇ નારાયણદાસને મુક્ત કરી શિરપાવ આપી ઘેર વિદાય કર્યા.

આપશ્રીની અન્ય સર્વમાં અનાસક્તિ, વિદ્યાનગર કૃષ્ણદેવ રાજાની સભામાં આપશ્રીને થયેલા કનકાભિષેકમાં સો મણ સોનાના ત્યાગથી અન્ય ધર્મના આચાર્યપદની અસ્વિકૃતિથી, અગીયાર વર્ષની લઘુવયે ભક્તોના ઉદ્ધારાર્થ ભારત ભ્રમણ કરવામાં દેહાદિ સુખત્યાગથી, અને શ્રીસુબોધિનીજીનું નિર્માણ અધુરું હોવાથી સ્વધામ પધારવા માટેની શ્રીગોવર્ધનધરની બીજી આજ્ઞા પાલનની અનિચ્છા આદિ અનેક ત્યાગોથી

પ્રગટ દેખાય છે. તો પણ આપશ્રી ભક્તોના મનોરથો પૂર્ણ કરો છો.

***

આપના સેવકો સીવાય જે બીજા છે તેઓ તે રસનો અનુભવ કરવાના અધિકારી નથી તેથી નથી કરાવતા, તેમની ઉપેક્ષા કરે છે એ બતાવવા માટે આ નામ કહ્યું.

**[૮૫] ભક્ત-માત્રાસક્તઃ** **માત્ર + આસક્તઃ** = માત્રાસક્તઃ

**(રાગ : ગૌડી)**

**ભજો ભક્તમાત્રાસકત સુખદચરણં ||**
**કલિમલ નિવારણં ભવસિંધુ તારણં,**
**નિજજન- ઉદ્ધરણં અશરણશરણં ||૧||**

**કોટિકંદર્પલાવણ્ય વ્રજપતિવદન નિરખિ, નિજજન હૃદય ફૂલે ||**
**અતુલ મહિમા સ્ત્રવન સુનત થકિત ભયે,**
**સુરનર મુનિ શિવ સમાધિ ભૂલે ||૨||**

**પૃથક્ કરિ પુષ્ટિપથપ્રગટ ભૂતલ કિયો,**
**બિના સાધન સગરો જગત ઉદ્ધારો ||**
**કહત 'ગોવિન્દ' જન અન્ય આશ્રય તજો,**
**સુનિયત શ્રીવલ્લભ ઉદ્ધર્યો જગત સારો ||૩||**

***

શ્રીઆચાર્યજી શરણસ્થ પુષ્ટિભક્તો ઉપર આસક્ત રહે છે, અને તેઓ ઉપર કૃપા કરે છે. શરણસ્થજીવોનો આપ અતિશય પક્ષપાત કરે છે. જેમ કે આપે ઉલ્લેખ કર્યો છે કે **'શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્'** (કૃષ્ણાશ્રય) આવી જ વિજ્ઞપ્તિ આપશ્રીએ દામોદરદાસ હરસાની માટે શ્રીનાથજીને કરી હતી કે દામોદરદાસનો દેહ વિલય મારા પહેલાં ન થાય. આવી આસક્તિ આપશ્રી ભક્તો ઉપર રાખો છો.

***

કેવલ પુષ્ટિમાર્ગીય ભક્તો ઉપર અતિકૃપાયુક્ત છે. તેથી એમને રસનો

અનુભવ કરાવે છે, બીજાઓને નથી કરાવતા.

હવે પોતાના સેવકો ઉપર અતિકૃપા કરે છે તે એક અન્ય પ્રકારથી કહે છે :

## [८६]પતિત-પાવનઃ

**(રાગ : રામશ્રી)**

**તિહારો પતિતપાવન નામ ||**
**વ્રજપતિ સુન હુ મેરી વિનતી, હો સબ પતિતનકો ધામ || ૧ ||**

**સત્યપ્રતિજ્ઞ સ્ત્રવન સુનત હોં, બસત ગોકુલ ગામ ||**
**બિના સાધન જગત ઉદ્ધર્યો, પૂરે જન મન કે કામ ||૨||**

**અદ્‌ભુત તિહારી મહિમા સુનિહોં, સુમિરો આઠોં જામ ||**
**બ્રહ્મવાદ 'ગોવિન્દ ' સ્થાપના કિયો, ખંડન કિયો મત વામ || ૩ ||**

***

લોકપ્રસિદ્ધ પાપોની ગણના વર્ણાશ્રમ વિરૂદ્ધ આચરણમાં આવી જાય છે. આવા પાપોની નિવૃત્તિ પ્રાયશ્ચિત વિગેરેથી થઇ શકે છે. વર્ણાશ્રમ ધર્મોનું પાલન ભક્તિમાર્ગમાં આવશ્યક હોવા છતાં પતિત એટલે ભક્તિમાર્ગ આચરણ વિરુદ્ધ કૃતિ જેનું પ્રાયશ્ચિત આદિથી નિવારણ થતું નથી. તેવા પતિતોને આપશ્રી પાવન કરો છો.

શ્રીઆચાર્યજીએ વૈષ્ણવોના અપરાધને લીધે રામાનંદપંડિતનો ત્યાગ કરી,વિયોગાવસ્થાનું દાન કરી અપરાધ દૂર કર્યો. ભક્તિના આચરણથી પતિત બ્રહ્મરાક્ષસ, વિગેરેનો આપે ઉદ્ધાર કર્યો છે. આ પતિતનો અર્થ, સુરદાસજીએ ગાયું કે 'હોં પતિતન કો ટીકો' ''હોં પતિતન કો નાયક'' એટલે જીવ ભગવાનથી વિછુર્યો ત્યારથી પતિત થયો છે, એ કહેવાનો છે. આપશ્રી આવા પતિત ભક્તોને પાવન કરી ઉદ્ધાર કરો છો.

પોતાના પુષ્ટિમારગીય જે પતિત તેમને પવિત્ર કરવાવાળા આપ છે.

ત્યાં આ શંકા થાય કે પુષ્ટિમાર્ગમાં પાપ શું છે? તો કહે છે જેમ મર્યાદામાર્ગમાં વર્ણધર્મ- આશ્રમધર્મથી વિરૂદ્ધ આચરણ કરે તો 'પતિત'

કહેવાય તે રીતે પુષ્ટિમાર્ગમાં પણ જે આચરણ કહ્યા છે તેનાથી વિરૂદ્ધ આચરણ કરે તથા બીજામારગનું આચરણ કરે તે 'પાતકી' કહેવાય. તેથી એવાઓને આપ કહે છે કે **''અરે! ભક્તિમાર્ગના આચરણ છોડીને તૂં બીજા આચરણ કેમ કરે છે?''** આ પ્રકારથી ઉપદેશ આપીને પાછું ભક્તિમાર્ગનું આચરણ કરાવીને પતિતોનો ઉદ્ધાર કરે છે. તેથી આ નામ કહ્યું ।।૨૭।।

***

**[૮૭]સ્વયશોગાનસંહૃષ્ટ - હૃદયામ્ભોજ - વિષ્ટરઃ ।।**
**[૮૮]યશઃ પીયૂષલહરી - પ્લાવિતાન્યરસઃ [૮૯]પરઃ ।।૨૮।।**

હવે કહે છે કે અપવિત્રને પવિત્ર કરવાનું સામર્થ્ય છે એમ કહ્યું તે કેવી રીતે જાણી શકાય? ત્યાં કહે છે :

## [૮૭]સ્વ-યશોગાન- સંહૃષ્ટ-હૃદયામ્ભોજ-વિષ્ટરઃ

**યશઃ + ગાન** = યશોગાન, **હૃદય+અમ્ભોજ** = હૃદયામ્ભોજ

**(રાગ :બિભાસ)**

**સ્વ-યશોગાન-સંહૃષ્ટ-હૃદયામ્ભોજ-વિષ્ટર**
**પદકમલ-યુગલ-પરિમલકૌ મોહિ મધુકર કીજૈ ।।**
**ધર્મરહિત કર્મરહિત વિદ્યા અરૂ જ્ઞાન હીન**
**રંક દીન જાનિ જિય નિજ પદાશ્રય કીજૈ ।।૧।।**

**અબલોં જનમ કોટિ ભટકિ-ભટકિ હાર માનિ**
**સમુજ્યો નહિં કછુ વિવેક અબહિ મહિમા જાન્યો ।।**
**હરિવદનાનલ શ્રીવલ્લભ આનન્દમય અવનિતલ**
**પ્રગટભયે સુનિ સુભગ મૂરતિ સો મન માન્યો ।।૨।।**

**તિહારી કૃપા કટાક્ષતેં અતિદુર્લભ ફલ**
**પાવત સદાનંદકી સેવા સૌં પ્રેમતે નિબહે ।।**
**કહત 'ગોવિન્દ' સબ તજૌ શ્રીવલ્લભ ચરનભજૌ**

**મહિમા અતિગૂઢ હૈ સો કલિમેં ના કોઉ લહે ||૩||**

***

સ્વ એટલે નિજ સ્વરૂપ અને પ્રભુના યશ ગાનથી જે ભક્તોના હૃદય પ્રસન્ન થાય છે તે તેવા હૃદયકમલ રૂપ આસન પર આપશ્રી બિરાજો છો. જેવી રીતે કમલ પ્રફુલ્લિત, આલ્હાદિત, અને મકરંદયુક્ત થાય છે, તેવી રીતે આપશ્રીના સ્વરૂપ યશગાનથી ભક્તોના હૃદય ત્રિવિધતાપરહિત બનવાથી પ્રફુલ્લિત, અનુરાગી, આલ્હાદિત, ભાવવિભોર અને મકરંદયુક્ત બને છે. આવા ભક્તોના હૃદયમાં આપશ્રી નિરંતર સ્થિતિ કરી રહ્યા છો. આ પ્રકારની સ્તુતિ બ્રહ્માજીએ **ત્વં ભાવયોગ પરિભાવિત હૃત્ સરોજ | અસ્સે શ્રુતેક્ષિત પથો નનુ નાથપુંસામ્** ભાગવતના તૃતિયસ્કન્ધમાં કરી છે.

આવા દામોદરદાસહરસાની આદિ અનન્ય ભક્તોના હૃદયમાં આપશ્રી નિરંતર સ્થિત રહો છો.

જ્યારે દામોદરદાસહરસાનીએ શ્રીગુસાંઇજીને ભાવનાયુક્ત સંપ્રદાયના સિદ્ધાન્તો સંભળાવ્યા (રાજ ! યહ મારગ હાંસિ ખેલ કો નાંહિ તાપક્લેશ કો હૈ!) ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે **''આ તમો કહેતાં નથી પણ તમારા હૃદયમાં બિરાજતાં શ્રીઆચાર્યજી જ તમારા દ્વારા આજ્ઞા કરે છે.''**

***

શ્રીઆચાર્યજી મહાપ્રભુના યશના ગાન વડે અતિ આનંદિત જે ભક્ત, તેના ભક્તિમાર્ગીય હૃદયકમળ આસન છે જેમના એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે.

આનો અભિપ્રાય એ છે કે, આપ ભક્તોના પાપ દૂર કરો છો તેથી ભક્તોના મનમાં આપનો યશ આવે છે. તેથી બધા ભક્ત આનંદયુક્ત બને છે. એવા સેવકોના હૃદયમાં આપ હંમેશા બિરાજે છે.

ત્યાં એમ શંકા થાય કે એ કેવી રીતે જણાય કે આપની સેવકોના હૃદયમાં સ્થિતિ છે? ત્યાં કહે છેઃ

## ''યશઃ- પીયૂષ-લહરી-પ્લાવિતાન્ય-રસઃ

**પ્લાવિત+અન્ય** = પ્લાવિતાન્ય

**(રાગ : આસાવરી)**

**યશઃ પીયૂષલહરી પ્લાવિતાન્ય રસ ||**
**તુમ સમાન ત્રિભુવનમે નાહીં ઔર સબ નીરસ**
**તુમપર સર્વસ લે વારોં ||૧||**

**જો ઉપાય કહે જુ કૃપા કરી નિજ્જન ઉદ્ધરન હેતુ ||**
**નિગમ-વિરોધ નિવારનકોં પ્રભુ બાંધી ભક્તિ દ્રઢ સેતુ ||૨||**

**વહ પ્રતાપ સ્ત્રવન સુનિકૈ અસુરનિ ઉપજ્યો ત્રાસ ||**
**શ્રીવલ્લભકો વિમલ જસ નિસિદિન ગાવત 'ગોવિન્દદાસ' ||૩||**

***

શ્રીઆચાર્યજી પોતાના યશરૂપી અમૃતની લહેરોથી ભક્તોના હૃદયમાં જે કંઇ અન્ય રસો છે, તે સર્વેને દૂર કરી તેઓના હૃદયમાં આપશ્રીના યશોગાન સિવાય અન્ય કોઇ વસ્તુ રહેવા દેતા નથી. આ ભક્તો નિરંતર આપનું જ ગુણગાન કરતાં રહે છે. જેથી આપશ્રીની સ્થિતિ ભક્તોના હૃદયમાં નિરંતર છે. તેવું દેખાઇ આવે છે.

પદ્મનાભદાસે પોતાના પદોમાં શ્રીઆચાર્યજીનું જ યશોગાન કર્યું છે. આ પદોથી શ્રીઆચાર્યજીની પદ્મનાભદાસના હૃદયમાં વ્યાપકતા વ્યક્ત થાય છે. અન્ય વૈષ્ણવો સાથે વાર્તાલાપમાં પણ કેવળ શ્રીઆચાર્યજીના યશનું જ વર્ણન છે.

***

પોતાના યશરૂપી અમૃત તરંગથી પ્લાવિત કરીને ન્યૂન  કરી દીધા છે અન્ય રસ જેમણે એવા શ્રીઆચાર્યજી છે.

જો સેવકોના હૃદયમાં આપની સ્થિતિ ન હોય તો પોતાના રસરૂપી અમૃતના તરંગથી સેવકોના હૃદયમાં બીજા રસ ભૂલાવી દે છે તે ન બની શકે અને આને અમૃત કહ્યું તે શા માટે ? ત્યાં કહે છે કે, જેમ દેવતાઓને અમતૃ જ જીવવાનું કારણ છે તે પ્રકારે પુષ્ટિમાર્ગમાં આપનો યશ ભક્તોને જીવવાનું કારણ છે.

ત્યાં એમ શંકા થાય કે આપ આપના યશ વડે બીજા બધા યશ ભુલાવે

છે તે કેમ? ત્યાં કહે છે.

[૮૯] **પ૨ :**

**(રાગ : ધનાશ્રી)**

**પરાત્પર મમ વલ્લભ સદ્રૂપ ||**
**કરી કરૂના કલિજુગમેં પ્રગટે નિગમ-કલ્પતરૂ-રૂપ ||૧||**
**નખસિખ સુંદર આનંદમય વપુ દ્વાદસ અંગ અનૂપ ||**
**સૂભગ મૂરતિકોં નૈનનિ નિરખત મોહત અવની રૂપ ||૨||**
**યહ સ્વરૂપ મહિમા બિનુજાને જગતપર્યો ભવકૂપ ||**
**'ગોવિંન્દ' ચિંતા મિટી સબે જબ નિરખ્યો સુખદ સ્વરૂપ ||૩||**

***

શ્રીઆચાર્યજી ક્ષર અને અક્ષરથી પર પુરૂષોત્તમસ્વરૂપ છે. અને જ્યાં આ પુરૂષોત્તમની લીલા રસનું ગાન થાય છે ત્યાં અન્ય રસોનો વિલય થવો સ્વાભાવિક છે. શ્રીઆચાર્યજીના એવા પર પુરૂષોત્તમસ્વરૂપનાં દર્શન દામોદરદાસને માનસરોવર ઉપર થયા હતા. આપ પુરૂષોત્તમરસાત્મકસ્વરૂપ હોવાથી આપના રસ પ્રાબલ્યે ભક્તોના હૃદયમાંથી અન્ય રસોને હટાવી દે છે.

***

શ્રીઆચાર્યજી મહાપ્રભુ કેવા છે? અક્ષરથી પણ પર છે પુરૂષોત્તમરૂપ છે. તેથી પોતાના રસ વડે બીજા રસ ભુલાવે છે ||૨૮||

***

**[૯૦] લીલામૃત - રસાર્દ્રાર્દ્રી - કૃતાખિલ - શરીરભૃત્ ||**
**[૯૧] ગોવર્ધન-સ્થિત્યુત્સાહઃ [૯૨] તલ્લીલા-પ્રેમ-પૂરિતઃ ||૨૯||**

હવે કહે છે કે આપ શ્રીઠાકોરજીની લીલારૂપી અમૃતથી સેવકોના મનોરથ સારીરીતે પૂર્ણ કરે છે. એ જણાવવા માટે આ નામ કહે છે :

## [૯૦]લીલામૃત-રસાર્દ્રાદ્રી-કૃતાખિલ-શરીરભૃત્

**લીલા+અમૃત**=લીલામૃત, **રસ+આર્દ્ર+આર્દ્રિ** = રસાર્દ્રાદ્રિ
**કૃત+અખિલ** = કૃતાખિલ

**(રાગ : ભૈરવ)**

**લીલામૃતરસાર્દ્રાદ્રીકૃતાખિલશરીરભૃત્।।**
**તિહારે દરસ બિનુ કૈસે કરિ જીજિએ ।।**
**ઔગુન સબૈં બિસારી કૃપાદષ્ટિસોં નિહારી**
**અપની પ્રતિજ્ઞા પારિ દરશ મોહિ દીજિયે ।।૧।।**

**ધર્મ-કર્મ-હીન આચારક્રિયા ભ્રષ્ટ સબે**
**જ્ઞાનભ્રષ્ટ જીવ સબૈં બિન સાધન ઉદ્ધરે ।।**
**યહ પ્રતાપ સ્રવન સુનિકે સુર નર મુનિ થક્તિ ભયે**
**અપને જીય જાનિ પાસ આએ પાયન પરે ।।૨।।**

**અસુરનકોં ઉપજ્યો ત્રાસ નિજજન મન ભયો હુલાસ**
**બાલ બિરધ નરનારી સબનિકે મન ભાયે ।।**
**શ્રીવિઠ્ઠલ-પદ-પરાગ-ધન સર્વસ 'ગોવિન્દ' જન**
**ઔર સબે છાંડિ શ્રીવલ્લભ ગુન ગાયે ।।૩।।**

***

શ્રીઆચાર્યજી રસાત્મક પુરુષોત્તમ હોવાથી અને સદાય આ રસમાં આર્દ્ર હોવાથી ભીનું કપડું સુકાને પણ ભિંજવે છે તે ન્યાયે આપશ્રી અખીલ દેહધારી સેવકોને લીલામૃતથી ભિંજવી આર્દ્ર રસમય કરે છે.

અડેલના આપના નિવાસ સ્થાને મુખારવિન્દ દ્રવિત ભગવદ્લીલા કથામૃતથી એટલા બધા પ્લાવિત કર્યા હતા કે જેથી તેઓને ખાનપાન આદિની રૂચિ છૂટિ ગઇ હતી. કથામૃત પાનથી જ નિર્વાહ કરતા હતા.

***

શ્રીઠાકોરજીનો લીલારૂપી જે અમતૃરસ તેનાથી ભીંજેલા હોવાથી ભક્તોને અતિ ભીંજેલા કર્યા છે જેમણે તેવા આપ છે.

ત્યાં બે વખત 'ભીંજવું' કહ્યું તેનો અભિપ્રાય એવો છે કે, શ્રીઆચાર્યજી મહાપ્રભુની કૃપાથી લીલારસથી ભીંજેલા જે સેવક છે તેઓ પોતાની પાસે જે બેસે છે તેમને પણ ભગવદ્રસથી આદ્ર કરી દયે છે. જેમ ભીનું કપડું હોય તે સૂકેલા કપડાને ભીનુ કરે છે તે પ્રકારે. તો આપ પોતાના સેવકોને બહાર-અંદરથી લીલારસથી પરિપૂર્ણ કરે છે.

હવે કહે છે કે, શ્રીઆચાર્યજી પોતાના સેવકોને પોતાનું પ્રિય સ્થળ પણ જણાવે છે તે કહે છે :

## ૯૧ગોવર્ધન-સ્થિત્યુત્સાહઃ

**સ્થિતિ+ઉત્સાહ** = સ્થિત્યુસાહઃ

**(રાગ : ગૌડ સારંગ)**

**ગોવર્ધનસ્થિત્યુત્સાહ હમારો જીવન પ્રાન આધાર ||**
**વ્રજાધીશ-વદન શ્રીવલ્લભ મન વચન કર્મ નિરધાર ||૧||**

**કરિ કરૂના કલિકાલ ઘોરમેં નિજજન કિયો ઉદ્ધાર ||**
**બિન સાધન અપને પ્રમેય કરિકે ધૃત દ્વિજવર અવતાર ||૨||**

**માયા તિમિર નિવારનકોં પ્રગટ ભયે શ્રુતિ-સાર ||**
**'ગોવિન્દ' સર્વસ શ્રીવલ્લભ અગનિત ગુન જુ અપાર ||૩||**

***

શ્રીઆચાર્યજીની આંતરભાવના ઇચ્છા શ્રીગોવર્ધનની તળેટીમાં જ નિત્ય નિવાસ માટેની છે, કારણ કે ભગવાનની વિશિષ્ટ લીલાસ્થળી શ્રીગોવર્ધન છે. ભક્તોનું શરણ અને આપનું રક્ષક સ્વરૂપ ભગવાને ગિરિરાજધારણ લીલા કરી શ્લોકથી બતાવ્યું છે.

**''તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્**
**ગોપાયે સ્વાત્મયોગેન સોઽયં મે વ્રત આહિતઃ** (શ્રીભાગવત)

**શૈલોઽસ્મીતિબ્રુવનભૂરિ બલિમાદદ્ બૃહદ્વપુઃ શ્રીકૃષ્ણસ્વરૂપ**

પુલિન્દિઓને ભગવત્પ્રાપ્તિ કરાવી પૂર્ણત્વ પ્રદાન કરનારું આચાર્ય

સ્વરૂપ અને **પાનીય સૂયવસકન્દર કન્દમૂલૈઃ** થી ભગવાનનું આતિથ્ય કરનાર હરિદાસવર્ય સ્વરૂપે શ્રીગોવર્ધન પ્રગટ બિરાજતા હોવાથી ભક્તોને તેના સન્નિધાનનો પણ લાભ મળે છે. ચતુર્ભુજદાસ શ્રીગોવર્ધનનું વર્ણન નીચેના પદથી કરે છે.

**લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે ।**
**ઘોખસિમંતિની સંગ ગિરિવરધરન,**
**કરત નિત્યકેલિ જહાં કામ લાજે ।। ૧ ।।**

**ત્રિવિધ પવન સંચરે, સુખદ ઝરના ઝરે,**
**લલિત સૌરભ સરસ મધુપ ગાજે ।**
**લલિત તરૂ ફુલ ફલફલિત ખટરિતુ સદા,**
**ચતુર્ભુજદાસ ગિરિધર સમાજે ।। ૨ ।।**

આવા ફલાત્મક રસાત્મક ગોવર્ધનમાં આપશ્રીને નિત્ય નિવાસ માટે અનુરાગ છે.

એક સમય જ્યારે આપશ્રી ગિરિરાજમાં સુંદરશિલા, પુજની શિલા સન્મુખ બિરાજતા હતા, ત્યારે શ્રીનાથજીએ સ્વયં પાસે પધારીને પોતાના નુપુર બનાવવાની અને ગાય લાવી આપવાની આજ્ઞા કરી હતી.

શ્રીઆચાર્યજીના તીરોધાન બાદ આપશ્રીએ પોતાના તેજપુંજ સ્વરૂપને દંડવતી શિલા પાસેથી કંદરામાં પ્રવેશ કરાવ્યું. અને તેનો અનુભવ સ્વકીયોને કરાવ્યો. આનાથી જાણી શકાય છે કે આપની નિત્ય સ્થિતિ ગોવર્ધનમાં જ છે.

***

શ્રીગોવર્ધન પર્વત સમીપ રહેવાનો સદા ઉત્સાહ છે જેમનો એવા આપ છે.

શ્રીગોવર્ધન પર્વત સમીપ રહિને પર્વતનું સ્વરૂપ પણ જણાવ્યું કે રત્નમય ગૈરિકાદિ ધાતુ (ગેરૂ-સુવર્ણ) મય લીલાસૃષ્ટિનું સ્વરૂપ શ્રીગોવર્ધન પર્વત છે. એ જતાવ્યું. નહિંતર પહેલાં કોઇ જાણતું ન હતું.

## [૯૨] તલ્લીલા-પ્રેમ-પૂરિતઃ તત્+લીલા = તલ્લીલા

(રાગ : નટનારાયણ)

તલ્લીલાપ્રેમમૂરતિ શ્રીવલ્લભ મન ભાયે ||
તજિ વૈકુંઠ પરમાનન્દ નિજજન-ઉદ્ધરન-હેતુ
કરૂના કરિ કૃપાનિધાન અવનીતલ આયે ||૧||

શિવ વિરંચિ સચીપતિ દેવ કોટિ તૈતિસોં
સુરનર મુનિ કરિ સમાધિ હાર માનિ પાર કોઉ ન પાયે ||
શુક સનકાદિક નારદ વ્યાસ જુ કરત બખાન
શેષ વદન-સહસ્ત્ર સદા સુજસ ગુન ગાયે ||૨||

સુખદ સુબોધિની સુનાઇ સ્વવચનામૃત પાન કરાઇ
ગોકુલપતિ દિયે બતાઇ શ્રીલછમનસૂનુ ||
શ્રીવિઠ્ઠલ પદરજ 'ગોવિન્દ' કો સરવસ હૈ
શ્રીવલ્લભકી જયજય કરિ ચઢિ વિમાન બરસત પ્રસૂન ||૩||

***

શ્રીગોવર્ધન તથા તેની તળેટીમાં જ ભગવાનની વિશિષ્ટલીલાઓનો સાક્ષાત્કાર કરે છે. અને તેથી શ્રીગોવર્ધનમાંની લીલાના પ્રેમમાં આપ સદાય પૂરિત રહે છે. આ સાક્ષાત લીલાઓનો અનુભવ કરીને તેવા જ પ્રકારની સેવા પ્રણાલિકાનું આપશ્રી નિર્માણ કરે છે.

***

ગોવર્ધનોદ્ધરણલીલાના રસથી આપ પૂર્ણ છે.

શ્રીઠાકોરજીએ જ્યારે ગોવર્ધન ધારણ કર્યો, ત્યારે ઇન્દ્રના ભયથી વ્રજવાસી શરણે આવ્યા તેમને બધા જીવોથી અલગ, પોતાના કરી સાત દિવસ સુધી ભૂખ-પ્યાસ બધા દૂર કરી સ્વરૂપાનંદનું દાન કરી રક્ષા કરી. આ લીલા વડે પ્રગટ થયેલા પ્રેમથી પૂર્ણ છે. ૨૯.

***

[९३]યજ્ઞભોકતા [९४]યજ્ઞકર્તા [९५]ચતુર્વર્ગવિશારદઃ ।।
[९६]સત્યપ્રતિજ્ઞઃ [९७]ત્રિગુણાતીતો [९८]નયવિશારદઃ ।।૩૦।।

## [९३]યજ્ઞ-ભોક્તા

(રાગ : ગોરી)

**યજ્ઞભોક્તા દિનમણિ ઉદયો ભૂતલ ભયો પ્રકાશ ।।**
**જયજયકાર ભયો વિભુવનમેં શ્રુતિપથભયો વિકાસ ।।૧।।**
**દેવ કોટિ તેંત્તિસો દેખત ચઢિ વિમાન છાયો આકાસ ।।**
**દિવિ દુંદુભી બજાવન લાગે સુર નર મુનિ પૂરી આસ ।।૨।।**
**માયાવાદી મત્ત ગયન્દ-મન યજ્ઞપુરૂષ દેખિ ઉપજ્યો ત્રાસ ।।**
**યહ મહિમા કોઉ કહિં જાનત ગાવત વિમલ જસ 'ગોવિન્દ' ।।૩।।**

***

અન્નકુટ યજ્ઞરૂપ છે. ઈન્દ્રયાગને બદલે ગોવર્ધનયાગ કરવાની ભગવાને સ્વયં આજ્ઞા કરી હતી. તેવું ભાગવતમાં વર્ણન છે.**''તસ્માત્ ગવાં બ્રાહ્મણાનાં....**(૧૦/૨૫/૩૦)

આ ગોવર્ધન યજ્ઞમાં **શૈલોડસ્મીતિ બ્રુવન ભૂરિ બલિમાદદ્ બૃહદ્વપુઃ** કહી ગોવર્ધરૂપમાં સ્વયં ભગવાને જ ભોગ ધરેલ સામગ્રી આરોગી હતી. અને શ્રીઆચાર્યજી ભગવાનના મુખરૂપ શ્રીકૃષ્ણાસ્ય હોવાથી આપ યજ્ઞભોક્તા છો.

***

શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ પ્રભુના મુખારવિંદાવતાર અગ્નિસ્વરૂપ છે તેથી યજ્ઞના હવિનો ભોગ કરવાવાળા પણ આપ જ છે. તેથી 'યજ્ઞભોક્તા' પહેલાં કહ્યું :

ત્યાં કોઇ શંકા થાય કે પહેલાં યાગ કર્યા વિના યાગનો ભોગ કેમ સંભવે? ત્યાં કહે છે :

## [૯૪]યજ્ઞ-કર્તા

(રાગ : વસંત)

યજ્ઞકર્તા બહુરિ પ્રગટે શ્રીલક્ષ્મણકે ગેહ ||
શ્રીહરિ પ્રગટ કિયે સુખ-મૂરતિ સન્મનુષ્યાકૃતિ ધરિ દેહ ||૧||
સો સ્વરૂપ શ્રીવલ્લભકો કોઉ જન પાર ન પાવે ||
પ્રાકૃત રૂપ દેખિ ભ્રમ ઉપજત અસુરન મોહ ઉપજાવે ||૨||
યહ મહિમા હૈ નિગમ અગોચર કાહુકે હ્રદે ન પાવે ||
શ્રીવિઠ્ઠલ કરૂના કટાચ્છ-બલ 'ગોવિન્દ' જન જસ ગાવે ||૩||

***

શ્રીઆચાર્યજી ભક્તિમાર્ગીય યજ્ઞ કરવાવાળા છે. આપશ્રી શ્રૌત યજ્ઞ પણ કરે છે. જેવી રીતે ગોવર્ધન વિધિ બતાવનાર ભગવાન જ છે, તેવી રીતે શ્રીઆચાર્યજીએ ગોવર્ધન પર્વત ઉપર બિરાજતા શ્રીનાથજીના અન્નકુટ મહોત્સવની વિધિનું વ્યાવહારિક રૂપ કરીને બતાવ્યું, કારણ કે ગોવર્ધનની વિધિ તથા નિર્માણ શ્રીશુકદેવજી ગોવર્ધનલીલાના વર્ણનમાં **સર્વયથાઽઽહ મધુસૂદનઃ** ભગવાને કર્યું હોવાનું કહે છે. અને તેથી ગોવર્ધનયજ્ઞના કર્તા સ્વયં ભગવાન્ છે. અને આચાર્યજી ભગવાનના મુખરૂપ હોવાથી યજ્ઞ રહસ્યનું આપને વિશેષ જ્ઞાન છે.

શ્રીનાથજીનો પહેલો અન્નકુટ શ્રીઆચાર્યજીએ સખડી (ભાત) આરોગાવી કર્યો હતો. અને તેથી આપ યજ્ઞકર્તા છે.

ભગવન્મુખારવિંદ સ્વરૂપથી યજ્ઞભોક્તા અને ભગવન્મુખારવિંદના અવતાર રૂપમાં યજ્ઞકર્તા એ બંને રીતે આચાર્યજી સ્વયં છે. પરંતુ ભોક્તા સ્વયં નિત્યલીલા સંબંધી છે. જ્યારે કર્તાપણું સમય વિશેષે આપ પ્રગટ કરો છો. જેથી આપશ્રીના ''યજ્ઞભોક્તા'' અને ''યજ્ઞકર્તા'' બંને નામોમાં યજ્ઞકર્તા નામ પહેલું હોવું જોઇએ અને યજ્ઞભોક્તા નામ પછી હોવું જોઇએ તેવા

વિચારોને સ્થાન નથી.

***

જે ગોવર્ધનયજ્ઞ કરવાની આજ્ઞા ઠાકોરજીના શ્રીમુખથી પ્રગટ થઇ છે અને શ્રીઠાકોરજીના મુખારવિન્દ સ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે તેથી ‘યજ્ઞકર્તા’ આ નામ કહ્યું.

ત્યાં હવે કહે છે કે, શ્રીગોવર્ધનપૂજામાં બધા વ્રજવાસીઓથી પૂજા કરાવી કે ‘‘તમે બધા આ ગોવર્ધનની પૂજા કરો’’ તેના વડે બધાના બધા પુરૂષાર્થ સિદ્ધ કર્યા. તે બતાવવા આ નામ કહે છે :

## [૯૫]ચતુર્વર્ગ-વિશારદ :

**(રાગ : વસંત)**

**ચતુર્વર્ગવિશારદ પ્રભુ સ્વજન પ્રતિપાલ ||**
**તિહારો નામ ઉચ્ચાર કિયેતે મિટત કોટિ જંજાર ||૧||**

**શ્રીભાગવતપ્રતિપદ મણિવર ભાવાંશુ ભુષિતા મૂર્તિ ||**
**તિહારે ચરન-સરોજ-રજતેં હોત શ્રુતિપથસ્ફૂર્તિ ||૨||**

**તુમસે પ્રભુ સુને નહીં કબહું દેખે આગે નાંહિ ||**
**બ્રહ્મસંબંધ કરાઇ સોંપત હૈ ગ્રહિ દૃઢ કરિ બાંહિ ||૩||**

**તિહારી સિગરી બાત મોંતે નાહિન કહી જાત ||**
**સેવા કથા કરત અરૂ ‘ગોવિન્દ’ જન ગુન ગાત ||૪||**

***

શ્રીઆચાર્યજી અન્નકુટરૂપ ભક્તિમાર્ગીય યાગાદિ કરીને અને કરાવીને ભક્તિમાર્ગીય ધર્મ-અર્થ-કામ અને મોક્ષ ચતુર્વિધ પુરૂષાર્થો નિજ સેવકોને સિદ્ધ કરાવે છે.

આપશ્રીએ ‘‘ચતુઃશ્લોકી’’ ગ્રંથનું નિર્માણ કરી તેમાં ભક્તિમાર્ગીય ચારેય પુરુષાર્થનું વર્ણન કર્યું છે.

ગોધરાના સાંચોરા વિદ્વાન પંડિત રાણા વ્યાસે કાશીમાં પંડિતોની સભામાં શાસ્ત્રાર્થમાં હારી જવાથી લજ્જીત થઇ ગંગાજીમાં ડૂબી આત્મહત્યા

કરવાનો વિચાર કર્યો. ભાગ્યવશાત્ શ્રીઆચાર્યજી હનુમાનઘાટ ઉપર બિરાજતા હતા. આપશ્રીના ઉપદેશથી તેઓએ આત્મહત્યાનો વિચાર માંડીવાળી તરત જ શરણે આવ્યા. શ્રીઆચાર્યજીએ ''ચતુઃશ્લોકી'' ગ્રંથ તેમના માટે નિર્માણ કરી સંભળાવ્યો. આ ગ્રંથમાં ભક્તિમાર્ગીય ચારે પુરુષાર્થોનું આપશ્રીએ આ પ્રમાણે નિરૂપણ કર્યું છે.

***

શ્રીઆચાર્યજી પુષ્ટિભક્તિમાર્ગીય ધર્મ-અર્થ-કામ-મોક્ષના જ્ઞાન વાળા છે.

જોકે લોકમાં તો ચતુર્વર્ગ વડે 'ધર્મ-અર્થ-કામ-મોક્ષ' કહેવાય છે. પરંતુ વ્રજવાસીઓને આ પુરૂષાર્થની ઇચ્છા નથી, એક ઠાકોરજીના સ્વરૂપનો આનંદ જોઇએ, તે વ્રજવાસીઓને સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો ત્યાં હવે કહે છે કે પોતાના સેવકોને પુષ્ટિમાર્ગીય ધર્માર્થકામમોક્ષ સિદ્ધ કર્યા. તે ધર્માદિક કયા પ્રકારના? તે કહે છે - ધર્મ તો શ્રીઠાકોરજીની સેવા, અર્થ તો શ્રીઠાકોરજીનું સ્વરૂપ, કામના તો શ્રીઠાકોરજીની જ, મોક્ષ તો અલૌકિક દેહ મેળવીને વ્રજભક્તોની જેમ ભજનાનંદનો અનુભવ કરવો. તો આ પુરૂષાર્થનું દાન કરે છે.

## [૯૬]સત્ય-પ્રતિજ્ઞઃ

**(રાગ : પંચમ)**

**સત્યપ્રતિજ્ઞ પ્રતિજ્ઞા પારો નિઃસાધન હોં રંક તિહારો ||**
**વ્રજપતિ વદનાનલ બિન કલિમેં નાહિંન ઔર કોઉ રખવારો ||૧||**

**ગોદ પસારિ કરત હોં વિનતી મન વચન કર્મ કરિકે નિર્ધારો ||**
**કરો કરૂના કરૂનાનિધાન મોંકો કલિભુજંગતેં ભય ઉપજત ભારો ||૨||**

**અતિ આવર્ત્ત સહિત દુસ્તર ભવસાગર પદનૌકા દે તારો ||**
**શ્રીવિઠ્ઠલ-પદરજ 'ગોવિન્દ' કહે તિહારે સરન બિન નાહિંન નિસ્તારો ||૩||**

***

કાશીના વિદ્વાનો સમક્ષ શ્રીઆચાર્યજીએ ભક્તિમાર્ગીય સંન્યાસનું

સ્વરૂપ બતાવવાની પ્રતિજ્ઞા કરી હતી. આ પ્રતિજ્ઞાને સત્ય કરવા માટે આપશ્રીએ સંવત ૧૫૮૭ જેઠ વદિ આઠમના રોજ અડેલમાં સંન્યાસ ગ્રહણ કર્યો.

ગાયત્રીભાષ્યોક્ત પ્રકારથી દ્વિધાશ્રૃંગાર રસાત્મક પુરૂષોત્તમ પ્રાપ્તિ વિષયક સંન્યાસ એ પુષ્ટિભક્તિમાર્ગીય સંન્યાસ છે. સંન્યાસના અર્થમાં **''સમ્યક્ ન્યાસઃ સમ્યક્ સ્પર્શઃ બાહુપ્રસાર પરિરમ્ભ કરાલ કોરુ''** થી મહારાસ પ્રસંગે અંગોથી ભગવદ્ સ્પર્શનો અનુભવ એ પુષ્ટિસંન્યાસ છે. અને મહારાસના અંતે એવં **શશાંકાશુવિરાજિતા નિશાઃ સસત્યકામોનુર તાબલાગણાઃ** ના સુબોધિનીજીમાં શ્રીગોપીજનોના મોક્ષના ફલરૂપ સત્યકામની ભગવાને સ્થાપના કરી. આ સત્ય નિષ્કામ કામ જ ભગવદ્પ્રાપ્તિ કરાવે છે. ભક્તિમાર્ગીય સંન્યાસમાં સર્વ નિરપેક્ષ આંતરરમણ સ્વરૂપ ધર્મીવિપ્રયોગની સ્થિતિ બને છે, ત્યારે રસાત્મક સ્વરૂપની સ્ફૂર્તિ થાય છે. અને દેહાધ્યાસ આદિ અવિદ્યાની નિવૃત્તિ થાય છે. અને કેવળ ભગવદ્ભાવમય દેહ બની જાય છે. અન્ય સર્વ વિષયોનો વાસના સહિત પરિત્યાગ એ 'સંન્યાસ' નો બીજો અર્થ છે.

અન્ય સર્વકર્મોનો ત્યાગ કરવાનો હોવા છતાં આપ 'ચતુર્વર્ગ વિશારદઃ' હોવાથી ચતુર્વિધ આશ્રમ ધર્મો બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમથી પોતાનું પૂર્ણ આચાર્યસ્વરૂપ જગતમાં બતાવવાનું છે. ઉત્તમ બ્રાહ્મણકુલમાં પ્રાકટ્યલીધું હોવાથી સંધ્યાવંદન, દેવાયન, વેદાભ્યાસ, તેમજ શિખાસૂત્ર, યજ્ઞોપવિત, ભગવાં વસ્ત્રો, ત્રિદંડ આદિ ધારણ કરી સંન્યાસ ધર્મોનું પણ આપે આચરણ કરી બતાવ્યું અને પોતાની પ્રતિજ્ઞાનું પાલન પણ કરી બતાવ્યું.

આપશ્રીના ભાવાત્મક સંન્યાસનું વર્ણન પદ્મનાભદાસજી આ રીતે કરે છે.

**મૌન સાધ કાજ સાધિ પ્રેમ નિર્વાહ કીનો.**
**ગમન કરત ગોપીગૃહ જબ સંન્યાસ લીનો**
**સદાઇ સંપત્તિ સદા પ્રગટ ગિરિધર ઇન વ્હે હે**
**પદ્મનાભ ભમ વ્યામોહ વ્હે હૈં**

આપશ્રીએ મન-વાણી દેહનો નિરોધ એ ત્રિદંડ ગ્રહણ કર્યો. એવો અલૌકિક સંન્યાસ ધારણ કરી ચાલીસ દીવસ સુધી અનશન વૃત લીધું. આપશ્રીએ ચાર પ્રકારના ગોપીજનોના દશધા પ્રેમનો જ નિર્વાહ કર્યો. એવી રીતે આપશ્રીએ ગોપીગૃહમાં મહાન ઉત્સાહપૂર્વક સંમિલિત થયા. એવા દર્શન નિજભક્તોને થયા. માયિક જીવોને વ્યામોહક મર્યાદા જોવામાં આવી.

***

યથાર્થ છે પ્રતિજ્ઞા જેમની એવા આપ છે.

જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ શ્રીઠાકોરજીની આજ્ઞાથી પુષ્ટિમાર્ગને પ્રગટ કર્યો ત્યારે શ્રીઠાકોરજીએ એમ કહ્યું કે આ માર્ગમાં મારા શરણે આવશે તેને હું પુષ્ટિમાર્ગીય પુરૂષાર્થનું દાન કરી ઉદ્ધાર કરીશ. આ બતાવવા માટે આ નામ કહ્યું છે.

ત્યાં આ શંકા થાય કે હજી સુધી સત્યપ્રતિજ્ઞા તો કોઇની જોઇ નથી તો શ્રીઆચાર્યજી મહાપ્રભુની પ્રતિજ્ઞા કેવી રીતે સત્ય થાય? આ શંકા દૂર કરવા માટે આ નામ કહે છે :

## ૯૭ત્રિગુણાતિત : **ત્રિગુણ+અતિ+ઈતઃ** = ત્રિગુણાતિત :

**(રાગ : ધનાશ્રી)**

**ત્રિગુણાતીત જીવન-ધન પ્રાણ ||**
**તીનિ લોકમેં વ્યાપિ રહ્યો જસ સુર નર મુનિ કરે ગાન ||૧||**

**દૈવીજનકોં સર્વસ શ્રીમદ્‌વલ્લભ ઈન બિનુ કોઉ ન આન ||**
**ષટગુન પૂરન દ્વિજવર-વપુ ધરિ નિજજનકો રાખ્યો હૈ માન ||૨||**

**શ્રીહરિ-વદનાનલ આનંદમય દેત અભયપદ દાન ||**
**કહત 'ગોવિન્દ' ઉપાધિ સબે તજિ સુખદ સુજસ કરો પાન ||૩||**

***

સત્વ, રજ અને તમ એ ત્રણેય પ્રકૃતિના ગુણો હોવાથી અને ભગવાન પ્રકૃતિથી પર હોવાના કારણે ત્રિગુણાતિત છે. પરંતુ સૃષ્ટિના ક્રમ માટે **આત્મમાયાનુભાવેન ભૂતેન્દ્રિય ગુણાત્મના** પંચભૂત ઈન્દ્રિયો અને ગુણો વડે

માયાને નિમિત્ત કરી સૃષ્ટિની રચના કરે છે. લીલાના ભેદ અર્થાત્ ચમત્કૃતિ માટે ભગવાન્ માયા અને ગુણોનો આશ્રય લે છે. અને તેથી ભગવાનની લીલા વિશુદ્ધ હોવા છતાં અન્યથા ભાસે છે. ધ્રુવજીની ભક્તિથી ભગવાન પ્રસન્ન થઇ **ચિંતિતાધિકદાયકઃ** ધ્રુવલોકનું નિર્માણ કર્યું અને આલોકમાં છત્રીસ હજાર વર્ષ સુધીનું રાજ્ય ભોગવવાનું વરદાન આપ્યું. રાજ્યકાળમાં ધ્રુવજીના ભાઇ ઉત્તમને યક્ષોએ મારી નાખ્યા હોવાથી તેનું વેર લેવા ધ્રુવજીએ એક હજાર યક્ષોની હત્યા કરી. જેના દંડ રૂપે ભગવાન્નું આપેલું વરદાન ક્ષીણ થઇ ગયું. કુબેરજી મહાન ભગવદ્ભક્ત અને ભગવદ્વિભુતિ હોવાથી તેમના પુનઃવરદાને ભગવાન્નું વરદાન સચેત થયું.

શ્રીઆચાર્યજી શુદ્ધ સત્યપ્રતિજ્ઞ હોવાથી અને શુદ્ધ ત્રિગુણાતિત હોવાથી આપે શરણે લીધેલા જીવને ભગવાન્ છોડી શકતા નથી. તેવું સંપ્રદાયના ઈતિહાસમાં થાનેશ્વરના પંડિત રામાનંદનું દ્રષ્ટાંત વિદ્યમાન છે. શ્રીઆચાર્યજી નિર્ગુણ નિષ્કામ હોવાથી આપના સેવકો પણ નિર્ગુણ નિષ્કામ હોય છે.

ભગવાન્ પરશુરામના પિતાજી જમદગ્નિએ પરશુરામને માતા રેણુકાનો વધ કરવાની આજ્ઞા કરી. યમુનાજીનાં જળ ભરતાં ગાંધર્વોનો વિહાર રેણુકાએ જોયો એ માનસિક વ્યભિચાર તેમની હત્યાનું કારણ બન્યું. અને તે પણ ભગવદાવતાર પરશુરામના હાથે જ. જ્યારે શ્રીઆચાર્યજીના સેવક ગોધરા ના રાણાવ્યાસનો એક સ્ત્રીજન સાથેનો સંગ નિર્હેતુક નિષ્કામ ભાવે પવિત્ર હોવા છતાં લૌકિક ચર્ચાનો વિષય બન્યો હતો. રાણાવ્યાસના સંગી જગન્નાથજોશીએ અગ્નિમાં તપાવેલ લોખંડના પાટાને એક પ્રહર સુધી ગળામાં રાખી રાણા વ્યાસની શુદ્ધતા પુરવાર કરી આપી હતી.

શ્રીઆચાર્યજીનું સ્વરૂપ માયાના સત્વ રજ અને તમ ત્રણેય ગુણોથી પર છે. આપશ્રીમાં માયાજનિત ધર્મો નથી, આપશ્રીનું કેવલ નિર્ગુણ ભક્તિરસથી પૂર્ણ આનંદમય સ્વરૂપ છે, આમ પોતાના સેવકોને પણ અલૌકિક શક્તિ તથા નિર્ગુણતાનું દાન કરે છે.

***

આ રીતે જ્યાં આપશ્રી આપના સેવકોને ત્રિગુણાતિત કરી દે છે, ત્યાં

આપ સ્વયં ત્રિગુણાતિત હોય તો તેમાં આશ્ચર્ય શું ?

શ્રીઆચાર્યજી પ્રાકૃત ગુણોથી રહિત છે.

આનો અભિપ્રાય એવો છે કે જેટલા મનુષ્ય છે તેમને માયાનો સંબંધ છે, તેથી દોષયુક્ત છે. તેથી તેઓની પ્રતિજ્ઞા સિદ્ધ નથી હોતી. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુ તો માયાના ગુણોથી રહિત છે, તેથી નિર્દોષ છે. તેથી એમની પ્રતિજ્ઞા પણ નિર્દોષ છે. તેથી સત્ય પ્રતિજ્ઞા થઇ.

ત્યાં હવે કહે છે કે, જે જીવોના ઉદ્ધાર માટે પ્રતિજ્ઞા કરી તે જીવોને પોતાના માર્ગની રીતિ-મર્યાદા જણાવવા માટે પોતાના સિદ્ધાન્તોનું જેમાં નિરૂપણ છે એવા ગ્રન્થપણ આપે કર્યા આ જણાવવા માટે આ નામ કહે છે :

## ૯૮નય-વિશારદ :

**(રાગ : કલ્યાણ)**

**નયવિશારદકો વિમલ જસ ભાવૈ ||**
**અપની બુદ્ધિ-અનુસાર કહત સબ કોઉ પાર ન પાવૈ ||૧||**

**શિવ વિરંચિ મોહિત સુર નર મુનિ સબમિલિ કહું કછુક બતાવૈ ||**
**શ્રીહરિવદનાનલ-મહિમા-ગુન શેષ સહસ્ત્ર-મુખ ગાવૈ ||૨||**

**શ્રીવલ્લભ ભાનુ અવનિતલ ઉદયો માયા-તિમિર-નિબિડ સુનસાવૈ ||**
**રંક 'ગોવિન્દ' શ્રી વલ્લભ-પદ બિન અનત ન સીસ નમાવે ||૩||**

***

શ્રીઆચાર્યજી નય-નીતિ વ્યવહાર કુશળ છે. પોતાના ચરિત્રોથી ભક્તિમાર્ગના સિદ્ધાન્તોનો વ્યવહાર આપ સમજાવે છે, કારણ ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારેય પુરુષાર્થોની વિશેષતા આપ આચરણ દ્વારા સમજાવો છો, જે જોઇને પોતાના સેવકોમાં ભક્તિમાર્ગીય સિદ્ધાન્તોનું આચરણ કરવાની દૃઢતા આવે છે.

શ્રીઆચાર્યજીએ ભક્તિમાર્ગીય ધર્મમાં અવ્યાવૃત્ત પ્રકારે સેવા કરવાની આજ્ઞા કરી છે. એકવાર કોઇ વસ્તુ સામગ્રી ભંડારમાં નહીં હોવાથી આપશ્રીએ એક સોનાની વાટકી ધરાણે મુકી સામગ્રી મંગાવી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. પરંતુ આપે તેનો પ્રસાદ લીધો નહિં. મહાપ્રસાદ ગાયોને

ખવડાવી દીધો, કારણ ઘરાણે રાખીને લાવેલી વસ્તુનો ઉપભોગ કરવામાં દેવદ્રવ્યનો બાધ તથા અવ્યાવૃત્ત નિયમનો ભંગ થાય છે.

આપના ચારિત્ર્યનો પ્રભાવ આપના સેવકો ઉપર પણ દેખાઇ આવે છે. કડાગામના કપિલ સારસ્વત બ્રાહ્મણ ગદાધરદાસ શ્રીમદનમોહનજીની સેવા કરતા હતા. તેઓ અવ્યાવૃત્ત ભાવે એટલે કે વ્યાવૃત્તિ માટે ઉપાય ન કરતા જે સમયે જે મળી આવે તેનાથી નિર્વાહ કરતા હતા. એક વખત ભગવદ્ ઇચ્છાએ ભોગ ધરવા માટે કાંઇ આવ્યુ નહિં. ત્યારે બધા સમયની સેવામાં ફક્ત ઝારીજીના જલનો જ ભોગ ધર્યો પરંતુ પોતાના હાથે અન્ય સામગ્રીભોગ શ્રીઠાકોરજીને ધરી ન શક્યા તેનો ચિત્તમાં કલેશ થયો. અર્ધરાત્રિએ એક જજમાને આવીને શ્રાદ્ધ નિમિત્તે રૂપિયા ચાર દક્ષિણાના આપ્યા. ગદાધરદાસે તરત જ તેમાંથી રૂપિયા એકની જલેબી કંદોઇને ત્યાંથી મંગાવી શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. આ પ્રસાદ તેમણે પોતે કાંઇ ન લેતા વૈષ્ણવોને વહેંચી દીધો.

આનાથી શ્રીઆચાર્યજીની ભક્તિમાર્ગી વ્યવહાર કુશળતા નયવિશારદતા પ્રગટ થાય છે.

***

પોતાના સિદ્ધાન્તના શાસ્ત્ર, તેને કરવામાં મહાનિપુણ એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે. ૩૦.

***

**[૯૯]સ્વકીર્તિવર્ધનઃ [૧૦૦]તત્ત્વ-સૂત્રભાષ્ય પ્રદર્શકઃ ॥**
**[૧૦૧]માયાવાદાખ્યતૂલાગ્નિઃ [૧૦૨]બ્રહ્મવાદ નિરૂપકઃ ॥૩૧॥**

## [૯૯]સ્વકીર્તિવર્ધનઃ

**(રાગ : સારંગ)**

**સ્વકીર્તિવર્ધનકી કીર્તિ જગમેં ફૈલ રહી ।**
**આનંદ રૂપ કરત તાહીકોં જિનકે હૃદય આઇ છહી ॥૧॥**

**હરિ બસ હોય સદા તિનિહીકે જો યહ નિસિદિન ગાવૈ ।**
**હરિલીલારસ રોમ-રોમમેં તિનિહીકે મેં આવૈ ॥૨॥**

**તિનિકે દરશન અરૂ નામ માત્રતૈં કોટિ દુષ્કૃત ભાજૈ।**
**કહત 'ગોવિન્દ' એસેન કી સંગતિ તૈં નિર્ભય હોઈ નિત ગાજૈ ।।૩।।**

શ્રીઆચાર્યજીએ 'સ્વ' એટલે પોતાની, પોતાના માર્ગની અને પોતાના સેવકોની કીર્તિ જગતમાં વધારી છે. ત્યાગપૂર્વક અને અવ્યાવૃત્ત અવસ્થાના કારણે જગતમાં આપ **'મહાપ્રભુ'** નામથી વિખ્યાત બન્યા, લોકોએ આપને મહાપ્રભુ અર્થાત્ પ્રભુથી પણ વિશેષ કહી આપની કીર્તિનો વિસ્તાર કર્યો છે.

***

શ્રીઆચાર્યજી પોતાના સેવકોમાં કીર્તિને વધારવાવાળા છે.

પોતાના માર્ગના ગ્રન્થોનું નિરૂપણ કર્યું ત્યારે સેવકો વડાઇ કરવા લાગ્યા કે આપની બરાબર કોઇ નથી. તેથી આપના સેવકોમાં કીર્તિને વધારવાવાળા એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે.

હવે કહે છે માયાવાદ વગેરે જે મત-વાદ, તેના પ્રગટ કરવાવાળા જે પંડિત તેમનામાં પણ આપની કીર્તિ વધારી. તે નામ કહે છે :

***

## ૧૦૦ તત્ત્વ-સૂત્ર-ભાષ્ય પ્રદર્શક :

**(રાગ : બિભાસ)**

**તત્ત્વસૂત્રભાષ્યપ્રવર્તકકૌ અતિ અદ્ભૂત**
**સુજસ વિમલ તીનિ ભુવન વ્યાપ્યો ।।**
**કરિ કરૂના કલિજુગમેં દ્વિજવર અવતાર ધર્યો**
**માયામત ખંડન કરિ બ્રહ્મવાદ સ્થાપ્યો ।।૧।।**

**તિહારી કલા અંસ પ્રગટે વામન બલિરાજ છલ્યો**
**ચરન એક કરિ ત્રિવિક્રમ તીન ભવન માપ્યો ।।**
**સ્રવન સુનત સુરસુંદરી ચઢિ વિમાન છાયો**
**નભ દેખિ આકાશ અતિ ઉજાસ પંચમ આલાપ્યો ।।૨।।**

**તિહારે ચરન વિમુખ જીવ નેંકુ નાહીં ધરત ધીર**
**અસુરન તૈં સબ વૃથા જન્મ કાપ્યો ।।**

**અજહૂં કછું ચેતત નહીં ભટકત હૈ નિસિવાસર**
**સંપત્તિ કે હેત મન કરત હૈ વિલાપ્યો ।।૩।।**
**કામ ક્રોધ લોભ મોહ મત્સર કરિ સાધુસંગ છાંડિ**
**અસદાલાપ અસુરમતિ જગત સંતાપ્યો ।।**
**સત્સંગતિ કરકૈ શ્રીવિઠ્ઠલ પદસરોજ રજ જગતમેં વ્યાપી રહ્યો**
**'ગોવિન્દ' જન સીસ ધરિ છાપ્યો ।।૪।।**

***

વિદ્વાનોમાં આપશ્રીની કિર્તી વધવાનું કારણ તો એ છે કે વ્યાસાશ્રમમાં વ્યાસજીએ સ્વરચિત બ્રહ્મસૂત્ર ઉપર પોતાના હાર્દને અનુરૂપ ભાષ્ય કરવા શ્રી આચાર્યજીને કહ્યું. અને કહ્યું કે અન્ય આચાર્યોએ ભાષ્ય ઘણા કર્યા છે પરંતુ મારા હૃદયના ભાવો જેવા પ્રગટ થવા જોઇએ તેવા પ્રગટ થયા નથી. તેથી તમો શ્રીઆચાર્યજી બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ ભાષ્યનો પ્રારંભ કર્યો અને તેમાંથી કેટલાંક સૂત્રો વ્યાસાશ્રમમાં વ્યાસજીને કહી સંભળાવ્યા જે સાંભળી વ્યાસજી બહુ પ્રસન્ન થયા. આ ભાષ્યનો વિસ્તાર આપશ્રીએ કાશીમાં વિદ્વાનો સમક્ષ કર્યો હતો.

***

વ્યાસજીના જે સૂત્ર છે તેના અર્થનું નિરૂપણ જેમાં છે એવો 'અણુભાષ્ય' ગ્રન્થ તેનું નિરૂપણ કરવાવાળા આપ છે.

ત્યાં શંકા થાય કે વ્યાસસૂત્રના અર્થ તો શંકરાચાર્ય વગેરેએ પણ કર્યા છે તો શ્રીઆચાર્યજી મહાપ્રભુમાં અધિકતા શું છે? ત્યાં કહે છે કે વેદમાં શ્રીઠાકોરજીનું રસાત્મક સાકાર સ્વરૂપ કહેલું છે. તે પ્રકારથી વ્યાસસૂત્રનો અર્થ શંકરાચાર્ય વિગેરેએ નથી કર્યો, પોતાના માર્ગની રીતિથી નિરાકાર સ્વરૂપનું નિરૂપણ કર્યું છે, તે તો વેદથી વિરૂદ્ધ છે અને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ઉત્તમ રીતિથી નિરૂપણ કર્યું છે. આ બતાવવા માટે આ નામ કહ્યું. આના દ્વારા પંડિતોમાં પણ પોતાની કીર્તિ વધારી.

ત્યાં કોઇ કહે કે આજે કલિયુગમાં માયાવાદની આગળ બધા શાસ્ત્ર દૂષિત થઇ ગયા છે તે પ્રમાણે અણુભાષ્ય પણ દૂષિત થઇ ગયું? આ શંકા દૂર કરવા માટે નામ કહે છે :

## [૧૦૧]માયા-વાદાખ્ય-તૂલાગ્નિઃ

**માયાવાદ+આખ્યતૂલ+અગ્નિ** = માયાવાદાખ્યતૂલાગ્નિ :

**(રાગ : સામેરી)**

**માયાવાદાખ્યતૂલાગ્નિ તુમ કલિમેં ભૂતલ દરસ દીનૌ ।।**
**ઐસી ગેંન નહીં ભઇ બહુરિ યહ વિધિ સબહિ પ્રગટ અબ કીનૌં ।।૧।।**
**જૌ બાત સુની નહિં કબહૂં સો તુમ્હારી કૃપાબલ તૈં હમ ચીનૌં ।।**
**યહ હારદ કાહૂ જાન્યો જિન માન્યો સો રહત રસભીનૌં ।।૨।।**
**કલિ મેં સૂનત સબ બતિયાં તાતૈ ભરિ આવત મેરી છતિયાં ।।**
**શ્રીવિઠ્ઠલ પદરજ 'ગોવિન્દ' કોં દીનો પ્રમેયબલ યહ સબ ભતિયાં ।। ૩।।**

***

શ્રીઆચાર્યજી અગ્નિ સ્વરૂપ હોવાથી માયાવાદરૂપી તૂલ એટલે કે રૂ પાસે આવે તો તે બળી જાય છે. ભાષ્યાદિ રચના બાદ વિ.સં.૧૫૮૦માં કાશીમાં શ્રીવિશ્વેશ્વરની સંમતિથી ''પત્રાવલંબન'' ગ્રંથલખી આપશ્રીએ કાશી વિશ્વનાથના મંદિરના દ્વાર ઉપર લટકાવ્યો. શ્રી વિશ્વનાથજીની સંમતિ લેવાનું કારણ છે કે શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદના મૂળઆચાર્ય સ્વયં શ્રીશંકરભગવાન છે અને તેથી બ્રહ્મવાદમાં ક્યાંય અંતર ન આવી જાય તેટલા માટે શ્રીવિશ્વનાથજીની પ્રેરણાથી આપશ્રીએ ''પત્રાવલંબન'' ગ્રંથનું નિર્માણ કર્યું. એવો આપશ્રી ગ્રંથમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

**'ડિંડિસ્તુ વાદિતોદ્વારિ વિશ્વેશસ્યમયાત્ર હિ'**

આ પ્રકારે આપના સિદ્ધાન્તોમાં માયાવાદનો લેશમાત્ર પણ સંસર્ગ આવી શકતો નથી.

***

માયાવાદરૂપ રૂના ઢગલાને ભસ્મ કરવાવાળા અગ્નિરૂપ આપ છે.

આનાથી બતાવ્યું કે જેમ રૂનો મોટો ઉચો ઢગલો હોય તે રંચક પણ અગ્નિના સંબંધ વડે ભસ્મ થઇ જાય છે તે પ્રકારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ છે. તે અગ્નિરૂપ શ્રીઆચાર્યજીની આગળ માયાવાદ રંચક પણ ઉભો રહી શકતો

નથી.

ત્યાં એ શંકા થાય કે માયાવાદને કયા વાદ દ્વારા દૂર કર્યો? તે કહે છેઃ

## [૧૦૨]બ્રહ્મ-વાદ -નિરૂપકઃ

(રાગ : પૂર્વિ)

**બ્રહ્મવાદનિરૂપક પદરજ પાવનકૌ ધ્યાન ધરત દિનરાત ||**
**દરસ-પરસ હોં તિહારૌ ચાહત ઔર કછૂ નહીં તૂમ બિન મોય સુહાત ||૧||**

**મન મેરો અટક્યો ઈન બાતનિ ખાનપાન અબ કિયો ન જાત ||**
**લગન લાગિ રહી શ્રીવલ્લભસોં કહત ન કાહૂસોં મો મન બહૂત લજાત ||૨||**

**અપને મનતૈ મેરે મનકી ઇચ્છા તુમતૈ નિબહાત ||**
**'ગોવિન્દ' તિહારો સુજસ વિમલ અતિ પ્રફુલિત મન ગુન ગાવત ન અઘાત ||૩||**

***

શ્રીઆચાર્યજીએ માયાવાદનું નિરાકરણ કરી બ્રહ્મવાદની સ્થાપના કરી. આપશ્રીએ બ્રહ્મવાદનું સ્વરૂપ આ રીતે સમજાવ્યું છે.

બ્રહ્મથી જ સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ છે, તેથી વિદ્યમાન સમસ્ત જડ-ચેતન પદાર્થો બ્રહ્મરૂપ છે. બ્રહ્મના ''સત્'' અંશમાંથી જગતની ઉત્પત્તિ અને ''ચિદ્'' અંશમાંથી જીવની ઉત્પત્તિ છે. સમસ્ત પદાર્થોને બ્રહ્મે પોતાની ક્રિડા માટે નિર્માણ કર્યા છે. બ્રહ્મરૂપ હોવા છતાં તેમાં વિવિધતા દેખાય છે. બ્રહ્મે લીલાસ્થળ માટે જગત નિર્માણ કર્યું અને ભગવાનના 'સત્' અંશમાંથી ઉત્પન્ન થયું હોવાથી શ્રીઆચાર્યજીએ જગતને સત્ય હોવાનું નિરૂપણ કર્યું છે. જીવ ભગવાનનો અંશ છે.

**મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતન** (ભ.ગી.૧૫/૭)

**'યો યદંશઃ સ તં ભજેત્'**

તે અનુસાર 'ભજેત્' શબ્દનો અર્થ 'ભજ સેવાયાં' એટલે કે 'ભજ' ધાતુ સેવાનો વાચક હોવાથી જીવે ભગવાનની સેવા કરવી એ કર્તવ્ય છે.

આ રીતે શ્રીઆચાર્યજીએ બ્રહ્મવાદના સિદ્ધાન્તથી જીવના કર્તવ્યનું નિરૂપણ કર્યું છે. આપશ્રીએ ત્રણ વખત પૃથ્વી પરિક્રમા કરી જગતમાં

બ્રહ્મવાદનું સ્થાપન કર્યું, અને જીવોને ભગવત્સેવાનો ઉપદેશ આપ્યો.

***

બ્રહ્મવાદ, કે જેમાં બધી વસ્તુઓને સત્ય (બ્રહ્માત્મક) કહી છે, તે વાદ દ્વારા માયાવાદ, જેમાં બધી વસ્તુઓને મિથ્યા કહી છે, તેને દૂર કર્યો? ||૩૧||

***

**[૧૦૩]અપ્રાકૃતાખિલા-કલ્પ-ભૂષિતઃ [૧૦૪]સહજસ્મિતઃ ||**
**[૧૦૫]ત્રિલોકીભૂષણં [૧૦૬]ભૂમિ-ભાગ્યં [૧૦૭]સહજસુન્દરઃ ||૩૨||**

## [૧૦૩]અપ્રાકૃતાખિલા-કલ્પ-ભૂષિતઃ

**અપ્રાકૃત+અખિલ+આકલ્પ** = અપ્રાકૃતાખિલાકલ્પ

**(રાગ : મલ્હાર)**

**અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત મો પર કૃપા કરૌ ||**
**કોટિક જનમ ભએ ભટકત ભટકત કારજ કછુ ન સરૌ ||૧||**
**અબ કહીં જુ મહાનિધિ પાઈ બૂડત બાંહ પકરૌ ||**
**જબૈ સુધિ હોત શ્રીવલ્લભકી તબ બિસરત દુઃખ સગરૌ ||૨||**
**બ્રહ્મવાદ હારદ જાને બિનુ કરત અસુર ઝગરૌ ||**
**'ગોવિંન્દ' પ્રભુ કલિમેં ઉદ્ધરત હૈ મતિ સાધન કરિ જુ ગરૌ ||૩||**

***

શ્રીઆચાર્યજી ભક્તોને ભક્તિ અને આચાર બંનેનો પોતાના સ્વરૂપ દ્વારા અનુભવ કરાવ્યો. તેવી જ રીતે ભક્તિમાર્ગીય ફલનો અનુભવ પણ આપશ્રીએ પોતાના સ્વરૂપ દ્વારા સેવકોને કરાવ્યો. જેથી લીલાનો રસાત્મકભાવ આપશ્રીના શ્રીઅંગમાં પ્રગટ દેખાય છે. અને આ ભાવો તે જ આપના આભૂષણો છે, જેના વડે આપ વિભૂષિત છે.

આવા રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શ્રીગુસાંઇજી વર્ણવે છે.

**'શ્રી ભાગવત પ્રતિપદમણિવર ભાવાંશુ ભૂષિતા મૂર્તિઃ'**

(સપ્તશ્લોકી)

આ રીતે ભાગવતના મણિરૂપ પ્રતિપદોના અલૌકિક ભાવોથી આપશ્રી સુશોભિત છે.

શ્રી આચાર્યજીના શૃંગારકલ્પદ્રુમનું વર્ણન :

**શ્રી ગુસાંઇજી :**

**ભાવૈરંકુરિતં મહિમૃગદ્રષા માકલ્પમા સિંચિતૈઃ**
**પ્રેમ્ણા કન્દલિતં મનોરથમયૈઃ શાખાશતૈઃ સભૃતમ્ ।**
**લૌલ્યૈઃ પલ્લવિતં મુદા કુસુક્તિં પ્રત્યાશયા પુષ્પિતમ્**
**લીલાભિઃ ફલિતં ભજે વ્રજવની 'શ્રૃંગારકલ્પદ્રુમમ્' ।** થી કરે છે.

**શ્રી હરિરાયજીઃ**

**પુષ્ટિ કલ્પદ્રુમમાત્મત્વં મૂલવદ્ ભૂવિસંગતમ્**
**કદા પદતલં મૂર્દિને શ્રીમદ્લ્લમ ધાસ્યસિ** થી કરે છે.

**પદ્મનાભદાસજીઃ**

**અવની રમન મધુરમય વૃક્ષ ઉદભવ પ્રચંડ**
**ભાવ શાખા સરલહરિત ઘનતડિત સુખદ છાયા વ્રજપ્રેમખંડં**
**પત્ર કિસલય નિબિડ યુવતિવર વશીકર વપુ મોહાત્મકં મધુર દેહં**
**મધુર દાનવ્રત રસદ બહુફલિત ફલ સ્વાદ અધિકાર ભંડાર ભવનં**
અને **શ્રીમદ્ વલ્લભરૂપ સુરંગે**
**નખ શિખ પ્રતિ ભાવન કે ભૂષણ, વૃંદાવન સંપત્તિ અંગ અંગે ।**
થી કરે છે.

આ પ્રકારે રસાત્મક ભાવો અને આભૂષણોથી શ્રીઆચાર્યજી શોભે છે.

***

અલૌકિક જે આભુષણ તેના વડે શ્રીઆચાર્યજી ભૂષિત છે.

તે અલૌકિક આભૂષણ કયા? તો વ્યાસસૂત્રના ચાર અધ્યાય છે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ, તેમાં જે ચોથો અધ્યાય ફલરૂપ, તેમાં ભગવદ્ભાવરૂપ અલૌકિક આભૂષણ, તેના વડે વિભૂષિત છે શ્રીઆચાર્યજી મહાપ્રભુ. ત્યાં કોઇ કહે કે શંકારાચાર્ય વિગેરેએ પણ વ્યાસસૂત્રના ચોથા અધ્યાયમાં પોતાના માર્ગના ફલ કહ્યા છે, પરંતુ જેવું શ્રીઆચાર્યજી

મહાપ્રભુએ ફલનું નિરૂપણ કર્યું છે તે પ્રકારે બીજા કોઈએ નિરૂપણ નથી કર્યું. તેથી અલૌકિક આભૂષણ વડે આપ યુક્ત છે. તેથી આ નામ કહ્યું.

હવે અહિં સંદેહ થાય કે સેવકો કેવી રીતે જાણી શકે ? તે જણાવવા માટે આગળનું નામ કહે છે.

## ૧૦૪ સહજ-સ્મિતઃ ॥

**(રાગ : બિહાગરો)**

**સહજસ્મિત શ્રીવલ્લભ વલ્લભ મોકોં અતિ ॥**
**ઔર કછૂ સમજત નાહિંન સુભગ મૂરતિસોં લાગિ રહી રતિ ॥૧॥**

**દૈવીસૃષ્ટિ-ઉદ્ધારન કારન બહુરે પ્રગટે અવનિતલ વ્રજપતિ ॥**
**તિહાર ચરનસરોરૂહ તજિકૈ નાહિંન ચાહત કબહું ઔર ગતિ ॥૨॥**

**મો મન લગન લાગી રહૈ આધી નિમિષ નહીં હોત હૈ વિસ્મૃતિ ॥**
**વિનતી સુનહુ કૃપાનિધિ મેરી ઇનિ નૈનનિં નિરખૌ નિત્યપ્રતિ ॥૩॥**

**રૈનિદિનાં રસનાકહિ જીવિત હૌ કર જોરિ કરૌ વિનંતી ॥**
**'ગોવિન્દ' જનકૌ તમ મન ધન જીવન સર્વસુ શ્રીમદ્‌વલ્લભ મહામતિ ॥૪॥**

***

મધુરાષ્ટક ગ્રંથમાં હસિતં મધુરં માં અનેક ભાવોનું નિરૂપણ છે. હાસ્યદ્વારા મુખારવિંદમાંથી અમલ સૌરભ પ્રસરે છે. જેનાથી લોભાયમાન થઈ ભ્રમરો મોહિત થાય છે. વિગાઢરસમાં હાસ્યરસની અનુભૂતિ થાય છે. હાસ્ય દ્વારા ભગવાનના રસપરવશતાના હૃદયના ભાવો પ્રકાશે છે. અથવા **'ઉદારહાસ દ્વિજકુન્દદીધિતિ'** આવું હાસ્ય પૂર્ણકામ આપનારું છે. નિકટના સંબંધમાં ભક્તોને ભગવાનના ધર્મોનું જ્ઞાન થતાં માહાત્મ્ય બુદ્ધિ સ્ફૂરે, ભય ઉત્પન્ન થાય અને તેથી રસનો ભંગ થઈ જાય. આ પ્રમાણે ન થાય તે માટે મોહ ઉત્પન્ન કરવા ઉદાર હાસ્ય વડે સ્નેહની વૃદ્ધિ કરાવે છે. ભગવાનનું હાસ્ય ભાવોદ્દિપન, ઉન્માદક હોવાથી નયનના, હૃદયના તથા મુખારવિંદના ભાવો હાસ્ય દ્વારા પ્રગટ કરે છે. આપશ્રીનું હાસ્ય સહજ અર્થાત્ જન્મ સાથે જ પ્રગટ થયેલું હાસ્ય છે. નૈસર્ગિક છે. ભક્તોને યથાધિકારે હાસ્યના મંદ-

મધ્ય-અટ્ટ આદિ પ્રકારોએ શ્રીઆચાર્યજી સ્વરૂપાનંદનું દાન કરેછે. **પુષ્ટેરસેહાસઃ** લીલાના રસ સ્મરણના સ્વભાવથી ઉત્પન્ન થયું છે હાસ્ય જેને એવા આપશ્રી છે. શ્રીઆચાર્યજી આપના નૈસર્ગિક હાસ્યથી જીવો ઉપર અનુગ્રહ કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે.

ભગવાનના હાસ્યનું વર્ણન ભાગવતમાં **હાસો જનોન્માદ કરી ચ માયા** (૨/૧/૩૧) આ રીતે છે. હાસ્યને માયાના પ્રસારકનું સ્વરૂપ ક્હ્યું છે. હાસ્યમાં સંકોચ મંદહાસ્ય, મૃદુ હાસ્ય, અટ્ટહાસ્ય વિગેરે વિવિધ પ્રકારો છે. તેવા પ્રકારો માયામાં પણ હાસ્યના પ્રભાવે દેખાય છે. મંદહાસ્યના પ્રભાવથી માયા પણ સંકોચાય છે. શ્રીઆચાર્યજી મંદહાસ્ય દ્વારા પોતાના સેવકોને માયાનું આવરણ દૂર કરી પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે.

***

ભગવદ્‌ભાવરૂપ અલૌકિક આભૂષણ આપે ધારણ કર્યા છે તેથી ભાવનું જ્યારે સ્મરણ થાય છે ત્યારે સહજ મન્દહાસ્યયુક્ત થાય છે. તેના વડે સેવકોને જણાય છે કે આપ અલૌકિક ભાવયુક્ત છે.

હવે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ સેવકોને શોભાયમાન કરવાવાળા છે. આ જણાવવા માટે આ નામ કહે છે :

## ૧૦૫ ત્રિલોકીભૂષણમ્

**(રાગ : ધનાશ્રી)**

**ત્રિલોકીભૂષણ પ્રાન આધાર ।।**
**દૈવીજીવ-ઉદ્ધારન-કારન ધૃત દ્વિજવર અવતાર ।।૧।।**

**શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર પુરાન કે કોઉ ન પાવત પાર ।।**
**શ્રીહરિ-વદનવન્હિ આનંદમય શ્રીવલ્લભ નિરધાર ।।૨।।**

**શ્રીભાગવત-સુધા-સમુદ્ર મથિકીનોં ભક્તિ - પ્રચાર ।।**
**કરિ સીખિવે સેવા નિજજનકોં બતાઇ દિએ શ્રુતિસાર ।।૩।।**

**કરૂના કરિ કલિમેં કરૂનાનિધિ શ્રીવલ્લભ મહા ઉદાર ।।**
**જો અવનીતલ દરશ ન દેતે તૌ વસુધા બૂડત ભાર ।।૪।।**

**સાધન કોટિ કરૌ જિન કોઉ હોત નહીં ઉદ્ધાર ||**
**કહત 'ગોવિન્દ' શ્રીવલ્લભ સુમિરે બિન હોત નહીં નિસ્તાર ||૫||**

***

શ્રીઆચાર્યજી ત્રિલોકી અર્થાત્ સત્વગુણ, રજોગુણ, તમોગુણ વાળા અથવા કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય અને ભક્તિમાર્ગીય સેવકોના ભૂષણ સ્વરૂપ છે. **ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ** થી કર્મમાર્ગના ભૂષણ રૂપ **શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂઃ** થી જ્ઞાન માર્ગના ભૂષણરૂપ અને **ભક્તિમાર્ગાબ્જમાર્તંડ** થી ભક્તિમાર્ગના ભૂષણ રૂપ છે. વસ્તુતઃ કૃષ્ણના સ્વરૂપે **દિવિ ભુવિ ચ રસાયાં કાઃ સ્ત્રિયસ્તદ્દુરાપાઃ** (ભ્રમરગીત) થી ત્રણેય લોકના ભૂષણ છે.

શ્રીઆચાર્યજી ગુણમય સેવકોને આપશ્રીના હાસ્યદ્વારા આકર્ષણ કરે છે. બાદ મંદહાસ્યથી આ સેવકોના મોહ દૂર કરી ચિરવિપ્રયોગાત્મક લીલારસનું દાન કરે છે. આપનું સ્વરૂપ દ્વિદલાત્મક સંયોગ-વિપ્રયોગ ઉભયદલાત્મક હોવાથી આ ત્રણેય ગુણવાળા સેવકોને પોતાના પૂર્ણ સ્વરૂપાનંદનું દાન કરે છે. આ પ્રકારે આપશ્રી ત્રિલોકીના ભૂષણ છે.

સ્વધામ પધારતા અગાઉ આપશ્રીએ દામોદરદાસ હરસાનીને વિપ્રયોગ રસનો અનુભવ કરાવવા ગોકુલમાં જ નિવાસ કરવાની આજ્ઞા કરી અને સેવા માટે આપશ્રીએ પોતાની પાદુકા પધરાવી આપી.

***

'ત્રિલોકી' પદ વડે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ વાળા જે સેવક તે કહે છે. ત્રિલોકમાં આવા સેવકોની શોભા શ્રીઆચાર્યજી મહાપ્રભુના સમ્બન્ધ વડે છે, બીજી કોઇ રીતે નથી. આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કહે છે કે શ્રીઆચાર્યજીના ચરણાવિન્દના સમ્બન્ધથી ભૂમિનો પણ ઉત્કર્ષ સિદ્ધ થયો. આ બતાવવા માટે આ નામ કહે છે :

## ૧૦૬ ભૂમિ-ભાગ્યમ્

**(રાગ : કેદારો)**

**ભૂમિભાગ્ય કલિમેં જુ દરસ દિયૌ-લક્ષ્મણ અમૃત-ઉદધિ દ્વિજરાજ ||**

**નિબિડ તિમિર માયાવાદિનિકૌ વચન કીરતન ગયો જુ ભાજ ||૧||**
**જયજયકાર ભયો ત્રિભુવનમેં સુર નર મુનિ કે જુરે સમાજ ||**
**અબ મતિ કરૌ સોચ કોઉ મનમેં પુષ્ટિભક્તિ દૃઢ બાંધિ પાજ ||૨||**
**નિઃસાધન તિહારે સરન ભયો રંક જાનિ અબ રાખૌ લાજ ||**
**સદા બિરાજૌ સીસ 'ગોવિન્દ' કે શ્રીવલ્લભ વિદુષવૃંદ-સિરતાજ ||૩||**

**ભૂમિર્માતા તથા ચાન્યે દુઃખ ભાજો હરિપ્રિયાઃ** ભક્તોના દુઃખ નિવારણ કરવા માટે **પ્રકટઃ પરમાનંદો યદાભૂમે સ્તદવહિ** સ્વયં ભગવાન્ અવતાર લે તો જ ભૂમિ આદિના દુઃખ દુર થાય.

ભારતની ભૂમિ ભક્તિરૂપ હોવાથી ભગવાન સાક્ષાત સ્વરૂપથી અહિં પ્રગટ થાય છે. બીજા કોઇ દેશમાં અવતાર લેતા નથી.

સત્યયુગમાં ભગવાન્ વરાહરૂપ ધારણ કરી **વરાહવપુષઃ પરિરમ્ભણેન,** ત્રેતામાં શ્રીરામચંદ્રજીએ વનવાસ ગ્રહણ કરીને, દ્વાપરમાં કૃષ્ણાવતારમાં **'સુરદાસ પ્રભુ નાંગે પાયન અનુદિન ગૈયા ચારી',** નિમિત્તે ભૂમિને રસદાન કર્યું છે. પરંતુ ભૂમિ સ્ત્રીરૂપ હોવાથી સુંદર અને પ્રસન્ન ચિત્તવાળા હોવાથી અને શ્રીકૃષ્ણે ફક્ત વ્રજમાં જ ચરણ સ્થાપન કર્યા હોવાથી **વૃંદાવનં સખિભુવોવિતનોતિ કીર્તિ યદ્ દેવકી સુત પદામ્બુજ લબ્ધ લક્ષ્મિ** ભૂમિના ભાગ્યનો ઉદય થયો પણ સંપૂર્ણ ઉદય ન થયો. જ્યારે કલિયુગમાં શ્રીઆચાર્યજીએ સન્મનુષ્યાકૃતિ ભગવદ્સ્વરૂપે ભૂમિ ભક્તને ત્રણ-ત્રણ વખત ખુલ્લા ચરણારવિંદે પૃથ્વી પરિક્રમા કરવાથી **''અવનિપર પદપદ્મ રાખી પરિક્રમા મિષ ઉર ધારી''** ભૂમિના જન્માંતરનું વિરહદુઃખ ચરણસ્પર્શે દૂર કરી સંપૂર્ણ પ્રસન્ન કરી.

***

ભૂમિના પૂર્વપુણ્ય-ફલરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે.

આનો અભિપ્રાય એ કે ભૂમિ ઉપર જે ભક્ત છે તેના માટે તેના વિષે શ્રીઆચાર્યજી મહાપ્રભુ ભક્તિમાર્ગને પ્રગટ કર્યો ત્યારે ભૂમિને પણ આનન્દ થયો. કે મારા ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુની સ્થિતિ છે તેથી આ નામ કહ્યું.

હવે કહે છે કે, આ પ્રકારે આપના દર્શન આપીને સેવકોના ભાગ્યને

વધારવાળા શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ છે એ જણાવવા આ નામ કહે છે :

## ૧૦૭ સહજ–સુન્દરઃ

(રાગ : કાન્હરો)

**સહજસુંદર સુભગ મૂરતિ મેરે મન બસૌ ।।**
**અન્ય આલાપતૈ વૃથા આયુષ હોત**
**અવગુન સબ બિસારિ મમ દગતૈ મતિ ખસૌ ।।૧।।**

**સુખસેવ્ય સ્રવન સુનિ તિહારે આયો સરન**
**અપને જિય જાનિકૈ મમ હૃદયમેં ધસો ।।**
**દ્વિવિધ લજ્જા છાંડિ કહત ‘ગોવિન્દ’ જન**
**દેખિ મોંકો વલ્લભપદ વિમુખ સબ હંસૌ ।।૨।।**

***

શ્રીઆચાર્યજી સર્વાંગે સહજસુંદર છે.

**‘‘કૃષ્ણશબ્દેન પરં વસ્તૂચ્યતે તદેવ કદાચિત્ પરમસૌન્દર્યં સ્વગતં કરિષ્યામિતીચ્છયા સાકારં પ્રાદુર્ભૂતં સત્ શ્રીકૃષ્ણ’’** કૃષ્ણશબ્દથી પર વસ્તુ કહેવાય છે. પરંતુ એ જ પર વસ્તુ કોઇવાર ‘‘પરમસૌન્દર્ય’’ (લીલા સામગ્રી સહિત) હું પ્રાપ્ત કરું એવી ઇચ્છા કરી સાકાર સ્વરૂપ ધારણ કરી પ્રગટ થાય તે શ્રીકૃષ્ણ છે.

‘પર’ વસ્તુ અને આંતરસ્થિત લીલા સામગ્રી સહિતના સૌન્દર્યની એક દશ્યમાન સાકાર મૂર્તિ એ જ શ્રીઆચાર્યજીનું સહજસુંદર સ્વરૂપ છે.

પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ **‘‘સૌન્દર્યં નિજહૃદગતં’’** માં શ્રીઆચાર્યજીના આ જ સહજ સૌન્દર્યનું નિરૂપણ કરે છે.

આપશ્રીની દર્શનીય સુંદરતાથી ભક્તો આપના સ્વરૂપ પ્રત્યે આકર્ષાય છે. અને આપશ્રીની પ્રશંશા કરે છે. કેવળ આપનું સ્વરૂપ સૌંદર્ય જોઇને જ જીવો આપના શરણમાં આવે છે.

એક વખતે શ્રીઆચાર્યજી આગ્રાના રાજમાર્ગ ઉપર રાજઘાટ તરફ પધારતા હતા. રાજઘાટ પાસે પુરુષોત્તમદાસ ક્ષત્રી પોતાની સ્ત્રી સાથે રહેતા હતા. બારીમાંથી બંને સ્ત્રી-પુરુષે આપના દર્શન કર્યા. આપશ્રીની

સહજસુંદરતાએ બંનેના મન આકર્ષાયા અને તરત જ તેઓએ શ્રીઆચાર્યજીના શરણે જવાનો વિચાર કર્યો. તેઓ બંનેએ વિનંતી કરી પોતાના ઘેર પધરાવ્યા અને આપશ્રીને શરણે આવ્યા.

પીપરીગામના વૈષ્ણવ સુંદરદાસને આપશ્રીના સ્વરૂપમાં એવી અલૌકિક સુંદરતાના દર્શન થતાં હતાં કે જીવન પર્યંત 'સુંદર' એ શબ્દનો પ્રયોગ શ્રીઆચાર્યજી ના સાક્ષાત્ સંબંધ સિવાયની કોઈપણ વસ્તુ માટે કર્યો નહીં.

સેવકોને શ્રીઆચાર્યજી મહાપ્રભુ પોતાના સહજ સ્વરૂપના દર્શનને ઉપજાવનારા છે, કૃત્રિમ નહીં. આનાથી એ કહ્યું કે ભક્તોના ભાગ્યરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુ છે ।।૩૨।।

***

**૧૦૮ અશેષ-ભક્ત-સમ્પ્રાર્થ્ય-ચરણાબ્જ-રજો-ધનઃ ।।**

હવે કહે છે કે, ભક્તોને શ્રીઆચાર્યજી મહાપ્રભુની ચરણરેણુ આલોક સમ્બન્ધી અને પરલોક સમ્બન્ધી પદાર્થ તેની સિદ્ધિ કરવાવાળી છે. આ બતાવવા માટે આ નામ કહે છે :

## ૧૦૮ અશેષ-ભક્ત-સમ્પ્રાર્થ્ય-ચરણાબ્જ-રજોધન :

**ચરણ+અબ્જ** = ચરણાબ્જ

**(રાગ : ગૌડ સારંગ)**

**અશેષ ભક્ત સમ્પ્રાર્થ્ય ચરણાબ્જરજોધન ।।**
**જો હૈ પુષ્ટિસૃષ્ટિકો સર્વસ લાગિ રહૌ તાસોં મો મન ।।૧।।**
**જો અતિ દુર્લભ સુર નર મુનિનકોં સબ માંગત હૈ રૈનદિન ।।**
**જો લોં કૃપા ન હોય તિહારી તોલોં દહત સબૈ તન ।।૨।।**
**જબ જાન્યો શ્રીવલ્લભ મહિમા તબ સબ તજ્યો શ્રીવલ્લભ બિન ।।**
**સો શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ-કરૂનાતૈ પાયૌ 'ગોવિન્દ' જન ।।૩।।**

***

આલોક-પરલોકના તમામ પુરુષાર્થોની પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય શ્રીઆચાર્યજીના ચરણકમલની રજમાં છે. તેમ સમજી સમસ્ત ભક્તો આ

રજની પ્રાપ્તિ માટે નિરંતર પ્રાર્થના કરે છે. મહાજ્ઞાની ભક્ત ઉદ્ધવજી **વન્દેનન્દવ્રજસ્ત્રિણાં પાદરેણુમમીક્ષણશઃ** પોતાનો અધિકાર ગોપીજનોને નમસ્કાર કરવાનો નથી તેમ સમજી નંદવ્રજનીસ્ત્રીમાત્રની ચરણરજને નમન કરે છે. જ્યારે શ્રીઆચાર્યજીના સેવકોને **શ્રિયો હિ પરમાકાષ્ઠા સેવકા સ્તાદ્રશા યદિ** આપશ્રીના 'શ્રી' ધર્મે આપશ્રીનું સ્વરૂપ જ્ઞાન તેમજ અનન્ય પ્રપત્તિના સામર્થ્યે અધિકાર હોવાથી સંપૂર્ણ રજ ની પ્રાર્થના કરે છે.

અહિં ચરણને કમલ અને ચરણની રજને પરાગ કહેવામાં આવ્યું છે. કમલ અનુરાગરૂપ પરાગથી પૂરિત બને છે. સમસ્ત ભક્તો પણ તેવા જ અનુરાગ યુક્ત ધનની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે.

***

શ્રીગુસાંઇજી સર્વોત્તમના સંપૂર્ણ નામોનો ઉપયોગ આ ચરણરજની ફલ પ્રાપ્તિ માટે હોવાનો નિર્દેશ કરે છે. ભક્તિ માટેના અંતરાયો પણ આ રજથી જ દૂર થાય છે. પુષ્ટિમાર્ગની સ્થિતિ છે ત્યાં સુધી શ્રીઆચાર્યજી નિત્ય ભૂતલ ઉપર બિરાજમાન છે. અને તેથી અશેષભક્તો હોવાનો હેતુ, તે સમયના ભક્તો. અને તે પછીના પણ ભક્તો એટલે સમસ્ત ભક્તો જ્યાં સુધી પુષ્ટિમાર્ગની સ્થિતિ છે ત્યાં સુધીના ભક્તો આપશ્રીના ચરણરજ પ્રાપ્તિની કામના કરતા રહે છે.

કૃષ્ણદાસ વર્ણવે છે :

**કોટિ બ્રહ્માંડ તન રોમ હિ રોમ પ્રતિ**
**જગત આધાર-ધર-ધિર ધામી**
**અખંડ અવતાર જુગધાર લીલા કરી**
**આસુરી જીવ સબ મોહ પામી**

શ્રીઆચાર્યજીની વિદ્યમાનતા અને પુષ્ટિમાર્ગની સ્થિતિ અખંડ છે.

શ્રીઆચાર્યજી સંન્યાસ ગ્રહણ કરી કાશીમાં હનુમાનઘાટ ઉપર ગંગાજીમાં તેજપુંજ રૂપથી સ્વધામ પધાર્યા. એક વૈષ્ણવ આ લીલાના દર્શન કરી બહુ દુઃખી થયા. અને કડા ગામમાં શ્રીઆચાર્યજીના સેવક અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણની પાસે આવી શ્રીઆચાર્યજીના સંન્યાસની તથા સ્વધામ

પધાર્યાની વાત કહી, અચ્યુતદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી સ્વભક્તોને છોડી પધારે તે ક્યારેય બની ન શકે, તમોને સંભ્રમ થયો લાગે છે, એમ કહી મંદિરના કમાડ ખોલી દર્શન કરાવ્યા. શ્રીઆચાર્યજી સુબોધિનીજી વાંચી રહ્યા છે તેવા દર્શન થયા. આ વખતે શ્રીઆચાર્યજીએ પેલા દુઃખી વૈષ્ણવના મનનો સંદેહ દૂર કરતાં આજ્ઞા કરી કે **''લોક દૃષ્ટિથી હું હવે બધાને દર્શન નહિં આપું પરંતુ ભક્તોને ત્યાં તો હું નિરંતર બિરાજુ છું.''**

આ પ્રમાણે શ્રીઆચાર્યજી ભક્તો માટે સદાય ભૂતલ ઉપર સદાય વિદ્યમાન છે, અને ભક્તો આપના ચરણકમલની રજ પોતાનું ધન સમજી સદૈવ પ્રાર્થના કરે છે.

જેમની ચરણરજ સમસ્ત ભક્તોને આલોક તથા પરલોક સમ્બન્ધી પદાર્થની સિદ્ધિ કરવાવાળી છે એવા શ્રીઆચાર્યજી છે.

સેવકોના આલોક સમ્બન્ધી પદાર્થ કયા છે? તો સેવા માટે સ્ત્રી-પુરૂષ-ધન વગેરે. પરલોક સમ્બન્ધી પદાર્થ કયા? તો શ્રીઠાકોરજીનો સમ્બન્ધ તેના સિદ્ધ થવા માટે બતાવ્યું કે બધી વસ્તુ સિદ્ધ કરવા માટે જો માંગવું તે તો શ્રીઆચાર્યજી મહાપ્રભુના ચરણાવિન્દની રજ માંગવી બીજું કાંઇ ન માંગવુ.

આ પ્રકારે શ્રીઆચાર્યજી મહાપ્રભુના એકસો આઠ નામ કહિ હવે ઉપસંહાર કરે છે :

**ઇત્યાનન્દ-નિધેઃ પ્રોક્તં નામ્નામ્-અષ્ટોતરં શતમ્ ।।૩૩।।**

**ટીકા :-** આનંદસમુદ્રરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુ, તેમના એકસો આઠ નામ અમે શ્રીવિઠ્ઠલનાથજીએ, પ્રકર્ષ વડે નિરૂપણ કર્યા. ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો આનન્દરૂપ સમુદ્ર છે તે અગાધ હોવાથી, હંમેશા જલપૂર્ણ હોવાથી નિરન્તર ઉચ્છલિત તરંગવત્ હોવાથી તે પ્રકારે આપ પણ જાુદા-જાુદા રસસમ્પૂર્ણ છે. અને જેનામાં ભાવોના તરંગ (લહેરો) નિરન્તર ઉઠે છે એવા છે. અને સમુદ્રમાં જેમ રત્નોનો સમુહ હોવાથી તેજ પ્રકારે આપના ભાવોમાં છે. ।।૩૩।।

હવે શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠનું ફલ કહે છે. એ જણાવવા માટે કહે છેઃ

**શ્રદ્ધા-વિશુદ્ધ-બુદ્ધિર્ ચ : પઠત્યનુદિનં જન : ||**
**સ તદેક -મના સિદ્ધિમ્ ઉકતાં પ્રાપ્નોત્યસંશયમ્ ||૩૪||**

**ટીકા :-** જેઓ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં શ્રદ્ધા વડે શુદ્ધ છે. એટલે કે દુ:સંગ વગેરે થી જેની બુદ્ધિ દુષ્ટ ન હોય એવી બુદ્ધિવાળો ભગવદીય હોય, તે નિરંતર પાઠ કરે તો પહેલાં તો આપનામાં એક મન વાળો બને, પછી ઠાકોરજીના અધરામૃતના આસ્વાદરૂપ જે સિદ્ધિ તેની પ્રાપ્તિ થાય. આ ફળ સર્વોત્તમના પાઠથી મળે તેમાં શંકા ન રાખવી આ પ્રતિજ્ઞા શ્રીગુસાંઇજી કરી રહ્યા છે. ||૩૪||

હવે કહે છે કે પુષ્ટિમાર્ગનું ફલ મુક્તિથી પણ અધિક છે. એ જણાવવામાટે કહે છે :


|| શ્રીકૃષ્ણઃ શરણં મમ ||

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મતે ભાગવત પુરાણ એ ભગવદ્ગીતાનું જ વિસ્તૃત સ્વરૂપ છે.
આપશ્રી લખે છે : 'શાસ્ત્રાર્થો ગીતાર્થઃ' શાસ્ત્રાર્થપ્રકરણ ગીતાનો જ અર્થ છે.

શ્રીમદ્ભગવદ્ગીતા

:: અનુવાદક ::
ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
(૩૨૦ પાનાનો બૃહદ ગ્રંથ, આકર્ષક મુખપૃષ્ઠ સાથે જેની છઠ્ઠી આવૃતિ પ્રકાશિત થઇ ચુકી છે)
વેદોના સાર એવા ઉપનિષદોનો પણ સાર તે 'ભગવદ્ગીતા'.
એકદમ સરળ ભાષામાં ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીનો અનુવાદ

:: પ્રકાશક ::
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત.
ફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩

**તદ્પ્રાપ્તૌ વૃથા મોક્ષઃ તદાપ્તૌ તદ્ગતાર્થતા ।।**
**અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ।।૩૫।।**

**ટીકા :** શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવકોને જો પુષ્ટિમાર્ગના ફલની પ્રાપ્તિ થાય તો સાયુજ્ય વગેરે જે મુક્તિ છે તે નકામી. કેમ કે પુષ્ટિમાર્ગનું ફલ બધાથી અધિક છે. જે સર્વોત્તમના પાઠથી સિદ્ધ થાય. તેથી જેઓને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી શ્રીઠાકોરજીના અધરામૃતની વાંછના છે તેના માટે સર્વોત્તમનો જપ કરવો. તેનો અર્થ એ કે જ્યાં સુધી સંદેહ વિના પાઠ ન આવડે ત્યાં સુધી ઉચ્ચારપૂર્વક બોલીને પાઠ કરવો અને જ્યારે સરખી રીતે આવડે ત્યારે ગુપ્ત રીતે (બોલ્યા વગર) મનમાં જપ કરવો. અને આ સ્તોત્ર પુષ્ટિમાર્ગનું ફલ સિદ્ધ કરવા વાળુ છે. તેથી જ આનું નામ સર્વોત્તમ (સર્વમાં ઉત્તમ) છે. તેથી સતત જપ કરવો. આ પ્રકારે અગ્નિરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુ તેમના કુમાર શ્રીગુસાંઇજીએ આ ગ્રન્થપ્રગટ કર્યો છે. ।।૩૫।।

**એવમ્ આચાર્યનામાનિ વિવૃતાનિ યથામતિઃ ।**
**પિતૃપાદાબ્જકૃપયા નાન્યસાધનતો મયા ।।**

હવે શ્રીગોકુલનાથજી કહી રહ્યા છે કે આ પ્રકારે જેવું મારી બુદ્ધિમાં આવ્યું તે પ્રકારે શ્રીગુસાંઇજીના ચરણકમલની કૃપાથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એકસો આઠ નામોની ટીકા મેં કરી; બીજું મને કોઇ સાધન ન હતું. તે શ્લોક હવે કહે છે :

**યદ્યત્ર બુદ્ધિદોષેણ વિવૃતાવન્યથાકૃતિઃ ।**
**ક્ષમન્ત્વાચાર્યચરણા મદ્ભૃત્યોયમિતિ સ્વતઃ ।।**

શ્રીગોકુલનાથજી કહી રહ્યા છે જો કદાચિત્ બુદ્ધિના દોષ વડે ટીકામાં અમારાથી અન્યથા કાંઇ નિરૂપણ થયું હોય તો પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુના ચરણાવિન્દ અમારી રક્ષા કરો !

**।। આમ શ્રીગોકુલનાથજી કૃત સર્વોત્તમ સ્તોત્રની ટીકાની વ્રજભાષા સમ્પુર્ણ થઇ ।।**

**(રાગ : બિલાવલ)**

**આનન્દનિધિકે શત-અષ્ટોત્તર નામોચ્ચાર કરૌ ધરિ પ્રેમ ।।**
**શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિસોં પઢૌ અનુદિન તો ઉપજે વહ્નિ-પદ-પ્રેમ ।। ૧ ।।**
**તદૈકમન વ્હે જપો ગુપ્ત અતિ પાવો સિદ્ધિ અરૂ મુક્તિ ।।**

બિન સાધન જુ મહાફલ પૈયત નિઃસંદેહ હોઈ આસક્તિ || ૨ ||
તદપ્રાપ્તૌ વૃથા હી મોક્ષફલ તત્પ્રાપ્તો હિ ગતાર્થતા ||
અનાયાસ કરતૈ સાધન ત્યજત સર્વોત્તમતૈં નિર્ભયતા || ૩ ||
શ્રીમદગ્નિકુમાર શ્રીવિઠ્ઠલ પ્રગટ કિયે દૈવીજન કાજ ||
કૃષ્ણરસાર્થિ જપૌ કહે 'ગોવિન્દ' હૃદે બસે શ્રીવલ્લભ મહારાજ || ૪ ||

## || શ્રીસર્વોત્તમજીનું ધોળ ||

ભલે પ્રકટયા શ્રીવલ્લભદેવ, શ્રીપુરૂષોત્તમ ભૂતલ ફરીજી ||
નહીં પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજવપુ ધરીજી ||૧||
કરે નિગમ નિરૂપણ એમ, તે સાકારની સ્તુતિ કરીજી ||
મહા કલિકાલાદિક દોષ, પંડિતની દૃષ્ટિ તિમિર ભરીજી ||૨||
મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરા સુરઅરિજી ||
વહાલે દયા કરી મુખરૂપ, નિજલીલા પ્રકટ કરીજી ||૩||
જેની વાણી અતિ દુર્બોધ, થાય સુબોધ જેણે કરીજી ||
તેનાં અષ્ટોત્તરશત નામ, તે કહીએ મહાઅઘહરીજી ||૪||
જેના ઋષિવર અગ્નિકુમાર, જગતી છંદ નામે ધરીજી ||
શ્રીકૃષ્ણ કમલમુખ દેવ, બીજ દૃષ્ટિ કરૂણાભરીજી ||૫||
જેની ભક્તિમાં અન્તરાય, તે નાશનું પ્રયોજન સહિજી ||
આપે અધરામૃતની સિદ્ધિ, તે મધ્યે નિશ્ચય કરીજી ||૬||

(ઢાળ)

વહાલો આનન્દ પરમાનન્દ કહેવાય ||
શ્રીકૃષ્ણ કમલમુખ કૃપાનિધિ થાય ||૭||
વહાલો દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય ||

જેના સ્મરણ માત્રથી આરતિ જાય ||૮||
શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકટાય ||
સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય ||૯||
વેદપારગ ચૌદ ભુવન કહેવાય ||
માયાવાદ નિરાકૃત સૌ મિલી ગાય ||૧૦||
સર્વવાદિ નિરાસ કીધા તે લખાય ||
ભક્તિમાર્ગ સરસ કમલ વિકસાય ||૧૧||
સ્ત્રીશૂદ્રાદિકને ઉદ્ધારવા સમર્થ ||
જેના સાધન બલથી ન થાય અર્થ ||૧૨||
અંગીકાર માત્રથી સર્વ સ્વકીયે ||
કીધા શ્રીગોપીજન પતિને પ્રિયે ||૧૩||
અંગીકાર કરે મર્યાદાનુસાર ||
મહાકરૂણાવંત સમર્થ અપાર ||૧૪||
વહાલો અદેયદાન દેવાને ચતુર ||
મહાઉદાર ચરિત્ર કરે બહુપૂર ||૧૫||
લીલા દેખાડી પ્રાકૃતની જેહ ||
તે મિષે મોહ્યા સુર રિપુ તેહ ||૧૬||
વૈશ્વાનર શ્રીવલ્લભ છે નામ ||
વહાલો સુંદરરૂપ સ્વજન હિતકામ ||૧૭||
કૃષ્ણ ભક્તિ કરે જનશિક્ષાકાજ ||
આપે અખિલ ઈષ્ટ શ્રીવલ્લભરાજ ||૧૮||
સર્વ લક્ષણથી સમ્પન્ન વિવેક ||
શ્રીકૃષ્ણ જ્ઞાનદાતા ગુરૂ એક ||૧૯||
પોતાના આનન્દ થકી બહુ પુષ્ટ ||
એના કમલ પત્રસે નેત્ર સંતુષ્ટ ||૨૦||

કૃપાદ્રષ્ટિની વૃષ્ટિથી હરખ્યાં મન ||
તે દાસ દાસી પ્રિય પતિને અનન્ય ||૨૧||
રોષદ્રષ્ટિ કરે ભક્તિ શત્રુ પ્રજાલ ||
ભક્ત સેવંતા સુખ સેવા રસાલ ||૨૨||
જીરે ભક્તિ વિના નહીં સેવા સાધ્ય ||
તે કારણથી કહીએ દુરારાધ્ય ||૨૩||

જેના ચરણ સરોજ દુર્લભ દર્શાય ||
તેના ઉગ્ર પ્રતાપ ત્રૈલોક કહેવાય ||૨૪||
વચનામૃત કરી પૂર્યા સેવકના અર્થ ||
શ્રીભાગવત અમૃતમથન સમર્થ ||૨૫||
તેનો સાર કહીએ વ્રજ સુંદરીનો ભાવ ||
તે પરિપૂરણ છે દેહ ભરાવ ||૨૬||
સાન્નિધ્ય માત્રથી દાન કરે કૃષ્ણપ્રેમ ||
ભક્તિ મુક્તિ દેવાનું એહુને નેમ ||૨૭||
એક રાસલીલામાં તેમનું તાન ||
પ્રભુ કૃપા કરીને કરે કથાનું દાન ||૨૮||
વહાલો વિરહના અનુભવને હિત કાજ ||
સર્વ ત્યાગ જણાવ્યો શ્રીવલ્લભરાજ ||૨૯||
ઉપદેશ કર્યો ભક્તિમાર્ગ આચાર ||
લોક માંહે કર્યો કર્મમાર્ગ પ્રચાર ||૩૦||
વેદશાસ્ત્ર કહ્યાં યજ્ઞાદિક દાન ||
તેનું ફલ મર્યાદાભક્તિનું દાન ||૩૧||
પ્રભુ પૂર્ણાનન્દ છે પૂરણ કામ ||
સરસ્વતીના પતિ દેવ ઈશ અભિરામ ||૩૨||

વહાલે સહસ્ત્ર કહ્યાં પુરૂષોત્તમ નામ ||
નિજજનને આશ્રયનું છે ધામ ||૩૩||

ભક્તિમાર્ગની રીતે કરવા ઉપદેશ ||
બહુ ગ્રન્થકરીને ટાળ્યો સંશયનો લેશ ||૩૪||

જેને પામવાને છોડયા પ્રાણથી પ્રિયે ||
એવા ભક્ત સમાજ બિરાજે શ્રીયે ||૩૫||

આપ સાધન કરે નિજ દાસને કાજ ||
એવા સમર્થ શ્રીવલ્લભ મહારાજ ||૩૬||

કરવા ભક્તિ પ્રચાર ભૂતલ માંહી ||
વંશ કીધા પિતા થઈને ગ્રહી બાંહી ||૩૭||

સર્વે સામર્થ્ય ધર્યું પોતાને વંશ ||
ગર્વ દૂર કરી ટાળ્યો સંશયનો અંશ ||૩૮||

પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત ||
કરે યહ લોક પરલોક દાન વિખ્યાત ||૩૯||

જેના અન્તઃકરણ છે ગૂઢ અપાર ||
અંગીકૃતને જણાવ્યો મનનો વિચાર ||૪૦||

ઉપાસનાદિક માર્ગ જે અન્ય ||
તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય ||૪૧||

કર્યો નિશ્ચય જે ભક્તિ સર્વથી વિશેષ ||
કીધો શરણ માર્ગનો જુવો ઉપદેશ ||૪૨||

શ્રીકૃષ્ણના મનની જાણે વાત ||
લીલા કુંજબિહારી પરિપૂરણ ગાત ||૪૩||

કથારસ મગ્ન સદા છે ચિત્ત ||
વિસર્યું સૌ તે થકી બીજું વિત્ત ||૪૪||

પ્રિય છે ઘણું વ્રજને વ્રજનો વાસ ||
કરે પુષ્ટિલીલા એકાંત વિલાસ ||૪૫||
કરે ભકતેચ્છા પરિપૂરણ દાન ||
નહીં નિજ લીલાનું કોઈને જ્ઞાન ||૪૬||
અતિમોહિત જેનું શીલ ઘણું ||
નહિં લોક વિશે આસક્તિ અણુ || ૪૭||

નિજ ભકત વિષે આસક્તિ છે એક ||
પ્રભુ પાવન કીધા પતિત અનેક ||૪૮||
જે કરે પોતાના ગુણનું ગાન ||
તેના હૃદય કમલ રહેવાનું સ્થાન ||૪૯||
નિજ યશરૂપી અમૃત લહેરી ||
તેથી ભીંજવી સર્વ રસ વાસના હરી ||૫૦||
પ્રભુ પોતે સર્વ થકી છે પર ||
ન કરે તુલ્યતા કોઈ અવર ||૫૧||
લીલારસ અમૃત તરંગ બહૂ ||
ભીંજવ્યા છે ભક્ત શરીર સહુ ||૫૨||
રૂચિ આપે ગોવર્દ્ધન ગિરિ વાસ ||
તે લીલામાં છે અતિશય ઉલ્હાસ ||૫૩||
કરે યજ્ઞભોગ ને યજ્ઞકર્મ ||
આપે અર્થ કામ ને મોક્ષ ધર્મ ||૫૪||
પ્રભુ સત્ય વચન છે ત્રિગુણાતીત ||
નીતિ ચતુરાઈ છે અતિ અગણિત ||૫૫||
કરવા પોતાની કીર્તિ પ્રકાશ ||
કર્યું વ્યાસસૂત્રનું નૂતન ભાષ્ય ||૫૬||

અતિ તુચ્છ તૂલ્ય જે માયાવાદ ||
કરી ભસ્માગ્નિ સ્થાપ્યો બ્રહ્મવાદ ||૫૭||

અપ્રાકૃત ભૂષણની અતિ કાંતિ ||
હસતા મુખ શોભે છે બહુ ભાંતિ ||૫૮||

પ્રભુ ત્રણ લોકના ભૂષણ સાર ||
પ્રકટયા ધરણીનું ભાગ્ય અપાર ||૫૯||

પ્રભુ સુંદરતા છે અતિ અનૂપ ||
કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ ||૬૦||

સૌ માગે છે પોતાના જન ||
ચરણાવિંદની રજ જે ધન ||૬૧||

એ કહ્યાં એકસોને આઠે નામ ||
શ્રીવલ્લભ આનન્દનું છે ધામ ||૬૨||

(વલણ)

જે કોઈ શ્રદ્ધા કરી નિત્ય ગાયેરે ||
તેનું મન પહેલું સ્થિર થાયેરે ||૬૩||

અધરામૃતની સિદ્ધિ પામેરે ||
તેમાં સંશયનું નહીં નામેરે ||૬૪||

એ પામ્યા વિના મોક્ષ છે હીનરે ||
તેના ફલમાં મુક્તિ છે લીનરે ||૬૫||

તેથી સર્વોત્તમ જપ કરવોરે ||
શ્રીકૃષ્ણ રસે મન ભરવોરે ||૬૬||

શ્રીવિઠ્ઠલ ઉચ્ચરિત એ નામરે ||
જે ગાયે પૂરે તો કામરે ||૬૭||

તેનો જન્મ સફલ કરી લેખેરે ||
તે''શ્રીવ્રજભૂષણજીના'' તેનાં સુખ દેખેરે ||૬૮||

*ઈતિ શ્રીસર્વોત્તમજીનું ધોળ સમાપ્ત.*

|| શ્રી હરિ : ||

# શ્રીવલ્લભાષ્ટોત્તરશતનામાનિ

**શ્રીવલ્લભાખ્યસ્વસ્વામિનામાનિ, સ્વીયતુષ્ટયે ।**
**યથામતિ વદિષ્યામિ તદાશ્રિતજનાશ્રિતઃ ||**

(૧) શ્રીવલ્લભાય નમઃ
(૨) મહાલક્ષ્મીપતયે નમઃ
(૩) શ્રીગોપીનાથજનકાય નમઃ
(૪) શ્રીવિઠ્ઠલેશેષ્વખિલમાહાત્મ્યસ્થાપકાય નમઃ
(૫) તીર્થયાત્રાચરણસંચારકત્રે નમઃ
(૬) વાદિવૃન્દમુખધ્વંસકાય નમઃ
(૭) માયામતખંડકાય નમઃ
(૮) ભક્તિપથપ્રવર્તકાય નમઃ
(૯) શુદ્ધબ્રહ્મવાદબોધકાય નમઃ
(૧૦) સ્વજનહૃદયશોધકાય નમઃ
(૧૧) સ્વસંનિધિમાત્રદત્તસ્વભાય નમઃ
(૧૨) સ્વતંત્રભક્તિરૂપાય નમઃ

(૧૩) સર્વોદ્ધારકાય નમઃ

(૧૪) શ્રીકૃષ્ણાજ્ઞામાત્રપ્રકટાય નમઃ

(૧૫) કરુણાનિધયે નમઃ

(૧૬) શ્રીકૃષ્ણાસ્યાય નમઃ

(૧૭) કૃષ્ણવિરહવિરક્તાય નમઃ

(૧૮) સદાનન્દાસક્તાય નમઃ

(૧૯) દૈવજીવજનિસાર્થકતાસમ્પાદકાય નમઃ

(૨૦) અતિકરુણાય નમઃ

(૨૧) અલૌકિકવહનયે નમઃ

(૨૨) વિષયાસક્તિવિદૂષકાય નમઃ

(૨૩) નિજજનહૃદયવિભૂષકાય નમઃ

(૨૪) તાપાત્મને નમઃ

(૨૫) સર્વનિરપેક્ષાય નમઃ

(૨૬) ભક્તરક્ષકાય નમઃ

(૨૭) પતિતસંગ્રાહકાય નમઃ

(૨૮) અશરણશરણાય નમઃ

(૨૯) સર્વકરણાય નમઃ

(૩૦) અન્તઃ સ્થિતકૃષ્ણાય નમઃ

(૩૧) અખિલલીલારસભરાક્રાન્તાય નમઃ

(૩૨) અનુગૃહીતભ્રાન્તાય નમઃ

(૩૩) આનન્દમાત્રાય નમઃ

(૩૪) નિજાનન્દહેતવે નમઃ

(૩૫) રતિપથકેતવે નમઃ

(૩૬) ભગવદ્ધર્મસેતવે નમઃ

(૩૭) બ્રહ્મસમ્બન્ધકરણાય નમઃ

(૩૮) સર્વદોષનાશકાય નમઃ

(૩૯) શુદ્ધભાવવિકાસકાય નમઃ

(૪૦) શ્રીભાગવતામૃતરસતરણયે નમઃ

(૪૧) સ્થાપિતભક્તિસરણયે નમઃ

(૪૨) સ્વજનભાગ્યરૂપાય નમઃ

(૪૩) નિજજનદત્તવૈરાગ્યાય નમઃ

(૪૪) રસજ્ઞશિરોમણયે નમઃ

(૪૫) નિઃસાધનસ્વકીયાર્થકૃતાખિલપ્રયત્નાય નમઃ

(૪૬) અસ્મત્પતયે નમઃ

(૪૭) સ્વજનૈકગતયે નમઃ

(૪૮) રહોરતયે નમઃ

(૪૯) ભાવભાવનૈકમતયે નમઃ

(૫૦) શુદ્ધપુષ્ટિપતયે નમઃ

(૫૧) વિયોગયોગિને નમઃ

(૫૨) ભાવરસભોગિને નમઃ

(૫૩) ભાવાત્મકાય નમઃ

(૫૪) ભાવવદાશ્રયાય નમઃ

(૫૫) ભાવદાત્રે નમઃ

(૫૬) સ્ત્રીશૂદ્રાદિહિતકર્ત્રે નમઃ

(૫૭) ફલરૂપાય નમઃ

(૫૮) ફલસેવાપ્રદર્શકાય નમઃ

(૫૯) મનોમાત્રસેવ્યાય નમઃ

(૬૦) મનોવિનોદહેતવે નમઃ

(૬૧) અખિલવિસ્મારકાય નમઃ

(૬૨) પતિતતારકાય નમઃ

(૬૩) શ્રુતિપથમર્યાદાધારકાય નમઃ

(૬૪) નિજજનક્લેશહારકાય નમઃ

(૬૫) અપારસુખકારકાય નમઃ

(૬૬) કૃપાપૂર્ણાય નમઃ

(૬૭) વિવિધાપરાધક્ષમાય નમઃ

(૬૮) ભક્તવશ્યાય નમઃ

(૬૯) ભક્તકૃપાર્થકૃષ્ણાજ્ઞાદ્વયોલ્લંઘનાય નમઃ

(૭૦) રસઘનાય નમઃ

(૭૧) સ્વજનજીવનધનાય નમઃ

(૭૨) વિહિતસ્વજનાય નમઃ

(૭૩) સ્મરણમાત્રાર્તિનાશનાય નમઃ

(૭૪) હરિપ્રિયાય નમઃ

(૭૫) યમુનાપ્રાર્થકાય નમઃ

(૭૬) તત્સમ્પાદિતનૂતનતનવે નમઃ

(૭૭) રાજીવલોચનાય નમઃ

(૭૮) ભક્તદુઃખવિમોચનાય નમઃ

(૭૯) રાસલીલારસપરાયણાય નમઃ

(૮૦) નિજજનસમૂહસેવિતચરણાય નમઃ

(૮૧) ફલરુપચરણરેણવે નમઃ

(૮૨) કૃષ્ણાશ્રયહૃદયાય નમઃ

(૮૩) લીલામયાય નમઃ

(૮૪) લીલાશ્રયસ્વહૃદયેકવિચારકાયનમઃ

(૮૫) આનન્દમૂર્તયે નમઃ

(૮૬) વિરચિતસ્વજનમનોરથપૂર્તયે નમઃ

(૮૭) સ્વજનદ્વેષિદાહકાય નમઃ

(૮૮) સ્વપક્ષપોષકાય નમઃ

(૮૯) વાક્પીયુષવૃષ્ટિસ્વહૃદયસન્તોષકાય નમઃ

(૯૦) મદનાભિરામાય નમઃ

(૯૧) પૂર્ણકામાય નમઃ

(૯૨) કૃતદિગ્વિજયાય નમઃ

(૯૩) વિહિતસ્વજનદુરિતવિલયાય નમઃ

(૯૪) અભયપ્રદાય નમઃ

(૯૫) કાલાદિભદ્રહેતવે નમઃ

(૯૬) નિઃસાધનાવલમ્બનાય નમઃ

(૯૭) ભાવભૂષણભૂષિતાય નમઃ

(૯૮) સૌભાગ્યભાજનસ્વજનાય નમઃ

(૯૯) દાસ્યકરણોચિતસ્વરુપાય નમઃ

(૧૦૦) ફલરુપ દાસ્યાય નમઃ

(૧૦૧) મુખશોભિતમન્દહાસ્યાય નમ ઃ

(૧૦૨) સાનુકમ્પનયનાય નમઃ

(૧૦૩) વિસ્મૃતલૌકિકાય નમઃ

(૧૦૪) વારિતસ્વજનસંસારાય નમઃ

(૧૦૫) ચિત્તનિવૃત્તલોકવેદકૃતિસ્મૃતયે નમઃ

(૧૦૬) પરમાનન્દસુધાભરભરિતમૂર્તયે નમઃ

(૧૦૭) હરિદાસનાથાય નમઃ

(૧૦૮) અસ્મત્સર્વસ્વરૂપાય નમઃ

ઈતિ નામાનિ જપ્યાનિ શ્રીવલ્લભમહાપ્રભોઃ ।
તત્પદામ્ભોજયુગલભક્તિમાત્રાર્થિભિઃ સદા ॥

*ઈતિ શ્રીહરિદાસવિરચિતાનિ શ્રીવલ્લભાષ્ટોત્તરશતનામાનિ સમાપ્તાનિ*

# શ્રીમદ્ભાગવતદશમૈકાદશસ્કન્ધમધ્યાત્ સર્વોત્તમસ્તોત્રનામોદ્ધાર

**શ્રીગોવર્ધનનોદ્ધરણધીરશ્રીનવનીતપ્રિયાભ્યાં નમઃ ॥**
શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાન્ ॥
નત્વા શ્રીવલ્લભાચાર્યાન્ તન્નામોદ્ધરણં બ્રુવે ॥૧॥

સંપૂર્ણા દશમસ્કન્ધાધ્યાયાસ્ત્વેકવિંશતિઃ ॥
એકાદશાસપ્તમાદ્ દ્વિસપ્તવિંશાન્તમેવ વૈ ॥૨॥

શ્રીમદાચાર્યનામાર્થવિવૃતાઃ તત્કૃપાબલાત્ ॥
અતસ્તેભ્યસ્તદુદ્ધારઃ કૃતો ગોસ્વામિભૂષણૈઃ ॥૩॥

શ્રીમદ્ વિઠ્ઠલનાથૈર્હીત્યનુમેયં મયા સદા ॥
તથાહિ દશમસ્ય પ્રથમે 'આનન્દ :' ઈતિ પ્રથમનામ :

યથા **આનન્દઃ**

આદિષ્ટા પ્રભુણાંશેન (ભાગ.પુરા. ૧૦/૧/૨૫). વાસુદેવ કલાનન્તઃ (૧૦/૧/૨૪). જ્ઞાતયો બન્ધુસુહૃદોઃ (૧૦/૧/૬૩) ॥ ૧ ॥

દ્વિતીયે **પરમાનન્દઃ**

દ્િષ્ટ્યામ્બ તે કુક્ષિગતઃ પરઃપુમાનંશેન (૧૦/૨/૪૧). ભાર્યાસ્તે નન્દગોકુલે (૧૦/૨/૭) ॥ ૨ ॥

## શ્રીકૃષ્ણાસ્યં

શ્રીવત્સલક્ષ્મં (૧૦/૩/૯). કૃષ્ણાવતારોત્સવસમ્ભ્રમોઽસ્પૃશન્ (૧૦/૩/૧૧). ત્વત્તોઽસ્ય જન્મસ્થિતિસંયમાન્ (૧૦/૩/૧૯) ॥ ૩ ॥

## કૃપાનિધિઃ

કૃપણા કરુણં સતી (૧૦/૪/૪) શિશવઃ પાવકોપમાઃ (૧૦/૪/૫).

ભૂવિ ભૌમાનિ ભૂતાનિ (૧૦/૪/૧૯).સ હિ સર્વસુરાધ્યક્ષો (૧૦/૪/૪૨) ॥ ૪ ॥

## દૈવોદ્ધારપ્રયત્નાત્મા.

આહૂય વિપ્રાન્ વેદજ્ઞાન્ (૧૦/૫/૧). યશોદાયાઃ સુતોદ્ભવમ્ (૧૦/૫/૯). વ્યાલોલકુન્ડલપયોધરહારશોભાઃ (૧૦/૫/૧૧). પ્રજા યત્ સમપદ્યત (૧૦/૫/૨૩). તિલાદ્રીન સપ્ત રત્નૌઘશાતકૌમ્ભામ્બરાવૃતાન્ (૧૦/૫/૩) આત્માનં ભૂષયાંચક્રુઃ વસ્ત્રાકલ્પાંજનાદિભિઃ (૧૦/૫/૯) ॥૫॥

## સ્મૃતિમાત્રાર્તિનાશનઃ

ઉન્માદા યે હ્યપસ્મારાઃ (૧૦/૬/૨૮). બાલં પ્રતિચ્છન્નનિજોરુતેજસં (૧૦/૬/૭). યોષિત્વા માયયાત્માનમ્ (૧૦/૬/૪). પ્રસ્વિન્નગાત્રા ક્ષિપતી રૂરોદ હ (૧૦/૬/૧૧). કુર્વન્તિ સાત્વતાં ભર્તુઃ (૧૦/૬/૩). પ્રાણાન્ નારાયણોઽવતુ (૧૦/૬/૨૪). હૃત્ કેશવસ્ ત્વદૂર ઈશ ઈનઃ (૧૦/૬/૨૨) ॥૬॥

## શ્રીભાગવત-ગૂઢાર્થ-પ્રકાશન- પરાયણઃ

શ્રીશુકઉવાચ - શ્રિયા કીર્ત્યાનુભાવેન (૧૦/૮/૧૬). સ્વાઙ્કમ્

આરોપ્ય ભામિની (૧૦/૭/૩૪). ભગવાન હરિરીશ્વરઃ (૧૦/૭/૧). તદેવ હારં વદ મન્યસે ચેત્ (૧૦/૭/૨). ગાવઃ સર્વગુણોપેતાઃ (૧૦/૭/૧૬). એકદાઽઽરોહમારુઢં (૧૦/૭/૧૮). આત્મજાભ્યુદયાર્થાય (૧૦/૭/૧૬). મનોજ્ઞાનિ ચ નઃ પ્રભો (૧૦/૭/૧). ચકાર સૂનોઃ અભિષેચનં સતી (૧૦/૭/૪). અધઃ શયાનસ્ય (૧૦/૭/૭). નન્દસ્ય પત્ની કૃતમજ્જનાદિકમ્ (૧૦/૭/૫). મુખં લાલયતી રાજન્ (૧૦/૭/૩૫). દિષ્ટયા સ્વબન્ધૂન્ પ્રણયન્ ઉપસ્થિતઃ (૧૦/૭/૩૨) ॥ ૭ ॥

## સાકાર-બ્રહ્મ-વાદૈક-સ્થાપકઃ

સા ગૃહીત્વા કરે કૃષ્ણમ્ (૧૦/૮/૩૩). ચકાર નામ કરણં (૧૦/૮/૧૧). ત્વં હિ બ્રહ્મવિદાં શ્રેષ્ઠઃ (૧૦/૮/૬). વાસુદેવ ઇતિ શ્રીમાન્ (૧૦/૮/૧૪). તાન્યહં વેદ નો જનાઃ (૧૦/૮/૧૫). એકદા ક્રીડમાનાસ્તે રામાદ્યાઃ (૧૦/૮/૩૨). જગત્ સ્થાસ્નુ ચ ખં દિશઃ (૧૦/૮/૩૭). પુરાનેન વ્રજપતે (૧૦/૮/૧૭). ક્રીડામનુજબાલકઃ (૧૦/૮/૩૬) ॥ ૮ ॥

## વેદપારગઃ

અતૃપ્તમ્ ઉત્સૃજ્ય જવેન સા યયૌ (૧૦/૯/૫). દધિનિર્મંથને કાલે (૧૦/૯/૨). તમઙ્કમ્ આરુઢમ્ અપાયયત્ સ્તનમ્ (૧૦/૯/૫). રજ્જવાકર્ષશ્રમભુજચલત્ (૧૦/૯/૩). સ્વાર્ભકસ્ય કૃતાગસઃ (૧૦/૯/૧૫) ॥ ૯ ॥

## માયાવાદ-નિરાકર્તા.

આત્મનિર્વેશમાત્રેણ (૧૦/૧૦/૨૬). તત્ર શ્રિયા પરમયા (૧૦/૧૦/૨૮). વાસુદેવસ્ય સાન્નિધ્યં (૧૦/૧૦/૨૨). કિં વેદ નિરયો યતઃ (૧૦/૧૦/૧૦). અમ્ભોજવનરાજિનિ (૧૦/૧૦/૪). સત્યં કર્તું વચો હરિઃ (૧૦/૧૦/૨૪). બાલેન નિષ્કર્ષયતા (૧૦/૧૦/૨૭) ॥ ૧૦ ॥

## સર્વવાદિ - નિરાસકૃત્

સર્વોપકરણાનિ ચ (૧૦/૧૧/૩૧). ક્વચિદ્ વાદયતો વેણું ક્ષેપણૈઃ (૧૦/૧૧/૩૮). ગોધનાનિ પુરસ્કૃત્ય (૧૦/૧૧/૩૨). ગોપાલાયત્તા આત્તશરાસનાઃ (૧૦/૧૧/૩૧). પ્રિયકૃદ્ રામકૃષ્ણયોઃ (૧૦/૧૧/૨૨) ॥૧૧॥

## ભક્તિમાર્ગાબ્જમાર્તન્ડઃ

નિરીક્ષ્ય રન્તું ભગવાન્ મનો દધે (૧૦/૧૫/૩). સૂક્તૈશ્ચ કોકીલગણા ગૃહમ્ આગતાય ધન્યા વનૌકસ ઈયાન્ હિ સતાં નિસર્ગઃ (૧૦/૧૫/૭). તન્માધવો વેણુમ્ ઉદીરયન્ વૃતઃ (૧૦/૧૫/૨). અન્યે તદનુરુપાણિ (૧૦/૧૫/૧૮). ફલાનામ્ પતતામ્ શબ્દં (૧૦/૧૫/૨૯). તં ગોરજશ્છુરિતકુન્તલબદ્ધબર્હઃ (૧૦/૧૫/૪૨). ઉપગીયમાનચરિતઃ (૧૦/૧૫/૧૦). તતશ્ચ પૌગન્ડવયઃ શ્રિતૌ વ્રજે (૧૦/૧૫/૧) ॥ ૧૨ ॥

## સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ

સ્ત્રીણાં નઃ સાધુશોચ્યાનાં (૧૦/૧૬/૫૨). શૂન્યં પ્રિયવ્યતિહ્રતં (૧૦/૧૬/૨૦). વિશ્વાય તદ્રુપદ્રષ્ટ્રે (૧૦/૧૬/૪૧). દેવાદીંસ્તર્પયેજ્જલૈઃ (૧૦/૧૬/૬૨). સ્થિત્વા મુહૂર્તમ્ ઉદતિષ્ઠદ્ ઉરઙ્ગબન્ધાત્ (૧૦/૧૬/૨૩). હ્રષિકેશ નમસ્તેસ્તુ (૧૦/૧૬/૪૭). યદિચ્છતઃ સ્યાદ્ વિભવઃ સમક્ષઃ (૧૦/૧૬/૩૮) ॥ ૧૩ ॥

## અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભી-કૃત-માનવઃ

પરિષ્વજ્યાઙ્કમારોપ્ય (૧૦/૧૭/૧૯). નન્દો ગોપ્યો ગાવશ્ચ કૌરવ (૧૦/૧૭/૧૫). કદર્થીકૃત્ય ગરુડં (૧૦/૧૭/૪). એષ ઘોરતમો વહ્નિસ્તાવકાન્ (૧૦/૧૭/૨૨). ગોપીનાથાયાત્મનઃ સર્વે (૧૦/૧૭/૩). અનંતોનંતશક્તિધૃક્ (૧૦/૧૭/૨૪). નરા નાર્યો વૃષા વત્સા (૧૦/૧૭/૧૬). આસઁલ્લબ્ધમનોરથાઃ (૧૦/૧૭/૧૫). અવાત્સીદ્ ગરૂડાદ્ ભીતઃ (૧૦/૧૭/૧૨). કૃતં કિં વા સુપર્ણસ્ય (૧૦/૧૭/૧). માયામાનુષમ્

ઇશ્વરમ્ (૧૦/૧૭/૨૧). પક્ષેણ સવ્યેન હિરણ્યરોચિષા (૧૦/૧૭/૭). ગુરવઃ સકલત્રકાઃ (૧૦/૧૭/૧૭) ॥ ૧૪ ॥

## અંગીકૃતૌ સમર્યાદઃ

અમ્બરે ચરત્ પ્રદીપ્તદ્રગ્ભ્રૂકુટિતટોગ્રદંષ્ટ્રકમ્ (૧૦/૧૮/૨૭). અનુગીયમાનો ન્યવિશદ્ (૧૦/૧૮/૧). અથ કૃષ્ણઃ પરિવૃતઃ (૧૦/૧૮/૧). એવં તૌ લોકસિદ્ધાભિઃ (૧૦/૧૮/૧૬). સ ચ વૃન્દાવનગુણૈઃ (૧૦/૧૮/૩). ગ્રીષ્મો નામર્તુરભવન્નાતિપ્રેયાન્ (૧૦/૧૮/૨). ઉડુપતિમાનિવ અમ્બુદઃ (૧૦/૧૮/૨૬) ॥ ૧૫ ॥

## મહાકારુણિક :

કૃષ્ણ કૃષ્ણ મહાવીર્ય (૧૦/૧૯/૯). ઇષીકાટવીં નિવિવિશુઃ (૧૦/૧૯/૨). તતશ્ચ તેડક્ષીણ્યુન્મીલ્ય પુનર્ભાંડીરમાપિતાઃ (૧૦/૧૯/૧૩). ક્ષયકૃદ્વનૌકસામ્ (૧૦/૧૯/૭). સહરામો જનાર્દનઃ (૧૦/૧૯/૧૫) ॥ ૧૬ ॥

## વિભુઃ

વિદ્યોતમાનપરિધિઃ (૧૦/૨૦/૩). ભુવઃ પંકમ્ અપાં મલમ્ (૧૦/૨૦/૩૪) ॥ ૧૭ ॥

## અદેય – દાન – દક્ષશ્ચ.

અક્ષણ્વતાં ફલમિદં (૧૦/૨૧/૭). દેવ્યો વિમાનગતયઃ (૧૦/૨૧/૧૨). દામોદરાધરસુધામપિ યઃ (૧૦/૨૧/૯). રામકૃષ્ણચરણસ્પર્શપ્રમોદઃ (૧૦/૨૧/૧૮) ॥ ૧૮ ॥

## મહોદાર – ચરિત્રવાન્

કાત્યાયનિ મહાભાગે (૧૦/૨૨/૪). ઉપસ્પૃત્થાય ગોત્રૈઃ સ્વૈઃ

(૧૦/૨૨/૬). નદ્યાં કદાચિદ્ આગત્ય (૧૦/૨૨/૭). ગન્ધૈઃમાલ્યૈઃ સુરભિભિઃ (૧૦/૨૨/૩). પૂજાં ચક્રુઃ કુમારિકાઃ (૧૦/૨૨/૪). વયસ્યૈઃ આગતસ્ તત્ર (૧૦/૨૨/૮). ભગવાન્ તદ્ અભિપ્રેત્ય (૧૦/૨૨/૮) ॥૧૯॥

## પ્રાકૃતાનુકૃતિવ્યાજ – મોહિતાસુરમાનુષઃ.

પ્રાહ પ્રહસિતાનનઃ (૧૦/૨૩/૨૪).દૃષ્ટ્વા સ્ત્રીણાંઃ (૧૦/૨૩/૩૮). ધાતુપ્રવાલનટવેષમ્ અનુવ્રતાંસે (૧૦/૨૩/૨૨). કૃતાંજલિપુટા વિપ્રાન્ દન્ડવત્ પતિતા ભુવિ (૧૦/૨૩/૫). વ્યાજહાર પુનર્ગોપાન્ (૧૦/૨૩/૧૩). યન્માયામોહિતધિયઃ (૧૦/૨૩/૪૮). પ્રાપ્તા આત્મદિદૃક્ષયા (૧૦/૨૩/૨૪). અન્તઃપ્રવેશ્ય સુચિરં પરિરભ્ય તાપં (૧૦/૨૩/૨૩). દેહં કર્માનુબન્ધનમ્ (૧૦/૨૩/૩૪). સ વૈષ આદ્યઃ પુરુષઃ (૧૦/૨૩/૪૯) ॥ ૨૦ ॥

## વૈશ્વાનરઃ

સવૈ નાપ્નોતિ શોભનમ્ (૧૦/૨૪/૧૧). અસ્તિ ચેદ્ ઈશ્વરઃ કશ્ચિત્ (૧૦/૨૪/૧૪). આજીવ્યૈકતરં ભાવં (૧૦/૨૪/૧૯). પારમ્પર્યાગતં નરઃ (૧૦/૨૪/૧૧) ॥ ૨૧॥

## વલ્લભાખ્યઃ

કુપિતાદ્ ભક્તવત્સલઃ (૧૦/૨૫/૧૩). નહિ મદ્ભાવયુક્તાનાં સુરાણામ્ ઈશવિસ્મયઃ (૧૦/૨૫/૧૭). ખં વ્યભ્રમ્ ઉદિતાદિત્યં (૧૦/૨૫/૨૫) ॥ ૨૨॥

## સદ્રુપઃ

બહૂનિ સન્તિ નામાનિ રુપાણિ ચ સુતસ્ય તે ગુણકર્માનુરૂપાણિ તાન્યહં વેદ નો જનાઃ (૧૦/૨૬/૧૮) ॥ ૨૩ ॥

## સતાં હિતકૃત્.

હિતાય ચ ઇચ્છાતનુભિઃ સમીહસે (૧૦/૨૭/૬). એવં સંકીર્તિતઃ કૃષ્ણોઃ પ્રહસન્ ઇદમ્ અબ્રવીત્ (૧૦/૨૭/૧૪). ક્રિયતાં મે અનુશાસનમ્ (૧૦/૨૭/૧૭) ા ૨૪ા

## જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃદ્.

જનો વૈ લોક એતસ્મિન્ (૧૦/૨૮/૧૨). પ્રવિષ્ટમ્ ઉદકમ્ નિશિ (૧૦/૨૮/૨). અપિ નઃ સ્વગતિં સૂક્ષ્માં (૧૦/૨૮/૧૦). આનીતોઽયં તવ પિતા (૧૦/૨૮/૭). કૃષ્ણે ચ સન્નતિં તેષાં (૧૦/૨૮/૧૦). એવં પ્રસાદિતઃ કૃષ્ણઃ (૧૦/૨૮/૮). યત્પાદભાજો ભગવન્ (૧૦/૨૮/૫). તદ્ ભવાન્ ક્ષન્તુમ્ અર્હતિ (૧૦/૨૮/૭). કૃપયૈતદ્ અચિન્તયત્ (૧૦/૨૮/૧૧) ા ૨૫ા

## નિખિલેષ્ટદઃ

નિશમ્ય ગીતં તદનઙ્ગવર્ધનં (૧૦/૨૯/૪) ધ્યાનેન યામ પદયોઃ પદવીં સખે તે (૧૦/૨૯/૩૫). સંમોહિતાર્યચરિતાદ્ ન ચલેત ત્રિલોક્યામ્ (૧૦/૨૯/૪૦). લબ્ધ્વાપિ વક્ષસિ પદં કિલ ભૃત્યજુષ્ટમ્. તદ્ વદ્ વયં ચ તવ પાદરજઃપ્રપન્નાઃ (૧૦/૨૯/૩૭) ા ૨૬ ા

## સર્વ-લક્ષણ- સમ્પન્નઃ

તન્વન્ દ્રશાં સખિ સુનિર્વૃતિમ્ અચ્યુત એષઃ (૧૦/૩૦/૧૧). લક્ષ્યન્તે હિ ધ્વજામ્ભોજચક્રાંઙ્કુશયવાદિભિઃ (૧૦/૩૦/૨૫). અપિ એણપત્ની ઉપગતઃ (૧૦/૩૦/૧૧). ગાયન્ત્ય ઉચ્ચૈઃ અમુમેવ સંહતાઃ (૧૦/૩૦/૪) ા ૨૭ા

## શ્રીકૃષ્ણ-જ્ઞાનદઃ

તૃણચરાનુગં શ્રીનિકેતનમ્. કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્

(૧૦/૩૧/૭). વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે (૧૦/૩૧/૪). બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ(૧૦/૩૧/૮). જલરુહાનનં ચારુ દર્શય (૧૦/૩૧/૬). રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ (૧૦/૩૧/૧૦) ॥ ૨૮ ॥

**ગુરુઃ** અકૃતજ્ઞાઃ ગુરુદ્રુહઃ (૧૦/૩૨/૧૯) ॥ ૨૯ ॥

## સ્વાનન્દતુન્દિલઃ

સ્વાન્ સ્વાન્ દારાન્ વ્રજૌકસઃ (૧૦/૩૩/૩૮). માનં દધત્યઃ ઋષભસ્ય (૧૦/૩૩/૨૨). તાભિઃ યુતઃ શ્રમમ્ અપોહિતું (૧૦/૩૩/૨૩). દિવૌકસાં સદારાણાં (૧૦/૩૩/૪). રેમે સ્વયં સ્વરતિઃ અત્ર ગજેન્દ્રલીલઃ (૧૦/૩૩/૨૪) ॥ ૩૦॥

## પદ્મ-દલાયત- વિલોચન :

પદા સ્પૃષ્ટો હતાશુભઃ (૧૦/૩૪/૧૪). મલ્લિકાગન્ધમત્તાલિજુષ્ટં કુમુદવાયુના (૧૦/૩૪/૨૨). ગોપાલાઃ જાતકૌતુકાઃ (૧૦/૩૪/૧). યદ્રૃચ્છયાગતો નન્દં (૧૦/૩૪/૫). તન્નાથં પ્રમદાજનં (૧૦/૩૪/૨૬). વિલોક્ય સ્વપરિગ્રહં (૧૦/૩૪/૨૭). પશ્યન્તીનાં ચ યોષિતામ્ (૧૦/૩૪/૩૨). મનઃશ્રવણમંગલમ્ (૧૦/૩૪/૨૩) ॥ ૩૧ ॥

## કૃપાદ્રૃગ્વૃષ્ટિસંહૃષ્ટ-દાસદાસીપ્રિય :

કૃષ્ણલીલાઃ પ્રગાયન્ત્યો (૧૦/૩૫/૧). પ્રણતભારવિટપા મધુધારાઃ (૧૦/૩૫/૯) હન્ત મીલિતદ્રૃશો ધૃતમૌનાં (૧૦/૩૫/૧૧). વૃન્દશો વ્રજવૃષા મૃગગાવો (૧૦/૩૫/૫) ગાઃ સમાહ્વયતિ યત્ર મુકુન્દઃ (૧૦/૩૫/૬). અનુચરૈઃ સમનુવર્ણિતવીર્યઃ(૧૦/૩૫/૮). પ્રેમહૃષ્ટતનવઃ સસૃજુઃ સ્મ (૧૦/૩૫/૯). કુન્દદામકૃતકૌતુકવેષો (૧૦/૩૫/૨૦). સરસિ સારસહંસવિહઙ્ગા (૧૦/૩૫/૧૧). કુજગતિં ગમિતા ન વિદામઃ (૧૦/૩૫/૧૭). દિવ્યગન્ધતુલસીમધુમત્તૈઃ (૧૦/૩૫/૧૦). છાયયા ચ

વિદધત્ પ્રતપત્રમ્ (૧૦/૩૫/૧૩).એવં વ્રજસ્ત્રિયો (૧૦/૩૫/૨૬) ॥ ૩૨॥

## પતિઃ

નિશમ્ય તદ્ ભોજપતિઃ (૧૦/૩૬/૧૮) ॥ ૩૩ ॥

## રોષદૃક્પાતસમ્પ્લુષ્ટ- ભક્તદ્વિટ્

ભાગવતપ્રવરો મુનિઃ (૧૦/૩૭/૨૫). રહસ્યેતદભાષત (૧૦/૩૭/૧૦). દ્રક્ષ્યામિ અર્જુનસારથેઃ (૧૦/૩૭/૨૨). પપાત લેન્ડં વિસૃજન્ ક્ષિતૌ વ્યસુઃ (૧૦/૩૭/૮). સટાડવધૂતાડભ્રવિમાનસંકુલં (૧૦/૩૭/૧). તે કેશિનસ્તપ્તમયઃ (૧૦/૩૭/૭). વિનિર્મિતાડશેષવિશેષકલ્પનમ્ (૧૦/૩૭/૨૪). ઉદ્વાહં વીરકન્યાનાં (૧૦/૩૭/૧૮). કૃષ્ણમ્ અક્લિષ્ટકર્માણં (૧૦/૩૭/૧૦). ભગવાનપિ ગોવિન્દો (૧૦/૩૭/૨૬). ઇચ્છન્ વિમોક્તુમ્ આત્માનં (૧૦/૩૭/૩૨).અક્ષૌહિણીનાં નિધનં (૧૦/૩૭/૨૨). જઘાન પદભ્યાં (૧૦/૩૭/૪). વિકટાસ્યકોટરો (૧૦/૩૭/૨) ॥ ૩૪ ॥

## ભક્તસેવિતઃ

તથાપિ ભક્તાન્ ભજતે (૧૦/૩૮/૨૨). સ્વસેતુપાલામરવર્યશર્મકૃત્ (૧૦/૩૮/૧૩). અપ્યદ્ય વિષ્ણોઃ (૧૦/૩૮/૧૦). ભક્તિં પરામ્ ઉપગતઃ (૧૦/૩૮/૨) ॥ ૩૫॥

## સુખસેવ્યઃ

સુખોપવિષ્ટઃ પર્યઙ્કે (૧૦/૩૯/૧). ચક્ષુર્હિ દત્તં હરસે (૧૦/૩૯/૨૧). બભૂવુર્વ્યથિતા ભૃશમ્ (૧૦/૩૯/૧૩). સ્વાગતં ભદ્રમસ્તુ વઃ (૧૦/૩૯/૪) ॥ ૩૬॥

## દુરારાધ્યો.

સોડહં તવાંડઘ્ર્યુપગતોડસ્મ્યસતાં દુરાપં (૧૦/૪૦/૨૮). નારાયણં

પુરુષમાદ્યમવ્યયમ્ (૧૦/૪૦/૧). સાધ્યાત્મં સાધિભૂતં ચ (૧૦/૪૦/૪). મુદા ગાયન્તિ તે યશઃ (૧૦/૪૦/૧૬) ॥ ૩૭ ॥

## દુર્લભાંઘ્રિસરોરુહઃ

પ્રસૂનદીપાઽઽવલિભિઃ સપલ્લવૈઃ (૧૦/૪૧/૨૩). પ્રીતા દષ્ટિં ન ચાઽઽદદુઃ (૧૦/૪૧/૭). ભક્તં તે ભક્તવત્સલઃ (૧૦/૪૧/૧૧). અવનિજ્યાઽઅંઘ્રિયુગલમ્ (૧૦/૪૧/૧૪). સનાથાન્ કુર્વધોક્ષજ (૧૦/૪૧/૧૨). પુરોપવનમાસાદ્ય (૧૦/૪૧/૮). હર્મ્યાણિ ચૈવાઽઽરુરુહુર્નૃપોત્સુકાઃ (૧૦/૪૧/૨૪). પ્રાહ નઃ સાર્થકં જન્મ (૧૦/૪૧/૪૫) ॥ ૩૮ ॥

## ઉગ્રપ્રતાપો.

ઉભયોરનુલેપનમ્ (૧૦/૪૨/૪). સ્રગ્ગન્ધૈઃ સાઽગ્રજોઽર્ચિતઃ (૧૦/૪૨/૧૩). પ્રસન્નો ભગવાન્ કુબ્જાં (૧૦/૪૨/૬). દાસ્યસ્મ્યહં સુન્દરવર્ય સમ્મતા (૧૦/૪૨/૩). હસિતાઽઽલાપવીક્ષિતૈઃ ॥ (૧૦/૪૨/૪) ॥૩૯॥

## વાક્સીધુ-પૂરિતાશેષ – સેવક :.

ચાણૂરો વાક્યમ્ અબ્રવીત્ (૧૦/૪૩/૩૧). ભૂતાનિ નઃ પ્રસીદન્તિ (૧૦/૪૩/૩૫). ભગવાન્ મધુસૂદન : (૧૦/૪૩/૧૩). પૂતના અનેન નીતા અન્તં (૧૦/૪૩/૨૫). પ્રાગલ્ભ્યસ્મારિતાઇવ (૧૦/૪૩/૨૨). અવતીર્ણૌ ઇહ અંશેન (૧૦/૪૩/૨૩). એષ વૈ કિલ દેવક્યાં (૧૦/૪૩/૨૪). ગોપુચ્છેનેવ બાલકઃ (૧૦/૪૩/૯) ॥૪૦॥

## શ્રીભાગવતપીયૂષ- સમુદ્રમથનક્ષમઃ .

એકાન્તધામયશસઃ શ્રિય ઐશ્વરસ્ય (૧૦/૪૪/૧૪). વાતાહતઇવ અંઘ્રિપઃ (૧૦/૪૪/૨૫). પરિરમ્ભાવપાતનૈઃ (૧૦/૪૪/૪).

ભગવદ્ગાત્રનિષ્પાતૈઃ (૧૦/૪૪/૨૦). વલ્ગન્તૌ રુતનપુરૌ (૧૦/૪૪/૨૯). ગોપ્યસ્તપઃ કિમચરન્ (૧૦/૪૪/૧૪). યુયુધાતે યથાડન્યોન્યં (૧૦/૪૪/૧૯). ઉરુક્રમચિન્તયાનાઃ (૧૦/૪૪/૧૫). એવં પ્રભાષમાણાસુ (૧૦/૪૪/૧૭). સમેતાઃ સર્વયોષિતઃ (૧૦/૪૪/૬). પશ્યન્તિ સસ્મિતમુખં સદયાડવલોકમ્(૧૦/૪૪/૧૬). મલ્લૌ શૈલેન્દ્રસન્નિભૌ (૧૦/૪૪/૮). યા દોહનેડવહનને મથનોપલેપપ્રેંખેક્ષણાર્ભરુ-દિતોક્ષણમાર્જનાદૌ (૧૦/૪૪/૧૫). રામઃ પ્રહરતાં વરઃ (૧૦/૪૪/૨૬) ॥ ૪૧ ॥

## તત્સારભૂત - રાસસ્ત્રી- ભાવપૂરિત- વિગ્રહઃ

તત્ ક્ષન્તુમર્હથસ્તાત (૧૦/૪૫/૯). સાગ્રજઃ સાત્વતર્ષભઃ (૧૦/૪૫/૨). ગુપ્તા લબ્ધમનોરથાઃ (૧૦/૪૫/૧૭). મા ભૂદિતિ નિજાં માયાં તતાન જનમોહિનીમ્ (૧૦/૪૫/૧). હરેઃ વિશ્વાત્મનો ગિરા (૧૦/૪૫/૧૦). સભાજિતાન્ સમાશ્વાસ્ય (૧૦/૪૫/૧૬). લબ્ધસંસ્કારૌ (૧૦/૪૫/૨૯). ગાયત્રં વ્રતમાસ્થિતૌ (૧૦/૪૫/૨૯). જગદીશ્વરૌ (૧૦/૪૫/૩૦). સમ્મન્ત્ર્ય પત્ન્યા સ મહાર્ણવે મૃતં બાલં પ્રભાસે વરયામ્બભૂવ હ (૧૦/૪૫/૩૭). પૂરયન્અશ્રુભિઃ નેત્રે (૧૦/૪૫/૨૫). પરિષ્વજ્યાડપતુઃ મુદમ્ (૧૦/૪૫/૧૦). જનિતઃ પોષિતો યતઃ (૧૦/૪૫/૫). વિદેશાવાસકર્શિતાન્ (૧૦/૪૫/૧૬). યોડસાવિહ ત્વયા ગ્રસ્તઃ (૧૦/૪૫/૩૯). વીક્ષન્તોડહરહઃ પ્રીતાઃ (૧૦/૪૫/૧૮) ॥ ૪૨॥

## સાન્નિધ્ય-માત્ર- દત્ત- શ્રીકૃષ્ણપ્રેમા.

મયિ તાઃ પ્રેયસાં પ્રેષ્ઠે (૧૦/૪૬/૫). શ્રીમાન્ નિમ્લોચતિ વિભાવસૌ (૧૦/૪૬/૮). વાસિતાર્થે અભિયુધ્યદ્ભિઃ (૧૦/૪૬/૯). ધૂપદીપૈશ્ચ માલ્યૈશ્ચ (૧૦/૪૬/૧૨). તાલત્રયં મહાસારં (૧૦/૪૬/૨૫). પ્રયયૌ નન્દગોકુલમ્ (૧૦/૪૬/૭) ઉદ્ધવો બુદ્ધિસત્તમઃ (૧૦/૪૬/૧). પ્રાપ્તૌ નન્દવ્રજં (૧૦/૪૬/૮). સ્મરતાં કૃષ્ણવીર્યાણિ (૧૦/૪૬/૨૧). પ્રેમપ્રસરવિહ્વલઃ (૧૦/૪૬/૨૭). આગમિષ્યત્યદીર્ઘેણ (૧૦/૪૬/૩૪) ॥ ૪૩॥

## વિમુક્તિદઃ

વિમુક્તાऽશેષવૃત્તિ યત્ (૧૦/૪૭/૩૬). ગોવિન્દઃ પ્રસ્તુતે ક્વચિત્ (૧૦/૪૭/૪૨) ॥ ૪૪ ॥

## રાસલીલૈક - તાત્પર્યઃ

પ્રગૃહ્ય શય્યામધિવેશ્ય રામયા (૧૦/૪૮/૬). સભાજયામાસ સદાસનાદિભિઃ (૧૦/૪૮/૩). સવ્રીડલીલોત્સ્મિતવિભ્રમેક્ષિતૈઃ (૧૦/૪૮/૫). સ્યાતાં નિકામસ્ત્વયિ નોऽવિવેકઃ (૧૦/૪૮/૨૨). પ્રસાદિતાऽऽત્મોપસસાર માધવં (૧૦/૪૮/૫). કિંચિત્ પરમસ્તિ ન ચાऽપરમ્ (૧૦/૪૮/૧૮). કિંચિચ્ચિકીર્ષયન્ પ્રાગાદ્ (૧૦/૪૮/૧૨) ॥ ૪૫ ॥

## કૃપયૈતત્-કથા-પ્રદઃ

કૃતં ચ ધાર્તરાષ્ટ્રૈર્યદ્ (૧૦/૪૯/૬). પાંડવાન્ સુહૃદોऽપરાન્ (૧૦/૪૯/૨). પુષ્ણાતિ યાનધર્મેણ (૧૦/૪૯/૨૩). એક એવ ચ દુષ્કૃતમ્ (૧૦/૪૯/૨૧). તસ્માત્ સમત્વે વર્તસ્વ (૧૦/૪૯/૧૯). કર્હિચિત્ કેનચિત્ સઃ (૧૦/૪૯/૨૦). વિદ્યુત્ સૌદામની યથા (૧૦/૪૯/૨૭). સમઃ શાન્તો ભવ પ્રભો (૧૦/૪૯/૨૫). તૈસ્ત્યક્તો નાऽર્થકોવિદઃ (૧૦/૪૯/૨૪) ॥ ૪૬ ॥

## વિરહાનુભવૈકાર્થ - સર્વત્યાગોપદેશકઃ

વિકીર્યમાણઃ કુસુમૈઃ (૧૦/૫૦/૩૬). રથાવુપસ્થિતૌ સદ્યઃ (૧૦/૫૦/૧૧). મહામરકતસ્થલૈઃ (૧૦/૫૦/૫૩). હરિઃ કારણમાનુષઃ (૧૦/૫૦/૬). ચિન્તયામાસ ભગવાન્ (૧૦/૫૦/૬). ન વૈ શૂરા વિકત્થન્તે(૧૦/૫૦/૨૦). આકાશાત્ સૂર્યવર્ચસૌ (૧૦/૫૦/૧૧). એતદર્થોऽવતારોઅયં (૧૦/૫૦/૯). ન્યરુણત્ સર્વતોદિશમ્ (૧૦/૫૦/૪). અક્ષૌહિણીભિર્વિંશત્યા (૧૦/૫૦/૪). પશ્ચાર્ય વ્યસનં પ્રાપ્તં

(૧૦/૫૦/૧૩). તદ્દેશકાલાડનુગુણં (૧૦/૫૦/૬). મહામરકતસ્થલૈઃ (૧૦/૫૦/૫૩) ॥ ૪૭ ॥

## ભક્ત્યાચારોપદેષ્ટા.

ભક્તિર્મય્યનપાયિની (૧૦/૫૧/૬૨). આત્માનં દર્શયામાસ (૧૦/૫૧/૨૩). ચારુપ્રસન્નવદનં (૧૦/૫૧/૨૫). ચતુર્ભુજં રોચમાનં (૧૦/૫૧/૨૫). હરિણા સ પદે (૧૦/૫૧/૭). અશયિષ્ટ ગુહાવિષ્ટઃ (૧૦/૫૧/૨૧). આરાધ્ય કસ્ત્વાં હ્યપવર્ગદં (૧૦/૫૧/૫૬). પ્રજાશ્ચ તુલ્યકાલીનાઃ (૧૦/૫૧/૧૮)॥ ૪૮॥

## કર્મમાર્ગપ્રવર્તકઃ.

બ્રહ્મન્ કૃષ્ણકથાઃ પુણ્યા (૧૦/૫૨/૨૦). ધર્મસ્તે વૃદ્ધસમ્મતઃ (૧૦/૫૨/૩૦). ગૃહાગતૈ ગીયમાનાઃ તં (૧૦/૫૨/૨૩). યતઃ ત્વમ્ આગતો દુર્ગં (૧૦/૫૨/૩૫). પ્રાવિશદ્ ગન્ધમાદનમ્ (૧૦/૫૨/૩). વર્તતે નાતિકૃચ્છ્રેણ (૧૦/૫૨/૩૦). કોનુ તૃપ્યેત શૃણ્વાનઃ (૧૦/૫૨/૨૦) ॥૪૯॥

## યાગાદૌ ભક્તિમાર્ગૈક – સાધનત્વોપદેશકઃ

વાચયામાસ મંગલમ્ (૧૦/૫૩/૧૦). કન્યા ચાન્તઃ પુરાત્પ્રાગાદ્ (૧૦/૫૩/૩૯). વદન્તિ સ્મ પુરૌકસઃ (૧૦/૫૩/૩૯). શ્રુત્વા એતદ્ ભગવાન રામો (૧૦/૫૩/૨૦). નિશમ્ય યદુનન્દનઃ (૧૦/૫૩/૧). રૂક્મિણ્યા મધુસૂદનઃ(૧૦/૫૩/૪). પ્રત્યાપત્તિમ્ અપશ્યન્તી (૧૦/૫૩/૨૨). માર્ગરથ્યાચતુષ્પથમ્ (૧૦/૫૩/૮). આનર્તાદ્ એકરાત્રેણ (૧૦/૫૩/૬). ચક્રુઃ સામર્ગ્યજુર્મન્ત્રૈઃ (૧૦/૫૩/૧૨). સંમાલ્યભૂષણૈઃ (૧૦/૫૩/૪૭). મત્પરામ્ અનવદ્યાંગી (૧૦/૫૩/૩). ત્વરિતઃ કુંડિનં પ્રાગાદ્ (૧૦/૫૩/૨૧). ઉપસ્પૃશ્ય શુચિઃ શાન્તા (૧૦/૫૩/૪૪). મત્સન્દેશહરો દ્વિજઃ (૧૦/૫૩/૨૩). કન્યાં કલહશંકિતઃ (૧૦/૫૩/૨૦) ॥ ૫૦ ॥

## પૂર્ણાનન્દઃ

રમ્ભાપૂગોપશોભિતા (૧૦/૫૪/૫૭). ગદસંકર્ષણાદયઃ (૧૦/૫૪/૬). યથા શયાન આત્માનં (૧૦/૫૪/૪૮) ॥ ૫૧॥

## પૂર્ણકામો.

પૂરં નીતો વિહાયસા (૧૦/૫૫/૨૫). ઉપાજહુરૂપાયનમ્ (૧૦/૫૫/૫). નાતિદીર્ઘેન કાલેન (૧૦/૫૫/૯). કામસ્તુ વાસુદેવાંશો (૧૦/૫૫/૯)॥૫૨॥

## વાક્પતિઃ

સ્વયમુદ્યમ્ય દત્તવાન્ (૧૦/૫૬/૧). યાચ્ચાભઙ્ગમતર્કયત્ (૧૦/૫૬/૧૨). વયમૃક્ષપતે બિલમ્ (૧૦/૫૬/૩૧). નૃણાં ચક્ષુંષિ તિગ્મગુઃ (૧૦/૫૬/૭) ॥ ૫૩॥

## વિબુધેશ્વરઃ

વિજ્ઞાતાડર્થોડપિ ગોવિન્દો (૧૦/૫૭/૧). લબ્ધ્વૈતદન્તરં રાજન્ (૧૦/૫૭/૩). ઉચ્છિલન્ધ્રમિવાડર્ભકઃ (૧૦/૫૭/૧૬). એવં સામભિરારબ્ધઃ (૧૦/૫૭/૪૦). નાડહમીશ્વરયોઃ કુર્યાં (૧૦/૫૭/૧૨) ॥૫૪॥

## કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા

કૃષ્ણસ્યાસન્ સહસ્રશઃ (૧૦/૫૮/૫૮). નગ્નજિન્નામ કૌરવ્ય (૧૦/૫૮/૩૨). સાડનુરાગસ્મિતં વક્ત્રં (૧૦/૫૮/૩). કૃષ્ણે સક્તાં ન્યષેધતામ્ (૧૦/૫૮/૩૦) ॥ ૫૫ ॥

## ભક્તપરાયણઃ

ભક્તેચ્છોપાત્તરૂપાય (૧૦/૫૯/૨૫). પરાડવરાત્મન્ ભૂતાત્મન્

(૧૦/૫૯/૫૮). યુગાઽન્તસૂર્યાઽનલશોચિરુલ્બણઃ (૧૦/૫૯/૭) ॥ ૫૬॥

## ભક્ત્યાચારોપદેશાર્થ – નાનાવાક્યનિરુપકઃ

સન્તિ હિ એકાન્ત ભક્તાયાઃ (૧૦/૬૦/૫૦). મયિ ચ અનતિરિક્તદ્રષ્ટેઃ (૧૦/૬૦/૪૬). તવ પાદસરોજગન્ધમ્ (૧૦/૬૦/૪૨). પયઃ ફેનનિભે શુભ્રે (૧૦/૬૦/૬). તેન વીજ્યતી દેવી (૧૦/૬૦/૭). ઇતિ ત્રિલોકેશપતે (૧૦/૬૦/૨૨). ત્વં વૈ સમસ્તપુરુષાર્થમયઃ (૧૦/૬૦/૩૮). વાયુનોદ્યાનશાલિના (૧૦/૬૦/૫) યદ્ વાક્યૈઃ ચાલ્યમાનાયાઃ (૧૦/૬૦/૫૧). પ્રિયયા ભીરુ ભામિનિ (૧૦/૬૦/૩૧). ભ્રાતુર્વિરુપકરણં(૧૦/૬૦/૫૬)॥૫૭ ॥

## સ્વાર્થોજ્જિઝતાખિલ –પ્રાણ– પ્રિયઃ

ભાનુઃ સુભાનુઃ સ્વર્ભાનુઃ (૧૦/૬૧/૧૦). સિદ્ધાઽખિલાર્થા મધુસૂદનાઽશ્રયાઃ (૧૦/૬૧/૪૦). પ્રત્યુદ્ ગમાસનવરાર્હણપાદશૌચ (૧૦/૬૧/૪૦). રાજ્ઞઃ સમેતાન્ નિર્જિત્ય (૧૦/૬૧/૨૧). તાસાં યા દશપુત્રાણાં (૧૦/૬૧/૭). પ્રાદાદ્ દુહિતરં યુધિ (૧૦/૬૧/૨૦). ધર્મેણ ચ્છલમાશ્રિતઃ (૧૦/૬૧/૩૨). સ્વસુઃ પ્રિયચિકીર્ષયા (૧૦/૬૧/૨૫) ॥૫૮॥

## તાદ્રૃશ– વેષ્ટિત :

મનોહર્તા તમાદિશ (૧૦/૬૨/૧૮). કીદ્રૃશસ્તે મનોરથઃ (૧૦/૬૨/૧૫). ભટા આવેદયાઞ્ચક્રૂ (૧૦/૬૨/૨૮). વિચેષ્ટિતં લક્ષયામઃ (૧૦/૬૨/૨૮). વાક્યૈઃ શુશ્રૂષયાર્ચિતઃ (૧૦/૬૨/૨૫) ॥૫૯॥

## સ્વદાસાર્થ –કૃતાશેષ – સાધનઃ.

વિશીર્યમાણં સ્વબલં (૧૦/૬૩/૧૭). નારદાત્તદુપાકર્ણ્ય (૧૦/૬૩/૨). સમન્તાત્ સાત્વતર્ષભાઃ (૧૦/૬૩/૪).

વિપર્યયેન્દ્રિયાઽર્થોઽર્થ (૧૦/૬૩/૪૨). સુવાસસમલંકૃતમ્ (૧૦/૬૩/૫૧). ચત્વારોઽસ્ય ભુજાઃ શિષ્ટા (૧૦/૬૩/૪૯). રોમાણિ વૃક્ષૌષધયોઽમ્બુવાહાઃ (૧૦/૬૩/૩૬). સારથિં રથમશ્વાંશ્ચ (૧૦/૬૩/૧૯). શરૈઃ શાર્ઙ્ગચ્યુતૈર્ભૃશમ્ (૧૦/૬૩/૧૧). રામકૃષ્ણાઽનુવર્તિન (૧૦/૬૩/૩) ॥૬૦॥

## સર્વશક્તિધૃક્.

નમસ્તે સર્વભાવાય બ્રહ્મણેઽનન્તશક્તયે (૧૦/૬૪/૨૯) સીદત્કુટુમ્બેભ્ય ઋતવ્રતેભ્યઃ (૧૦/૬૪/૧૪) સ્વર્ગ્યદ્ભૂતાઽલંકરણાઽમ્બરસ્રક્ (૧૦/૬૪/૬) ॥ ૬૧ ॥

## ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્.

અનુસેવાં મહાભુજઃ (૧૦/૬૫/૧૦). વિશ્રાન્તં સુખમાસીનં (૧૦/૬૫/૫). પ્રપન્નાં ભક્તવત્સલ (૧૦/૬૫/૨૭). ઈતિ પ્રહસિતં શૌરેર્જલ્પિતં ચારુ વીક્ષિતમ્ (૧૦/૬૫/૧૫). ગોપીનાં રતિમાવહન્ (૧૦/૬૫/૧૭). એકકુંડલો મત્તો (૧૦/૬૫/૨૨). વચઃ કૃતઘ્નસ્ય બુધાઃ (૧૦/૬૫/૧૩). જગતી જગતઃ પતે (૧૦/૬૫/૨૬). સ્મિતાઽવલોકોચ્છ્વસિતસ્મરાતુરાઃ (૧૦/૬૫/૧૩). યૂયં દારસુતાઽન્વિતાઃ (૧૦/૬૫/૭). યમુનાઽઽકૃષ્ટવર્ત્મના (૧૦/૬૫/૩૧) ॥ ૬૨ ॥

## પિતા.

કૃષ્ણોઽપિ રથમાસ્થાય (૧૦/૬૬/૧૦) મા ભૈષ્ટેત્યવિતાઽસ્મ્યહમ્ (૧૦/૬૬/૩૭) ॥ ૬૩ ॥

## સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ

દર્શયન્ સ્વગુદં તાસાં (૧૦/૬૭/૧૩). એવં દેશાન્ વિપ્રકુર્વન્ (૧૦/૬૭/૮). નરકસ્ય સખા કશ્ચિદ્ (૧૦/૬૭/૨). એવં યુધ્યન્ ભગવતા

(૧૦/૬૭/૨૨). ક્વચિત્ સમુદ્રમધ્યસ્થો (૧૦/૬૭/૫). યાદવેન્દ્રોડપિ તં દોર્ભ્યાં (૧૦/૬૭/૨૫). તા હેલયામાસ કપિઃ (૧૦/૬૭/૧૩). તત્રાડપશ્યદ્ યદુપતિં (૧૦/૬૭/૯). એવં નિહત્ય દ્વિવિદં (૧૦/૬૭/૨૮). અદૂષયચ્છકૃન્મૂત્રૈઃ (૧૦/૬૭/૬). જનૈઃ સ્વપુરમાવિશત્ (૧૦/૬૭/૨૮). સંસ્તૂયમાનો ભગવાન્ (૧૦/૬૭/૨૮). હાસ્યપ્રિયા વિજહસુઃ (૧૦/૬૭/૧૨). આત્માનં સમ્પ્રદર્શયન્(૧૦/૬૭/૧૧). દૂષયંશ્ચ કુલસ્ત્રિયઃ (૧૦/૬૭/૮) ॥ ૬૪ ॥

## સ્મયાપહઃ

....................॥ ૬૫ ॥

## પ્રતિવ્રતાપતિઃ.

રુક્મદંડેન સાત્વતપતિં પરિવીજયન્ત્યા (૧૦/૬૯/૧૩). સવ્રીડસૌહૃદનિરીક્ષણહાસજુષ્ટઃ (૧૦/૬૯/૪૪). અથાડપિ બ્રુહિ નો બ્રહ્મન્ (૧૦/૬૯/૨૨). પતત્પતાકાધ્વજવારિતાડડતપામ્ (૧૦/૬૯/૬). જગદ્ગુરુતરોડપિ સતાં પતિર્હિ (૧૦/૬૯/૧૫) ॥ ૬૬ ॥

## પારલૌકિકૈહિકદાનકૃત્.

પરમેષ્ઠ્યકામો નૃપતિઃ (૧૦/૭૦/૪૧). લોકે ભવાંજગદિનઃ (૧૦/૭૦/૨૭). ગંગેતિ ચેહ ચરણામ્બુ પુનીતિ વિશ્વમ્ (૧૦/૭૦/૪૪). સાધ્વીનાં મૌક્તિકસ્રજામ્(૧૦/૭૦/૮). મન્દારવનવાયુભિઃ (૧૦/૭૦/૨). કૃચ્છ્રાદ્ વિસૃષ્ટો નિરગાત્ (૧૦/૭૦/૧૬) ॥ ૬૭ ॥

## નિગૂઢહૃદયઃ

નિશમ્ય તદ્વ્યવસિતમાહૃતાડર્હણો (૧૦/૭૧/૧૮). નાર્યો વિકીર્ય કુસુમૈર્મનસોપગુહ્ય (૧૦/૭૧૩૫). કૃષ્ણં સભાર્યમુપલભ્ય ગૃહાધિરુઢાઃ (૧૦/૭૧/૩૫). દૃષ્ટ્વા વિક્લિન્નહૃદયઃ (૧૦/૭૧/૨૫) ॥ ૬૮ ॥

## અનન્ય – ભક્તેષુ જ્ઞાપિતાશયઃ

અનયોઃ માતુલેયં માં (૧૦/૭૨/૨૯). રાજન્યબન્ધૂન્ વિજ્ઞાય (૧૦/૭૨/૨૨). નિશમ્ય ભગવદ્ગીતં (૧૦/૭૨/૧૨). ભ્રાતૄન્ દિગ્વિજયેયુઙ્ક્ત (૧૦/૭૨/૧૨). ઇત્થં તયોઃ પ્રહતયોઃ (૧૦/૭૨/૩૮). ગૃહેષુ ગૃહમેધિનમ્ (૧૦/૭૨/૧૭). તદ્ વિજ્ઞાય મહાસત્ત્વો (૧૦/૭૨/૪૪). સર્વેષામપિ ભૂતાનામ્ (૧૦/૭૨/૮). તેજસા યશસા શ્રિયા (૧૦/૭૨/૧૧). બ્રહ્મલિંગધરાઃ ત્રયઃ (૧૦/૭૨/૧૬) ॥ ૬૯ ॥

## ઉપાસનાદિ– માર્ગાતિ–મુગ્ધ–મોહ–નિવારકઃ

ઉપાસિતવ્યં સ્પૃહયામહે વિભો (૧૦/૭૩/૧૪). મલિના મલવાસસઃ (૧૦/૭૩/૧). નિવીતં વનમાલયા (૧૦/૭૩/૫). તે નિર્ગતા ગિરિદ્રોણ્યા (૧૦/૭૩/૧). ધ્નન્તઃ પ્રજાઃ સ્વા ઇતિનિર્ઘૃણાઃ (૧૦/૭૩/૧૨). રાજભિર્મુક્તબન્ધનૈઃ (૧૦/૭૩/૧૭). નૈનં નાથાઽન્વસૂયામો (૧૦/૭૩/૯). સહદેવેન પૂજિતઃ (૧૦/૭૩/૩૧). નિશમ્ય ધર્મરાજસ્તત્ (૧૦/૭૩/૩૫). કૃષ્ણાય વાસુદેવાય (૧૦/૭૩/૧૬). વેનો રાવણો નરકો (૧૦/૭૩/૨૦) ॥ ૭૦ ॥

## ભક્તિમાર્ગે સર્વમાર્ગ – વૈલક્ષણ્યાનુભૂતિકૃત્.

રામો ભાર્ગવો આસુરિઃ (૧૦/૭૪/૯). મમાઽહમિતિ માધવ (૧૦/૭૪/૫). સર્વે લોકાઃ સહેશ્વરાઃ (૧૦/૭૪/૨). યયૌ સભાર્યઃ સાઽમાત્યઃ (૧૦/૭૪/૪૯). પૈલઃ પરાશરો ગર્ગો વૈશમ્પાયન એવ ચ (૧૦/૭૪/૮). શ્રેયો ધર્માદિલક્ષણમ્ (૧૦/૭૪/૨૨). કૃષ્ણાઽનુમોદિતઃ પાર્થો (૧૦/૭૪/૬). સર્વભૂતાત્મભૂતાય (૧૦/૭૪/૨૪). સાધુ સાધ્વિતિ સત્તમાઃ (૧૦/૭૪/૨૫). કૃષ્ણસ્ય ચાનુભાવં તં શ્રુત્વા પ્રીતસ્તમબ્રવીત્ (૧૦/૭૪/૧) ॥ ૭૧ ॥

## પૃથક્–શરણ–માર્ગોપદેષ્ટા

યત્ પૃષ્ટોડહમિહ ત્વયા (૧૦/૭૫/૪૦). ચક્રુસ્તતસ્ત્વભૃથસ્નપનં દ્યુનદ્યામ્ ઋત્વિક્સદસ્યબહુવિત્સુ સુહૃત્તમેષુ (૧૦/૭૫/૮). તેષાં સ દિવમસ્પૃશત્ (૧૦/૭૫/૧૦).તત્ર કારણમુચ્યતામ્(૧૦/૭૫/૨).તા માતુલેયસખિભિઃ ગુપ્તા નૃભિર્નિરગમન્ (૧૦/૭૫/૧૬). વિશ્વસૃજોપક્લૃપ્તાઃ (૧૦/૭૫/૨૨). દેવર્ષિપિતૃગન્ધર્વા (૧૦/૭૫/૧૩). અજાતશત્રોસ્તાં દૃષ્વા (૧૦/૭૫/૧) ॥ ૭૨ ॥

## શ્રીકૃષ્ણ-હાર્દવિત્

શ્રુણુ કર્માડદભુતં મહત્(૧૦/૭૬/૧). ઈતિ મૂઢઃ પ્રતિજ્ઞાય (૧૦/૭૬/૪). અથાડન્યદપિ કૃષ્ણસ્ય (૧૦/૭૬/૧). હાર્દિક્યો ભાનુવિન્દશ્ચ(૧૦/૭૬/૧૪).દુર્વિભાવ્યંપરૈરભૂત(૧૦/૭૬/૨૧)॥૭૩॥

## પ્રતિક્ષણ - નિકુંજસ્થ-લીલા-રસ-સુપૂરિત :

પ્રતિહત્ય પ્રત્યવિધ્યન્નારાચૈરષ્ટભિઃ । વિદ્યમન્તં સ્વસૈન્યાનિ (૧૦/૭૭/૨). નિરુપ્ય પુરરક્ષણમ્ (૧૦/૭૭/૯). જહાર તેનૈવ શિરઃ સકુંડલં (૧૦/૭૭/૩૬). નેદુર્દુન્દુભયો રાજન્ (૧૦/૭૭/૩૭). સૌભસ્થમાલોક્ય (૧૦/૭૭/૨૯). અપસ્પૃશ્ય સલિલમ્(૧૦/૭૭/૧). ઈત્યુક્તશ્છોદયામાસ (૧૦/૭૭/૧૧). પિતા તે પિતૃવત્સલ (૧૦/૭૭/૨૨). આહ ચાડમિહાયાત (૧૦/૭૭/૮). અવિધ્યચ્છરસન્દોહૈઃ (૧૦/૭૭/૧૪). વસુદેવમિવાડનીય (૧૦/૭૭/૨૫) તં શસ્ત્રપૂગૈઃ પ્રહરન્તમ્। શાલ્વં શરૈઃ શૌરિઃ (૧૦/૭૭/૩૩). દ્યુમન્તં રુક્મિણીસુતઃ (૧૦/૭૭/૨) ॥ ૭૪ ॥

## તત્કથાક્ષિપ્ત - ચિત્તસ્.

આશંસિતં યત્તદ્ બ્રૂત (૧૦/૭૮/૩૪). બ્રૂતાડહં કરવાણ્યથ (૧૦/૭૮/૩૭). યથા ભવેદ્ વચઃ સત્યં (૧૦/૭૮/૩૫). કુર્વન્ પારોક્ષ્યસૌહૃદમ્ (૧૦/૭૮/૧). ઈતિ વેદાડનુશાસનમ્ (૧૦/૭૮/૩૬). અવપ્લુત્ય રથાત્ કૃષ્ણઃ (૧૦/૭૮/૩). અજાનસ્ત્વપચિતિં

(૧૦/૭૮/૩૭). પરીત્ય સુસમાહિતઃ (૧૦/૭૮/૪૦) ॥ ૭૫ ॥

## તદ્‌વિસ્મૃતાન્યઃ

ન તદ્વાક્યં જગૃહતુ (૧૦/૭૯/૨૮). ભગવાન્ વ્યતરદ્ વિભુઃ (૧૦/૭૯/૩૧). અનુસ્મરન્તાવન્યોઽન્યં (૧૦/૭૯/૨૮) ॥ ૭૬ ॥

## વ્રજપ્રિયઃ

પતિવ્રતા પતિં પ્રાહ (૧૦/૮૦/૮). કિન્નુ અર્થકામાન્ ભજતે (૧૦/૮૦/૧૧). સખ્યુઃ પ્રિયસ્ય વિપ્રર્ષે (૧૦/૮૦/૧૯) ॥ ૭૭ ॥

## પ્રિય- વ્રજ - સ્થિતિઃ

ભગવાન્ પ્રહસન્ પ્રિયમ્ (૧૦/૮૧/૨). પતિવ્રતા પતિં દૃષ્ટ્વા (૧૦/૮૧/૨૬). સ્વયં જહાર કિમિદમ્(૧૦/૮૧/૮). કિમિદં કસ્ય વા સ્થાનં (૧૦/૮૧/૨૩) ઇતિ મુષ્ટિં સકૃજ્જગ્ધ્વા (૧૦/૮૧/૧૦). પ્રેક્ષન્ ખલુ સતાં ગતિઃ (૧૦/૮૧/૨) ॥ ૭૮ ॥

## પુષ્ટિ-લીલા - કર્તા

પુરસ્તાદેવ સર્વતઃ (૧૦/૮૨/૨). યત્રાઽસ્પૃષ્ટોઽપિ કર્મણા (૧૦/૮૨/૪). કૃષ્ણે નો ભક્તિરસ્ત્વિતિ (૧૦/૮૨/૧૧). વાસઃ સગ્ગુક્મમાલિનીઃ (૧૦/૮૨/૧૦). ઈજે ચ ભગવાન્ રામો (૧૦/૮૨/૪). આશ્લિષ્ય ગાઢં નયનસ્રવજ્જલા (૧૦/૮૨/૧૫). અથૈકદા દ્વારકાયાં (૧૦/૮૨/૧). યદ્વા આપત્સુ મદ્વાતાંમ્ (૧૦/૮૨/૧૯) ॥ ૭૯ ॥

## રહઃ પ્રિયઃ

યુધિષ્ઠિરમથાઽપૃચ્છત્ (૧૦/૮૩/૧). તત્પાદેકક્ષાહતાંઽહસ પરિપૃષ્ટાઃ સુસત્કૃતાઃ (૧૦/૮૩/૨). ય ઇત્થં વીર્યશુલ્કાં મામ્ (૧૦/૮૩/૧૪). શ્રીમત્પાદરજઃ શ્રિયઃ (૧૦/૮૩/૪૨) ॥ ૮૦ ॥

## ભક્તેચ્છા –પૂરકઃ

અથોઽનુગૃહાણ ભક્તાન્ (૧૦/૮૪/૨૬). ભૌમ ઈજ્યધીઃ (૧૦/૮૪/૧૩). માયાજવનિકાચ્છન્ન । આત્માનં કાલમીશ્વામ્ (૧૦/૮૪/૨૩). તતઃ કામૈઃ પૂર્યમાણઃ (૧૦/૮૪/૬૭). દ્વૈપાયનો નારદશ્ચ (૧૦/૮૪/૩). અનીહ એતદ્ બહુધૈક (૧૦/૮૪/૧૭) ॥ ૮૧ ॥

## સર્વા – જ્ઞાતલીલઃ

ભવાન્ સર્વમિદં જગત્ (૧૦/૮૫/૧૭). આવિસ્તારોઽલ્પભૂર્યેકો (૧૦/૮૫/૨૫). સંજજ્ઞ ઈત્યનુયુગં (૧૦/૮૫/૨૦). અવતીર્ણૌ તથાઽઽત્થહ (૧૦/૮૫/૧૮). ઈશ્વરાવાદિપુરૂષો (૧૦/૮૫/૨૯). વિશ્વોત્પત્તિલયોદયાઃ (૧૦/૮૫/૩૧) ॥ ૮૨ ॥

## અતિ– મોહનઃ

હૃદિસ્થોઽપ્યતિદૂરસ્થઃ (૧૦/૮૬/૪૭). નમોસ્તુ તેઽધ્યાત્મવિદાં (૧૦/૮૬/૪૮) પ્રહસંસ્તમુવાચ હ (૧૦/૮૬/૫૦). અન્તરં પ્રેપ્સુરર્જુનઃ (૧૦/૮૬/૮) ॥ ૮૩ ॥

## સર્વાસક્તઃ

અપરિમિતા ધ્રુવાસ્તનુભૃતો યદિ સર્વગતા (૧૦/૮૭/૩૦). ઉપદિશન્તિ ત આરૂપિતૈઃ (૧૦/૮૭/૨૫). સ્ત્રિયઉરગેન્દ્રભોગભુજદંડ (૧૦/૮૭/૨૩) ॥ ૮૪ ॥

## ભક્તમાત્રાસક્તઃ

વિરુદ્ધા ભજતાં (૧૦/૮૮/૨). શાકુનેય ભવાન્ વ્યક્તં (૧૦/૮૮/૨૯). ચિન્માત્રં સદનન્તકમ્ (૧૦/૮૮/૧૦). આત્માઽયં સર્વકામધુક્ (૧૦/૮૮/૨૯). ન યદ્ વક્તાઽનૃતં પુનઃ (૧૦/૮૮/૩૪) ॥ ૮૫॥

## પતિત–પાવનઃ

પતિત્વા પાદયોર્દેવી (૧૦/૮૯/૬). તત ઉત્થાય ભગવાન્ (૧૦/૮૯/૮). પાદોદકેન ભવતસ્તીર્થાનામ્ (૧૦/૮૯/૧૧). ભકત્યુત્કંઠોઽશ્રુલોચન (૧૦/૮૯/૧૩) ॥ ૮૬ ॥

## સ્વયશોગાનસંહૃષ્ટ –હૃદયામ્ભોજવિષ્ટરઃ

સુખં સ્વપુર્યાં નિવસન્ દ્વારકાયાં શ્રિયઃ પતિઃ (૧૦/૯૦/૧). નિર્વિશદ્ભૃઙ્ગવિહગૈ (૧૦/૯૦/૪). ઉરુગાયોરુગીતાનાં (૧૦/૯૦/૨૬). નવયૌવનકાન્તિભિઃ (૧૦/૯૦/૨). યાઃ સમ્પર્યચરન્ પ્રેમ્ણા (૧૦/૯૦/૨૭). હૃદિરયસિ નઃ સ્મરમ્ (૧૦/૯૦/૧૯). અપ્રાપ્ય મુષ્ટહૃદયાઃ (૧૦/૯૦/૨૩). કુમુદાઽમ્ભોજરેણુભિઃ (૧૦/૯૦/૬). વિજહાર વિગાહ્યાઽમ્ભો (૧૦/૯૦/૭). ભો ભોઃ સદા નિષ્ટનસે ઉદન્વન્નલબ્ધા નિદ્રોઽધિપ્રજાગરઃ (૧૦/૯૦/૧૭) ॥ ૮૭ ॥

## યશઃ પીયૂષલહરી –પ્લાવિતાન્યરસઃ

આયુષો યશસઃ શ્રિયઃ (૧૧/૭/૨૭). પ્રોક્તસ્ત્યાગઃ સન્યાસલક્ષણઃ (૧૧/૭/૧૪). અત્રાપ્યુદાહરન્તીમ (૧૧/૭/૨૪). કુમારી શરકૃત્ શર્પ(૧૧/૭/૩૪). પુરીં ચ પ્લાવયિષ્યતિ (૧૧/૭/૩). ત્વન્માયયા વિરચિતાત્મનિ (૧૧/૭/૧૬). અન્યોન્યં વિષ્ણુ માયયા (૧૧/૭/૬૧). યદોરમિતતેજસઃ (૧૧/૭/૨૪) ॥ ૮૮ ॥

## પરઃ

વા નારાયણપરો મુનિઃ (૧૧/૮/૬) ॥ ૮૯ ॥

## લીલામૃત – રસાદ્રાર્દ્રી – કૃતાખિલ –શરીર –ભૃત્

શાલીન્ રહસિ પાર્થિવ (૧૧/૯/૬). કેવલાત્માનુભાવેન

(૧૧/૯/૧૯). તત્ત્વાન્યનેન વિમૃશામિ (૧૧/૯/૨૫). યદ્ યત્પ્રિયતમં નૃણામ્ (૧૧/૯/૧). પરમાનન્દ આપ્લુતૌ (૧૧/૯/૪). સા તજ્જુગુપ્સિતં મત્વા (૧૧/૯/૭). સ્વયં તાનર્હયામાસ (૧૧/૯/૫). વૈરાગ્યાભ્યાસયોગેન (૧૧/૯/૧૧). ભવેદ્ વાર્તા દ્વયોરપિ (૧૧/૯/૧૦). એકચાર્યનિકેતઃ સ્યાદ્ (૧૧/૯/૧૪). ક્વચિત્ કુમારી ત્વાત્માનમ્ (૧૧/૯/૫). કીટઃ પેશસ્કૃતં ધ્યાયન્ (૧૧/૯/૨૩). આત્માધારોઽખિલાશ્રયઃ (૧૧/૯/૧૭). સૃષ્ટ્વા પુરાણિ વિવિધા (૧૧/૯/૨૮). જાયાત્મજાર્થપશુભૃત્યગૃહાપ્તવર્ગાન્ (૧૧/૯/૨૬). પરાવરાણાં પરમ (૧૧/૯/૧૮). એક એવ ચરેત્તસ્માત્ (૧૧/૯/૧૦) ॥ ૯૦ ॥

## ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ.

ગત્વા યાત્યુલ્બણં તમઃ (૧૧/૧૦/૨૮). વર્ણાશ્રમકુલાચારમ્ (૧૧/૧૦/૧). દ્વિપરાર્ધપરાયુષઃ (૧૧/૧૦/૩૦). ગુણેષુ તત્ત્વધ્યાનેન (૧૧/૧૦/૨). તેનાપિ નિર્જિતં સ્થાનં। યદિ ધર્મઃ સ્વનુષ્ઠિતઃ (૧૧/૧૦/૨૨). ઈતિ માં બહુધા પ્રાહુઃ (૧૧/૧૦/૩૪). ઉદાસિનઃ સમં પશ્યન્ (૧૧/૧૦/૭). દાહકોન્યઃ પ્રકાશકઃ (૧૧/૧૦/૮) ॥ ૯૧ ॥

## તલ્લીલા -પ્રેમ - પુરિતઃ

તત્તન્નિવેદયેદ્ મહ્યં (૧૧/૧૧/૪૧). લીલાવતારેપ્સિતજન્મ (૧૧/૧૧/૨૦). પ્રણતાયાનુરક્તાય (૧૧/૧૧/૨૭). ઈષ્ટાપૂર્તેન મામેવં (૧૧/૧૧/૪૭). પરિચર્યા સ્તુતિઃ (૧૧/૧૧/૩૪). વ્યાખ્યા ગુણતો મે ન વસ્તુતઃ (૧૧/૧૧/૧) ॥ ૯૨ ॥

## યજ્ઞભોક્તા.

યજ્ઞપત્ન્યસ્તથાપરે (૧૧/૧૨/૬). કેવલેન હિ ભાવેન (૧૧/૧૨/૮). ઉદ્ધવોત્સૃજ્ય (૧૧/૧૨/૧૪). અવ્યક્ત એકો વયસા સ આદ્યઃ (૧૧/૧૨/૨૦). અવ્રતાતપ્તતપસઃ(૧૧/૧૨/૭) ॥ ૯૩ ॥

## યજ્ઞકર્તા.

જાનીત માગતં યજ્ઞમ્ (૧૧/૧૩/૩૮). કાલઃ કર્મ ચ જન્મ (૧૧/૧૩/૪). તાસાં વિલક્ષણો જીવઃ (૧૧/૧૩/૨૭) ။ ૯૪ ။

## ચતુર્વર્ગવિશારદઃ.

દીર્ઘચારુચતુર્ભુજમ્ (૧૧/૧૪/૩૮). વદન્તિ કૃષ્ણઃ શ્રેયાંસિ (૧૧/૧૪/૧). પ્રાણસ્ય શોધયેન્માર્ગમ્ (૧૧/૧૪/૩૩). તેષાં વિકલ્પપ્રાધાન્યમ્ (૧૧/૧૪/૧). શાન્તા મહાન્તોઽખિલજીવવત્સલાઃ (૧૧/૧૪/૧૭). રક્ષઃ કિમ્પુરુષાદયઃ (૧૧/૧૪/૬) ။ ૯૫ ။

## સત્યપ્રતિજ્ઞઃ.

મયિ સત્યે મનો યુજ્જંસ્તથા (૧૧/૧૫/૨૬). આજ્ઞાપ્રતિહતાગતિઃ (૧૧/૧૫/૭). ત્રિકાલજ્ઞત્વમદ્વંન્દ્વં (૧૧/૧૫/૮). જિતાશ્વાસસ્ય યોગિનઃ (૧૧/૧૫/૧) ။ ૯૬ ။

## ત્રિગુણાતીતઃ.

સુપર્ણોઽહં પતત્રિણામ્ (૧૧/૧૬/૧૫). ગુણાનાં ચાપ્યહં સામ્યમ્ (૧૧/૧૬/૧૦). તીર્થાનાં સ્રોતસાં ગઙ્ગા (૧૧/૧૬/૨૦). ધીરાણાં દેવલોઽસિતઃ (૧૧/૧૬/૨૮) ။ ૯૭ ။

## નયવિશારદઃ.

જન્મોપનયનં દ્વિજઃ (૧૧/૧૭/૨૨). ન પ્રાયો ભવિતા મર્ત્યલોકે પ્રાગનુશાસિતઃ (૧૧/૧૭/૪). સ્વાધર્મેણારવિન્દાક્ષ (૧૧/૧૭/૨). વેદઃ પ્રણવએવ અગ્રે (૧૧/૧૭/૧૧) ။ ૯૮။

## સ્વકીર્તિવર્ધનઃ

સ્વયં સંચિનુયાત્ સર્વ (૧૧/૧૮/૬). ઇહામુત્ર ચિકીર્ષિતાત્ (૧૧/૧૮/૨૬). મૈધ્યૈર્વૃત્તિં પ્રકલ્પયેત્ (૧૧/૧૮/૨). વર્ષાસ્વાસારષાડ્

જલે (૧૧/૧૮/૪). ભક્ત્યોદ્ધવાનપાયિન્યા (૧૧/૧૮/૪૫). આત્મવાન્ સમદર્શનઃ (૧૧/૧૮/૨૦). ॥ ૯૯ ॥

## તત્ત્વસૂત્ર -ભાષ્યપ્રદર્શકઃ.

યો વિદ્યાશ્રુતસમ્પન્ન (૧૧/૧૯/૧). વચોભિઃ આસિંચ મહાનુભાવ (૧૧/૧૯/૧૦). કોઽન્યોર્થોઽસ્યાવશિષ્યતે (૧૧/૧૯/૨૪). અજાતશત્રુઃ પ્રપચ્છ(૧૧/૧૯/૧૧). જ્ઞાનં ચૈકાત્મ્યદર્શનમ્ (૧૧/૧૯/૨૭). કઃ શમઃ કો દમઃ કૃષ્ણ (૧૧/૧૯/૨૮) ॥ ૧૦૦ ॥

## માયાવાદાખ્ય -તૂલાગ્નિઃ

પુમાન્ ભવાબ્ધિં ન તરેત્ (૧૧/૨૦/૧૭). ન યાતિ સ્વર્ગનરકૌ (૧૧/૨૦/૧૦). નિગમેન અપવાદશ્ચ (૧૧/૨૦/૫). સાંખ્યેન સર્વભાવાનાં (૧૧/૨૦/૨૨). જાતશ્રદ્ધસ્તુ યઃ પુમાન્ (૧૧/૨૦/૮). અનાશીઃકામ ઉદ્ધવ (૧૧/૨૦/૧૦). દ્રવ્યદેશવયઃકાલાન્ (૧૧/૨૦/૨). ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં (૧૧/૨૦/૩૧). નિઃશ્રેયસંકથંનૃણાં(૧૧/૨૦/૩)॥૧૦૧॥

## બ્રહ્મવાદનિરુપકઃ.

શબ્દબ્રહ્મ સુદુર્બોધં (૧૧/૨૧/૩૬). પરોક્ષવાદા ઋષયઃ (૧૧/૨૧/૩૫). ભૂમ્યમ્બ્વગ્ન્યનિલાકાશાઃ (૧૧/૨૧/૫). વેદેન નામરુપાણિ (૧૧/૨૧/૬). સ દોષોઽકર્મકઃ સ્મૃતઃ (૧૧/૨૧/૯) ॥૧૦૨॥

## અપ્રાકૃતાખિલાકલ્પ - ભૂષિતઃ.

અપરે પંચવિંશતિમ્ (૧૧/૨૨/૨). કેચિત્ સપ્તદશ પ્રાહુઃ (૧૧/૨૨/૩). પ્રકૃતેર્નાત્મનો ગુણાઃ (૧૧/૨૨/૧૨). કતિ તત્ત્વાનિ વિશ્વેશ (૧૧/૨૨/૧). સ્વયા અનુભૂત્યા અખિલસિદ્ધસિદ્ધઃ (૧૧/૨૨/૩૧). આત્મા યદ્ એષામ્ અપરો યઃ આદ્યઃ (૧૧/૨૨/૩૧). વિકલ્પઃ પુરુષર્ષભ (૧૧/૨૨/૨૯). સર્વભાવેન ભૂરિદ (૧૧/૨૨/૩૯).

સંખ્યાતાનિ ઋષિભિઃ પ્રભો (૧૧/૨૨/૧). પ્રધાનમૂલાદ્ મહતઃ પ્રસૂતઃ (૧૧/૨૨/૩૨) ॥ ૧૦૩ ॥

## સહજસ્મિતઃ.

સહસોત્સૃજ્ય સૌહૃદમ્ (૧૧/૨૩/૨૧). લબ્ધ્વા જન્મામરપ્રાર્થ્યં (૧૧/૨૩/૨૨). સ્મરતા ધૃતિયુક્તેન (૧૧/૨૩/૫). ઈતિહાસમ્ ઇહ ઉદ્ધવ (૧૧/૨૩/૪). સ એવમાશંસિત (૧૧/૨૩/૧) ॥ ૧૦૪ ॥

## ત્રિલોકીભૂષણં.

ત્રિલોક્યાં ગતયઃ સર્વાઃ (૧૧/૨૪/૧૩). ભૂમેરોકોઽસૃજત્ પ્રભુઃ (૧૧/૨૪/૧૩). એષ સાંખ્યવિધિઃ પ્રોક્તઃ (૧૧/૨૪/૨૯). કારણં ચિદચિન્મયઃ (૧૧/૨૪/૭) ॥ ૧૦૫ ॥

## ભૂમિભાગ્યં.

ચિત્તજાયૈસ્તુ ભૂતાનાં (૧૧/૨૫/૧૨). ગુણાનામસમિશ્રાણાં (૧૧/૨૫/૧). મદ્‌ભાવાય પ્રપદ્યતે (૧૧/૨૫/૩૨). તુષ્ટિસ્ત્યાગોઽસ્પૃહા શ્રદ્ધા (૧૧/૨૫/૨). તપઃ સત્યં દયા સ્મૃતિઃ (૧૧/૨૫/૨) ॥૧૦૬॥

## સહજ – સુન્દરઃ.

આત્મસ્થં સમુપૈતિ મામ્ (૧૧/૨૬/૧). અગાયત બૃહચ્છ્રવાઃ (૧૧/૨૬/૪). તેજઃ ઈશત્વમેવ વા (૧૧/૨૬/૧૧). ભગવન્તં વિભાવસુમ્ (૧૧/૨૬/૩૧). ન વેદ યાન્તીર્નાયા... (૧૧/૨૬/૬). મે મોહવિસ્તારઃ (૧૧/૨૬/૭) ॥ ૧૦૭ ॥

## અશેષભક્ત –સમ્પ્રાર્થ્ય –ચરણાબ્જ – રજોધનઃ.

અભ્યઙ્‌ગોન્મર્દનાદર્શ (૧૧/૨૭/૩૫). ઇતિ શેષાં મયા દત્તાં (૧૧/૨૭/૪૭). ભક્તસ્ય ચ યથા લબ્ધૈઃ (૧૧/૨૭/૧૫). સંક્ષિપ્તં

વર્ણયિષ્યામિ (૧૧/૨૭/૬). દ્વિજત્વં પ્રાપ્ય પુરુષઃ (૧૧/૨૭/૮). પાદ્યાર્ધ્યાચમનીયાર્થ (૧૧/૨૭/૨૨). વ્યાપ્તે સમ્પૂજ્ય તન્મયઃ (૧૧/૨૭/૨૪). ક્રિયાયોગં સમાચક્ષ્વ (૧૧/૨૭/૧). ભક્તાય ચાનુરક્તાય (૧૧/૨૭/૫). એતદ્ધિ સર્વવર્ણાનાં (૧૧/૨૭/૪). યદાહ ભગવાનજઃ (૧૧/૨૭/૩). બ્રુહિ વિશ્વેશ્વરેશ્વરઃ (૧૧/૨૭/૫). ભગવદારાધનં પ્રભો (૧૧/૨૭/૧). સર્વાત્માહમવસ્થિતઃ (૧૧/૨૭/૪૮) ॥ ૧૦૮ ॥

**ઇતિ સર્વોત્તમોદ્ધારઃ શ્રીમદ્ ભાગવતાત્કૃતઃ ॥**
**શ્રીમદ્ગોસ્વામિચરણૈઃ સએવાનૂદિતો મયા ॥૧॥**

*ઇતિ શ્રીમદ્ગોસ્વામિ મથુરાનાથતનુજદ્વારિકેશ્વરોદિતઃ*
*શ્રીમદ્ભાગવતદશમૈકાદશસ્કન્ધમધ્યાત્ સર્વોત્તમસ્તોત્રનામોદ્ધાર :*
*સમાપ્ત :*

# શ્રીસર્વોત્તમસ્તોત્રીયાષ્ટોત્તરશતનામસુ પ્રમાણાદિચતુષ્ટયમ્

## (૧) પ્રમાણનિરૂપકનામાનિ

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ, સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ,

વેદપારગઃ, માયાવાદનિરાકર્તા, સર્વવાદિનિરાસકૃત્, ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ, શ્રીકૃષ્ણજ્ઞાનદઃ, ગુરૂઃ, શ્રીભાગવતપીયૂષસમુદ્ર-મથનક્ષમઃ, કૃપયૈતત્કથાપ્રદઃ, વાક્પતિઃ, વિબુધેશ્વરઃ, કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા, સ્મયાપહઃ, ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ, ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્, શ્રીકૃષ્ણહાર્દવિત્, સત્યપ્રતિજ્ઞઃ, ચતુર્વર્ગવિશારદઃ, નયવિશારદઃ, સ્વકીર્તિવર્ધનઃ, તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ, માયાવાદાખ્ય-તૂલાગ્નિઃ, બ્રહ્મવાદનિરૂપકઃ - ઇત્યેતાનિ ૨૪ નામાનિ.

## (૨) પ્રમેયનિરૂપકનામાનિ

શ્રીકૃષ્ણાસ્યં, પ્રાકૃતાનુકૃતિવ્યાજ - મોહિતાસુરમાનુષઃ, વૈશ્વાનરો, વલ્લભાખ્યઃ, સદ્રૂપો, સર્વલક્ષણસમ્પન્નઃ, પદ્મદલાયતવિલોચનઃ, તત્સારભૂતરાસસ્ત્રી- ભાવપૂરિતવિગ્રહઃ, રાસલીલૈકતાત્પર્યઃ, સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ, પતિવ્રતાપતિઃ, નિગૂઢહૃદયઃ, અનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ, રહઃપ્રિય, સર્વાજ્ઞાતલીલો, અતિમોહનઃ, સર્વાસક્તો, ભક્તમાત્રાસક્તઃ, સ્વયશોગાનસંહૃષ્ટ- હૃદયામ્ભોજવિષ્ટરઃ, પરઃ, ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ, ત્રિગુણાતીતો, અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ, સહજસ્મિતઃ, ત્રિલોકીભૂષણં, સહજસુન્દરઃ - ઇત્યેતાનિ ૨૬ નામાનિ.

## (૩) સાધનનિરૂપકનામાનિ

કૃપાનિધિઃ, દૈવોદ્ધારપ્રયત્નાત્મા, સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ, અંગીકૃતૌ સમર્યાદઃ, મહાકારુણિકો, વિભુઃ, અદેયદાનદક્ષઃ, હિતકૃત્ સતામ્, જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્, ભક્તસેવિતઃ, દુરારાધ્યો, દુર્લભાંઘ્રિસરોરૂહઃ, ઉગ્રપ્રતાપો, વાક્સીધુપૂરિતાશેષસેવકઃ, સાન્નિધ્યમાત્રદત્ત-શ્રીકૃષ્ણપ્રેમા, વિરહાનુભવૈકાર્થ-સર્વત્યાગોપદેશકઃ, ભક્ત્યાચારોપદેષ્ટા, કર્મમાર્ગપ્રવર્તકઃ, યાગાદૌ ભક્તિમાર્ગૈક-સાધનત્વોપદેશકઃ, ભક્તપરાયણઃ, ભક્ત્યાચારોપદેશાર્થ-નાનાવાક્યનિરૂપકઃ, સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ, સર્વશક્તિધૃક્, ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વય-કૃત્, પિતા, પૃથક્શરણમાર્ગોપદેષ્ટા, પતિતપાવનઃ, યશઃ પીયૂષલહરી -

પ્લાવિતાન્યરસઃ, યજ્ઞકર્તા - ઇત્યેતાનિ ૨૯ નામાનિ.

## (૪) ફલનિરુપકનામાનિ

આનન્દઃ, પરમાનન્દઃ, સ્મૃતિમાત્રાર્તિનાશનઃ, અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભી-કૃતમાનવઃ, મહોદારચરિત્રવાન્, નિખિલેષ્ટદઃ, સ્વાનન્દતુન્દિલઃ, કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટ-દાસદાસીપ્રિયઃ, પતિઃ, રોષદૃક્પાતસમ્પ્લુષ્ટ-ભક્તદ્વિટ્, સુખસેવ્યો, વિમુક્તિદઃ, પૂર્ણાનન્દઃ, પૂર્ણકામઃ, સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયઃ, તાદૃશવેષ્ટિતઃ, પારલૌકિકૈ - હિકદાનકૃત્, પ્રતિક્ષણનિકુંજસ્થ- લીલારસસુપૂરિતઃ, તત્કથાક્ષિપ્તચિત્તઃ, તદ્ વિસ્મૃતાન્યો, વ્રજપ્રિયઃ, પ્રિયવ્રજસ્થિતિઃ, પુષ્ટિલીલાકર્તા, ભક્તેચ્છાપૂરકઃ, લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્, તલ્લીલાપ્રેમપૂરિતઃ, યજ્ઞભોક્તા, ભૂમિભાગ્યં, અશેષભક્તસમ્પ્રાર્થ્ય - ચરણાબ્જરજોધનઃ - ઇત્યેતાનિ ૨૯ નામાનિ.

# શ્રીસર્વોત્તમસ્તોત્રીયાષ્ટોત્તરશતનામસુ ઐશ્વર્યાદિસપ્તકમ્

### (૧) ઐશ્વર્યનિરૂપકનામાનિ

કૃપાનિધિઃ, સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ, મહાકારુણિકો, વિભુઃ, અદેયદાનદક્ષઃ, મહોદારચરિત્રવાન્, નિખિલેષ્ટદઃ, વિમુક્તિદઃ, કૃપયૈતત્કથાપ્રદઃ, વિબુધેશ્વરઃ, સર્વશક્તિધૃક્, પારલૌકિકૈહિકદાનકૃત્, ભક્તેચ્છાપૂરકઃ, પતિતપાવનઃ, યજ્ઞભોક્તા - ઇત્યેતાનિ ૧૫ નામાનિ.

### (૨) વીર્યનિરૂપકનામાનિ

દૈવોદ્ધારપ્રયત્નાત્મા, સ્મૃતિમાત્રાર્તિનાશનઃ, અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ, રોષદૃક્પાત્સમ્પ્લુષ્ટ - ભક્તદ્વિટ્, ઉગ્રપ્રતાપો, સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ, યજ્ઞકર્તા, ત્રિગુણાતીતો, માયાવાદાખ્ય - તૂલાગ્નિઃ - ઇત્યેતાનિ ૯ નામાનિ.

### (૩) યશોનિરૂપકનામાનિ

હિતકૃત્ સતામ્, જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્, કૃપાદ્રગ્વૃષ્ટિસંહૃષ્ટ - દાસદાસીપ્રિયઃ, પતિઃ, ભક્તસેવિતઃ, સુખસેવ્યો, વાક્સીધુપૂરિતાશેષસેવકઃ, કર્મમાર્ગપ્રવર્તકઃ, વાક્પતિઃ, ભક્તપરાયણઃ, ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વાય-કૃત્, પિતા, ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્, ભક્તમાત્રાસક્તઃ, સ્વયશોગાનસંહૃષ્ટ - હૃદયામ્ભોજવિષ્ટરઃ, યશઃ પીયૂષલહરીપ્લાવિતાન્યરસઃ, સત્યપ્રતિજ્ઞઃ, સ્વકીર્તિવર્ધનઃ, તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ, અશેષભક્તસમ્પ્રાર્થ્ય - ચરણાબ્જરજોધનઃ - ઇત્યેતાનિ ૨૦ નામાનિ.

## (૪) શ્રીનિરૂપકનામાનિ

સર્વલક્ષણસમ્પન્નઃ, પદ્મદલાયતવિલોચનઃ, તત્કથાક્ષિપ્તચિત્તઃ, પ્રિયવ્રજસ્થિતિઃ, ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ, અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ, સહજસ્મિતઃ, ત્રિલોકીભૂષણં, ભૂમિભાગ્યં, સહજસુન્દરઃ - ઇત્યેતાનિ ૧૦ નામાનિ.

## (૫) જ્ઞાનનિરૂપકનામાનિ

શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ, સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો, વેદપારગઃ, માયાવાદનિરાકર્તા, સર્વવાદિનિરાસકૃત્, ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ, અંગીકૃતૌસમર્યાદો, શ્રીકૃષ્ણજ્ઞાનદો, ગુરુઃ, શ્રીભાગવતપીયૂષ-યસમુદ્રમથનક્ષમઃ, રાસલીલૈકતાત્પર્યઃ, ભક્ત્યાચારોપદેષ્ટા, યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ, કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા, ભક્ત્યાચારોપદેશાર્થ - નાનાવાક્યનિરૂપકઃ, સ્મયાપહઃ, અનન્યભક્તેષુ જ્ઞાતિપાશયઃ, ઉપાસનાદિમાર્ગાતિ મુગ્ધમોહનિવારકઃ, પૃથક્શરણમાર્ગોપદેષ્ટા, શ્રીકૃષ્ણહાર્દવિત્, ચતુર્વર્ગવિશારદઃ, નયવિશારદઃ, બ્રહ્મવાદનિરૂપકઃ - ઇત્યેતાનિ ૨૩ નામાનિ.

## (૬) વૈરાગ્યનિરુપકનામાનિ

પ્રાકૃતાનુકૃતિવ્યાજ - મોહિતાસુરમાનુષઃ, સ્વાનન્દતુન્દિલઃ, દુરારાધ્યો, દુર્લભાંઘ્રિસરોરુહઃ, વિરહાનુભવૈકાર્થ-સર્વત્યાગોપદેશકઃ, સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયઃ, તાદ્રશવેષ્ટિતઃ, તદ્વિસ્મૃતાન્યો, રહઃ પ્રિયઃ,

સર્વાજ્ઞાતલીલો, અતિમોહનઃ, સર્વાસક્તો, નિગૂઢહૃદયઃ - ઇત્યેતાનિ ૧૩ નામાનિ.

### (૭) ધર્મિ નિરૂપકનામાનિ

આનન્દઃ, પરમાનન્દઃ, શ્રીકૃષ્ણાસ્યં, વૈશ્વાનરો, વલ્લભાખ્યઃ, સદ્રૂપો, તત્સારભૂત - રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ, સાન્નિધ્યમાત્રદત્ત - શ્રીકૃષ્ણપ્રેમા, પૂર્ણાનન્દઃ, પૂર્ણકામઃ, સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ, પતિવ્રતાપતિઃ, પ્રતિક્ષણનિકુંજસ્થ- લીલારસસુપૂરિતઃ, વ્રજપ્રિયઃ, પુષ્ટિલીલાકર્તા, પરઃ, લીલામૃતરસાર્દ્રાર્દ્રી-કૃતાખિલશરીરભૃત્, તલ્લીલાપ્રેમપૂરિતઃ - ઇત્યેતાનિ ૧૮ નામાનિ.

*ઇતિ શાહોપાહવેન ચિરંજીવિના*
*શ્રીમદસિતેન વિરચિતં સર્વોત્તમાષ્ટોત્તરશતનામસુ*
*પ્રમાણાદિચતુષ્ટયૈશ્વર્યાદિધર્મ ધર્મિ સપ્તકવિવેચનમ્ સમ્પૂર્ણમ્*

## ।। શ્રીસર્વોત્તમ-દોહા ।।

**(શ્રીદ્વારકેશ (ધન્નૂ) જી-કૃત)**

**શ્રીવલ્લભ શ્રીપંચદ્યુત, સ્વબલ વિશદ યહ ગ્રન્થ।।**
**અન્ય ગ્રન્થપ્રતિ નામ બલ, સર્વોત્તમ યહ પન્થ।।૧।।**

**પ્રાકૃતધર્મ નિવૃત્ત કરિ, અપ્રાકૃતવપુ ધર્મ ।।**
**નિગમ-કથિત અતિ શુદ્ધ યે, શ્રુતિ સાકૃતિ નિજ મર્મ ।।૨।।**

**તમચ્છન્ન દૃગ વિદુષકે, યહ કલિકાલ પ્રકાસ ।।**
**ભાગવત રસ ગોચર નહીં, ભુવિમેં હોઇ વિકાસ ।।૩।।**

**પરમ દયા નિજ ભક્તપર, નિજરસ પ્રગટન કાજ ।।**
**હરિબાની નિજવદન પ્રતિ, નિજજન કરી સમાજ ।।૪।।**

**સ્વાસ્ય-ઉક્તિ દુર્બોધ હૈ, જૈસે હોઇ સુબોધ ।।**
**અષ્ટોત્તરશત નામમેં, પ્રતિબન્ધક અઘ શોધ ।।૫।।**

પુષ્ટિભક્તિ ઋષિ અગ્નિસુત, જગતી નામકૌ છન્દ ॥
શ્રીકૃષ્ણાસ્ય સુ દેવતા, કરુના બીજ અમન્દ ॥૬॥
ભક્તિવિષૈ પ્રતિબન્ધ સબ, નાશ કરન વિનિયોગ ॥
કૃષ્ણાધરામૃત ત્રિવિધ, નિશ્ચય સિદ્ધિ વિભોગ ॥૭॥
પ્રથમ નામ આનન્દ હૈ પૂર્વદલ સંયોગ ॥
ઇક દલ વિશકલિતાનુભવ, ધર્મ દ્વિદલ પ્રયોગ ॥૮॥
પરમાનન્દ વિયોગ હૈ, વિપ્રયોગ ઉદ્બુદ્ધ ॥
સંવલિત અનુભવ દ્વિદલમેં, રસ શૃંગાર પ્રબુદ્ધ ॥૯॥
દ્વિદલ શ્રીકૃષ્ણાસ્ય હૈ, જો શ્રીકૃષ્ણ અનૂપ ॥
આદિ મધ્ય અવસાન રસ, વિહરત એક સ્વરૂપ ॥૧૦॥
સદા કૃપાનિધિ દૈવીપર, પ્રતિક્ષણ ઉઠત તરંગ ॥
નિકટ દેશકૌં ભગ્ન કરિ, દુરિત અસુર બહિરંગ ॥૧૧॥
દૈવીન્કે ઉદ્ધાર પ્રતિ, અન્તઃકરન પ્રયત્ન ॥
જાગરૂક ઇચ્છા પ્રબલ, જ્યોં સમુદ્રતેં રત્ન ॥૧૨॥
સ્વસ્મૃતિમાત્ર પ્રકાશ કરિ, આરતિ પ્રગટ સમાઇ ॥
જૈસે વનમેં વેણુકૃત, નાદ દ્વારા આઇ ॥૧૩॥
ગૂઢ અર્થ શ્રીભાગવત, શાસ્ત્ર આદિતેં સપ્ત ॥
કરત બોધ રસ સોધ કરિ, આરતિ કરિ જે તપ્ત ॥૧૪॥
સ્થાપક યે સાકાર કે, બ્રહ્મવાદ હૈ એક ॥
અસદ્વાદ સબ શૂન્ય હૈ, જ્યોં પાવસકે ભેક ॥૧૫॥
જો પારંગત વેદકે, સો જાનત યહ ભેદ ॥
ખંડજ્ઞાન પ્રમાન નહિં, કર્યો સંશય ઉચ્છેદ ॥૧૬॥
ગઇ અવિદ્યા જીવકી, બ્રહ્મ ભયો અવિવાદ ॥
વિદ્યાપર્વ તબ ઉર રહ્યો, દ્વેષિત માયાવાદ ॥૧૭॥
સર્વ કુવાદ નિરાસ કરિ, ચૌપ્રમાણતેં અસ્ત ॥

વેદ સૂત્ર ગીતા મિલિત, શ્રીભાગવત પ્રશસ્ત ॥૧૮॥
ભક્તિમાર્ગ ભુવિ કમલ હૈ, માર્તંડ યહ એક ॥
અબ્જ-પ્રકાશક ભાનુ હૈ, કરત કુમુદ વ્યતિરેક ॥૧૯॥
સ્ત્રી-શૂદ્રાદિ સમર્થ નહિં, તિનહૂંકૌ ઉદ્ધાર ॥
બ્રહ્મ ક્ષત્રિય, ભક્તિ કરિ, ક્યોં ન હોઇ નિસ્તાર ॥૨૦॥
અંગીકૃત સામર્થ્યતૈં, પ્રિય લાગત ગોપીશ ॥
જ્યોં શ્રીયમુના સંગતૈં, ગંગા પ્રતિ વ્રજ-ઈશ ॥૨૧॥
અંગીકૃત દૈવી નિયત, આસુરી પ્રતિ મર્યાદ ॥
દેહભાવ બાધક નહીં, આસુર જીવ વિષાદ ॥૨૨॥
જો માગૈ સો દેહ તબ, લક્ષણ કરુનાયુકત ॥
બહુત દેત માંગે બિના, મહાદયા-સંયુકત ॥૨૩॥
વિભુ વ્યાપક નિજ ભક્ત ઉર, જૈસૌ સ્વહૃદય ભાવ ॥
સો નિજભાવ પ્રકાશ કરિ, પરમ-કૃપાલ સ્વભાવ ॥૨૪॥
દેત અદેય વિદગ્ધતૈં, સુધા સુ સર્વાભોગ ॥
વેણુનાદ બિન શબ્દ ગુણ, વેણુગીત ઉપયોગ ॥૨૫॥
ભગવદ્ભોગ્ય-સુધા અપર, મહા ઉદાર ચરિત્ર ॥
દેવભોગ્યકૌ દાન તૌ, હૈ કૈમુત્ય ન ચિત્ર ॥૨૬॥
પ્રાકૃત અનુકૃત વ્યાજ કરિ, આસુર માનવ મોહ ॥
શ્રીમદ્ દ્વિજ અવતારમેં, ઉદ્ધૃત દૈવી જોઇ ॥૨૭॥
વૈશ્વાનર ચિત ધર્મમુખ, વિવિધ અલૌકિક વહ્નિ ॥
દાવાનલ પાન કરિ ઉષ્ણ હિમ, તાપ નિવારક અગ્નિ ॥૨૮॥
વલ્લભ ત્રિતયાનન્દ હૈ, શ્રીવલ્લભ ઉપનામ ॥
સ્વરતિ કૃષ્ણ શ્રીકૃષ્ણ તબ, નિજ પ્રતિ સુન્દર શ્યામ ॥૨૯॥
શુદ્ધસત્ત્વ સદ્રૂપ હૈ, ચિદાનંદ સદ્ધર્મ ॥
સત્ ચિત્ત્ આનન્દ કૃષ્ણ પતિ, વ્યુત્ક્રમ સંપુટ મર્મ ॥૩૦॥

સત્ સોં સત્વ વિશુદ્ધ હૈ, હરિ પ્રાકટ્યસ્થાન ||
નિશ્ચય હિતકૃત સિદ્ધ હૈં, એસે કૃપાનિધાન ||૩૧||
કૃષ્ણ-પ્રેમ-સેવા કરત, સેવક શિક્ષિત હોત ||
જ્યોં અંગુલિ અક્ષર લિખૈ, બાલકકૌ ઉદ્યોત ||૩૨||
મૂરતિ વૃદ્ધિ નિવૃત્ત કરિ, નિખિલ દેત જો ઈષ્ટ ||
પ્રતિબન્ધક માયા ટરૈ, સો પ્રસાદ ઉચ્છિષ્ટ ||૩૩||
સર્વલક્ષણ વિદ્યા કલા, પૂરણ ગુણ સમ્પન્ન ||
જાકૌ જેસૌ ઉચિત ફલ, તૈસો દેત પ્રસન્ન ||૩૪||
જ્ઞાન દેત શ્રીકૃષ્ણકૌ, ભક્તિસહિત જો ભાવ ||
ત્રિવિધ અલૌકિક ગુણ કહૈ, તમ રજ સત્ત્વ સુભાવ ||૩૫||
ગુરૂ જબ દક્ષિણ કર્ણમેં, મન્ત્ર કરત ઉપદેશ ||
બહિરન્તર પૂરન ભયો, સિદ્ધ ભગવદાદેશ ||૩૬||
દાન દેત તઉ પૂર્ણ હૈ, તુન્દિલકર સ્વાનન્દ ||
જ્યોં જલ રશ્મિગ્રહણતૈં, સાગર વિસદ અમન્દ ||૩૭||
પદ્મ પ્રફુલ્લિત દલસદ્દશ, આયત લોચનકોર ||
અન્તઃસ્થિત જો ગુપ્ત રસ, પ્રગટ કરત રસ જોર ||૩૮||
કૃપાદ્દષ્ટિકી વૃષ્ટિ કરિ, હર્ષિત દાસી દાસ ||
તિનકોં પ્રિય લાગત સકલ, દ્રૃઢ ઉપજત વિશ્વાસ ||૩૯||
પતિલક્ષણ રક્ષણ નિયત, કાલાદિક-ભય જાત ||
આપ સબનતૈં ભય રહિત, પતિનિશ્ચય વિખ્યાત ||૪૦||
રોષદ્રૃષ્ટિકે પાત કરિ, ભક્તદ્વૈષી દાહ ||
ભગવદીય-કામાદિ સબ, સ્થાપન કરત સરાહ ||૪૧||
પુષ્ટિ પુષ્ટિસેવા કરત, શુદ્ધભક્તિ જબ પુષ્ટિ ||
સેવા સાધન માનસી, ફલરુપા સન્તુષ્ટિ ||૪૨||
સુખસેવન તનુવિત્તજા, પૂર્વદલ સંયોગ ||

એકાદશ સંલાપ સબ, ઈન્દ્રિય હરિકૃત ભોગ ॥૪૩॥
દુઃખ અધિક આરાધ્ય હૈ, ફલ માનસી ઉપયોગ ॥
ચક્ષૂરૂચિ પંચત્વ લૌં, યે દસ દસા વિયોગ ॥૪૪॥
દુર્લભ જિનકોં લાભ હૈ, એસે અન્ઘ્રિસરોજ ॥
અન્ય તજૌ યેહી ભજૌ, છબિ લખિ વ્યક્તિ મનોજ ॥૪૫॥
ઉગ્ર પ્રકૃષ્ટ પ્રતાપ હૈ, સબકોં લલ્ય અશકય ॥
ભક્તિવૃદ્ધિ જાકોં ભઇ, શીતલ સેવન શકય ॥૪૬॥
વાગ્-અમૃત પૂરિત કરત, સેવક રસિક અશેષ ॥
અસમર્પિત તજિ વિષય મતિ, અન્યાશ્રયણ વિશેષ ॥૪૭॥
શ્રીભાગવત-સુધા-જલધિ-મથન-વિચાર-સમર્થ ॥
શ્રુતિરુપા વર્ણન કરત, તાકૌ વિવરણ અર્થ ॥૪૮॥
સુધાસિન્ધુ શ્રીભાગવત, અમૃત સારકૌ સાર ॥
રાસ-વ્રજસ્ત્રી-ભાવ સબ, પૂરિત વપુ નિર્ધાર ॥૪૯॥
જો જન સાનિધ્ય લહૈ, દેત પ્રેમ શ્રીકૃષ્ણ ॥
તબ નિરોધ ફલ વ્યસન લૌં, પૂરન સબ હી તૃષ્ણ ॥૫૦॥
તબ વિશેષ ગતિ દેત હૈ, ચહુંદિસિ ચિત એકત્ર ॥
યહ વિમુકતકૌ રૂપ હૈ, કૃષ્ણભાવ સર્વત્ર ॥૫૧॥
પ્રથમ પ્રમાણ પ્રમેય અરુ, સાધન ફલ રસરાસ ॥
શુક બરનત લીલા સકલ, રાસ-પ્રકાસ-વિકાસ ॥૫૨॥
કૃપાદૃષ્ટિ જાકોં મિલત, કૃપાપાત્ર વહ દાસ ॥
પ્રકરણ ફલકી નિજ કથા, તા પ્રતિ કહત પ્રકાસ ॥૫૩॥
વિરહ એક અનુભવ કરન, ત્યાગ કરત ઉપદેશ ॥
અન્તર્હિત તબ ચન્દ્ર લખિ, ગોપીગીત સુદેશ ॥૫૪॥
ભજનભેદ ત્રિય પ્રશ્ન કહિ, ન ભજે ભજિએ ધ્યેય ॥
ભજન પરસ્પર ગૌણ હૈ, દોઈ મુખ્ય હૈ હેય ॥૫૫॥

આરાધન સો કર્મપથ, યહ ઉત્તમ સત્કર્મ ॥
કેશગ્રથન પુષ્પાવચય, રમણ-વરણકૌ મર્મ ॥૫૬॥
યાગાદિક નિષ્કામ વિધિ, કરત સકલ ભક્તિ અંગ ॥
યહ ઉપદેશ અશેષ જન, શ્રુતિ સ્મૃતિ ભક્તિ પ્રસંગ ॥૫૭॥
યાગ કરત નિષ્કામ તેં, હોત મોક્ષ અતિ સ્વચ્છ ॥
આપુન પૂર્ણાનન્દ હૈં, નહિ ઇચ્છા યહ તુચ્છ ॥૫૮॥
યાગ સકામ બિમાન ફલ, અમૃત ભોગ યહ સ્વર્ગ ॥
કામ પૂર્ણ જિનકોં સબૈ, કહા સ્વર્ગ અપવર્ગ ॥૫૯॥
નિગમ વાક્પતિ આપ હૈં, ઉભય સ્વર્ગફલ હાથ॥
જાકો જૈસી કામના, પૂરત અવિકૃત નાથ॥૬૦॥
જિનકોં બોધ વિશેષ હૈ, તિનહીંકે યે ઈસ ॥
કરન અકરન અન્યથાકરન, નિયત જગદીસ ॥૬૧॥
વકતા નામ-સહસ્રકે, કૃષ્ણનામ સબ મૂલ ॥
શ્રીભાગવત પ્રકાસ  કરિ, સ્મરણ સકલ અનુકૂલ ॥૬૨॥
સ્મરણ સિદ્ધ જિનકોં ભયો, શુદ્ધ સત્ય ઉપયુક્ત ॥
સ્વસ્થિતિ નિયત નિવાસ ઉર, શેષ ભાવ સંયુક્ત ॥૬૩॥
શુદ્ધભક્તિ-વિસ્તારકોં, નાના-વાકય-નિરુક્તિ ॥
વાણીમાત્ર પ્રમાણ હૈ, મિલત ભક્તિકી યુક્તિ ॥૬૪॥
સ્વાર્થ ઉજ્ઝિત પ્રાણસુખ, મન ક્રમ વચન પ્રિય ॥
સુદ્રૃઢ અલૌકિક ભાવ કરિ, સેવત સદા સ્વકીય ॥૬૫॥
કર્મ ગૌણ સેવા અધિક, ચિત્ત શુદ્ધિ કિહિં હેત ॥
આપ કર્મ કરિ દાસકોં, ચિત્તશુદ્ધિફલ દેત ॥૬૬॥
સ્વકૃત કર્મફલ સ્વીયહિત, સર્વશક્તિ પ્રતિપાલ ॥
રાજરૂદ્ધ મગધેશ ત્યોં, તિન પ્રતિ કૃષ્ણ કૃપાલ ॥૬૭॥
આજ્ઞા લૌં જગ દરસ દૈ, જીવ કરત ઉદ્ધાર ॥

આગે ભક્તિ પ્રસારકોં, બંસ કિયો વિસ્તાર ॥૬૮॥
વિદ્યાદિક-કૃત બંસમેં, મુખ્ય બંસ પિતૃ-રીતિ ॥
આત્મસૃષ્ટિ-વૈષમ્ય નહિં, હરિ-પ્રણીત નિજ પ્રીતિ ॥૬૯॥
શેષભાવ વિગ્રહ હૃદય, ભાવુક ફલ તાદાત્મ્ય ॥
જન-ઉદ્ધરણ-અશેષ સુત-વંશ સ્થાપિ માહાત્મ્ય ॥૭૦॥
સ્મય જો ગર્વ નિવૃત્ત કરી, સ્વકુલ સર્વ નિષ્કલંક ॥
આત્મસાત્ શ્રીકૃષ્ણકૃત, તાતેં ભાવ નિઃશંક ॥૭૧॥
પતિકૌ વ્રત જિનકૌં નિયત, તિનકે પતિ નિર્ધાર ॥
ચાતક અરુ બ્રહ્માસ્ત્રવત્ યહ પ્રણ નિશ્ચય ધાર ॥૭૨॥
દ્વૈ સુખ યહ પરલોક કૌ, દાન દૈનકો નેમ ॥
જ્યોં અનન્ય ચિન્તન કરૈ, દેત યોગ અરુ ક્ષેમ ॥૭૩॥
મહદાશય અનુભવ મહત્, યાતેં હૃદય નિગૂઢ ॥
એસે પ્રભુકે સરન નહિં તે જગ ઉપજે મૂઢ ॥૭૪॥
જે અનન્ય નિજભક્ત હૈં, તિન પ્રતિ આસય દાન ॥
જ્ઞાપિત કરત પ્રસન્ન વ્હૈ, ભગવદીય સમ્માન ॥૭૫॥
ઉપાસનાદિક પન્થમેં, સરન કહે અતિમોહ ॥
સો નિવારિ નિજ ગતિ દઈ, કર્મ-ધર્મ-સન્દોહ ॥૭૬॥
દાનાદિક સાધન કિયે, જ્યોં ઉપજત હૈ ભક્તિ ॥
સગુન ઇક્યાસી ભેદમેં, સરન નિષેધ-પ્રસક્તિ ॥૭૭॥
પૃથકભાવ ગુનતેં પૃથક, પૃથક સરન ઉપદેશ ॥
નિર્ગુનભક્તિ નિકેત હૈ, દુર્લભ લાભ વ્રજેશ ॥૭૮॥
હારદ જો શ્રીકૃષ્ણકો, સો જાનત હૈં આપ ॥
પૃથક-શરણ-ઉપદેશ દૈ, પુષ્ટિભક્તિ દ્રૃઢ છાપ ॥૭૯॥
લીલા કુંજ-નિકુંજકી પ્રતિક્ષણ પૂરિત ભાવ ॥
પૂર્વદલ સંયોગ રસ, સંનિધાન અનુભાવ ॥૮૦॥

ભોગ અનૌસરકે વિષૈ, ઉત્તરદલ ઉપયોગ ॥
કહત કથા રસમગ્ન વ્હૈ, દરસન સ્રવન વિયોગ ॥૮૧॥
બાહર અનુસન્ધાન નહિં, અન્તઃપ્રેમ-સમૃદ્ધિ ॥
ભ્રમરગીત આશ્રમ તુરીય, વિપ્રયોગ રસવૃદ્ધિ ॥૮૨॥
વ્રજસ્ત્રીનકૌં પ્રિય સદા, શ્રીવલ્લભ પ્રિય નામ ॥
લોકવ્યાપિ વૈકુંઠપ્રિય, યાતૈ પ્રિય હૈ ધામ ॥૮૩॥
વ્રજકી સ્થિતિ પ્રિય લગત હૈ, ત્યોં પ્રિય લગત વ્રજીય ॥
ઉભય અલૌકિક પ્રીતિ હૈ, ઉભય અલૌકિક સ્વીય ॥૮૪॥
લીલા પુષ્ટિપ્રકાસ કરિ પરમ અનુગ્રહ કોષ ॥
સર્વાનન્દ અલભ્ય નહિં, કૃપાનન્દ સન્તોષ ॥૮૫॥
જો લીલાભાવન કરત, સો વપુ ધરૈ પ્રકાસ ॥
રહસિ પરમ પ્રિય લગત હૈ, અનુભવ જબ અવકાસ ॥૮૬॥
અધિકૃત ઇચ્છા ભકતકી, પૂરત કૃપાનિધાન ॥
સર્વેશ્વર સર્વાત્મા જ્યોં, જન-ઇચ્છા નિજ માન ॥૮૭॥
પુષ્ટિભક્તિ-ઉપદેશ બિન, યહ લીલા અજ્ઞાત ॥
જ્યોં ગાયત્રીમન્ત્ર બિન, દ્વિજ પ્રતિ વેદ છિપાત ॥૮૮॥
અતિમોહન મનકૌ હરન, એસે નિજજન સાથ॥
લીલાવેશ રસજ્ઞ કરિ પુષ્ટિભકતકે નાથ॥૮૯॥
સર્વ-અસકત અભકત સોં, અનુભવ નહીં વિવેક ॥
પંકજ મધુ મધુકર ગ્રહત, પંક ભખત હૈ ભેક ॥૯૦॥
ભકતમાત્ર-આસકત તે, મુખ્ય ભકત યહ છાપ ॥
ભૂ સમુદ્ર કુંભજ વિયત, હરિપદ જન હૃદ થાપ ॥૯૧॥
પતિત-દેહ પાવન કરત, જીનકૌ ગ્રહ પ્રતિબંધ ॥
ગાયત્રી શ્રુતિપન્થમેં, ભક્તિ બ્રહ્મસમ્બન્ધ ॥૯૨॥
સ્વયસગાનતૈ હૃદયકમલ, પ્રફુલિત નિજ સુસ્થાન ॥
જ્યોં શ્રીજમુનારેનુ પર, રસ ઉત્તરીય પ્રધાન ॥૯૩॥

અમૃતસિન્ધુ રસલહરિતૈં, અન્ય તુચ્છ રસમગ્ન ||
જ્યોં મિસરીકે સ્વાદતૈં, ગુડકી રાવ વિભિન્ન ||૯૪||
યહ રસ પર ઉત્કૃષ્ટ હૈ, અન્ય કુરસ જગ ફંદ ||
મુક્તિ બ્રહ્માનન્દતૈં ઉદ્ધૃત ભજનાનન્દ ||૯૫||
લીલા-રસ-પીયૂષતૈં, આર્દ્ર-આર્દ્ર જન કીન ||
શુષ્કવસ્ત્ર જલસહિત સોં, સંગ લગૈ તલ્લીન ||૯૬||
શ્રીગોવર્ધનવર્ય જન, સ્થિતિકૌ અતિ ઉત્સાહ ||
નિકટ પુલિંદી ભક્ત કરિ, સર્વગતાદિ પ્રવાહ ||૯૭||
લીલા ગિરિ ઉદ્ધરન સુનિ, ભક્ત તજત ક્ષણ સપ્ત ||
આત્મયોગ અનુભાવતૈં, પ્રેમપૂર્તિ ગતિ તપ્ત ||૯૮||
યજ્ઞભોગ હરિ શૈલબલિ, ભોજન મુખકો ધર્મ ||
ઈન્દ્રિય દ્વૈ ઇક ગોલ મધિ, રસચિત-બાની કર્મ ||૯૯||
પૂજા ગિરિકી યજ્ઞ કૃતિ, મુખતૈં આજ્ઞા દેત ||
યજ્ઞભોગ પહિલૈ કહ્યો, ઈન્દ્રવૃષ્ટિ પ્રતિ હેત ||૧૦૦||
ચતુર્વર્ગ પુરૂષાર્થ દૈ, દાસ્ય ધર્મ હરિ અર્થ ||

કામ દિદૃક્ષા મોક્ષ સો, ચિત્ત શ્રીકૃષ્ણ સમર્થ ||૧૦૧||
જાગરૂક ઇચ્છા પ્રબલ, તાતેં સત્યપ્રતિજ્ઞ ||
પુષ્ટિ ચતુર્વિધ દેત હૈ, ઇંગિત કૃષ્ણ અભિજ્ઞ ||૧૦૨||
સત્યપ્રતિજ્ઞ કરત યોં, નિશ્ચય ત્રિગુણાતીત ||
પ્રકૃતિજન્ય રજ સત્ત્વ તમ, તે પ્રાકૃતકી રીત ||૧૦૩||
સુનય-વિશારદ સહજ ગુન, દૈવી જીવકે ભાગ ||
ગોકુલેશલીલા સકલ, સ્થાપિત નિજ અનુરાગ ||૧૦૪||
કીર્તિવર્ધન શુદ્ધ નિજ, કૃષ્ણ શુદ્ધ ત્યોં ભક્ત ||
સબતૈં મારગ શુદ્ધ યહ, શુદ્ધ ભગવદાસક્તિ ||૧૦૫||
તત્ત્વસૂત્રકે ભાષ્યતૈં, કીર્તિ વૃદ્ધિ વિશુદ્ધ ||
સાકૃતિ બ્રહ્મ પ્રપંચ નિત, અણુ હૈ જીવ પ્રબુદ્ધ ||૧૦૬||
વ્યાપક જીવ અસત્ય જગ, બ્રહ્મ નિરાકૃતિ એક ||
માયાવાદ વિતૂલ પ્રતિ, અગ્નિરૂપ પરછેક ||૧૦૭||
બ્રહ્મવાદ સાકાર હૈ, શૂન્યવાદ સબ ઓર ||
ધ્યાન શૂન્યકૌ કરત હૈં, જાકૌ કહું નહિં ઠૌર ||૧૦૮||
અપાકૃત આભરણ સબ, પ્રતિપદ શ્રીભાગવત ||
ષટ્ગુણ મય ઐશ્વર્ય યહ, ઉદ્ધારક ઉદ્યોત ||૧૦૯||
સહજ સ્મિત સો વીર્ય હૈ, દૈવીકો નહિં મોહ ||
અસુર મોહમેં મગ્ન હૈ, પ્રકટ પરાક્રમ જોહ ||૧૧૦||
ભૂષણ યશ દૂષણરહિત સ્વજન સમગ્ર ત્રિલોક ||
પુષ્પમાલકી ગન્ધ જ્યોં, હરિયશ પ્રસરિ વિલોક ||૧૧૧||
ભૂમિભાગ્ય શ્રી ધર્મ હૈ, સેવક તાદૃશ રૂપ ||
ગુણવૈષમ્ય સ્વભાવ હૈ, ગુણસમ પ્રકૃતિ અનૂપ ||૧૧૨||
સુન્દર સહજ સ્વરૂપ હૈ, નહિં માયાકૃત લેસ ||
જ્ઞાનશુદ્ધ તબ જાનિએ, નિત્ય ભગવદાવેશ ||૧૧૩||

સર્વભક્તસમ્પ્રાર્થ્ય હૈં, ચરણાબ્જરજ ભાગ્ય ॥
સર્વનિવેદન પ્રીતિકર, સેવા દૃઢ વૈરાગ્ય ॥૧૧૪॥

કહૈ વિસદ આનન્દનિધિ, અષ્ટોત્તરશત નામ ॥
શ્રદ્ધા બુદ્ધિ વિશુદ્ધ કરિ, અનુદિન પઢિ વિસ્રામ ॥૧૧૫॥

હરત મૃત્યુ શત આયુકોં, ટારત નામ કુદોષ ॥
દ્વયાનન્દ ષટ્ગુન સહિત, અષ્ટોત્તરશત તોષ ॥૧૧૬॥

ઉક્ત સિદ્ધિ નિર્ધાર યોં, વદત અગ્નિસુત સત્ય ॥
કૃપાદ્રષ્ટિ કારન નિયત, દારા કહા અપત્ય ॥૧૧૭॥

ઉક્ત સિદ્ધિકી પ્રાપ્તિ બિનુ, મુક્તિ ભઈ તૌ વ્યર્થ ॥
ઉક્ત સિદ્ધિ નિશ્ચય ભઈ, ઇચ્છા મુક્તિ નિરર્થ ॥૧૧૮॥

નિજ સર્વોત્તમ ગ્રન્થમેં, સદાનન્દ રસ લક્ષ્ય ॥
આવૈ તબ લૌં પાઠ કરિ, ફિર જબ ભાવુક અક્ષ ॥૧૧૯॥

નીલ જલદ સુસ્થિર લખૈ, સ્થિર દામિની મિલિ લહોત ॥
સ્થિરતા મનકી હોઇ, જબ સ્થિર સુભાગ્ય ઉદ્યોત ॥૧૨૦॥

પુરૂષોત્તમલીલાજલધિ, સુસ્થિત વિગ્રહ શેષ ॥
પ્રચુર ભાવતૈં દાન નિજ, 'દ્વારકેશ' સન્દેશ ॥૧૨૧॥

## ॥ શ્રીસર્વોત્તમ – બધાઈ ॥

**(શ્રીગિરિધરજી (તૃતીય ગૃહ) કૃત)**

(રાગ : નટ)

જોપૈ શ્રીવલ્લભરૂપ ન જાનૈ ॥
તો કૈસે યહ જન લીલાકે નિત સમ્બન્ધ કરિ માનૈ ॥૧॥

પ્રાકૃત નિખિલ ધર્મ નહિ પરસત અપ્રાકૃત જો બખાનૈ ॥
પ્રતિપાદિત નિગમાદિક વચનન સાકૃત સિદ્ધિ નિદાનૈ ॥૨॥

કલિકાલાદિ દોષકે તમકર પંડિત હૂ નહિ જાનૈ ॥

સંપ્રતિ અવિષય તાહીતૈં હે ભુવ પ્રાદુર્ભાવ કહાનૈ ॥૩॥
દયા દેખિ નિજ ભાવ પ્રકટકોં દેત માહાત્મ્ય દાનૈ ॥
વાણી કર જબ તબ નિજમુખકો પ્રાદુર્ભાવ બખાને ॥૪॥
તિનકોં કહ્યો અબોધ સબનકોં તુરત સુબોધ બખાને ॥
અષ્ટોત્તરશત નામ જપન કર પાપ હોત સબ હાનૈ ॥૫॥
અગ્નિકુમાર ઋષીશ્વર બરન્યોં જગતી છન્દ બખાનૈ ॥
દેવરૂપ શ્રીકૃષ્ણરસાનન બીજ કારૂનિક જાનૈ ॥૬॥
કરિ વિનિયોગ ભક્તિયોગમેં પ્રતિબન્ધૈ સબ હાનૈ ॥
અધરામૃત રસસ્વાદ કૃષ્ણકૌ યહ સિદ્ધિ કર માનૈ ॥૭॥
આનન્દ પરમાનન્દ રૂપમય કૃષ્ણમુખાકૃતિ આનૈ ॥
કૃપાસિન્ધુ દૈવી જીવ ઉદ્ધારક સ્મૃતિ આર્તિ હિ નસાનૈ ॥૮॥
શ્રીભાગવતગૂઢાર્થનકોં પ્રકટ પરાયણ જાનૈ ॥
ગોવર્ધનધર સાકૃત નિશ્ચય સ્થાપક વેદ બખાનૈ ॥૯॥
માયાવાદ નિરાકરન કર સકલ વાદ બલ હાનૈ ॥
માર્ગ ભક્તિ કમલ કર બરનોં તિનકે રવિ કર માનૈ ॥૧૦॥
નરનારી ઉદ્ધાર કરનકોં સમરથ પ્રકટ કહાનૈ ॥
અંગીકૃત કરિ ગોપીપતિ માનવ નિજ વશ કરિ ગહિ આનૈ ॥૧૧॥
અંગીકૃત-મર્યાદા-બોધક કરૂના કરિ વિભુ ગાનૈ ॥
નાહિંન દિયૌ કાહુને એસૌ દાન પરાયન જાનૈ ॥૧૨॥
મહાઉદાર ચરિત્ર નિજ જિનકે ગાવત નિગમ બખાનૈ ॥
કરિ પ્રાકૃત અનુકૃતિ મોહે સુરરિપુ જનવૃંદ સમાનૈ ॥૧૩॥
જોપૈ અગ્નિરૂપ વલ્લભરૂપ જલધિ નાહિં આનૈ ॥
ભક્તનકે હિત કારન એસે નહિં દેખે ન કહાનૈ ॥૧૪॥
સેવક જન શિક્ષાકે કારન કૃષ્ણભક્તિ પ્રકટાનૈ ॥
નિખિલ સૃષ્ટિ ઇષ્ટકે દાતા ઇચ્છા યહ મન માનૈ ॥૧૫॥

લક્ષણ સર્વસમ્પન્ન મહાપ્રભુ કૃષ્ણજ્ઞાન યહ દાનૈ ।।
યાહીતૈ ગુરૂ વેદ પુરાન પુકારે કહત પરમાનૈ ।।૧૬।।

આનન્દભર પરિપૂરન અંબુજનયન દેખિ લલચાનૈ ।।
કૃપાદ્રૃષ્ટિ આનન્દ દૈ, દાસ દાસી પ્રિયા પતિ જાનૈ ।।૧૭।।

રોષદ્રૃષ્ટિકે પાત ભએતેં ભક્ત વૃંદ રિપુ હાનૈ ।।
યાહી તૈ ભક્તન કરિ સેવિત યહ નિર્ધાર બખાનૈ ।।૧૮।।

સુખકૌ સેવન કરિયે જાકૌ દુરારાધ્ય કરિ માનૈ ।।
દુર્લભ ચરનકમલ જાકે નિજ ઉગ્ર પ્રતાપ કહાનૈ ।।૧૯।।

બાની કરિ પૂરત સેવક જન નિજ સરનાગતિ આનૈ ।।
શ્રીભાગવતસમુદ્રમથન કરિ રાસરૂપ હરિ જાનૈ ।।૨૦।।

સાન્નિધ્ય તૈ જુ દિયૌ હિત હરિકૌ ભક્તિ મુક્તિકે દાનૈ ।।
લીલા રાસ વિલાસ એક રચિ કૃપા કથા પરમાનૈ ।।૨૧।।

અનુભવ વિરહ કરનકોં સબકૌ ત્યાગ એક મન માનૈ ।।
ભક્તિ આચાર દિખાયો જનકોં મારગ કર્મ નિદાનૈ ।।૨૨।।

યાગાદિક ભક્તિનકે સાધક મન ક્રમ વચ કરિ જાનૈ ।।
પૂર્ણાનન્દ પૂરન રતિપતિ વાગધીશ ગુન ગાનૈ ।।૨૩।।

યાહીતૈં વિબુધેશ્વર પદકી કહિયત ચિતમેં નિસાનૈ ।।
કૃષ્ણ સહસ્રનામકે દાયક ભક્તપરાયણ માનૈ ।।૨૪।।

ભક્તિ આચાર વિવિધ બોધનકોં નાના વચન બખાનૈ ||
અપને કાજ તજે પ્રાનન તૈ પ્રિય પદારથ જાનૈ ||૨૫||

તાદૃશ ભક્તનિ કરિ પરિવેષ્ટિત દેખત મતિ હિરાનૈ ||
દાસ જનનકે હિતકે કારન સાધન સબ દરસાનૈ ||૨૬||

સકલ શક્તિ યહ રૂપ દિખાવત શ્રીવલ્લભ હરિ માનૈ ||
ભૂતલ પુષ્ટિ પ્રકટ કરિવેકોં શ્રીવિઠ્ઠલ નિધિ આનૈ ||૨૭||

પિતા ભએ રાખ્યૌ મહિમા સબ અપને કુલ મધિ જાનૈ ||
દૂરિ કિયૌ હરિ માયામતકોં ગર્વ આપ ધરિ માનૈ ||૨૮||

પતિવ્રતાપતિ પારલૌકિક યહ લૌકિક વરદાનૈ ||
ગૂઢ હૃદય ભક્તન મન આસય દાયક પર ગુન ગાનૈ ||૨૯||

ઉપાસનાદિક મારગ કરિકે મુગ્ધ મોહ નસાનૈ ||
માર્ગ ભક્તિ પ્રકટ કરિ સબતૈં વૈલક્ષણ્ય ઠહરાનૈ ||૩૦||

સરન આએ તૈ લએ જ્ઞાન કૃષ્ણ હૃદયકી જાનૈ ||
પ્રતિક્ષણ નવ નિકુંજ લીલારસ પૂરન નિજ મન માનૈ ||૩૧||

તિનકી કથા વિવસ ચિત વ્હૈકે બિસરે સબ ગુન આનૈ ||
વ્રજપતિ પ્રિય તાહિકોં કહિયત પ્રિય વ્રજવાસ બખાનૈ ||૩૨||

લીલા પુષ્ટિ કરન એ કહિયત ભક્ત કામ ધર્મ દાનૈ ||
સબનિ અજાની લીલા ઈનિકી મોહ રૂપ કહાનૈ ||૩૩||

સબતૈ દૃઢ આસક્ત ભઈ ભક્તવસ પતિત પવિત્ર બખાનૈ ||
જસ અપને ગુનગાનસ્ત્રવનતૈં આનન્દ હૃદે બખાનૈ ||૩૪||

યશપીયૂસલહરીન કરિ છાંડે અન્યભાવ પર જાનૈ ||
લીલામૃતરસ કરિ પોષૈ સબ કહત ફિરત મહારાનૈ ||૩૫||

ગોવર્ધનવાસ ઉત્સાહ એકચિત લીલાપ્રેમ સમાનૈ ||
યજ્ઞભોગ બલિ યજ્ઞ કરનકોં ચાર વેદ વિકસાનૈ ||૩૬||

સત્યપ્રતિજ્ઞા ત્રિગુનાતીત સુનિ નીતિવિસારદ જાનૈ ।।
કીર્તિ બઢન મહા તત્ત્વસૂત્ર પ્રકાસક માનૈ ।।૩૭।।

માયાવાદ તૂલ ઉન્મૂલન અગ્નિ રૂપ કહિ ગાનૈ ।।
બ્રહ્મવાદ ઉદ્ધારન કારનકોં ભૂતલ જન્મ બખાનૈ ।।૩૮।।

અપ્રાકૃત ભૂષન પરિભૂષિત સહજ હાસ મુખ ઠાનૈ ।।
બ્રહ્મલોક ભુવલોક રસાતલકે ભૂષન યુત જાને ।।૩૯।।

ઉઘરે ભાગ્ય અવનિતલકે નિજ સુંદર સહજ કહાનૈ ।।
ભક્તનિ કરિ સેવિત નિજ પદરજ તેઈ બહુ ધન દાનૈ ।।૪૦।।

યહ પ્રકાર આનન્દનિધિ પ્રભુકે નામ પદારથગાનૈ ।।
અષ્ટોત્તરશત તે કહિયત જે અપને સર્વસ્વ જુ માનૈ ।।૪૧।।

શ્રદ્ધા નિર્મલ બુદ્ધિ કર જે નિત્ય પઠત ભક્તજન માનૈ ।।
એકચિત્ત કરિકૈ અધરામૃત સિદ્ધિ યાહીતૈ જાનૈ ।।૪૨।।

વૃથા મુક્તિ બિન પાયે તાકે પાયે યહ ગતિ માનૈ ।।
કૃષ્ણ પદારથ રસ ગહિબેકોં જપ કરિયત હૈ રાનૈ ।।૪૩।।

ઈહિ વિધિ દ્વિજકુલ પતિકે 'ગિરિધર' નામ બિતાન બખાનૈ ।।
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુકોં નિજ અનુચર કરિ માનૈ ।।૪૪।।

## શ્રીસર્વોત્તમ ધમાર

(શ્રીવ્રજભુષણજી (તૃતીય ગૃહ) કૃત)

(રાગ : કાફી)

શ્રીવલ્લભ મેરે મન બસો હો । અબહો મેરે લલના ।।
અબ મોકોં ઔર ન કછુ સુહાય ।
એ શોભા ત્રિભુવનમેં ન સમાય,
વદન છબિ નિરખત મન ન અઘાય ।।ધ્રુવ ।।૧।।

કનવાડૌ સીમા અતિ સુંદર, સુખદ કાંકરવારૌ ગામ ।।

બલિજાઉ માસ વૈસાખ કૃષ્ણ એકાદશી પ્રકટે શ્રીલક્ષ્મણ ધામ ||૨||

પ્રાકૃત રૂપ રહિત અપ્રાકૃત, ધર્મ સહિત સાકાર ||
નિગમ નિરૂપિત શ્રીપુરૂષોત્તમ, વદન અનલ અવતાર ||૩||

કરિ કરૂના નિજ મહિમા શ્રીહરિ, પ્રકટ કરનકે કાજ ||
સ્વવદન અનલ રૂપ આનન્દમય, પ્રકટ શ્રીવલ્લભરાજ ||૪||

દૈવી જીવ ઉદ્ધારન હિત હરિ, ધર્યો દ્વિજવર અવતાર ||
ભૂતનાથ પ્રકટિત માર્ગ તૈ, નાહિન હોત નિસ્તાર ||૫||

માયાવાદ તમ બઢયૌ ભૂતલમેં, રવિ બિનુ નાહિં ઉજાસ ||
સૂર શ્રીવલ્લભ પ્રકટ હોઈકે સ્રુતિપથ કિયો હૈ પ્રકાસ ||૬||

શ્રીભાગવત્ પ્રતિપદ મણિવર, ભાવાંશુ ભૂષિત અંગ ||
સકલ પુરાન શાસ્ત્ર સ્રુતિ સ્મૃતિ કૌ, કીનૌ વિરોધકો ભંગ ||૭||

શ્રીભાગવત અમૃત ઉદધિ રસ, નિજજન પાન કરાય ||
પ્રેમ સહિત વ્રજજનકી સેવા, સિખવત આપ બતાય ||૮||

નિગમ બખાનત ભૂતલ સ્વર્ગમેં ઉદયૌ ઈન્દુ ||
પરમાનન્દ રૂપ તૈ પ્રકટે કૃષ્ણ સેવારસ સિન્ધુ ||૯||

સાધન રહિત જીવ કલિયુગકે, દૈવી કિએ સનાથ||
પકરિ બાંહ પુરૂષોત્તમ સોંપે, જન સિર ધરિ નિજ હાથ||૧૦||

સૂત્ર ભાષ્ય સુબોધિની કીની, નાના ગ્રન્થ નિબન્ધ ||
બ્રહ્મવાદ સાકાર પ્રકટાયો, ટાર્યો સ્વીય પ્રતિબન્ધ ||૧૧||

કૃપાદ્રૃષ્ટિ વૃષ્ટિ અમૃતરસ, સીંચે દાસી દાસ ||
રોષદ્રૃષ્ટિ દાવાનલ શ્રીપ્રભુ, નિજજન આનન્દ બઢાઇ ||૧૩||

કરિ કરૂણા કરૂનાનિધાન પ્રભુ, દેત અભય પદ દાન ||
બુદ્ધિહીન કર્મ જડ જીવનકોં, ટાર્યો અતિ અભિમાન ||૧૪||

શ્રીવલ્લભ જાકોં કરે અપુનો સો, વ્રજપતિ પ્રિય હોઇ ||
તાકે કોટિ જન્મકે પાતક, તત્ક્ષણમેં ક્ષય હોઇ ||૧૫||

અનુભવ નિગમ જ્ઞાન તે જાને, શ્રીવલ્લભરાજ સ્વરૂપ ||
ભૂતલ ભક્તિ પ્રચાર કરનકોં, અન્વય લિએ અનૂપ ||૧૬||

વૃંદાવન શ્રીગોવર્ધન પ્રિયે, પ્રિય યમુના તટ વાસ ||
કુમુદિનીગન મન રંજનકોં, સહસ્ત્ર ઉડુપતિ ઉજાસ ||૧૭||

કાલિન્દીકી મહિમા કલિમેં, કીને શ્રીલક્ષ્મણસૂત ||
અષ્ટસિદ્ધિ પૈયત વાહી તૈ, કહત વચન પ્રસૂત ||૧૮||

ગોકુલનાથ સદા સુખદાયક, નમો સબૈ કરિ સીસ ||
લીલા હૃદય બસો નિજ જનકે, યે હી વિધિ દેત અસીસ ||૧૯||

વ્રજપતિ નખસિખ અંગ માધુરી, બરનૌ અનલ સ્વરૂપ ||
મધુર બિધાન અષ્ટક કીર્તન તૈ, બસ હોત શ્રીગોકુલ ભૂપ ||૨૦||

બ્રહ્મસમ્બન્ધ કરાઈકે કીને, પંચ દોષ નિવૃત્ત ||
પ્રકટ દિખાઈ પુષ્ટિમારગ પ્રભુ, જીવકોં કિએ હૈં પ્રવૃત્ત ||૨૧||

નિજ આજ્ઞા ઉલ્લંઘન દોષ, દિખાયો મહાપ્રભુ આપ ||
કરિ પ્રબોધ શિખવત દાસનકોં, મિટ્યો સકલ ઉર તાપ ||૨૨||

મારગ ભક્તિ સુધા સમુદ્ર મથિ, પ્રકટ કિએ હૈ નવરત્ન ||
નવ વિધિ ચિંતા નિજ દાસનકી, નિવૃત્ત કિએ હૈ યત્ન ||૨૩||

વ્રજપતિ સુખદ વિરહ અનુભવ કૌ, સર્વસુ ત્યાગ ઉપદેશ ||
નામ સહસ્ત્ર નન્દનન્દનકે, પ્રકટ કિએ હૈ નરેસ ||૨૪||

સર્ગ આદિ લીલા દસ વિધિ મધિ, જાકૌ નિરોધ હૈ નામ ||
પ્રેમાસક્તિવ્યસન ત્રિવિધ ફલ, ત્રિવિધ લીલા અભિરામ ||૨૫||

પુષ્ટિ પ્રવાહ મર્યાદા મારગ, તિનકોં દિખાયો ભેદ ||
દૈવી જીવ ક્રીડા સાધન ફલ, સબકો પ્રમાન હૈ વેદ ||૨૬||

સકલ સન્દેહ નિવારનકોં, જલભેદ કિયો વ્રજઈસ ||
ભક્તિભાવ દિખાઈ સબનિકોં, ભેદ બતાવત બીસ ||૨૭||


બાલબોધ કીનોં કરૂણાનિધિ, બાલક પતિ જિય જાન ।।
સકલ સિદ્ધાન્ત જનાય સ્વીયનકો, ટાર્‌યો સકલ અજ્ઞાન ।।૨૮।।

દેસાદિક ષટ સાધન કીને, તાતૈ નહીં નિસ્તાર ।।
દૈ વરદાન કૃષ્ણાશ્રય કીનોં, દીને પદારથ ચાર ।।૨૯।।

દૃઢ આશ્રયકે કારન કીને, ધૈર્ય વિવેક વિચાર ।।
કલિયુગ જીવ ઉદ્ધારે શ્રીવલ્લભ, નિજ-જન-પ્રાન-અધાર ।।૩૦।।

ક્ષર પ્રપંચ અક્ષરતૈ ઉત્તમ, ત્રિગુનાતીત મહારાજ ।।
શ્રીહરિવદન જો પ્રકટ ન હોતે, તા બૂડત વેદ જહાજ ।।૩૧।।

દૈવી સૃષ્ટિ હેતુ કરૂનાનિધિ, શ્રીહરિ બાંધી પાજ ।।
અતિ આવર્ત સકલ દુસ્તરનકોં, ભવસાગર ઉતરન કાજ ।।૩૨।।



શ્રીપુરૂષોત્તમ ભજન હેતુ તૈ, કીનોં સ્મરન પુષ્ટિ ।।
તામેં મર્યાદામારગકોં, સાધન નાહિંન ઈષ્ટ ।।૩૩।।

શ્રીવલ્લભ તૈ વિમુખ જીવ જે તે, બૂડત ભવસિન્ધુ ।।
જાકોં નિરોધ કિએ શ્રીવલ્લભ, નિસિદિન લહત આનન્દ ।।૩૪।।

કહત નિરોધ પદારથકોં યહ, સબહિન કૌ અજ્ઞાન ।।
કરિ લક્ષણા નિરોધ બતાયૌ, શ્રીલક્ષ્મણસુવન સુજાન ।।૩૫।।

સાધન સકલ કિએ હૈ મહાપ્રભુ, નિજ દાસનિકે કાજ ।।
અતિ કૃપાલુ કરૂનાનિધિ વલ્લભ, સેવકજન સિરતાજ ।।૩૬।।

નિજાનન્દ પુષ્ટિ અતિ વિગ્રહ, અમ્બુજ-નયન-વિસાલ ।।
ષટ્ગુન સહિત પૂરન પુરૂષોત્તમ, નિર્મલ રસિક રસાલ ।।૩૭।।

ત્રિવિધ સૃષ્ટિ ભક્તિ નવ લક્ષણ, કિયો વિવેક વિચાર ।।
સાધન સહિત માનસી સેવા, પુષ્ટિ પદારથ ચાર ।।૩૮।।

ભૂમિભાગ્ય સહજ અતિ સુન્દર, શ્રીપરિવૃઢ મુખચન્દ ।।
અદેય દાન દક્ષ અતિ મોહન, સુખદ ચરનારવિન્દ ।।૩૯।।

સર્વ સિદ્ધાન્ત સિરોમનિ પત્ર લિખિ, બાંધ્યો ગોકુલરાય ।।
માયા તિમિર નિબિડ ભૂતલમેં, નિરખત તાપ નસાય ।।૪૦।।

નવલક્ષણા ભક્તિ મધિ વાઈ, યાહિ રીતિ વિનિયોગ ।।
રંચક વસ્તુ સમર્પૈ સ્નેહ સોં, તાકોં કરત પ્રભુ ભોગ ।।૪૧।।

વ્રજસુન્દરી ભાવ રસ પૂરિત, આનન્દનિધિકો અંગ ।।
ઋતુ વસંત હરષત શ્રીવલ્લભ, નિરખિત લજત અનંગ ।।૪૨।।

કેસરિ ધોતી ઉપરના કેસરિ, કેસરી ભીની પાગ ।।
શ્રીવલ્લભ ગિરિધર વન બિહરત, અન્તર અતિ અનુરાગ ।।૪૩।।

ચોવા ચન્દન અબીર કુંકુમા, ઉડત ગુલાલ સુરંગ ।।
તાલ પખાવજ ઝાંઝ ડફ બાજત, સરસ સ્વાંગ સુઢંગ ।।૪૪।।

સબૈ સમાજ સાજિ વન વિહરત, બોલતિ કોકિલા કીર ।।
ત્રિવિધ પવન બહત સુખકારી, સૂરસુતાજૂકે તીર ।।૪૫।।

અતિ સુગન્ધમત્ત મધુપગન, કરત મધુર સુર ગાન ।।
દાદુર મોર ચકોર રોર માનો, લેત સપ્ત સુર તાન ।।૪૬।।

જો સુખ અમરલોકમેં નાહીં, સો સુખ ગોકુલ માંહિ ।।
સુખદ સદા સરનાગતિ જિનિકી, શ્રીવલ્લભ કલ્પતરૂ છાંહિ ।।૪૭।।

મન વચ કર્મ કરી શ્રીવલ્લભ ભજ, નાહિંન ઔર ઉપાય ।।
સાધન કોટિ કરૌ જિન કોઉ, યહ ફલ કબહું ન પાય ।।૪૮।।

ખેલિ ફાગ અનુરાગ સિન્ધુ બઢયો, મચી અરગજા કીચ ।।
નિજ જન કુમુદિનીગન ફૂલ્યૌ, નિરખિ વલ્લભ સસિ બીચ ।।૪૯।।

જો યહ અનલ આનન્દરૂપકો, નિસિદિન કરે વિચાર ।।
પાવૈ સદા આનન્દ અધરામૃત, રસકૃત મુક્તિ પ્રચાર ।।૫૦।।

જો યહ લીલા સુનૈ સુનાવૈ, પ્રભુ સન્મુખ કરે ગાન ।।
તાકે હૃદય કલમ બિચ પરસત, પ્રભુજી કરે સ્વજ્ઞાન ।।૫૧।।

દાસ અનન્ય ચરન-રજ-ધનકી, કરત બહુત મન આસ ।।
શ્રીવલ્લભ-પદરજ-પ્રતાપતૈ, ગાવત જન હરિદાસ ।।૫૨।।

## અથ શ્રીસર્વોત્તમસ્તોત્ર-ભાષા

(ભારતેન્દુ બાબુ શ્રીહરિશ્ચન્દ્ર)

જયતિ આનન્દરૂપ પરમાનન્દ કૃષ્ણમુખ કૃપાનિધિ દેવી ઉદ્ધારકારી ।।
સ્મૃતિમાત્ર સકલ આરતિહરન ગૂઢગુન ભાગવત અર્થ લીનો વિચારી ।।૧।।

એક સાકાર પરબ્રહ્મ સ્થાપન કરન ચારહુ વેદકે પારગામી ।।
હરન માયાવાદ બહુવાદ નાશ કરિ ભક્તિપથકમલકે દિવસસ્વામી ।।૨।।

શૂદ્ર લલના લોક ઉદ્ધરન સામર્થ ગોપિકાધીશકૃત અંગિકારી ।।

**વલ્લભીકૃત મનુજ અંગીકૃતજનન પે ધરન મર્યાદ બહુ કરણધારી ॥૩॥**

**જગતવ્યાપક દાન કરત સબ વસ્તુકો ચરિત જાકે સકલ અતિઉદારી ॥**
**આસુરીજનન મોહન કરન હેતુ યહ વ્યાજસોં પ્રકૃતિ ઈવ રૂપધારી ॥૪॥**

**અગનિઅવતાર વલ્લભનામ શુભરૂપ સદા સજ્જનનહિત કરત જાની ॥**
**લોકશિક્ષાકરન કૃષ્ણકી ભક્તિ કરિ નિખિલજગ ઈષ્ટકે આપ દાની ॥૫॥**

**સર્વ લક્ષનનિ સમ્પન્ન શ્રીકૃષ્ણકો જ્ઞાન પ્રભુ દેત ગુરૂ રૂપ ધારી ॥**
**સદા સ્વાનન્દતુન્દિલ પદ્મદલસરસનયનજુગ જગત સન્તાપહારિ ॥૬॥**

**કૃપા કરિ દ્રૃષ્ટિકી વૃષ્ટિ વર્ધિત કિયે દાસિકા દાસ પતિ પરમપ્યારે ॥**
**રોષદ્રૃગ કરન મૂર્છિત ભક્તિદ્વેષ હરન ભક્ત જન ચરન સેવિત દુલારે ॥૭॥**

શ્રીમહાપ્રભુજી રચિત ષોડશગ્રંથો પૈકી
શરણાગતિ, સમર્પણ, સેવા અને ભક્તિના ભાવો અને
ઉપદેશ કયા કયા ગ્રંથોમાં આપ્યા છે તે દર્શાવતી માહિતીનો કોઠો

| | શરણાગતિ (૧) | સમર્પણ (૨) | સેવા (૩) | ભક્તિ (૪) |
|---|---|---|---|---|
| ૧. | બાલબોધ | સિદ્ધાંતરહસ્ય | સિદ્ધાંતમુક્તાવલી | શ્રીયમુનાષ્ટકમ્ |
| ૨. | વિવેકધૈર્યાશ્રય | નવરત્નમ્ | પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ચતુ:શ્લોકી |
| ૩. | શ્રીકૃષ્ણાશ્રય | અંત:કરણપ્રબોધ | સન્યાસનિર્ણય | ભક્તિવર્ધીની |
| ૪. | પંચપદ્યાનિ | નિરોધલક્ષણ | સેવાફલ | જલભેદ |

ભક્તજન સુખસેવ્ય અતિ દુરારાધ્ય દુરલભ કંજપદ ઉગ્ર તેજ ધારી ॥
વાક્ય રસ કરન પૂરન સકલ જનનમન ભાગવતપયસિંધુમથનકારી ॥૮॥

સાર તાકો જાનિ રાસ વનિતાનકે ભાવ સો સકલ પૂરિત સુભેસા ॥
હોત સનમુખ દેત પ્રેમ શ્રીકૃષ્ણકો અવિમુક્તિ દેત લખિ બહુત દેસા ॥૯॥

રાસલીલૈક-તાત્પર્યમય રૂપ મુનિ દેત કરિ કૃપા બહુ કથા તાકી ॥
ત્યાગિ સબ એક અનુભવ કરહુ વિરહકો યહૈ ઉપદેશબાની સુનાહી ॥૧૦॥

ભક્તિ-આચાર-ઉપદેશ નિત કરત પુનિ કર્મમારગ પ્રવર્તન સુકીનો ॥
સદા યાગાદિમેં ભક્તિ મારગ એક કરહુ સાધનહિ ઉપદેશ દીનો ॥૧૧॥
પૂર્ણઆનન્દમય સદા પૂરનકામ વાક્યપતિ નિખિલજગ વિબુધ ભૂપા ॥
કૃષ્ણકે સહસ્ર શુભનામ નિજમુખ કહે ભક્તિપર એક જાકો સુરૂપા ॥૧૨॥

ભક્તિ-આચાર ઉપદેશ હિત શાસ્ત્રકે વાક્ય નાના નિરૂપન સુકીને ॥
ભક્તજન સદા ઘેરે રહત જિનન નિજ પ્રેમહિત પ્રાનપ્રનત્યાગિ દીને ॥૧૩॥

નિજદાસઅર્થ સાધન અનેકન કિયે જદપિ પ્રભુ આપ સબ શક્તિકારી ॥
એક ભુવલોક પ્રચલિત કરન ભક્તિપથકિયો નિજ વંશ પિતુ-રૂપ-ધારી ॥૧૪॥

નિજ વિમલ વંશમેં પરમ માહાત્મ્ય પ્રભુ ધર્યો સબ જગત સન્દેહહારી ॥
પતિવ્રતાપતિ પારલૌકિકૈહિક-દાન કરત અધિકાર જનકો બિચારી ॥૧૫॥

ગૂઢમતિહૃદય નિજ-અન્ય-અનભક્તકોં સકલ આશય આપુ કહત પ્યારે ॥
જગ ઉપાસન આદિ મારગાદીનમેં મુગ્ધ-જન-મોહકે હરનવારે ॥૧૬॥

સકલ મારગનસોં ભક્તિમારગ બીચ અતિ વિલક્ષનસુ અનુભવહિ માનૈ ॥
પૃથક કહિ શરનકો માર્ગ ઉપદેશ કરિ કૃષ્ણકે હૃદયકી બાત જાનૈ ॥૧૭॥

પ્રતિક્ષણ ગુપ્તલીલા નવનિકુંજકી ભરિ રહી ચિત્તમેં સદા જાકે ॥
સોઈ કથાસ્મર્ણ કરિ ચિત્તઆક્ષિપ્તવત ભૂલિ ગઈ સકલસુધિ આયે તાકે ॥૧૮॥

વ્રજપ્રિય વ્રજવાસ અતિહિ પ્રિય પુષ્ટિ લીલા કરન સદા એકાન્તચારી ॥
ભક્તજન સકલ ઇચ્છા સુપૂરન કરન અતિહિ અજ્ઞાત-લીલા-વિહારી ॥૧૯॥

અતિહિ મોહન નિરાસક્તજગ ભક્ત માત્રાસક્ત પતિતપાવન કહાઈ ।।
જસગાન કરત જે ભક્ત તિનકે હૃદય કમલમેં વાસ જાકો સદાઈ ।।૨૦।।

સ્વચ્છપીયૂષલહરીસદૃશ નિજ જસનિ તુચ્છ કરિ અન્ય રસ દિયે બહાઈ ।।
પરરૂપ કૃષ્ણલીલા અમૃત રસ અખિલ સીંચિ પ્રેમમેં દિયે ભિજાઈ ।।૨૧।।

સદા ઉત્સાહ ગિરિરાજકે વાસમેં સોઈ લીલા પ્રેમ પૂર ગાતા ।।
યજ્ઞહવિ હરત પુનિ યજ્ઞ આપુહિ કરત અતિવિશદ ચારહુ ફલકે દાતા ।।૨૨।।

શુભપ્રતિજ્ઞા સત્ય જગદ્-ઉદ્ધારકી પ્રકૃતિસોં દૂરિ બહુ-નીતિ-જ્ઞાતા ।।
કીર્તિવર્ધન કરી સૂત્રકો ભાષ્ય કરિ કૃષ્ણ ઈક તત્ત્વકે જ્ઞાનદાતા ।।૨૩।।

તૂલ-માયાવાદ-દહન હિત અગ્નિવપુ બ્રહ્મકો વાદ જગ પ્રગટ કીનો ।।
નિખિલ પ્રાકૃતરહિત ગુનનભૂષિત સદા મન્દ મુસુકાનિ મન ચોરિ લીનો ।।૨૪।।

તીનહુઁ લોક ભૂષણ ભૂમિભાગ્યવર સહજ સુંદર રૂપ વેદ સારમ્ ।।
સદા સબ ભક્ત પ્રાર્થિત-ચરનકમલ-રજ ધનરૂપ નૌમિ લક્ષ્મણકુમારમ્ ।।૨૫।।

એક સત આઠ એ નામ અભિરામ નિત પ્રેમસોં જે જગત માહિ ગાવૈ ।।
પરમ દુરલભ કૃષ્ણ અધરઅમૃતપાન સ્વાદ કરિ સુલભ તે સદા પાવૈ ।।૨૬।।

નામ આનન્દ નિધિ વલ્લભાધીશકો વિઠ્ઠલેશ્વર પ્રગટ કરિ દિખાયો ।।
છોડિ સાધન સકલ એક યહ ગહિકૈ પરમ સન્તોષ 'હરિચન્દ' પાયો ।।૨૭।।

## ।। શ્રીવલ્લભાષ્ટકમ્ ।।

*(ભૂમિ ઉપર શ્રીવલ્લભસ્વરૂપે પ્રાકટ્ય લેવાનો હેતુ અને પ્રયોજન)*

શ્રીમદ્ - વૃન્દાવનેન્દુ - પ્રકટિત - રસિકાનન્દ - સન્દોહરૂપ -
સ્ફુર્જદ્ - રાસાદિ - લીલામૃત - જલધિ - ભરાક્રાન્ત - સર્વોઽપિ-શશ્વત્ ।।
તસ્યૈવાત્માનુભાવ - પ્રકટન - હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસિદ્
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિ - કરૂણસ્ તં પ્રપદ્યે હુતાશમ્ ।।૧।।

*(શ્રીવલ્લભનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી સૃષ્ટિમાં પ્રકટ થયેલા જીવોનો જન્મ વ્યર્થ થઈ જાત)*

**નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદ્ અધિ-ધરણિ - તલં ભૂતનાથોદિતાસન્ -**
**માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દૈવસર્ગેઽપિ જાતાઃ ||**
**ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્ નૈવ દૈવી**
**સૃષ્ટિર્ વ્યર્થા ચ ભૂયાન્ નિજફલરહિતા દેવ! વૈશ્વાનરૈષા ||૨||**

*(વાણીના પતિ વિના શ્રુતિઓનો આશય બીજા કોઈ પણ જાણી નથી શક્તા)*

**ન હ્યન્યો વાગધીશાચ્ છ્રુતિગણવચસાં ભાવમ્ આજ્ઞાતુમ્ ઈષ્ટે**
**યસ્માત્ સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂર્ અગ્રતઃ પત્યુરેવ ||**
**તસ્માચ્ છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ**
**ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ ||૩||**

*(આપના જ મુખારવિંદના દ્વારા પ્રાદુર્ભાવિત આ માર્ગમાં જે કાંઈ નિવેદિત કરવામાં આવે તેનો ભગવાન સાક્ષાત્ ઉપભોગ કરે છે. )*

**પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિ-ચરણામ્ભોજ-સેવાખ્ય-વર્ત્મ**
**પ્રાકટ્યં યત્ કૃતં તે તદ્દુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે ||**
**યસ્માદ્ અસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ ક્વાપ્યુપાહર્તુમ્ ઈચ્છે -**
**ત્યદ્ધા તદ્ ગોપિકેશઃ સ્વવદનકમલે ચારૂહાસે કરોતિ ||૪||**

*(શ્રીમહાપ્રભુ ભૌતિક અગ્નિરૂપ નથી પરંતુ શ્રીકૃષ્ણના મુખ ઉપર પ્રકટ વિરહાગ્નિનું સ્વરૂપ છે.)*

**ઉષ્ણત્વૈક-સ્વભાવોઽપ્યતિ- શિશિર- વચઃ પુંજ-પીયૂષ-વૃષ્ટિર્-**
**આર્તેષ્વત્યુગ્ર-મોહાસુર-નૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ||**
**સ્વસ્મિન્ કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂત-દેવત્વમેતદ્-**
**યસ્માદ્ આનન્દદં શ્રીવ્રજજન-નિચયે નાશકં ચાસુરાગ્નેઃ ||૫||**

*(આનંદરૂપ શ્રીવલ્લભાગ્નિથી આનંદરૂપ જ શ્રીકૃષ્ણસેવા રૂપ સાગરનું પ્રાકટ્ય થયું છે.)*

**આમ્નાયોક્તં યદમ્ભો ભવનમનલતસ્ તચ્ચ સત્યં વિભો! યત્ -**

**સર્ગાદૌ ભૂતરૂપાદ્ અભવદ્ અનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ॥**
**આનન્દૈકસ્વરૂપાત્ ત્વદધિભુ યદ્ અભૂત્ કૃષ્ણસેવારસાબ્ધિશ્-**
**ચાનન્દૈક-સ્વરૂપસ્ તદખિલમ્ ઉચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥૬॥**

*(શ્રીવલ્લભના મુખારવિન્દના દર્શન કરવાથી શ્રીકૃષ્ણદર્શનની લાલસા અને આર્તિતાપ વધે છે. )*

**સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને! ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ**
**પ્રાણપ્રેષ્ઠ-વ્રજાધીશ્વર-વદન- દિદૃક્ષાર્તિ-તાપો જનેષુ ॥**
**યત્ પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદ્ અપીત્થં દૃષ્ટેઽપ્યસ્મિન્**
**મુખેન્દૌ પ્રચુરતરમ્ ઉદેત્યેવ તચ્ચિત્રમ્ એતત્ ॥૭॥**

*(અજ્ઞાનરૂપી અંધકારનું નિવારણ કરવાવાળા હોવાથી શ્રીમહાપ્રભુજીની અગ્નિરૂપતા કહેવામાં આવે છે. ખરેખર તો આપ શ્રીકૃષ્ણનું જ આચાર્યરૂપેણ પ્રાકટ્ય છે.)*

**અજ્ઞાનાદ્યન્ધકાર - પ્રશમનપટુતા - ખ્યાપનાય ત્રિલોક્યામ્**
**અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુતઃ કૃષ્ણએવ ॥**
**પ્રાદુર્ભૂતો ભવાન્ ઇત્યનુભવ- નિગમાદ્યુકત - માનૈર્ અવેત્ય**
**ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે ॥૮॥**

॥ ઇતિ શ્રીમદ્ વિઠ્ઠલદીક્ષિત વિરચિત શ્રવલ્લભાષ્ટકં સમ્પૂર્ણ ॥

# ॥ શ્રીવલ્લભાષ્ટકમ્ ॥

## શ્રીગોકુલનાથજી કૃત ટીકાના વૃજભાષાના અનુવાદનો ગુજરાતી અનુવાદ

**યત્પાદરજમાગત્ય મનો મે ચંચલીકૃતમ્ ।**
**તત્કૃતાચાર્યપદ્યાનિ વિવૃતૌ યત્ પ્રવર્તતે ॥**
**વિવૃતેઃ સફલત્વાય નત્વા પિતૃપદામ્બુજમ્ ।**

**વિવૃતિઃ કર્તુમારબ્ધાન્ અતિવિશ્વાસતો મયા ||**

શ્રીગોકુલનાથજી કહી રહ્યા છે, શ્રીગુસાંઇજીના ચરણારવિન્દની રજે મારા મનને આવીને ચંચલ કર્યું, તેથી જ શ્રીગુસાંઇજીએ કરેલા શ્રી આચાર્યજીમહાપ્રભુજીના આઠ શ્લોક તેની ટીકા કરવા માટે હું પ્રયત્નશીલ થયો છું ત્યાં કહે છે કે, આ ટીકા પૂરી થાય તે માટે શ્રીગુસાંઇજીના ચરણકમલને હું નમસ્કાર કરૂં છું. આ નમસ્કારના વિશ્વાસથી જ હું ટીકા કરવાનો આરંભ કરૂં છું.

હવે કહેછે કે, શ્રીઆચાર્યજી મહાપ્રભુનું સ્વરૂપ, ધર્મ અને આપના સેવક બધું જોકે અલૌકિક છે પરંતુ એમનો જન્મ લોકમાં છે. ત્યાં આ શંકા થાય છે કે લૌકિક જન્મ વગેરે તો કર્મને આધીન છે, તો સામાન્ય લોકોની જેમ શ્રીઆચાર્યજી અને સેવકોના જન્મ વગેરે કેમ દેખાય છે? તે શંકા દૂર કરવા માટે શ્રીગુસાંઇજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ જેવું છે તેવું કહે છે. અને જે પ્રકારથી એમનું પ્રાકટ્ય છે તે પણ કહે છે. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પ્રગટ થઇને જે-જે કાર્ય કર્યા તે બધું પોતાના સેવકોને કહે છે.

**શ્રીમદ્ - વૃન્દાવનેન્દુ - પ્રકટિત - રસિકાનન્દ - સન્દોહરૂપ -**
**સ્ફુર્જદ્ - રાસાદિ - લીલામૃત - જલધિ - ભરાક્રાન્ત - સર્વોઽપિ-શશ્વત્ ||**
**તસ્યૈવાત્માનુભાવ - પ્રકટન - હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસિદ્**
**ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિ - કરૂણસ્ તં પ્રપદ્યે હુતાશમ્ ||૧||**

**ભાવાર્થ :** શ્રીમદ્-વૃન્દાવનચન્દ્ર શ્રીકૃષ્ણએ ભક્તિરસિકોને માટે જે આનન્દના સમુહ જેવી રાસાદિ લીલાઓના અમૃતસમુદ્રને પ્રકટ કર્યો તેનાથી હંમેશા જેમનું અંગ-પ્રત્યંગ આપ્લાવિત હોવા છતાં પણ, જે પ્રકારનું રૂપ ધારણ કરી જેવી લીલા કરવી છે તેનો અનુભવ કરાવવાના આશયવાળા શ્રીકૃષ્ણની જ આજ્ઞાથી જે અતિ કરૂણા કરી ભૂમિ ઉપર મનુષ્ય આકૃતિ ધારણ કરીને પ્રકટ થયા એવા, અગ્નિના શરણમાં હું જાઉ છું. ||૧||

**ટીકા :** શ્રીઆચાર્યજી મહાપ્રભુ કેવા છે તે કહે છે. અખિલ શોભાયુક્ત જે શ્રીવૃન્દાવન, જ્યાં લક્ષ્મીજીનો સદા વાસ છે અથવા

વ્રજભક્તો સહિત જે વૃન્દાવન તેના ચન્દ્રમારૂપ જે પૂર્ણપુરૂષોત્તમ એમનાથી વૃન્દાવન અલૌકિક છે. શા માટે? લૌકિક વનનો અધિપતિ લૌકિક ચન્દ્રમા જેમ લૌકિક વનને આનન્દ ઉપજાવે તેવી રીતે આ અલૌકિક વૃન્દાવનના ચન્દ્રમારૂપ જે રસાત્મક પૂર્ણપુરૂષોત્તમ તે આ વનને આનન્દના ઉપજાવવાવાળા છે. અને વેણુનાદદ્વારા બધા સ્થળે સ્વરૂપામૃતના પ્રવેશ વડે સદા રસ પ્રકટ કરવાવાળા એવા ચન્દ્રમારૂપ જે પૂર્ણપુરૂષોત્તમ તેના દ્વારા પ્રગટ કરેલો જે વ્રજભક્તોને માટે આનન્દસમૂહ તેનાથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના અંગ- પ્રત્યંગ અંદર-બહારથી આપ્લાવિત છે.

''રાસાદિક લીલા'' કહીને પછી જે અમૃતસમુદ્ર કહ્યો તે એટલા માટે કે અમૃતરસ હોય તે મીઠો હોય અને મરણ વગેરે બધા દોષોને દૂર કરી; અને જે સ્વર્ગમાં હોય તેને પણ પાવન કરવાને યોગ્યછે. આ રીતે આ લીલા પણ અતિશય મીઠી છે. અને જીવોના લૌકિક દેહ દૂર કરી અલૌકિક અમર દેહની પ્રાપ્તિ કરાવવા વાળી છે. અને સમુદ્ર જેમ અથાહ હોય અને ઉચ્છલિત તરંગવત્ હોય તે રીતે રાસાદિક લીલા પણ અથાહ છે; અને જેની અંદર ભાવોના તરંગ ઉઠે છે, તેથી સમુદ્ર છે. તે રાસાદિક લીલારૂપી જે અમૃતનો સમુદ્ર તેની જે ભરતી, તેનાથી જટિત છે અંગ જેમના, એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ છે. આ રીતે સદા રસરૂપ સ્વરૂપનું નિરૂપણ કર્યું.

ત્યાં આ શંકા થાય કે આવા રસરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું પ્રાકટ્ય લોકમાં તો ન સમ્ભવે! ત્યાં કહે છે શ્રીઆચાર્યજી કર્મને આધિન નથી પણ એ તો શ્રીઠાકોરજીની ઇચ્છાને આધીન છે. તેથી શ્રીઠાકોરજીની આજ્ઞાથી પ્રગટ થયા છે. તો કહે છે, શ્રીપૂર્ણપુરૂષોત્તમની આવી ઇચ્છા થઇ કે મારી લીલા જાણીને બધા જીવ લીલાસૃષ્ટિમાં આવશે. તો લીલાઓને તો તે જ પ્રગટ કરી શકે જે લીલાની અંદરનો હોય, જેને લીલાનો અનુભવ હોય તો એવા તો શ્રીઆચાર્યજી જ છે તેથી એમને જ આજ્ઞા કરી. ત્યારે જેમ પૂર્ણપુરૂષોત્તમ પ્રગટ થયા તે રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પ્રગટ થયા. તેથી લૌકિક પુરૂષની જેમ પ્રાકટ્ય ન માનવું. અને ભૂતલ ઉપર બ્રાહ્મણવેષથી પ્રગટ થવાની આજ્ઞા થઇ તે એથી કે બ્રાહ્મણ બધા વર્ણોમાં ઉત્તમ છે. ભક્તિમાર્ગ તેનામાં પ્રસંશનીય બને તેથી બ્રાહ્મણ રૂપે પ્રગટ થયા.

ત્યાં આ શંકા થાય કે આવો રસ છોડીને શ્રીઆચાર્યજી મહાપ્રભુ

ભૂતલ ઉપર પ્રગટ થયા તે શા માટે? ત્યાં કહે છે, શ્રીઆચાર્યજી મહાપ્રભુ અતિ કારૂણિક છે. તેનો અર્થ એવો છે કે, ઠાકોરજીને જ જીવ માટે એવી ઇચ્છા થઇ કે બધા જીવ મારી લીલા જાણીને લીલાસૃષ્ટિમાં આવે. તેથી શ્રીઆચાર્યજી પોતાનો રસ છોડીને પણ જીવના ઉદ્ધારને માટે પ્રગટ થયા. તેથી શ્રીઠાકોરજીથી પણ શ્રીઆચાર્યજીમાં અતિ દયા છે, તેથી પ્રગટ થયા.

ત્યાં આ શંકા થાય કે સ્વરૂપ જાણ્યા વિના શરણે કેવી રીતે આવે? તેના માટે સ્વરૂપ કહી રહ્યા છે. ઠાકોરજીના મુખારવિન્દના અધિષ્ઠાતા જે અલૌકિક અગ્નિ તેના રૂપ આનન્દમય શ્રીઆચાર્યજી મહાપ્રભુનું સ્વરૂપ જાણવું. તેથી શ્રીગુસાંઇજી કહે છે કે આવા શ્રીઆચાર્યજી તેમના અમે શરણે જઇએ છીએ. આના દ્વારા એ જણાવ્યું કે બધા સેવક હંમેશા શ્રીઆચાર્યજીના શરણે રહો, તો બધી વસ્તુની સિદ્ધિ પ્રાપ્ત થાય. આ ઉપદેશ કર્યો ||૧||

આ રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સ્વરૂપ-પ્રાગટય માટે કારણ, શ્રીઠાકોરજીની આજ્ઞાથી; અને પ્રાગટ્યનો પ્રકાર કહીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પ્રગટ થઇને જે અસાધારણ કાર્યો કર્યા તે કોઇથી પણ બની ન શકે તેનું નિરૂપણ કરે છે.

**નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદ્ અધિ-ધરણિ - તલં ભૂતનાથોદિતાસન્ -**
**માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દૈવસર્ગેઽપિ જાતાઃ ||**
**ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્ નૈવ દૈવી**
**સૃષ્ટિર્ વ્યર્થા ચ ભૂયાન્ નિજફલરહિતા દેવ! વૈશ્વાનરૈષા ||૨||**

**ભાવાર્થ :** હે દેવ, હે અગ્નિસ્વરૂપ! જો આપ આ ભૂતલ ઉપર પ્રકટ થયા ન હોત તો વેદોક્તમાર્ગની સરણી મુજબ દૈવસર્ગમાં પણ પ્રગટ થયેલા, પરંતુ શ્રીમહાદેવજીના કહેલા અસન્માર્ગના અન્ધકારથી આંધળા જેવા બનેલા આ જીવ, શ્રીનન્દનન્દન શ્રીકૃષ્ણને કોઇ રીતે પણ પ્રાપ્ત ન કરી શકત અને પોતાના શ્રીહરિરૂપ ફલથી રહિત થયેલી આ દૈવી સૃષ્ટિ પણ વ્યર્થ થઇ જાત ||૨||

**ટીકા :** હવે શ્રીગુસાંઇજી કહે છે કે, જો શ્રીઆચાર્યજી ભૂમિ ઉપર પ્રગટ થયા ન હોત તો આ બંને પ્રકારની દૈવીસૃષ્ટિ, મર્યાદારૂપ અને પુષ્ટિરૂપ

તે વ્યર્થ થઇ જાત. તે કેમ! જો પ્રગટ થયા ન હોત તો આ બંને કાર્યો સિદ્ધ ન થાતઃ પુષ્ટિમાર્ગના સાધન અને ફલનું જ્ઞાન કોઇને ન થાત.ત્યાં આ શંકા થાય કે મર્યાદામાર્ગ તો વેદે બતાવેલો છે, તેના સાધન વેદમાં કહેલાં છે, તો વેદના સાધન બધાં કરત તેનાથી મુક્તિ થાત. તો શ્રીઠાકોરજીએ મર્યાદામાર્ગના સાધન અને ફલ કહ્યા છે, તે રીતનું જ્ઞાન કોઇને થાય તો ફલસિદ્ધિ થાય. તે પ્રકારનું જ્ઞાન ન થાય તો ફલ પણ ન મળે તેમાં સંદેહ જ નથી. ત્યાં આ સન્દેહ થાય છે કે બીજા કોઇને જ્ઞાન શા માટે નથી? ત્યાં કહે છે કે, મર્યાદામાર્ગના સાધન જેમાં કહ્યા છે એવા જે વેદના વાક્ય તેમનો સહુ કોઇ પોતાના મનઘડંત અર્થ કરીને કહેવા લાગ્યા, તેથી સાધન પણ અનેક પ્રકારના કહેવા લાગ્યા. ત્યાં કહે છે કે, અનેક મતોનું મૂળ શું? તો કહે છે કે શ્રીમહાદેવજી દ્વારા પ્રગટ કરેલા જે મોહશાસ્ત્ર તેમાં પોતપોતાના મન પ્રમાણે અર્થ કરી મર્યાદામાર્ગના સાધન-ફલ કહેવા લાગ્યા. તેથી એક પ્રકારના સાધન અને ફલ ન કહ્યા. તે સાધન-ફલ વેદમાર્ગથી વિરૂદ્ધ છે. કેવી રીતે? તો ગીતામાં તો આમ કહ્યું છે **''ભકત્યા મામ્ અભિજાનાતિ''** (ભગ.ગી.૧૮/૫૫) કે ભક્તિ વડે ઠાકોરજીના સ્વરૂપનું જ્યારે જ્ઞાન થાય ત્યારે ઠાકુરમાં જઇને પ્રવિષ્ટ થાય. આનન્દનો અનુભવ થાય. તો આ ફલ વેદમાં કહ્યું છે.

પરંતુ માયાવાદી શાસ્ત્રવિરૂધ્ધ કહે છે કે એક નિરાકાર બ્રહ્મ સત્ય છે બીજું બધું મિથ્યા છે. તો કલ્પિત ગુરૂ જ્યારે ઉપદેશ કરે છે કે ''અરે! તૂં તો નિરાકાર બ્રહ્મ છે. જીવ તો કલ્પિત છે'' તો આ રીતે જ્યારે કહે છે ત્યારે ઉપદેશ સાંભળનાર કહે છે ''હું બ્રહ્મ છું - હું બ્રહ્મ છું.'' આ રીતે જ્યારે કહે છે ત્યારે જીવનો નાશ થાય છે. આનું નામ જે મુક્તિ કહે છે તે ન થાય. શા માટે? તો મુક્તિ તો પુરૂષાર્થ છે. જ્યારે જીવનો નાશ થયો ત્યારે ફલનો અનુભવ કોણ કરે? તેથી એમનો મત વેદથી વિરૂદ્ધ છે.

આનાથી વિરૂદ્ધ ન્યાયશાસ્ત્રનો મત છે. તે તો એમ કહે છે કે સોળ પદાર્થ છે : (૧)પ્રમાણ. (૨)પ્રમેય. (૩)સંશય. (૪)પ્રયોજન. (૫)દ્રષ્ટાંત. (૬)અવયવ. (૮)તર્ક. (૯) નિર્ણય. (૧૦)વાદ. (૧૧) જલ્પ. (૧૨) વિતન્ડા. ૧૩) હેત્વાભાસ. (૧૪) છલ. (૧૫) જાતિ. (૧૬) નિગ્રહસ્થાન. આ સોળપદાર્થોનું જ્ઞાન તે મુક્તિમાં સાધન છે. અને મુક્તિને

સુખ-દુ:ખના અત્યન્તાભાવથી માને છે. વેદમાં તો મુક્તિનું સ્વરૂપ આનન્દરૂપ નિરૂપણ કર્યું છે. તેથી આ મત પણ વેદથી વિરૂદ્ધ છે.

અને કર્મવાદી એમ કહે છે કે સ્વર્ગના આનન્દનો કોઇ અનુભવ કરે તેનું નામ 'મુક્તિ'. તે વેદથી વિરૂદ્ધ છે. શા માટે? વેદમાં બ્રહ્માનન્દના અનુભવને જ મુક્તિરૂપ માનેલો છે અને સ્વર્ગલોકમાં તો કાંઇ બ્રહ્માનન્દનો અનુભવ છે નહીં. તેથી આ માર્ગોનું અનુસરણ કરવાથી વેદમાં કહેલો જે મુક્તિમાર્ગ તેમાં પ્રતિબન્ધ આવે છે.

તેથી આ માર્ગોને અન્ધકારરૂપ માનેલા છે. તે કેવી રીતે? તો અન્ધકાર જ્યારે હોય છે ત્યારે કોઇને જે માર્ગ ઉપર ચાલવું હોય તે મારગ દેખાતો નથી. તેવી જ રીતે અસત્ શાસ્ત્રોને કારણે જ સાચો મુક્તિમાર્ગ દેખાતો નથી. તેથી કરીને અસત્ શાસ્ત્રોને અનુસરણ કરવાવાળાઓને આંધળા જેવા જાણવા. તે કેવી રીતે? આસુરી જીવોને પ્રવૃત્તિ-નિવૃત્તિનું જ્ઞાન સર્વથા હોતું નથી, તેથી સ્વાભાવિક અન્ધત્વ છે. પરંતુ દૈવીજીવોને તો મુક્તિયોગ્ય માનેલા છે તો પણ અસત્ શાસ્ત્રોના અનુસરણ કરવાથી તો તેઓ પણ આંધળા જેવા બની જાય છે. પરંતુ સત્સંગ દ્વારા એમનો અજ્ઞાનનો અંધકાર જ્યારે દુર થાય છે ત્યારે મુક્તિમાર્ગ ફરી દેખાવા લાગે છે. તેથી શ્રીગુસાંઇજી શ્રીમહાપ્રભુજીને કહી રહ્યા છે કે આપે પ્રગટ થઇને મર્યાદામાર્ગના જે સાધન અને ફલ હતા તે નિરૂપણ કર્યા. તેથી જો આપ પ્રગટ થયા ન હોત તો મર્યાદામાર્ગનું ફલ પણ ન મળત. તો કહે છે કે જેમ પુષ્ટિમાર્ગીય જીવ છે તેમને પણ પુષ્ટિમાર્ગના સાધનનું જ્ઞાન ન થાત તો તેમને સાક્ષાત્ ઠાકોરજીના સમ્બન્ધરૂપી ફલની પ્રાપ્તિ ન થાત.

અહો દેવ! તમે ક્રીડા કરવા માટે પ્રગટ થયા છો; અને અહો વૈશ્વાનર! અલૌકિક અગ્નિરૂપ એમ કહીને એ બતાવ્યું કે આપનામાં માર્ગોના ફલદેવાનું સામર્થ્ય છે. તેથી આપના પ્રાગટય પહેલાં કોઇ સાધન જાણતા ન હતા. તેથી આપે પ્રગટ થઇને બધાને સાધન બતાવીને ફલદાન કર્યું. તેથી આપ પ્રગટ ન થયા હોત તો મર્યાદારૂપ અને પુષ્ટિરૂપ બંને પ્રકારની દૈવીસૃષ્ટિ વ્યર્થ થઇ જાત. ।।૨।।

ત્યાં શંકા થાય કે ઉત્તમ માર્ગ જેટલાં છે તે તો વેદમાં કહેલાં છે. વેદમાર્ગનાં જાણવાવાળાને પણ વેદના અર્થનું જ્ઞાન તો હશે. તો મર્યાદામાર્ગ

તથા પુષ્ટિમાર્ગ વેદમાં કહેલાં હોય તો તેનું પણ જ્ઞાન હશે. તો શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પ્રગટ થઈને શું કર્યું? ત્યાં કહે છે કે વેદનું વ્યાખ્યાન કરવાવાળા છે તેને વેદનું તાત્પર્યજ્ઞાન નથી. કેવી રીતે? કે વેદ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આગળ જ સાચો અભિપ્રાય પ્રગટ કરે છે, તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જ વેદના તાત્પર્યને જાણે છે બીજા કોઇ જાણતા નથી તે કહે છે :

**ન હ્યન્યો વાગધીશાચ્ છ્રુતિગણવચસાં ભાવમ્ આજ્ઞાતુમ્ ઈષ્ટે**
**યસ્માત્ સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂર્ અગ્રતઃ પત્યુરેવ ||**
**તસ્માચ્ છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ**
**ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ ||૩||**

**ભાવાર્થ :-** વાણીના પતિ સિવાય બીજું કોઇ શ્રુતિઓના સમુહના વચનોના ભાવને જણાવવા સમર્થ નથી. કેમ કે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ આગળ જ પોતાના આશયને પ્રકટ કરે છે. તેથી હે શ્રીવલ્લભાચાર્ય! જે લોકો આપના કહેલા વચનોથી વિપરિત વેદોનો અર્થ કહે છે, તેઓ સ્વભાવથી જ અસુરપ્રકૃતિ હોવાથી ભ્રાન્ત હોવાથી કેવળ અન્ધતમ (નરક)ને પ્રાપ્ત થાય છે.

**ટીકા :** શ્રીગુસાંઇજી કહે છે, શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સિવાય બીજા કોઇ વેદનો અભિપ્રાય જાણવામાં સમર્થ નથી. તે શા માટે ? જેમ પતિવ્રતા સ્ત્રી હોય તે પોતાનો અભિપ્રાય પતિની આગળ જ પ્રકટ કરે છે. તે રીતે વેદ પણ વાક્પતિ શ્રીઆચાર્યજીની સન્મુખ જ પોતાનો અભિપ્રાય પ્રકટ કરે છે. તે કેવી રીતે? તો વેદના વચન ઠાકોરજીના છે. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ઠાકોરજીના મુખારવિન્દરૂપ છે. તેથી વચનના પતિ તો મુખ જ હોય છે. તેથી શ્રીઆચાર્યજી વેદના પતિ છે. એટલા માટે પુરૂષોત્તમની જ મુખ્યતા વડે નિરૂપણ કરે છે; બીજા દેવતાઓને ઠાકોરજીના અંશ તરીકે, વિભૂતિ તરીકે, સેવક તરીકે નિરૂપણ કરે છે. તેથી પતિ જ પતિવ્રતા સ્ત્રીનો અભિપ્રાય જાણે છે. તે રીતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જ વેદનો અભિપ્રાય જાણે છે બીજા કોઇ જાણતા નથી. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ જે વેદનો અર્થ કર્યો તેનાથી વિરૂદ્ધ જે કહે છે તે ભ્રાન્ત છે, તેઓને આસુરી જીવ જાણવા. અને તેઓના કહેવા પ્રમાણે જે કરે છે તેઓ પણ આસુરી જીવ છે.

તેથી આસુરી જીવોને તો માયાની ઉપાસના છે. તેનું ફલ અન્ધન્તમ (નરક)જ મળે. સ્વર્ગાદિ લોકો ની પ્રાપ્તિમાં જોકે દુઃખ નથી પરંતુ આનન્દ પણ નથી. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પ્રાક્ટ્યનું એક કારણ દૈવી સૃષ્ટિને સાર્થક કરવી તે કહ્યું ।।૩।।

હવે કહે છે કે શ્રીઆચાર્યજીએ આ માર્ગના પ્રાકટ્યનું કાર્ય કર્યું તેથી શ્રીઠાકોરજી પણ પ્રસન્ન થયા.

**પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિ-ચરણામ્ભોજ-સેવાખ્ય-વર્ત્મ**
**પ્રાકટ્યં યત્ કૃતં તે તદ્ધુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે ।।**
**યસ્માદ્ અસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ ક્વાપ્યુપાહર્તુમ્ ઇચ્છ -**
**ત્યદ્ધા તદ્ ગોપિકેશઃ સ્વવદનકમલે ચારૂહાસે કરોતિ ।।૪।।**

**ભાવાર્થ :-** હે અગ્વિરૂપ ! ભૂતલ ઉપર પ્રગટ થઇને આપે શ્રીહરિના ચરણકમલની સેવા કરવાનો જે માર્ગ પ્રક્ટ કર્યો છે તે નિશ્ચિત રૂપે આપના તથા ભક્તોના માટે જ પ્રકટ કર્યો છે. એમ હું માનું છું. કેમ કે <u>આ માર્ગમાં સ્થિત (શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોની મર્યાદામાં રહીને) ભક્ત (પુષ્ટિભક્તિના શુધ્ધ સ્વરૂપને અનુસરનારો) કોઇ વસ્તુ, કોઇપણ પ્રકારથી, કયાંય પણ રહીને અર્પણ કરવા ઇચ્છે તો તે વસ્તુનો શ્રીગોપીજનવલ્લભ પોતાના સુંદરહાસ્યવાળા મુખકમલમાં અંગીકાર કરે છે</u> ।।૪।।

**ટીકા :-** શ્રીગુસાંઇજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહી રહ્યા છે કે આપે પ્રગટ થઇને વ્રજપતિ જે શ્રીપૂર્ણપુરૂષોત્તમ તેમના ચરણકમલની સેવા કરવાનો આ જે સેવામાર્ગ ભૂમિ ઉપર પ્રગટ કર્યો છે તે આપના સંતોષને માટે છે. કેવી રીતે? પહેલાં જોકે પૂજામાર્ગ હતો પરંતુ તેમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને સંતોષ ન થયો અને પૂજામાર્ગમાં વિભૂતિરૂપ સેવ્ય છે. સેવામાર્ગમાં ભાવથી સેવા થાય છે અને પૂજામાર્ગમાં સમયને નિયામક કહેલો છે કે બધા કર્મ વડે મધ્યાહ્નમાં પૂજા કરવી. અને સેવામાં તો સમયનો નિયમ નથી. જ્યારે મનમાં આવે સેવા કરે અને પૂજામાર્ગમાં નૈવેદ્ય ઠાકોરજીના વિભૂતિરૂપ આગળ ધરાય છે તેથી તે વિભૂતિ પ્રસન્ન થાય. તેથી અદ્રષ્ટ હોયછે જે તેનાથી ફલ મળે, વધુમાં વધુ મુક્તિ મળે છે. અને સેવામાર્ગમાં તો

સમર્પિત વસ્તુને પૂર્ણપુરૂષોત્તમ સાક્ષાત્ આરોગીને ફલથી પણ અધિક જે ફલ, જે વ્રજભક્તોને મળ્યું, તેનું દાન કરે છે. તેથી સેવામાર્ગમાં પૂજામાર્ગ કરતાં અતિ વિલક્ષણતા છે. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને પણ પૂજામાર્ગથી સંતોષ ન થયો. તેથી ભક્તિમાર્ગ પ્રગટ કર્યો.

ત્યાં શ્રીગુસાંઇજી કહે છે અહો હુતાશ! અગ્નિરૂપ કહ્યા. જેવો ભક્તિમાર્ગ (તાપાત્મક) પ્રગટ કરવાનું સામર્થ્ય છે તેવા આપ છો. અને અમને પણ આપનામાં ખૂબજ વિશ્વાસ છે તે શા માટે? આપના દ્વારા પ્રગટ કરેલો જે માર્ગ, તેમાં જે કોઇ કાર્ય, તેમાં મન વડે સ્થિતિ થાય, તે કયા પ્રકારે? શરીરનો વિનિયોગ ઠાકોરજીની સેવામાં કરે અને વાણીથી ઠાકોરજીના ગુણગાન ગાય, મન ઠાકોરજીમાં જ રાખે. આ રીતે જે રહેવાવાળા છે તે આ માર્ગમાં પોતાનાથી જે બની શકે તે કોઇપણ વસ્તુ (પદાર્થ) શાસ્ત્રની વિધિ વગર પણ જો ઠાકોરજીને સમર્પણ કરવાની ઇચ્છા કરે તો સાક્ષાત્ રૂચિથી હાસ્ય કરતાં વ્રજભક્તો સહિત પૂર્ણપુરૂષોત્તમ આપના મુખારવિન્દથી આરોગિને જીવોને પુષ્ટિમાર્ગનું ફલદાન કરે છે. તો શ્રીગુસાંઇજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહી રહ્યા છે કે જો આપે આ મારગ પ્રગટ ન કર્યો હોત તો જીવ કૃતાર્થ કેવી રીતે થાત ।।૪।।

હવે કહે છે કદાચ કોઇ એમ કહે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી રૂદ્રરૂપ જે અગ્નિ છે તે-રૂપ હશે? તે શંકા દૂર કરવા માટે કહે છે કે લૌકિક અગ્નિના ધર્મ અને શ્રીઆચાર્યજી મહાપ્રભુના ધર્મ વિરૂધ્ધ છે :

**ઉષ્ણત્વૈક-સ્વભાવોડપ્યતિ- શિશિર- વચઃ પુંજ-પીયૂષ-વૃષ્ટિર્-**
**આર્તેષ્વત્યુગ્ર-મોહાસુર-નૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ।।**
**સ્વસ્મિન્ કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂત-દેવત્વમેતદ્-**
**યસ્માદ્ આનન્દદં શ્રીવ્રજજન-નિચયે નાશકં ચાસુરાગ્નેઃ ।।૫।।**

**ભાવાર્થ :-** ઉષ્ણત્વનો એક સ્વભાવ છે જેમનો એવા, પણ દીન ઉપર શીતલ વચનરૂપ અમૃતવર્ષા કરો છો અને સાથે સાથે અતિશય મોહવાળા આસુરો ઉપર તાપ પણ કરીને આપ આપનામાં શ્રીકૃષ્ણાસ્યપણાને પ્રકટ કરો છો; પરંતુ અગ્નિપણું પ્રગટ નથી કરતા. કારણ કે આ આપનું સ્વરૂપ વ્રજજનસમુહમાં તો આનન્દ દે છે અને આસુરાગ્નિનો નાશ પણ કરે

છે ।।૫।।

**ટીકા :-** શ્રીગુસાંઇજી કહે છે કે આપ ઉગ્રપ્રતાપવાળા છો તો પણ ઉષ્ણતા સાથે નથી. અને લૌકિક અગ્નિ જે ઉષ્ણતા સાથે હોય છે તેના આપ ઘાતક છો. લૌકિક અગ્નિરૂપ કોઇ કહે તો તેમ પણ ન કહેવું. શા માટે? લૌકિક અગ્નિની ઉષ્ણતા (ગરમી) કયારેક વધારે હોય કયારેક થોડી હોય અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તો અલૌકિક આનન્દરૂપ જે અગ્નિ છે તેના રૂપ છે. તેથી આપનામાં ઉષ્ણતા જુદી રીતની છે એમ જાણવું. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં અલગ જ રીત છે તે કહે છે કે આપ આપના સેવકોની આર્તી જોઇને જે વચન કહે છે તે વચન સેવકોને માટે તો શીતલ એટલે કે તાપને દૂર કરવાવાળા અમૃતરૂપ હોય છે અને એ વચનોને જ્યારે અસુર સાંભળે છે ત્યારે એમને માઠું (કડવું) લાગે છે. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી રૂદ્રાઅગ્નિ હોય તો રૂદ્ર તો અસુરોના પક્ષપાતી છે - અસુરોના સેવ્ય છે - અસુરોને દૂર કરવાવાળા નથી! પરંતુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તો આપના વચન વડે સેવકોને આનન્દ ઉપજાવે છે અને અસુરોને દુર પણ કરે છે. જેમ પૂર્ણપુરૂષોત્તમનું મુખારવિન્દ વ્રજભક્તોની આર્તિ દૂર કરવાવાળું છે અને આસુર દાવાગ્નિનું પાન કરવાવાળું છે. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં અને લૌકિક અગ્નિમાં તદ્દન અલગ રીત છે. ।।૫।।

હવે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી અલૌકિક કાર્ય કરવાવાળા છે તેથી અલૌકિક આનંદમય છે તે કહે છે :

**આમ્નાયોકતં યદમ્ભો ભવનમનલતસ્ તચ્ચ સત્યં વિભો! યત્ -**
**સર્ગાદૌ ભૂતરૂપાદ્ અભવદ્ અનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ।।**
**આનન્દૈકસ્વરૂપાત્ ત્વદધિભુ યદ્ અભૂત્ કૃષ્ણસેવારસાબ્ધિશ્-**
**ચાનન્દૈક-સ્વરૂપસ્ તદખિલમ્ ઉચિતં હેતુસામ્યં હિ કાર્યે ।।૬।।**

**ભાવાર્થ :-** વેદમાં અગ્નિથી જલ થવાનું કહ્યું છે તે સત્ય છે. હે પ્રભો! સૃષ્ટિના આરંભમાં જેમ ભૂતસ્વરૂપ અગ્નિમાંથી ભૂતસ્વરૂપ જલ થયું તેમ આ ભૂતલ ઉપર આનન્દસ્વરૂપ આપનામાંથી આ કૃષ્ણસેવારૂપ રસસમુદ્ર પણ આનન્દસ્વરૂપ જ થયો છે. આ ઉચિત જ છે કેમ કે કાર્યમાં કારણનું સાદૃશ્ય આવે જ છે ।।૬।।

**ટીકા :-** વેદમાં જ્યાં સૃષ્ટિની ઉત્પત્તિ કહેલી છે ત્યાં પહેલાં આકાશ ઉત્પન થયું, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જલ. તો આ પ્રકારે ઉત્પત્તિ કહેલી છે. તે આધિભૌતિક પદાર્થની ઉત્પત્તિ કહી છે. તેથી શ્રીગુસાંઇજી કહે છે, ત્યાં જે અગ્નિ કહ્યો છે તેમાંથી જલની ઉત્પત્તિ છે. શા માટે? જેમ કારણ હોય તેવું જ કાર્ય થાય. તો કારણ લૌકિક પ્રગટ થયું. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ તો આનન્દાગ્નિરૂપ છે તેથી તેમનાથી પ્રગટ થયેલો જે ભૂમિ ઉપર શ્રીઠાકોરજીની સેવારૂપી પરમાનન્દનો સમુદ્ર તે પણ અલૌકિક છે ||૬||

હવે બીજા ધર્મોથી પણ અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે તે નિરૂપણ કરે છે :

**સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને! ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ**
**પ્રાણપ્રેષ્ઠ-વ્રજાધીશ્વર-વદન- દિદૃક્ષાર્તિ-તાપો જનેષુ ||**
**યત્ પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદ્ અપીત્થં દૃષ્ટેઽપ્યસ્મિન્ મુખેન્દૌ પ્રચુરતરમ્ ઉદેત્યેવ તચ્ચિત્રમ્ એતત્ ||૭||**

**ભાવાર્થ :-** સ્વામિન્ ! અગ્નિસ્વરૂપ આચાર્યવર્ય! આપના ક્ષણમાત્રના સન્નિધાનથી, કૃપાદ્વારા ભક્તોને પ્રાણથી પણ પ્રિય શ્રીહરિના મુખકમલને જોવાની ઇચ્છાનો તાપ થાય છે, તે ઉચિત જ છે. પરંતુ પછી શ્રીહરિના મુખકમલને જોઇને પણ વિશેષતર તાપ થાય છે આ આશ્ચર્ય છે! ||૭||


**ટીકા :-** શ્રીગુસાંઇજી કહે છે, અહો શ્રીવલ્લભ! અહો અગ્નિરૂપ! અમારા સ્વામિ! આપની પાસે એક ક્ષણ પણ બેસવાથી આપની કૃપાથી પ્રાણથી પણ પ્રિય જે શ્રીપૂર્ણપુરૂષોત્તમ એમના મુખારવિન્દના દર્શન જે સાક્ષાત્ થતા નથી તેથી આપના સેવકોમાં આપની પાસે રહેવાથી તાપ થાય છે આ વાત તો ઉચિત છે. શા માટે? જેમ લૌકિક અગ્નિની પાસે રહેવાથી પણ તાપ લાગે છે અને અગ્નિમાં જેમ-જેમ બળતણ વધારે થાય તેમ-તેમ તાપ પણ વધારે લાગે છે. આ વાત તો ઉચિત છે. પરંતુ આ અતિ આશ્ચર્ય છે કે આપની એક વખત જે પહેલાં નિકટતા મળી ત્યાર પછી નિકટતા વિના

પણ સેવકોને તાપ ઉદ્‌ભવે કેમ? લૌકિક અગ્નિમાં નિકટતા વિના તો તાપ લાગતો નથી અને અહિંયા તો નિકટતા વિના પણ અલૌકિક ઠાકોરજીને મળવાનો તાપ થાય છે. આ અતિ આશ્ચર્ય છે. અને કહે છે કે ચન્દ્રમાને જોવાથી તાપ નિવૃત્ત થાય. અહિંયા તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના મુખચન્દ્રના દર્શનથી અલૌકિક તાપ પ્રગટ થાય છે. તેથી આપ અલૌકિક અગ્નિરૂપ છો ।।૭।।

હવે બીજા ધર્મોનું પણ નિરૂપણ કરી શ્રીઆચાર્યજીનું અલૌકિક સ્વરૂપ અને પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપ પ્રમાણ દ્વારા નિરૂપણ કરે છે.

**અજ્ઞાનાદ્યન્ધકાર – પ્રશમનપટુતા – ખ્યાપનાય ત્રિલોક્યામ્**
**અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુતઃ કૃષ્ણએવ ।।**
**પ્રાદુર્ભૂતો ભવાન્ ઇત્યનુભવ– નિગમાદ્યુકત – માનૈર્ અવેત્ય**
**ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે ।।૮।।**

**ભાવાર્થ :–** આ ભૂતલ ઉપર પંડિતોએ આપનું અગ્નિપણું કેવલ અજ્ઞાનરૂપ અન્ધકારને દૂર કરવાનું ચાતુર્ય પ્રકટ કરવા માટે જ કહ્યું છે.



ખરેખર તો આપ  શ્રીકૃષ્ણ જ પ્રકટ થયા છો આવા અનુભવ અને શાસ્ત્ર વગેરેના પ્રમાણોથી જાણીને, હે શ્રીવલ્લભાચાર્ય! બધા વિદ્વાન આપને ગોકુલેશ જાણીને જ ભજે છે.।।૮।।

**ટીકા :-** હવે શ્રીગુસાંઇજી કહે છે કે આપ કેવા છો? કામ-ક્રોધ-લોભ-મોહ-મદ- મત્સર વિગેરે જે ભગવન્માર્ગને જાણવામાં પ્રતિબંધરૂપ દુર્ગુણો છે તેને આપ દુર કરવાવાળા છો. જેમ લૌકિક અંધકાર માર્ગે ચાલવામાં પ્રતબિંધ કરે તે લૌકિક અગ્નિથી દૂર થાય તે રીતે કામ-ક્રોધ વિગેરે રૂપી અંધકાર તેને દૂર કરવાનું તો આપનું જ સામર્થ્ય છે. તેથી આપ અલૌકિક અગ્નિરૂપ છો. તેથી જે મોટા મોટા જ્ઞાની તે આપને 'અગ્નિ' કહે છે. પરંતુ જો આપનું સ્વરૂપ વિચારીને જોઇએ તો આપ અલૌકિક આનંદમય છો. તેથી શ્રીકૃષ્ણ પૂર્ણપુરૂષોત્તમથી જ પ્રગટ થયા છો. ત્યાં પ્રમાણ શું? ત્યાં શ્રીગુસાંઇજી આપ કહે છે કે એક તો અનુભવ પ્રમાણ છે. અમે આપને પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપે જ જોઇએ છીએ.

અને શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૂર્ણપુરૂષોત્તમ છે અહિં કૃષ્ણદાસજીએ પ્રથમ પૃથ્વિપરિક્રમામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવા ખૂબ કરી ત્યારે આપે પ્રસન્ન થઇને કહ્યું કે તું કાંઇક માંગ, હું આપીશ. ત્યારે કૃષ્ણદાસજીએ ત્રણ વસ્તુ માંગી; એક તો આપના માર્ગના સિદ્ધાન્તનું પૂર્ણ જ્ઞાન થાય. બીજું મુખરતા દોષ દૂર થાય અને ત્રીજું મારા ગુરૂને ઘેર પધારો. ત્યારે બે વસ્તુ તો આપી અને ગુરૂના ઘરે પધારવાની ના કહી. પછી કૃષ્ણદાસ પોતાના ગુરૂના ઘેર ગયા ત્યારે ગુરૂએ પૂછ્યું કે તે મને છોડીને બીજા ગુરૂ કર્યા છે? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે ગુરૂ તો મારા આપ જ છો પણ તમારી કૃપાથી મેં પૂર્ણપુરૂષોત્તમ મેળવ્યા છે. ત્યારે ગુરુએ કહ્યું કે પૂર્ણપુરૂષોત્તમ કેવી રીતે જાણવા? ત્યારે કૃષ્ણદાસે બળતો અગ્નિ હાથમાં લઇને કહ્યું ''જો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ હોય તો આ અગ્નિ મને દઝાડે નહિં, નહિંતર મારા હાથબળીને રાખ થઇ જાય'' તો આમ કહીને બે ઘડી સુધી તે અગ્નિને પોતાના હાથમાં રાખ્યો. ત્યારે ગુરૂએ તે અગ્નિને કૃષ્ણદાસના હાથમાંથી નીચે નખાવી દીધી અને એ સાચું માન્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ છે. આ જગ્યાએ કૃષ્ણદાસનો અનુભવ પ્રમાણ છે.

અને જે સેવક શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સ્વરૂપનો અનુભવ કરે છે તેમનું અન્તઃકરણ પ્રમાણ છે. તેઓ એમ જાણે છે કે, આપ પૂર્ણપુરૂષોત્તમ છે અને વેદ પણ પ્રમાણ છે. શા માટે? વેદમાં સાકાર સ્વરૂપનું નિરૂપણ કરેલું છે તો મુખારવિન્દરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે તેથી વેદ પણ આપના સ્વરૂપને પૂર્ણપુરૂષોત્તમ કહે છે. તે શ્રીગુસાંઇજી આટલા પ્રમાણ વડે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને પૂર્ણપુરૂષોત્તમ જાણીને સેવકોએ ભજન કરવું. ।।૮।।

હવે શ્રીગોકુલનાથજી કહે છે

**પિતૃપાદાબ્જકૃપયા વિવૃતં વલ્લભાષ્ટકમ્ ।**
**ક્ષમયન્તુ સદાચાર્યા ભૃત્યે મયિ શ્રીવલ્લભે ।।**
**ઇતિ શ્રીપિતૃપાદાબ્જ - પરાગારક્તચેતસા ।**
**શ્રીવલ્લભેન વિવૃતમ્ અખિલં વલ્લભાષ્ટકમ્ ।।**

શ્રીગુસાંઇજીના ચરણકમલની કૃપા વડે શ્રીવલ્લભાષ્ટકની ટીકા અમે કરી, તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મને આપનો સેવક જાણી અમારા ઉપર કૃપા કરો. અને મેં જે આ ટીકા કરી તે શ્રીગુસાંઇજીના ચરણકમલની જે પરાગ તેના વડે રંગાયેલા મારા મનની સ્થિતિ વાળો બનીને કરી છે. તેથી આ ટીકા સારી રીતે પૂર્ણ થઇ.

*।। ઇતિ શ્રીગોકુલનાથજી વિરચિત શ્રીવલ્લભાષ્ટકમ્‌ની ટીકાનો*
*ગુજરાતી ભાષાનો અનુવાદ સમ્પૂર્ણ થયો ।।*

# ।। શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રમ્ ।।

*(પુષ્ટિસમ્પ્રદાય પ્રવર્તક ગુરૂરૂપ શ્રીવલ્લભનું સ્વરૂપ લક્ષણ : ''શ્રીકૃષ્ણલીલારૂપ - સેવાકથામાં પરાયણ રહે છે'' તે જ ધર્મિસ્વરૂપે[૧] કહેવાય છે)*

**સ્ફૂરત્ - કૃષ્ણ - પ્રેમામૃત - રસ - ભરેણાતિ - ભરિતા**
**વિહારાન્ કુર્વાણા વ્રજપતિ - વિહારાબ્ધિષુ સદા ।।**

**પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં ‘વલ્લભ’ ઈતિ**
**પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરૂણા ||૧||**

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો ઐશ્વર્ય[2] રૂપ ગુણ : શ્રી ભાગવતત્ત્વજ્ઞતા છે)*

**શ્રીભાગવત – પ્રતિપદ – મણિવર – ભાવાંશુ– ભૂષિતા મૂર્તિ : ||**
**‘શ્રીવલ્લભા’ભિધા નસ્ તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્ ||૨||**

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો વીર્ય[3] રૂપ ગુણઃ ભગવત્સેવામાં પ્રતિબન્ધક વાદોનું નિરાકરણ કરીને શ્રીકૃષ્ણસેવાના પ્રેરક હોવું છે)*

**માયાવાદતમો નિરસ્ય મધુભિત્ – સેવાખ્ય – વર્ત્માદ્ભુતં**
**શ્રીમદ્ – ગોકુલનાથ– સંગમસુધા – સમ્પ્રાપકં તત્ક્ષણાત્ ||**
**દુષ્પ્રાપં પ્રકટીચકાર કરૂણા–રાગાતિ–સમ્મોહનઃ**
**સ શ્રીવલ્લભ– ભાનુરૂલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાન્તરઃ ||૩||**

*(પુષ્ટિસમ્પ્રદાયના ગુરૂરૂપ શ્રીવલ્લભનો યશો[4]રૂપ ગુણઃ પાંડિત્ય, વેદાદિશાસ્ત્ર પારંગતતા, શાસ્ત્રાનુકૂલ આચરણ, વૈષ્ણવમાર્ગીયિતા અને શ્રીવ્રજપતિમાં રતિમાન્ હોવું છે.)*

**ક્વચિત્ પાંડિત્યં ચેત્ ન નિગમગતિઃ સાપિ યદિ ન**
**ક્રિયા સા સાપિ સ્યાત્ યદિ ન હરિમાર્ગે પરિચયઃ ||**
**યદિ સ્યાત્ સોપિ શ્રીવ્રજપતિ–રતિર્ નેતિ નિખિલૈઃ**
**ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ||૪||**

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો શ્રી[5] રૂપ ગુણઃ શ્રી કૃષ્ણસેવામાં પ્રતિબન્ધક એવા વાદોનું નિરાકરણ કરી પ્રમાણચતુષ્ટયની એકવાકયતા વડે સ્વસિદ્ધાન્તના ઉપદેશક હોવું, સ્વયં શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ હોવું અને ભગવત્સેવાઉચિત નિરૂપધિસ્નેહના ઉદ્બોધક હોવું છે.)*

**માયાવાદિ – કરીન્દ્ર – દર્પ – દલનેનાસ્યેન્દુ – રાજોદ્ગત–**
**શ્રીમદ્ – ભાગવતાખ્ય – દુર્લભ – સુધા – વર્ષેણ વેદોક્તિભિઃ ||**
**રાધાવલ્લભ – સેવયા તદુચિત – પ્રેમ્ણોપદેશૈરપિ**
**'શ્રીમદ્ વલ્લભ' – નામધેય – સદ્રૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ||૫||**

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો જ્ઞાન[૬]રૂપગુણ : કલિના બલવાન હોવાના ભયને મટાડીને ભગવત્પ્રીતિકર સેવામાર્ગના પ્રવર્તક હોવું છે.)*

**યદઙ્ઘ્રિ–નખ–મંડલ–પ્રસૃત– વારિ–પીયૂષ–યુગ્–**
**વરાંગ–હૃદયૈઃ કલિસ્તૃણમિવેહ તુચ્છીકૃતઃ ||**
**વ્રજાધિપતિરિન્દિરા – પ્રભૃતિ – મૃગ્ય – પાદામ્બુજઃ**
**ક્ષણેન પરિતોષિતઃ તદનુગત્વમેવાસ્તુ મે ||૬||**

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો વૈરાગ્ય[૭]રૂપ ગુણઃ પુષ્ટિમાર્ગીઓના સકલ કલિકાલના દોષોનો નાશ કરવા સિવાય અન્ય સઘળા વિષયોમાં વિરક્ત હોવું છે)*

**અઘૌઘ–તમસાવૃતં કલિ–ભુજંગમાસાદિતમ્**
**જગદ્ – વિષય – સાગરે પતિતમસ્વધર્મે રતમ્ ||**
**યદીક્ષણ – સુધા – નિધિઃ સમુદિતોઽનુકમ્પામૃતાદ્**
**અમૃત્યુમ્ અકરોત્ ક્ષણાદરણમસ્તુ મે તત્પદમ્ ||૭||**

|| ઇતિ શ્રીવિઠ્ઠલેશ્વરવિરચિતં શ્રીસ્ફુરતકૃષ્ણપ્રેમામૃતં સ્તોત્રં સમ્પૂર્ણં ||

# || શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રમ્ ||

(શ્રીહરિરાયજી કૃત વ્રજભાષાટીકોપેતનો ગુજરાતી અનુવાદ)

*(પુષ્ટિસમ્પ્રદાયના પ્રવર્તક ગુરૂરૂપ શ્રીવલ્લભનું સપ્તધા વર્ણન – ધર્મિસ્વરૂપે[૧] તથા ઐશ્વર્ય વગેરે છ ગુણધર્મોના રૂપમાં[૨-૭])*

શ્રીહરિરાયજી શ્રીઆચાર્યજીને – શ્રીગુસાંઇજીને વિનંતી કરે છે કે મને પ્રેમામૃતની ટીકા કરવા માટે યોગ્યતા આપો. તે શા માટે? તો

પ્રેમામૃતગ્રન્થ શ્રીઆચાર્યજીની કૃપાથી શ્રીગુસાંઇજીએ વર્ણન કર્યો છે. તેમાં પૂર્ણપુરૂષોત્તમ ધર્મ સહિત જેવા શ્રીકૃષ્ણ છે, તેવા જ સ્વરૂપે શ્રીઆચાર્યજીનું વર્ણન કર્યું છે. એવા શ્રીઆચાર્યજીને હું વારંવાર નમસ્કાર કરૂં છું. તો એક શ્લોક વડે મંગલાચરણ કરે છે–

**નમો આચાર્યલીલાબ્ધિ – પ્રેમસીંધુમહીધરઃ ।**
**પાણિપીયૂષસર્વકૃત્ શ્રીવિઠ્ઠલ! નમોડસ્તુ તે ।।**

હવે શ્રીઆચાર્યજી આપ કેવા છે? ત્યાં કહે છે કે જેટલી શ્રીઠાકોરજીની લીલા છે તે પરમ ગંભીર સમુદ્રવત્ છે, તે શ્રીઆચાર્યજીના હૃદયમાં સ્થાપિત છે, તે અમૃતરૂપી લીલારસ છે, તેનું પાન કરવાવાળા શ્રીગુસાંઇજી આપ છે. તેથી જેટલી શ્રીઠાકોરજીની લીલા છે તે બધી શ્રીઆચાર્યજી આપ અનુભવ વડે પોતાના હૃદયમાં રાખે છે. એવા શ્રીઆચાર્યજીને હું વારંવાર નમસ્કાર કરું છું અને શ્રીઆચાર્યજીની ભીતર જે રસ છે તેનું પાન કરનાર શ્રીગુસાંઇજી છે, એમને હું વારંવાર નમસ્કાર કરૂં છું. જે મારા ઉપર પ્રસન્ન થાવ. મારો જે મનોરથ છે પ્રેમામૃતગ્રન્થની ટીકા કરવાનો તેને પૂર્ણ કરવાની યોગ્યતા મને આપો. આ રીતે મંગલાચરણ દ્વારા વિનંતી કરી. હવે પ્રેમામૃતનો શ્લોક કહે છે.

*(પુષ્ટિસમ્પ્રદાય પ્રવર્તક ગુરૂરૂપ શ્રીવલ્લભનું સ્વરૂપ લક્ષણ : ''શ્રીકૃષ્ણલીલારૂપ – સેવાકથામાં પરાયણ રહે છે'' તે જ ધર્મિસ્વરૂપે[૧] કહેવાય છે)*

**સ્ફૂરત્ – કૃષ્ણ – પ્રેમામૃત – રસ – ભરેણાતિ – ભરિતા**
**વિહારાન્ કુર્વાણા વ્રજપતિ – વિહારાબ્ધિષુ સદા ।।**
**પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં 'વલ્લભ' ઈતિ**
**પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરૂણા ।।૧।।**

**ભાવાર્થ :** સ્ફૂરિત થતા કૃષ્ણપ્રેમરૂપ અમૃતરસથી અતિશય ભરાયેલી, વ્રજપતિ શ્રીકૃષ્ણના વિહારરૂપ સાગરમાં સદા વિહાર કરવાવાળી, ગોપીપતિને પ્રિય, 'વલ્લભ' નામથી વિખ્યાત, કરૂણાથી ભરેલી સુંદર મૂર્તિ અમારા હૃદયમાં સ્ફુરિત થાય ।।૧।।

**ટીકા :** હવે શ્રીપૂર્ણપુરૂષોત્તમ જે શ્રીકૃષ્ણ છે તેમના હૃદયમાં અંગ અંગમાં પ્રેમ ભરેલો છે. તે પ્રેમ પરમમિષ્ટ છે (અતિશય મધુર) જેમ અમૃત પરમમિષ્ટ છે, તે શ્રીઅંગમાં એટલો ભરેલો છે કે ત્યાં સમાતો નથી.

ત્યારે શ્રીઠાકોરજીએ મનમાં વિચાર કર્યો કે આ રસ કોને-કોને દાન કરૂં ? ત્યારે મનમાં વિચાર્યું કે આ રસના પાત્ર તો વ્રજભક્ત છે, એમને દાન કરૂં. તે પછી ફરી વિચાર્યું કે કયા પ્રકારે દાન કરૂં? અને કોના દ્વારા દાન કરૂં? ત્યારે એકાન્ત સમયે વેણુ વગાડી ગોપીજનોને બોલાવીને તેમને ભજનાનન્દનું દાન કર્યું. તેવી જ રીતે શ્રીઆચાર્યજી આપ પરમકૃપા વડે દૈવીજીવોના ઉદ્ધારાર્થ પ્રગટ થઇને પૃથ્વી પરિક્રમા કરી. ત્યારે જીવોને સંસારમાં અતિશય મોહિત જોયા. પછી આપ ગોકુલ પધાર્યા ત્યાં જીવોના ઉદ્ધારનો વિચાર કરતા હતા તે જ સમયે શ્રીપૂર્ણપુરૂષોત્તમે પ્રગટ થઇને કહ્યું કે, ''જેને બ્રહ્મસંબંધ કરાવશો તેના સકલ દોષ દૂર થશે, તેનો હું અંગીકાર કરીશ'' ત્યારે શ્રીઆચાર્યજીએ આપે પ્રસન્ન થઇને પવિત્રા ધરાવ્યા.

તો શ્રીઆચાર્યજી આપ કેવા છે? કે જેમ પૂર્ણપુરૂષોત્તમના સંપૂર્ણ શ્રીઅંગમાં રસ ભરેલો છે તેનું વેણુદ્વારા વ્રજભક્તોના હૃદયમાં દાન કર્યું છે, તેવી જ રીતે શ્રીઆચાર્યજીના શ્રીઅંગમાં શ્રીઠાકોરજીનો લીલારૂપ જે રસ છે તેનું દૈવીજીવોને દાન કરે છે. તો જે પ્રકારે શ્રીઠાકોરજીએ વેણુદ્વારા પોતાના વ્રજભક્તોને રસદાન કર્યું તે જ પ્રકારે શ્રીઆચાર્યજી દૈવીજીવોને નામસમર્પણ દ્વારા રસનું દાન કરે છે.

**''કરત કૃપા નિજ દૈવી જીવન પર શ્રીમુખબચન સુનાઇ,**
**વેણુગીત પુનિ યુગલગીત કી રસબરખા બરખાઇ''**

આ રીતે પોતાના સેવકોની સાથે કથારૂપી જે અમૃત તેની વર્ષા કરે છે, જીવોને બ્રહ્મસમ્બન્ધ કરાવે છે અને તેમના ઘરે સ્વરૂપસેવા પધરાવે છે. તો ત્યાં શ્રીઆચાર્યજી બધી વસ્તુનો ભોગ કરાવે છે. તેથી જે વૈષ્ણવ સામગ્રી કરીને શ્રી ઠાકોરજીની સન્મુખ ધરીને આ પ્રકારે વિનંતી કરે છે કે ''મહારાજાધિરાજ શ્રીઆચાર્યજીની કાનીથી અંગીકાર કરો'' ત્યારે શ્રીઠાકોરજી શ્રીઆચાર્યજીની કાનીથી સામગ્રી આરોગે છે.

જ્યારે શ્રીઠાકોરજી વૃંદાવનમાં વેણું વગાડે છે ત્યારે વ્રજમાં જે જીવ

છે પશુ-પક્ષી તેમાં જેનો જેવો અધિકાર છે તેને તે જ પ્રકારથી રસદાન કરે છે. તેવીજ રીતે શ્રીઆચાર્યજી આપ નામ-સમર્પણનું દાન જે જીવ શરણે આવે છે તેને કરે છે. તેમાં બ્રાહ્મણ - વૈશ્ય - શૂદ્ર - સ્ત્રી બધાને દાન કરે છે. પરંતુ જે જે પ્રકારના પાત્ર છે તેઓને તે પ્રકારનું દાન કરે છે. તેથી શ્રીયશોદાજીને ઘરે જે અદ્‌ભૂત બાળક છે તેમાં કોઇનું મન લાગે છે. જેને શ્રીઠાકોરજીમાં સખ્યભાવની વાંછના છે તેને સખ્યભાવ પણ સિદ્ધ કરે છે. જે ભાવ ગોવિન્દસ્વામીને સિદ્ધ થયો તેમ સિદ્ધ થાય. જેનો અધિકાર શૃંગારરસમાં હોય તેને તેવું દાન કરે છે. તેથી આપ જે વૈષ્ણવનો જેવો અધિકાર છે તેવા જ પ્રકારનું દાન કરે છે.

અને જેમ વ્રજભક્તો શ્રીઠાકોરજીને જોઇને પ્રેમથી મોહિત થાય છે. એવા જ શ્રીઆચાર્યજી મહાપ્રભુ સહજમાં જ પરમ સુંદર છે; અને પરમ કરૂણાવન્ત છે. તેથી જે જીવ ઉપર કરૂણાદૃષ્ટિથી જુએ છે તેના સકલ મનોરથપૂર્ણ થાય છે. અને આપ પરમવિરકત અવસ્થામાં રહે છે. (તેથી) જેના ઉપર કૃપા કરે છે તેને વિરકત અવસ્થા પ્રાપ્ત થાય છે. તે કેવી રીતે?

એક દિવસ શ્રીઆચાર્યજીને ત્યાં ભંડારમાં કાંઇ સામગ્રી ન હતી. ત્યારે ભંડારીએ આપને કહ્યું કે આજે ભંડારમાં કાંઇ સીધો સામાન નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીઠાકોરજીની એક સોનાની કટોરી કાઢીને આપી. તેને ગિરવી મુકીને સીધો સામાન લાવ્યા અને મંગલાથી શયન સુધીની સામગ્રી સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ ધર્યા, પરન્તુ તેમાંથી આપે ઘરમાં શ્રીઅક્કાજી સહિત રંચક પણ મહાપ્રસાદ ન લીધો. તે પ્રસાદ ગાયોને ખવડાવી દીધો. ત્યાર પછી એક વૈષ્ણવ મહોર ભેટ ધરી ગયો ત્યારે શ્રીઆચાર્યજીએ ભંડારીને બોલાવીને કહ્યું કે કટોરી છોડાવી લાવો. અને સીધુ સામગ્રી લઇ આવો. ત્યાર પછી બીજે દીવસે જ્યારે શ્રીઠાકોરજીની સેવાથી પહોંચીને ત્યાર પછી આપે બધાએ ભોજન કર્યું. તે પછી બધા સેવક ટહેલવા વૈષ્ણવો ઉપર પ્રસન્ન થઇને ઉપદેશ કર્યો કે આ રીતે સેવામાં સાવધાન રહેજો. તો આવી રીતે શ્રીઆચાર્યજી આપ સેવા કરતા ।।૧।।

આ રીતે પહેલાં શ્લોકમાં આ સિદ્ધાન્ત થયો કે જેટલાં ધર્મ શ્રીઠાકોરજીમાં છે તે બધા ધર્મ શ્રીઆચાર્યજીમાં છે. તેથી શ્રીકૃષ્ણરૂપ જ જાણીને શ્રીઆચાર્યજીનું ભજન કરવું. હવે બીજો શ્લોક કહે છે.

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો ઐશ્વર્ય રૂપ ગુણ : શ્રી ભાગવતત્ત્વજ્ઞતા છે)*

**શ્રીભાગવત - પ્રતિપદ - મણિવર - ભાવાંશુ- ભૂષિતા મૂર્તિ : ||**
**'શ્રીવલ્લભા'ભિધા નસ્ તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્ ||૨||**

**ભાવાર્થ :** શ્રીભાગવતના એકએક પદરૂપ ઉત્તમરત્નોના ભાવરૂપ કિરણોથી વિભૂષિત 'શ્રીવલ્લભ' નામવાળી મૂર્તિ (સ્વરૂપ) અમારા માટે નિજદાસ્ય - સૌભાગ્યને વધારે ||૨||

**ટીકા :** હવે શ્રીભાગવત કેવું છે?તો ભગવત્સ્વરૂપ જ છે. તે કેવી રીતે? તો જેમ શ્રીઠાકોરજી બ્રહ્માંડમાં પોતાના સૂક્ષ્મરૂપ સ્વરૂપે વ્યાપીને રહે છે, શ્રીઠાકોરજીના સબંધ વગરનો કોઇ પદાર્થ નથી, તેવી જ રીતે શ્રીભાગવતમાં બધી વસ્તુઓનું વર્ણન છે તે બધુ શ્રીભાગવતમાં પ્રગટ છે. તે કેવી રીતે? તો શ્રીઠાકોરજીએ અવતારધારણ કર્યા છે તે ચોવીસ અવતારોનું વર્ણન શ્રીભાગવતમાં છે. શ્રીઠાકોરજીના ભજનથી જ્ઞાન થાય છે. તો જે જીવનો જેવો અધિકાર હોય તેને તેવો જ અનુભવ થાય. શા માટે? તો શેષનાગજી સદાય શ્રીભાગવત કહે છે, અને શ્રીભાગવત વિદુર-મૈત્રેયજી પરસ્પર કહે છે - સાંભળે છે, અને ક્ષીરસાગરમાં નારાયણજી કહે છે અને લક્ષ્મીજી સાંભળે છે તેથી જ શ્રીભાગવત ભગવત્સ્વરૂપ છે. તો એવું શ્રીભાગવત આ પૃથ્વી ઉપર જીવોના ઉદ્ધારની નૌકા છે. તેની ટીકા કરવામાં શ્રીઆચાર્યજી આપ (જ સમર્થ છે કેમ? કે) સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ છે. તે કેવી રીતે? તો શ્રીભાગવતરૂપી પર્વત છે, જેમ પર્વતમાં અનેક પ્રકારના વૃક્ષ-ઘાસ થાય અને મણિ પણ હોય. તેમ શ્રીભાગવતરૂપ જે પર્વત છે તેમાં શ્રીઠાકોરજીની બાલલીલા - રસલીલા છે તે મણિ છે. તે પર્વત ઉપર જે જાય છે તેને જ મણિ મળે. તો શ્રીભાગવતમાં લીલારૂપ મણિ છે તેને શ્રીઆચાર્યજી આપ જાણે છે. તે આપે શ્રીસુબોધિનીજી વગેરે પ્રગટ કર્યા છે તેમાં વિવિધ પ્રકારના ભાવ પ્રગટ કર્યા છે. તો શ્રીભાગવતમાં જે મણિ છે તેજ આભુષણ શ્રીઆચાર્યજીના અંગ-અંગમાં પરમ શોભા આપે છે.

અને શ્રીભાગવત કેવું છે? તે મહાગંભીર સમુદ્ર છે જેમ ક્ષીર સમુદ્ર છે. તેનું શ્રીઆચાર્યજી મહાપ્રભુ મન્થન કરીને તેમાંથી જે ચૌદમું રત્ન હતું

ભગવલ્લીલારૂપ જે અમૃત તેને કાઢયું. અને ત્યાં સમુદ્ર મન્થન કરીને રત્ન કાઢયા જે સુર-દેવતાઓને શ્રીઠાકોરજીએ આપ્યા અને અમૃતનું પણ દેવતાઓને પાન કરાવ્યું તેમ અહિં શ્રીઆચાર્યજી આપ શ્રીભાગવતરૂપી સમુદ્રને મંથન કરીને પુરૂષોત્તમરૂપ અમૃત કાઢયુ તે પોતાના દૈવી સેવકોને અનુભવ કરાવ્યું છે. અને જે કર્મજડ હતા તેને કર્મ બતાવ્યું. તે શા માટે? તો તેમને શ્રીપુરૂષોત્તમની લીલાનો અધિકાર નથી. જેમ ત્યાં રાક્ષસોને વારૂણી (સુરા) આપ્યું છે. તેમ અહીં કર્મજડોને તે જ આપ્યું છે. અને ત્યાં લક્ષ્મીજી આપે રાખ્યા તેમ અહીં શ્રીઆચાર્યજી આપ બધા અવતારોની લીલા છોડીને શ્રીકૃષ્ણ પૂર્ણપુરૂષોત્તમ છે તેની લીલાનો ભાવ છે તેને હૃદયમાં રાખે છે.

અને શ્રીભગવાન્ મોહિનીરૂપ ધરિને અસુરોને મોહ કરે છે. તેમ અહીં શ્રીઆચાર્યજી મનુષ્યરૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર વિવિધ પ્રકારની ક્રીડા કરે છે તે જે આસુરીજીવ છે તે જાણતા નથી. અને દૈવીજીવ છે તે તો પૂર્ણપુરૂષોત્તમ જાણીને ભાવથી ભજન કરે છે. તેને આપ શરણે લે છે. અને ત્યાં મોહિનીરૂપ જોઇને મહાદેવ વગેરે મોહ પામે છે તેમ શ્રીઆચાર્યજીને જોઇને મોટા-મોટા ઋષિ - મુની પંડિત, માયાવાદી તે બધા મોહ પામે છે તેથી જ વાદ કરવા આવે છે. ત્યારે આપ બ્રહ્મવાદ દ્વારા બધાના વાદોનું ખંડન કરે છે. આમ શ્રીઆચાર્યજી પોતાનું માહાત્મ્ય પ્રગટ કરવા પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તેથી શ્રીભાગવત વેદ-પુરાણને મંથન કરીને પૂર્ણપુરૂષોત્તમની લીલારૂપી જે અલૌકિક આભૂષણ છે તેના વડે શ્રીઆચાર્યજી આપ પરમ શોભાયમાન થાય છે.

અને શ્રીઆચાર્યજી કેવા છે? મૂર્તિવન્ત છે. તેનો અર્થ એ કે સ્વરૂપાત્મક છે. આ જે સ્વરૂપાત્મક તે કોને કહેવાય? તો કહે છે કે જેનું સ્વરૂપ અલૌકિક હોય તે કોઇની બુદ્ધિમાં, મનમાં અને ચિત્તમાં આવી શકે નહીં. કેમ? તો શ્રીઆચાર્યજીના સ્વરૂપનો નિર્ધાર વેદ વગેરે પણ નથી કરી શકતા. ''નેતિ-નેતિ'' વડે સ્તુતિ કરે છે. તો એવું અદ્‌ભૂત અખંડ સ્વરૂપ છે જે સદા એકરસ હોયછે. તેથી સ્વરૂપવન્ત છે.

આવા શ્રીઆચાર્યજીને 'વલ્લભ' કહ્યા. જે બધાને આનન્દદાયક છે. સર્વ પ્રાણીમાત્રના હિતકર્તા છે. કેમ? તો આપ પરમ કારૂણિક છે, પરમ દયાલ છે, તેથી 'વલ્લભ' કહેવાય છે. અને શ્રીઆચાર્યજી આપ શ્રીઠાકોરજીને

અત્યન્ત પ્રિય છે. પ્રાણવલ્લભ છે. જેમના વિના શ્રીઠાકોરજી એક ક્ષણ રહી શકતા નથી તેથી 'વલ્લભ' એવું નામ છે.

શ્રીભાગવતમાં નિરૂપિત શ્રીપૂર્ણપુરૂષોત્તમની લીલારૂપ આભૂષણ તેમના અંગ-અંગમાં જડાયેલા છે. તેનાથી આપ અલૌકિક મૂર્તિવન્ત છે, પ્રાણિમાત્રના વલ્લભ છે, બધાના પોષણકર્તા છે અને આપ દૈવીજીવ જે આપના સેવક છે તેમના પરમ સૌભાગ્યરૂપ છે. ||૨||

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો વીર્ય રૂપ ગુણઃ ભગવત્સેવામાં પ્રતિબન્ધક વાદોનું નિરાકરણ કરીને શ્રીકૃષ્ણસેવાના પ્રેરક હોવું છે)*

**માયાવાદતમો નિરસ્ય મધુભિત્ - સેવાખ્ય - વર્ત્માદ્ભુતં**
**શ્રીમદ્ - ગોકુલનાથ- સંગમસુધા - સમ્પ્રાપકં તત્ક્ષણાત્ ||**
**દુષ્પ્રાપં પ્રકટીચકાર કરૂણા-રાગાતિ-સમ્મોહનઃ**
**સ શ્રીવલ્લભ- ભાનુરૂલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાન્તરઃ ||૩||**

**ભાવાર્થ :** પુષ્ટિજીવો ઉપર દયાના ભાવથી તથા પુષ્ટિપ્રભુમાં અનુરાગના ભાવથી મુગ્ધ થઈને આપે માયાવાદરૂપી અન્ધકારનું નિવારણ કરી સહજતાથી કોઈને મળી ન શકે એવી, શ્રીગોકુલનાથના સંગમની સુધા (અમૃત)ને તત્ક્ષણ પ્રાપ્ત કરાવવાવાળો અદ્‌ભૂત શ્રીકૃષ્ણસેવાનો માર્ગ જેમણે પ્રગટ કર્યો એવા આપ શ્રીકૃષ્ણરૂપ શ્રીવલ્લભરૂપ સૂર્ય શોભાયમાન થાય છે. ||૩||

**ટીકા :** હવે શ્રીઆચાર્યજી આપ કેવા છે? માયાવાદરૂપી અન્ધકાર તેનું નિવારણ કરે છે. તો જેમ અંધારો ઓરડો હોય તેમાં જ્યારે દીવો કરીએ ત્યારે બધો અંધકાર દૂર થાય. અને જેમ સૂર્યના ઉદય થવાથી પૃથ્વીનો અન્ધકાર દૂર થાય છે. અને જે આ માયાવાદ પૃથ્વી ઉપર પ્રગટ્યો છે તે શા માટે? તો આ માયાવાદ છે તે જ મહા અન્ધકાર રૂપ હોવાથી જીવોને પરમ મોહ ઉપજાવે છે. તે વેદ-પુરાણોના તાત્પર્યવિષયીભૂત અર્થનું નિરૂપણ કરીને અને દશમી-વિદ્ધા (દશમીનો ભાગ જેમાં આવતો હોય તેવી)એકાદશી જીવોને કરાવી વધારે બહિર્મુખ કરાવે છે. આમ જીવોને અન્યાશ્રય પણ કરાવી દે છે. તેથી બધા જીવ માયાવાદની ભ્રમણામાં આવી વેદ-વિરૂદ્ધ

આચરણ કરવા લાગ્યા ત્યારે શ્રીઠાકોરજીએ વિચાર્યું કે હવે પૃથ્વી ઉપર માયાવાદ ખૂબજ પ્રવૃત્ત થયો છે, તેને લીધે દૈવીજીવ છે તે પણ માયાવાદની ભ્રમણામાં ભ્રમિત થઇ રહ્યા છે, આ પ્રકારે વિચારીને શ્રીઆચાર્યજીને આજ્ઞા કરી કે તમે પૃથ્વી ઉપર પ્રગટ થઇ માયાવાદનું ખંડન કરીને બ્રહ્મવાદનું સ્થાપન કરો અને દૈવીજીવોને શરણે લઇને તેમના મનમાં જે વિવિધ પ્રકારના સન્દેહ થાય છે તેને દુર કરો, ત્યારે તેમને મારી પ્રાપ્તિ થશે. તેથી તમે પૃથ્વી ઉપર પધારો. આ કાર્ય તમારા વિના બીજા કોઇથી સિદ્ધ નહિં થાય. એટલે તમે જ આ કાર્ય કરવામાં સમર્થ છો. ત્યારે શ્રીઆચાર્યજીને જીવો ઉપર પરમકૃપા આવી. કેમ? જો આપ પરમદયાલ છે. પોતાના દૈવીજીવોનું દુઃખ રંચક પણ જોઇ શકતા નથી. તેથી શ્રીઆચાર્યજી આપ પૃથ્વી ઉપર પ્રગટ થયા. ત્યારે પૃથ્વી-પરિક્રમાનું બહાનું કરીને પધાર્યા. ત્યારે આપે અનેક વેદ-પુરાણ- સ્મૃતિના પ્રમાણ આપીને માયાવાદનું ખંડન કર્યું.

એક વખત આપ કાશી પધાર્યા. ત્યાં અનેક માયાવાદી વાદ કરવા આવતા હતા. તેથી શ્રીઆચાર્યજીને ભોજન કરવામાં સાંજ પડી જતી, ત્યાં સુધી કોઇ સેવક જલ પણ ન લેતા. તેથી આપે વિચાર કર્યો અને 'પત્રાવલમ્બન' ગ્રંથ કર્યો. પછી બધા વાદી વિશ્વેશ્વરનાથના દર્શને નિત્ય આવતાં ત્યાં આપે 'પત્રાવલમ્બન'નું આરોપણ કર્યું. ત્યાં બધા વાદી ગ્રન્થને વાંચીને નિરૂત્તર થઇ જતાં. આ પ્રકારે માયાવાદનું ખંડન કર્યું. ત્યારે બધા સેવકોને પરમ આનન્દ થયો.

કેવી રીતે? તો માયાવાદરૂપી અંધકારનો નાશ થયો ત્યારે દૈવી જીવ શ્રીઆચાર્યજીના શરણે આવી પરમ સુખ પામ્યા. કેવી રીતે? તો પહેલાં માયાવાદને કારણે જીવોને સન્દેહ રહેતો તેથી દ્રઢ આશ્રય વડે શ્રીઠાકોરજીનું ભજન થતું નહીં. અને જ્યારે આપ પરમ તેજવાન સૂર્ય પ્રગટ થયા ત્યારે માયાવાદરૂપ અંધકારનો નાશ થયો, વૈષ્ણવોના સંદેહરૂપ અંધકારનો નાશ થયો. તેથી એક દ્રઢ આશ્રય વડે એક શ્રીઠાકોરજીનું ભજન કરવા લાગ્યા. કેવી રીતે? તો જ્યાં સુધી મનમાં સંદેહ રહે ત્યાં સુધી ફલપ્રાપ્તિ ન થાય. તેથી જ ભગવદ્ગીતામાં અર્જુન પ્રત્યે ભગવાન કહે છે **''સંશયાત્મા વિનશ્યતિ''** (ગીતા ૪/૪૦) અને જ્યારે દ્રઢ આશ્રય અનન્યતા થાય ત્યારે સર્વ ફલસિદ્ધ થાય. તેથી જ્યારે સેવકોનો સંદેહ નિવૃત્ત થયો ત્યારે શ્રીઠાકોરજીનું ભજન

કરવા લાગ્યા.

તે પછી શ્રીઆચાર્યજી આપે ભગવત્સેવા પુષ્ટિમાર્ગની રીતિથી પ્રગટ કરી જેમાં સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમની સેવા થાય છે. તેમાં સમય સ્થાન અનુસાર ભગવત્સુખનો વિચાર કરીને વસ્ત્ર- આભૂષણ- સામગ્રી શ્રીઠાકોરજીને અંગીકાર કરાવાય છે. તે સેવા કેવી છે? કે શ્રીગોકુલના પતિ શ્રીઠાકોરજીનો સાક્ષાત્ દર્શન - સમ્બન્ધ થાય છે. તે કેવી રીતે? જે બીજા માર્ગ છે જેમ જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ઉપાસનામાર્ગ, યોગમાર્ગ તો તેમાં સાધન જુદા અને ફલ જુદા છે. કેવી રીતે? તો સાધન કરે ત્યારે કોઇને ફલ મળે. તે ફલ પણ લૌકિક હોય અને તે પણ કલિના દોષના કારણે કોઇને સિદ્ધ થતું નથી. તેથી શ્રીઆચાર્યજીએ આપે શ્રીપૂર્ણપુરૂષોત્તમની લીલા એવી શ્રીઠાકોરજીની સેવા બતાવી. તેમાં સાધન જ ફલરૂપ છે. જેમાં કદાચિત્ ભૂલ પણ પડે તો શ્રીઠાકોરજી અપ્રસન્ન નથી થતાં, ફલ આપવામાં વિલંબ નથી કરતા. તે કેવી રીતે? તો આપ પરમદયાલ છે. જીવની કરેલી રંચક સેવાને ઘણી કરેલી માને છે.

અને શ્રીઆચાર્યજી આપ શ્રીઠાકોરજીના મુખારવિન્દરૂપ જે અગ્નિ છે તેના રૂપ છે. તેવો જ આપનો તાપાત્મક પુષ્ટિમાર્ગ છે. તેથી આ માર્ગમાં ફલપ્રાપ્તિમાં ત્યાં સુધી ઢીલ થાય જ્યાં સુધી હૃદયમાં તાપ ન થાય. ત્યાં સુધી જીવ શરીરનું જ સુખ ઇચ્છે છે. તેથી વૈષ્ણવે મહાપ્રસાદ લેવો તે શ્રીઠાકુરજીનું અધરામૃત જાણીને લેવો, પોતાના શરીરના પોષણ રૂપે ન જાણવો. શા માટે? તો શરીરનો ભોગ વિચારે તો વિષયાસક્તિ થાય. અને મહાપ્રસાદ ઉચ્છિષ્ઠ જાણીને લ્યે તો ભગવદ્ભજનમાં મન લાગે. અને વસ્ત્ર પણ શ્રીઠાકોરજીના પ્રસાદી કરીને પહેરવા શા માટે? તો દાસનો ધર્મ છે કે ઉત્તમવસ્તુ પહેલાં શ્રીઠાકોરજીને સમર્પણ કરવી પછી પ્રસાદી થાય તેના વડે જ નિર્વાહ કરવો.

તો આવા પ્રકારથી શ્રીઆચાર્યજી આપે આપનું માહાત્મ્ય જગતમાં પ્રગટ કર્યું છે, પુષ્ટિમાર્ગનો પ્રકાશ કર્યો, પોતાના સેવકોને પુષ્ટિમાર્ગનું ફલ આપ્યું. તેથી શ્રીઆચાર્યજી અલૌકિક સૂર્યરૂપ બની બિરાજે છે. તેવી જ રીતે પુષ્ટિમાર્ગ પણ અલૌકિક સૂર્યરૂપ પ્રગટ બિરાજે છે. તેથી પૃથ્વી ઉપર પ્રકાશ થયો છે તેથી દૈવીજીવ હતા તે આપના શરણે આવી કૃતાર્થ થયા ।।૩।।

*(પુષ્ટિસમ્પ્રદાયના ગુરૂરૂપ શ્રીવલ્લભનો યશો[૪] રૂપ ગુણઃ પાંડિત્ય, વેદાદિશાસ્ત્ર પારંગતતા, શાસ્ત્રાનુકૂલ આચરણ, વૈષ્ણવમાર્ગીયતા અને શ્રીવ્રજપતિમાં રતિમાન્ હોવું છે.)*

**ક્વચિત્ પાંડિત્યં ચેત્ ન નિગમગતિઃ સાપિ યદિ ન**
**ક્રિયા સા સાપિ સ્યાત્ યદિ ન હરિમાર્ગે પરિચયઃ ।।**
**યદિ સ્યાત્ સોપિ શ્રીવ્રજપતિ-રતિર્ નેતિ નિખિલૈઃ**
**ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ।।૪।।**

**ભાવાર્થ :** કોઇ-કોઇ વિદ્વાનમાં પંડિતાઇ તો હોઇ શકે પરંતુ વેદ વિગેરે શાસ્ત્રોમાં ગતિ નથી હોતી. તેવી જ રીતે કોઇ-કોઇ વેદવિગેરે શાસ્ત્રોની સમજણવાળા વિદ્વાન હોય છે પરંતુ તેઓનું આચરણ વેદ વિગેરે શાસ્ત્રોના અનુસાર હોતું નથી. કોઇનું વેદ વગેરે શાસ્ત્રોને અનુસાર આચરણ હોય છે તેને વૈષ્ણવ માર્ગથી પરિચય હોતો નથી. કોઇને વૈષ્ણવ માર્ગનો પરિચય હોય છે તેને વ્રજપતિમાં આસક્તિ હોતી નથી. એટલે આવા સકલ ગુણોથી શ્રીવલ્લભવરના વિના બીજુ કોણ વિલશી સકે છે ! ।।૪।।

**ટીકા :** હવે કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ કેવું છે? તો સ્વરૂપ કોઇથી જાણી ન શકાય. કેમ? તો કેવાય પણ પંડિત હોય નિગમ-વેદ પુરાણ શાસ્ત્ર જાણવામાં ચતુર હોય, બીજાના સન્દેહને નિવૃત્ત કરતા હોય જગતમાં ખૂબ વિખ્યાત હોય એવો બુદ્ધિમાન પંડિત હોય તે પણ શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણવામાં સમર્થ નથી. તે શા માટે? તો પંડિતોને પોતાની પંડિતાઇનું બળ હોય છે. તેથી તેવા પંડિત અહંકારને વશ હોવાથી શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણતા નથી. પોતાની ઉચ્ચ યોગ્યતા જગતમાં માને છે. તેથી અભિમાનરૂપી જે મદ છે તેમાં મત્ત થઇને જે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ પૂર્ણપુરૂષોત્તમ છે એમના સ્વરૂપનું જ્ઞાન તેમને થતું નથી. શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન ત્યારે થાય જ્યારે શ્રીઠાકોરજી આપ અનુગ્રહ વડે આપનું સ્વરૂપ જતાવે. નહિંતર કરોડો - કરોડો સાધન કરો પરંતુ શ્રીઆચાર્યજીનું સ્વરૂપ જાણી ન શકાય.

જે શ્રીઆચાર્યજીના શરણે આવે છે તેને આપ નામ- સમર્પણ કરાવે છે. તેને જ આપના સ્વરૂપનો અનુભવ કરાવે છે. તેથી શ્રીઆચાર્યજી તથા

શ્રીઠાકોરજીના સ્વરૂપનો અનુભવ કાંઇ ભણવાથી થતો નથી. જ્યારે નિઃસાધન થાય દીનતા વડે વિનંતી કરીને શરણે આવે ત્યારે પરમદયાલ, કરૂણાનિધાન સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ જે જીવને અનુભવ કરાવે તેને ફલસિદ્ધ થાય. તેથી પુષ્ટિમાર્ગનું ફલ કૃપાસાધ્ય છે, સાધન સાધ્ય નથી.

અને શ્રીમહાપ્રભુજી કેવા છે? નિગમ જે વેદ તેના હાર્દને આપ જાણવા વાળા છે. અને આપ વેદના કર્મ પણ કરે છે. ત્રિકાલસંધ્યા, યજ્ઞાદિક, હોમ, દાન બધું કરે છે. તે કયા પ્રકારથી તો પહેલાં શ્રીઠાકોરજીની સેવા પહોંચીને પછી કરે છે. તેથી સેવા તો અવશ્ય કરવી જ, તેમાંથી સમય મળે ત્યારે કર્માદિક કરવા. તે શા માટે? તો કર્મ વગેરે છે તે લૌકિકમાં કે દેખાવને માટે કરે છે અને વેદની મર્યાદા સાંચવવા માટે કરે છે પરન્તુ સેવા તો મનપૂર્વક પરમ પ્રીતિથી કરે છે. આપ તો પૂર્ણપુરૂષોત્તમ છે તેથી વેદની મર્યાદા આપ ન જાળવે તો કોણ જાળવે? પરંતુ મનપૂર્વક તો શ્રીગોવર્ધનનાથજીની સેવા કરે છે.

વ્રજના પતિ જે શ્રીકૃષ્ણ છે તેમને જોઇને કરોડો કામદેવ લજ્જા પામે છે. અને જેમના સ્વરૂપનું જ્ઞાન વેદ વગેરેને પણ અગમ્ય (ન સમજાય તેવું) છે વેદ પણ **''નેતિ-નેતિ''** વડે શ્રીઠાકોરજીનું ગુણગાન કરે છે. તે શા માટે? તો શ્રીઠાકોરજીમાં તો અનેક ગુણ છે. તો એક શ્રીઆચાર્યજી આપ છે એમના ચરણારવિંદના આશ્રય વગર વ્રજપતિ શ્રીકૃષ્ણની લીલાનો ભાવ નથી થતો. કેવાય પણ પંડિત વેદ-પુરાણ બધાં જાણતા હોય પરંતુ આપના આશ્રય વગર આ સંસાર સમુદ્રને તરી શકતા નથી તો લીલાનો અનુભવ ક્યાંથી થાય? તો આ શ્લોકમાં આ સિદ્ધાન્ત થયો. ।।૪।।

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો શ્રી[૫] રૂપ ગુણઃ શ્રી કૃષ્ણસેવામાં પ્રતિબન્ધક એવા વાદોનું નિરાકરણ કરી પ્રમાણચતુષ્ટયની એકવાકયતા વડે સ્વસિદ્ધાન્તના ઉપદેશક હોવું, સ્વયં શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ હોવું અને ભગવત્સેવાઉચિત નિરૂપધિસ્નેહના ઉદ્બોધક હોવું છે.)*

**માયાવાદિ - કરીન્દ્ર - દર્પ - દલનેનાસ્યેન્દુ - રાજોદ્ગત-**
**શ્રીમદ્ - ભાગવતાખ્ય - દુર્લભ - સુધા - વર્ષેણ વેદોક્તિભિઃ ।।**
**રાધાવલ્લભ - સેવયા તદુચિત - પ્રેમ્ણોપદેશૈરપિ**

**'શ્રીમદ્ વલ્લભ' – નામધેય – સદ્રૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ||૫||**

**ભાવાર્થ :–** માયાવાદીરૂપ હાથીના ઘમંડને ચૂર કરવાને કારણે, વેદોની શ્રુતિ અનુસાર શ્રીકૃષ્ણના મુખરૂપચન્દ્રથી પ્રગટ થયેલી શ્રીમદ્ભાગવત રૂપ દુર્લભ રસની વર્ષા કરવાને કારણે, રાધાવલ્લભ શ્રીકૃષ્ણની સેવાના કારણે, ઉપદેશોના તથા સેવા ઉચિત પ્રેમના કારણથી જ **'શ્રીવલ્લભ'** નામવાળાના જેવો નથી કોઇ થયો, ન છે, અને થશે પણ નહિં. ||૫||

**ટીકા :–** માયાવાદરૂપી જે ઘમંડથી પ્રચુર હાથી છે તેના ઘમંડને ચૂર કરવાવાળા શ્રીઆચાર્યજી આપ પ્રગટ થયા છે. તે કેવી રીતે? તો ભગવાનની આજ્ઞા શ્રીમહાદેવજીને થઇ કે તમે પૃથ્વી ઉપર માયાવાદ પ્રગટ કરો અને જીવોને મોહઉપજાવો ત્યારે શ્રીમહાદેવજીએ પ્રગટ થઇને વેદથી વિપરીત ઘણા શાસ્ત્રો કર્યા. અને બધા દેવતાઓના ઇશ્વર જે શ્રીભગવાન્ જેમનું શિવ – બ્રહ્મા વગેરે ભજન કરે છે, તેમનું ભજન છોડાવીને શિવને જ મુખ્ય ઇશ્વરરૂપે નિરૂપણ કર્યા. આ પ્રકારે શ્રીશંકરાચાર્યજીએ વેદથી વિરૂદ્ધ એવો માયાવાદ પ્રગટ કર્યો. તેથી બધા જીવોની સાથે દૈવી જીવ પણ માયાવાદનું અનુસરણ કરી ભ્રષ્ટ થયા. શ્રીઠાકોરજીનો દ્રઢ આશ્રય છુટી ગયો. ત્યારે શ્રીઠાકોરજીને દયા આવી કે મેં તો શિવજીને આ માયાવાદ પ્રગટ કરવાની આજ્ઞા આપી તે તો આસુરી જીવોને મોહ ઉપજાવવા માટે પણ આનાથી તો દૈવીજીવો પણ મારૂં માહાત્મ્ય ભુલી ગયા છે. તેથી વિચાર્યું કે મારી લીલાનો અનુભવ જીવોને કેવી રીતે થશે? પછી વિચાર્યું કે લીલાનો અનુભવ કરાવવામાં તો એક શ્રીઆચાર્યજી સમર્થ છે. તો તેમનું પ્રાગટ્ય પૃથ્વી ઉપર થાય ત્યારે માયાવાદનું ખંડન કરીને દૈવી જીવોને અનુભવ કરાવી મને પ્રાપ્ત કરાવે. ત્યારે આપે શ્રીઆચાર્યજીને આજ્ઞા કરી કે દૈવીજીવોનો ઉદ્ધાર કરીને મારી નજીક લાવો. તેથી આપ પૃથ્વી ઉપર પ્રગટ થયા. તે પછી આપે પૃથ્વી પરિક્રમા કરી ત્યારે આપે જોયું કે દૈવી જીવ પણ માયાવાદથી ભ્રમિત થઇને તેવું જ આચરણ કરવા લાગ્યા છે. તે વિચાર કરતાં ઠકુરાણી ઘાટ ઉપર બિરાજતા હતા ત્યારે અડધી રાત્રીએ શ્રીઠાકોરજીએ પ્રગટ થઇ બ્રહ્મસંબંધની આજ્ઞા કરી. પછી આપે વૈષ્ણવોને બ્રહ્મસંબંધ સમજાવવા માટે

**'સિદ્ધાન્તરહસ્ય'** ગ્રન્થ પ્રગટ કર્યો.

ત્યાર પછી શ્રીઆચાર્યજીએ માયાવાદને જોયો કે જેમ ઘમંડી હાથી કોઇને ગણકારે નહીં તેમ વિચરી રહ્યો હતો. ત્યારે શ્રીઆચાર્યજી આપે સિંહરૂપ બ્રહ્મવાદ વડે માયાવાદનું વિદારણ કર્યું. પછી આપે શ્રીભાગવતમાં જે પૂર્ણપુરૂષોત્તમરૂપ જે દુર્લભ અમૃત તેની વર્ષા પોતાના સેવકોની ઉપર કરી છે. તે શા માટે? તો જીવ અનાદિકાળથી છુટ્ટા પડયા હતા તેમાંય પાછા માયાવાદ વડે અતિ મલિન થયા હતા. તો આ રીતે જ્યારે માયાવાદ ખંડન થયો ત્યારે સેવક પરમાનન્દ મેળવી શરણે આવવા લાગ્યા. તેને પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તેમની સેવાનો આપ ઉપદેશ કરે છે. આપ સેવા કરીને જીવોને એ બતાવે છે કે આ રીતે સેવા કરો. તે સેવામાં ઉપર તો નંદરાયજીના ઘરની રીતિ છે પણ ભીતર 'રાધાવલ્લભસેવયા' એટલે શ્રી સ્વામિનીજી સહિત શ્રીઠાકોરજીની સેવા છે.

તો આવા શ્રીકૃષ્ણ જે સારસ્વત કલ્પમાં પ્રગટ થયા તે પૂર્ણપુરૂષોત્તમ છે. **''કલ્પં સારસ્વતં પ્રાપ્ય વ્રજે ગોપ્યો ભવિષ્યથ''** અન્ય કલ્પમાં પૂર્ણ અવતાર નથી. તો સેવા કરવા લાયક કીર્તન કરવા લાયક એક શ્રીકૃષ્ણ જ છે તે શ્રીગોવર્ધનનાથજી છે. તે કેવા છે? તો જમણા શ્રીહસ્તની મુઠ્ઠી બંધ છે તેમાં અંગુઠાનું દર્શન કરાવે છે. તેમાં આ ભાવ જાણવો કે ભક્તોને હરિના દર્શન કરાવે તે પછી અંગુઠો બતાવે છે ''અબ તુમ કહાં જાઓગે?'' અને ડાબો શ્રીહસ્ત ઉઠાવીને વ્રજભક્તોને બોલાવે છે ''જો તુમ બેગિ આવો'' આપ નિકુંજના દ્વારે ઉભા છે જેમાં શ્રીઆચાર્યજીને એ જતાવે છે કે જ્યાં સુધી હું અહિં ઉભો છું ત્યાં સુધી મારે દૈવીજીવ છે તેમનો તમારા દ્વારા અંગીકાર (સ્વીકાર) કરવો છે તેથી વૈષ્ણવો એ એક ક્ષણ પણ શ્રીગોવર્ધનનાથજીને ભૂલવા નહીં. તો આપ તો જીવને માટે નિકુંજના દ્વારે ઉભા છે અને જીવ જ્યાં-ત્યાં ભટકતો ફરે છે !!! તેથી આવા ભાવ વડે શ્રી ઠાકોરજીને મળવા માટે ભજન કરવું. એટલા માટે જ પુષ્ટિમાર્ગ શ્રીઆચાર્યજીએ પ્રગટ કર્યો છે કે, સાક્ષાત્ પુરૂષોત્તમનો સંબંધ થાય. તેથી પુષ્ટિમાર્ગની મર્યાદા કોઇ શું જાણે. જે સેવ્યસ્વરૂપ અનેક પ્રકારની લીલાના સ્વરૂપ છે. તે સ્વરૂપ - લીલા - સહિત બધાનો પ્રકાશ કર્યો છે.

પ્રથમ શ્રીયશોદાજીને ત્યાં શ્રીકૃષ્ણે જે બાલલીલા કરી છે તે સ્વરૂપ

શ્રીનવનીતપ્રિયાજીનું છે. જેમણે નવનીત (માખણ) શ્રીહસ્તકમલમાં રાખ્યું છે અને શ્રીયશોદાજીના આંગણામાં રિંગણલીલા (ગોઠણીયાભેર ચાલવાની લીલા) કરે છે.

અને શ્રીયશોદાજીને ત્યાં મોટા થયા ત્યારે ગોચારણ લીલા કરી છે તે સ્વરૂપ શ્રીમથુરાનાથજીનું છે. તે ગોપિકાઓને ઘેર માખણચોરી માટે જાય છે. તે સમયે ત્યાં શ્રીસ્વામિનીજી પધાર્યા. એમણે કહ્યું ''હું શ્રીનંદરાયજી - શ્રીયશોદાજીની પાસે લઇ જઇશ'' ત્યારે આપે બે શ્રીહસ્ત બીજા પ્રગટ કરી વિનંતી કરી કે ''હું તો તમારે વશ છું, તમને પાસે જ રાખું છું મારા ચારેય હાથ તમારા આભૂષણ અને અંગ સમાન છે તેથી મને છોડી દો'' ત્યારે છોડી દીધા તો આવી લીલાનો ભાવ શ્રીમથુરાનાથજીનો છે. કાત્યાયની વ્રત કર્યું ત્યારે ચીરહરણલીલા કરી તે સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશરાયજીનું છે. તે શ્રીસ્વામિનીજીના ભાવમાં મગ્ન છે તેથી તે ગૌર સ્વરૂપે પ્રગટ્યા છે.

હવે રાસપંચાધ્યાયીમાં મુરલી વગાડીને પ્રથમ બધા વ્રજભક્તોને બોલાવીને પુલિનમાં (કાંઠે) બેસાડયા તે સ્વરૂપ શ્રીદ્વારિકાનાથજીનું છે. બધી ગોપિકાઓ જે પુલિનમાં બેઠા છે તેની વચ્ચે શ્રીસ્વામિનીજી છે ત્યાં શ્રીઠાકોરજી અચાનક પધાર્યા અને બે શ્રીહસ્તથી શ્રીસ્વામિનીજીના નેત્રકમલ મિંચ્યા (દાબ્યા) અને બે શ્રીહસ્તથી વેણુનાદ કર્યો છે તો આ લીલા શ્રીદ્વારિકાનાથજીને ત્યાં પ્રગટ છે.

હવે શ્રીગોકુલનાથજી છે તેણે શ્રીગોવર્ધન ધારણ કર્યો છે. તે ડાબા હાથથી શ્રીગોવર્ધનને ઉઠાવ્યો છે તેથી શ્રીગોકુલનાથજીનાં દર્શન કરતાં આજ લીલાભાવ સ્ફૂરે છે.

હવે શ્રીગોકુલચન્દ્રમાજીનું સ્વરૂપ છે તે સાક્ષાત મન્મથમન્મથછે. જે ગોપીકાઓએ રાસપંચાધ્યાયીમાં શ્રીઠાકુરજી અન્તર્ધ્યાન થયા તે પછી ગોપીજનોએ રૂદન કર્યું છે ત્યારે પ્રગટ થયા છે. આ પ્રકારે શ્રીગોકુલચન્દ્રમાજીને ત્યાં રાસાદિક લીલા તેનો પ્રાદુર્ભાવ થાય છે.

હવે શ્રીમદનમોહનજીના સ્વરૂપનો ભાવ આ છે કે જેઓ નિકુંજ આદિની ભીતર વિવિધ પ્રકારની લીલા કરે છે.

અન્ય ગોદના શ્રીઠાકોરજી છે ત્યાં જુદા-જુદા પ્રકારની લીલા છે. હવે શ્રીદ્વારકાનાથજીની ગોદના ઠાકુર શ્રીબાલકૃષ્ણલાલજી (હાલમાં

સુરતસ્થ) છે તેમણે સકટભંજન લીલા કરી છે. અને શ્રીમથુરાનાથજીની ગોદના શ્રીનટવરજી (હાલમાં રાજનગરસ્થ) છે તેમણે તૃણાવર્તના પ્રસંગની લીલા પ્રગટ કરી છે. આજ પ્રકારે શ્રીનવનીતપ્રિયાજીની પાસે શ્રીબાલકૃષ્ણજી છે તથા શ્રીમદનમોહનજી છે જે જૃમ્ભણ (બગાસું) લીલાના છે. અને શ્રીગોકુલચન્દ્રમાજીની પાસે શ્રીબાલકૃષ્ણજી છે તે ઉલૂખલ (ખાંડણીયો) લીલાનું સ્વરૂપ છે અને આ શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઇજીના બધા સ્વરૂપ છે. તો આ પ્રકારે બધા સ્વરૂપોની સેવા છે તે શ્રીઆચાર્યજીએ આપે પ્રગટ કરી છે જેમાં પુષ્ટિલીલા પ્રગટ છે.

તેથી જ શ્રીઆચાર્યજીએ પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો જેમાં સાક્ષાત પુરૂષોત્તમનો સમ્બન્ધ છે આવા શ્રીઆચાર્યજી આપ છે. તો આવો કૃપાનો સમુદ્ર નથી કોઇ થયો, ન છે અને ન તો થશે. તે કેવી રીતે? તો કરોડોના કરોડો યુગ વિત્યા, મહાન-મહાન અવતાર થયા છે, ઋષિ-મુનિ- ભગવદીય પણ થયા છે પરંતુ પુષ્ટિમાર્ગની રીતિને કોઇ જાણતું ન હતું. તેથી કોઇનાથી પણ પુષ્ટિમાર્ગ પ્રગટ કરી ન શકાયો. તે શ્રીઆચાર્યજીએ આપે પ્રગટ કર્યો જેમાં પુષ્ટિલીલા પ્રગટ છે તેથી શ્રીઆચાર્યજી સરીખા ન કોઇ છે, ન કોઇ થયા છે કે ન તો કોઇ થશે પણ ।।૫।।

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો જ્ઞાન[૬] રૂપગુણ : કલિના બલવાન હોવાના ભયને મટાડીને ભગવત્પ્રીતિકર સેવામાર્ગના પ્રવર્તક હોવું છે.)*

**યદઙ્ઘ્રિ-નખ-મંડલ-પ્રસૃત- વારિ-પીયૂષ-યુગ્-**
**વરાંગ-હૃદયૈઃ કલિસ્તૃણમિવેહ તુચ્છીકૃતઃ ।।**
**વ્રજાધિપતિરિન્દિરા - પ્રભૃતિ - મૃગ્ય - પાદામ્બુજઃ**
**ક્ષણેન પરિતોષિતઃ તદનુગત્વમેવાસ્તુ મે ।।૬।।**

**ભાવાર્થ :** જેમના ચરણોના નખમંડલથી નીકળેલા ચરણામૃતથી જેમના મસ્તક અને હૃદય અભિષિક્ત થયા છે તેઓ તો આ કલિકાલને તૃણવત્ તુચ્છ કરી જાણે છે. લક્ષ્મી વગેરે પણ જેમના ચરણકમલને શોધતા રહે છે એવા વ્રજાધિપતિને જેમણે ક્ષણભરમાં પ્રસન્ન કરી લીધા છે એવા આચાર્યચરણનો હું અનુગામી (સદા) જ બન્યો રહું ।।૬।।

**ટીકા :** તો શ્રીઆચાર્યજીના નખચન્દ્રમા જે છે તે મારા મનમાં અનેક

પ્રકારના અજ્ઞાનરૂપ અંધકાર છે તેને દુર કરવાવાળા છે. તે શ્રીઆચાર્યજીના નખચંદ્રનો મહાન પ્રતાપ છે. લૌકિક ચંદ્રમામાં એવું છે કે, તે રાત્રિમાં પ્રકાશ કરે અને પૂર્ણિમાની રાત્રિના પૂર્ણ થાય પછી ઘટે-વધે અને સૂર્યની આગળ પ્રકાશ મન્દ થઇ જાય. અને શ્રીઆચાર્યજીના નખચંદ્ર કેવા છે? કે સદાય એકરસ જેનો પ્રકાશ છે તે જેમના નખચન્દ્રમા ઉપર કરોડો - કરોડો ચન્દ્રમા વારિ નાખીએ. જેમના નખચંદ્રનો પ્રકાશ જે શ્રીઆચાર્યજીના સેવક છે તેના હૃદયમાં પ્રકાશ કરે છે. ત્યાં સદા એકરસ જ રહે છે. શા માટે? તો અલૌકિક અમૃતરૂપ છે, તેને જે સેવક પોતાના હૃદયમાં રાખે છે તેનું હૃદયકમલ એવું નિર્મલ નિર્વિકાર થાય છે. જે કલિના દોષ છે જે સંસારના સુખ-દુઃખને તુચ્છ કરી નાખે છે. કેવી રીતે? તો જ્યાં ચન્દ્રમા હોય છે ત્યાં અંધકાર આવી નથી શકતો. તે જે સેવકના હૃદયમાં રહે છે તેનું હૃદય શુદ્ધ થઇ જાય છે. કેવી રીતે? તો જ્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના નખચન્દ્ર હૃદયમાં પ્રકાશ કરે છે. ત્યાં તો શ્રીઠાકોરજીની લીલાનો પ્રગટ અનુભવ થવા લાગે છે. ત્યાં કલિના ધર્મ સંસારના સુખ-દુઃખનું શું કહેવું! તેથી જ શ્રીભાગવતમાં શ્રીશુકદેવજી રાજા પરીક્ષિતને કહે છે કે જીવને સંસારસુખ ત્યાં સુધી પ્રિય લાગે છે જ્યાં સુધી શ્રીઠાકોરજીના ચરણારવિંદનું સુખ નથી મેળવ્યું. તેથી જ ભગવદ્ગીતામાં અર્જુનની પ્રત્યે ભગવાન કહે છે કે - ''હે અર્જુન! જ્યાં સુધી આ જીવ મારા ચરણકમલના સુખને નથી જાણતો ત્યાં સુધી સંસારસુખ, જે દુઃખરૂપ છે, તેનો સુખ માનીને ભોગ કરે છે અને જ્યારે મારા ચરણારવિંદનું માહાત્મ્ય હૃદયમાં આવે છે ત્યારે સંસારસુખ તુચ્છ જાણીને છોડી દે છે'' (?).

તો શ્રીઠાકોરજીના ચરણારવિંદ કેવા છે? તો જેને શ્રીલક્ષ્મીજી પોતાના હૃદય સાથે લગાડીને પરમપ્રેમથી સેવન કરે છે. તેથી જે શ્રીઆચાર્યજીને શરણે આવીને દઢતા વડે ચરણકમલનું સેવન કરે છે તેમના હૃદયમાં શ્રીઆચાર્યજી લીલાનો અનુભવ કરાવે છે. તે કેવો પણ હોય સાધનરહિત હોય, સ્ત્રી હોય, શુદ્ર હોય પણ શ્રીમહાપ્રભુજીના ચરણકમલના દઢ આશ્રયથી સઘળી લીલાનો અનુભવ થાય. આવા શ્રીઆચાર્યજી પરમ-દયાલ છે ।।૬।।

*(પુષ્ટિસમ્પ્રદાયમાં ગુરૂરૂપ શ્રીવલ્લભનો વૈરાગ્ય[૭]રૂપ ગુણઃ પુષ્ટિમાર્ગીઓના સકલ કલિકાલના દોષોનો નાશ કરવા સિવાય અન્ય સઘળા વિષયોમાં વિરક્ત હોવું છે)*

**અઘૌઘ-તમસાવૃતં કલિ-ભુજંગમાસાદિતમ્**
**જગદ્ - વિષય - સાગરે પતિતમસ્વધર્મે રતમ્ ।।**
**યદીક્ષણ - સુધા - નિધિઃ સમુદિતોઽનુકમ્પામૃતાદ્**
**અમૃત્યુમ્ અકરોત્ ક્ષણાદરણમસ્તુ મે તત્પદમ્ ।।૭।।**

**ભાવાર્થ :** પાપોના સમૂહરૂપ અન્ધકારથી ઘેરાયેલો કલિકાલરૂપ કાળાનાગથી ગ્રસ્ત, જગતના વિષયોના સાગરમાં પડેલો અને જે પોતાનો ધર્મ નથી એવા કર્મમાં નિરત જીવને, જેમની અનુકમ્પાના અમૃતથી પ્રકટ થયેલો ઇક્ષણરૂપ ચન્દ્રમા ક્ષણમાત્રમાં મૃત્યુરહિત બનાવી દે છે, તેમના ચરણકમલ મને આશ્રયરૂપ છે! ।।૭।।

**ટીકા :** હવે જીવ છે તે કેવો પણ પાપની ખાણ હોય અને તેમાં તામસ ક્રોધ વગેરે પણ છે, અને કલિ જે છે તે મહામારી સર્પ છે. તે આ જીવને અનેક પ્રકારથી નાચ નચાવે છે. જગતમાં વિષયાદિક જે સંસાર તેમાં જ જીવ ડુબી રહ્યો છે, જેનું નામ 'મહાપતિત' કહેવાય તેનો ઉદ્ધાર વેદમાં પણ નથી, ધર્મમાં રંચક પણ તેની ગતિ નથી. એવો પાપી જેનું કોઇ નામ લેતું ન હોય, આવો દુષ્ટ જીવ હોય તે પણ જો શ્રીઆચાર્યજીને શરણે આવે તો તેના પણ સઘળા દોષો તત્કાલ દૂર થાય છે. તેને પણ પુષ્ટિમાર્ગનું જે ફ્લ છે તેનું દાન શ્રીઆચાર્યજી આપ કરે છે. આવા શ્રીઆચાર્યજી પતિતપાવન પરમદયાલ છે. દૈવી જીવોના ઉદ્ધાર માટે જેમનું પ્રાગટ્ય છે. તેથી જે વૈષ્ણવ શ્રીઆચાર્યજીના ચરણકમલનો દૃઢ આશ્રય કરી પોતાના હૃદયકમલમાં રાખે છે તેમના, મહાસર્પરૂપ આ કલિકાલ સઘળા સંસારનો જે કોળિયો કરે છે તે એવો જે કાલ છે, તે પાસે પણ નથી આવી શકતો. આવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણારવિંદ છે. તેથી જેમના દૃઢ આશ્રય વડે જીવ આ લોક

પરલોકમાં બંને જગ્યાએ સુખ જ મેળવે છે. આ પ્રકારે 'સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત' છે તે શ્રીગુસાંઇજીએ વર્ણન કર્યું તેની ટીકા શ્રીહરિરાયજીએ કરી છે. હવે ગ્રન્થનું ફલ કહે છે.

**મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે**
**તદા કૃતાર્થા યૂયંહિ શોચનીયં ન કર્હિચિત્ ॥**

જે એક વિશ્વાસ શ્રીગોપીજનવલ્લભનો જ રાખે છે તે કૃતાર્થરૂપ જ છે. તે શા માટે? તો શ્રીગોપીજનવલ્લભ શ્રીગોવર્ધનધર છે તેમના ચરણકમલનો દૃઢ વિશ્વાસ જયારે જીવને થાય ત્યારે તેની કૃતાર્થતામાં સંદેહ શું રહ્યો? કૃતાર્થરૂપ જ છે. તે જીવ ઉદ્ધારની ચિંતા નથી કરતો.

શા માટે? તો સતત શ્રીઠાકોરજીનું ભજન (સેવા - સ્મરણ) કરતો રહે તો શ્રીઠાકોરજી તો સર્વસામર્થ્ય સંયુક્ત છે. બધાના અંતઃકરણને જાણે છે, તેથી આપમેળે જ ફલ આપશે. તેથી શ્રીઠાકોરજી પાસે કોઇ વસ્તુની માગણી ન કરવી. શા માટે? તે આપમેળે જ ફલ આપશે. તેથી દૃઢ વિશ્વાસપૂર્વક સ્મરણ કરવું. તે શા માટે? જ્યાં સુધી જીવને વિશ્વાસ ન હોય ત્યાં સુધી ગમે તે ક્રિયા કરો પરન્તુ ફલની સિદ્ધિ નથી. અને વિશ્વાસ હોય તો શ્રીઠાકોરજી ફલ આપવામાં ઢીલ કરતાં નથી. તે કેવી રીતે? તો ચાતકને એક સ્વાતિજલનો વિશ્વાસ છે તો જોકે મેઘ જડ છે તો પણ તેનો મનોરથપૂર્ણ કરે છે. અને માછલાનો આ જ સ્વભાવ છે કે તે જલના આશ્રયે રહે છે. તો તેનું જલ જ જીવન છે. તેથી જ જલ તેની રક્ષા કરે છે. <u>એકક્ષણ પણ શ્રીઠાકોરજીના ચરણાવિંદનું ભજન છોડવું નહિં, ભુલવું નહીં તેનું નામ જ દૃઢ વિશ્વાસ.</u> અને અવિશ્વાસથી સર્વનાશ થાય. જેવી રીતે પાંડવોને વિશ્વાસ હતો તેથી શ્રીઠાકોરજીએ તેમની રક્ષા કરી અને દુર્યોધનને અવિશ્વાસ હતો તેથી તેનો સર્વનાશ થયો. તેથી <u>જે ક્રિયામાં વિશ્વાસ નથી તે બધી મજુરી જ જાણવી. તેનાથી કાંઇપણ ફલની સિદ્ધિ નથી.</u> એટલા માટે જેના હૃદયમાં શ્રીઠાકોરજીની પ્રાપ્તિની ચાહના હોય તેને જયારે દૃઢ વિશ્વાસ થાય ત્યારે સર્વફલની પ્રાપ્તિ થાય. તે દૃઢવિશ્વાસ શ્રીઆચાર્યજીના ચરણકમલનો કઇ રીતે થાય? તો તેના માટે શ્રીગુસાંઇજીએ સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત ગ્રન્થ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું જેમાં સ્વરૂપવર્ણન છે તે પ્રગટ કર્યો. આ ગ્રન્થનો પાઠ વૈષ્ણવે નિયમપૂર્વક કરવો. તેનાથી શ્રીઆચાર્યજીના ચરણકમલમાં દૃઢ

વિશ્વાસ આવે અને હૃદય શુદ્ધ થાય. જેનો રંચક અન્યાશ્રય હોયતે દૂર થાય. અને શ્રીઠાકોરજીની અનેક પ્રકારની જે લીલા છે તેનો અનુભવ થાય તે પુષ્ટિમાર્ગનું ફ્લ છે તે પ્રાપ્ત કરે.

હવે શ્રીહરિરાયજી કહે છે કે આ 'સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત' ગ્રન્થની ટીકા કરી છે તે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઇજીની કૃપાથી કરી છે. તે પ્રેમામૃત ગ્રન્થ કેવો છે? સર્વ વેદ-પુરાણ શ્રીભાગવતમાં જે સાર છે, ફ્લરૂપ અમૃત છે, તેનું જ નિરૂપણ થયેલું છે. અને આ ગ્રન્થમાં પુરાણપુરૂષોત્તમ શ્રીમહાપ્રભુજીનું જ વર્ણન છે, તેથી જે વૈષ્ણવ 'સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત'ની ટીકાને વાંચે-કહે- સાંભળે તેના હૃદયમાં સર્વથા (દરેક પ્રકારથી) શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ બિરાજે. તેથી વૈષ્ણવોએ આ ગ્રન્થનો પાઠ ભાવસહિત નિત્ય-નિયમપૂર્વક કરતો રહેવો. અને તાદશી વૈષ્ણવ હોય તેની સાથે મળીને આ ગ્રન્થનો ભાવાર્થ તત્ત્વ વિચારવા. અન્ય માર્ગીયના આગળ આ ગ્રન્થનો પાઠ ન કરવો. તે શા માટે? તો આપણો માર્ગ છે તે ગોપ્ય (પ્રગટ ન કરી શકાય તેવો) માર્ગ છે અને આ ગ્રન્થફ્લરૂપ છે તેથી ગુપ્ત રાખવો.

*|| આમ શ્રીસ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત ની વ્રજભાષા ટીકા સમાપ્ત થઈ ||*

**નોંધ :** *આ ટીકા શ્રીહરિરાયજી વિરચિત સંસ્કૃત ટીકાથી કાંઇક અલગ સ્વતન્ત્ર ભાષા ટીકા લાગે છે. કેમ કે આનું સંસ્કૃત ટીકાથી કયાંક-કયાંક જુદાપણું સ્પષ્ટ છે. અથવા કોઇ બીજાના દ્વારા રચાયેલ શ્રીહરિરાયજીના નામથી પ્રચલિત થઇ ગઇ હોય તેમ લાગે છે. વિષય સુંદર હોવાથી કયાંક-કયાંક સંક્ષિપ્ત પણ કરીને પ્રકાશિત કરી છે (સમ્પાદક)*

# || [૧]શ્રીવલ્લભભાવાષ્ટકમ્ ||

(અનુષ્ટુપ)

**પતિઃ શ્રીવલ્લભોऽસ્માકં ગતિઃ શ્રીવલ્લભઃ સદા ||**

**મતિઃ શ્રીવલ્લભે હ્યાસ્તાં રતિઃ શ્રીવલ્લભેડસ્તુ મે ।। ૧ ।।**

શ્રીવલ્લભાચાર્ય પ્રભુ અમારા સ્વામી છે, શ્રીવલ્લભાધીશ સદૈવ અમારી ગતિ છે. અમારી બુદ્ધિ શ્રીવલ્લભમાં રહો, મારો પ્રેમ શ્રીવલ્લભાધીશમાં રહો. ૧

**વૃત્તિઃ શ્રીવલ્લભીચૈવ કૃતિઃ શ્રીવલ્લભાર્થિની ।।**
**દર્શનં શ્રીવલ્લભસ્ય સ્મરણં વલ્લભપ્રભોઃ ।। ૨ ।।**

મારું વલણ શ્રીવલ્લભ સંબંધી જ રહો, કાર્ય શ્રીવલ્લભ માટે જ થાઓ, દર્શન શ્રીવલ્લભપ્રભુનું અને સ્મરણ પણ શ્રીવલ્લભાચાર્યજીનું થાઓ. ૨

**તત્પ્રસાદસુમાઘ્રાણમસ્તૂચ્છિષ્ટરસાગ્રહઃ ।।**
**શ્રવણં તદ્‌ગુણાનાં હિ સ્મરણં તત્પદાબ્જયોઃ ।। ૩ ।।**

એ પ્રભુનાં પ્રસાદી પુષ્પોને જ સૂંઘવાનું થાઓ, એમના ઉચ્છિષ્ટ રસમાં જ આગ્રહવાળો થાઉં, એમના ગુણોનું શ્રવણ અને એમનાં ચરણકમલનું સ્મરણ થાઓ. ૩

**ગૃણનં તન્મહિત્વસ્ય સેવનં કરયોર્ભવેત્ ।।**
**તત્સ્વરૂપાન્તરો ભોગો ગમનં તસ્ય સંનિધૌ ।। ૪ ।।**

એમની મહિમાનું ગાન અને એમના કરની સેવા થાઓ, એ શ્રીવલ્લભપ્રભુના સ્વરૂપમાં રહેતો જ ભોગ થાઓ, અને એ પ્રભુની નિકટ જ મારું જવું થાઓ. ૪

**તદગ્રે સર્વદા સ્થાનં સંગસ્તત્સેવકૈઃ સદા ।।**
**તદ્વાર્તાતિરૂચિર્નિષ્ઠા ભૂયાત્તદ્વાક્યમાત્રગા ।। ૫ ।।**

એ શ્રીમહાપ્રભુજી આગળ જ હંમેશા રહેવાનું થાઓ અને એમના સેવકોનો જ સદા સંગ થાઓ, શ્રીમહાપ્રભુજીની જ કથામાં ઘણી રૂચિ અને આપશ્રીનાં વચનોમાં જ નિષ્ઠા રહો. ૫

**શ્રદ્ધા તદેકસંબન્ધે વિશ્વાસસ્તત્પદાબ્જયોઃ ॥**
**દાસ્યં તદીયમેવાસ્તુ ભૂયાત્તચ્ચરણાશ્રયઃ ॥ ૬ ॥**

એ શ્રીમહાપ્રભુજીના સંબંધમાં શ્રદ્ધા, આપશ્રીનાં ચરણકમળમાં વિશ્વાસ, એઓશ્રીનું જ દાસ્ય અને એઓશ્રીના ચરણમાં આશ્રય થાઓ. ૬

**મસ્તકે શ્રીવલ્લભોઽસ્તુ હૃદિ તિષ્ઠતુ વલ્લભઃ ॥**
**અભિતઃ શ્રીવલ્લભોઽસ્તુ સર્વં શ્રીવલ્લભો મમ ॥ ૭ ॥**

મારા મસ્તક ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજો, મારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજો, મારી ચારે બાજુ શ્રીવલ્લભ રહો, અને મારું સર્વ શ્રીવલ્લભ થાઓ. ૭

**નમઃ શ્રીવલ્લભાયૈવ દૈન્યં શ્રીવલ્લભે સદા ॥**
**પ્રાર્થના શ્રીવલ્લભેઽસ્તુ તત્પદાધીનતા મમ ॥ ૮ ॥**

શ્રીવલ્લભાચાર્યજીને નમસ્કાર હો, સદૈવ શ્રીવલ્લભાચાર્યજી વિશે જ મારી દીનતા થાઓ, પ્રાર્થના શ્રીવલ્લભ વિશે જ થાઓ અને એ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમલમાં જ મારી પરવશતા રહો. ૮

**એતદષ્ટકપાઠેન શ્રીવલ્લભપદામ્બુજે ॥**
**ભવેદ્ ભાવો વિનાયાસં ભક્તિમાર્ગવૃતાત્મનામ્ ॥૯॥**

ભક્તિમાર્ગમાં જેઓના આત્માનું વરણ થયું છે તેવા જીવોને આ અષ્ટકનો પાઠ કરવાથી કોઈપણ જાતની મહેનત વિના શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રભુનાં ચરણકમલમાં ભાવ થાય. ૯

*॥ ઈતિ શ્રીહરિદાસોક્તં શ્રીવલ્લભભાવાષ્ટકં સમ્પૂર્ણમ્ ॥*

## ॥ [૨]શ્રીવલ્લભભાવાષ્ટકમ્ ॥

(શિખરિણી)

**તરેયુઃ સંસારં કથમગતપારં સુરજનાઃ**

કથં ભાવાત્માનં હરિમનુસરેયુશ્ચ સરસાઃ ||
કથં વા માહાત્મ્યં નિજ હૃદિ નયેયુર્વ્રજભુવાં
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ || ૧ ||

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! જો આ ભૂતલમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો અપાર પારાવાર સંસારરૂપી સમુદ્રને કેવી રીતે તરી શકત, રસિક ભગવદીયો ભાવાત્મક શ્રીહરિને કેવી રીતે અનુસરી શકત અને વ્રજભૂમિના માહાત્મ્યને પોતાના હૃદયમાં કેવી રીતે સ્થાપિત કરી શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભુ ! આપ ભૂતલ ઉપર પ્રગટ ન થયા હોત તો દૈવી જીવો આ સંસારસમુદ્રને તરી શકત નહિ અને રસિક ભગવદીયો શ્રીહરિને અનુસરી શકત નહિ. તેમજ વ્રજભૂમિના માહાત્મ્યને પણ પોતાના હૃદયમાં સ્થાપિત કરી શકત નહિ. આથી જ આપશ્રીના પ્રાકટ્યની પૃથ્વીમાં જરૂર હતી. ૧

શ્રયેયુઃ સન્માર્ગં કથમનુભવેયુઃ સુખભરં
કથં વા સર્વસ્વં નિજમહહ કુર્યુશ્ચ સફલમ્ ||
ત્યજેયુઃ કર્માદેઃ ફલમપિ કથં દુઃખસહિતં
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ || ૨ ||

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! જો પૃથ્વીમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો પુષ્ટિભક્તિમાર્ગનો આશ્રય શી રીતે કરત, સુખસાગરનો અનુભવ કેવી રીતે કરત અને પોતાનું સર્વસ્વ (સ્ત્રી, પુત્ર, ઘર, કુટુંબ, દ્રવ્યાદિક) આત્મનિવેદન દ્વારા પ્રભુને સમર્પી શી રીતે સફળ કરત? જેમાં પુણ્યક્ષીણ થતાં જન્મમરણનું દુઃખ ભોગવવું પડે છે તેવા દુઃખવાળા કર્માદિકના ફળનો કેવી રીતે ત્યાગ કરી શકત? અર્થાત્ આપ ભૂતલમાં પ્રગટ ન થયા હોત તો દૈવી જીવો પુષ્ટિભક્તિનો આશ્રય કરી આનંદાનુભવ કરવાં સર્વસ્વ સમર્પી કર્મમાર્ગના દુઃખવાળા ફલાદિકનો ત્યાગ કરી શકત નહિ. ૨

વદેયુઃ સદ્વાદં કથમપહરેયુશ્ચ કુમતિં

**કથં વા સદ્બુદ્ધિં ભગવતિ વિદધ્યુઃ કૃતધિયઃ ।।**
**કથં લોકાસક્તિં સપદિ શમયેયુઃ સમયુતા**
**ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ।। ૩ ।।**

હે શ્રીવાક્પતિ મહાપ્રભુ ! જો ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું કેવી રીતે વર્ણન કરી શકત, માયાવાદાદિકથી કલુષિત બુદ્ધિને કેવી રીતે શુદ્ધ કરી શકત અને સુબુદ્ધિમાન ભક્તજનો ભગવાનમાં કેવી રીતે સદ્બુદ્ધિ ધારણ કરી શકત, શાંતિયુક્ત ભગવદીયો તત્કાલ કેવી રીતે લૌકિકાસક્તિને શાંત કરત, અર્થાત્ ત્યજી શકત? સારાંશ કે આપ પ્રગટ ન થયા હોત તો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું જ્ઞાન થાત નહિ અને માયાવાદાસક્તિ છૂટત નહિ, તેમજ લૌકિકાસક્તિ ત્યજાયે ભગવદાસક્તિ જીવોને થાત નહિ. ૩

**વ્રજેયુર્વિશ્વાસં પરમફલનિઃસાધનપથે**
**કથં વેદાલ્લોકાદ્ જગતિ વિચરેયુર્ગતભયાઃ ।।**
**કથં લીલાઃ સર્વાઃ સદસિ કથયેયુઃ પ્રમુદિતા**
**ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ।। ૪ ।।**

હે વાગીશ શ્રીમહાપ્રભુ ! આપ જો આ ભૂતલ ઉપર પ્રગટ ન થયા હોત તો ભગવલ્લીલા- મધ્યપાતરૂપી ઉત્કૃષ્ટ ફલ જેમાં પ્રાપ્ત થાય છે તેવા નિઃસાધન માર્ગમાં વિશ્વાસ કેવી રીતે પ્રાપ્ત કરી શકત, લોકનો અને વેદનો ભય ત્યજી અર્થાત્ વેદથી અને લોકથી નિર્ભય બની જગતમાં કેવી રીતે ફરી શકત, અત્યંત હર્ષપૂર્વક સર્વ ભગવલ્લીલાઓનું સભામાં વર્ણન કેવી રીતે કરી શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભુ ! આપ ભૂતલ ઉપર પ્રગટ ન થયા હોત તો આ નિઃસાધન માર્ગમાં વિશ્વાસપૂર્વક લોકથી અને વેદથી નિર્ભય બની સભામાં સહર્ષ ભગવલ્લીલાઓના રહસ્યને જાણી વર્ણન કરનાર જ મળી શકત નહિ. ૪

**સ્મરેયુઃ સદ્ભાવં કથમખિલલીલામુત વિભો-**
**રનન્તત્વં રૂપે કથમપિ ચ જાનીયુરખિલાઃ ||**
**કથં વા ગાયેયુર્ગુણગણમિહાલૌકિકરસા**
**ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ || ૫ ||**

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! ભૂતલ ઉપર જો આપનું પ્રાકટ્ય ન થયું હોત તો ભગવદ્‌ભાવ અર્થાત્ પ્રભુ તરફના નિર્ગુણ પ્રેમભાવનું અને પ્રભુની સમગ્ર લીલાઓનું દૈવી જીવો કેવી રીતે સ્મરણ કરી શકત, સમગ્ર દૈવી જીવો પ્રભુનાસ્વરૂપ અનંત છેતે પણ કેવી રીતે જાણી શકત અને આ ભૂતલમાં અલૌકિક રસિક ભગવદીયો પ્રભુના ગુણસમૂહને કેવી રીતે ગાઈ શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભુ ! આપ જો ભૂતલમાં પ્રગટ ન થયા હોત તો ભાવભાવન લીલાભાવન અને સ્વરૂપભાવન થઈ શકત જ નહિ, તેમજ અલૌકિક રસથી ભરેલા રસિકો ગુણગાન પણ કરી શકત  નહિ. ૫

**પઠેયુઃ શ્રીકૃષ્ણોદિતમથ પુરાણં નિયમિતાઃ**
**કથં તસ્યાપ્યર્થં નિજહૃદિ ધરેયુર્ધૃતિયુતાઃ ||**
**કથં વા ગોપીશં સદયમુ ભજેયુઃ ફલતયા**
**ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ || ૬ ||**

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! જો આ ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુએ કહેલા ગીતાજીનો અને પુરાણ શ્રીમદ્ભાગવતનો અર્થ સમજીને નિયમપૂર્વક દૈવી જીવો પાઠ કેવી રીતે કરી શકત, એના અર્થને એટલે શ્રીસુબોધિનીજીના ભાવને પણ ધૈર્યયુક્ત થઈ કેવી રીતે પોતાના હૃદયમાં ધારણ કરી શકત, અને દયાળુ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રને ફલરૂપ સમજી કેવી રીતે સેવા કરી શકત? અર્થાત્ જો આપ પ્રગટ ન થયા હોત તો નિબંધ અને સુબોધિની દ્વારા શ્રીભગવતપ્રોક્ત ગીતા અને શ્રીભાગવત પુરાણના તત્ત્વરૂપ રહસ્યને સમજી દૈવી જીવો પાઠ પણ ન કરી શકત તેમજ શ્રીભાગવતના તત્ત્વને હૃદયમાં ધારણ કરી ફલરૂપ પ્રભુને સમજીને એમની સેવા પણ ન કરી શકત. ૬

**વહેયુઃ સ્વં ધર્મં કથમિતરસંબન્ધરહિતં**
**સહેયુઃ પારુષ્યં કથમસુરસંબન્ધિવચસામ્ ॥**
**દહેયુઃ સ્વાન્દોષાન્કથમિહ વિના સાધનબલં**
**ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૭ ॥**

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! ભૂતલ ઉપર જો આપનું પ્રાકટ્ય ન થયું હોત તો અન્યાશ્રય-ત્યાગપૂર્વક અનન્ય- ભક્તિરૂપી સ્વધર્મનું કેવી રીતે પાલન કરી શકત, આસુરી જીવોની બાણ જેવી વાણીની કઠોરતાને (આપના ઉપદેશામૃતનું પાન કર્યા વિના) કેવી રીતે સહન કરી શકત અને આ કલિયુગમાં સાધન-બળ વિના પોતાના સહજાદિક દોષો કેવી રીતે બાળી શકત? કારણ કે મનુષ્ય માત્રને ૧. સહજ દોષ એટલે જન્મથી થતા દોષ, અર્થાત્ હીનજાતિમાં ઉત્પન્ન થવું એ અથવા બીજદોષ અગર ગર્ભદોષ, ૨. દેશોત્થદોષ એટલે કૃષ્ણમૃગરહિત મ્લેચ્છદેશમાં રહેવાથી થતા દોષ, ૩. કાલોત્થદોષથી- કલિકાલથી, અશુભ મુહૂર્તાદિકથી યા અવસ્થાથી થતા દોષ, ૪. સંયોગદોષ ધર્મભ્રષ્ટ પતિતાદિકના સંસર્ગથી થતા દોષ, ૫. સ્પર્શજદોષ- શાસ્ત્રોમાં જે જે વસ્તુઓને તથા પ્રાણીઓને અસ્પૃશ્ય ગણેલાં છે તેઓનો સ્પર્શ થવાથી થતા દોષ, એ પ્રકારે પાંચ પ્રકારના દોષ અવશ્ય લાગે

છે, એ દોષોને નિવૃત્ત કરવા માટે શ્રીમહાપ્રભુજીએ ભગવદ્-આજ્ઞાથી પ્રભુને આત્મનિવેદન કરવાનું જણાવેલું છે, અર્થાત્ આપના પ્રાકટ્યથી અનન્યભક્તિરૂપ ધર્મ પાળી શક્યા, કડવાં બાણ જેવાં વચન સહન કરી શક્યા, અને વગર સાધને બ્રહ્મસંબંધ કરી ભગવદ્ આજ્ઞાનુસાર આપને શરણે આવી સહજાદિક પાંચે પ્રકારના દોષ દૂર કરી શક્યા. ૭

**જયેયુર્દુર્જૈયાન્ દનુજમનુજાતાનપિ કથં**
**કથં વા માર્ગીયં ફલમુપદિશેયુશ્ચ પરમમ્ ||**
**કથં વૈ ગચ્છેયુઃ શરણમતિભાવેન સતતં**
**ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ || ૮ ||**

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો કોઈનાથી ન જિતાય તેવા અર્થાત્ દુઃખથી જિતાય તેવા આસુરોને અને આસુરોને અનુસરનારાઓને કેવી રીતે જીતી શકાત અને આ નિઃસાધન નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગના ઉત્કૃષ્ટ ફલરૂપ મહામંત્રનો શી રીતે ઉપદેશ આપી શકત, અને અત્યંત ભાવપૂર્વક નિરંતર પ્રભુને શરણે શી રીતે જઈ શકાત? અર્થાત્ આપ પ્રગટ થયા ન હોત તો આસુરી જીવોને અને આસુરી જીવોને અનુસરનારાઓને અથવા આસુરભાવવાળાઓને જીતી શકાત નહિ, ભગવન્માર્ગીય પરમફલરૂપ મહામંત્રનો ઉપદેશ પણ મળી શકત નહિ અને દૈવી જીવો ભાવપૂર્વક ભગવદ્-શરણાગતિ કરી જન્મમરણના દુઃખના રૂપનો

સંસારસમુદ્ર તરી શકત જ નહિ, આથી જ હે શ્રીવાગીશપ્રભુ! ભૂતલ ઉપર આપના પ્રાકટ્યની દૈવીજીવોદ્ધારાર્થ જરૂર હતી. ૮

*ઈતિ શ્રીહરિદાસોદિતં શ્રીવલ્લભભાવાષ્ટકં સંપૂર્ણમ્ ।*

# । શ્રીવલ્લભશરણાષ્ટકમ્ ।

(અનુષ્ટુપ)

**નિઃસાધનજનોદ્ધારકરણપ્રકટીકૃતઃ ।।**
**ગોકુલેશસ્વરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમ ।। ૧ ।।**

નિઃસાધન જનોનો ઉદ્ધાર કરવા માટે પ્રભુએ પ્રગટ કરેલા (વસ્તુતઃ) શ્રીગોકુલેશ શ્રીવલ્લભ (શ્રીમહાપ્રભુજી) મારો આશ્રય છે. ૧

**ભજનાનન્દદાનાર્થં પુષ્ટિમાર્ગપ્રકાશકઃ ।।**
**કરૂણાવરણીયઃ શ્રીવલ્લભઃ શરણં મમ ।। ૨ ।।**

(ભક્તોને) ભજનના આનંદનું દાન કરવા સારુ (રસાત્મક) પોષણ-અનુગ્રહ-માર્ગનો પ્રકાશ કરનાર, કરુણાથી વરી શકાય તેવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૨

**સ્વામિનીભાવસંયુક્તભગવદ્ભાવભાવિતઃ ।।**
**અત્યલૌકિકમૂર્તિઃ શ્રીવલ્લભઃ શરણં મમ ।। ૩ ।।**

શ્રીસ્વામિનીજીના ભાવથી યુક્ત એવા ભગવદ્ભાવથી ભાવયુક્ત, અતિ અલૌકિક સ્વરૂપવાળા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૩

**શ્રીકૃષ્ણવદનાનન્દો વિયોગાનલમૂર્તિમાન્ ।।**
**ભક્તિમાર્ગાબ્જભાનુઃ શ્રીવલ્લભઃ શરણં મમ ।। ૪ ।।**

શ્રીસદાનંદ પ્રભુના મુખારવિંદરૂપે આનંદરૂપ, મૂર્તિમાન વિયોગરૂપ અગ્નિ, ભક્તિમાર્ગરૂપી કમલને પ્રફુલ્લિત કરવામાં ભાનુ-સૂર્યરૂપ શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૪

**રાસલીલારસભર-સમાક્રાન્તાખિલાંગભૃત્ ।।**
**ભાવરૂપાખિલાંગઃ શ્રીવલ્લભઃ શરણં મમ ।। ૫ ।।**

રાસીય લીલાના રસભારથી સર્વ દેહધારીઓને સારી રીતે રસબસ કરનાર, ભાવાત્મક સર્વ અંગવાળા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૫

**શ્રીભાગવતભાવાર્થાવિર્ભાવાર્થાવતારિતઃ ||**
**સ્વામિસંતોષહેતુઃ શ્રીવલ્લભઃ શરણં મમ || ૬ ||**

શ્રીભાગવતના ભાવાર્થને પ્રગટ કરવા સારુ પૃથ્વીમાં જેમને અવતાર લેવરાવ્યો છે તેવા અને સ્વામી શ્રીકૃષ્ણચંદ્રના સંતોષના કારણરૂપ શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૬

**વલ્લવીવલ્લભાન્તઃસ્થલીલાનુભવવલ્લભઃ ||**
**અન્યાસ્ફુરણરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમ || ૭ ||**

ગોપાંગનાના વલ્લભ શ્રીકૃષ્ણચંદ્રના અંતઃકરણમાં રહેલ લીલાનો અનુભવ જેને વહાલો છે અને આથી અન્ય વાર્તા જે સ્ફુરવા પણ દેતા નથી તેવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૭

**જિતામ્ભોજપદામ્ભોજવિભૂષિતવસુંધરઃ ||**
**સદા ગોવર્ધનસ્થઃ શ્રીવલ્લભઃ શરણં મમ || ૮ ||**

કમલને પોતાની સુષુમાથી જીતનારાં ચરણકમલોથી પૃથ્વીને વિભૂષિત કરનાર, સદા શ્રીગિરિરાજમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૮

**અનન્યસ્તન્મના નિત્યં પઠેદ્યઃ શરણાષ્ટકમ્ ||**
**સલભેત્(?) સાધનાભાવયુક્તોડપ્યેતત્પદાશ્રયમ્ || ૯ ||**

પ્રભુ સિવાય અન્ય જેને આલંબન નથી તેવો જીવ પ્રભુમાં તદાકર મનવાળો થઈને આ ''શ્રીવલ્લભશરણાષ્ટક''નો પાઠ કરે, તે નિઃસાધન હોય તો પણ આ શ્રીમહાપ્રભુજીના ચરણકમલના દ્રઢાશ્રયને પ્રાપ્ત થાય. ૯

*। ઈતિ શ્રીહરિદાસવિરચિતં શ્રીવલ્લભશરણાષ્ટકમ્ સંપૂર્ણમ્ ।*

# ।। શ્રીવૈશ્વાનરાષ્ટકમ્ ।।

(શિખરિણી)

**સમુદ્ભૂતો ભૂમૌ ભગવદભિધાનેન સદયઃ**

**સમુદ્ધારં કર્તું કૃપણમનુજાનાં કલિયુગે ||**
**ચકાર સ્વં માર્ગં પ્રકટમતુલાનન્દજનનં**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ || ૧ ||**

કલિયુગમાં દૈન્યરહિત અર્થાત્ નિઃસાધન મનુષ્યોનો સારી રીતે ઉદ્ધાર કરવાને અર્થાત્ ચોરાશી લાખ યોનિમાંથી નિર્મુક્ત કરી ભગવલ્લીલા-મધ્યપાતરૂપી ફલ પ્રાપ્ત કરાવવાને દયાયુક્ત થઈ પૃથ્વીમાં ભગવદ્-અવતાર તરીકે જેઓ પ્રગટ થયા અને અત્યંત આનંદજનક પોતાનો નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગ પ્રગટ કર્યો તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૧

**નિજાનન્દે મગ્નઃ સતતમથ લગ્નશ્ચ મનસા**
**હરૌ મગ્નાસક્તિર્જગતિ જગદુદ્ધારકરણઃ ||**
**કૃપાપારાવારઃ પરહૃદયશોકાપહરણઃ**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ || ૨ ||**

નિજાનંદમાં ડૂબેલા અને નિરંતર શ્રીહરિમાં જેમની ચિત્તવૃત્તિનો નિરોધ થયેલો છે તેવા, જગતમાં ભગવદાસક્તિ રાખી જગતનો ઉદ્ધાર કરવાવાળા, કૃપાના સમુદ્રરૂપ પારકાના હૃદયના શોકને દૂર કરનાર એવા એ ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૨


**મહામાયામોહપ્રશમનમનોદોષનિચય-**
**પ્રતીતઃ શ્રીકૃષ્ણઃ પ્રકટપથવિદ્વેષસયુજામ્ ||**
**મુખધ્વંસં ચક્રે નિગમવચનૈર્માયિકનૃણાં**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ || ૩ ||**

મહામાયારૂપ શક્તિના મોહથી મનના દોષસમૂહને સારી રીતે શાંત કરનારા અને પ્રગટ માર્ગના દ્વેષમાં જોડાયેલા માયાવાદી મનુષ્યોનાં શ્રીકૃષ્ણસ્વરૂપે પ્રતીત થઈ વેદવચનોથી જેમણે મુખ બંધ કર્યાં છે તેવા એ ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૩

**પ્રસિદ્ધૈસ્તૈર્દોષૈઃ સહજકલિદોષાદિજનિતૈ-**
**ર્યતઃ સ્વીયૈર્ધર્મૈરપિ ચ રહિતઃ સર્વમનુજઃ ||**
**કૃતઃ સંબન્ધેન પ્રભુચરણસેવાદિસહિતઃ**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ || ૪ ||**

પ્રસિદ્ધ એવા ૧. સહજદોષ, ૨. દેશોત્થદોષ, ૩. કાલોત્થદોષ, ૪. સંયોગજદોષ, ૫. સ્પર્શજદોષ, એ પાંચે પ્રકારના દોષો- જીવોને લાગેલા હોય છે. જેથી કરીને સ્વધર્મથી રહિત થયા છે તેવા સર્વે મનુષ્યોને જેમણે બ્રહ્મસંબંધ દ્વારા એમના એ સર્વદોષ નિવૃત્ત કરી પ્રભુના ચરણારવિંદની સેવામાં પરાયણ કર્યા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૪

## || નવરત્નમ્ ||



**વિભેદં યશ્ચક્રે હરિભજનપૂજાદિવિધિષુ**
**સ્વમાર્ગીયપ્રાપ્યં ફલમપિ ફલેભ્યઃ સમધિકમ્ ।।**
**વિના વૈરાગ્યાદેરપિ પરમમોક્ષૈકફલદઃ**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ।। ૫ ।।**

શ્રીહરિની ભક્તિ અને પૂજન વગેરે વિધિઓમાં જેઓએ વિશેષ કરીને ભેદ કરેલો છે, અર્થાત્ પૂજનમાં વિધિનું પ્રાધાન્ય છે અને ભક્તિમાં સ્નેહનું પ્રાધાન્ય છે એમ બતાવી સ્વમાર્ગીય એટલે ભગવદ્ભક્તિ કરનારાઓને અન્ય કર્મ, જ્ઞાન વગેરે મર્યાદામાર્ગીયોના ફલથી સારી રીતે અધિક અને વૈરાગ્યાદિક સિવાય પરમલીલામધ્યપાતરૂપી એક ફલને આપનાર એવા એ ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૫

**પરિક્રાન્તા પૃથ્વી ચરણકમલૈસ્તીર્થમહિમ**
**પ્રસિદ્ધ્યર્થં સ્વીયસ્મરણસમવાપ્ત્યૈ નિજનૃણામ્ ।।**
**તથા દૈવાન્ જીવાન્ જગતિ ચ પૃથક્કર્તુમખિલાન્**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ।। ૬ ।।**

પોતાના ભક્તજનોને આપનું સ્મરણ રહે એટલા માટે અને તીર્થોનુ માહાત્મ્ય પ્રસિદ્ધ થવા માટે તેમજ જગતમાં સમગ્ર દૈવી જીવોને શરણે લઈ અન્ય જીવોથી જુદા કરવા જેઓએ પોતાનાં ચરણકમલોથી પૃથ્વીપરિક્રમા કરી તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૬

**હરિં ભાવાત્માનં તદખિલવિહારાનપિ તથા**
**સમસ્તાં સામગ્રીં મનુજપશુપક્ષ્યાદિસહિતામ્ ।।**
**કૃપામાત્રેણાત્ર પ્રકટયતિ દક્પારકરુણઃ**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ।। ૭ ।।**

ભાવાત્મક શ્રીહરિને, એમના સમગ્ર વિહારોને તેમજ મનુષ્ય પશુ પક્ષી સહિત સમસ્ત લીલાસામગ્રીને પણ જેઓ કૃપામાત્રથી અહીં પ્રકટ કરે

છે તેવા, દષ્ટિ પડવાથી કરુણામય એવા એ ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૭

**પરેષામાસક્તિં સુતધનશરીરાદિષુ દ ઢાં**
**દ્રુતં ભસ્મીચક્રે બહલમપિ તૂલં જ્વલ ઈવ ।।**
**સ્વસાંનિધ્યાદેવ વ્યસનમપિ કૃષ્ણેડપિ વિદધત્**
**સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ।। ૮ ।।**

જેનો અન્ય જીવોથી પુત્ર ધન શરીર વગેરેમાં જે દઢ આસક્તિ હતી તે આસક્તિનો, અગ્નિ જેમ મોટા રૂના ઢગલાનો પણ નાશ કરે છે તેમ, નાશ કરીને પોતાના સાંનિધ્યથી જ શ્રીકૃષ્ણમાં વ્યસન પણ સિદ્ધ કરાવે છે, તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૮

**ઈતિ શ્રીમત્પ્રોક્તં હરિચરણદાસેન હરિણા**
**ષ્ટકં સ્વાચાર્યાણાં પઠતિ પરમપ્રેમસહિતઃ ।।**
**જનસ્તસ્ય સ્યાદ્વૈ હરિવદનવૈશ્વાનરપદે**
**પરો ભાવસ્તૂર્ણં સકલફલરૂપસ્તદધિકઃ ।। ૯ ।।**

એ પ્રકારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ભગવચ્ચરણારવિંદના દાસ શ્રીહરિરાયજીએ કહેલા સૌંદર્યયુક્ત અષ્ટકનો જે મનુષ્ય પરમપ્રેમપૂર્વક પાઠ કરે છે, તેને ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુના ચરણારવિંદમાં સમગ્ર ફલરૂપ અને તેથી અધિક ભાવ પ્રાપ્ત થાય છે. ૯

*ઈતિ શ્રીહરિદાસ વિરચિતં શ્રીવૈશ્વાનરાષ્ટકં સંપૂર્ણમ્ ।*

## ।। શ્રીમદાચાર્યચિન્તનમ્ ।।

(અનુષ્ટુપ)

**અથ શ્રીવલ્લભાચાર્યધ્યાનમત્ર નિરૂપ્યતે ।।**
**નિવાર્ય સર્વસંદેહાઁસ્તત્સ્વરૂપે કૃપાબલાત્ ।।૧।।**

કૃપાબલથી એઓશ્રીના સ્વરૂપ વિશેના સર્વ સંદેહોને દૂર કરીને હવે શ્રીમહાપ્રભુજીનું ધ્યાન અહીં નિરૂપવામાં આવે છે. ૧

**વ્રજસ્ત્રીહૃદયં કૃષ્ણવિયોગભરભાવિતમ્ ।।**
**વ્રજસ્ત્રિયોઽપિ વિરહભાવપ્રાપ્તિફલાસ્તથા ।।૨।।**

વ્રજસ્ત્રીઓનું હૃદય શ્રીકૃષ્ણ ભગવાનના વિયોગના ભારથી ભાવનાયુક્ત છે તેમ વ્રજસ્ત્રીઓ પણ ભગવદ્વિરહભાવની પ્રાપ્તિરૂપી જે જે ફળ છે તેવાં છે. ૨

**નાન્તર્ગૃહગતા લક્ષ્મીસ્તદંશા અપિ નૈવ હિ ।।**
**અધિષ્ઠાનં વિચિન્ત્યૈવં કૃષ્ણં તત્ર વિભાવયેત્ ।।૩।।**

(રાસ-પ્રસંગમાં) જે ગોપીજનો અંતગૃહગતા (ઘરમાં પુરાઈ રહેલાં) તે લક્ષ્મીરૂપ નથી તેમ એઓ લક્ષ્મીજીના અંશ પણ નથી, આમ વિચાર કરીને એમાં અધિષ્ઠાનરૂપે શ્રીકૃષ્ણની ભાવના કરવી. ૩

**ભાવાત્માનં તત્ર તાપભાવમાસ્યં વિચિન્તયેત્ ।।**
**સાકારં કોટિકન્દર્પલાવણ્યં કૃષ્ણમૂર્તિમત્ ।।૪।।**

ત્યાં (વિરહમાં) તાપ-ભાવરૂપ ભાવાત્મા મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીનું ચિંતન કરવું. (આ સ્વરૂપ કેવું છે ?) સાકાર (આનંદાકાર) કોટિ કામદેવના તુલ્ય લાવણ્યવાળું શ્રીકૃષ્ણ પ્રભુની મૂર્તિવાળું છે. ૪

**''સર્વતઃ પાણિપાદાન્ત'' મિતિગીતાવચોબલાત્ ।।**
**મન્તવ્યાવયવાનાં હિ સર્વેષાં કૃષ્ણરૂપતા ।।૫।।**

''સર્વ તરફ છે કર-ચરણના છેડા જેના'' તેવું બ્રહ્મનું સ્વરૂપ ગીતાજીમાં કહેલું છે. આ વચનના બલથી શ્રીમહાપ્રભુજીના બધા અવયવ શ્રીકૃષ્ણરૂપ માનવા. ૫

**યથા વિશિષ્ટં કૃષ્ણસ્ય રૂપં ચાવયવાસ્તથા ।।**
**સર્વાવયવરૂપાણાં કરપાદાદિયુક્તતા ।।૬।।**

જેમ શ્રીકૃષ્ણપ્રભુનું રૂપ વિશિષ્ટ-આનંદરૂપ છે તેમ એમના અવયવ કર પાદ મુખ વગેરે પણ આનંદરૂપ છે, એ મુજબ શ્રીમહાપ્રભુજીના સર્વ અવયવો કર ચરણ વગેરે પણ આનંદરૂપ છે. ૬

**ભાવાત્મનો હ્યવયવાસ્તથાભૂતાત્મકા હિ તે ।।**
**અતઃ શ્રીકૃષ્ણવિરહસ્ત્રીભાવાગ્નિઃ પ્રભુર્મતઃ ।।૭।।**

એમ ભાવસ્વરૂપ શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગ એવા પ્રકારનાં એટલે આનંદરૂપ છે, માટે શ્રીકૃષ્ણ પ્રભુના વિરહ વખતનો સ્ત્રીઓનો વિરહભાવરૂપી જે અગ્નિ તે શ્રીમહાપ્રભુજી છે. ૭

**તત્સ્વરૂપં યથા કૃષ્ણસ્તથૈવેતિ વિભાવ્યતામ્ ।।**
**સ હિ ગૂઢઃ સ્થાયિભાવઃસ્ત્રીણામિતિ વિનિશ્ચયઃ ।।૮।।**

જેવા શ્રીકૃષ્ણ પ્રભુ તેવું જ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે એમ વિચાર કરો, (વિરહવતી) સ્ત્રીઓ- વ્રજાંગનાઓનો એ નક્કી ગૂઢ સ્થાયી ભાવ છે, એમ નક્કી છે. ૮

**તન્મુખં શ્રીમદાચાર્યાસ્તથાભૂતા ન સંશયઃ ।।**
**કૃષ્ણત્વેનૈવ તદ્ધયાનં સ્ત્રીભાવાત્મતયા હ્યતઃ ।। ૯ ।।**

એ શ્રીપ્રભુના મુખારવિંદરૂપ શ્રીઆચાર્યચરણો છે, તેથી શ્રીકૃષ્ણસ્વરૂપ છે, એમાં સંશય નથી, માટે સ્ત્રી-વ્રજાંગનાઓના વિરહભાવાત્મકપણાથી શ્રીકૃષ્ણ-સ્વરૂપે જ એમનું ધ્યાન કરવું જોઈએ. ૯

**વ્રજસ્ત્રીહૃદયસ્થાયિકૃષ્ણવક્ત્રતયા તથા ।।**
**મુખારવિન્દરૂપત્વાત્ તાપભક્ત્યાત્મનાપિ ચ ।।૧૦।।**

વ્રજસ્ત્રીઓના હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણ પ્રભુના મુખારવિંદપણાથી

તેમ મુખારવિંદરૂપ હોવાથી અને તાપ (વિરહતાપ) રૂપ ભક્તસ્વરૂપે પણ શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણરૂપ છે. ૧૦

**પૂર્વવત્ કૃષ્ણરૂપત્વં ભક્તેરપિ વિબુધ્યતામ્ ||**
**કૃષ્ણસંબન્ધિ યત્કિંચિંત્તત્દ્રૂપમિતિ ધ્રુવમ્ ||૧૧||**

પૂર્વવત્ ભક્તિનું પણ શ્રીકૃષ્ણ-સ્વરૂપપણું જાણવું, કારણ કે ભગવત્સંબંધી જે કોઈ વસ્તુ છે તે તદ્રૂપ એટલે ભગવદ્રૂપ છે એમ નક્કી સમજવું. ૧૧

**મુખત્વાદેવ રાસસ્ત્રી-ભાવપૂરિતતોચ્યતે ||**
**વ્રજસ્ત્રીહૃદયાનન્દ-દાયકત્વં તથા પુનઃ ||૧૨||**

શ્રીપ્રભુના મુખારવિંદ-સ્વરૂપ હોવાથી શ્રીમહાપ્રભુ વ્રજસ્ત્રીઓના ભાવથી પૂર્ણ શ્રીઅંગવાળા કહેવાય છે, (એટલે શ્રીસર્વોત્તમજીમાં 'રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ' રાસમાંનાં ગોપાંગનાઓના ભાવથી જેમનો દેહ પૂર્ણ છે આવું અભિધાન શ્રીગુસાંઈજીએ યોજ્યું છે.) તેમ વ્રજાંગનાઓના હૃદયને આનંદનું દાન કરનાર શ્રીમહાપ્રભુજી છે, તેથી વ્રજસ્ત્રીઓના આનંદદાયકપણાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં છે. ૧૨

**પ્રાકટ્યં ભુવિ ભક્તાર્થં ભક્તિરૂપતયા વચઃ ||**
**'ઇતિ શ્રીકૃષ્ણદાસસ્યે' ત્યાદિ સર્વત્ર યુજ્યતે ||૧૩||**

ભક્તોને માટે આપ પૃથ્વીમાં પ્રગટ થયા છે માટે ભક્તિરૂપપણાથી આવું વચનામૃત છે. ''ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે'' પૃથ્વી વિશે ભક્તિનો પ્રચાર કરવા. આમ શ્રીસર્વોત્તમજીમાં સ્પષ્ટ છે. (અન્તઃકરણ પ્રબોધમાં) ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય ''એવી રીતે શ્રીકૃષ્ણના દાસ શ્રીમહાપ્રભુજીનું ચિત્ત તરફ હિત વચન છે'' ઈત્યાદિ સઘળું શ્રીમહાપ્રભુજીમાં ઘટે છે. ૧૩

**યથા ભગવતો વાક્યં વિપરીતરસે પુનઃ ||**
**તથા તદ્ભાવસેવાયામાચાર્યાણાં વચોઽમૃતમ્ ||૧૪||**

જેમ વિપરીત રસમાં (**''સ્વાગતં વો મહાભાગાઃ''** ઓ

ભાગ્યશાળીઓ, તમે ભલે આવ્યાં, **''વ્રજં યાત''** વ્રજમાં પાછા જાઓ, **''નેહ સ્થેયમ્''** અહીં ન રોકાવું) પ્રભુનું વાક્ય છે તેમ એ પ્રભુની ભાવાત્મક સેવામાં શ્રીઆચાર્યચરણોનાં વચનામૃત છે, અર્થાત્ રાસપંચાધ્યાયીનાં ઉપરનાં વચન ગોપીજનોને ઘેર જવાની સૂચના કરતાં જણાય છે, ધ્વનિ જોતાં એ વચનો રોકવા માટેનાં છે એમ શ્રીસુબોધિનીજીમાં સ્પષ્ટ છે, એમ મહાપ્રભુજી શ્રીકૃષ્ણના દાસ છે વગેરે વાક્યોનો અર્થ સમજવો. ૧૪

**તસ્માચ્છ્રીવલ્લભાચાર્યાઃ પ્રભુરેવં હિ ચિન્ત્યતામ્ ।।**
**સર્વલીલાકૃતિઃ સર્વલીલાભોગાશ્રયઃ સદા ।।૧૫।।**

તેથી શ્રીમહાપ્રભુજી ભગવાન્ છે એમ ચિંતન કરો. સર્વ ભગવલ્લીલાત્મક કૃતિવાળા ભોગના આશ્રયરૂપ સદા શ્રીમહાપ્રભુજી. ૧૫

**શ્રીકૃષ્ણાસ્યં સદાનન્દ આનન્દૈકપદાદિકઃ ।।**
**વ્રજસ્ત્રીવૃન્દમધ્યસ્થઃ પુષ્ટિમાર્ગપ્રકાશકઃ ।।૧૬।।**

શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુના મુખારવિંદરૂપ, સદાનંદ સત્- **કૃષ્** આનંદ-**ણ**, એમ શ્રીકૃષ્ણરૂપ, જેમનું શ્રીસર્વોત્તમજીમાં પ્રથમ નામ ''આનંદ'' એવું છે, વ્રજસ્ત્રીઓના સમૂહના મધ્યમાં બિરાજમાન પુષ્ટિમાર્ગના પ્રકાશક શ્રીમહાપ્રભુજી છે. ૧૬

**રાસસ્ત્રીહૃદયસ્થાયિ-તાપભાવાત્મકો હરિઃ ।।**
**સર્વલીલાશ્રયઃ સર્વલીલારસતદાત્મકઃ ।। ૧૭ ।।**

રાસસ્ત્રીઓના હૃદયમાં સ્થાયી તાપ ભાવાત્મક, શ્રીહરિરૂપ સર્વ લીલાઓના આશ્રય, સર્વ લીલાઓના રસરૂપ અને લીલારૂપ શ્રીમહાપ્રભુજી છે. ૧૭

**સ્વાન્તઃસ્થકૃષ્ણલીલાબ્ધિઃ સ્વાનન્દભરસંભૃતઃ ।।**
**સોऽસ્મત્પ્રભુઃ સદા શ્રીમદ્વલ્લભાખ્યો વિચિન્ત્યતામ્ ।।૧૮।।**

જેઓના અંતઃકરણમાં શ્રીભગવલ્લીલાઓનો સમુદ્ર ઊછળી રહ્યો છે,

તેવા પોતાના આનંદના ભારથી પૂર્ણ એવા આપણા પ્રભુ શ્રીમહાપ્રભુજી છે, એમ વિચાર કરો. ૧૮

**સ્વતન્ત્રભક્તિસંબન્ધં સાક્ષાત્ કારયિતું સ્વયમ્ ।।**
**પ્રતિબન્ધાયોગ્યતાદિદોષં વ્યાવર્તિતું તથા ।।૧૯।।**
**કૃષ્ણાધરામૃતાસ્વાદફલં દાતું સ્વવૃત્તિ યદ્ ।।**
**પ્રકટો દૈવજીવાનાં સદા નિઃસાધનાત્મનામ્ ।।૨૦।।**

પોતે સદા નિઃસાધન સ્વકીય દૈવી જીવોને પ્રભુનો સાક્ષાત્ સ્વતંત્ર ભક્તિ-સંબંધ કરાવવાને, તેમ પ્રતિબંધ, અયોગ્યતાદિ દોષને દૂર કરવાને, પોતાની વૃત્તિરૂપ શ્રીકૃષ્ણચંદ્રના અધરામૃતના આસ્વાદનું ફળ આપવા સારુ આપ પ્રગટ થયા છે. ૧૯-૨૦.

**અસ્મદ્ ભાગ્યનિધિર્નૂનં નિજપક્ષૈકપોષકઃ ।।**
**અપારકરૂણાસિન્ધુર્દૈવોદ્ધૃતિપરાયણઃ ।।૨૧।।**
**ભક્તિમાર્ગપ્રકટનઃ સર્વસંદેહવારકઃ ।।**
**એવંવિધઃ સદા શ્રીમદાચાર્યશ્ચિન્ત્યતાં હૃદિ ।।૨૨।।**

આપણા ભાગ્યના ભંડાર, નક્કી પોતાના પક્ષનું એક પોષણ કરનાર, અપાર દયાના સાગર, દૈવી જીવોના ઉદ્ધારમાં તત્પર, ભક્તિમાર્ગને પ્રગટ કરનાર, સર્વ સંદેહોને દૂર કરનાર, આવા પ્રકારના શ્રીમદાચાર્યચરણોનું હૃદયમાં સદા ચિંતન કરો. ૨૧-૨૨

*। ઇતિ શ્રીવલ્લભાચાર્યચિન્તનપ્રકારઃ ।*

# ।। પંચશ્લોકી ।।

[ભક્તિવર્ધિની ગ્રંથમાં કહ્યું તે પ્રકારથી પુષ્ટિભક્તિમાર્ગમાં દઢ

બીજભાવવાળા[ક], અદૃઢ બીજભાવવાળા અવ્યાવૃત્ત[ખ-૧], વ્યાવૃત્ત[ખ-૨] આવા અધિકારીઓને ; સાથે પુષ્ટિપ્રપત્તિમાર્ગના અધિકારીને પણ જે છોડવા યોગ્ય છે કે પછી જે સ્વીકારવા યોગ્ય છે તો તેનો સ્વીકાર કે પછી ત્યાગ કેવી રીતે કરવો તેનો ઉપદેશ ]

*(પોતાના ઘરમાં જો ભગવત્સેવા કરવા માટે સમર્થ ન હોય તો પણ ભગવત્કથાની પ્રણાલિકાથી જેમનો ભાવ દૃઢ થયો હોય તેવા અધિકારીને[ક] ગૃહત્યાગની અનુજ્ઞા. બીજભાવ દ્રઢ ન થયો હોય તેવા અવ્યાવૃતને[ખ-૧] પોતાના ઘરમાં ભગવત્સેવા કરવાની આજ્ઞા)*

**ગૃહં સર્વાત્મના ત્યાજ્યં[ક] તચ્ચેત્ ત્યકતું ન શક્યતે ||**
**કૃષ્ણાર્થં તત્ પ્રયુંજીત[ખ-૧] કૃષ્ણોઽનર્થસ્ય મોચકઃ ||૧||**

*(અદૃઢ બીજભાવવાળા વ્યાવૃત્ત [ખ-૨] હોય તો તેને પોતાના ઘરથી બીજે પણ ભગવત્સેવા-ભગવત્કથામાં પરાયણ ભગવદીયોની સાથે ભગવત્પરિચર્યા અને ભગવત્કથા- શ્રવણમાં પરાયણ થવા માટે સત્સંગ કેવાઓની સાથે કરવો તેનો ઉપદેશ.)*

**સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્ ત્યકતું ન શક્યતે ||**
**સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સન્તઃ સંગસ્ય ભેષજમ્ ||૨||**

*(અદૃઢ બીજભાવવાળા અવ્યાવૃત્ત[ખ/૧] હોય તો તેને જે ભગવત્સેવામાં પોતાના ઘરનો વિનિયોગ જણાવ્યો તે કેવી રીતે કરવો તેની રીતિનો ઉપદેશ)*

**અનુકૂલે કલત્રાદૌ વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ||**
**ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ||૩||**
**તત્-ત્યાગે દૂષણં નાસ્તિ યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ||**

*(પુષ્ટિપ્રપત્તિમાર્ગમાં શરણાગતિની છ રીતિઓનો ઉપદેશ[૧-૬])*

**અનુકૂલસ્ય સંકલ્પઃ[૧] પ્રતિકૂલવિસર્જનમ્[૨] ||૪||**
**કરિષ્યતીતિ વિશ્વાસો[૩] ભર્તૃત્વે વરણં [૪] તથા ||**

**આત્મનૈવેદ્ય[૫]-કાર્પણ્યે[૬] ષડ્વિધા શરણાગતિઃ ||૫||**

*|| ઈતિ શ્રીમદ્-વલ્લભાચાર્યકૃતા પંચશ્લોકી સમાપ્તા||*

# || પંચશ્લોકી ||

શ્રીમહાપ્રભુજીના અન્ય ઉપદેશપરક ગ્રન્થોની જેમ પંચશ્લોકી પણ બધા જ પુષ્ટિજીવોના હૃદયમાં દરેક પ્રકારે હંમેશા ધારણ કરી રાખવા જેવો ગ્રન્થ છે. આના પાંચ શ્લોકોમાંથી સાડા ત્રણ શ્લોક તો પુષ્ટિભક્તિના અંગોના ઉપદેશ માટે છે; અને દોઢ શ્લોક પુષ્ટિશરણાગતિના અંગોના ઉપદેશ માટે છે.

**શ્રીમહાપ્રભુજીના મત અનુસાર જીવ ત્રણ પ્રકારના હોય છે :**

૧.પુષ્ટિમાર્ગીય દૈવી જીવ, ૨.મર્યાદામાર્ગીય દૈવી જીવ અને ૩. પ્રવાહમાર્ગીય આસુરી જીવ. તેનું તો વર્ણન શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમાં કર્યું જ છે. તેમાં ત્રણ પ્રકારના માર્ગ/ગતિ, ત્રણ પ્રકારના સાધન- ફલ, ત્રણ પ્રકારના જીવ/દેહ; અને તેવાજ પ્રકારની તેમની રૂચિ/ક્રિયાનું વર્ણન આપે કર્યું છે. તો પણ ભૂતલ ઉપર જન્મ લઇને બધા જીવ કયારેક એક-બીજાના ઘરમાં પણ ; તો કયારેક જે પોતાના ઘરના સગા-સંબંધી નથી એવાઓના સંગથી, મિશ્રિત ભાવોને પ્રગટ કરે છે. તેથી આવા ભાવ મિશ્રણને લીધે ત્રણેય પ્રકારના જીવોની રૂચિમાં તથા સામર્થ્યમાં પણ વિવિધતાનો અનુભવ થાય છે. તેથી મર્યાદામાર્ગીય અથવા પ્રવાહમાર્ગીય જીવોના માર્ગ-ગતિ, સાધન-ફલ, જીવ-દેહસ્વરૂપ; અને રૂચિ-ક્રિયા વગેરે બધા વિષયોનું નિરૂપણ આપે તે જ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમાં કરી દીધું છે. તેથી તેની ચર્ચા હવે અહિં કરવાનો પ્રસંગ નથી. પરંતુ જે પુષ્ટિજીવ છે તેમના વિવિધ સ્વભાવ અને વિવિધ સામર્થ્યનો વિચાર કરીને આપના હૃદયમાં કરૂણા થઇ કે, કોઇ નિજમાર્ગીય હોવા છતાં પણ, સ્વભાવભેદ કે પછી સામર્થ્યભેદને કારણે પુષ્ટિભક્તિની સરણી ઉપર

ચાલીને પુષ્ટિપ્રભુના અભિમુખ જો થઇ શકે નહિં તેમની કઇ ગતિ! તેથી નિજમાર્ગમાં નિજજીવોને નિજ પુષ્ટિપ્રભુની અભિમુખ જે કોઇપણ સરણી ઉપર ચલાવીને પહોંચાડી શકાય, માટે એવો ઉપાય કરવો જોઇએ. તે શા માટે? તો પુષ્ટિમાર્ગ છે તે તો સ્વરૂપાનંદના દાન માટે જે જીવનો પ્રભુએ અંગીકાર (વરણ) કર્યો હોય તેના માટે જ છે. તો પણ આ માર્ગમાં કયારેક પ્રભુ પ્રમેયબલ પ્રગટ કરીને પ્રભુ સ્વયં નિજજનની સન્મુખ પ્રગટ થાય છે ; અને કયારેક પ્રમેયબલ પ્રગટ કરતાં નથી. ત્યારે જીવને ગુરૂકૃપા વડે પ્રમાણબલનો આશ્રય લઇને સામર્થ્યમુજબ-ઉપદેશમુજબ ભક્તિમાર્ગ અથવા શરણાગતિમાર્ગની સરણીને પકડીને પુષ્ટિપ્રભુના અભિમુખ અગ્રસર થવું પડે છે. તેથી શ્રુતિ-સૂત્ર-ગીતા-ભાગવત- નારદપંચરાત્ર વિગેરે પ્રમાણોમાં ભક્તિ અને શરણાગતિના જે-જે અંગ, સ્વરૂપઘટક બતાવેલા છે, તેને ભક્તિ-પ્રપતિના પ્રમાણિક અને અવશ્યકર્તવ્ય માનીને **''વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ, ક્રિયમાણે ન ધર્મઃ સ્યાદ્ અતસ્તસ્માન્ ન મોચનં..... એતન્માર્ગદ્વયં પ્રોક્તં ગતિસાધન- સંયુતમ્''**(સર્વનિર્ણય ૨૨૩-૨૫૬) વચનોના અનુસાર શાસ્ત્રવિહિત અંગોની મર્યાદાનો તો યથાશક્તિ નિર્વાહ કરવો પરન્તુ મુખ્યતા તો શાસ્ત્રપ્રમાણિત પુષ્ટિપ્રભુના પ્રમેયબલનો હૃદયમાં વિશ્વાસ રાખવાની આવશ્યકતા માનેલી છે. તેથી ભક્તિ અને પ્રપત્તિના શાસ્ત્રપ્રમાણિત- શાસ્ત્રવિહિત સ્વરૂપઘટક અંગોની પણ મુખ્યતા જાણવી. તે શા માટે? ત્યાં કહે છે કે જે પુષ્ટિભક્તિનું સ્વરૂપ શ્રુતિ વગેરે સકલ શાસ્ત્રોથી સિદ્ધ જ છે, આમાં તો કાંઇ શંકા નથી, પરંતુ વર્ણાશ્રમધર્મ, નિત્યકર્મ, યાગાદિ, નૈમિત્તિકકર્મ, પૂજન-વ્રત-શ્રાદ્ધ વગેરે બધા કર્તવ્યોની જેમ ''પુષ્ટિભક્તિ કરો'' એવી આજ્ઞા શાસ્ત્રોમાં મળતી નથી. તેથી જ **''ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ''** (પુ.પ્ર.મ.૨) વચનમાં શાસ્ત્રોમાં ભક્તિમાર્ગના નિરૂપણથી પૃથક્ પુષ્ટિમાર્ગની પરોક્ષ સ્થિતિ બતાવી દીધી છે. તેથી પુષ્ટિમાર્ગીય ભક્તિ અને પ્રપત્તિના સ્વરૂપઘટક અંગોમાં અધિક નિષ્ઠાનો ઉપદેશ કરવા માટે હવે કહેવાય છેઃ

**ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યકતુમ્ ન શકયતે ।**

**કૃષ્ણાર્થં તત્ પ્રયુંજિત કૃષ્ણઃ સંસારમોચકઃ ॥૧॥**

**ભાવાર્થ :-** ઘર, આમ તો, દરેક પ્રકારે ત્યાગ કરવા લાયક જ હોય છે ; પરન્તુ બધા જ ઘરને છોડી શકતા નથી. તેથી ઘરને કૃષ્ણની સેવામાં જોડી દેવું. તે શા માટે? તો પોતાના ઘરમાં કૃષ્ણના સ્વરૂપને પધરાવી જે જીવ તેમની સેવામાં તત્પર થાય છે, તેની સંસાર આસક્તિ છોડાવીને પ્રભુ તેને પોતાના સ્વરૂપની આસક્તિરૂપ પુષ્ટિભક્તિનું દાન કરે છે. ॥૧॥

**ટીકા :-** આ ઉપદેશમાં એક શંકા પેદા થાય છે કે શું આ કારિકામાં પુષ્ટિભક્તને ઘર છોડવાનો તત્ત્વોપદેશ છે? અથવા પુષ્ટિભકતો ને ઘર છોડવાનો કર્તવ્યોપદેશ છે? જો ઘરનું સ્વરૂપ જ ત્યાગ કરવા યોગ્ય હોય તો એવા ઘરમાં ભગવત્સેવા શા માટે કરવી? ખરેખર જો ઘરનો ત્યાગ બધાજ પુષ્ટિજીવોનું પ્રાથમિક કર્તવ્ય હોય તો જે જીવોથી ઘરનો ત્યાગ કરવો શક્ય ન હોય અથવા ઘર છોડી શકતા ન હોય તેવા જીવોને અનુકલ્પ રૂપે ભગવત્સેવા કર્તવ્ય થશે. ત્યારે તો પછી ગૃહત્યાગ જ મુખ્ય કર્તવ્ય થયું અને ભગવત્સેવા ગૌણ કર્તવ્ય. તો તો પછી ભક્તિમારગ કરતાં ત્યાગ-વૈરાગ્ય-સંન્યાસની શ્રેષ્ઠતા શું સિદ્ધ ન થાય?

ત્યાં સમાધાન આવી રીતે સમજવું કે ઘરને છોડવાની તો અહિં આજ્ઞા છે નહિં; તેથી આ વચનને કર્તવ્યોપદેશ તો ન સમજવું. તેથી ઘરના સ્વરૂપનું નિરૂપણ જ અહીં અભિપ્રેત હોવાથી આ વચનનું સ્વરૂપ તો તત્ત્વોપદેશનું જ છે : કે ઘર સંસારાસક્તિ વધારવાવાળું હોવાથી જીવાત્માને ભવસાગરમાં ડુબાડી દેવાવાળું છે.

શ્રીમહાપ્રભુજીને પુષ્ટિજીવોના ઉદ્ધારની ચિંતા જ્યારે થઇ રહી હતી, ત્યારે પુષ્ટિપ્રભુએ સાક્ષાત્ પ્રકટ થઇને પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધ દાન કરવાની આજ્ઞા આપી. તેથી સેવા માટે પોતાના અધિકારની સિદ્ધિ (યોગ્યતા) બ્રહ્મસંબંધથી થાય છે. તેવીજ રીતે સંપૂર્ણ ઘર-ધન-ધાન્ય- વસ્ત્ર-પુત્ર-પત્નિ વિગેરે પરિવારજનોનો પણ ભગવત્સેવામાં વિનિયોગ કરી શકે. એવા જીવનો અધિકાર બ્રહ્મસમ્બન્ધ દ્વારા સિદ્ધ થાય છે. પુષ્ટિપ્રભુએ આવું જ વચન શ્રીમહાપ્રભુજીને આપ્યું. તેથી સ્વરૂપતઃ ત્યાગ કરવા યોગ્ય ઘર આત્મનિવેદન કરવાવાળાના સેવ્ય સ્વરૂપની સેવામાં વિનિયોગ વાળુ થવાથી

શ્લાઘ્ય (અપેક્ષીત) બની જાય છે, આવો અભિપ્રાય અહિં સમજવો. સિદ્ધાન્તરહસ્ય ગ્રંથમાં તેનું જ ઉદાહરણઃ રથ્યોદકના (ગાડાવાટનું જલ) ગંગાપ્રવાહમાં મળી જવાથી તેની ગંગાજલ સમાન પવિત્રતાના રૂપમાં આપ્યું છે. તેથી આત્મનિવેદન કરનારને કોઇ પ્રકારની ચિંતા કરવી નહીં.

કૃષ્ણની સેવામાં ઘરનો વિનિયોગ કરવાથી ઘર પણ સંસારાસક્તિ વધારવાવાળુ ન થઇને ભક્તિને વધારવાવાળું બની શકે છે. તેમાં ખાસ સાવધાની એ રાખવી અતિશય જરૂરી છે કે સિદ્ધાન્તમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલા પ્રકારે પોતાના જ શરીરથી અને પોતાના જ વિત્તથી કૃષ્ણસેવા નિભાવવી જોઇએ. એટલે કે ભગવત્સેવા માટે ન તો કોઇ પાસેથી ધન લેવું અને ભગવત્સેવા માટે ન તો બીજા કોઇને ધન દેવું. પોતાના સગા-સંબંધી અથવા આત્મીયજનોમાં પણ જે સ્વમાર્ગીય હોય તેમને જ પોતાના સેવ્ય સ્વરૂપના દર્શન કરાવવા, આખા ગામને બોલાવીને ભગવત્સેવાનું પ્રદર્શન ન કરવું. નહિંતર ઘરનો તો નિષ્કામ ભક્તિરૂપ સમર્પણ - વિનિયોગ કૃષ્ણસેવામાં થયો નહિં; પરંતુ તેના વિપરિત શ્રીકૃષ્ણનું સમર્પણ - વિનિયોગ ધન સન્માન પ્રતિષ્ઠાની તુચ્છ પ્રાપ્તિ માટે થયો સમજવો. તેનાથી પાષંડ અને દેવલકતાનો જ દોષ લાગે છે. શ્રીમહાપ્રભુજીએ કાંઇ ''કૃષ્ણઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્યક્તું ન શક્યતે ગૃહાર્થં તં પ્રયુંજીત ગૃહં ભક્તિનિવારકમ્'' આવું તો કહ્યું નથી, એટલા માટે ભગવત્સેવાને આજીવિકા કે પદપ્રતિષ્ઠા કમાવાનું સાધન બનાવવાવાળાને કેવળ આસુરી જીવ જ સમજવો. ॥૧॥

ભક્તિવર્ધિની ગ્રંથમાં પુષ્ટિભક્તિના બીજભાવથી સમ્પન્ન જીવના પ્રથમ તો બે પ્રકાર બતાવેલા છેઃ (૧) દઢબીજભાવવાળા (૨) અદઢબીજભાવવાળા તેમાં અદઢબીજભાવવાળા જીવોના પણ પાછા બે પ્રકાર બતાવ્યા છે. તેમાં પહેલાં અવ્યાવૃત્ત અને બીજા વ્યાવૃત્ત. તેમાં જે જીવની અંદર 'પુષ્ટિભક્તિનો બીજભાવ' એટલે કે શ્રીકૃષ્ણમાં નિષ્કામ અચંચલતા (સ્થિરતા) ભક્તિ સર્વાતિશાયિની (તિવ્ર) સિદ્ધ થઇ ગઇ હોય, તેમને તો ભગવત્સ્વરૂપાનુસન્ધાન તથા ભગવલ્લીલાનુસન્ધાન હૃદયમાં સતત બનેલું રહે છે. તે કારણથી જ, ઘર-ધન- પરિવારજનોની કોઇ જરૂરીયાત ભક્તિમાં રહેતી નથી. તેથી તેમને માટે તો ઘર છોડવાલાયક પણ

નથી અને જરૂરી પણ નથી. અને અદ્રઢબીજભાવવાળામાં જે જીવ અવ્યાવૃત્ત હોય છે તેમને તો કૃષ્ણસેવાના સાચા અધિકારી સમજવા. તે શા માટે? તો **''બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ''** આજ્ઞા ત્યાં પ્રમાણ છે. પોતાના ઘરમાં રહીને જે ભગવત્સેવા કથામાં તત્પરતા નિભાવે છે, તેને તો બીજભાવ ના દઢ થઇ જવાથી પણ, ઘરના ભગવત્સેવોપયોગી હોવાથી, તેમાં હેયતા (ધિક્કારવા યોગ્ય) બુદ્ધિ પેદા થતી નથી. તેથી ગૃહત્યાગ પણ આવશ્યક નથી - તેમજ ભગવદ્વ્યસનના રસોન્માદમાં અનાયાસે ગૃહત્યાગ થઇ જતો હોય તો કાંઇ બાધક પણ નથી. જે અદઢબીજભાવવાળા જીવ વ્યાવૃત્ત હોય છે, તેમણે શરૂઆતમાં ભગવત્સેવા અથવા ગૃહત્યાગ આ બંનેમાંથી કોઇ એકની ઉતાવળ કરવી નહીં. તે શા માટે? કેમ કે આવા જીવો માટે શ્રીમહાપ્રભુજીએ શ્રવણ-કીર્તન-સ્મરણ, એટલે કે **'સેવાયાં'** કલ્પ નહિં પરન્તુ **'કથાયાં'** કલ્પની, મુખ્યતાનો ઉપદેશ આપેલો છે. એટલા માટે જ શ્રવણ વગેરે દ્વારા આવા જીવોની શ્રીકૃષ્ણરૂચિ જયારે વૃદ્ધિંગત થઇને ભગવદાસક્તિનું રૂપ ધારણ કરી લે છે, ત્યારે તેમને ઘરમાં અરૂચિ થાય છે, આવી આજ્ઞા આપ કરે છે. ગૃહારૂચિ સિદ્ધ થવાથી ગૃહસ્થને ઘરમા રહેલી બધી વસ્તુ તથા પુત્ર-પત્નિ વગેરે સગા-સંબંધીઓ તરફ **''મારી ભગવદ્ભક્તિમાં આ બધું જ બાધક છે તેથી મારા શું કામના!''** આવો ભાસ થાય છે. આવો ભાવ હૃદયમાં ઉત્પન્ન થયા પછી પણ જે જીવ ઘરનો ત્યાગ કરતા નથી, તેની અંદર ગૃહાસક્તિ ફરિ પાછી પ્રબળ પણ થઇ શકે છે. તેથી આવા જીવોને શ્રીમહાપ્રભુજી ગૃહત્યાગ કરીને ભગવદીયનો સંગ કરવાની જે આજ્ઞા આપે છે. ત્યાં એ શંકા થાય છે કે **'ભક્તિ'**નો અર્થ આ મારગમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ જ માનેલો છે, તેથી આ બંને જો જીવમાં સિદ્ધ થાય તો કૃતકૃત્યતા થયેલી ગણાય, તેથી ગૃહારૂચિ તેવી રીતે ગૃહત્યાગનો પ્રસંગ જ શું? ત્યાં એમ સમજવું કે ઉપર લખેલું ભક્તિનું સ્વરૂપ ભક્તિની સાધન-ફલાવસ્થા ઉભયસાધારણ સ્વરૂપ છે. આવી ભક્તિનો પણ ચરમ ઉત્કર્ષ તો ભગવાનનો ભક્તમાં અને ભક્તનો ભગવાનમાં નિરોધ સિદ્ધ થાય ત્યારે માનેલો છે. તેથી પુષ્ટિજીવોને પ્રપંચવિસ્મૃતિપૂર્વક

ભગવદાસક્તિરૂપ નિરોધની સિદ્ધિ થાય તે જ હેતુથી શ્રીમહાપ્રભુ **''ગૃહં સર્વાત્મના ત્યાજ્યં''** અંશથી નિરૂપતિ ગૃહત્યાગ પક્ષનું ભારપૂર્વક નિરૂપણ કરે છે. એટલે તેના જ અનુસંધાનમાં હવે આગળ કહે છે : -

**સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ સ ચેત્ ત્યક્તું ન શક્યતે ।**
**સ સદ્‌ભિઃ સહ કર્તવ્યઃ સન્તઃ સંગસ્ય ભેષજમ્ ।।૨।।**

**ભાવાર્થ :-** સંગ તો કોઈનો ન કરવો જ ઉચિત છે પરન્તુ પરસંગ છૂટતો જ નથી; તેથી જો સંગ કરવો જ પડતો હોય તો સાચા ભગવદીયોનો જ કરવો ઉચિત છે.

**ટીકા :** અદઢ બીજભાવવાળા જે કોઈ પુષ્ટિજીવ હોય તેમને ભગવત્સેવા પરાયણ ભગવદીયોની સાથે ભગવન્નામ-સ્વરૂપ-લીલાનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરવું જોઈએ. આને જ **'કથાપક્ષ'** કહેવાય છે. કથાપક્ષની શરૂઆતમાં ગૃહત્યાગ ઉચિત માનેલો નથી; પરંતુ છેલ્લે બીજભાવ દઢ થાય ત્યારે તેના માટે કર્તવ્યોપદેશ આપેલો છે. તેમાં આરંભિક અવસ્થામાં અથવા બીજભાવ દઢ થયા પછી પણ જેનો સંગ કોઈ કરવા માગે છે, તેમની પરીક્ષા કરવી કે ન કરવી? આવું કેમ પુછવામાં આવે છે? તેમાં પ્રશ્નનો આશય એમ સમજવો કે કોઈની પરીક્ષા કરીને સંગ કરવાનું કહો છો તે શક્ય નથી. તે કેમ કે પરીક્ષા કરીને જેનો સંગ કરવો હોય તેના ગુણદોષોનો વિચાર તો કરવો જ પડે છે. તેમાં ભાગવતમાં પરદોષદર્શનની નિંદા - **''ગુણદોષદશિર્દોષો ગુણસ્તૂભયવર્જિતઃ''** (ભાગ.૧૧/૧૯/૪૫) આ વચનમાં કરેલી છે. એટલે કે બીજાના ગુણદોષોને જોવા તે તો દોષ છે અને સાચો ગુણ તો બીજાઓના ગુણદોષોને ન જોવા તે જ છે. આનું શું સમાધાન સમજવું?

તેમાં એમ જાણવું કે ગુણદોષનો વિચાર કર્યા વિના ગમે તેવાનો સંગ કરવાથી, જે દોષ પોતાનામાં ન હોય તે પણ, સંગદોષના કારણે પોતાની અંદર પ્રગટ થઈ સકે છે. તેથી શ્રીમહાપ્રભુ તો બ્રહ્મસંબંધદીક્ષા લેવામા પણ - **''કૃષ્ણ સેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્''** (સર્વ નિર્ણય. ૨૨૭) આ વચનમાં ગુરૂના

પરીક્ષણની પણ આજ્ઞા કરે છે; તો પછી સામાન્ય ભગવદીયના પરીક્ષણમાં દોષનો વિચાર ક્યાં રહ્યો? એટલા માટે જ શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે :

**યો વદત્યન્યથાવાક્યમાચાર્યવચનાદ્ જનઃ ।**
**સંસૃતિ પ્રેરકો વાપિ તત્સંગો દુષ્ટસંગમઃ ।।૮।।**
**યશ્ચ કૃષ્ણે રતિં નિત્યં બોધયત્યપ્રયોજનામ્ ।**
**નિરપેક્ષઃ સાત્વિકશ્ચ તત્સંગઃ સાધુસંગમઃ ।।૯।।**
**એવં નિશ્ચિત્ય સર્વેષુ સ્વીયેષ્વન્યેષુ વા પુનઃ ।**
**મહત્કુલપ્રસૂતેષુ કર્તવ્યઃ સંગનિર્ણયઃ ।।૧૦।।**

(શિક્ષાપત્ર-૩-૮/૯/૧૦)

એટલે કે શ્રીમદાચાર્યચરણોના વચનોથી કોઇપણ વિપરિત વચન બોલતો હોય (અથવા ઉપદેશતો હોય) અથવા સંસાર આસક્તિ વધારવા વાળી વાત કરતો હોય તો આવી વ્યક્તિના સંગને દુઃસંગ જાણવો. જો કોઇ સ્વયં સાત્વિક હોય અને નિષ્કામ = નિષ્પ્રયોજન કૃષ્ણરતિનો ઉપદેશ સ્વયં નિરપેક્ષ થઇને કરતો હોય, તેનો સંગ સાધુસંગ = સત્સંગ જાણવો. આ વાતનો નિર્ધાર મનમાં દઢ રાખીને પોતાના સગા-સંબંધીઓનો અથવા બીજા કોઇનો અથવા આચાર્યકુલના બાલકોનો પણ સંગ કરતાં પહેલાં દરેકનું પરિક્ષણ કરવું આવશ્યક છે. તેમાં શંકા થાય છે કે ભાગવતના વચનનો શું સંદર્ભ સમજવો? ત્યાં આમ સમાધાન સમજવું કે ઉત્કટ્ વૈરાગ્યના સાધકને લક્ષ્યમાં રાખીને આપેલો આ ઉપદેશ છે. આપણા માર્ગમાં રૂક્ષ વૈરાગ્યની તો કાંઇ મહત્તા નથી. તે કેમ? તો એવો વૈરાગ્ય શું કામનો જેનાથી જીવની અંદર ભક્તિ દઢ ન થાય. તેથી ભાગવતના વચનનો અહિં વિરોધ નથી આવતો. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **''અખિલ જગતમાં સદ્‌બુદ્ધિ રાખીને તેનું સેવન સત્પુરૂષ તો કરતા નથી. તે શા માટે? તો કયાંક-કયાંક ભ્રાંતિને કારણે અસદ્ વિષયમાં સદ્‌બુદ્ધિ થઇ જાય છે. એટલા માટે સમજદાર તો કૃષ્ણને જ ભજે છે''** (વેદસ્તુતિ સુબોઃ૨૩) તેથી જેમ અસદ્ વિષયમાં ભ્રાંતિ (અજ્ઞાનતા)ના કારણે સદ્‌બુદ્ધિ થઇ શકે છે તેવી જ રીતે અસત્પુરૂષોમાં પણ

સત્પુરૂષ હોવાની બુદ્ધિ અજ્ઞાનતાના કારણથી થઇ શકે છે. તેથી સંગ કરવામાં સદ્-અસદ્ વિવેક અતિશય જરૂરી છે.

ભગવાન પણ ગીતા (૨/૬૨-૬૪)માં આજ્ઞા કરે છે કે **સંગના કારણે જીવની અંદર કામના ઉત્પન્ન થાય છે. કામના ને કારણે ક્રોધ, તેનાથી સંમોહ, તેનાથી સ્મૃતિવિભ્રમ, તેનાથી બુદ્ધિનાશ; અને બુદ્ધિનાશ થવાથી અધમ ગતિ મેળવી નાશ થાય છે.** તેથી સંગમાં સાવધાની તો આવશ્યક છે જ. તેથી જ શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરે છે કે ભગવત્સેવા પરાયણ ભગવદીયોનો પણ સંગ એવી ચતુરાઇથી કરવો કે તેમની એટલું નજીક પણ ન જવું કે જેનાથી તેના કોઇ દોષનો સંગ આપણને લાગી જાય; અને તેનાથી એટલું દૂર પણ ન રહેવું કે તેમના ભક્તિભાવનો રંગ પણ આપણને ન લાગી શકે! એટલે જ જલભેદ- પંચપદ્યાનિ ગ્રંથોમાં ભગવદ્ ગુણગાનનુ કીર્તન કે પછી શ્રવણ કરવાવાળા કેવા વક્તા કે પછી શ્રોતાના સંગનું ક્યાં કેવું સ્વરૂપ છે તે ઉપદેશ આપ્યો છે. તેમાં પૈસા માટે / આજીવિકા માટે ભગવત્સેવા કે પછી ભગવત્કથા (બોલીને અથવા ગાઇને) કરવાવાળાના મુખેથી ભગવન્નામ કે પછી ભગવત્કથા શ્રવણ કયારેય પણ પવિત્ર કરવાવાળુ થતું નથી, તેથી આવા ઉપદેશકોના અથવા કથાકારોના (અથવા કીર્તનકારોના) સંગને અસત્સંગ (દુઃસંગ) જ જાણવો.

અહીં શંકા થાય છે કે જે સત્સંગમાં આટલી બધી સાવધાની રાખવી પડતી હોય તે સત્સંગ કરતા કોઇનો સંગ જ ન કરવો એને જ શ્રેયસ્કર શા માટે ન માનવું? ત્યાં એમ સમાધાન સમજવું કે સુબોધિની (૧૦/૩/૩૭)ના - **''સત્સંગ અને ભાગવત જે છે તે તો ભગવાનના આધિભૌતિક ચરણારવિંદ છે. જ્ઞાન અને ભક્તિ આધ્યાત્મિક ચરણારવિંદ; તેવી જ રીતે કૃપા કરીને પ્રગટ દર્શન દેતા સ્વરૂપના ચરણારવિંદોને આધિદૈવિક જાણવા.''** આ વચનનો આશય વિચારીએ તો સત્સંગ જે છે તે તો ભગવાનનું જ આધિભૌતિક ચરણ છે. તેથી ભવભયહારી અભીષ્ટકારી તીર્થાસ્પદ અને ભવસાગરથી તારવાવાળા આધિદૈવિક ચરણારવિંદની સમાન માહાત્મ્યશાળી સત્સંગને સમજવો. તેથી બાધક દુઃસંગની બાબતમાં સાવધાની રાખવાના ઉપદેશનો અભિપ્રાય દરેક પ્રકારના સંગનો ત્યાગ

કરવાનો ન સમજવો; પરન્તુ અસત્સંગની ભક્તિમાર્ગમાં બાધકતાના સ્વરૂપનો ઉપદેશ આપવાનું જ સમજવું.

ત્યાં શંકા થાય છે કે સર્વકામ મોક્ષકામ અકામ કે પછી ભગવત્કામ બધા જ પ્રકારના જીવ ભગવદ્ભજન કરવાના અધિકારી છે. તેથી જ ભગવાન પણ કહે છે કે **''ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે ભર્જિતાઃ કવથિતા ધાના પ્રાયો બીજાય નેષ્યતે''** (ભાગ.૧૦/૨૨/૨૬) જેવી રીતે સેકેલું કે ઉકાળેલું ધાન બીજ બનીને પાછું ઉગી શકતું નથી, તેવી જ રીતે ભગવદ્ વિષયક કામથી ક્રોધ વગેરેની કોઇ દુર્વાસના અંકુરિત થતી નથી. ભગવચ્ચરણારવિંદનો સંગ ભગવત્કામનો તો ઉદ્બોધક થઇ શકે છે; પરન્તુ ભગવત્કામથી અન્ય કોઇ પ્રકારની દુર્વાસના પ્રગટ થતી નથી. તેથી સત્સંગ પણ ભગવાનનું આધિભૌતિક ચરણરૂપ હોવાથી ભગવત્કામનો તો ઉદ્બોધન કરી શકે છે. પરંતુ તેના વડે બીજી કોઇ દુર્વાસના પ્રગટ થતી નથી. તેથી સત્સંગને સંગરોગની ઔષધી = 'ભેષજ' સમજવો. એટલા માટે સંગ કરતા પહેલાં સદ્ અસદ્ વિવેક આવશ્યક હોય છે, જેમ નિદાન અને સારવાર પહેલા સાચા ચિકિત્સકની શોધ. બાકી તો ઉપર જણાવેલા દુર્ગુણવાળા મનુષ્યનો દુઃસંગ પ્રાપ્ત કરીને સકલ દુર્વાસના હૃદયમાં ભરાઇ જવાથી જીવાત્માનો વિનાશ નિશ્ચિત (અચળ) છે. તેથી સત્સંગની આવશ્યકતાને જાણીને શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે. **''બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઇષ્યતે, હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ''**(ભક્તિવર્ધીની. ૧૦)

એમ **''ભવાપવર્ગો ભ્રમતો યદા ભવેજ્જનસ્ય તર્હ્યચ્યુત સત્સમાગમઃ, સત્સંગમો યર્હિ તદૈવ સદ્ગતૌ પરાવરેશે ત્વયિ જાયતે મતિઃ''** (ભાગ.૧૦/૫૧/૫૪) વચનમાં નિરૂપિત સત્સંગના માહાત્મ્યનો ઉપદેશ કર્યો. તેનાથી એમ જણાવ્યું કે ભગવત્સેવા - કથાકીર્તનસ્મરણની જેમ સત્સંગ પણ ભગવત્પરિચર્યા - શ્રવણ દ્વારા ચિત્તને ભગવદેકતાન કરવાનો એક ઉપાય છે ॥૨॥

આમ **''ગૃહં સર્વાત્મના ત્યાજ્યં''** અંશ વડે નિરૂપતિ ત્યાજ્ય ઘરના સ્વરૂપના વિચાર વડે ભક્તના કર્તવ્યરૂપ સત્સંગનો ઉપદેશ આપીને તેના વિકલ્પ રૂપ **''કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત''** અંશ વડે નિરૂપિત પક્ષનો ઉપદેશ હવે

આગળની કારિકામાં આપે છે. ત્યાં શંકા થાય છે કે 'વિકલ્પ' શા માટે કહો છો? શું ગૃહત્યાગપૂર્વક સત્સંગ અને ગૃહસ્થિતિપૂર્વક ભગવત્સેવા આ બંને કલ્પોમાંથી જે જીવને જે રૂચે તે કરવો એવો આશય 'વિકલ્પ'નો સમજવો; અથવા ભગવત્સેવા ઘરમાં થઇ શકે તો ગૃહસ્થિતિ અથવા ન બની શકે તો બીજભાવ ના દૃઢ થયા પછી ગૃહત્યાગ, આમ આ બંને અવસ્થાઓમાં અધિકારવિવેક રાખીને ગૃહસ્થિતિ કે પછી ગૃહત્યાગનો જ કેવલ વિકલ્પ છે. તેમાં જીજ્ઞાસા થાય છે કે આમાં ફરક શું પડયો? એમાં સમાધાન એમ સમજવું કે પ્રથમ કલ્પમાં તે ભગવદીયોની સાથે સત્સંગ કરો કે ભગવત્સેવા કરો તેમાં કાંઇ અધિકારતારતમ્ય કે ફલતારતમ્ય સિદ્ધ નહીં થાય. બીજા કલ્પમાં ભગવત્સેવાની મુખ્યતા રાખીને તેના અનુકૂલ ઘરમાં સ્થિતિ અથવા તત્પ્રતિકૂલ ઘરના ત્યાગનો ઉપદેશ સ્વીકારવાથીઃ ગૃહસ્થિતિપૂર્વક ભગવત્સેવા મુખ્ય કલ્પ સિદ્ધ થાય છે; અને ગૃહત્યાગપૂર્વક સત્સંગ ગૌણ કલ્પ એટલે કે અનુકલ્પ આમાં કયા પ્રકારનો આશય પ્રામાણિક સમજવો?
ત્યાં પૂર્વપક્ષમાં એમ કહેવામાં આવે છે કે (૧) ભક્તિવર્ધિનીમાં ''સેવાયાં વા કથાયાં વા'' કહ્યું છે તે હેતુથી, (૨) સત્સંગને ભગવચ્ચરણાવિંદના તુલ્ય માનેલો છે તે હેતુથી, (૩) **''સ્ત્રીણાં સ્ત્રીસંગિનાં સંગં ત્યક્ત્વા દૂરત આત્મવાન્ ક્ષેમે વિવિક્ત આસીનશ્ચિન્તયેદ્ મામતન્દ્રિતઃ। ન તથાસ્ય ભવેત્કલેશો બન્ધશ્ચાન્યપ્રસંગતઃ યોષિત્સંગાદ્ યથા પુંસો યથા તત્સંગિસંગતઃ''** (ભાગ. ૧૧/૧૪/૨૯-૩૦) વચનના અભિપ્રાય વિચારવાથી પણ સ્વરૂપતઃ ઘરને તો દરેક પ્રકારે હેય (ધિક્કારવા યોગ્ય)જ માનેલું છે તે હેતુથી; તેવી જ રીતે (૪) **''ન રોધયતિ માં યાગો.... યથાવરૂંધે સત્સંગો સર્વસંગાપહો હિ માં સત્સંગેન હિ દૈતેયા.... બહવો મત્પદં પ્રાપ્તા.... તે નાધીતશ્રુતિગણા નોપાસિતમહત્તમાઃ અવ્રતાતપ્તતપસઃ સત્સંગાદ્ મામુપાગતાઃ''** (ભાગ.૧૧/૧૨/૧-૭) વચનનો વિમર્શ કરવાથી પણ ભગવત્સેવા અને ભગવદીયસંગની વચ્ચે કોઇ તારતમ્ય જણાતું નથી.

અહિંયા ઉત્તરપક્ષ એમ કહેવામાં આવે છે કે (૧) **''સેવાયાં વા કથાયાં વા''** વચનમાં ભગવત્સેવા કથાનો સમુચ્ચય ઉત્તમપક્ષ માનવામાં

આવે છે અને ભગવત્સેવા અથવા ભગવત્કથા આમાંથી કોઇ એકનું અવલંબન મધ્યમ પક્ષ. તેમાં પણ એટલું તો ચોક્કસ દઢ કરીને હૃદયમાં રાખવું કે સેવા-કથાનું અવલંબન પોતાના ઘરમાં શક્ય હોય તેનાથી ઉત્તમ શું હોઇ શકે? પરન્તુ જો શક્ય ન હોય તો ભગવત્કથા માટે ઘરમાં રહીને અથવા ઘરમાં ભગવત્સેવા ન બનવાથી બીજભાવના દઢ થયા પછી ઘરનો ત્યાગ કરીને પણ ભગવદીયોની સાથે ભગવત્કથાના અવલંબનનો ઉપદેશ છે. (૨) સ્વમાર્ગીય સેવાસિદ્ધાન્ત અનુસાર સેવ્ય સ્વરૂપ ભગવાનનું જડ પ્રતિક નથી, તે કેમ? તો બ્રહ્મવાદના અનુસાર સાક્ષાત સ્વરૂપ જ માનવામાં આવે છે. તેથી નિજસેવ્યસ્વરૂપના ચરણારવિંદને તો આધિદૈવિક જાણીને દઢાશ્રય રાખવો. સત્સંગને શ્રીમહાપ્રભુજી આધિભૌતિક ચરણના રૂપમાં વર્ણવે છે. (૩) ગૃહસ્થિત પુરૂષને માટે સ્ત્રીસંગ; ઉપલક્ષણતયા સ્ત્રીને માટે પુરૂષસંગનો દોષ મહાન બાધક તો માનેલો છે પરંતુ યથાભાવ કોઇ ઉત્તમ અધિકારી ભગવત્સેવામાં સહયોગીના ભાવથી, તો કોઇ મધ્યમાધિકારી ત્રિવર્ગસાધનમાં સહયોગીના ભાવથી, તો કોઇ અધમાધમ અધિકારી માત્ર ધનલોલુપ થઇને પરસ્પર સ્ત્રીસંગ અથા પુરૂષસંગ ઘરમાં કરે છે. તેથી સ્ત્રી - પુરૂષની નિંદા **''સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોડભિજાયતે ક્રોધાદ્ભવતિ સંમોહઃ.....''** વચનના અનુસંધાનમાં કહેલી વાત છે. બીજી રીતે નહિં. તેથી જ ભાગવતમાં કહ્યું છે કે **''તાવદ્ રાગાદયઃ સ્તેનાસ્તાવત્કારાગૃહમ્ તાવન્મોહોંડઘ્રિનિગડો યાવત્કૃષ્ણ ન તે જનાઃ''** (ભાગ.૧૦/૧૪/૩૬) તેથી ભગવત્સેવા પરાયણ ભગવદીયની ગૃહસ્થિતિને શ્રીમહાપ્રભુજી નિબંધમાં ''મુક્તિથી પણ ઉત્તમ'' કહીને વખાણે છે. તેથી આધિદૈવિક સાક્ષાત્ પ્રભુના ચરણારવિંદનો દઢ આશ્રય રાખવાવાળાને માટે ઘરનો સ્વરૂપતઃ હેય હોવાનો ઉપદેશ ન સમજવો. અન્યથા **''શાવૌ કરૌ નો કુરૂતઃ સપર્યામ્''** (ભાગ. ૨/૩/૨૧) વચનમાં ભગવત્સેવારહિત હાથને મડદાના હાથજેવા અપવિત્ર ગણાવ્યા છે. તેથી જેમ ગૃહત્યાગના વખાણ કરો છો તેમ યોગ વગેરેના ઉપાયો દ્વારા દેહત્યાગના વખાણ કેમ નથી કરતા? તેનાથી શું સિદ્ધ થાય છે? ત્યાં એમ જાણવું કે જેમ ઘરનું તેમ દેહનું સ્વરૂપ હેય જ કહેલું છે. તેથી હેય હોવાના લીધે જેમ ગૃહત્યાગ કરિને સત્સંગ માટે દોડો છો તેમ દેહથી

સાધ્ય સત્સંગને પણ છોડીને અનશન આદિ કઠોર વ્રત દ્વારા મુક્તિ મેળવવા શા માટે ન દોડવું? જો એમ કહો કે મુક્તિ કરતા ભક્તિને શ્રેષ્ઠ માની છે; તો સત્સંગથી તો માત્ર શ્રવણેન્દ્રિય - અન્તઃકરણ - જીવાત્મામાં જ ભક્તિ પ્રગટ થાય છે - ત્યાં ભગવત્સેવાને કારણે તો દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ આત્મા તથા સકલ આત્મિય પદાર્થોમાં ભગવત્સંગવશાત્ ભગવત્કામ જાગી શકે છે, તેનાથી ઉત્તમ શું? (૪) તેવી જ રીતે ભાગવત એકાદશ સ્કંધમાં **''ન રોધયતિ...''** વચનમાં સત્સંગની શ્રેષ્ઠ સાધનતાનું નિરૂપણ કર્યું છે શ્રેષ્ઠ ફલરૂપતા કે પછી ઇષ્ટતાનું નહિં. પુષ્ટિજીવને માટે સાચું ફલ તો ભગવત્સ્વરૂપ સેવન જ માનેલું છે. **''ભગવદ્રૂપ સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્''** (પુ.પ્ર.મ. ૧૨) તેથી પૂર્વપક્ષ દોષયુક્ત છે. આમ જે ભગવત્સેવા અને સત્સંગની વચ્ચે વિકલ્પ માને છે; અથવા ગૃહત્યાગને અનુકલ્પ ભગવત્સેવાનો માને છે તે તો સર્વથા મૂલવચનમાં અનઅભિપ્રેત આશય છે. અનુકલ્પ જ ગૃહત્યાગપૂર્વક સત્સંગ છે; અથવા વ્યવસ્થિત વિકલ્પ જાણવો. તે શું? ત્યાં કહે છે કે ભગવત્સેવા પોતાના ઘરમાં શક્ય હોય તે તો ઉત્તમ અને ભગવત્સેવા શક્ય ન હોય તો બીજભાવ દૃઢ થયા પછી ગૃહત્યાગપૂર્વક સત્સંગ જ ઉત્તમ તો આમ સત્સંગનું નિરૂપણ તો થયું; હવે ગૃહસ્થિતિપૂર્વક ભગવત્સેવાનો ઉપદેશ એટલે કે **''કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત કૃષ્ણઃ સંસારમોચકઃ''** અંશ વડે નિરૂપિત પક્ષનો ઉપદેશ કરે છેઃ

**અનુકૂલે કલત્રાદૌ વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ।।**
**ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ।।૩।।**
**તત્ ત્યાગે દૂષણં નાસ્તિ યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ।।**

**ભાવાર્થ :-** પત્નિ - વહુ - બહેન - પુત્રી પુત્ર - પિતા - ભાઇ વગેરે બંધુ બાંધવ તેવી જ રીતે નોકર - ચાકર વગેરે ઘરમાં રહેવાળા જે કોઇ લોકો ભગવત્સેવામાં અનુકૂળ હોય તો તેમની પાસે વિષ્ણુકાર્ય = ભગવત્સેવા - પરિચર્યા કરાવવી. તે બધામાંથી જે કોઇ ઉદાસીન હોય તો તેને ભગવત્સેવાનું કોઇ કાર્ય ન સોંપવુ, પોતે જાતે જ કરી લેવું. તેમનાથી પોતે કાંઇ કરાવતા ન હોયતો પણ ભગવત્સેવાનો વિરોધ કરી જે કોઇ કાંઇ

પ્રતિબંધ ઉભા કરતા હોય તો તેમનો પરિત્યાગ કરવો. આમ કરવામાં જો કાંઇ દોષ લાગે તો શું કરવું? ત્યાં આજ્ઞા કરે છે કે પ્રભુથી બહિર્મુખ જીવોનો પરિત્યાગ કરવામાં કોઇ પ્રકારનો શાસ્ત્રીય અપરાધ થતો નથી. ।।૩।।

**ટીકા :** અહિં શંકા ઉત્પન્ન થાય છે કે ઘર-પરિવારના લોકો ભગવત્સેવામાં અનુકૂલ છે કે નથી તેની ખબર કેમ પડે? ત્યાં સમાધાન એમ સમજવું કે સર્વનિર્ણય નિબંધમાં શ્રીમહાપ્રભુજી કહે છેઃ -

**વિક્ષેપાદથવાશકત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્ ।।**
**અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે ।।**

**ગૃહસ્થાનામપિ પૂજાયાં પંચદોષસમ્ભવે... વિક્ષેપાદિતિ, સ્વતઃ પ્રવૃત્તિરહિતાનિ ઈન્દ્રિયાણિ બલાદ્ ભગવતિ યોજ્યમાનાનિ વિક્ષેપં જનયન્તિ વિગ્રહકર્શિતાનિ. જરયા વ્યાધિભિર્વા યદા શક્ત્યભાવઃ, લોકો વા પ્રતિબન્ધ કુર્વન્તિ, સ્વસ્ય વા પરમ આગ્રહઃ ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવન્તં ન સ્મરતિ, લોકાનાં વા પીડાં કુર્યાત્; - તત્ર પૂજા ત્યકતવ્યા. તદા અન્યત્રાપિ તથાત્વે પરદેશે શૂન્યદેવાલયે પૂજા વિધેયા. તત્રાપિ દોષસંભવે... તદા યત્રૈવ ગત્વા સેવા સંપત્સ્યતે તત્રૈવ સેવા કર્તવ્યા**

*(સર્વનિર્ણય સાધન પ્રકરણ ૨૪૭.)*

આ વિક્ષેપ અશક્તિ પ્રતિબંધ અત્યાગ્રહપ્રવેશ અને પરપીડા રૂપ પાંચ દોષોની વ્યાખ્યા ગ્રંથમાંથી જ જોઇ લેવી. તો જેનામાં આ પાંચ દોષ ન હોય તેમને ભગવત્સેવા માટે અનુકૂળ જાણવા. આ દોષ પણ ન હોય અને રૂચિ (ઇચ્છા) પણ ન બતાવતા હોય તો તેવાઓને ઉદાસીન જાણવા. અને ભગવત્સેવામાં જે બાધક થતાં હોય તેમનો તો ત્યાગ જ કરવો. પરંતુ કોઇથી તે પણ બની ન શકે તો તેને તો પોતે જ બીજા કોઇ સ્થળે જઇને રહેવું. તે શા માટે? તો ભગવત્સેવામાં જે બાધક થાય તેને વૈષ્ણવ ન જાણવા અને જે વૈષ્ણવધર્મનો વિરોધ કરતા હોય તેનો સંગ તો દુઃસંગ જ જાણવો.

કેટલાક પાખંડી લોકો અકાંડતાંડવ કરે છે કે આ શ્લોકમાં - અનુકૂલ જે પત્નિ વગેરેથી ભગવત્સેવા કરાવી લેવાની છૂટ શ્રીમહાપ્રભુજીએ

આપી છે, તેથી આ સિદ્ધ થાય છે કે પતિ અથવા પિતા ના દ્રવ્ય દ્વારા (દ્રવ્ય લઇને) પત્ની અથવા પુત્ર પોતે પોતાના તનથી = દેહથી ભગવત્સેવા કરતા હોય, તેમાં સિદ્ધાન્ત મુકતાવલીની આજ્ઞા **'તનુવિત્તજાસેવા'**નો લેશ માત્ર બાધ થતો નથી. તેનાથી શું સિદ્ધ થયું? તો જેમ પતિની વિત્તજાથી પત્નીની તનુજા સેવામાં કોઇ સિદ્ધાન્ત બાધ નથી; તે જ રીતે વૈષ્ણવોની વિત્તજા સેવાથી ગોસ્વામિ બાલકોની તનુજા સેવામાં પણ કોઇ સિદ્ધાન્ત બાધ માનવો નહિં. ત્યાં એમ જાણવું કે પતિ પત્ની અથવા પિતાપુત્રાદિમાં ઘરસંપત્તિનું વિભાજન જો થયું ન હોય તે સ્થિતિમાં તો જે ઘરની સંપત્તિ હોય ત્યાં બધાનું અવિભક્ત સ્વત્વ રહે છે. તેથી પતિ કે પછી પિતાના દ્રવ્યથી પત્નિ કે પછી સંતાનો ભગવત્સેવા કરતા હોય તેમાં લેણ-દેણનો વ્યવહાર થયો માનવામાં નથી આવતો. હવે કોઇ વૈષ્ણવ અને ગોસ્વામિ બાલકની પણ સંપત્તિ એકબીજામાં અવિભક્ત હોય તો તેવી સ્થિતિમાં તો એકબીજા પાસેથી દ્રવ્ય લઇને ભગવત્સેવા કરવામાં લેણ-દેણનો વ્યવહાર થયો ન જાણવો પરંતુ જો અવિભક્ત ન હોય ત્યારે લેણ-દેણનો વ્યવહાર માનવો પડે છે. ત્યાં ભગવત્સેવાર્થ પરદ્રવ્ય લેવાથી તનુવિત્તજા સેવાનો સ્વરૂપવિઘાત અને સેવાના પશ્ચાત્ સેવોપભુક્ત સામગ્રીને પોતાના ઉપભોગાર્થ લેવાથી દેવલક્તાનો મહાપતિત કરનારો દોષ લાગી જાય છે.

બીજા કેટલાક પાખંડી લોકો એવું પણ વિધાન કરે છે કે બ્રહ્મસંબંધ લઇ લીધા પછી અહંતા-મમતા તો રાખવી ઉચિત નથી, તેથી શું ગોસ્વામિબાલકોનું ધન અને શું વૈષ્ણવોનું ધન! તે શા માટે કે - પ્રભુને સમર્પિત બધું જ પ્રભુનું જ બની જાય છે, તેથી જ્યાં મારા - તારાની ભેદ દ્રષ્ટિ જ રાખવી યોગ્ય નથી તેમાં બીજાના દ્રવ્યથી ન કરવાની વાતનો અર્થ શું? આવા પાખંડ પૂર્ણ વચનના નિરસન માટે એમ પુછવાનું કે ફક્ત એક દ્રવ્યની બાબતમાં જ અહંતા - મમતા છોડિ દેવાનું કહો છો કે પછી બધી જ બાબતોમાં? જો એમ કહેતા હો કે બધી જ બાબતમાં અહંતા - મમતા છોડિ દીધી, તો બીજાનો પતિ- બીજાની પત્નીનો પણ ભેદભાવ ભુલાવી દીધો છે શું? જો એમ કહો 'હા' તો શું ગોસ્વામિબાલકોના વહુજી-બેટીજી વૈષ્ણવના ઘરમાં રહિ શકે અને વૈષ્ણવની વહુ-બેટી ગોસ્વામિ બાલકોને ઘેર રહિ શકે? જો આવી વાત સિદ્ધ કરવામાં કોઇ દોષ માને તો સિદ્ધ થયું જાણવું કે

અહંતા- મમતા બધી બાબતમાં તો મટી નથી. તેથી જ્યારે બીજી બધી બાબતોમાં નિવૃત્ત થઇ નથી, તો પછી ભગવત્સેવારૂપ સ્વધર્મને દ્રવ્યલાલસાની ખરાબ વૃત્તિને કારણે આજીવિકા ન બનાવવો હોય તો, અહંતા-મમતા ન રાખવાના ઓઠા હેઠળ બનાવવાથી શું લાભ? તેથી સિદ્ધાન્તમુક્તાવલી તથા પંચશ્લોકીના બેઉ વચનોની એક વાક્યતાનો વિચાર કરવાથી પોતાના પરિવારના પત્નિ- પુત્ર- ભાઇ - ભોજાઇ ઘરના નોકર વગેરે પાસેથી ભગવત્સેવા કરાવવાથી તનુવિત્તજા સેવાના સ્વરૂપનો વિઘાત થતો નથી; અને જેમની સાથે સંપત્તિ કે પછી ચૂલ્હાને અવિભક્ત ન રાખીને ભેદભાવ રાખવામાં આવે છે, તેમના તનથી અથવા વિત્તથી ભગવત્સેવા કરાવવાથી તનુવિત્તજાના નિયમનું ઉલ્લંઘન થાય છે.

સુબોધિની (૩/૧/૨)ના **''ગૃહસ્થિતેઃ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વ માત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા; અન્યથા ન સ્થાતવ્યમ્ ઈતિ સ્થિતિઃ''** વચનના અનુસાર ગૃહસ્થિતિના પક્ષનું અવલંબન કરવાવાળા આત્મનિવેદી અધિકારીને પોતાના આત્માને તથા બધા જ પોતાના આત્મિય પદાર્થોને ભગવત્સેવામાં સમર્પણ - વિનિયોગ કરવાનો ઉપદેશ થયો. ।।૩।।

**ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિરન્યત્ર ચૈષ ત્રિક એકકાલઃ ।**
**પ્રપદ્યમાનસ્ય યથાશ્નતઃ સ્યુઃ સ્તુષ્ટિઃ પુષ્ટિઃ ક્ષુદપાયોઽનુઘાસમ્ ।।**

ભાગવત (૧૧/૨/૪૨)

- વચનના અનુસાર શરણાગતિથી ભક્તિ પરેશાનુભવ અને વિરક્તિ ત્રણેય મળી શકે છે, તેથી હવે ભક્તિમાર્ગમાં જે જીવ પ્રવેશ યોગ્ય છે તેમને માટે; કે પછી વર્તમાન જન્મમાં અથવા વર્તમાન અવસ્થામાં યોગ્ય ન હોય તો પણ, ભગવત્ - શરણાગતિના કારણે, વર્તમાન જન્મમાં અથવા આવનારા જન્મમાં પણ પ્રભુભક્તિના જે અધિકારી બની શકશે તેમને માટે શરણાગતિના અંગોનો ઉપદેશ કરવા માટે દોઢ કારિકા કહે છે.

તેમાં થોડાક પ્રશ્ન થાય છે કે દોઢ કારિકાની શબ્દાવલીનું પાંચરાત્રના લક્ષ્મીતંત્રના સત્તરમા અધ્યાયમાં નિરૂપણ કરેલા છ અંગ ઉપાય રૂપ પ્રપત્તિના વર્ણન સાથે સામ્ય દેખાય છે; તો બંને શું એક જ વિષય છે કે

પછી જુદા-જુદા? ષોડશગ્રંથના વિવેકધૈર્યાશ્રયમાં પણ આશ્રયનો ઉપદેશ છે; તો આ ઉપદેશ અને ત્યાં કરેલો ઉપદેશ એકજ છે કે પછી અલગ-અલગ? તેવી જ રીતે રામાનુજ સંપ્રદાયમાં પણ ભક્તિથી અલગ એક ઉપાય પ્રપત્તિને માનેલો છે. તો તે નિરૂપણમાં સ્વરૂપાનુપપત્તિ, લક્ષણાનુપપત્તિ, અનુષ્ઠાનાનુપપત્તિ, વિધ્યનુપપત્તિ, નિષેધાનુપપત્તિ, ભેદાનુપપત્તિ, શક્યત્વાનુપપત્તિ, પ્રસિદ્ધત્વાનુપપત્તિ, સંપ્રદાયાવિરૂદ્ધત્વાનુપપત્તિ એવી નવ પ્રકારની અનુપપત્તિનો પરિહાર પણ કર્યો છે; તે પુષ્ટિમાર્ગમાં માન્ય રાખવો કે નહિં? અને જો માન્ય ન હોય તો તે બધી અનુપપત્તિ શ્રીમહાપ્રભુજીના ઉપદેશમાં પણ પ્રસક્ત્ (નિકળતી) (ઉત્પન્ન થતી) હોય તો તેનો પરિહાર શેનો?

*(પુષ્ટિ પ્રપત્તિમાર્ગમાં શરણાગતિની છ રીતોનો ઉપદેશ)*

**અનુકૂલસ્ય સંકલ્પઃ[૧] પ્રતિકૂલસ્ય વર્જનમ્[૨] ।।૪।।**
**કરિષ્યતીતિ વિશ્વાસો[૩] ભર્તૃત્વે વરણં[૪] તથા ।।**
**આત્મનૈવેદ્યકાર્પણ્યે[૫-૬] ષડ્વિધા શરણાગતિઃ ।।૫।।**

**ભાવાર્થ :-** પ્રભુને અનુકૂળ બનવાનો સંકલ્પ, પ્રભુને પ્રતિકુલનો ત્યાગ, પ્રભુ બધું જ પોતાની ઇચ્છાથી કરશે એવો ભરોસો, સ્વામિના રૂપમાં પ્રભુનો સ્વિકાર, આત્મનિવેદન તથા દીનતા આમ શરણાગતિના છ પ્રકાર હોય છે.

**ટીકા :-** 'વિવેકધૈર્યાશ્રય'માં આશ્રયની સાધનામાં વિવેક અને ધૈર્યના પછી (૧) આશ્રયભાવની માનસિક- વાચિક ભાવના, (૨) અન્યાશ્રયનો પરિત્યાગ, (૩) દઢવિશ્વાસ; તથા (૪) શરણભાવના હૃદયમાં દઢ રાખીને જે કાંઇ સહજમાં પ્રાપ્ત થાય તેનું મમતા રહિત થઇ સેવન કરવું એમ ચાર અંગરૂપી ઉપાયોની અનુષ્ઠેયતાનો ઉપદેશ આપ્યો. તે ઉપાયો ને હવે આ ગ્રંથમાં ઉપદેશેલા આ છ ઉપાયો સાથે શું - કેવો સંબંધ સમજવો? શું તે અને આ ઉપાય એક જ જાતના ઉપાયોના નામભેદથી ઉપદેશ છે? જો હાં કહેતા હો તો પુનરૂક્તિદોષ લાગે. અથવા જો બેઉ ભિન્ન-ભિન્ન રીતિના ઉપાય હોય તો આનો અને તેનો સમુચ્ચય સમજવો કે વિકલ્પ? જો સમુચ્ચય સમજીએ તો 'વિવેકધૈર્યાશ્રય'માં ઉપાયોપદેશની ન્યૂનતાનો દોષ આવે. જો

વિકલ્પ માનીએ તો જેમ 'અન્યાશ્રયત્યાગ' અને 'ભતૃત્વવરણ' તેવી જ રીતે 'અવિશ્વાસ ત્યાગ' અને 'વિશ્વાસ - રાખવા'માં એક સરખી વાતોનો વિધિમુખ અને નિષેધમુખથી ઉપદેશ મળી રહ્યો હોવાથી વિકલ્પ કેમ સંભવે? આ આશંકાઓના સમાધાન માટે હવે આ બેઉ 'વિવેક ધૈર્યાશ્રય' અને આ 'પંચશ્લોકી' ગ્રન્થોમાં પ્રાપ્ત થતા ઉપદેશોની વચ્ચે પરસ્પર સાધ્ય-સાધક ભાવ જાણી લેવો આવશ્યક છે.

ત્યાં કહે છે કે 'કૃષ્ણાશ્રય' સ્તોત્રમાં **''વિવેકધૈર્ય ભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ''** કહ્યું છે તે વિવેક પણ જ્યારે નભતો ન હોય, તો ધૈર્યની તો વાત ક્યાં! ત્યાં પણ ભગવદાશ્રય ન છોડવો એમ તો કહ્યું જ છે. તેવી જ રીતે વિવેકધૈયાશ્રયમાં પણ આ આજ્ઞા આપી છે કે **''અશક્યે હરિરેવ અસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્''** તેથી અહિં હવે તે સર્વસાધક ભગવદાશ્રયની સિદ્ધિના ઉપાયોનો ઉપદેશ મહાપ્રભુજી આ ગ્રંથમાં આપવા માગે છે તેથી આ ઉપાયોના અનુસરવાથી ભગવદાશ્રય સિદ્ધ થાય છે. તેના વડે આશ્રયના ચારેય સ્વરૂપઘટકઃ [૧]આશ્રયભાવની માનસિક- વાચિક ભાવના, [૨]અન્યાશ્રયનો પરિત્યાગ, [૩]દઢવિશ્વાસ; તથા, [૪]શરણભાવના હૃદયમાં દઢ રાખીને જે કાંઇ સહજતાથી પ્રાપ્ત થાય તેનું મમતારહિત થઇ સેવન કરવું, આમ ભગવદાશ્રયના ચારેય આંગિક ઉપાય પણ આચાર્યચરણની કૃપાથી સિદ્ધ થઇ જશે એમ જાણવું.

ભગવદ્ગીતામાં જે **''સર્વધર્માન્ પરિત્યજય મામ્ એકં શરણંવ્રજ અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ''** વચનથી ભગવાને શરણાગતિનો ઉપદેશ આપ્યો તે તો મોક્ષમાં પુરી થઇ જતી શરણાગતિ છે. તેથી અહિં મર્યાદામાર્ગીય શરણાગતિનો ઉપદેશ જાણવો. શ્રીમદ્ભાગવતના **''તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહં ગોપાયે સ્વાત્મયોગેન સોઽયં મે વ્રત આહિતઃ''** આ વચનમાં પુષ્ટિમાર્ગીય શરણાગતિનું નિરૂપણ છે. તેનો અભિપ્રાય એ કે અર્જુન તથા વ્રજભક્ત બંનેનો અન્યાશ્રય અને ધર્માશ્રય નિવૃત્ત કરીને આપ પોતે જ ધર્મીરૂપથી રક્ષક કે પછી આશ્રય બને તે શરણાગતિ તો બંનેની સરખા સ્વરૂપ વાળી સાબિત થઇ. અર્જુનની

શરણાગતિ પરંતુ, સ્વયં શ્રીમુખ દ્વારા મોક્ષપર્યવસાયિની (મોક્ષપર્યંતની) બતાવી. વ્રજભક્તોની, પરંતુ શરણાગતિના દ્વારા તેમની ભગવદાસક્તિનો ભગવદ્‌ભાવમાં વિકાસ થયેલો દેખાયો છે. તેથી તે શરણાગતિ પુષ્ટિમાર્ગીય સિદ્ધ થઇ જાણવી.

શ્રીમદ્‌ભાગવતના અગીયારમાં સ્કન્ધમાં **‘‘તસ્માત ત્વં ઉદ્ધવ! ઉત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનાં પ્રવૃત્તં ચ નિવૃત્તં ચ શ્રોતવ્યં શ્રુતમેવ ચ મામ્ એકમેવ શરણમ્ આત્માનં સર્વદેહિનાં યાહિ સર્વાત્મભાવેન મયા સ્યા હ્યકુતોભયઃ’’** (ભાગ.પુરા.૧૧।૧૨।૧૪-૧૫) આ વચનમાં સર્વવિધ ઉપાયાવલમ્બનનો પરિત્યાગ અને ઉપેય ધર્મીરૂપ સાક્ષાત્ શ્રીપ્રભુના અવલમ્બનનો ઉપદેશ મળે છે.

અહિં ‘સર્વાત્મભાવ’ પદથી ભક્તિની વ્યસનોત્તરદશામાં સિદ્ધ થવાવાળા સર્વાત્મભાવને શરણાગતિમાં સાધનભાવ ન વિચારવો. કેમ કે

**‘‘ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિઃ અન્યત્ર ચૈષ ત્રિક એકકાલઃ પ્રપદ્યમાનસ્ય યથા અશ્નતઃ સ્યુઃ તુષ્ટિઃ પુષ્ટિઃ ક્ષુદપાયો અનુઘાસં ઇતિ અચ્યુતાંધ્રિ ભજતો અનુવૃત્યા ભક્તિઃ વિરક્તિઃ ભગવત્પ્રબોધો ભવન્તિ વૈ ભાગવતસ્ય રાજન્! તતઃ પરાં શાન્તિમ્ ઉપૈતિ સાક્ષાત્’’**

(ભાગ.પુરા.૧૧।૨।૪૨-૪૩)

આ વચનોમાં શરણાગતિનો ભક્તિના સાધન તરીકે જ ઉપદેશ કર્યો છે. તેથી મોક્ષ સાધવાવાળી શરણાગતિ મર્યાદામાર્ગીય અને ભક્તિસાધવાવાળી શરણાગતિને પુષ્ટિમાર્ગીય તરીકે સમજવી. શ્રીરામાનુજ સંપ્રદાયને અનુસાર ઉપાયાનુષ્ઠાનના પ્રયત્નથી આરબ્ધ (શરૂ કરેલી) કે પછી સાધ્ય ધર્માશ્રયરૂપા શરણાગતિને **‘‘મર્કટશાવકન્યાય શરણાગતિ’’** કહે છે. તે શા માટે? કે વાંદરીનું બચ્ચુ જ્યારે પોતાના પ્રયત્નથી પોતાની માતાના પેટ સાથે દૃઢતાપૂર્વક ચોંટિ રહે છે તેથી માતાપણ તેને જ્યાં ઉંચાઇનાં અંતર સુધી તે બચ્ચું કુદી ન સકે ત્યાં તેને કુદાવી શકે છે. તેથી વાંદરીના બચ્ચાને પોતાનો પ્રયત્ન કરવાથી જ માતાનો દૃઢ આશ્રય ફલીભૂત થાય છે. ઉપેય પ્રયત્ન એટલે કે સાક્ષાત્ પ્રભુના પ્રયત્નથી સિદ્ધ વરદાનની જેમ પ્રાપ્ત થતી

શરણાગતિને ધર્મી આશ્રયરૂપા શરણાગતિ **''માર્જારીશાવક ન્યાયની શરણાગતિ''** કહે છે. તે શા માટે? તો બીલાડી પોતાના નિરીહ (અબુધ) બચ્ચાને પોતાના મોંઢામાં દાંતો વડે દબાવીને તેના દાંત બચ્ચાની ગરદનમાં ખૂંચે પણ નહિં અને એક છાપરાથી બીજા છાપરા ઉપર કુદતી વખતે પોતાનું બાળક મોંઢામાંથી પડી પણ ન જાય, એવી સાવધાનીથી પકડી રાખે છે. તેવી જ રીતે કયારેક પરમેશ્વર દુષ્ટ / દીન જીવને પોતાની કૃપા દ્વારા પોતાના તરફ ખેંચી લે છે. આ પ્રકારના પ્રભેદ આપણા સમ્પ્રદાયમાં પણ માન્ય છે અને શુદ્ધપુષ્ટિ તથા મિશ્રપુષ્ટિની શરણાગતિના અલગ અલગ પ્રકારોમાં તેનો અન્તર્ભાવ થાય છે.

ભગવત્પ્રયત્નારબ્ધા (ભગવાનના પ્રયત્નથી પ્રાપ્ત થતી) ધર્મિ શરણાગતિ ભગવદ્ભક્તિમાં પર્યવસાયિની થતી હોય તો તેને શુદ્ધપુષ્ટિરૂપા શરણાગતિ સમજવી તથા મુક્તિપર્યવસાયિની થતી હોય તો તેને મર્યાદારૂપા સમજવી.

૧. જીવપ્રયત્નારબ્ધા ભક્ત્યર્થા ધર્મિશરણાગતિ મિશ્રપુષ્ટિમાં મર્યાદાપુષ્ટિના જીવોને પ્રમાણબલથી ષડ્વિધ સાધક અંગ બની ભક્તિની સાધિકા થાય છે. ૨. જીવપ્રયત્નારબ્ધા ભક્તિની અંગભૂત ધર્મિશરણાગતિ મિશ્રપુષ્ટિમાં પ્રવાહ પુષ્ટિના જીવોને ષડ્વિધ (છ પ્રકારના) સાધનબલથી ભક્તિના કરણ બની ભક્તિભાવ નિભાવવામાં સહાયિકા બને છે. ૩. જીવપ્રયત્નારબ્ધા ભક્તિભાવના આનુષંગિક ફલની જેમ સ્વતઃ સિદ્ધ થતી ધર્મિશરણાગતિ મિશ્રપુષ્ટિમાં પુષ્ટિજીવોને ફલબલથી તેમની ભક્તિની ઉત્તમતાના ષડ્વિધ લિંગ બને છે.

જેમ પહાડ ઉપર અગ્નિ પ્રજ્વલિત છે કે નહીં તે તળેટીમાં (નીચે) ઉભેલા માણસને દેખાતી નથી. તો પણ ત્યાં શિખર ઉપર ધુમાડો દેખાતો હોય તો તે ધુમાડો અગ્નિના ત્યાં હોવાનો લિંગ બની જાય છે એમ આ પંચશ્લોકીમાં કહેવામાં આવેલા છએ ઉપાય કયારેક - કયાંક અંગ, તો અન્યત્ર કરણ, તો ફરીથી અન્યત્ર લિંગ પણ બને છે.

તેથી આગળ નિરૂપિત છ ઉપાયો ભગવત્પ્રયત્નારબ્ધા ધર્મિ શરણાગતિનો ભગવદ્ભક્તિમાં પર્યવસાન થવાવાળા બને, તો કયારેક પ્રમેયબલથી મિશ્રપુષ્ટિની અંતર્ગત મર્યાદાપુષ્ટિ અથવા પ્રવાહપુષ્ટિના જીવોને

પણ ભક્તિના અનુકલ્પરૂપે ષડ્વિધ અંગ સિદ્ધ થાય છે. તેથી જેમ શ્રીમદ્ભાગવતના પૂર્વોક્ત વચનમાં **''પ્રપદ્યમાનસ્ય ભક્તિસિદ્ધિઃ''** નિરૂપિત કરી તેવી રીતે તો નહિં પરંતુ **''પ્રપત્તૌ નીયમાનસ્ય ભક્ત્યનુકલ્પસિદ્ધિઃ''** ના રૂપમાં શુદ્ધપુષ્ટિરૂપા શરણાગતિ પણ કયારેક પ્રમેયબલથી સિદ્ધ થાય છે. જેમ ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં અંબાલાના નારાયણદાસજીને આચાર્યચરણોએ કહ્યું **''તોસોં સ્વરૂપસેવા તો નિબહેગી નાહિ. પરાઇ ચાકરી કરની ઘરમેં કોઉ સેવક નાંહિ. તાતેં હસ્તાક્ષર લિખ દેત હોં. સામગ્રી જો બને સો ભોગ ધરિકે મહાપ્રસાદ લીજો. તબ બ્રહ્મસંબંધકો ગદ્યકો શ્લોક અષ્ટાક્ષર લિખિકે નારાયણદાસકૂં દિયે... અપનો ચરણામૃત દીનોં અરૂ 'બાલબોધ' ગ્રંથકરિ પઢાયે''** તેથી જ સર્વનિર્ણય નિબંધના પ્રકાશમાં પણ આપ આજ્ઞા કરે છે **''એતત્ સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્તિતમ્ અન્યેષાં સંભવેત્તુ સ્યાદ્...'ગૃહં-ધનમ્' ઈતિ. પૂર્વાધિકારદ્વયાભાવે તૃતીયં પક્ષમ્ આહ... બાહ્યાભ્યાન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતં નામ્નિ ચૈકં તતસ્ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ. પ્રપત્તિમાર્ગમ્ આહ.... એતન્માર્ગદ્વયં પ્રોકતં ગતિસાધન સંયુતમ્''** તેથી ભક્તિના અનુકલ્પરૂપે પ્રપતિમાર્ગ કે પછી શરણાગતિમાર્ગ ઉપદેશાયેલો છે. તેથી જીવ પ્રયત્નારબ્ધ પણ થઈ શકે અને ભગવત્પ્રયત્નારબ્ધપણ. પહેલામાં પ્રમાણ અને સાધનનું બળ સાધક બને છે અને બીજામાં પ્રમેયબલ અને ફલબલ સિદ્ધ થયેલ જાણવા. તેથી નારાયણદાસને આચાર્યચરણોએ પોતાના પ્રમેયબલથી ભક્તિના અનુકલ્પરૂપે શરણાગતિ દ્વારા ફલદાનનું વરદાન આપ્યું. આ લીલા આપે મિશ્રપુષ્ટિના જીવોને આશ્વસ્ત રાખવા માટે પ્રગટ કરી. તેવી જ રીતે શુદ્ધપુષ્ટિના જીવોને પણ કયારેક ભક્તિના વિકલ્પરૂપે ભગવાન્ સાક્ષાત્ શરણાગતિનું વરદાન આપે છે. જો આવી શરણાગતિ મુક્તિમાં પર્યવસિત ન થાય પરંતુ સ્વરૂપાસક્તિમાં પર્યવસિત થતી હોય તેને શુદ્ધપુષ્ટિરૂપા શરણાગતિ સમજવી.

આગળ કહેલા એકાદશસ્કન્ધના વચનમાં **''મામ્ એકમેવ શરણમ્ આત્માનં સર્વદેહિનાં યાહિ સર્વાત્મભાવેન''** વચનમાં જે કહ્યું તેનો અભિપ્રાય શરણાગતિ પણ ઈન્દ્રિયોની વિષયાસક્તિ, મન, બુદ્ધિ, અહંકાર,

ચિત્ત અને આત્મા આમ છએ પ્રકારથી થાય તો તેને સર્વાત્મના સિદ્ધ થયેલી સમજવી. તેવીજ રીતે ભગવદ્ગીતાના **"ઉપદ્રષ્ટા અનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ પરમાત્મા ઇતિ ચાપિ ઉક્તો દેહે અસ્મિન્ પુરૂષઃ પરઃ"** (ભ.ગી.૧૩।૨૨) વચનમાં શરણ્ય કે પછી આશ્રય રૂપી પ્રભુના પણ છ રૂપ બતાવ્યા છે.

૧. તેમાં **'ઉપદ્રષ્ટા'** કહેવાથી પ્રભુ સાક્ષિભાવથી બધું જ જુએ છે એમ જાણવું. તે કેવી રીતે? તો જીવાત્મા તો ઉપભોગ માટે જે ઇન્દ્રિયોના શુભ અશુભ તથા સુખદુઃખપ્રદ વિષયોને સાક્ષાત્ રાગદ્વેષ અપેક્ષાની દૃષ્ટિથી જુએ છે, તેને પ્રભુ તો ઉપદ્રષ્ટા બનીને રાગદ્વેષ અપેક્ષા વિનાની દૃષ્ટિથી વિષયદર્શી દ્રષ્ટા દ્વારા જુએ છે. તેથી જીવના દોષ પ્રભુ આગળ છુપાઇ નથી શકતા. તેથી શુદ્ધ દૈન્યભાવ રાખીને શરણાગત જીવ પ્રભુના ઉપદ્રષ્ટા હોવાના ભાવથી પ્રતિકૂલ ન હોય એવા પ્રકારથી વિષયઉપભોગ કરવાની ઇન્દ્રિયોની રૂચિ બનાવે તો અનુકૂલ્યનો સંકલ્પ સિદ્ધ થયો જાણવો.

૨. **'અનુમન્તા'** કહેવાથી પ્રભુ જીવને જીવની સારીનરસી વાસનાઓના અનુસાર સત્કર્મ કે પછી અસત્કર્મ જે કરવું હોય તે કરવા દે, રોક-ટોક કરતા નથી, અનુમતિ આપે છે. તેથી જીવાત્માએ પોતાના મનને આધિન થઇને નહિં ઉલ્ટુ પોતાના મનને પ્રભુને આધિન બનાવી રાખવા માટે પ્રભુના પ્રતિકૂલ કોઇ કર્મ કરવા નહિં. આમ થાય તો મનનો સંકલ્પ સિદ્ધ થયો જાણવો.

૩. **'ભર્તા'** કહેવાથી જીવનું કર્તવ્ય છે કે બુદ્ધિપ્રેરક પ્રભુને ભર્તાના રૂપમાં બુદ્ધિપૂર્વક વરણ કરીને એવો જ ભાવ ત્યાં દૃઢ રાખે. એટલા માટે જ 'વિવેકધૈર્યાશ્રય'માં નિષિદ્ધ અન્યાશ્રય પણ છૂટિ જશે. તે શા માટે? તો અન્યાશ્રય કરવાથી ભર્તૃભાવ ખંડિત થાય છે. કોઇ સન્નારી પોતાના ભર્તા (પતિ) ના સિવાય પરપુરૂષને માટે અપેક્ષાબુદ્ધિ રાખતી નથી. તેથી બુદ્ધિદ્વારા પ્રભુને ભર્તા=પતિ બનાવવા તે શરણાગતિનું ત્રીજાું અંગ કે પછી લિંગ છે.

૪. **'ભોક્તા'** કહેવાથી પ્રભુ જડચેતન બધા વિષયોના એકમાત્ર ભોક્તા (ભોગકરવાવાળા) છે. તેથી જ મહર્ષિ બાદરાયણે **"અત્તા ચરાચરગ્રહણાત્"** વિધાન બ્રહ્મસૂત્રમાં કર્યું છે. તેથી શરણાગત જીવનું

કર્તવ્ય બને છે કે કોઇ વસ્તુ સંબંધ ક્રિયા અથવા ભાવનો ઉપભોગ કરવામાં ભગવદ્‌ભોગનો ભાવ કરિ તેના ભગવત્પ્રસાદ હોવાનો ચિત્તમાં ભાવ રાખીને તેનો ઉપભોગ કરવો. ત્યાં શંકા થાય છે કે પ્રભુને ભોગ ધરવાનું તો ભક્તિસાધનામાં બની શકે પ્રપત્તિ કે પછી શરણાગતિની સાધનામાં તે કેમ સંભવે? તેમાં એમ સમાધાન સમજવું કે શ્રીગોપીનાથપ્રભુચરણોએ સાધનદીપિકાના **''લબ્ધાનુગ્રહમ્ આચાર્યાત્ શ્રીકૃષ્ણશરણં જનઃ.... એવં સપ્તવિધા ભક્તિઃ પ્રપન્નાધિકૃતા ભવેત્''** વચનમાં જીવના વેષ લિંગ આચાર વગેરેનો ઉપદેશ કરીને નવપ્રકારની ભક્તિમાંથી શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વંદન અને દાસ્ય આમ સાત પ્રકારની ભક્તિમાં પ્રપન્ન (શરણાગત) જીવનો અધિકાર માન્યો છે. તેથી દાસ્ય અંતર્ગત ભોગ ધરવાનો પ્રકાર પણ **''દાસ્યં તદેકશરણં તત્પ્રસાદૈકભોજનમ્''** કહ્યું છે. તેથી જ મર્યાદામાર્ગીય પૂજાના પ્રકારમાં પણ ભગવત્પ્રસાદના નિયમનો નિર્વાહ શક્ય છે. આમ તો આમાં યથોક્તરીતિથી વસ્તુ સંબંધ ક્રિયા અથવા ભાવ આમ બધાના ઉપભોગની વાત છે. કાંઇ ખાવા લાયક ભોજનની જ નહિં. તેથી આ ઉપભોગમાં પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારની રીતિથી સખ્ય કે પછી આત્મનિવેદનના ભાવવાળા ભોગ ધરવાની જરૂરીયાત પણ નથી. તેથી મારો અધિકાર જેટલો હશે તે પ્રભુ મને સિદ્ધ કરી દેશે. અને જેમાં મારૂં હિત નથી તે વસ્તુ સંબંધ ક્રિયા અથવા ભાવ પ્રભુ કયારેય સિદ્ધ નહીં કરે, તેથી ''પ્રાપ્તં સેવેત નિર્મમ''નો ભાવ રાખવાવાળા શરણાગત જીવનો ચિત્તમાં વિશ્વાસરૂપ આશ્રયભાવ દૃઢ થાય છે.

૫. **'મહેશ્વર'** કહેવાથી પ્રભુને દેવાધિદેવ સમજવા. જીવ પણ પોતાના દેહથી અનુષ્ઠિત થતા કર્મોના અનુષ્ઠાન અને ફલભોગમાં પોતાને ઇશ્વરવત્ (સામર્થ્યવાળો) અજ્ઞાનને લીધે માનિ શકે પરંતુ તેના પણ ઇશ્વર છેવટે તો પ્રભુ જ છે. તેથી તેને 'મહેશ્વર' કહેવાય છે. તે શા માટે? ત્યાં કહે છે કે ભગવદ્‌ગીતામાં ભગવાન કહે છે કે

**''ઇશ્વરો અહમ્, અહં ભોગી, સિદ્ધો અહં, બલવાન્, સુખી,**
**આઢયો, અભિજનવાન્ અસ્મિ કો અન્યો અસ્તિ સદૃશો મયા**
**યક્ષ્યે દાસ્યામિ મોદિષ્યે ઇતિ અજ્ઞાનવિમોહિતાઃ''**

(ભ.ગી. ૧૬।૧૪-૧૫)

- આ વચનના અનુસાર દેહથી અનુષ્ઠિત થતાં કર્મ અને તેના ફલના ઉપભોગમાં પોતાના સ્વાતન્ત્ર્યની પણ ઉપર મહેશ્વરની સામે પોતાના અહંકારને વિનમ્ર બનાવવાથી કાર્પણ્ય(શરણાગત)રૂપ આશ્રયભાવ દઢતાવાળો સિદ્ધ થાય છે.

૬. **'પરમાત્મા'** કહેવાથી પ્રભુનું સ્વરૂપ પરમ આત્મા હોવાનું જાણવું. તે કેવી રીતે ત્યાં કહે છે કે શ્રીભાગવતમાં **''અહમ્ આત્મા આત્મનાં, ધાતઃ !, પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ''** (ભાગ.પુરા.૩।૯।૪૨) કહ્યું છે. તો દેહની પ્રિયતાનું મૂળ જેમ આત્માના પ્રિય હોવામાં છે, તેવી જ રીતે જીવાત્માના પણ પ્રિય હોવાનું મૂળ પરમાત્માના પ્રિય હોવામાં હોય છે. તેથી શરણાગત જીવ આત્મારૂપે જ્યારે ભગવાનને પ્રિય કરી જાણે છે, ત્યારે આત્મનિવેદન રૂપ આશ્રયભાવ સિધ્ધ થયો જાણવો. આ શરણાગતિની અંતર્ભૂત આત્મનિવેદનને ભક્તિભાવાન્તર્ભૂત આત્મનિવેદનથી અલગ જાણવું. તે શા માટે? તો શરણાગતિમાર્ગીય આત્મનિવેદન બોધરૂપ છે પરંતુ ભક્તિમાર્ગીય કેવલ બોધરૂપ નથી પરંતુ ભાવરૂપ અને સમર્પણ - વિનિયોગ - પર્યવસાયી ભગવત્સેવારૂપ જ હોય છે.

આવી ષડ્વિધા શરણાગતિ ઉચ્ચ અધિકારી જીવાત્માની અંદર પ્રમેયબલથી શરણભાવ ના લિંગરૂપે પ્રકટ થાય છે. મધ્યમ અધિકારીની અંદર આ છએ ભાવ તેની શરણાગતિના અંગરૂપથી પ્રગટ થાય છે. અને કનિષ્ઠ અધિકારીની અંદર કરણના રૂપમાં અનુસરણીય થાય છે.

*ઇતિ શ્રીદીક્ષિતાત્મજ -શ્યામમનોહર-વિરચિતા પંચશ્લોકી વ્યાખ્યા સમ્પૂર્ણા*

# ।। શિક્ષાશ્લોકી ।।

**યદા બહિર્મુખા યુયં ભવિષ્યથ કથંચન ।।**

તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ।।૧।।
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઇતિ મતિર્ મમ ।।
ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ।।૨।।
ભાવસ્ તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।।
પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા ।।૩।।
સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ।।૩ ૧/૨।।
મયિ ચેદ્ અસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે ।।
તદા કૃતાર્થા યૂયં હિ શોચનીયં ન કર્હિચિત્ ।।૧ ।।
મુક્તિર્ હિત્વાઽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ।। ૧ ૧/૨ ।।

**ભાવાર્થ :-** જ્યારે કોઇપણ પ્રકારથી તમે ''બહિર્મુખ'' (ભગવદ્ વિમુખ) થશો ત્યારે કાલના પ્રવાહમાં રહેલાં દેહ અને ચિત્ત વગેરે તમને સંપૂર્ણ રીતે ખાઇ જશે; આમ મારી (શ્રીમહાપ્રભુજીની) સમજ છે. (સર્વસમર્થ) સ્વામી શ્રીકૃષ્ણ લૌકિક નથી, લૌકિક (સેવા)ને સ્વિકારતા નથી; તે (સેવા)માં આપણો ભાવ (સાધન) છે, (કે) તે (શ્રીકૃષ્ણ) સર્વસ્વ છે, આ લોક - (પરલોક) સંબંધી સઘળું છે. પરલોક અને (આ લોક) તે (ફલ-રૂપ ભગવાન)થી સિદ્ધ થાય છે. આ (પ્રકટ) વ્રજાધિપ જ સર્વભાવથી સર્વથા સેવવા જરૂરી છે; (તે), (શ્રીગોપીજનવલ્લભ), આપણું સઘળું (લૌકિક-અલૌકિક, સાધન-ફલ), (સ્વતઃ સ્વઇચ્છાથી) કરશે, (આ) નિશ્ચિત (છે.)

મારામાં ગોપીજન-વલ્લભમાં જો વિશ્વાસ છે, ત્યારે (તો) નિશ્ચિતપણે તમે કૃતાર્થ (સફલ), છો (કોઇ પ્રકારનો) શોક કરવા જેવું ક્યાંય નથી. મુક્તિ (તો) અન્યથા - રૂપ છોડીને પોતાના (રસ-લીલારૂપ) દાસ-વગેરે-રૂપથી વિશે- સ્થિતિ છે.)

*।। ઇતિ શિક્ષા-શ્લોકી સમાપ્તા ।।*

## ।। શિક્ષાપદ્યાનિ ।।

*(આચાર્યચરણોએ જે કાંઇ ઉપદેશ આપ્યા તે બધા જ ઉપદેશોનો*

*સારભૂત નિષ્કર્ષ : પુષ્ટિમાર્ગમાં બહિર્મુખતા = ભગવદ્દ્વિમુખતા બધાથી મોટો દોષ છે. જે પુષ્ટિજીવ ભગવદ્ અભિમુખ થાય છે તેને ફલ વિ. પ્રદાન કરવામાં કાલવેગેરેની નિયામકતા નથી પરન્તુ ભગવદ્દ્વિમુખ પુષ્ટિજીવોને માટે કાલ- કર્મ-સ્વભાવ વગેરે બાધક બને છે.)*

**યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથકથંચન ||**
**તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોઽપ્યુત ||૧||**
**સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્મમ ||**

*(પુષ્ટિમાર્ગમાં લોકાર્થિતયા કોઇ ભગવદ્ભક્તિ કે પછી ભગવત્પ્રપત્તિ કરે તે તો બંને જ બહિર્મુખતાથી બચી શકતા નથી.)*

**ન લૌકિક : પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ||૨||**

*(પુષ્ટિમાર્ગીય જીવોને માટે તો આ લોકમાં કે પછી પરલોકમાં શ્રીવ્રજાધિપ પુષ્ટિપ્રભુ જ સર્વસ્વ કરી જાણવા.)*

**ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ||**
**પરલોકશ્ચ.............................||**

*(તેથી પુષ્ટિમાર્ગીય જીવને શ્રીકૃષ્ણાર્થી થઈને જ સર્વભાવથી શ્રીકૃષ્ણની સેવા કરવી)*

**............ તેનાયં સર્વભાવેન સર્વથા ||૩||**
**સેવ્યઃ .................. ||**

*(જેમાં પુષ્ટિજીવનું હિત સિદ્ધ થાય તે જ ભગવાન કરે છે આવો વિશ્વાસ ભગવાન શ્રીગોપીજનવલ્લભમાં સ્થાપિત કરવો કાલ-કર્મ કે પછી સ્વભાવના સામર્થ્યથી નહિં.)*

**..... સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ||૩૧/૨||**

*|| ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતાનિ શિક્ષાપદ્યાનિ સમાપ્તાનિ ||*

# || શિક્ષા શ્લોકી ||

**જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિઠ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્ ।**
**પુરૂષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ ॥**

શ્રીમહાપ્રભુજી દ્વારા વિરચિત આ શિક્ષાપદ્ય ઉપર શ્રીદ્વારકેશજીની વ્યાખ્યા પણ મળે છે. તેથી કયાંક - કયાંક એ વ્યાખ્યાનો આશય પણ ગ્રહણ કરીને મૂલશ્લોકોનો યથામતિ અનુવાદ અને વ્યાખ્યાન કરૂં છું.

આ શિક્ષાપદ્યના પ્રાકટ્યના વિષે એમ કહેવાય છે કે : 'અન્તઃકરણપ્રબોધ' ગ્રંથમાં વર્ણવાયેલ લોકગોચર દેહદેશપરિત્યાગની ત્રીજી ભગવદ્આજ્ઞા બાદ વિક્રમ સંવત ૧૫૮૭ના જેઠવદી દશમને દીવસે અડેલ ગામમાં શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ ગ્રહણ કરવાનો વિચાર કર્યો તે 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં ઉપદેશેલા આઠ પ્રકારના સંન્યાસમાં બીજા પ્રકારનો સંન્યાસ જેનું પાલન કરવા માટે પોતાના માટે સ્વીકાર્યો. આ ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય પ્રકારનો સંન્યાસ છે. એકાદશસ્કન્ધ તથા અન્ય પણ શાસ્ત્રવચનોથી અવિરૂદ્ધ એમ શિખા-સૂત્રના ત્યાગથી રહિત ત્રિદંડ ધારણ કરવાનું આ સંન્યાસના પ્રકારમાં હોય છે. આ સંન્યાસ ગ્રહણ કરવાની રીતમાં ગૃહત્યાગ માટે પત્નિની સંમતિની જરૂર પણ બતાવેલી છે. તે તો ઘણી વખત માગણી કરવા છતાં પણ શ્રીમહાલક્ષ્મીજીએ સંમતિ આપી નહિં. ત્યારે આપે પોતાની દિવ્ય ઇચ્છાથી આપની પર્ણકુટીમાં અગ્નિ પ્રજ્જવલિત કરી તે જોઇને શ્રીમહાલક્ષ્મીજીએ જ આપનેકહ્યું ''બહાર નિકળો જલ્દી બહાર નિકળો.'' ત્યારે તો ગૃહત્યાગની સંમતિ મળી ગઇ એમ માનીને આપ કરક-કૌપિન લઇને ઘરની બહાર નિકળી ગયા. ત્યાર પછી અગ્નિ પણ શાંત થઇ ગયો. ત્યારબાદ યથાવિધિ સંન્યાસ ગ્રહણ કરીને આપ તો અડેલથી કાશી નગરી પધારી ગયા. તેથી લોકગોચર દેશત્યાગની આજ્ઞા તો સિદ્ધ થઇ. પરંતુ લોકગોચર દેહત્યાગની આજ્ઞાનું પાલન કરવા માટે એક મહિના સુધી અનશન કર્યું અને પછી આઠ દિવસ મૌન પણ ધારણ કરી લીધું. ત્યારે અડેલથી શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઇજી પણ પોતાના સેવકો તથા પરિવારજનોની સાથે શ્રીમહાપ્રભુજીના દર્શન કરવા માટે ત્યાં કાશી પધાર્યા. ત્યાં બધાએ પ્રાર્થના કરી કે ''હવે અમારૂં કર્તવ્ય શું?'' પરંતુ મૌનધારણ કરેલું હોવાથી ગંગાજીના કિનારાની ભૂમિ ઉપર લખીને સાડા ત્રણ શ્લોકનો

ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ પોતાના પુત્રોને તથા સેવકોને આપ્યો. તેથી આ ગ્રંથને 'શિક્ષાશ્લોકી' પણ કહેવાય છે.

ત્યાં એમ શંકા થાય છે કે સંન્યાસ નિર્ણય ગ્રંથમાં તો આપે વિરહાનુભવની સિદ્ધિ માટે પરિત્યાગનો ઉપદેશ આપેલો છે. તે પ્રકાર આપે શા માટે અનુસર્યો નહિં? તેમાં આમ સમાધાન સમજવું કે ભક્તિના બે પક્ષ છેઃ એક તો સેવા અને બીજો કથા. 'કથા' કહેવાથી ભગવાનના રૂપ-ગુણ-નામ-લીલાનું શ્રવણ-કીર્તન-સ્મરણ કહેવામાં આવે છે. તેમાં લીલાભાવના અથવા લીલાકીર્તનની સાથે સેવામાં તત્પર થવાથી ઉભય (બંને) પક્ષનું અનુષ્ઠાન સિદ્ધ થાય છે. તેથી સેવાપક્ષ તો મુખ્ય કલ્પ છે. પરંતુ આ મુખ્ય કલ્પમાં પણ પાંચ પ્રકારના બાધક શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં ગણાવ્યા છે :

(૧) લૌકિક વિષયોમાં રાગદ્વેષની પ્રબલતાને લીધે ઇન્દ્રિયોની ભગવત્સેવામાં સહજ અરૂચિ થાય તો પણ હઠથી સેવા કરવાના પ્રયાસથી ચિત્તમાં વિક્ષેપ (ખીજ-અન્યમનસ્કતા-ઉદ્વેગ વિ.) પેદા થાય તેવી સ્થિતિમાં સેવા છોડી દેવી ઉચિત છે.

(૨) ભગવદ્દઇચ્છા વિપરીત થવાથી અસાધ્ય રોગ વગેરેને લીધે શારીરિક અશક્તિ- અક્ષમતા થાય અને હઠપૂર્વક સેવા કરે તો કોમળ સ્વભાવવાળા પ્રભુને પરિશ્રમ થાય છે, તેથી આવી સ્થિતિમાં સેવા ન કરવી સારી.

(૩) અપુષ્ટિમાર્ગીયના ઘરમાં જન્મ થવાને કારણે ઘરમાં વડિલોનો ભગવત્સેવા વિરોધી ભાવ હોય તો આવા પ્રતિબંધમાં સેવા ન કરવી સારી. કથાપક્ષમાં તો આને પ્રતિબંધ ગણેલ નથી પરંતુ સેવાપક્ષમાં પ્રતિબંધ હોવાથી સેવા છોડી દેવી ઉચિત છે. કેમ? તો ભગવત્સેવાના આપણા દુરાગ્રહને લીધે આપણા સેવ્ય પ્રભુનો અનાદર અથવા નિંદા કયારેય કોઈ પણ આપણા ઘરમાં ન કરે.

(૪) સેવામાં ઉપયોગી પદાર્થોને પ્રાપ્ત કરવાના (અથવા અનિવાર્ય ગણવાના) અતિઆગ્રહ પણ સેવ્યપ્રભુમાંથી આપણા ચિત્તની તત્પરતાનો નાશ કરીને તામસી વૃત્તિને વધારે છે. તેવી સ્થિતિમાં સેવા કરવા કરતાં ન કરવી વધારે સારી હોય છે.

(૫) સેવા કરવાવાળો પોતે ઘરમાં મોટો હોય (અથવા ઘરનો

કાર્યભાર પોતે ચલાવતો હોય) અને નાનાઓને (અથવા પોતાના દ્વારા પોષિત હોય) ભાવ ન હોય તો પણ સેવા કરાવે ત્યારે સ્વાર્થ સંકોચ અથવા બીકને કારણે નાનાઓને સેવામાં જોડાવું પડે છે અને ત્યારે તેઓ મનમાં દુ:ખી થઈને સેવા કરે છે. તેનાથી પ્રભુને સુખ થતું નથી. તો સેવ્યપ્રભુને સુખ ન આપી શકે એવી સેવા કરવા કરતાં ન કરવી ઉચિત છે.

તેથી આવા બાધકો ન હોય ત્યારે જ સેવા છે તે પુષ્ટિજીવનું મુખ્ય કર્તવ્ય બને છે. તેથી આવા બાધકોમાં ભક્તિભાવ હોવા છતાં પણ સેવા ન કરીને કથાપક્ષને ગ્રહણ કરવો ઉચિત માનવામાં આવ્યો છે. તેથી જ 'ભક્તિવર્ધિની'માં ભક્તિની વ્યસનદશા સિદ્ધ થાય ત્યારે કથાપક્ષમાં સંપૂર્ણ ગૃહત્યાગનો; અથવા નિબંધમાં કયારેક-કયારેક તીર્થયાત્રાના બહાનાથી થોડા સમયના ગૃહત્યાગનો પ્રકાર સમજાવ્યો છે. આ ગૃહત્યાગના પ્રકારોને ભગવદ્વિરહનો અનુભવ કરવા માટે કરવાનું સમજાવ્યું છે. શા માટે? તો પુષ્ટિસૃષ્ટિનું ભૂતલ ઉપર પ્રાકટ્ય છે તે તો શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવા કરવા માટે જ છે. તેથી જે જન્મમાં, વર્ષમાં, મહિનામાં, દિવસમાં અથવા કૃપાતિશય થાય તો, પ્રહર ઘડી અથવા ક્ષણમાત્ર પણ ભગવત્સેવા વગરની જાય ત્યારે વિરહ-તાપ જો ન થાય તો કાંઈક આસુરાવેશ જ જાણવો. આવી ભક્તિની વ્યસનાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે ભગવત્સેવા વગર વિરહતાપ તો અવશ્યંભાવી હોય છે. એટલા માટે ઘરમાં સેવા જેનાથી નભી શકતી ન હોય તેવાઓને વિરહાનુભવાર્થ પરિત્યાગનો આપે ઉપદેશ ગૌણકલ્પના રૂપમાં આપ્યો છે. તેમાં કર્તવ્યોપદેશ ગૃહપરિત્યાગનો છે, વિરહાનુભવનો નહિં. અને પ્રયોજન તેમાં વિરહાનુભવ છે, ગૃહપરિત્યાગ નહીં. કેમ કે ગૃહપરિત્યાગ તો ઈશ્વરને નહીં માનવાવાળા જૈન-બૌદ્ધ પણ કરે છે પરંતુ એમનો પરિત્યાગ ભગવદ્ભક્તિનું અંગ નથી. આપ સ્વયં તો ભગવદ્ વદનાવતાર અને ભક્તિમાર્ગાબ્જમાર્તંડ છે. તેથી ભક્તિમાર્ગના ગૌણકલ્પને અનુસરવાની આપને શું જરૂરિયાત? તેથી આપના સંન્યાસનો પ્રકાર 'સંન્યાસનિર્ણય' તથા 'ભક્તિવર્ધિની' (સં.નિ.૭, ભ.વ.૧,૬)માં કહેલા પ્રકારનો ન હતો સર્વનિર્ણય-નિબંધ (૧૯૧-૧૯૨)માં કહેલાં પ્રકારનો હતો.

સાક્ષાત્ સ્વરૂપની સેવા જો કોઈ પોતાના ઘરમાં પોતાના તન-ધન-

પરિવારજનોના સર્વસમર્પણપૂર્વક કરતો હોય તેને તો સેવા છોડીને વિપ્રયોગના અનુભવ માટે કથાપક્ષનું અવલંબન જાણી જોઇને કરવું તે તો ભક્તિમાર્ગીય પાખંડ છે. બહુ તો સેવા છુટી જાય અથવા નિત્યક્રમમાં જ્યારે સેવાનો અનવસર હોય ત્યારે વિરહાનુભવાર્થ કથા-સ્મરણ પક્ષનો ભક્તિમાર્ગીય પ્રકાર પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત છે તેથી - **''સેવાયાં વા કથાયાં વા''** વચનમાં પહેલુ કર્તવ્ય અને ઉલ્લેખ સેવાનો છે. તેજ રીતે - **''સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં''** વચનમાં અંતમાં તો અત્યાજ્યરૂપે ઉલ્લેખ તો ભજન એટલે કે સેવાનો જ છે.

તેથી વિરહાનુભવકામનાનો સેવાપક્ષમાં તો સંભવ નથી. શા માટે? સેવા કરવામાં સાક્ષાત્ સેવ્ય સ્વરૂપની સંયોગાનુભૂતિને આપ મેળે છોડીને વિપ્રયોગની અનુભૂતિ કરવા માટે કોઇ ગૃહત્યાગ કરે ત્યારે તો ભગવદ્પ્રાપ્તિની કામના ખંડિત થઇ જાણવી. અથવા ભગવન્મૂર્તિમાં ભગવદ્ભાવ ખંડિત થયો જાણવો. જેમ કોઇ પ્રેમિકા પોતાના પ્રિયતમથી છુટ્ટી પડવા નથી ઇચ્છતિ પરંતુ કયારેક ભાગ્યવશાત્ છુટ્ટી પડી જાય,તો તેને વિરહતાપ થાય છે. પરંતુ કોઇ વ્યભિચારિણી સ્ત્રી પોતાના પરપુરૂષને મળવા માટેની આતુરતાના લીધે જ્યારે પતિના પરદેશગમનનો મનોરથહૃદયમાં કરતી હોય, એટલે કે છુટ્ટી પડવા માગતી હોય, ત્યારે તેમાં પતિપ્રેમ ખંડિત થયો જ જાણવો.

જેમ હાલમાં કેટલાક સ્વમાર્ગીય શાસ્ત્રી પણ પોતાના માથે બિરાજતાં સ્વરૂપની સેવા છોડીને જગા-જગાએ ભાગવતસપ્તાહ કરે છે. આવી ભાગવત-કથામાં કથા કહેતાં-કહેતાં ગળુ રૂંધાઇ જવું અને આંખોમાંથી આંસુ નિકળવા વગેરે આડંબર પણ બતાવે છે. જાણે કે ભક્તિની વ્યસનદશા સિદ્ધ થઇ ગઇ હોય! પણ ખરેખર પોતાના સેવ્ય સ્વરૂપમાં એટલી પરમ આસક્તિ સિદ્ધ થઇ હોય તો શા માટે સેવા છોડીને જગા-જગાએ રખડવું જોઇએ! જ્યારે સેવા છોડીને પેટ ભરવા માટે (પૈસા કમાવા માટે) રખડવાનું સારૂં લાગે છે ત્યારે તો સ્વરૂપાસક્તિ ખંડિત થઇ જાણવી, અને વળી સ્વરૂપાસક્તિના અભાવમાં દેખાતો કંઠાવરોધ અને અશ્રુપાતનું પણ મૂલકારણ વિપ્રયોગ ન હોઇને પાખંડયોગ જ હોય છે.

તેથી વિપ્રયોગાર્થ સંન્યાસમાં કર્તવ્યોપદેશ ઘરની ભોગવાસનાના ત્યાગાર્થ છે, અને પ્રયોજન ઉપદેશ વૈરાગ્ય સાધનાનો ન હોઇને વિપ્રયોગ સાધનાનો છે. **''ભોગાભાવઃ તદૈવ સિદ્ધયતિ યદા ગૃહપરિત્યાગઃ'' – ''તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્''** આ વચનોથી. તે પણ ઘરમાં ભગવત્સેવાના અનિર્વાહની દશામાં, તેથી ભક્તિમાર્ગમાં આ ગૌણકલ્પ ભક્તિમાર્ગાબ્જમાર્તંડાયમાન્ શ્રીમહાપ્રભુજીને અપેક્ષિત નથી.

ભક્તિનું પૂર્વ અંગ માહાત્મ્યજ્ઞાનને માનેલું છે. તેથી માહાત્મ્યજ્ઞાનના સિદ્ધ થવાથી લોકેષણા, વિત્તેષણા અથવા બહારના વિષયોની સુખેષણાનું માહાત્મ્ય ઉત્પન્ન થતું નથી તેથી અજ્ઞાની લોકો જેવો સુલભ ભ્રમયોગ સંભવતો નથી. અને ભક્તિનું ઉત્તર અંગ તો સુદૃઢસર્વતોધિકસ્નેહને માનેલું છે. તેથી કરીને હાલના શાસ્ત્રીઓની પેટભરણીકથામાં પ્રકટ થતો વિપ્ર (પાખંડ) યોગ (પૈસા પેદા કરવાનો ઉપાય) પણ સંભવતો નથી. તેથી સિદ્ધ થાય છે કે શ્રીમહાપ્રભુજીએ જે પ્રકારનો સંન્યાસ ગ્રહણ કર્યો તે ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય સંન્યાસ જ હતો. તે પણ લોકગોચર દેહ-દેશ પરિત્યાગની ભગવદ્ આજ્ઞા પાલનનું આનુસંગિક કર્મ હતું. તેથી જ 'અન્તઃકરણપ્રબોધ'માં આપ આજ્ઞા કરે છે :
**''આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્''**

અહિં શંકા થઇ શકે કે તો પછી શ્રીહરિરાયજીએ પોતાના અનેક ગ્રંથોમાં અને શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ' ગ્રંથમાં **''યચ્ચ દુઃખં યશોદાયાઃ નન્દાદીનાં ચ ગોકુલે ગોપિકાનાન્તુ યદ્ દુઃખં તદ્ દુઃખં સ્યાન્ મમ ક્વચિત''** વચનમાં વિરહ-દુઃખની જે કામના બતાવી તેની સંગતિ શું સમજવી?

અહિં સૌથી પહેલાં શ્રીમહાપ્રભુજીના વચનનો અભિપ્રાય ભગવાનમાં જીવનો નિરોધ કેવી રીતે સિદ્ધ થાય તેની સાધનાના રૂપમાં સેવાના અનવસરમાં કયા પ્રકારની ભાવના કરવી તે સમજાવવાનો છે. તેમાં કહ્યું કે ''જેમ ગોચારણના સમયમાં નંદયશોદા અને ગોપીજનોને વિરહ-તાપ રહેતો એવો વિરહતાપ, સેવાના અનોસરમાં, મને કયારે થશે!'' તો આવો મનોરથ જગાવવાનો ઉપદેશ આ શ્લોકમાં છે. આ જ ગ્રંથના બીજા શ્લોકમાં

''ગોચારણ કરીને વ્રજમાં પધારતા પ્રભુને કારણે જેવું સેવાસુખ ગોકુલમાં ગોપિકા તથા બધા વ્રજવાસીઓને થાય છે તેવું સુખ મને ભગવત્સેવા કરતી વખતે કયારે થશે!'' આનો મનોરથ જગાવવાનો જ ઉપદેશ છે. તે જ રીતે ત્રીજા શ્લોકમાં જે પુષ્ટિભક્તથી કોઇ કારણથી ભગવત્સેવા નભી શકતી ન હોય તેવા પુષ્ટિભક્તને, ઉદ્ધવાગમન ના સમયે વિરહ-તાપ ની તિવ્રતાવશ ભગવત્કથાનો મહાન ઉત્સવ સિદ્ધ થયો તેમ કોઇ ભગવદીયની સાથે ભગવત્કથાના સત્સંગના સુમહાન ઉત્સવનો મનોરથ જગાવવાનો જે ઉપદેશ છે. ત્રણ શ્લોકમાં - **'મમ'-'મે'-'મે મનસિ'** આમ ઉત્તમ પુરૂષ વચનનો પ્રયોગ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે તે, જેમ કૃષ્ણાશ્રયમાં **''વિવેક ધૈર્યભક્ત્યાદિરહિતસ્ય ....મમ''** પ્રયોગ કર્યો છે તે, પોતાને લાગુ પડતો નથી પણ નિજજનોને લાગુ પડતો છે તેમ સમજવું. તે કેવી રીતે? તો પુષ્ટિમાર્ગીય જીવોને શરણાગતિ કરતી વખતે પોતાની નિઃસાધનતાની ભાવના કરવી જોઇએ તેના ઉપદેશ માટે છે, તે જ રીતે સેવા-કથા ઉભય પરાયણ અથવા માત્ર કથાપરાયણ પુષ્ટિભક્તને કેવી ભાવના કરવાથી તેમની ભક્તિ નિરોધ દશાને પ્રાપ્ત થાય છે તેના ઉપદેશ માટે છે. કેવી રીતે? શ્રીમહાપ્રભુજી આપ પોતાના માટે તો **''અહં નિરૂદ્ધો રોધેન નિરોધપદવીંગતઃ''** આજ્ઞા કરે છે. તેથી નિરોધની ફલદશાનો આપ તો હંમેશ (સતત) અનુભવ કરે છે. તેથી સાધનરૂપા ભાવનાનો મનોરથ આપે પોતાના માટે કર્યો હોય તે સંભવ નથી.

હવે શ્રીહરિરાયજી ભગવત્સેવા કરતા (સંયોગ કરતાં) અધિક વિપ્રયોગને માનતા હતા તો શા માટે સેવા છોડીને અને સંન્યાસ ગ્રહણ કરીને વિપ્રયોગ ન કર્યો? તેથી આપનું તાત્પર્ય પણ નિત્યસેવાના અનવસરમાં જ વિપ્રયોગની પરમફલતાને સ્વિકારવી વ્યાજબી છે.

તો આ શિક્ષા-શ્લોકીમાં મુખ્યત્વે પાંચ ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ આપ્યા છે.

**(૧) પુષ્ટિમાર્ગીય જીવે કયારેય પણ બહિર્મુખ ન થવુ જોઇએ.**

**(૨) પુષ્ટિમાર્ગીય જીવે પોતાના પુષ્ટિપ્રભુની ભક્તિ અથવા શરણાગતિ પણ લોકાર્થીતાથી ન કરવી જોઇએ.**

**(૩) આલોકમાં અથવા પરલોકમાં પુષ્ટિ-જીવનું સર્વસ્વ તો પુષ્ટિ-પ્રભુ શ્રીકૃષ્ણ જ હોય છે.**

**(૪) તેથી બધી રીતે કૃષ્ણાર્થી થઇને સર્વભાવથી કૃષ્ણસેવા કરવી.**

**(૫) જે પુષ્ટિજીવનું જેમાં હિત હોય એવા બધાજ કાર્યો શ્રીગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણ જ કરે છે કાળ- સ્વકર્મ - સ્વભાવ - અન્યદેવ અથવા અન્ય કોઇનું પણ કાંઇ સામર્થ્ય અહિંયા નથી એવો વિશ્વાસ હંમેશા રાખવો.**

તેમાં સર્વપ્રથમ પુષ્ટિમાર્ગીય જીવને કયારેય બહિર્મુખ ન બનવુ જોઈએ તે કહે છેઃ

**યદા બહિર્મુખાઃ યૂયં ભવિષ્યથકથંચન ။**
**તદા કાલ પ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ။૧။**
**સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્ મમ ။**

**ભાવાર્થ :-** જ્યારે તમે કોઇપણ પ્રકારથી બહિર્મુખ બની જશો ત્યારે કાલના પ્રવાહમાં વહી રહેલાં તમારાજ દેહચિત્ત વિગેરે તમારૂં જ ભક્ષણ સર્વ પ્રકારથી કરી જશે આવુ મારૂ માનવું (મત)છે.

**કાલપ્રવાહ અને ભક્તિપ્રવાહ**

જગતમાં જે કાંઈ જડવસ્તુ પેદા થાય છે તેનો આજે નહિ તો કાલે નાશ તો થાય જ છે. તેવીજ રીતે જીવસૃષ્ટિમાં પણ જે જન્મે છે તેનુ મૃત્યુ નિશ્ચિત જ છે. તેથી જગતમાં જે કાંઇ વ્યક્ત અથવા પ્રકટ છે તે કોઈ ને કોઈ દિવસે અવ્યક્ત અથવા તિરોહિત થવા માટે કાલના પ્રવાહમાં તણાઈ રહ્યું છે. આ કાલ પણ, કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરુષના મુલરૂપ અક્ષરબ્રહ્મનું એક સામર્થ્ય છે. આ પંચવિધ તત્ત્વોથી ઘડાયેલું આ ક્ષર (નાશવંત) જગતનું ઉપાદાન (મુખ્ય) કારણ અક્ષરબ્રહ્મ છે. અને જ્યારે કોઈ પ્રવાહી જીવ, કાલ-કર્મ- સ્વભાવ-પ્રકૃતિ-પુરૂષ રૂપમાં વ્યક્ત એવા ક્ષર જગતમાં અક્ષરબ્રહ્મને શોધતો નથી ત્યારે તેને કાલ પ્રવાહમાં વહી જતો જાણવો. તે કાલ પ્રવાહમાં વ્યક્તથી સર્વ કાંઈ અવ્યક્ત અને અવ્યક્ત થઈને ફરી ફરી ક્ષર

જગતમાં વ્યક્ત થતું રહે છે. પણ જે જ્ઞાની અક્ષરબ્રહ્મને પ્રાપ્ત કરી લે છે તે ક્ષર વ્યક્તથી છૂટીને અક્ષર અવ્યક્તતાને પ્રાપ્ત કરી લે છે.

જેમ સુર્યની ગરમી અથવા કિરણો સૂર્યની ચારે બાજુ ફેલાય છે જેમ ફુલની સુગંધ ઉપવનમાં ચારેબાજુ ફેલાય છે તેમ પુર્ણ પુરૂષોત્તમ દિવ્ય નરાકૃતિ શ્રીકૃષ્ણની ચારે બાજુ પૂર્ણપુરૂષોત્તમની ધર્મરૂપ વ્યાપક સત્તા, ચેતના, અને આનંદને 'અક્ષરબ્રહ્મ' કહે છે. તેથી અક્ષરબ્રહ્મ, જ આ જગતનું 'ઉપાદાન કારણ' પણ કહેવામાં આવે છે જે પૂર્ણપુરૂષોત્તમના ધર્મરૂપે છે અને ધામરૂપે પણ છે તે શા માટે ? તો ઉપનિષદ્‌માં કહેવામાં આવ્યું છે કે **''પરમાત્મા પોતાની મહિમામાં અવસ્થિત (વિદ્યમાન) છે બીજે કયાંય નથી''** તેથી જ્ઞાનમાર્ગી પુરૂષોત્તમના અવ્યક્તધામને પ્રાપ્ત કરે છે અને ભક્તિમાર્ગી અક્ષરધામમાં બિરાજમાન ધામી પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે. તે શા માટે ? ત્યાં એમ જાણવું કે જ્ઞાનીને પુરૂષોત્તમના ફક્ત માહાત્મ્યનો સાક્ષાત્કાર થાય છે જેમ કસ્તુરીમૃગને કસ્તુરીની સુગંધ તો મળે છે પણ કસ્તુરી મળતી નથી. તે શા માટે ? તો કસ્તુરીમૃગ અને કસ્તુરીની વચ્ચે આત્યન્તિક (સાર્વકાલિક)અભેદ ભાવ હોવાથી. અને કોઇ સ્ત્રી-પુરૂષ પોતાના કપડામાં અથવા શરીર ઉપર થોડુંક સુગંધી અત્તર લગાવી લે ત્યારે જે સુગંધી ફુલનું અત્તર લગાવ્યું હોય તેની સુગંધતો આવે. સુગંધી અત્તર લગાવીને કોઇ ઘરમાં પ્રવેશ કરે ત્યારે કોઇને ભ્રમણા પણ થઇ જાય છે જાણે સુગંધી ફુલ ઘરમાં આવ્યું હોય! પણ આવી ભ્રમણાને હિસાબે ફુલની પ્રાપ્તિ થતી નથી તે શા માટે ? જે ફુલની કૃત્રિમ સુગંધ જેણે લગાવી છે તે વ્યક્તિ અને તે જ સુગંધ ને સહજ (મુલરૂપથી) જેણે ધારણ કરેલ છે તે ફુલ આ બન્નેની વચ્ચે આત્યન્તિક ભેદ હોય છે. તેવી જ રીતે અજ્ઞાની પ્રવાહી જીવોને પણ તે ભૂમા (વ્યાપક) - પરમાનંદની બનાવટી અને નહીં જેવી માત્રા વાળા વિષયસુખમાં કયારેય પરમાનંદની પ્રાપ્તિ થઇ શકતી નથી. જેમ ગુલાબના ફુલના શોખીનને સુગંધી ગુલાબનું ફુલ મળવાથી ફૂલ અને સુગંધ અથવા ધર્મી અને ધર્મ બન્ને મળી જાય છે તેવી રીતે ભક્તને માહાત્મ્યજ્ઞાનના તથા સુદ્રઢ સર્વતોધિક સ્નેહના બળથી અક્ષરધામ તથા ધામીપુરૂષોત્તમ બન્નેની પ્રાપ્તિ થઇ જાય છે. ત્યાં માહાત્મ્યજ્ઞાનના બળથી અભેદ સ્ફુરે તો સુદ્રઢ સ્નેહના બળથી ભેદ પણ સ્ફુરે છે અને સુદ્રઢ સ્નેહના બળથી અભેદ સ્ફુરે તો

માહાત્મ્યજ્ઞાનના બળથી ભેદ પણ સ્ફુરે છે. તેથી ભક્તિમાં ભેદ- સહિષ્ણુ અભેદ વાળુ તાદાત્મય સ્ફુરે છે.

તેથી ભક્ત તો ક્ષર-વ્યક્ત જગતના ઉપાદાનભૂત અક્ષર અવ્યક્તના ધામમાં નિત્ય વિહાર કરી રહેલા દિવ્ય-વ્યક્તિ એવા પુરૂષોત્તમનું અવલમ્બન પ્રાપ્ત કરીને જન્મ-વ્યાધિ-જરા-મૃત્યુમૂલક શોક-મોહવાળા વિષયાનંદથી, અને અજ-અવ્યાધિ-અજર-અમર પણ કેવલ શાન્તરસાત્મક બ્રહ્માનંદથી પણ બચીને દિવ્ય-લીલા-વિગ્રહવાળા સર્વરસાત્મક પુરૂષોત્તમાનંદને પ્રાપ્ત કરી શકે છે.

તેથી વિષયાનંદ તો કાલની નદીના પ્રવાહમાં પ્રગટ થવાવાળા શોક મોહના ચક્રમાં જીવને ફસાવી ને ડુબાડી દે છે. બ્રહ્માનંદ તો એવો જાણવો કે પાણીમાં ડૂબીજવાની બીકથી કોઈ પાણીની નજીક ન જતો હોય તો તેને શ્રાપ અથવા વરદાન દઇને પાણી રૂપે જ બનાવી દે ! તો પાણી તો પાણીમાં ડૂબે નહીં પણ પાણીને પાણી પીવાનો સંતોષ અને પાણીમાં સ્નાન કરવાથી મળતી સ્વચ્છતા -શુધ્ધતા અને જળવિહારની પ્રસન્નતાનો લાભ પણ તો મળી શકતો નથી. તેથી ભક્ત કવિ દયારામ ભાઇ કહે છે : **''જલને શો જલનો સ્વાદ જન જુદો રહી પામે આહલાદ સેવો શ્રીકૃષ્ણકૃપાલ !''**

તેથી વિષયાનંદીના દેહ-ઇન્દ્રિય વિગેરે કાલ - પ્રવાહના શોક - મોહના ચક્રમાં પ્રવાહી જીવોને ડુબાડી દે છે. બ્રહ્માનંદી તેનાથી ડરિને દેહ-ઇન્દ્રિય વિગેરે ને છોડીને અક્ષરબ્રહ્મના એકાત્મ્યમાં ડૂબી જાય છે. પણ ભક્તિની નદી તો કૃપાના સાગર પરમાનંદની લહેરોનું અલૌકિક સુખ દેહ - ઇન્દ્રિય વિગેરે ને આપીને પણ કયારેય ડૂબાડતી નથી. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તિભાવપૂરિત ભગવત્ સમર્પિત વિષયોનો પ્રસાદગ્રહણરૂપ અલૌકિક ઉપભોગ છોડીને કોઇ સ્વમાર્ગીય જીવ જ્યારે અસમર્પિત વિષયોના ઉપભોગમાં ફસાઇ જાય છે ત્યારે - તે જીવ શાસ્ત્રમર્યાદાથી પણ ચૂક્યો અને પુષ્ટિભક્તિથી પણ વંચિત થયો. તેથી તે જીવના - દેહ - ઇન્દ્રિય વિગેરે જ કાલપ્રવાહમાં જીવને તાણીને શોક - મોહના ચક્રમાં ફસાવીને તેનો સર્વનાશ કરી દે છે. તેથી પુષ્ટિજીવને કયારેય પણ બહિર્મુખ જીવોની જેમ ભક્તિભાવ રહિત ન થવુ જોઇએ.

ત્યાં આ શંકા થાય છે કે આપણો મારગ તો પ્રમેયબલનો મારગ છે,

અને વિધિ-નિષેધનુ પ્રમાણબલ પ્રમેયની આગળ તો ટકી શકતુ નથી. તેથી પુષ્ટિમાર્ગમાં પુષ્ટિ પ્રભુથી સંબંધ જોડાયા પછી કાલનુ શું સામર્થ્ય કે પુષ્ટિપ્રભુથી છોડાવીને અંગીકૃત નિજજનનો નાશ કરી શકે ? સેવાફલમાં પણ **''ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્ર નિયામકઃ''** તેવી જ રીતે સર્વનિર્ણય નિબંધમાં પણ **''અત્રાપિ વેદનિંદાયામ્ અધર્મ-કરણાત્ તથા, નરકે ન ભવેત્ પાતઃ''** કહ્યું છે તેથી કાલની કોઈ સામર્થ્ય આ પ્રમેયમારગમાં શક્ય જ નથી.

આ શંકાનુ સમાધાન એવી રીતે સમજવું કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અનુસાર ભક્તિમારગ ઉપર ચાલતા કોઇ પુષ્ટિજીવથી અજ્ઞાનવશ અથવા પ્રમાદવશ કોઇ શાસ્ત્ર વિરૂધ્ધ કાર્ય થઇ જાય તેને હિનયોની તો મળે પણ નરકપાત નથી થતો. તેવી જ રીતે સેવાફલના વચનનો અભિપ્રાય પણ એમ સમજવો કે અલૌકિકસામર્થ્યની અથવા સાયુજ્ય-સેવોપયોગી-દેહની પ્રાપ્તિમાં કાલની નિયામકતા નથી. પણ આજ સેવાફલ ગ્રંથમાં ભોગ, ઉદ્વેગ અને પ્રતિબંધ ને સેવાફલની પ્રાપ્તિમા બાધક તો માન્યા જ છે. તેથી પ્રમેયબલના ભરોસે કોઇ આ માર્ગમાં સ્વચ્છંદતા (મનફાવે તેવા પ્રકાર)થી વર્તન કરવા ઇચ્છેતો પણ કાંઇ નુકસાન નથી એવુ ન માનવું તે શા માટે ? ત્યાં એમ સમજવું કે આત્મસમર્પણ (બ્રહ્મસંબંધ) થવાથી જે પાંચ પ્રકારના દોષોની સેવામાં બાધકતા નથી રહેતી તે આત્મસમર્પણથી પ્રાપ્ત થતા કર્તવ્યમાં અર્ધભૂકતનું સમર્પણ અને અસમર્પિતનો ઉપભોગ નિષેધ ગણ્યો છે. તેથી અર્ધભૂક્તનુ સમર્પણ અને અસમર્પિતનો ઉપભોગ કરવાથી સમર્પણની પૂર્ણતા જ ન થઇ. તેમ સમજવું ત્યારે જીવનો પણ અંગીકાર થયો ન જાણવો. ત્યારે કાલને આવા જીવનું ભક્ષણ કરવામાં શું નડતર થાય ?

**કથંચન**

તેથી આ માર્ગમાં શ્રીમહાપ્રભુજી તથા શ્રીપ્રભુચરણની આજ્ઞાઓનુ જે જાણી સમજીને ઉલ્લંઘન કરે તેને ગુરૂદ્રોહી, માર્ગદ્રોહી અને ભગવદ્ દ્રોહી જાણવો. અને આ ત્રણેનો જે દ્રોહ કરે છે તે તો આત્મદ્રોહ જ કરે છે.

તેથી સિધ્ધાંતમુકતાવલીમાં કહેવાયેલી રીતથી વિરૂધ્ધ જ્યારે કોઇ નાદસૃષ્ટિનો (વૈષ્ણવ) અથવા બિન્દુસૃષ્ટિનો (વલ્લભવંશજ) સ્વમાર્ગી ફક્ત

તનની સેવા અથવા ફક્ત વિત્તની સેવા કરતો હોય તો તેનો અધઃપાત નક્કી જ જાણવો. તે શા માટે ? ત્યાં એમ સમજવું કે તનુવિત્તની સેવાના તનુની અને વિત્તની એમ બે ભાગલા પાડવાથી દેવદ્રવ્યથી ભગવદ્ સેવાનો પ્રકાર વેપાર ધંધાની જેમ ચાલે છે. તેથી દેવલકતા દેવદ્રવ્યાપહાર અને દેવદ્રવ્ય ઉપભોગનો અપરાધ લાગે છે. તેથી શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ આજ્ઞા કરી છે કે **''સો તો ભોગ શ્રીઠાકુરજી આપહીકે દ્રવ્યકો આરોગે સો આપહી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયેગો સો મેરો નાહીં અરૂ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહુ ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતેં વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો. વાકે લિયે ગોઅન્કો ખવાયો અરૂ બચ્યો સો શ્રીયમુનાજીમેં પધરાયો.''** (ઘરૂવાર્તા, પ્રસંગ-૩)

તેથી ભગવદ્સેવા માટે જે બિન્દુસૃષ્ટિના જઘન્યકોટીના સ્વમાર્ગીય લોકાર્થી મોટે ભાગે નાદ સૃષ્ટિને વિત્તજા સેવા કરવાની આજ્ઞા કરતા હોય છે. અને નાદસૃષ્ટિના પણ દુર્ભાગી લોકાર્થી જીવ તનુજા સેવા કરાવવા માટે વિત્તજા સેવા કરે છે. તેને તો શ્રીમહાપ્રભુજીના માર્ગમાં મહાપતિત બહિર્મુખ જ છે તેમ જાણવું. **આ પ્રથમ પ્રકાર થયો બહિર્મુખતાનો.**

તેવી જ રીતે **''પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ''** ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યુ છે કે પુષ્ટિજીવને લૌકિક - વૈદિક આવી પડેલા કાર્યો કપટથી (અનાસક્તિથી) નીભાવવા અને વૈષ્ણવી ભક્તિ કપટ વગર સહજતાથી નિભાવવી. આ વચનથી વિરૂધ્ધ જઇને કોઇ લોકેષણા અથવા વિત્તેષણા અથવા શિષ્યેષણાથી લોભાઇને પોતાના સેવ્યપ્રભુના મોટા મોટા મનોરથ જનતાને દેખાડવા માટે કરતા હોય ત્યારે લૌકિક-વૈદિક તો નિર્લજ્જ - નિષ્કપટ કરે છે એમ જાણવુ પણ વૈષ્ણવ ભક્તિ તો કપટથી સિધ્ધ થઇ જાણવી. તેથી **આ પણ બહિર્મુખતાનો બીજો પ્રકાર છે.**

તેવી જ રીતે 'સિધ્ધાન્ત રહસ્ય' ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે **''નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિઃ''** અને **''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ, તથા કાર્યં સમર્પ્યૈવ''** તેથી નિવેદિત સર્વસમર્પણાત્મિકા સેવાને માટે બ્રહ્મસંબંધ દેવુ અને લેવુ જોઇએ.

પરંતુ જેની સેવામાં આવી રૂચિ અથવા સામર્થ્ય ન હોય તેને પણ આત્મનિવેદન (બ્રહ્મસંબંધ)ની દિક્ષા દેવાથી અનધિકારીને મંત્રદાન કરવારૂપ નામને વેંચવાનો અપરાધ થાય છે. તો આવા મંત્રના લેવાવાળા અને મંત્રના દેવાવાળા બંનેને બહિર્મુખ જાણવા. **આ ત્રીજા પ્રકારની બહિર્મુખતા છે.**

તેવી જ રીતે 'નવરત્ન'ના પ્રકાશમાં શ્રી પ્રભુચરણ સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **"દાને હિ ન સ્વવિનિયોગઃ નતુ નિવેદને"** એટલે કે પોતાના સેવ્ય પ્રભુને સ્વયં સેવા કરવાવાળો અથવા બીજો કોઇ એ જે કાંઇ સેવા ઉપયોગી અન્ન-વસ્ત્ર-આભુષણ વિગેરે વસ્તુ અથવા પૈસા દાન અથવા ભેટ સ્વરૂપે આપ્યુ હોય, તેને ભગવત્પ્રસાદનુ બહાનુ કરીને પોતાના ઉપભોગમાં લેવુ નહિ. તેથી 'સિધ્ધાન્ત રહસ્ય'માં **"દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ન ગ્રાહ્યમ્ ઈતિ વાકયં હિ ભિન્નમાર્ગપરં મતમ્"** આ વચનનો પણ કેટલાક સ્વાર્થથી આંધળા બનેલા સ્વમાર્ગી એવો અર્થ કાઢે છે કે આ માર્ગમાં તો દાનનો પ્રકાર જ નથી. તે શા માટે ? ત્યાં ઉપર કહેલુ વચન બોલી સંભળાવે છે. પરંતુ આત્મનિવેદનાન્તર પણ જો કોઇ પોતાના પ્રભુને પોતે અથવા બીજા કોઇ ભેટ ધરે તે તો સમર્પણ નથી. તેને તો દાન જ સમજવુ જોઇએ. નહીતર તો કોઇ વૈષ્ણવ કાંઇ વસ્તુ અથવા પૈસા ગોસ્વામી બાલકોને પણ ગુરૂભેટના રૂપમાં ધરીને **'નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્'** કહીને કેમ પાછુ લઇ શકતા નથી ? તે શા માટે ? ત્યાં ઉપરનું વચન **"દત્તાપહારવચનં ... ન ગ્રાહ્યમિતિ ભિન્નમાર્ગપરં મતં"** શા માટે પ્રમાણ નહી બને ?

કોઇ કહે છે કે વૈષ્ણવ જનતા તો અમારી જ છે, અને એ પણ પોતાના જ ગુરૂને તથા ગુરૂના સેવ્ય પ્રભુને પોતાના જ માનીને જે કાંઇ ભેટ-સામગ્રી પધરાવે છે, તે પોતાની માલિકીની પોતાના જ કાર્યમાં વાપરે છે. તેથી જેમ આપણા ઘર પરિવારમાં કોઇ ગૃહસ્થકાંઇ પૈસા કે વસ્તુ આપે તો તે દાન ન થાય. પોતાના જ કાર્યમાં વિનિયોગ કહેવાય. તેમ કેમ ન સમજવું જોઇએ? એ સાંભળીને એવો ભાવ જાગે છે કે જાણે **"ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુમ્બકમ્"** તો આવી ઉદારતા અને કુટુંબભાવના હોય તો જેમ ગોસ્વામી બાલકોના શ્રીઠાકુરજીને માટે જનતા પાસેથી પૈસા લઇ શકાય છે તેમ જનતાના શ્રીઠાકુરજીને માટે ગોસ્વામી બાલક કેમ ભેટ - સામગ્રીનો

વિનિયોગ નથી કરાવતા! તેથી **આ દેવલકતાના છલ-પ્રપંચને પણ બહિર્મુખતાનો ચોથો પ્રકાર સમજવો.**

તેવી રીતે અન્તઃકરણપ્રબોધ, વિવેકધૈર્યાશ્રય, તથા કૃષ્ણાશ્રય ગ્રંથદ્વારા શ્રીમદ્‌આચાર્યચરણે પુષ્ટિજીવોને આ સમજાવ્યું છે કે આપણા પુષ્ટિપ્રભુને લૌકિક સ્વામીના જેવા ન માનવા અને તે પ્રભુ પુષ્ટિજીવને સુખદુઃખમાં જેમ રાખે છે તેવી રીતે રહીને આપણી શરણાગતિ તથા ભક્તિના ભાવ ની સુરક્ષા કરવી. ત્યાં વિવેકધૈર્ય, પણ કયારેક છૂટી જતા હોય તો પણ પોતાની અનન્યતા છોડવી નહી. તે શા માટે ? ત્યાં કહે છે અન્ય દેવોની શરણાગતિ અથવા ભક્તિથી શ્રીકૃષ્ણની શરણાગતિ અથવા ભક્તિ નબળી પડે છે. તો તે નબળી પડી પછી વિવેક અને ધૈર્ય રહે તો પણ શું લાભ અને ન રહે તો શું નુકશાન, આ માર્ગમાં વિવેક અને ધૈર્યની જો કાંઇ જરૂરીયાત છે તો તે શરણાગતિ અને ભક્તિની રક્ષા માટે. તો જેમ આંખ હોય તો સારૂ દેખાય તે માટે ચશ્માની અપેક્ષા રહે છે. પણ આંધળા થયા પછીતો આપણું આંધળાપણું બીજાને ન દેખાય તે માટે લીલા ચશ્મા કોઇ પહેરે છે. પરંતુ ચાલ- ઢાલથીકોણ ન ઓળખી જાય કે ચશ્મા તો પહેરવાવાળાની આંધળી આંખો કોઇ જોઇ ન જાય તેના માટે પહેરી રાખ્યા છે. ચશ્મા કાંઇ જોવા માટે નથી તેથી અન્યાશ્રયનો અપરાધ શ્રીકૃષ્ણશરણાગત અથવા શ્રીકૃષ્ણભક્ત પુષ્ટિમાર્ગીય માટે **બહિર્મુખતાનો પાંચમો પ્રકાર છે.**

તેવી જ રીતે 'ચતુઃશ્લોકી'માં શ્રીમહાપ્રભુજીએ ઉપદેશ આપ્યો છે કે, પોતાના સેવ્ય પ્રભુને અલૌકિક નિધિ માનીને વ્રજભક્તોના સર્વવિધ ભાવોથી સેવવા જોઈએ. ત્યાં પોતાના માથે બિરાજતા સ્વરૂપને પોતાનું સર્વસ્વ ન માની કોઈ બીજાના માથે બિરાજતા ઠાકોરજીનો વૈભવ, મેંડ, મરજાદ, અપરસ અથવા બીજા કોઈ આડમ્બરપૂર્ણ અથવા વાસ્તવમાં ભાવપૂર્ણ ઉપાધીથી વશ અન્યાસક્તિ કરે તથા વ્રજભક્તોના નિશ્છલ ભાવોની ભાવના પોતાના માથે બિરાજતા ઠાકોરજીમાં ન રાખે તે પણ પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીનુ સુખ વિચારી ન શકે. તેથી કરેલી સેવા પણ ન કરવા બરાબર થઇ જાય. તેથી આધુનિક સ્વમાર્ગી વૈષ્ણવોમાં સાર્વજનિક દેવાલયમાં (જાહેર હવેલીઓમાં)બિરાજતા સ્વરૂપોની તેઓના

પોતાના માથે બિરાજતા શ્રીઠાકુરજીની વ્યાપારીક વ્યવસ્થાથી (સિદ્ધાન્ત વિપરીત)કરવામાં આવતી સેવા વાળા શ્રીઠાકોરજીને સાક્ષાત્ પુરૂષોત્તમરૂપ માનવા અને પોતાના ઘરમાં સિધ્ધાંતને અનુરૂપ સેવા થઇ રહી છે તે સ્વરૂપને ગુરૂભાવથી ભજવાની જે અણસમજ (ભ્રાન્તિ) ફેલાવાઇ રહી છે **તે પણ બહિર્મુખતાનો છટ્ઠો પ્રકાર છે.**

તેવી જ રીતે ભક્તિવર્ધિની, જલભેદ વગેરે ગ્રંથોમાં કોને સેવા-કથા બન્ને પક્ષનો આધાર લેવો અને કોને કેવલ કથાપક્ષથી જ કાર્ય થઇ શકેઃ તથા સેવા જેનાથી પોતાના ઘરમાં નભી શકતી નથી તેને સેવા પરાયણ ભગવદીયની પરચારગી **''અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ''** કહેલા વચન પ્રમાણે કરવી. વગેરે બધા પ્રકારો બતાવ્યાં છે. ત્યાં ભાવ દ્રઢ થયા વગર પણ અને અવ્યાવૃત્ત હોય તો પણ જો કોઇ કથા કલ્પનો સ્વિકાર કરે છે તે જો સેવાની યોગ્યતા મેળવવા માટે કરતા હોય તો તો કાંઇ દોષ નથી. પરંતુ પૈસો-કિર્તી વિગેરે ખરાબ પ્રયોજનવશ જો કથાકલ્પને ગ્રહણ કરેછે. ''સેવાયાં વા કથાયાં વા'' વચનના છલથી, ત્યારે તો **સાતમો પ્રકાર બહિર્મુખતાનો થયો સમજવો.**

તેવી જ રીતે પોતાના ઘરમાં સેવા ન નભવાથી સેવાપરાયણ ભગવદીયની પરચારગીનો જે ઉપદેશ આપ્યો છે તેનો દુરૂપયોગ કરી તે ભગવદીયની તનુવિત્તજા ને જે તનુજા અથવા વિત્તજા સેવામાં ભાગલા પાડી દે છે, **તે પણ બહિર્મુખતાનો આઠમો પ્રકાર સમજવો.** ખરેખર તો આ જ આજ્ઞાનો વિચાર કરીને પ્રાચિન ગોસ્વામીબાલક વૈષ્ણવોને પોતાના શ્રીઠાકોરજીની સેવામાં પરચારગીની છૂટ આપતા હશે. <u>પરંતુ વર્તમાન કલિકાલના બળવાન હોવાથી શ્રીમદાચાર્યચરણના અલૌકિકવંશજો પણ સિધ્ધાંતવિપરીત તનુજા સેવા કરવાવાળા જઘન્યકોટીના પુજારી બની ગયા અને વૈષ્ણવ વિત્તજા સેવા કરવાવાળા દર્શનાર્થી મનોરથી, અને ભ્રષ્ટી-ટ્રષ્ટી બની ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજીનો શિક્ષાશ્લોક સાર્થક થયો જાણવો !</u>

શ્રીદ્વારકેશજીએ બહિર્મુખતાના કારણરૂપે ચાર વાત બતાવી છે

**(૧) અન્યાશ્રય**

**(૨) અસમર્પિત વસ્તુનો ઉપભોગ**

(૩) અસદાલાપ

(૪) અસત્સંગ

### (૧) અન્યાશ્રય :-

ત્યાં શરણાગતિ તથા ભક્તિ બેઉમાં અન્યાશ્રય બાધક થાય છે. નિત્ય- નૈમિત્તિક શ્રૌત કર્મ તથા વર્ણાશ્રમીના અવશ્યાનુષ્ઠાનરૂપ સંસ્કાર-પ્રાયશ્ચિત - શ્રાધ્ધ વિગેરે સ્માર્ત કર્મમાં કર્માંગ જે અન્યદેવ છે તેના પૂજન-વંદનમાં અન્યાશ્રય દોષ નથી. પણ અન્યદેવના ભક્તિને માટે જે મંદિર છે તેમાં દર્શન પૂજન સ્તવન પ્રસાદ ગ્રહણ કરવા સ્વતઃ-ચાલીને જવું નિશ્ચિત રૂપથી અન્યાશ્રય માનવો જોઇએ. કયાંય જતા મારગમાં કોઇ અન્યદેવનું મંદિર આવે ત્યાં વંદન(ફરજીયાત નહીં પણ) વ્યવહાર અન્યાશ્રય નથી. કામના પૂર્તિને માટે તો શ્રૌત કર્મમાં પણ અન્યદેવનું પૂજન-વ્રત-પ્રાર્થના અન્યાશ્રય જ થાય છે. અન્યાશ્રયથી જીવ બહિર્મુખ થઈ જાય છે.

### (૨) અસમર્પિત વસ્તુનો ઉપભોગ :-

અસમર્પિતનો ઉપભોગ શરણાગતિમાં બાધક થતો નથી. પરંતુ ભક્તિના સેવાકલ્પ ઘરમાં શ્રીઠાકોરજી સ્વામિભાવથી બિરાજતા હોય, તો તેમાં અસમર્પિતનો ઉપભોગ કરવાથી સેવક ભાવ ખંડિત થાય છે. તેથી કરીને પોતાના સેવ્યપ્રભુની ભાવાત્મિકા પોતાની સ્વામિતા પણ તિરોહિત થઇ જાય છે. તેથી અર્ધભૂક્તનુ સમર્પણ અને અસમર્પિતનો ઉપભોગ આ બેઉ બહિર્મુખતાનાં સંપાદક છે. વળી સમર્પણ પોતાના ઘરમાં બિરાજતા પ્રભુને જ સંભવે છે. બીજાના માથે બિરાજતા ઠાકોરજી માટે જે કાંઇ કોઇ આપે છે તેને સમર્પણ ન જાણીને દાન અથવા ભેટ જ સમજવી જોઈએ. તો આ પ્રકાર દેવદ્રવ્યનો થયો તેના ઉપભોગથી દેવદ્રવ્ય-ઉપભોગનો પતિત- કરવાવાળો અપરાધ થાય છે. તેવી જ રીતે સેવાકર્તા પોતે પણ ભેટ ધરવાના વિશેષ ભાવથી જો કાંઇ પોતાના પ્રભુને આપે છે તો તે પણ દેવદ્રવ્ય થયુ. જેના ઉપભોગથી પુષ્ટિજીવ મહાપતિત થઇ જાય છે તે તો અસમર્પિતના ઉપભોગથી પણ મહાન અપરાધ છે.

### (૩) અસદાલાપ :-

અસદાલાપ, જેનાથી ચિત્તની ભગવત્પ્રવણતામાં અવરોધ થાય તે પણ જીવના બહિર્મુખ બનવાનો હેતુ બની શકે છે. આ શરણાગતિ અને ભક્તિ બંનેમાં બાધક છે.

### (૪) અસત્સંગ :-

અસત્સંગ તો જેમ પ્રાચીનકાલમાં ભક્તિભાવ વિરોધી સ્ત્રી-પુરૂષનો સંગ અસત્સંગ કહેવાતો તેમ દ્રવ્ય મેળવવા માટે ભાગવતકથા કહેવાવાળાનો સંગ, તથા ટી.વી.-વિડિયોનો સંગ પણ બહિર્મુખ બનાવવામાં હાલના સમયમાં અતિ બળવાન દેખાય છે. આ પણ શરણાગતિ અને ભક્તિ બંનેમાં બાધક છે.

તેથી આ ચારેય દોષોથી બહિર્મુખતા પ્રગટ થાય છે જેમા કોઇ શંકા જ નથી, પરંતુ, એવુ પણ મોટે ભાગે હોઇ શકે કે કોઈ અન્ય કારણથી પહેલા બહિર્મુખ બને તેના પછી બહિર્મુખતાના કારણે તે જીવની અન્યાશ્રય, અસમર્પિત ઉપભોગ, અસદાલાપ અથવા અસત્સંગમાં પ્રવૃત્તિ થાય. તેથી આ ચારેય બહિર્મુખતાના કારણ છે તેમ અન્ય પણ કારણ હોઇ શકે.

### બહિર્મુખતા

ત્યાં શંકા થાય છે કે બહિર્મુખતાથી આસુરાવેશ અને આસુરાવેશથી કાલપ્રવાહપાત અને કાલપ્રવાહપાતથી સર્વનાશનો ભયંકર નિયમ તો કોઇ સમજી શકે પરંતુ કોના કોનાથી બહિર્મુખતા સંભવે તેની જાણકારી થયા વિના કોઇ બચવા ઇચ્છતુ હોય તો પણ કેમ બચે ?

ત્યાં સમાધાન રૂપથી એમ જાણવું કે **'બહિર્મુખતા'** પદનો આમતો પ્રથમ અભિપ્રાય ભગવદ્‌વિમુખતામાં છે ત્યાં ભગવદ્‌વિમુખ ન કહીને 'બહિર્મુખ'નો પ્રયોગ કર્યો તેનો અભિપ્રાય એવો છે કે મર્યાદામાર્ગમાં પણ જીવ ભગવદ્‌વિમુખ હોઇ શકે, તો ભગવદ્વિમુખતા પુષ્ટિમાર્ગની જેમ મર્યાદામાર્ગમાં પણ દોષ હોઇ શકે છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં ભગવાનનું સ્વરૂપ આંતરિક ભાવાત્મક સ્વરૂપે જ પ્રગટ થાય છે. અને ભાવાત્મના હૃદયની

અંદર પ્રગટ થઇને શ્રીમહાપ્રભુજીની કાનીથી દ્રષ્ટિગોચર બાહ્ય સ્વરૂપમાં અયો-ગોલક ન્યાયથી તાદાત્મ્ય પ્રાપ્ત કરે છે. તેથી સર્વપ્રથમ તો વ્યાપિવૈકુંઠસ્થિત પુષ્ટિભક્તના ભાવને અનુરૂપ ભગવાનનું ભાવાત્મક સ્વરૂપ હોય છે. તે જ સ્વરૂપે ભૂતલ ઉપર પણ પુષ્ટિજીવોના ઉપર કૃપા કરી પુષ્ટિલીલાનુ સુખદાન કરવા માટે વ્રજમાં પૂર્ણ કલાઓ સહીત પ્રગટ થયું. તેજ સ્વરૂપની ભક્તિ કરાવીને પુષ્ટિજીવોને પુષ્ટિભક્તિરૂપ ફલદાન કરવા માટે શ્રીઆચાર્યજીનુ ભૂતલ ઉપર પ્રાકટ્ય છે. તેથી રામ-નૃસિંહ-વામન-આદિ અનેકરૂપથી ભગવાને પુષ્ટિલીલા કરી છે. તો પણ શ્રીમદાચાર્યચરણ પ્રવર્તિત પુષ્ટિમાર્ગીય સંપ્રદાયમાં શ્રીમદાચાર્યચરણના ભાવથી ભાવાત્મક **''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ, સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન''** વચનસિધ્ધ પુષ્ટિ સ્વરૂપજ ભજવા યોગ્ય છે. બીજા બધા રૂપો ભગવાનના જે-તે જગ્યાએ વંદનીય પૂજનિય સ્મરણીય હોઇ શકે પરંતુ પોતાના ઘરમાં નિત્યતયા સેવા કરવા યોગ્ય નથી. તેથી શ્રીમદાચાર્યચરણના ભાવાનુસારી ભાવાત્મક વ્રજાધિપ શ્રીકૃષ્ણની શરણાગતિ અથવા એવા શ્રીકૃષ્ણના શ્રીબાલકૃષ્ણ. શ્રીમદનમોહન, શ્રીવિઠ્ઠલનાથ, શ્રીગોવર્ધનનાથ વિગેરે અનેક રૂપોમાંથી કોઇ એક સ્વરૂપમાં **''આ મારા માથે બિરાજતો મારો ઠાકુર છે.''** એવો ભાવ જ્યારે કોઇ સ્થાપિત કરે છે ત્યારે શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક અનેક સ્વરૂપોમાં સેવાકર્તાના સેવામનોરથને પૂર્ણ બનાવવા માટે પુષ્ટિભક્તભાવાત્મક એક વિલક્ષણ સ્વરૂપ શ્રીમદાચાર્યચરણની કાનિથી પ્રગટ થાય છે.

તેથી શરણાગતિ અથવા ભક્તિના કથાકલ્પમાં શ્રીમહાપ્રભુજીએ આંતરિક ભાવથી ભાવાત્મક સ્વરૂપ અથવા ભક્તિના સેવાકલ્પમાં શ્રીમહાપ્રભુજીના તથા સેવાકર્તાના પણ આંતરિકભાવોથી ભગવદ્સ્વરૂપ ભાવાત્મક થાય છે. તો અખંડ બ્રહ્મવાદના વિચારથી તો ઘટપટ-ગોગર્દભાદિ સકલ જડ-જીવનો વિસ્તાર બ્રહ્મ જ છે. પરંતુ ભજનિયતા ત્યાંજ માન્ય છે જ્યાં શ્રીમદાચાર્યચરણના ભાવથી ભાવાત્મકતાનું પ્રાગટ્ય છે. તો સ્મરણ, ભજન અથવા શરણના અનુષ્ઠાનમાં જે જે સાવધાની અપેક્ષિત છે, તે તે અતિશય ભાર દઇને શ્રીમહાપ્રભુજીએ કહી દીધી છે. તેવી રીતે જેના ન

પાળવાથી તેના સ્મરણવિરોધી, ભજનવિરોધી તથા શરણવિરોધિ જે-જે દુષ્પરિણામ પ્રગટ થાય છે તે પણ બતાવી દીધા છે. તે બધા અપરાધોથી શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક પુષ્ટિપુરૂષોત્તમની સાથે જીવનો સમન્વય તિરોહિત થઇ જાય છે. અંતરમાં ભાવરૂપથી બિરાજમાન ભગવદ્સ્વરૂપથી વિમુખ થવાને કારણે **'બહિર્મુખ'** કહેવાય છે. તેથી બહિર્મુખતા પુષ્ટિમાર્ગીય દોષ છે.

તેથી શ્રીમદાચાર્યચરણના ઉપદેશ અનુસાર શરણાગતિ અથવા ભક્તિ કરવાથી શ્રીમહાપ્રભુજીના ભાવથી વિભાવિત પુરૂષોત્તમનું પ્રાગટ્ય, અને શ્રીમદાચાર્યચરણનાઉપદેશવિરૂધ્ધ ગુરૂત્તર અપરાધથી શ્રીમહાપ્રભુજીના ભાવ વિભાવિત પુરૂષોત્તમનું તિરોધાન થાય છે. તેથી કરીને ભગવદ્ભાવનું પણ તિરોધાન થાય છે. અને તેનાથી ભગવદ્વિમુખતા થાય છે તેને જ પુષ્ટિમાર્ગમાં બહિર્મુખતા કહેવામાં આવે છે. આને જાણી લેવાથી ભગવદ્અંગીકૃત પુષ્ટિજીવને બહિર્મુખતાથી બચવાનો ઉપાય પણ સારી રીતે સમજી શકાય તેવો થઇ જાય છે.

**યદા યૂયં ભવિષ્યથ**

ત્યાં શંકા થાય છે કે શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઇજી તો સાક્ષાત બલરામ- શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય છે. **''શ્રીવલ્લભ પ્રતિનિધિં તેજોરાશીં દયાર્ણવં ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમ્'' ''અપરઃ કૃષ્ણાવતારો જગતિ શ્રીવિઠ્ઠલઃ''** વગેરે વચન આ માર્ગમાં સર્વમાન્ય છે. તેવી જ રીતે શ્રીમહાપ્રભુજીના સાક્ષાત સેવક દામોદરદાસ આદિ પણ નિત્યલીલાપરિકરના મહાનુભાવો છે. તેમને આવા કઠોર વચન કૃપાનિધિ શ્રીમહાપ્રભુ કેમ કહે ?

ત્યાં સમાધાન એમ સમજવું કે શ્રી મહાપ્રભુજીની બે પ્રકારની સૃષ્ટિ છેઃ વંશજ અને ઉપદેશજ. તો વંશજ તો બધા બિન્દુસૃષ્ટિ અને ઉપદેશજ નાદસૃષ્ટિ કહેવાય છે ત્યાં **''યથા પિતા તથા પુત્રઃ''** અને **''યથા ગુરૂઃ તથા શિષ્યઃ''** પરમ્પરાન્યાયથી ભવિષ્યમાં થવાવાળા કોઇ નાદસૃષ્ટિ અથવા બિન્દુસૃષ્ટિના પોતાને શ્રીમહાપ્રભુજીના સમાન માનીને ખોટો અહંકાર કરીને

જગતમાં પુજાવા લાગે તો તેની પૂજનિયતાની કસોટી આ શિક્ષાશ્લોકીને જાણવી. આ કસોટીમાં સાચુ સોનું સાબિત થાય તો ''યથા પિતા તથા પુત્રઃ'' - ''યથા ગુરૂ તથા શિષ્યઃ'' પરમ્પરા ન્યાય પ્રામાણિક જાણવા. અન્યથા આ કસોટી ઉપર ખોટો સાબિત થાય તો પરમ્પરાન્યાયમાં કયાંક અવરોધનો નિશ્ચય કરી લેવો સારો. તેથી સર્વનિર્ણય-નિબંધ કારિકા **''કૃષ્ણ સેવાપરં વિક્ષ્ય.....જીજ્ઞાસુરાદરાત''**ના પ્રકાશમાં ગુરૂપરીક્ષા અને શિષ્યપરીક્ષાનો ઉપાય શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો છે. તેથી તે સમયે વિદ્યમાન બિન્દુસૃષ્ટિને અને નાદસૃષ્ટિને અહિંયા **'યૂયમ્'** પદથી પરામર્ષ ન જાણવો પરંતુ **''યદા......ભવિષ્યથ''**ના મધ્યયાતી **'યૂયમ્'** પદથી ભવિષ્યમાં તમારી પરંપરામાં થવા વાળી બિન્દુસૃષ્ટિ અને નાદસૃષ્ટિના જીવ જ્યારે બહિર્મુખ થઇ જશે ત્યારે તેઓના કાલપ્રવાહસ્થદેહચિત્તાદિ તેઓનુ ભક્ષણ કરી જશે એવી અર્થદ્યોતનાત્મિકા વાણી છે.

**સર્વથા ભક્ષણ**

ત્યાં એક શંકા થાય છે કે બહિર્મુખના દેહ-ચિત્ત આદિ કાલપ્રવાહસ્થથઇને પુષ્ટિજીવનું ભક્ષણ કરી જશે. એવુ કહ્યું પરંતુ તેનાથી શું આત્મનાશ અથવા આત્માનું પુષ્ટિમાર્ગમાં વરણ કર્યુંછે તે વરણનાશ અથવા બીજભાવનો નાશ, અથવા અષ્ટાક્ષર અથવા બ્રહ્મસંબંધદીક્ષાના કારણે સાંપ્રદાયિકી શરણાગતિ અથવા ભક્તિના અધિકારનો નાશ, અથવા શરણાગતિ અથવા ભક્તિના સ્વરૂપનો નાશ અથવા આ બધાના અનુષ્ઠાન કરવાથી પણ કોઇ ફલસિધ્ધિ નહિ થાય તે ફલનાશ, અથવા અન્ય કોઇ બીજા પ્રકારનો નાશ, આ બધામાંથી શું જાણવું?

ત્યાં આત્માને ભગવદ્ગીતામાં **''દેહી તો સર્વદા અવધ્ય હોત હૈ''** કહીને અવિનાશી સિધ્ધ કર્યો છે, તેથી આત્મનાશ તો સંભવ નથી. તેમજ માર્ગવરણનાશ કે પછી બીજભાવનાશ પણ સંભવતો નથી શા માટે ? ત્યાં શ્રી ગુસાંઇજીનુ વચન **''અંગીકૃતિશ્ચનિત્યા''** પ્રમાણ કરીને જાણવું. તેથી બીજભાવ અથવા પુષ્ટિમાર્ગાંગીકૃતિ તો નિત્ય હોવાથી અલૌકિક છે. તેનો લૌકિક દોષપૂર્ણા મતિ, રતિ અથવા કૃતિથી નાશ સંભવતો નથી.

સાંમ્પ્રદાયીક શરણાગતિ અથવા ભક્તિના અધિકારનું જે લૌકિક સ્વરૂપ વર્તમાનમાં છે તેમાં તો મોટા ભાગના પુષ્ટિમાર્ગી શ્રીમહાપ્રભુજીના સિધ્ધાન્તથી સર્વથા વિરૂધ્ધાચરણ- અન્યાશ્રય, અસમર્પણ, અસત્સંગ, અસદાચાર, અસદ્‌વિચાર, અસદ્‌ભાવ વિગેરે અપરાધ કર્યે જાય છે. અને પોતાને ''પુષ્ટિમાર્ગી'' પણ કહેવડાવે છે. ઘણુ કરીને પુષ્ટિમાર્ગનુ જ નામ લઇને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાની ઉપેક્ષા, અન્યથા વ્યાખ્યા, અથવા તિરસ્કૃતિ પણ કરે છે. તેઓને આ માર્ગમાંથી બહાર કાઢવાનો કોઈ લૌકિક ઉપાય તો છે નહિ. ઉદાહરણ તરીકે પૈસા ભેગા કરવા માટે (કમાવા) ભાગવતસપ્તાહ, છપ્પનભોગ વિગેરે ભગવદ્‌સેવાના અંગભૂત મનોરથ, અને તે પણ અવૈષ્ણવના પૈસાથી પણ કરાવી લેવામાં ચુકતા નથી. આવાઓને સંમ્પ્રદાયથી બહાર કાઢવાનો કોઈ લૌકિક ઉપાયતો છે નહિ, તેથી સંમ્પ્રદાયમાં અધિકારનાશ પણ સંભવે નહીં તેથી પરિશેષતયા શરણાગતિ અને ભક્તિનો સ્વરૂપનાશ અને ફલસ્વરૂપતયા પ્રાકટ્ય સંભાવનાનો નાશ જ **'સર્વથા ભક્ષણ'**નો આશય સમજવો જોઇએ.

**ઇતિ મતિઃ મમ**

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે માર્ગમાં ફલ તો સ્વયં ભગવાન જ હોય છે. પણ આ ભૂતલપર એમનું પ્રાકટ્ય અનેક પ્રકારોથી સંભવે છે :

કોઇ પુષ્ટિજીવ જેનુ ફક્ત પૃથકશરણમાર્ગમાં પુષ્ટિપ્રભુએ વરણ વિગેરે કર્યુ હોય તેના માટે ભગવાન્ આશ્રય તથા આશ્રયણીય રૂપથી પ્રગટ થાય છે.

કોઇ પુષ્ટિજીવ જેનુ પુષ્ટિપ્રભુએ વરણ સાંગોપાંગ ભક્તિને માટે ન કર્યુ હોય ત્યારે તેના માટે કેવલ પૂજનીય અથવા કેવલ સેવનીય અથવા કેવલ શ્રવણીય અથવા કેવલ કીર્તનીય અથવા કેવલ સ્મરણીય રૂપથી ભુતલ ઉપર પ્રકટ થાય છે.

પુષ્ટિપ્રભુ જેવા રૂપથી પુષ્ટિજીવને માટે ભૂતલ ઉપર પ્રગટ થાય છે, પ્રભુના તે રૂપમાં જીવને પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સિધ્ધ થઇ જાય છે. તેથી વિવેક-ધૈર્ય સહિત અનન્યાશ્રયને શરણાગતિની ફલરૂપતા જાણવી.

તેવી જ રીતે તનુવિત્તજાના ક્રમથી ચિત્તની ભગવત્પ્રવણતા સિધ્ધ થવાથી સેવ્ય સ્વરૂપની માનસી સેવાનો અથવા દેહેન્દ્રિય પ્રાણાન્તઃકરણ તેના ધર્મો તથા દારાગાર-પુત્રાપ્તઆદિ સકલ પરિકરની સાથે પુષ્ટિજીવની કૃષ્ણ સેવા પરાયણતાથી, અલૌકિક સામર્થ્યરૂપા સેવાને ફલરૂપા જાણવી. તેમજ ભગવત્ લીલાના શ્રવણ-કીર્તન-સ્મરણ કરવાથી પ્રેમાસક્તિ વ્યસન સિધ્ધ થવાથી શ્રવણભક્તિ, કીર્તનભક્તિ અથવા સ્મરણભક્તિની ફલરૂપતા જાણવી.

**આ ફલરૂપતાનું પ્રાકટ્ય ભાવાત્મક પુષ્ટિપ્રભુનુંજ પ્રાગટ્ય છે**

કયારેક ફક્ત આન્તર, કયારેક ફક્ત બાહ્ય અને કયારેક આન્તર - બાહ્ય ઉભય રૂપે પણ આ રીતનું પ્રાકટ્ય થાય છે. શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદિષ્ટ પ્રકારથી શરણાગતિ અથવા ભક્તિને નિભાવવાથી જ. અન્યથા કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-માત્સર્યરૂપ મનના દોષોની સાથે કલ્પિત પ્રકારથી શરણાગતિ અથવા ભક્તિ કરવાથી ભાવાત્મક પુષ્ટિપ્રભુનુ પ્રાકટ્ય થતુ નથી. **તેથી શરણાગતિ અને ભક્તિનો અવિનાશી બીજભાવ પણ અંકુરિત, પલ્લવિત, પુષ્પિત અને ફલિત થતો નથી.એવો દ્રઢ નિશ્ચય કરી લેવો. તેથી ષોડશગ્રંથ, નિબંધ આદિગ્રંથોથી વિપરીત જે કાંઇ પ્રકાર આ મારગમાં શ્રીમહાપ્રભુજીનું નામ લઇને ચલાવવામાં આવી રહ્યા છે તે બધા જ બહિર્મુખ થવાના જ અનુષ્ઠાન છે.** તેમાં નિજજન ને કોઇ પ્રકારની શંકા અથવા અન્યથાભાવ હોઇ શકતો નથી અને જેને અહિયાં અસંભાવના કે વિપરિત ભાવના થાય છે તેને બહિર્મુખ જાણવો, તેથી શ્રીમહાપ્રભુજી **''ઇતિ મતિઃ મમ''** કહે છે.

ત્યાં શંકા થાય છે કે ભક્તિવર્ધિનીમાં આપશ્રીએ આજ્ઞા કરી છે **''સેવા અને કથામાં અથવા સેવા-કથામાંથી કોઇ એકમાં પણ જેની દ્રઢ આશક્તિ થાય છે તેનો કયારેય પણ નાશ નહિ થાય''.** આ વચનથી સિધ્ધ થાય છે કે જો કોઇ અર્થોપાર્જનાર્થ (પૈસા કમાવા માટે) સેવા-કથા કરતો હોય તો પણ એવા બહિર્મુખનો પણ નાશ થઇ શક્તો નથી.

આ શંકાના સમાધાન રૂપે કહે છે કે પુષ્ટિમાર્ગીયજીવને નિજપ્રભુની શરણાગતિ અથવા ભક્તિ કરવામાં કયારેય લોકાર્થિતા ન લાવવી.

**ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ।।૨।।**

**ભાવાર્થ :** (પ્રાકૃત ધર્મોના અનાશ્રય અને અપ્રાકૃત નિખિલ ધર્મરૂપે હોવાથી) શ્રીકૃષ્ણ કાંઇ લૌકિક પ્રભુ તો છે નહિ, તેથી ભજન કરવાવાળાના લૌકિક ભાવોનું પોષણ કરતા નથી.

**ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણઃ**

**ટીકા :** આલોક અથવા પરલોકની કોઇ વિષયની કામના થવાથી તેની પૂર્તિને માટે જો કોઇ ભગવાનની શરણાગતિ કરે ત્યારે શરણાગતિ તો સાધન થઇ અને તે ઐહિક કે પારલૌકિક વિષય ફલ થયુ. ત્યારે શરણાગતિમાં ફલબુધ્ધિ ઉપજતી નથી. તેથી શરણાગત જીવમાં નિઃસાધનભાવ જ પ્રગટ થતો નથી. શાસ્ત્રવિધિની આધિનતા માનીને શાસ્ત્ર અનુસાર શરણાગતિ કરે તો તે પ્રકારની શરણાગતિને મર્યાદામાર્ગીય શરણાગતિ જાણવી. શરણાગતિનો પુષ્ટિમાર્ગીય પ્રકાર તો શ્રીકૃષ્ણના પ્રત્યે અનન્ય મનવાળા થઇને અથવા શ્રીકૃષ્ણથી અલગ અન્ય ઐહિક કે પારલૌકિક વિષયની કામના રાખ્યા વગર જ્યારે જીવ શરણાગત થાય છે ત્યારે જાણવો.

ત્યાં શંકા થાય છે કે આ કલિકાલમાં શુધ્ધ - શુધ્ધ નિષ્કામતા કે ભગવત્કામના તો કરોડો જીવોમાંથી એકાદ જીવને સંભવે કે નહિ તેમાંય શંકા થાય છે. તેથી પુષ્ટિમાર્ગીય શરણાગતિ તો અશક્ય ઉપદેશ સાબિત થશે.

અહિંયા સમાધાન એમ જાણવું કે જીવ કોઇ સકામ હોય, અકામ હોય મોક્ષકામ હોય કે સર્વકામ હોય, બધાજ પુષ્ટિશરણાગતિના અધિકારી છે. પરંતુ પુષ્ટિશરણાગતિની સાધના પોતાની ઐહિક કે પારલૌકિક કામનાઓ પૂર્ણ કરવા માટે ન કરવી જોઇએ. જેમ કોઇ વિત્તકામી હોય અને વિત્તકામનાની પૂર્તિ કરવા માટે કાંઇક લૌકિક પ્રયત્ન કરતો હોય તો તેથી પુષ્ટિમાર્ગીય શરણાગતિમાં અનધિકાર ફલિત થયો ન જાણવો. પરંતુ ધન કામનાની પૂર્તિ માટે કોઇ શ્રીકૃષ્ણનો આશ્રય કરે તો અનાશ્રયનો અપરાધ થઇ ગયો જાણવો. લૌકિક કામનાની પૂર્તિ લૌકિક ઉપાયોથી કરવામાં

અન્યાશ્રય અથવા અનાશ્રયનો કોઇ પ્રસંગ નથી. તેવી જ રીતે સ્વાસ્થ્ય ઇચ્છાવાળો કોઇ ચિકિત્સકથી દવા લઇને સેવન કરે તેમાં અન્યાશ્રય દોષ અથવા ભગવદાશ્રય ત્યાગનો કંઇ વિચાર નથી. પરંતુ સ્વસ્થથવા માટે કોઇ શ્રીકૃષ્ણના મંત્રનું અનુષ્ઠાન અથવા પુજા-બલિ-યાત્રા વિગેરેનું અનુષ્ઠાન કરે તો વિવેક-ધૈર્ય-આશ્રય છુટ્યા જાણવા.

આવી જ રીતે ભક્તિના વિષયમાં પણ સમજીને પોતાની ઐહિક-પારલૌકિક વિષયોની કામના પૂર્તિનુ સાધન શ્રીકૃષ્ણભક્તિને બનાવવું ઉચિત નથી. તેથી એવો અભિપ્રાય ન જાણવો કે સર્વથા નિષ્કામ થવાથી જ ભક્તિનો અધિકાર મળે છે. પોતાની ભક્તિને ફલરૂપ માનીને ભક્તિનું અનુષ્ઠાન પુષ્ટિભક્તિ છે. તેમાં લોક-વેદ ના વિષય - પ્રયોજનનાં મિશ્રણ ને પુષ્ટિભક્તિનો બાધ જાણવો.

**મનુતે નૈવ લૌકિકમ્**

ત્યાં શંકા થાય છે કે શ્રીકૃષ્ણ તો સર્વસમર્થ છે તેથી પોતાના શરણાગત કે પછી ભક્ત જીવોના લૌકિક મનોરથપૂરા કરવામાં એનું શું ઘટી જવાનુ અથવા એને શું પરિશ્રમ થશે, તો પછી કેમ જીવને અપરાધી કહો છો?

ત્યાં સમાધાન સ્વરૂપે એમ જાણવુ કે ભગવાન્ સંકલ્પ માત્રથી સકલ સૃષ્ટિને પ્રગટ કરે છે. તે જ સર્વસમર્થ ભગવાન પુષ્ટિમાર્ગમાં પણ આશ્રયણીય અને ભજનીય છે. તો પણ તે જ ભગવાન્નો સર્વસામર્થ્યરૂપ ધર્મ માહાત્મ્યજ્ઞાનથી ફક્ત જાણવા યોગ્ય છે. આશ્રયણીય અથવા ભજનીય નહિં, આશ્રયણીય તથા ભજનીય તો ધર્મી શ્રીકૃષ્ણ જ છે તે સ્વતઃ તો શ્રીકૃષ્ણ સર્વસમર્થ પરમેશ્વર છે. તેમા કોઇ શંકા નથી. તેથી પરિશ્રમ પણ થઇ શકતો નથી. તો પણ જે ભાવથી શ્રીમહાપ્રભુજીએ આશ્રયણીય કે ભજનીય માન્યા છે તે ભાવથી તો પ્રભુને પરિશ્રમ થાય જ છે. જેમ કોઇ પોતાના ઘરમાં પોતાના વસ્ત્ર-પાત્ર વિગેરે પોતે જ ધોતા હોય તો પણ પોતાના સસરાના અથવા મિત્રના ઘરે જ્યારે જાય છે ત્યાં જમાઇથી અથવા મિત્ર-અતિથિદ્વારા તો વસ્ત્ર-પાત્ર વિગેરે ધોવા વિછરવામાં પરિશ્રમનો ભાવ લોકમાં માને છે. અહિંયા પણ તેમજ સમજવું. તેથી સિધ્ધાંતમુકતાવલીના

**''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા''** વચનની વ્યાખ્યા કરતાં શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી છેઃ

> **''કોઇ આજીવિકાને માટે ભજન (સેવા) કરતો હોય તેની શું ગતિ? તેનુ સમાધાન શ્રીમહાપ્રભુ ''લોકાર્થી'' પદથી આપે છે. લોકપદનો અભિપ્રાય લૌકિક વિષયોથી છે. તેથી લૌકિક વિષયોની કામના રાખીને કોઇ કૃષ્ણને ભજે ત્યારે તો ભજન પણ વ્યાપાર ધંધાની જેમ લેણ-દેણનો વ્યવહાર થયો. તેથી ભગવાનની સાથે એવો વ્યવહાર તો અનર્થરૂપ છે. તેથી એવા ભજનને ભક્તિ ન સમજવી. તેથી ભજન જ્યારે ભક્તિરૂપે ન હોય ત્યારે કલેશરૂપ બની જાય છે. તેથી આવુ ભજન કરવાવાળો કલેશ જ પામે છે. તેને ઐહિક- કલેશ તો થાય જ છે. પણ પરલોક પણ તેનો નાશ પામે છે. તે શા માટે ? ત્યાં કહે છે આવા પ્રકાર ને નિષિદ્ધાચરણ માન્યુ છે. તેથી જેને આ મારગનુ જ્ઞાન થોડુંક પણ છે તે તો આવું નિષિદ્ધાચરણ કયારેય નહિં કરે. પરંતુ સર્વથા સ્વમાર્ગીય જ્ઞાનથી રહિત કોઇ આવું નિષિદ્ધાચરણ કરે ત્યા શંકા થાય છે જો લોકાર્થી તો લૌકિક વિષયોને જ ભજે છે શ્રીકૃષ્ણને નહિં. તેનુ સમાધાન એમ સમજવું કે જ્યારે કોઇ લોકાર્થી લૌકિક વિષયોની કામના પૂરી કરવા માટે કૃષ્ણના ભજનમાં પ્રવૃત્ત થાય છે તે તો તેની ભ્રમણા જ જાણવી તે શા માટે ? ત્યાં કહે છે લોકાર્થીનું ભજનીય સ્વરૂપ શ્રીકૃષ્ણનું નથી રહી જતુ તેવુ (શ્રીકૃષ્ણ જેવું)દેખાતુ હોય તો પણ.''**

આથી સિધ્ધ થાય છે કે લોકાર્થીતાથી કૃષ્ણભજન કરવાથી કૃષ્ણનું ભાવાત્મક સ્વરૂપ તિરોહિત થઇ જાય છે. કલેશ રૂપ ભજન જ કેવલ રહી જાય છે. પરમાનંદરૂપ કૃષ્ણ નહિં તેથી કૃષ્ણ સેવાના બહાનાથી જનતા પાસેથી પૈસા માંગવા વાળાની સેવાને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણભજન ન માની લોકાર્થીનું કલેશરૂપ ભજન જ સમજવું જોઇએ.

તેથી જ નિબંધમાં શ્રીમહાપ્રભુજીએ મુર્તિમાં ભગવાનની ત્રણ પ્રકારની સ્થિતિનુ નિરૂપણ કર્યુ છે. (૧) જે કાંઇ છે તે બધુ જ બ્રહ્માત્મક છે તેથી આધિભૌતિક મૂર્તિ પણ બ્રહ્માત્મક છે (૨) શાસ્ત્રોમાં મૂર્તિપૂજાની આધ્યાત્મિક વિધિ મળે છે તેથી મૂર્તિપૂજન શાસ્ત્ર અનુમોદિત આધ્યાત્મિક કર્મ છે (૩) ભક્તિમાર્ગમાં જીવવિશેષના ઉધ્ધારને માટે મૂર્તિવિષયમાં ભગવાનની ભાવાત્મિકા વિશેષ આધિદૈવિક ઉપસ્થિતિ હોય છે. તેથી ઉપર કહેલી પ્રથમ વાતમાં તો ભગવન્મૂર્તિ ને કોઇ પૂજે કે તોડે તેનાથી આત્મપોષણ કરે કે ઉદર પોષણ કરે  નિશ્છલ સ્નેહથી ભજે કે ભજનપાખંડનુ છલ-કપટ કરે  સ્તુતિ કરે કે નિંદા કરે  સાંસારિક બંધનથી છૂટવા ઇચ્છે કે મૂર્તિ દ્વારા સાંસારિક કામનાઓને પૂર્ણ કરવાના મોહપાશમાં બંધાવા ઇચ્છે કાંઇ ફરક પડતો નથી.

બીજી વાતમાં મૂર્તિપૂજાની શાસ્ત્રવિધિમાં સ્વાર્થપ્રતિષ્ઠા તથા પરાર્થપ્રતિષ્ઠાના ભેદ છે. ત્યાં સ્વાર્થ એટલે કે પૂજા કરવા માટે પોતે તથા પોતાના પરિવારના માણસો માટે મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરી હોય તો બીજાના પૈસા લઇને પૂજા કરવી મહાન પતિત થવાના કારણરૂપ દેવલકતા સમજવી. અને મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા પરાર્થ એટલે કે જનતાને માટે કરી હોય ત્યાં પૂજાર્થ સમર્પાયેલા પત્ર-પુષ્પ-અન્ન-વસ્ત્રાદિક ને ભગવદ્પ્રસાદ રૂપે પાછા લેવામાં કાંઇ દોષ ગણેલો નથી પરંતુ ભગવન્મૂર્તિને ભેટ ધરવામાં આવેલા ધન-આભૂષણ-જમીન વિગેરેને પાછુ લેવામાં અથવા દેવમૂર્તિને ભેટ ધરવામાં આવેલુ ઘી-દીવો જેવી સાધારણ વસ્તુનો પણ પોતાના ઉપયોગમાં લેવુ તે દેવદ્રવ્યોપહાર છે તે તો મહાન પાતક કર્મ ગણવામાં આવ્યુ છે  આવુ કરવાથી મલ ખાવાવાળા ભૂંડની યોનિ મળે છે. આ પુષ્ટિમાર્ગમાં, પરન્તુ, પરાર્થ પ્રતિષ્ઠાનો પ્રકાર માન્ય ન રાખેલો હોવાથી આ દોષને શ્રીમહાપ્રભુજી **''દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ, ન ગ્રાહ્યમ્ ઈતિ વાકયં હિ ભિન્નમાર્ગપરં મતમ્''** કહે છે. તે શા માટે ? આ માર્ગમા તો **''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણમ્''** અને **''સેવકાનાં યથાલોકે વ્યવહારઃ .... તથા સમર્પ્યેવ કાર્યમ્''** અને **''તત્સિદ્ધયૈ તનુવિત્તજા''** આવા અનેક વચનોથી નિજગૃહમાં, નિજસ્વામીની નિજઅહન્તા- મમતાસ્પદ ઉપલબ્ધ

સકલ શ્રેષ્ઠ વસ્તુઓના સમર્પણ દ્વારા પ્રેમ સેવાનો ભાવ રાખ્યો છે. તેથી દેવદ્રવ્યઉપહારનો દોષ લાગતો નથી. જેમ સંસારમાં કોઇ ધર્મશાળા વિગેરેના નિર્માણ માટે અથવા જીર્ણોદ્ધારના હેતુ માટે અન્ય કોઇ પાસેથી પૈસા માગતા હોય તેને કોઇ ભીખારી કે ગરીબ માનતા નથી. પરંતુ જેમ કોઇ સ્વયં પોતાના રહેવા માટેના ઘરના નિર્માણ માટે અથવા જીર્ણોદ્ધાર માટે અન્ય કોઇ પાસેથી પૈસાની માંગણી કરે છે તેને જનતા દરીદ્ર- ભિખારી માને છે. તે શા માટે ? કે સ્વાર્થનિર્મિત ઘર ને માટે પોતાનુ દ્રવ્ય ખરચવામાં જે સમર્થ નથી તેથી જ બીજા પાસે દ્રવ્ય માગે છે. ત્યાં સ્વાભિમાની તો ઋણ માંગે છે પણ દીન-દરીદ્રને તો ભિખ માંગવામાં પણ સંકોચ થતો નથી !

તેવી જ રીતે સ્વાર્થપ્રતિષ્ઠાપિત દેવતાની સેવા પૂજાને માટે કોઇ બીજાના પૈસાની યાચના કરે છે તેને ભક્તિમાર્ગીય દરિદ્રતા જાણવી. આવા દીન-દરીદ્ર થવાથી મોટાભાગના આચાર્યવંશજ પણ પોતાના માથે બિરાજતા સેવ્ય સ્વરૂપની નિત્ય સેવા - મનોરથને માટે જનતાથી સમાધાની રાખીને દ્રવ્યની માંગણી કરે છે. તેને ભક્તિમાર્ગીય દારિદ્રય કરીને સમજવું સારૂં. કોઇકોઇ વળી ભક્તિમાર્ગીય દારિદ્રયને કારણે અને દેવલકતાના દુર્વ્યશનને કારણે આચાર્યવંશજના માથે બિરાજતા સેવ્ય સ્વરૂપની સ્વાર્થ-પરાર્થ (એટલેકે ઉભયાર્થ) પ્રતિષ્ઠાપિતતાની પણ નિર્લજ્જ ઘોષણા કરે છે. તે શુ પોતાની પત્નિને પણ સ્વાર્થ-પરાર્થ એટલે કે ઉભયાર્થ માને છે ! ત્યાં એમ જાણવુ કે નીતિ, આત્મગૌરવ, તથા લજ્જાનો ત્યાગ કરી દેવાથી શું સંભવ નથી? સિધ્ધાંતમાં તો પુષ્ટિ સ્વરૂપની પરાર્થપ્રતિષ્ઠાની રીતી ગ્રંથમાં તો કયાંય ઉપદેશાયેલી નથી. વાર્તામાં પણ કિશોરીબાઇની વાર્તામાં આનું જ નિરૂપણ થયેલુ છે. શ્રીનાથજીના સ્વરૂપની પણ શ્રીમહાપ્રભુ તો દેવાલયમાં નહિ પરંતુ નંદાલયના ભાવથી કોઇ ભક્તના પોતાના ઘરમાં પ્રતિષ્ઠા કરવા ઇચ્છતા હતા. પરંતુ સદુપાંડે વિગેરે બધા વ્રજવાસીઓની મનાઇ કરવાને કારણે ભગવદઆજ્ઞાવશ દેવાલયમાં પ્રતિષ્ઠા થઇ. અને બ્રહ્મસંબંધ વગરના બંગાલીઓને સેવાનો અધિકાર આપવો પડ્યો. તેને પણ કોઇ મૂઢમાણસ પુષ્ટિમાર્ગીય સિધ્ધાંત માને છે ! ત્યારે તો પછી રજસ્વલાને પણ સેવા કરવાની છૂટ આપી હતી તેને પણ પુષ્ટિસિધ્ધાંત માનવો જોઇએ ! શ્રીનાથજીનુ અનુકરણ કરીને જે જે પુષ્ટિમાર્ગીય પોતાના સેવ્ય પ્રભુની

બીજાના પૈસાથી પરાર્થ સેવા કરે છે તેને બ્રહ્મસંબંધ વગરના બંગાલીઓને પોતાના સેવ્ય પ્રભુની સેવા સોંપીને પૃથ્વી પ્રદક્ષીણા કરવા માટે ગૃહત્યાગ પણ કેમ પ્રાપ્ત નહિ થાય !

શ્રીનાથજીની સેવાના અધિકારી બનવાથી આલોક-પરલોકનો બગાડ થાય છે તેની વાસ્તવિકતા પણ સ્વયં શ્રીગોવર્ધનધર પ્રભુએ આમ કહી છે કે **''જેનો બગાડ થવાનો હશે તે પોતાની મેળે જ અધિકારીનો ઉપરણો ઓઢવા માટે ઝુકી જાશે''** તેથી શ્રીનાથજીની સેવાનો પ્રકાર જો પુષ્ટિસિધ્ધાંન્ત હોય તો પુષ્ટિસિધ્ધાન્તથી બગાડ પણ થાય છે તે પણ સ્વીકારવુ પડશે.

ત્યાં એ શંકા થાય છે કે પુષ્ટિપ્રભુ તો ઉત્તમ વસ્તુના ભોક્તા છે તેથી સ્વામીના સુખને માટે કોઇ સેવક માગતો પણ હોય તો **''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધયતિ''** ની આજ્ઞાનું અનુસરણ કેમ ન માનવું ?

ત્યાં જવાબ એમ જાણવો કે **''સેવાયાં લૌકિકી રીતિઃ સ્નેહસ્તત્ર નિયામકઃ''** તો સેવાની રીતિ તો લૌકિકી છે પરંતુ ભક્તિમાર્ગમાં પ્રિતીનો ભાવ લૌકિક નથી. તે શા માટે તો સેવ્યસ્વરૂપ જે ભાવાત્મક છે તેમાં લૌકિક ભાવ રાખવાથી તો સેવ્યસ્વરૂપ પણ લૌકિક ભાવાત્મક થઈ જાય છે. તેવી જ રીતે અલૌકિકભાવ રાખવાથી તો સેવ્યસ્વરૂપ પણ અલૌકિક ભાવાત્મક થઇ જાય છે. તેથી સેવામાં લૌકિક રીતિનો અંગીકાર પુષ્ટિપ્રભુ આલોકમાં રહેલા પુષ્ટિજીવ ઉપર અનુગ્રહ કરવા માટે કરે છે. પરંતુ પુષ્ટિજીવને પ્રભુના અલૌકિક સ્વરૂપ તથા માહાત્મ્યનો વિચાર હૃદયમાં રાખીને પ્રિતીનો ભાવતો અલૌકિક જ રાખવો વ્યાજબી છે. નહિતર આલોકમાં અલૌકિક પ્રભુ સાથે સંબંધ જોડવો જ કઠણ છે. તેથી પ્રિતીરહીત પણ સેવારીતિથી ભક્તિની શરૂઆત તો થઇ શકે છે. પરંતુ પ્રીતિરહિત સેવાને તો ક્રિયામાત્ર જાણવી. તેવી જ રીતે સેવારીતિથી રહિત પ્રીતિનો પ્રકાર ભક્તિમાર્ગીય ગૌણ કથા પક્ષ છે. તેથી રીતિ અને પ્રીતિનો સમન્વય કરવા માટે સિધ્ધાંતમુક્તાવલીથી ચતુશ્લોકી અને ભક્તિવર્ધિનીથી સેવાફલ ગ્રન્થનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ આપ્યો છે.

જેમ રાસલીલામાં પણ **''ક્રિયા સર્વાડપિ સૈવાત્ર પરં કામો ન**

**વિદ્યતે''** શ્રીમહાપ્રભુજીએ ભગવદ્પક્ષમાં સમજાવ્યું, તેમજ જીવપક્ષમાં પણ સેવાલીલામાં પણ **''ક્રિયા સર્વાડપિ લૌકિકમેવ પરં લૌકિકો ભાવો ન વિદ્યતે''** સમજવું વ્યાજબી છે. તેથી સિધ્ધાંતરહસ્યના **''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ''** અને **''ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્''** વચનમાં પણ વિરોધાભાસ માનવો વ્યાજબી નથી.

હાલના સમયમાં પુષ્ટિમાર્ગના નામથી ચાલતા મંદિર-હવેલીઓમાં તો પોતાના સ્વામીની સેવા પોતાના ઘરમાં ન કરીને સાર્વજનિક દેવાલયમાં થાય છે તે પણ પોતાનાદેહ-પૈસા-પરિવારજનોથી કરવાને ઠેકાણે પગારદાર નોકરોથી, જનતાની ભેટ-સામગ્રીથી પરિવારનું પેટ ભરવા માટે જ થાય છે. તો શાસ્ત્રવિધિનો વિચાર કરવાથી સાક્ષાત શ્રીમદાચાર્યવંશજોમાં જ દેવલકતા તથા દૈવદ્રવ્યાપહાર આ બંને દોષોની પ્રબલતા થઇ છે **''સમરથકો નાંહી દોષ ગુસાંઇ''** કે પછી **''સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્''** માંથી જેવો ભાવ તેમ કોઇ એક વચન ને પ્રમાણ માનીને ચિત્તને શાંત કરી લેવુ ! તે શા માટે? તો શ્રીમહાપ્રભુજીનું **''ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકં''** વચન પ્રમાણ છે.

પરંતુ આવી ભગવદ્સેવાને કૃષ્ણસેવા ન માનીને કલેશસેવા જ જાણવી. તે સેવાના દર્શનને પણ કૃષ્ણદર્શન ન જાણી કલેશદર્શન જાણવું યોગ્ય છે. તે સેવામાં ધરાયેલી ભોગ-સામગ્રીને પણ કૃષ્ણપ્રસાદ ન સમજીને કલેશપ્રસાદ જ સમજવો યોગ્યતમ છે. તેમા આપણા દ્રવ્યના વિનિયોગ ને પણ ભગવદ્અર્થ વિનિયોગ ન સમજીને કલેશાર્થ વિનિયોગજ માનવો યોગ્યતમ છે.

તેથી ભગવત્તિરોધાયક લૌકિક ભાવ ન રાખીને કયો ભાવ રાખવો તે આગળ સમજાવે છેઃ

**ભાવસ્ તત્રાડપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ॥**
**પરલોકશ્ચ---------------------- ॥**

**ભાવાર્થ :-** ત્યાં પણ અમારો ભાવ તો એજ જાણવો કે આપણું તો આ લોકમાં અને પરલોકમાં કાંઇ સર્વસ્વ હોય તો તે માત્ર શ્રીકૃષ્ણજ છે બીજું કાંઇ જ નહિ.

**અસ્મદીયો ભાવઃ**

**ટીકા :** નિબંધમાં જ્ઞાનદ્રષ્ટિથી સર્વત્ર વસ્તુમાત્રમાં અપરિચ્છિન્ન બ્રહ્મની, સર્વોપાદાનરૂપે, સર્વનામરૂપધારકતયા તથા સર્વનિયામકતયા પણ વિદ્યમાનતાનુ નિરૂપણ કરેલ છે. તેથી ભગવન્મૂર્તિમાં પણ સચ્ચિદાનંદ બ્રહ્મની પ્રકટ સત્તા અને અપ્રકટ ચૈતન્ય તથા આનંદ માન્ય છે.

તેવી જ રીતે કર્મોપાસનાની શાસ્ત્રવિધિ અનુસાર જે (અ)વિચારક બ્રહ્મને કેવલ નિરાકાર જ માને છે. તેને પણ યજ્ઞવેદીમાં કે પછી મૂર્તિરહિત શૂન્યમંદિરમાં કે પછી મનમંદિરમાં પણ અપરિચ્છિન્ન તત્ત્વનું સ્થાનપરિચ્છેદ કે પછી ધ્યાનપરિચ્છેદ તો કરવુંજ પડે છે. ત્યારે સાકાર-વ્યાપકતાવાદિ પુષ્ટિમાર્ગીયોને પણ અપરિચ્છિન્ન પરમાત્માને મૂર્તિના પરિચ્છેદમાં ભજનમાં શેનો સંકોચ ? ત્યાં શાસ્ત્રીય નિષેધ હોય તો તેનો વિચાર થઇ શકે પરંતુ શાસ્ત્રમાં પણ મૂર્તિપૂજાનું વિધાન તો ઉપલબ્ધ થાય જ છે. તેથી અહિંયા કાંઇ બાધક છે નહિ. આમ નિરૂપણ કરીને જ્ઞાનમાર્ગથી અને કર્મોપાસનામાર્ગથી મૂર્તિભજનની ઉપપત્તિ આપી છે તે કેવી રીતે કે

**(૧) ''સાકારવ્યાપકત્વાત્'' જ્ઞાનમાર્ગીય ઉપપત્તિ**

**(૨) ''મન્ત્રસ્યાપિ વિધાનતઃ'' કર્મોપાસના માર્ગીય ઉપપત્તિ**

**(૩) ''તદ્રુપં તત્ર ચ સ્થિતં (શ્રીકૃષ્ણં યથાલબ્ધૌપચારૈઃ ભક્ત્યાપૂજયેદ્'') ભક્તિમાર્ગીય ઉપપત્તિ આપી.**

ત્યાં અનેકાનેક પોતાના અંશભૂત જીવોમાંથી કોઇ વિરલા એક જીવને જેમ પ્રભુ સ્વરૂપાનંદદાન માટે વરણ (પસંદ)કરે છે, તેવી જ રીતે અનંતરૂપ કે પછી સર્વરૂપ ભગવાનના કોઇ એક મનોજ્ઞરૂપને ભક્તપણ ભજનાર્થ વરણ કરે છે તો તે રૂપ પરમાત્માનુ ભક્તિભાવનાત્મક રૂપ ગણવામાં આવે છે.

તેથી ભજનકર્તા જ્યારે નિજ ભજનીય સ્વરૂપના ભાવથી ભજન કરે ત્યારે પુષ્ટિપુરૂષોત્તમનો પ્રાદુર્ભાવ ત્યાં શ્રીમહાપ્રભુજીની કાનિથી જાણવો. પરંતુ ધનસંગ્રહ કે પછી લોકસંગ્રહના ભાવથી ભજન કરે ત્યારે તે ભગવદમૂર્તિને પુષ્ટિપુરૂષોત્તમ ન માનીને લૌકિક કામના પૂર્તિને માટે લૌકિક

સાધન માનવું જોઈએ.

તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કૃષ્ણના ભજનીય સ્વરૂપને લૌકિક ભાવથી છોવડાવવા સારા નથી, ભજનીય સ્વરૂપને પોતાનુ સર્વસ્વ માનીને ભજવું એ શ્રીમહાપ્રભુના ભાવથી ભજન કરવાનો પ્રકાર છે. પોતાની ઐહિક-પારલૌકિક બધી જ ઇચ્છાઓનો પ્રમુખવિષય પોતાના સેવ્ય સ્વરૂપને જાણે-પોતાના ઐહિક પારલૌકિક પ્રમુખ સ્વામિ-સખા-સુત-બન્ધુ-આત્મા-ધન પોતાના સેવ્ય સ્વરૂપને જાણે-માને અને એવાજ ભાવથી ભજે તો **''અસ્મદીયો ભાવઃ''** અન્યથા **''વિજાતીયો ભાવઃ''.**

ત્યાં શંકા થાય છે કે 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં તો

**''એહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ**
**દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે**
**ભક્તયદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે**
**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ**
**અહંકારકૃતે ચૈવ પોષ્ય-પોષણ રક્ષણે**
**પોષ્યાતિક્રમણે ચૈવ તથાऽન્તેવાસ્યતિક્રમે**
**અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ''**

કહ્યું છે. તેથી ઐહિક અથવા પારલૌકિક દુઃખોની નિવૃત્તિ તેના કારણભૂત પાપોની નિવૃત્તિ, તે પાપોથી જન્મતા ભયની નિવૃત્તિ, કાંઇક કામના, ઐહિક અથવા પારલૌકિક પૂરી ન થતી હોય ત્યારે, આમ બધી જ અવસ્થામાં શરણાગતિનો ઉપદેશ આપ્યો છે તો અહિંયા કહેવામાં આવતા પ્રકારથી તેની સંગતિ કેવી રીતે જાણવી ?

તેનુ સમાધાન એમ જાણવું કે શ્રીમહાપ્રભુજીએ દુઃખહાનિ, પાપ, ભય, કામાદિની અપૂર્તિ, ભક્તદ્રોહ વિગેરે જે ગણાવ્યા છે તે ઐહિક કે પછી પારલૌકિકના ઉદાહરણથી ગણાવ્યા છે. મૂલતો **'એહિકે'-'પારલોકે'** પદોના પ્રયોગથી બધી વાત આવી ગઇ. આથી આ બેઉ પદોમાં સાતમી વિભક્તિના પ્રયોગનો અભિપ્રાય- **''મોક્ષં ઇચ્છા''** ની જેમ વૈષયિક આધાર નથી. તેવી જ રીતે **''ચર્માણિ દ્વિપિનં હન્તિ''** ની જેમ નિમિત્ત કર્મયોગના

અભિપ્રાયથી પણ ન સમજવી. આ સપ્તમી વિભક્તિનો પ્રયોગ **''ગોષુદુહ્યમાનાસુ ગતઃ-'' ''બ્રાહ્મણેષુ અધીયાનેષુ ગતઃ''** ની ભાવલક્ષણાર્થક સપ્તમી વિભક્તિ જાણવી. અન્યથા શરણાગતિ તો સાધન થઇ અને પાપ, ભય, કામાદિની અપૂર્તિ, ભક્તદ્રોહ, ભક્તિનો અભાવ આ બધા ફલરૂપ બની જશે. ત્યારે શરણાગતિ કરવાથી ભય થાય છે. પાપ પણ લાગે છે કામાદિ બધા અપૂર્ણ રહી જાય છે - ભક્તનો દ્રોહ થઇ જાય છે એવો ભયંકર અભિપ્રાય સામે આવે છે. તેથી **''એહિકે-પારલોકે''** પદોનો અભિપ્રાય એવો જાણવો કે આલોક કે પછી પરલોકના સંબંધી કોઇ કાર્ય જીવથી અશક્ય કે પછી સુશક્ય હોય ત્યાં શ્રીકૃષ્ણનો આશ્રય રાખવો. કોઇ કરવા યોગ્ય કાર્ય હોય પરંતુ જીવના સામર્થ્યથી સિધ્ધ ન થતુ હોય તો ભગવદાશ્રય રાખીને વિચલિત ન થવુ. કે પ્રભુએ આ કાર્ય મારે માટે અશક્ય બનાવ્યું છે તો તેમા મારૂ કાંઇક ભલુંજ વિચાર્યુ હશે. અને જીવના સામર્થ્યથી શક્ય હોય તો પણ અહંકાર ન કરવો પરંતુ ભગવદાશ્રયનો ભાવ રાખીને એવુ વિચારવું કે પ્રભુએ આ કાર્ય મારા દ્વારા શકય બનાવ્યું છે.

તેથી એહિક-પારલૌકિક ફલના સાધનરૂપે શરણાગતિનો ઉપદેશ નથી પરંતુ એહિક-પારલૌકિક કોઇ કાર્ય જીવથી અશક્ય હોય કે પછી સુશક્ય દરેક પરિસ્થિતિમાં ભગવદ્‌આશ્રયનો ભાવ રાખવો એ પુષ્ટિજીવનું કર્તવ્ય છે. તેથી 'શિક્ષાંશ્લોકી' અને 'વિવેકધૈર્યાશ્રય'માં કોઇ વિરોધાભાસ નથી.

**.....તેનાયં સર્વભાવેન સર્વથા ।।૩।।**
**સેવ્યઃ ...............................।।**

**ભાવાર્થ :-** આ પુષ્ટિમાર્ગ શ્રીમહાપ્રભુજીએ આપણા પુષ્ટિભાવનાત્મક પુર્ણપુરૂષોત્તમ ને આલંબન બનાવીને પ્રવર્તિત કર્યો છે. તેથી પુષ્ટિપુરૂષોત્તમનું ભજન નિખિલ (સઘળા)પુષ્ટિભાવોથી જ કરવુ ઉચિત છે.

**ટીકા :-** શાસ્ત્ર,સંપ્રદાય,અધિકાર,દેશ-કાલ,સામર્થ્ય અને રૂચિ (બીજભાવ) ની વિવિધતાના કારણે માર્ગ પણ અનેક વિધ છે. ત્યાં અલગ-અલગ ફલ અલગ- અલગ અધિકારીજીવોને મળે છે. તે સર્વનિર્ણયમાં

સવિસ્તાર નિરૂપણ થયેલુ છે.

પુષ્ટિમાર્ગના પ્રવર્તનનો આશય 'પુષ્ટિપ્રવાહમર્યાદા'માં શ્રીમહાપ્રભુજીએ અને શ્રીવલ્લભાષ્ટકમાં શ્રીપ્રભુચરણે પ્રકટ કર્યો છે. તે આમ તો ભૂતલમાં એક નિશ્ચિત દેશમાં અને નિશ્ચિત કાલમાં પ્રગટ કર્યો પરંતુ 'ચતુઃશ્લોકી'માં **''સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન''** વચનની વિવક્ષાને વિચારતાં પુષ્ટિજીવોને કોઈપણ દેશમાં અને કોઈપણ કાલમાં વ્રજાધિપનુ ભજનજ મુખ્ય સ્વધર્મ છે.

ત્યાં શંકા થાય છે કે ભૂતલ ઉપર આ ભારત દેશ તો એક નાનો ભૂખંડ છે, અને સૃષ્ટિના પ્રાકટ્યકાલ સહસ્ત્ર પરિવત્સરથી પ્રારંભ કરિ શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યકાલ સુધી શું પુષ્ટિજીવ કોઈ ભૂતલ ઉપર પ્રકટ્યા નથી શું ? અને પ્રકટ્યા છે એમ કહો તો **''સોપિ તૈસ્તત્કુલે જાતઃ.... પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે''** વચનાનુસાર તે સમયે અથવા શ્રીમહાપ્રભુજીના પ્રાકટયકાલ પહેલાં સહસ્ત્રાવધિ પરિવત્સરમાં મર્યાદામાર્ગીય પરિવારમાં કે પછી પ્રવાહમાર્ગીય પરિવારમાં જન્મલેવાવાળા પુષ્ટિજીવોના પુષ્ટિભજનનો શું પ્રકાર ? તેવી જ રીતે પુષ્ટિમાર્ગની ફક્ત ૫૦૦ વર્ષ સુધીની સ્થિતિની સાચી-ખોટી કિંવદન્તિ પણ પ્રચલિત છે. તો તેના પછી શું પુષ્ટિજીવોનો લોપ જાણવો અથવા જીવ રહે છે પરંતુ માર્ગલોપ થઈ જાય છે અથવા જીવ અને માર્ગ રહેવા છતાં પુષ્ટિનો લોપ થઈ જાય છે ?

આમા વિચારણીય છે કે પુષ્ટિ તો પ્રભુનો નિત્યધર્મ છે તો તેનો લોપ કયારેય થઈ શકતો નથી. પુષ્ટિ નિર્વિષય પણ સંભવે નહિ, તેથી પુષ્ટિજીવોનો લોપ પણ સંભવે નહિ. તો પ્રભુનો નિત્યધર્મ પુષ્ટિ અને તેના વિષયીભૂત પુષ્ટિજીવોના રહેવા છતા જો પુષ્ટિમાર્ગ ન રહેતો હોય તો નિત્યધર્મ પણ મોઘ ધર્મ બની જાય. તેથી પુષ્ટિમાર્ગ પણ રહેવો જોઈએ. ત્યારે શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય પહેલા પણ અને પાંચસો વર્ષ પછી પણ પુષ્ટિમાર્ગની વિદ્યમાનતા તો રહે જ છે.

તેવી જ રીતે માર્ગની સ્થિતી કેવલ પાંચસો વર્ષ સુધી સિમિત હોયતો આ પાંચસો વર્ષની આગળ-પાછળ સૃષ્ટિઆરંભ અને પ્રલય સુધીની સુદીર્ઘ અવધિમાં પુષ્ટિજીવોને પ્રકટ રાખવાનુ પ્રયોજન શું ? જો પ્રકટ ન માનીએ તો

ગદ્યમંત્રમાં સહસ્ત્રપરિવત્સર- પરિમિત કાલિક વિપ્રયોગનું જે નિરૂપણ કર્યુ તે પણ સિધ્ધ નહિ થાય. તેથી પૂર્વકાલમાં પુષ્ટિજીવની વિદ્યમાનતા હોવાથી પાંચસો વર્ષના ઉત્તરકાલમાં પણ વિદ્યમાનતા સ્વીકારવી વ્યાજબી છે. તેથી આ શંકાઓનું શું સમાધાન સમજવું?

ત્યાં આ સમાધાન સમજવું કે પ્રભુના મન, વચન, અને સ્વરૂપથી પ્રકટ થયેલા પ્રવાહમાર્ગ, મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગ, સૃષ્ટિલીલાના પ્રકાર હોવાથી જ્યાંસુધી સૃષ્ટિ રહે છે ત્યાં સુધી વિધમાન રહે છે. તેથી માર્ગની વિદ્યમાનતા તે તે માર્ગમાં રહેલા જીવની વિદ્યમાનતા નુ પ્રમાણ જાણવું. તેવી જ રીતે માર્ગ અને માર્ગસ્થજીવોની વિદ્યમાનતાને તે તે માર્ગીય સાધન અને ફલની વિદ્યમાનતાનું પણ પ્રમાણ થાય જ છે. તેથી શ્રીમહાપ્રભુજીના પહેલા પણ પુષ્ટિમાર્ગ, પુષ્ટિજીવ, પુષ્ટિસાધન અને પુષ્ટિફલની વિલક્ષણ વિદ્યમાનતા સિધ્ધ થાય છે.

ત્યાં આ શંકા થાય છે કે ત્યારે શ્રીમહાપ્રભુજીની વિશિષ્ટતા શું ? ત્યાં જાણવું કે માર્ગઆદિ હતા પણ સંપ્રદાય ન હતો. તેથી તે તે પુષ્ટિમાર્ગીય અધિકારીઓને તે તે પુષ્ટિફલની પ્રાપ્તિ પુષ્ટિપ્રભુના તે તે પ્રકારવાળા સ્વરૂપોથી પ્રમેયબળથી થઇ રહી હશે. તેથી તેના કોઇ પ્રમાણ અથવા પ્રકાર નો સમ્પ્રદાય ન હતો. તેથી પુષ્ટિમાર્ગના પ્રમાણબલ અને સાંપ્રદાયીક પ્રકારને પ્રગટ કરવાનું અસાધારણ અલૌકિક વૈશિષ્ટય શ્રીમહાપ્રભુજીનુ જ છે. તેથી સાધારણ પુષ્ટિમાર્ગમાં પુષ્ટિપ્રભુને શ્રીમહાપ્રભુજીના હૃદયના ભાવાનુસારી ભાવાત્મક હોવુ આવશ્યક નથી. તેથી શ્રીમહાપ્રભુજીના પ્રાકટયથી પહેલા પુષ્ટિજીવ પ્રહલ્લાદને માટે પુષ્ટિપ્રભુ શ્રીનૃસિંહરૂપથી સ્તંભમાંથી પ્રકટ્યા, બલિનેમાટે વામનરૂપથી પ્રકટ્યા, શબરી - હનુમાન્ વગેરે ભક્તોને માટે શ્રી રામરૂપથી પ્રકટ્યા વ્રજ-મથુરા-દ્વારકાના પુષ્ટિજીવોમાંથી કોઇના માટે પુત્ર, કોઇના માટે ભાઇ, કોઇના માટે મિત્ર, કોઇના માટે પ્રિયતમ, કોઇના માટે શિષ્ય, કોઇના માટે ગુરૂ, કોઇના માટે પતિ, કોઇના માટે સ્વામી, વિગેરે અનેક રૂપોથી પ્રકટ્યા. આમાંથી કોઇ એક ભાવથી પ્રભુને ભજવા પુષ્ટિના પ્રમેયબલના વિચારથી ઉત્તમ હોવા છતાં પણ, શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં પુષ્ટિપ્રભુ સર્વભાવાત્મક છે. તો પ્રમાણબલના વિચારથી શ્રીમહાપ્રભુના ભાવાત્મક સ્વરૂપનું ભજન

(સેવા)શ્રીમહાપ્રભુજીના ભાવની ભાવના અંતરમાં રાખીને જ ભજન કરવાથી શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક પુષ્ટિપ્રભુને પ્રગટ કરવાવાળું બને છે. તેથી અત્યારના (આધુનિક) સિધ્ધાંતદ્વેષી વ્યક્તિઓના દ્વારા ઘડાયેલા ભાવ યથા શ્રીગોવર્ધનધરના સ્વરૂપમાં સર્વોદ્ધારકતાના ભાવથી સેવા કરવી, અન્ય બધા આચાર્યવંશજના સેવ્ય સ્વરૂપમાં વૈષ્ણવોદ્ધારક ભાવથી સેવા કરવી, સાધારણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના સેવ્ય સ્વરૂપમાં સ્વસેવકઉદ્ધારક્તાના અથવા ગુરૂના ભાવથી સેવા કરવી આ બધા પ્રકાર શિક્ષાશ્લોકીના ઉપદેશથી વિરૂધ્ધ ભાવની ભાવનાના પ્રકારવાળા હોવાથી પુષ્ટિજીવને બહિર્મુખ બનાવીને તેઓની સેવા અને સેવ્યમાં શ્રીમહાપ્રભુજીના ભાવ ના વિલોપક (નાશકરનારા) જ જાણવા.

**...સએવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ॥**

**ભાવાર્થ :-** સર્વભાવથી સેવ્ય ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ જ આપણું અખિલ એહિક અને પારિલૌકિક હિત સિધ્ધ કરશે. બીજા કોઇ કાલ-કર્મ-સ્વભાવ-વિભૂતિઓની સાધકતાની મતિ રાખવી નહી કે ન બાધકતાની ભીતિ.

**ટીકા :-** અંતમાં આ ઉપદેશમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે શ્રીગોપીજનવલ્લભ, શ્રીકૃષ્ણમાં અનન્યભાવને ભૂલાવીને કોઇ પુષ્ટિજીવ કાલ-કર્મ-સ્વભાવને આધિન કાંઇક સાધનોનો આશરો લે અથવા બીજા

દેવનો આશરો લે તો તે પુષ્ટિજીવને સાધક નહિ પણ બાધક થાય છે. તેવુ નિરૂપણ કરે છે. તે શા માટે તો શ્રીકૃષ્ણ કહે છે **''મદન્યત્ તે ન જાનન્તિ નાહં તેભ્યો મનાગપિ''** તેથી બધા પ્રપંચને (જગતને) ભૂલીને જે પ્રભુમાં અનન્યભાવ સ્થાપિત કરી શકે છે તેનો નિરોધ જાણવો. આ ફલરૂપ નિરોધ છે, પરંતુ સાધનરૂપ નિરોધનું સ્વરૂપ આનાથી પણ અતિશય વિલક્ષણ છે. તે શું તો શ્રીમહાપ્રભુજીએ દશમસ્કંધના પ્રારંભમાં બતાવ્યું છે કે જીવ પોતાના સ્વભાવને છોડીને ભગવદ્સ્વભાવ અનુરૂપ સરલતાથી બની શકતો નથી તેથી પ્રભુ પોતાના કૃપાપાત્ર જીવના સ્વભાવને અનુરૂપ સ્વરૂપ ધારણ કરીને તેના સામે પ્રગટ થાય છે. પ્રગટ થઇ ને એવી લીલા પ્રભુ કરે છે જેથી જીવ બધુજ ભૂલીને ભગવાનમાં પરમઆસક્ત થઇ જાય છે. તેથી પ્રભુનુ ભૂતલ ઉપર પ્રગટ થવુ તે જ **'સાધનનિરોધ'** કહેવામા આવે છે અને ભૂતલ ઉપર વિદ્યમાન ભક્તનું અન્ય બીજુબધુજ ભુલીને પોતાના પ્રભુમાં અનન્ય આસક્ત થઇ જવું **'ફલ નિરોધ'** કહેવામાં આવે છે. તે લીલાર્થ પ્રાકટ્યના કલ્પમાં લીલાકાલિક નિખિલ પુષ્ટિમાર્ગીય જીવોને સાક્ષાત્ અનુભવાભિગમ્ય સ્વરૂપનુ પ્રાગટ્ય છે. અને શ્રીમહાપ્રભુજી પ્રવર્તિત પુષ્ટિસંમ્પ્રદાયમાં અત્યારના એતત્સંપ્રદાયી તે તે ભક્તને સેવા કે પછી કથારૂપી ભક્તિમાં સ્વ-સ્વાનુભાવનાભિગમ્ય સ્વરૂપનું પ્રાકટ્ય છે. તેથી ભજનીય કે પછી સ્મરણીય પ્રભુનો ભક્તમાં નિરોધ અને સેવાપરાયણ કે પછી કથાપરાયણ ભક્તનો પ્રભુમાં નિરોધ ક્રમશઃ સાધનઅવસ્થાનો અને ફલાવસ્થાનો અનન્યભાવ ગણવામાં આવે છે.

ત્યાં સાધનરૂપી અનન્યતાનો ભંગ થવાથી કે પછી ફલરૂપી અનન્યતાનો ભંગ થવાથી પુષ્ટિભાવનો ભંગ થાય છે.

અહિંયા શંકા ઉત્પન્ન થાય છે કે આ સાધનરૂપી અને ફલરૂપી અનન્યતાના અલગ-અલગ સ્વરૂપ કેમ જાણવા ? ત્યાં સમાધાન એ છે કે જે બીજાદેવ અને બીજા સાધનનો આશ્રય છોડીને જ્યારે કોઇ શ્રીકૃષ્ણને શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર અને અષ્ટાક્ષરમંત્રના અનુસાર પોતાનો અનન્યાશ્રય બનાવે છે તે તો પ્રપત્તિમાર્ગીય સાધનરૂપી અનન્યતા, તેજ અનન્યતા જ્યારે એ જીવને વિવેક-ધૈર્ય-આશ્રય ગ્રન્થોક્ત પ્રકારથી સિધ્ધ થઇ જાય છે ત્યારે

પ્રપત્તિમાર્ગીય ફલરૂપી અનન્યતા સિધ્ધ થઇ જાણવી. તેવી જ રીતે બ્રહ્મસંબંધ લઇને જ્યારે આધુનિક પુષ્ટિસંમ્પ્રદાયી પોતાની માથે પોતાના સેવ્ય સ્વરૂપને પધરાવીને પોતાના ઘરમાં બિરાજમાન સ્વરૂપની સેવામાં પોતાના તન-મન-ધન પરિવારજનોને લગાડે છે ત્યારે તે ભક્તવિશેષમાં ભગવદસ્વરૂપનો નિરોધ થયો જાણવો. આવી સાધનરૂપ, પ્રભુગત અનન્યતાથી સ્વસેવ્યસ્વરૂપથી ઇતર કે પછી પોતાના સેવ્યસ્વરૂપની સેવામાં ઉપયોગી ન હોય તેવા ઇતર બધા પદાર્થની વિસ્મૃતીપૂર્વક, સેવ્યસ્વરૂપ અને તેની સેવામાં પરમ આસક્તિ સિધ્ધ થાય છે. આને જ ફલરૂપી નિરૂધ્ધતા કે પછી અનન્યતા જાણવી. તેથી યથાયથપ્રપત્તિમાર્ગ અને ભક્તિમાર્ગીય સાધનરૂપી અને તેના વડે સાધ્ય ફલરૂપી અનન્યતા વગર આ માર્ગમાં કાંઇ સિધ્ધ થતુ નથી. પ્રભુના અનન્ય બનાવવાથી જીવ પણ અનન્ય બની શકે છે. એવુ પુષ્ટિ સંપ્રદાયનું માહાત્મ્ય શ્રીમહાપ્રભુજીના પ્રમેયબલથી પ્રગટ છે. તે શા માટે? તો જીવના અનન્ય બનવાથી ભગવાનનું અનન્ય બનવું તે તો મર્યાદા પરંતુ પુષ્ટિ આનાથી વિપરીત.

તેથી પોતાના સેવ્યસ્વરૂપને છોડીને યત્ર-તત્ર-સર્વત્ર ભટકવાવાળાને પુષ્ટિમાર્ગના અનન્યફલના સૌભાગ્યથી વંચિત જાણવો. કયાંક કયાંક શ્રીમહાપ્રભુજીના આ શિક્ષા-શ્લોકીના પદ્યની સાથે સાક્ષાત્ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણદ્વારા જોડાયેલા દોઢશ્લોક વધારે મળે છે.

**મયિ ચેદ્ અસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજન વલ્લભે ।**
**તદા કૃતાર્થા યૂયં હિ શોચનીંય ન કર્હિચિત્ ॥૧॥**
**મુકિતર્ હિત્વાऽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ॥૧૧/૨॥**

**ભાવાર્થ :-** શ્રીગોપીજનવલ્લભ મારામાં જો વિશ્વાસ છે તો તમે કૃતાર્થ છો, તેથી કાંઇ વિચારવા જેવુ નથી તે શા માટે ? કે પોતાના અન્યથારૂપ (બહિર્મુખતા)ને છોડીને શ્રીકૃષ્ણાભિમુખ રહેવું જ તમારી મુક્તિ છે.

*ઈતી શ્રીગોસ્વામી શ્રીદિક્ષિતાત્મજ શ્યામમનોહર કૃત*
*શિક્ષાશ્લોકી વ્યાખ્યા સંપૂર્ણ*

## ''પુષ્ટિ અસ્મિતા ગાન''

અમે એવારે અમે એવારે વળી
તમે જે કાંઈ કહો તેવારે.....
નિષ્ઠાથી વલ્લભની વાણી અનુસરતા
બહિર્મુખ કહો છો તો તેવા રે,
અમે એવા રે અમેએવા રે
વળી બીજું જે કાંઈ કહો તેવારે......૧

મેવા મેળવવા પ્રભુને નથી સેવતા
મેવાથી કરવી પ્રભુ સેવા રે,
અમે એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવારે.......૨

વાડીઓમાં ભક્તિના ભવાડા ગોઠવીને
કૃષ્ણ વિક્રયના ધન નથી લેવા રે,
નથી લેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે.......૩

લક્ષ્મીના નાથના નામે ભીખ માગી
નથી કરવા મનોરથો એવા રે,
અમને એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઈ કહો તેવા રે.......૪

દેવનું છે દ્રવ્ય તે પ્રસાદ નથી લેતા

અરે! પુષ્ટિ જીવો ઉઠો! ભગવદ્ અભિમુખ થાવ જાગો! અહંતા-મમતા મોહને છોડો.

કૃષ્ણ સેવા પરાયણ, દંભાદિરહિત, શ્રીભાગવત તત્ત્વજ્ઞ, પુરુષશ્રેષ્ઠ એવા શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત કરીને (અનુસરીને) તેમણે ઉપદેશેલા પરમતત્ત્વરૂપ કૃષ્ણસેવાને જાણો અને માણો!

સેવકે તો સ્વામી સુખ જ વિચારવાનું અને આચરવાનું હોય ''મારૂં ગમે તે થાવ, મારા પ્રભુ પ્રસન્ન રહો'' આ જ ધ્યેય હોય સ્વામી સુખમાં જ સેવક સુખ તો સમાઇ જાય.

પુષ્ટિસૃષ્ટિ તો ભગવદ્રુપ સેવાર્થે છે, બીજું બધું ગૌણ છે. સેવાને સાનુકૂળ સઘળું સ્વીકાર્ય છે. સેવાને પ્રતિકૂળ સઘળું અસ્વીકાર્ય છે. સેવાના અંગરૂપે કથા-શરણ વૈદિક, લૌકિક, પરોપકાર વગેરે ધર્મો સ્વીકાર્ય છે.

શ્રીમહાપ્રભુજીની વાણી ષોડશગ્રંથ તેમજ આપશ્રીના અન્ય ગ્રંથોના અભ્યાસ, મનન, ચિંતન તેમજ પરસ્પર અવગાહન દ્વારા જ આ બધું શક્ય છે.